# શ્રી જિનેન્દ્ર સ્તવનાદિ
# કાવ્ય સંદોહ

બીજો ભાગ

પૂ. આ. શ્રી વિજયદાનસૂરીશ્વરજી જૈન ગ્રન્થમાળા – ગ્રન્થાંક : ૫૫

શ્રી પ્રાચીન મહાપુરુષો વિરચિત

# શ્રી જિનેન્દ્ર સ્તવનાદિ કાવ્યસંદોહ

## બીજો ભાગ

ચૈત્યવન્દનો, સ્તવનો, સ્તુતિઓ, સજ્ઝાયો
અને શ્રી ગણધર–દેવવન્દન :

– ઉપરાંત –

### શ્રી અષ્ટપ્રકારી પૂજાનો રાસ

સંગ્રહ–સંયોજક :

પૂ. સકલાગમરહસ્યવેદી, પરમ ગીતાર્થ, સ્વર્ગત આચાર્યદેવ શ્રીમદ્ **વિજયદાનસૂરીશ્વરજી**–પટ્ટપ્રભાકર પૂ. સિદ્ધાન્તમહોદધિ આચાર્યદેવ શ્રીમદ્ **વિજયપ્રેમસૂરીશ્વરજી** મહારાજના પટ્ટાલંકાર પૂ. પરમ શાસનપ્રભાવક, વ્યાખ્યાન–વાચસ્પતિ, આચાર્યદેવ શ્રીમદ્ **વિજયરામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજના શિષ્યરત્ન

**પૂ. ઉપાધ્યાયજી શ્રી ચારિત્રવિજયજી ગણિવર**

પ્રકાશક :
શ્રી વિજયદાનસૂરીશ્વરજી જૈન ગ્રન્થમાલાના
– વ્યવસ્થાપક –
**હીરાલાલ રણછોડભાઈ**
ગોપીપુરા : : : : **સુરત**

મળવાનું ઠેકાણું :
**શાહ અમૃતલાલ મહાસુખરામ**
ઠે. બ્રહ્મપુરી, ફતાસાની પોળ, ગાંધીરોડ
**અમદાવાદ** (ગુજરાત)

પ્રથમાવૃત્તિ : નકલ ૩૦૦૦
શ્રી વીર સં. ૨૪૮૩ : વિક્રમ સં. ૨૦૧૩ : સને ૧૯૫૭
**છૂટક નકલનું મૂલ્ય : ત્રણ રુપિયા**

મુદ્રક :
**મણિલાલ છગનલાલ શાહ**
ધી નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ : ઘીકાંટા રોડ
**અમદાવાદ**

प्रातःस्मरणीय शासनमान्य–

परम–गीतार्थ–



सकलागमरहस्यवेदी आचार्य श्रीमद् विजयदानसूरीश्वरजी महाराज.

| | | |
|---|---|---|
| जन्म–१९२४ | गणिपद–१९६२ | आचार्यपद–१९८१ |
| दीक्षा–१९४६ | पंन्यासपद–१९६२ | स्वर्गवास–१९९२ |

# શ્રી જિનભકતની યાચના

## શ્રી વીતરાગ પરમાત્માનો ભક્ત ભગવાનની પ્રાર્થના કરતાં કેવા પ્રકારની માગણી કરે ?

શ્રી વીતરાગ પરમાત્માના ભક્તો શ્રી વીતરાગ પરમાત્માની મૂર્તિ પાસે જઈને, વિનયપૂર્વક દર્શન-પૂજનાદિ કરીને પ્રાર્થના તો કરે ને ? એ વખતે પ્રાર્થનામાં જો એ યાચના કરે, તો શાની યાચના કરે ? શ્રી વીતરાગતાની, શ્રી વીતરાગનાં ચરણોની સેવાની અને બહુ તો શ્રી વીતરાગની આજ્ઞાનું પાલન કરવાની અનુકૂળતાની જ યાચના કરે ને ? પ્રાયઃ એ સિવાયની કોઈ જ યાચના કરે નહિ ને ? પોતે ગમે તેવા સંયોગોમાં હોય અને ગમે તેવી મુશીબતમાં હોય તો ય ?

વિવેકિઓ તો સમજે કે-દેવની, ગુરૂની અને ધર્મની જે આરાધના કરવાની છે, તે પરમ પદને પામવાને માટે જ કરવાની છે. દેવ-ગુરૂ-ધર્મના સાચા ઉપાસકને માથે ગમે તેવી અને ગમે તેટલી આફત આવે, તો પણ એ સમજે કે-' મારી આટલી ઉપાસનાથી પણ ટળે નહિ એવા પ્રકારનું ભયંકર પાપકર્મ મેં પૂર્વે ઉપાર્જેલું અને તેના યોગે જ મારે આવો વખત આવી લાગ્યો છે. હું આ ઉપાસનાના બળે જ્યારે વીતરાગ બનીને મુક્તાત્મા બની જઇશ, એટલે જ હું ખરેખરો અને પૂર્ણ સુખી થઈશ. ત્યાં સુધી તો મારે કર્મનો યોગ રહેવાનો અને અશુભ કર્મનો તેવો યોગ હોય તો દુઃખ પણ ભોગવવું જ પડવાનું ! આમાં પરમાત્માને દોષ દેવો, એ તદ્દન વૃથા છે !'

[ શ્રી જૈન પ્રવચનમાંથી ]

# સંગ્રહ-સંયોજકનું સંવેદન

સામાન્ય રીતિએ સ્તવનાના ત્રણ હેતુઓ સંભવે છે. (૧) અર્થ-સિદ્ધિ, (૨) કૃતજ્ઞતા અને (૩) મનની પ્રસન્નતા. કેવળ નિજ મનની પ્રસન્નતા ખાતર જેટલી સ્તવનાઓ થવી સંભવે છે, તેથી કોઈ ગુણી વધારે સ્તવનાઓ કૃતજ્ઞતાને કારણે થવી સંભવે છે; અને કૃતજ્ઞતાના કારણે જેટલી સ્તવનાઓ થવી સંભવે છે, તેથી અસંખ્ય ગુણી સ્તવનાઓ અર્થસિદ્ધિના હેતુએ થવી સંભવે છે.

કર્મવશવર્તી જીવોની જરૂરિયાતો અને ઇચ્છાઓ સુમાર વિનાની હોય છે. મારી જરૂરિયાત કોનાથી પૂરી થશે અને મારી ઇચ્છા કોની મહેરથી પાર પડશે, એ તરફ જીવોનું લક્ષ્ય રહ્યા કરે છે. અને પોતાની જરૂરિયાત જેનાથી પૂરી થશે એવું લાગે અથવા તો પોતાની ઇચ્છા જેની મહેરથી પાર પડવાનો સંભવ લાગે, તેની સ્તવના કરવાને માટે જીવ ઉદ્યમશીલ બને છે. આવી સ્તવનાઓને અર્થસિદ્ધિના હેતુવાળી કહી શકાય.

જેના યોગે પોતાની જરૂરિયાત પૂરાઈ અથવા જેના યોગે પોતાની ઇચ્છા પાર પડી, તેના પ્રત્યે કેટલાક જીવોમાં બહુમાનનો ભાવ પ્રગટે છે અને એથી તેની સ્તવના કરવાને એ પ્રેરાય છે. આવી સ્તવનાઓને કૃતજ્ઞતાના હેતુવાળી કહી શકાય.

એથી ઉચ્ચ કોટિના હેતુવાળી સ્તવનાઓ તે ગણાય કે જે કેવળ પોતાના જ મનની પ્રસન્નતા ખાતર જ કરવામાં આવે. કોઈના પણ સારાપણાને જોઈને, એ સારાપણું ગમી જાય અને કેવળ એ સારા-પણાને જ લક્ષ્યમાં રાખીને સ્તવના કરવાનું મન થાય, એ સંભવિત છે. અન્યનું સારાપણું ગમી જાય અને એ સારાપણાને આશ્રયીને સ્તવના કરતાં કશા પણ બદલાની આશા રહે નહિ, છતાં પણ મન પ્રસન્નતા અનુભવે, એવી સ્તવનાઓને મનની પ્રસન્નતાના હેતુવાળી સ્તવનાઓ કહી શકાય.

ઉપર જણાવેલી ત્રણ પ્રકારની સ્તવનાઓ એક એકથી ચઢિયાતી છે. જીવમાં જેટલા જેટલા પ્રમાણમાં ગુણસમ્પન્નતા પ્રગટે છે, તેટલા તેટલા પ્રમાણમાં એ જીવ ચઢિયાતી સ્તવના કરનારો બની શકે છે.

સ્તવનાના આ હેતુઓને સફલ કરવાને માટે, સ્તવનીય સંબંધી નિર્ણય પણ કરવો જ પડે છે. સ્તવનીય સંબંધી નિર્ણય કરવામાં જેટલી ખામી રહે છે, તેટલી જ ખામી સ્તવનાનો હેતુ સફલ બનવામાં રહે છે. ખરો વિવેક જ સ્તવનીય સંબંધી નિર્ણય કરવામાં જોઈએ. સ્તવનીય સંબંધી નિર્ણય જો યથાયોગ્ય હોય, તો સ્તવનાની ખામીને ટળતાં વાર લાગતી નથી.

જે કોઇ જીવ સૂક્ષ્મ બુદ્ધિથી જાણી શકે છે અને વિચારી શકે છે, તે જીવને એમ લાગ્યા વિના રહેતું જ નથી કે–આ જગતમાં જેટલા સ્તવનીય ગણાય છે, તે સર્વ યથાર્થપણે સ્તવનીય જ હોય એવું બનતું નથી. સ્તવનીય ન હોય, છતાં પણ સ્તવાતા હોય એવું પણ ઘણું બને છે. જગતમાં તો સ્તવનીયો પણ સ્તવાય છે અને અસ્તવનીયો પણ સ્તવાય છે. પરન્તુ જેઓ યથાર્થપણે સ્તવનીય છે, તેઓમાં પણ સર્વશ્રેષ્ઠ સ્તવનીય તો ભગવાન શ્રી જિનેશ્વરદેવો જ છે. એટલું જ નહિ, પણ યથાર્થપણે સઘળીય સ્તવનીય વ્યકિતઓ અને સઘળીય સ્તવનીય વસ્તુઓનું મૂળ પણ ભગવાન શ્રી જિનેશ્વરદેવો જ છે. આ વાત ધ્યાનમાં આવવી બહુ મુશ્કેલ છે, પણ જ્યાં સુધી આ વાત ધ્યાનમાં આવતી નથી ત્યાં સુધી કોઇ પણ સ્તવના પરિપૂર્ણ શુદ્ધતાને અને પરિપૂર્ણ સફલતાને પામી શકતી નથી.

અર્થસિદ્ધિના હેતુએ વિચારીએ, તો પણ ભગવાન શ્રી જિનેશ્વરદેવો જ સ્તવનીયશ્રેષ્ઠ લાગે તેમ છે. જરૂરિયાતો અને ઇચ્છાઓ દુઃખ વિના અને ઉણપ વિના સંભવી શકતી નથી. જ્યાં દુઃખ પણ ન હોય અને ઉણપ પણ ન હોય, ત્યાં અન્યની જરૂર લાગે નહિ કે અન્યની ઇચ્છા જન્મે નહિ. ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ એવો માર્ગ દર્શાવ્યો છે કે–એ માર્ગે જે કોઈ ચાલે, તે પરિણામે એવી

સ્થિતિને પામે કે-એ સંપૂર્ણ કોટિના શાશ્વત સુખને પામે. દુઃખનો પણ અંશ નહિ અને લેશ માત્રેય ઉણપ નહિ, એવું એ સુખ છે. એ સુખનો સર્વોત્તમ કોટિનો અનુભવ મોક્ષને પામેલા જીવો કરે છે. એ મોક્ષને પામવાનો સાચો ઉપાય સ્વતન્ત્રપણે જો કોઈએ પણ બતાવેલો હોય, તો તે એક માત્ર ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ જ બતાવેલો છે. આવા શ્રી જિનેશ્વરદેવોની સ્તવના કરતાં, જીવ અશુભ કર્મોની નિર્જરાને સાધી શકે છે અને એ સ્તવનાના યોગે જો કર્મબંધ થાય છે તો તે શુભ કર્મનો જ બંધ થાય છે. એ શુભ કર્મ પણ એવું ઉત્તમ કોટિનું હોય છે કે-જીવને એ વિપુલ સુખસામગ્રી આપે છે અને તેમ છતાં પણ એ સામગ્રીમાં લુબ્ધ બનીને જીવ મોક્ષ-માર્ગની આરાધનાને તરછોડી દે એવી મનોદશાને એ શુભ કર્મ પામવા દેતું નથી. ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલા મોક્ષના ઉપાયને આચરનારો બનેલો મોક્ષાર્થી જીવ, ક્રમશઃ સુખમાં વધતો જાય છે અને પરિણામે મોક્ષને પામે છે. એ દરમ્યાનમાં એને જો પૂર્વકૃત પાપકર્મના ઉદયથી દુઃખ પણ આવે છે, તો પણ એ જીવને એ જીવનો મોક્ષમાર્ગનો આરાધકભાવ સમાધિભાવથી ભ્રષ્ટ થવા દેતો નથી અને એથી એ જીવને દુઃખ પણ દુઃખ રૂપ બનતું નથી તેમજ એ દુઃખ પણ પરિણામે એના સુખનું કારણ બને છે. આથી પોતાની જરૂર કે પોતાની ઇચ્છાને અવલંબીને પણ જેઓ સ્તવના કરવાને પ્રેરાતા હોય, તેઓએ ભગવાન શ્રી જિનેશ્વરદેવોની સ્તવનામાં મગ્ન બનવું, એ પોતાના અર્થની સિદ્ધિને માટે સર્વશ્રેષ્ઠ ઉપાય છે.

જેઓ કૃતજ્ઞ હોય, તેઓ પણ જો સૂક્ષ્મ બુદ્ધિથી સમજ મેળ-વીને વિચાર કરે, તો તેઓને પણ લાગે કે-અમારા ઉપર જેવો અને જેટલો ઉપકાર ભગવાન શ્રી જિનેશ્વરદેવોનો છે, તેવો અને તેટલો ઉપકાર અન્ય કોઈનો પણ નથી. બીજાઓનો ઉપકાર દ્રવ્યથી પણ મર્યાદિત હોય છે, ક્ષેત્રથી પણ મર્યાદિત હોય છે, કાલથી પણ મર્યા-દિત હોય છે અને ભાવથી પણ મર્યાદિત હોય છે. દ્રવ્યાદિથી નિર્મ-

યદિ ઉપકાર તો એક માત્ર ભગવાન શ્રી જિનેશ્વરદેવોનો જ હોય છે. એ પરમ તારકોના આત્માઓ પોતાના અન્તિમ ભવથી ત્રીજા ભવે તો નિયમા ભાવદયાના સ્વામી બને છે અને તે ભાવદયા પણ એવી ઉત્કટ કોટિની હોય છે કે–જગતના બીજા કોઈ પણ જીવમાં એવો ઉત્કટ કોટિનો ભાવદયાનો ભાવ પ્રગટી શકતો જ નથી. એ પરમ તારકોના આત્માઓની અનાદિકાલીન ઉત્તમતાનો જ એ પ્રભાવ છે. એ પરમ તારકોના આત્માઓ જગતના જીવોની દુઃખમય દશાને જોઈને દયાર્દ્ર અન્તઃકરણવાળા બની જાય છે. એ પરમ તારકો જગતના જીવો દુઃખથી અને ઉણપથી રીબાઈ રહેલા છે એ જુએ છે અને એ પરમ તારકોને એમ થઇ જાય છે કે–જો મારામાં શક્તિ આવી જાય, તો હું આ બધા જીવોને આ રીબામણમાંથી ઉગારી લઉં અને સર્વ જીવોને શાશ્વત એવા સંપૂર્ણ સુખના ભોક્તા બનાવી દઉં ! આટલા વિચારથી જ એ વિરમતા નથી. એ પરમ તારકો ચિન્તવે છે કે–' જો મારામાં શક્તિ આવે તો હું આ બધાને શ્રી જિનભાષિત મોક્ષમાર્ગના રસિક બનાવી દઉં !' કેમ કે-શાશ્વત એવું સંપૂર્ણ સુખ શ્રી જિનભાષિત મોક્ષમાર્ગના રસિક બન્યા વિના કોઇને પણ પ્રાપ્ત થઈ શકતું નથી. આવું ચિન્તન સર્વ ભગવાન શ્રી જિનેશ્વરદેવોના આત્માઓએ કરેલું. અત્યાર સુધીમાં અનન્તો કાળ વહી ગયો અને એ કાળમાં અનન્તા ભગવાન શ્રી જિનેશ્વરદેવો થઇ ગયા. એ સર્વેય તારકોના આત્માઓએ આપણે પોતાને માટે પણ આવું ચિન્તન કરેલું. આપણે એ પરમ તારકોની સાથે કોઈ સંબંધ નહિ, આપણે એમનું કાંઈ કરેલું નહિ, છતાં પણ એ પરમ તારકોએ આપણે માટે આવું ચિન્તવેલું. જો આ રીતિએ વિચાર કરીએ, તો આપણને લાગે કે–એ પરમ તારકોએ આપણા ભલાને માટે જેવું ચિન્તવ્યું, તેવું તો અન્ય કોઇએ પણ ચિન્તવ્યું નથી, ચિન્તવતું નથી ને ચિન્તવશે પણ નહિ. ઉપરાન્ત, એ પરમ તારકો શુદ્ધ એવો મોક્ષમાર્ગ દર્શાવી ગયા, કે જેથી એ પરમ તારકો સદેહે વિદ્યમાન ન હોય

ત્યારે પણ મોક્ષાર્થી જીવો વિવેકી બનીને શુદ્ધ મોક્ષમાર્ગની આરાધના કરી શકે. જે કોઇ કૃતજ્ઞ હોય, તેને જો આ સમજાય તો તે 'ભગવાન શ્રી જિનેશ્વરદેવો જ મારે માટે સર્વોત્કૃષ્ટપણે સ્તવનીય છે' એવું માન્યા વિના રહે નહિ.

હવે મનની પ્રસન્નતાની ખાતર જ સ્તવનીયની સ્તવના કરવાને ઉદ્યત બનનારાઓ જો સમજી શકે, તો તેમને પણ લાગે કે–સર્વોત્કૃષ્ટપણે સ્તવનીય તો ભગવાન શ્રી જિનેશ્વરદેવો જ છે! મોક્ષને પામેલા સઘળાય આત્માઓ સર્વ દોષે રહિત અને સર્વ ગુણે સહિત બને છે; પરન્તુ મોક્ષને પામતાં પહેલાં જેવી અને જેટલી ગુણસમ્પન્નતા ભગવાન શ્રી જિનેશ્વરદેવોના આત્માઓને પ્રાપ્ત થાય છે, તેવી અને તેટલી ગુણસમ્પન્નતા અન્ય કોઈ પણ આત્માને પ્રાપ્ત થતી નથી. એટલે સારાપણું જોઈને જે આકર્ષાતો હોય, તે જો વિવેકી હોય તો તે પણ ભગવાન શ્રી જિનેશ્વરદેવો પ્રત્યે જ વધુમાં વધુ પ્રમાણમાં આકર્ષાય.

આથી નિર્ગ્રન્થ અને સંસારના કોઇ પણ સુખની સ્પૃહાથી રહિત એવા પણ મહાત્માઓએ સ્તવનાને માટે સર્વોત્તમ પાત્ર તરીકે ભગવાન શ્રી જિનેશ્વરદેવોને જ લેખ્યા છે અને એ પરમ તારકોના શાસનની શુદ્ધ આરાધના જ સ્તવનીયતાની જનક છે એમ માન્યું છે. આવા પરમ તારકોની સ્તવનાનો સંચય કરતાં અર્થસિદ્ધિ થાય, કૃતજ્ઞતા સંતોષાય અને મન પ્રસન્નતા અનુભવે એટલે એ સંચય જ્યારે પ્રગટ થતો હોય ત્યારે પ્રમોદભાવ અનુભવાય એ સ્વાભાવિક છે.

આવો પુણ્ય સંચય કરવાનો શુભ અવસર મળ્યો એનો પણ આનન્દ છે અને આ શુભ અવસરને સફળ કરવામાં જેઓ સીધી કે આડકતરી રીતિએ સહાયક બન્યા છે, તેઓની યાદ પણ આનન્દ ઉપજાવે છે. આ સંચયના પાઠકો પણ ઉપરના ભાવને પામે, એજ એક શુભાભિલાષા સાથે વિરમું છું.

ચારિત્રવિ૦

પૂ. સકલાગમરહસ્યવેદી, પરમ ગીતાર્થ, સ્વ. આચાર્યદેવ
શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર



પૂ. સિદ્ધાન્તમહોદધિ આચાર્યદેવ શ્રીમદ્

**વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ**

# પ્રકાશકીય નિવેદન

શ્રી જિનેન્દ્ર સ્તવનાદિ કાવ્યસંદોહનો આ બીજો ભાગ પ્રગટ કરતાં અમોને આનન્દ થાય છે. પહેલા ભાગ કરતાં પણ આ બીજો ભાગ વધારે પ્રમાણમાં ભવ્ય-ભોગ્ય બનશે એમ અમારું માનવું છે.

જે પુણ્યપુરૂષનું શુભ નામ આ ગ્રન્થમાળાના નામ સાથે સંકલિત કરવામાં આવ્યું છે, તે પૂ. સકલાગમરહસ્યવેદી, પરમ ગીતાર્થ, સ્વર્ગત આચાર્યદેવ શ્રીમદ્ **વિજયદાનસૂરીશ્વરજી** મહારાજાના પટ્ટાલંકાર-પૂ. સિદ્ધાન્તમહોદધિ આચાર્યદેવ શ્રીમદ્ **વિજયપ્રેમસૂરીશ્વરજી** મહારાજાના પટ્ટવિભૂષક-પૂ. પરમ શાસનપ્રભાવક, મહારાષ્ટ્ર-દેશોદ્ધારક, વ્યાખ્યાન-વાચસ્પતિ, આચાર્યદેવ શ્રીમદ્ **વિજયરામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાના વિદ્વાન શિષ્યરત્ન-પૂ. ઉપાધ્યાયજી શ્રી **ચારિત્રવિજયજી** ગણિવરે સંપાદિત કરેલો શ્રી જિનેન્દ્ર સ્તવનાદિ કાવ્યસંદોહનો પહેલો ભાગ વિ. સં. ૨૦૦૪ માં પ્રગટ કરાયો હતો.

પહેલો ભાગ પ્રગટ થયા પછીથી, એવો જ સંગ્રહ બીજા ભાગ રૂપે પ્રગટ કરવાની માગણી આવ્યા કરતી હતી અને એથી આ બીજા ભાગના પ્રકાશન માટે પણ એ જ પૂ. ઉપાધ્યાયજી શ્રી **ચારિત્રવિજયજી** ગણિવરે ધ્યાન આપવા માંડ્યું હતું. તેઓએ આ તરફ ધ્યાન આપવાને લીધે જ આ બીજા ભાગનું પ્રકાશન શક્ય બન્યું છે. તેમના જ ઉપદેશથી આ બીજા ભાગના ઘણા ગ્રાહકો અગાઉથી નોંધાવા પામ્યા હતા અને પ્રકાશનનું કાર્ય આદરાયું હતું. પહેલા ભાગને માટેના સંચયનું સંકલન અને સમ્પાદન પણ એમણે જ કર્યું હતું, જ્યારે આ બીજા ભાગને માટે સંચયનું સંકલન કરી આપીને તેઓશ્રીએ તે સંચય પ્રકાશન માટે સોંપી દીધો હતો.

પહેલા ભાગનો આખોય સંચય જેમ મુખ્યત્વે પૂ. આચાર્યદેવ શ્રીમદ્ **વિજયરામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાના વિદ્વાન શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી **માનતુંગવિજયજી** મહારાજે કર્યો હતો, તેમ આ બીજા ભાગનો સંચય પણ મુખ્યત્વે એમણે જ કર્યો છે. છપાવવાને માટેની

નકલ તૈયાર કરવામાં પણ તેમણે પોતાના કિંમતી સમયનો સદ્વ્યય કર્યો છે અને છપાએલા ફરમાઓ તપાસી જઇને અશુદ્ધ–શુદ્ધનું સૂચન પણ તેઓએ કરેલું છે.

આ ઉપરાન્ત, સંપાદનમાં, પ્રુફના સંશોધનમાં અને છપાવવા માટેની નકલ તૈયાર કરવા વગેરેમાં બીજા પણ અનેક પૂ. મુનિવરો આદિએ સાથ આપેલો છે.

આ બીજા ભાગને છપાવવાનું કામ તો ઘણા મહિનાઓ પૂર્વે શરૂ કરવામાં આવ્યું હતું, પરન્તુ એક પછી એક એવા સંયોગો ઉપસ્થિત થતા ગયા કે આ કામ વિલમ્બમાં પડતું ગયું. કેટલુંક તૈયાર કરેલું અને કોમ્પોઝ કરાવેલું મેટર પણ રદ કરવાની ફરજ પડી. એમાં છેલ્લે છેલ્લે શ્રી અષ્ટપ્રકારી પૂજાનો રાસ પ્રગટ કરવાનું સૂચન મળ્યું. એ રાસ પ્રગટ કરવામાં, આ પુસ્તકના નક્કી કરેલા કદ કરતાં આ પુસ્તકનું કદ વધી જતું હતું અને કામ વિલમ્બમાં પડતું હતું, છતાં પણ એ રાસ એટલો કિંમતી લાગ્યો કે આ બીજા ભાગમાં એનું પ્રકાશન કરવાનો નિર્ણય કરવામાં આવ્યો.

આ પુસ્તકમાં શુદ્ધિપત્રક આપવામાં આવ્યું છે. પ્રેસદોષ વગેરેને કારણે એ સિવાયની અશુદ્ધિઓ પણ હોય તો તે સંભવિત છે. વાંચકો એને સુધારી લેશે અને અમને સૂચવશે, એવી આશા રાખીએ છીએ. પાના ૭૪, ૭૬, ૭૮ અને ૮૦ માં ઉપરના ફીગરની લીટીઓમાં "બીજો ભાગ" એને બદલે "ચોથો ભાગ" એમ છપાઇ જવા પામ્યું છે, તો તે પણ સુધારી લેવાની વિનંતિ છે.

શ્રી જિનેન્દ્ર સ્તવનાદિ કાવ્યસંદોહના આ બીજા ભાગના પ્રકાશનમાં જે જે મહાનુભાવોની સીધી કે આડકતરી સહાય મળી છે, તે સર્વનો આભાર માનવા સાથે, તેઓ સર્વે આ ગ્રન્થમાળાને દરેક અવસરે યાદ કરીને સહાયક બનશે, એવી અભિલાષા રાખીને વિરમું છું.

# શ્રી જિનેન્દ્ર સ્તવનાદિ કાવ્યસંદોહ

## બીજો ભાગ

## વિષયાનુક્રમ

શરૂ પૃ૦

### વિભાગ પહેલો : ચૈત્યવન્દન ચોવીસી

### ૩. શ્રી માનવિજયજી કૃત ચૈત્યવન્દન-ચોવીસી


(૧) શ્રી ઋષભદેવ જિન ચૈત્યવંદન ... ... ૧
(૨) ,, અજિતનાથ જિન ,, ... ... ૧
(૩) ,, સંભવનાથ જિન ,, ... ... ૨
(૪) ,, અભિનન્દન જિન ,, ... ... ૨
(૫) ,, સુમતિનાથ જિન ,, ... ... ૨
(૬) ,, પદ્મપ્રભ જિન ,, ... ... ૨
(૭) ,, સુપાર્શ્વનાથ જિન ,, ... ... ૩
(૮) ,, ચન્દ્રપ્રભ જિન ,, ... ... ૩
(૯) ,, સુવિધિનાથ જિન ,, ... ... ૩
(૧૦) ,, શીતલનાથ જિન ,, ... ... ૪
(૧૧) ,, શ્રેયાંસનાથ જિન ,, ... ... ૪
(૧૨) ,, વાસુપૂજ્ય જિન ,, ... ... ૪
(૧૩) ,, વિમલનાથ જિન ,, ... ... ૫
(૧૪) ,, અનન્તનાથ જિન ,, ... ... ૫
(૧૫) ,, ધર્મનાથ જિન ,, ... ... ૫
(૧૬) ,, શાન્તિનાથ જિન ,, ... ... ૫
(૧૭) ,, કુન્થુનાથ જિન ,, ... ... ૬
(૧૮) ,, અરનાથ જિન ,, ... ... ૬
(૧૯) ,, મલ્લિનાથ જિન ,, ... ... ૬

(૨૦) શ્રી મુનિસુવ્રતસ્વામી જિન ચૈત્યવંદન ... ... ૭
(૨૧) ,, નમિનાથ જિન ,, ... ... ૭
(૨૨) ,, નેમિનાથ જિન ,, ... ... ૭
(૨૩) ,, પાર્શ્વનાથ જિન ,, ... ... ૮
(૨૪) ,, મહાવીર જિન ,, ... ... ૮

વિભાગ બીજો : પ્રકીર્ણ ચૈત્યવંદનો

(૧) શ્રી ચોવીસ જિન ચૈત્યવંદન ... ... ૯
(૨) ,, આદિનાથ ,, ,, ... ... ૯
(૩) ,, ,, ,, ,, ... ... ૯
(૪) ,, અજિતનાથ ,, ,, ... ... ૧૦
(૫) ,, શંખેશ્વર પાર્શ્વનાથ જિન ,, ... ... ૧૦
(૬) ,, ,, ,, ,, ,, ... ... ૧૦
(૭) ,, ,, ,, ,, ,, ... ... ૧૧
(૮) ,, મહાવીર જિન ,, ... ... ૧૧
(૯) ,, ,, ,, ,, ... ... ૧૨
(૧૦) ,, દીવાળી પર્વનું ચૈત્યવંદન ... ... ૧૨
(૧૧) ,, ,, ,, ... ... ૧૨
(૧૨) ,, સીમંધર જિન ,, ... ... ૧૩
(૧૩) ,, ચોત્રીશ અતિશયોનું ,, ... ... ૧૪
(૧૪) ,, સિદ્ધચક્રજીનું ,, ... ... ૧૫
(૧૫) શાશ્વતાં ચૈત્યોનું ,, ... ... ૧૫
(૧૬) શાશ્વતા જિનોનું ,, ... ... ૧૭
(૧૭) શ્રી શત્રુંજય ગિરિરાજનું ,, ... ... ૧૭
(૧૮) ચોવીસ જિનોના ગણધરોનું ,, ... ... ૧૮
(૧૯) શ્રી સામાન્ય જિન ,, ... ... ૧૯
(૨૦) ,, પંચમીનું ,, ... ... ૨૦
(૨૧) ,, દેવવંદન વિધિદર્શક ,, ... ... ૨૨

## વિભાગ ત્રીજો : સ્તવન-ચોવીસી સંગ્રહ

### (૧) શ્રી જીવણવિજયજી કૃત ચોવીસી


(૧) શ્રી આદિનાથ જિન સ્તવન ... ... ૨૨
(૨) ,, અજિતનાથ ,, ... ... ૨૩
(૩) ,, સંભવનાથ ,, ... ... ૨૪
(૪) ,, અભિનંદન ,, ... ... ૨૫
(૫) ,, સુમતિનાથ ,, ... ... ૨૬
(૬) ,, પદ્મપ્રભ ,, ... ... ૨૬
(૭) ,, સુપાર્શ્વનાથ ,, ... ... ૨૭
(૮) ,, ચંદ્રપ્રભ ,, ... ... ૨૮
(૯) ,, સુવિધિનાથ ,, ... ... ૨૯
(૧૦) ,, શીતલનાથ ,, ... ... ૨૯
(૧૧) ,, શ્રેયાંસનાથ ,, ... ... ૩૦
(૧૨) ,, વાસુપૂજ્ય ,, ... ... ૩૧
(૧૩) ,, વિમલનાથ ,, ... ... ૩૧
(૧૪) ,, અનંતનાથ ,, ... ... ૩૨
(૧૫) ,, ધર્મનાથ ,, ... ... ૩૩
(૧૬) ,, શાંતિનાથ ,, ... ... ૩૩
(૧૭) ,, કુંથુનાથ ,, ... ... ૩૪
(૧૮) ,, અરનાથ ,, ... ... ૩૫
(૧૯) ,, મલ્લીનાથ ,, ... ... ૩૫
(૨૦) ,, મુનિસુવ્રત ,, ... ... ૩૬
(૨૧) ,, નમિનાથ ,, ... ... ૩૭
(૨૨) ,, નેમિનાથ ,, ... ... ૩૭
(૨૩) ,, પાર્શ્વનાથ ,, ... ... ૩૮
(૨૪) ,, મહાવીર ,, ... ... ૩૯
(૨૫) કળશ ... ... ૪૦

## (૨) શ્રી દાનવિજયજી કૃત સ્તવન ચોવીસી

(૧) શ્રી આદિનાથ જિન સ્તવન ... ... ૪૧
(૨) ,, અજિતનાથ ,, ... ... ૪૨
(૩) ,, સંભવનાથ ,, ... ... ૪૩
(૪) ,, અભિનંદન ,, ... ... ૪૩
(૫) ,, સુમતિનાથ ,, ... ... ૪૪
(૬) ,, પદ્મપ્રભ ,, ... ... ૪૫
(૭) ,, સુપાર્શ્વનાથ ,, ... ... ૪૬
(૮) ,, ચંદ્રપ્રભ ,, ... ... ૪૭
(૯) ,, સુવિધિનાથ ,, ... ... ૪૮
(૧૦) ,, શીતલનાથ ,, ... ... ૪૯
(૧૧) ,, શ્રેયાંસનાથ ,, ... ... ૫૦
(૧૨) ,, વાસુપૂજ્ય ,, ... ... ૫૧
(૧૩) ,, વિમલનાથ ,, ... ... ૫૨
(૧૪) ,, અનંતનાથ ,, ... ... ૫૩
(૧૫) ,, ધર્મનાથ ,, ... ... ૫૪
(૧૬) ,, શાંતિનાથ ,, ... ... ૫૪
(૧૭) ,, કુંથુનાથ ,, ... ... ૫૫
(૧૮) ,, અરનાથ ,, ... ... ૫૬
(૧૯) ,, મલ્લીનાથ ,, ... ... ૫૭
(૨૦) ,, મુનિસુવ્રત ,, ... ... ૫૮
(૨૧) ,, નમિનાથ ,, ... ... ૫૯
(૨૨) ,, નેમિનાથ ,, ... ... ૬૦
(૨૩) ,, પાર્શ્વનાથ ,, ... ... ૬૧
(૨૪) ,, મહાવીર ,, ... ... ૬૨

## વિભાગ ચોથો : પ્રકીર્ણ સ્તવનો

(૧) શ્રી આદિનાથ જિન સ્તવન ... ... ૬૪

| | | |
|---|---|---|
| (૨) | શ્રી આદિનાથ જિન સ્તવન ... ... | ૬૪ |
| (૩) | ,, ,, ... ... | ૬૫ |
| (૪) | ,, ,, ... ... | ૬૫ |
| (૫) | ,, ,, ... ... | ૬૫ |
| (૬) | ,, ,, ... ... | ૬૬ |
| (૭) | નરકદુઃખવર્ણનગર્ભિત શ્રી આદિનાથ જિન વિનતિ | ૬૮ |
| (૮) | શ્રી સિદ્ધાચલમંડન શ્રી આદિનાથ જિન સ્તવન ... | ૭૨ |
| (૯) | શ્રી સિદ્ધાચલજીનું સ્તવન ... ... | ૭૩ |
| (૧૦) | ,, ,, ... ... | ૭૫ |
| (૧૧) | ,, ,, ... ... | ૭૫ |
| (૧૨) | ,, ,, ... ... | ૭૬ |
| (૧૩) | ,, ,, ... ... | ૭૭ |
| (૧૪) | શ્રી શત્રુંજય મહાતીર્થ મંડન શ્રી આદિજિન વિજ્ઞપ્તિ – સ્વરૂપ સ્તવન ... | ૮૩ |
| (૧૫) | શ્રી અજિતનાથ જિન સ્તવન ... ... | ૮૮ |
| (૧૬) | શ્રી સંભવનાથ ,, ... ... | ૮૮ |
| (૧૭) | ,, ,, ... ... | ૮૯ |
| (૧૮) | શ્રી અભિનન્દન જિન સ્તવન ... ... | ૯૦ |
| (૧૯) | શ્રી સુમતિનાથ ,, ... ... | ૯૦ |
| (૨૦) | શ્રી પદ્મપ્રભ ,, ... ... | ૯૧ |
| (૨૧) | શ્રી ચંદ્રપ્રભ ,, ... ... | ૯૧ |
| (૨૨) | શ્રી શાન્તિનાથ ,, ... ... | ૯૨ |
| (૨૩) | ,, ,, ... ... | ૯૪ |
| (૨૪) | શ્રી મુનિસુવ્રત ,, ... ... | ૯૪ |
| (૨૫) | ,, ,, ... ... | ૯૫ |
| (૨૬) | શ્રી નમિનાથ ,, ... ... | ૯૬ |
| (૨૭) | શ્રી નેમ–રાજુલ નવ ભવ ગર્ભિત સ્તવન ... | ૯૬ |

(૨૮) શ્રી પાર્શ્વનાથ 'જિન સ્તવન ... ... ૧૦૧
(૨૯) ,, ,, ... ... ૧૦૨
(૩૦) ,, ,, ... ... ૧૦૨
(૩૧) ,, ,, ... ... ૧૦૩
(૩૨) ,, ,, ... ... ૧૦૪
(૩૩) શ્રી પંચાસર પાર્શ્વનાથ જિન સ્તવન ... ... ૧૦૫
(૩૪) ,, ,, ,, ... ... ૧૦૫
(૩૫) ,, ,, ,, ... ... ૧૦૬
(૩૬) શ્રી શંખેશ્વર ,, ,, ... ... ૧૦૭
(૩૭) ,, ,, ,, ... ... ૧૦૭
(૩૮) ,, ,, ,, ... ... ૧૦૮
(૩૯) ,, ,, ,, ... ... ૧૧૦
(૪૦) શ્રી ગોડી ,, ,, ... ... ૧૧૧
(૪૧) શ્રી નારંગા ,, ,, ... ... ૧૧૧
(૪૨) શ્રી મહાવીર જિન સ્તવન ... ... ૧૧૩
(૪૩) ,, ,, ... ... ૧૧૪
(૪૪) ,, ,, ... ... ૧૧૫
(૪૫) ,, ,, ... ... ૧૧૫
(૪૬) શ્રી ગૌતમસ્વામી–વિલાપાત્મક શ્રી મહાવીર જિન સ્તવન ૧૧૬
(૪૭) છદ્મસ્થાવસ્થાના તપોવર્ણનયુક્ત શ્રી મહાવીર જિન ,, ૧૧૭
(૪૮) ધ્યાનવિચાર વિવરણાત્મક શ્રી મહાવીર જિન સ્તવન ૧૧૯
(૪૯) દીક્ષા–કલ્યાણક વર્ણનાત્મક શ્રી મહાવીર જિન સ્તવન ૧૨૦
(૫૦) મોહરાજ કથાગર્ભિત શ્રી જિનને વિનતિ રૂપ
શ્રી મહાવીર જિન સ્તવન ૧૨૮
(૫૧) શ્રી ત્રણ જિનચોવીસી સ્તવન ... ... ૧૩૫
(૫૨) શ્રી સામાન્ય જિન સ્તવન ... ... ૧૩૭
(૫૩) ,, ,, ... ... ૧૩૮

| | | |
|---|---|---|
| (૫૪) | શ્રી સામાન્ય જિન સ્તવન ... ... | ૧૩૯ |
| (૫૫) | ,, ,, ... ... | ૧૩૯ |
| (૫૬) | શ્રી સાધારણ જિન પંચ કલ્યાણક-વર્ણનાત્મક સ્તવન... | ૧૪૦ |
| (૫૭) | શ્રી જિન કલ્યાણકદિન સ્તવન ... ... | ૧૪૬ |
| (૫૮) | શ્રી શાશ્વતા જિન સ્તવન ... ... | ૧૪૯ |
| (૫૯) | શ્રી સીમંધર જિન સ્તવન ... ... | ૧૫૦ |
| (૬૦) | ,, ,, ... ... | ૧૫૧ |
| (૬૧) | ,, ,, ... ... | ૧૫૨ |
| (૬૨) | ,, ,, ... ... | ૧૫૩ |
| (૬૩) | ,, ,, ... ... | ૧૫૩ |
| (૬૪) | શ્રી યુગમંધર જિન સ્તવન ... ... | ૧૫૫ |
| (૬૫) | ,, ,, ... ... | ૧૫૬ |
| (૬૬) | શ્રી પર્યુષણા મહાપર્વનું સ્તવન (ચૈત્યવંદન) ... | ૧૫૬ |
| (૬૭) | ,, નવકાર મહિમા જિન સ્તવન ... ... | ૧૫૮ |
| (૬૮) | ,, નવ પદ વર્ણનાત્મક સ્તવન ... ... | ૧૫૯ |
| (૬૯) | ,, સમેતશિખર તીર્થ સ્તવન ... ... | ૧૬૦ |
| (૭૦) | ,, જિનાગમ સ્તવન ... ... | ૧૬૧ |
| (૭૧) | ,, જિનાગમ સ્તવન ... ... | ૧૬૩ |


### વિભાગ પાંચમો : ચોવીસ જિન સ્તુતિચતુષ્ક


| | | |
|---|---|---|
| (૧) | શ્રી ઋષભદેવ જિન સ્તુતિચતુષ્ક ... ... | ૧૬૫ |
| (૨) | ,, અજિતનાથ ,, ... ... | ૧૬૬ |
| (૩) | ,, સંભવનાથ ,, ... ... | ૧૬૬ |
| (૪) | ,, અભિનંદન ,, ... ... | ૧૬૭ |
| (૫) | ,, સુમતિનાથ ,, ... ... | ૧૬૭ |
| (૬) | ,, પદ્મપ્રભ ,, ... ... | ૧૬૭ |
| (૭) | ,, સુપાર્શ્વનાથ ,, ... ... | ૧૬૮ |
| (૮) | ,, ચંદ્રપ્રભ ,, ... ... | ૧૬૮ |

(૯) શ્રી સુવિધિનાથ જિન સ્તુતિચતુષ્ક ... ... ૧૬૮
(૧૦) ,, શીતલનાથ ,, ... ... ૧૬૯
(૧૧) ,, શ્રેયાંસનાથ ,, ... ... ૧૬૯
(૧૨) ,, વાસુપૂજ્ય ,, ... ... ૧૬૯
(૧૩) ,, વિમલનાથ ,, ... ... ૧૭૦
(૧૪) ,, અનંતનાથ ,, ... ... ૧૭૦
(૧૫) ,, ધર્મનાથ ,, ... ... ૧૭૦
(૧૬) ,, શાન્તિનાથ ,, ... ... ૧૭૧
(૧૭) ,, કુંથુનાથ ,, ... ... ૧૭૧
(૧૮) ,, અરનાથ ,, ... ... ૧૭૧
(૧૯) ,, મલ્લિનાથ ,, ... ... ૧૭૨
(૨૦) ,, મુનિસુવ્રત ,, ... ... ૧૭૨
(૨૧) ,, નમિનાથ ,, ... ... ૧૭૨
(૨૨) ,, નેમિનાથ ,, ... ... ૧૭૩
(૨૩) ,, પાર્શ્વનાથ ,, ... ... ૧૭૩
(૨૪) ,, મહાવીર ,, ... ... ૧૭૩

વિભાગ છટ્ઠો : પ્રકીર્ણ સ્તુતિચતુષ્કો

(૧) શ્રી ઋષભદેવ જિન સ્તુતિચતુષ્ક ... ... ૧૭૫
(૨) ,, શાંતિનાથ ,, ,, ... ... ૧૭૫
(૩) ,, ,, ,, ... ... ૧૭૬
(૪) ,, નેમિનાથ ,, ,, ... ... ૧૭૭
(૫) ,, પાર્શ્વનાથ ,, ,, ... ... ૧૭૮
(૬) ,, ,, ,, ,, ... ... ૧૭૯
(૭) ,, ,, ,, ,, ... ... ૧૭૯
(૮) ,, મહાવીર ,, ,, ... ... ૧૮૦
(૯) ,, ,, ,, ,, ... ... ૧૮૧
(૧૦) ,, સિદ્ધચક્ર ,, ,, ... ... ૧૮૨

(૧૧) શ્રી પંચમી તિથિ સ્તુતિચતુષ્ક ... ... ૧૮૩
(૧૨) ,, અધ્યાત્મ ,, ... ... ૧૮૪

## વિભાગ સાતમો : સ્તુતિ ચતુષ્કાત્મક સ્તુતિસંગ્રહ

(૧) શ્રી સીમંધર જિન સ્તુતિ ... ... ૧૮૬
(૨) ,, આદિનાથ ,, ,, ... ... ૧૮૬
(૩) ,, વર્ધમાન ,, ,, ... ... ૧૮૬
(૪) ,, વીર જિન ,, ,, ... ... ૧૮૬
(૫) ,, સિદ્ધચક્રજીની ,, ... ... ૧૮૭
(૬) ,, ,, ,, ... ... ૧૮૭
(૭) ,, ,, ,, ... ... ૧૮૭
(૮) ,, ,, ,, ... ... ૧૮૭

## વિભાગ આઠમો : પ્રકીર્ણ સ્તુતિઓ

(૧) શ્રી અજિતનાથ જિનસ્તુતિ ... ... ૧૮૮
(૨) ,, સંભવનાથ ,, ... ... ૧૮૮
(૩) ,, અભિનંદનસ્વામી ,, ... ... ૧૮૮
(૪) ,, સુમતિનાથ ,, ... ... ૧૮૮
(૫) ,, પદ્મપ્રભસ્વામી ,, ... ... ૧૮૯
(૬) ,, સુપાર્શ્વનાથ ,, ... ... ૧૮૯
(૭) ,, ચંદ્રપ્રભસ્વામી ,, ... ... ૧૮૯
(૮) ,, સુવિધિનાથ ,, ... ... ૧૮૯
(૯) ,, શીતલનાથ ,, ... ... ૧૮૯
(૧૦) ,, શ્રેયાંસનાથ ,, ... ... ૧૯૦
(૧૧) ,, વાસુપૂજ્ય ,, ... ... ૧૯૦
(૧૨) ,, વિમલનાથ ,, ... ... ૧૯૦
(૧૩) ,, અનંતનાથ ,, ... ... ૧૯૦
(૧૪) ,, ધર્મનાથ ,, ... ... ૧૯૧

(૧૫) શ્રી કુંથુનાથ જિનસ્તુતિ ... ... ૧૯૧
(૧૬) ,, અરનાથ ,, ... ... ૧૯૧
(૧૭) ,, મલ્લિનાથ ,, ... ... ૧૯૧
(૧૮) ,, મુનિસુવ્રતસ્વામી ,, ... ... ૧૯૨
(૧૯) ,, નમિનાથ ,, ... ... ૧૯૨
(૨૦) ,, વીસ વિહરમાન ,, ... ... ૧૯૨

વિભાગ નવમો : સજ્ઝાય સંગ્રહ

(૧) શીલની નવ વાડની સજ્ઝાય ... ... ૧૯૩
(૨) ત્રેસઠ શલાકાપુરૂષ નામાંકિત ,, ... ... ૧૯૭
(૩) શ્રી ધન્ના-શાલિભદ્રની ,, ... ... ૧૯૯
(૪) શ્રી સંઘગુણવર્ણન ,, ... ... ૨૦૧
(૫) શ્રી રોહિણી તપ ,, ... ... ૨૦૨
(૬) ઉત્તમ મનોરથ ,, ... ... ૨૦૪
(૭) આલોચના અનુમોદન ,, ... ... ૨૦૬
(૮) શ્રી વીર ગણધર ,, ... ... ૨૧૩
(૯) યશોદા વિલાપ ,, ... ... ૨૧૪
(૧૦) પિસ્તાલીસ આગમ-નામની ,, ... ... ૨૧૬
(૧૧) અધ્યાત્મ વલોણું ,, ... ... ૨૧૭
(૧૨) શ્રી સંવચ્છરી ખામણાં ,, ... ... ૨૧૮

વિભાગ દશમો : શ્રી ગણધર દેવવન્દન

પ્રાથમિક વિધિ ... ... ૨૨૧
પ્રથમ જોડો ... ... ૨૨૨
દ્વિતીય જોડો ... ... ૨૨૬
તૃતીય જોડો ... ... ૨૨૯
ચતુર્થ જોડો ... ... ૨૩૩
પાંચમો જોડો ... ... ૨૩૬

વિભાગ અગિયારમો : અષ્ટપ્રકારી પૂજાનો રાસ ૨૪૨

# શુદ્ધિ-પત્રક

| પાનું | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૭ | ૧ | ઉજ્ઞાત | ઉન્નત |
| ૧૧ | ૧૦ | સાહસવીર | સાહસધીર |
| ૨૧ | ૧૧ | બાદ | બાર |
| ૨૩ | ૫ | બ્રાંહ્ય | બાંહ્ય |
| ૪૦ | ૭ | પરગર | પરગટ |
| ૫૫ | ૪ | જિન | જિમ |
| ૫૭ | ૧૨ | પિછાણે, | પિછાણો, |
| ૬૪ | ૧૩ | કણુકચોલે | કર્ણકચોલે |
| ૬૬ | ૧૨ | રાતી, | રાતો, |
| ૬૭ | ૭ | પરવડા | પરવડો |
| ૬૮ | ૧૩ | કહેવા | કહેતાં |
| ૭૦ | ૧૮ | દાઢી | દાઢો |
| ૭૧ | ૪ | ભોગવે, | ભોગવો, |
| ૭૨ | ૧૧ | ઇન્દ્રલોક | ઇહિલોક |
| ૭૪ | ૧ | સરીય...ટોલ | સહીય...ટોલી |
| ૭૭ | ૪ | જયવિજય | નયવિજય |
| ૭૭ | ૪ | સામું; | સાચું; |
| ૮૨ | ૧૮ | ભળીએ રે, | ભલી પેરે, |
| ૮૩ | ૨૨ | વંદના, | વંદતાં, |
| ૮૩ | ૨૩ | અજુ આળ્યો; | અજુવાળ્યો; |
| ૮૫ | ૧ | થોક | રોક |
| ૮૫ | ૬ | આયો. | પાયો. |
| ૮૫ | ૯ | આચર્યાં, નગમ | છદ્મ ક્રોહ નૈગમ |
| ૮૫ | ૧૧ | પદમોહથી, | મદ મોહથી, |
| ૮૫ | ૧૪ | વિવિધ | વીવધ |
| ૮૫ | ૧૭ | પાય, | પાપ, |

| પાનું | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૮૫ | ૧૮ | આલી, | અલીક, |
| ૮૬ | ૧૩ | સાયર | ચાચર |
| ૮૭ | ૧૧ | હવે નહિ | હવે દુઃખ નહિ |
| ૮૭ | ૨૩ | જગદેવ નામ, | જગદેકનાથ, |
| ૮૮ | ૧ | કહે | કરે |
| ૮૮ | ૭ | સોઈ | સાંઇ |
| ૯૦ | ૧ | ઓડ | ખોડ |
| ૯૦ | ૯ | સુવિદેહા, | શુચિદેહા, |
| ૯૬ | ૯ | પ્રવચન સુ... | પ્રવચન વયણ સુ... |
| ૯૬ | ૧૩ | પરમેસર પ્રા... | પરમેસર પૂરણ પ્રા... |
| ૯૭ | ૨ | પ્રભુજી ! સાથે રે, | સાથે |
| ૯૮ | ૪ | કેવલ | કેવલી |
| ૯૯ | ૨ | શ્રીષેણુરાય, | શ્રીષેણુજી તાય, |
| ૯૯ | ૩ | મુનિવરરાય, | હુઆ પાંચે મુનિરાય, |
| ૯૯ | ૫ | સાથે | સાધે |
| ૯૯ | ૧૨ | હોઈ | હું |
| ૯૯ | ૧૪ | વિલપે | વિલવે |
| ૯૯ | ૧૫ | એમ. | ખેમ. |
| ૯૯ | ૧૮ | વિષ ધારે, | વિલુદ્ધા રે, |
| ૧૦૦ | ૫ | વંદે | વૃંદે |
| ૧૦૦ | ૧૫ | ક્ષેમ | ક્ષેત્ર |
| ૧૦૦ | ૧૯ | જાણે | જાણો |
| ૧૦૧ | ૧૫ | વાય, | વાચ, |
| ૧૦૧ | ૧૬ | અવિરત | અવિરતિ |
| ૧૦૧ | ૧૬ | નાથ. | નાચ. |
| ૧૦૧ | ૧૮ | કુરતિ | કુરતિ |

| પાનું | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૦૧ | ૧૯ | મલધારી, | મલબારી, |
| ૧૦૧ | ૧૯ | જહાન | જહાજ |
| ૧૦૧ | ૨૧ | જીરે પારિયે | જુરે પાટિયે |
| ૧૦૧ | ૨૨ | ચંગ. | મગ્ગ. |
| ૧૦૨ | ૫ | ખમિયે, | ભમિયે, |
| ૧૦૨ | ૧૦ | કહે | કરે |
| ૧૦૨ | ૧૮ | ભોમવિજય | મોતીવિજય |
| ૧૦૩ | ૧ | જલીયો | છલિયો |
| ૧૦૩ | ૧૧ | દુર્લભ દુર્લભ | દુર્લભ દુર્ભંગ |
| ૧૦૪ | ૭ | નિજ | જિન |
| ૧૦૪ | ૧૫ | જિનરાજ; | જિનરાજ રે; |
| ૧૧૦ | ૧૭ | જેતુ | જંતુ |
| ૧૧૦ | ૨૧ | ગવરાવે કોણ | ગવાયે કેણ, |
| ૧૧૧ | ૧૫ | તારંગા | નારંગા |
| ૧૧૨ | ૪ | જાય | જાસ |
| ૧૧૩ | ૧૭ | પ્રયતે | પ્રત્યે |
| ૧૧૩ | ૨૧ | તાપને | તાપનો |
| ૧૧૫ | ૨૦ | કે, | કરે રે, |
| ૧૧૫ | ૨૨ | જાચ્યો | જાશ્યો |
| ૧૧૫ | ૨૨ | નો | જો |
| ૧૧૭ | ૭ | મૂરતિ | મુહૂર્ત |
| ૧૧૭ | ૧૭ | લિયે તારે | લિયંતા રે |
| ૧૪૯ | ૨૦ | એ ગુણ સંઠી | એગુણસઠી |
| ૧૫૧ | ૭ | વિમાયો, | વિનવ્યો |
| ૧૫૫ | ૨૧ | નેહ | છેહ |
| ૧૫૬ | ૨૦ | સ્તવન | ચૈત્યવંદન |

| પાનું | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૫૭ | ૩ | જિન | નિજ |
| ૧૬૦ | ૮ | વિદેશે | વિદિશે |
| ૧૮૨ | ૧૬ | હીસ, | રીસ, |
| ૧૮૫ | ૮ | મને નમો નાણી, | મકન મોનાણી, |
| ૨૧૧ | ૧૬ | વાયણા, | વાસના, |
| ૨૧૪ | ૧૯ | પણી | પણ |
| ૨૨૨ | ૧૯ | જોડ | જોડા |
| ૨૩૮ | ૧૩ | જિનરાજને | સૂરિરાજને |
| ૨૬૩ | ૯ | વહાર | વિહાર |
| ૨૬૪ | ૧૯ | ભોગથક | ભોગ થકી |
| ૨૬૭ | ૨૨ | મોઢે | મોદે |
| ૨૭૦ | ૨૩ | ગાડવને | વાડવને |
| ૨૭૨ | ૩ | ત્રયાને | ાત્રયાને |
| ૨૭૮ | ૨૧ | મૂકીને | ચૂકીને |
| ૨૭૯ | ૧૩ | સંપત્તિ | સંપ્રતિ |
| ૨૮૦ | ૬ | પાપો | વ્યાપો |
| ૨૮૦ | ૭ | ગતિનધિ | ગત નિધિ |
| ૨૮૦ | ૨૫ | પન્દર | પન્દરમી |
| ૩૦૧ | ૧૪ | જનકે ચુંબ્યું | જનકે મુખ ચુંબ્યું |
| ૩૦૮ | ૨૮ | સ્વર્ણ | સ્વર્ગ |
| ૩૭૦ | ૧૩ | છાળી, | છાલી, |
| ૩૭૫ | ૮ | ઢોળજો, | ઢોવજો, |
| ૩૯૪ | ૭ | વાળ્યો | વાળ્યો |
| ૪૦૪ | ૧૩ | આરતિ | અરતિ |
| ૪૧૭ | ૧૮ | વરુ | વારુ |
| ૪૧૯ | ૧૧ | | નિંદે કૃત કર્મ |

પૂ. સકલાગમરહસ્યવેદી પરમ ગીતાર્થ સ્વ. આચાર્યદેવ
શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર
પૂ. સિદ્ધાન્તમહોદધિ આચાર્યદેવ શ્રીમદ્
વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાના પટ્ટવિભૂષક



પૂ. પરમ શાસનપ્રભાવક, વ્યાખ્યાન-વાચસ્પતિ આચાર્યદેવ શ્રીમદ્
વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

# શ્રી જિનેન્દ્ર-સ્તવનાદિ કાવ્યસંદોહ

## ૦ બીજો ભાગ ૦

### વિભાગ પહેલો : ચૈત્યવંદન—ચોવીસી

### ઉપાધ્યાય શ્રી માનવિજયજી કૃત ચૈત્યવંદન ચોવીસી.

#### (૧) શ્રી ઋષભદેવ જિન ચૈત્યવંદન

પ્રથમ જિનેશ્વર ઋષભદેવ, પ્રણમું શિર નામી;
પણસય ધનુષ પ્રમાણ દેહ, વર્ણે અભિરામી. ॥૧॥
નાભિરાય-કુલમંડણો, મરૂદેવી જાયો;
ચોરાશી લખ પૂરવ આય, સુરનરપતિ ગાયો. ॥૨॥
વિનીતા નયરી રાજીઓ એ, ઋષભ લંછન વર પાય;
જુગલા ધર્મ નિવારણો, **માનવિજય** ગુણ ગાય. ॥૩॥

#### (૨) શ્રી અજિતનાથ જિન ચૈત્યવંદન

અજિત જિનેસર અરચીએ, પ્રહ ઉઠી પ્રેમે;
અષ્ટ મહાસિદ્ધિ સંપજે, વસીએ નિતુ ખેમે. ॥૧॥
જિતશત્રુ વિજયા નંદનો, ગજ લંછન સોહે;
નયરી અયોધ્યાનો ધણી, ભવિયણ મન મોહે. ॥૨॥
લાખ બહોંતેર પૂરવનું, જિવિત સોવન વાન;
સાઢા ચઉસય ધનુષ દેહ, **માન** કરે ગુણગાન. ॥૩॥

## (૩) શ્રી સંભવનાથ જિન ચૈત્યવંદન

સંભવનાથ અનાથ–નાથ, ભજિએ ભવિ ભાવે;
રોગ શોગ દૂરે ટળે, દુઃખ દોહગ નાવે. ॥૧॥
જિવિત પૂરવ લાખ સાઠ, ચોસય ધનુ કાય;
લંછન તુરગ વિરાજતો, સાવત્થિપુર રાય. ॥૨॥
રાય જિતારિ નંદનો એ, સેના માત મલ્હાર;
સોવન વરણુ સોહામણો, **માન** નમે હિતકાર. ॥૩॥

## (૪) શ્રી અભિનંદન જિન ચૈત્યવંદન

અભિનંદન નિતુ વંદીએ, સુખ–સંપત્તિ–કારી;
નયરી વિનીતા ભૂપતિ, જાઉં બલીહારી. ॥૧॥
સંવરભૂપતિ કુલતિલો, સિદ્ધાર્થા–જાત;
ધનુષ ઉંટ્ઠસય ઉચ્ચ દેહ, સોવન અવદાત. ॥૨॥
પૂરવ લાખ પચાસનું એ, આયુષ વાનર અંક;
**માન** કહે જિનવર નમે, સમકિત હોએ નિઃશંક. ॥૩॥

## (૫) શ્રી સુમતિનાથ જિન ચૈત્યવંદન

કુમતિ નિવારણ સુમતિનાથ, જિનવર જયકારી;
પૂરવ ચાલીસ લાખ આય, સમરૂં સંભારી. ॥૧॥
મેઘ મહિપતિ મંગલા, માતાનો જાત;
ક્રૌંચ લંછન ધનુ ત્રણસેં, તનુ જસ વિખ્યાત. ॥૨॥
નયરી જેહની કોસલા એ, સોવન્ન વન્ન શરીર;
**માનવિજય** કહે એ પ્રભુ, મુજ મન તરૂવર કીર. ॥૩॥

## (૬) શ્રી પદ્મપ્રભ જિન ચૈત્યવંદન

પદ્મ પ્રભુને પૂજિએ, પદ્મે પદપદ્મ;
પદ્મ લંછન સીતપદ્મ ગોર, પદ્માવર સદ્મ. ॥૧॥

ધનુષ અઢીસેં દેહમાન, કોસંબીરાય;
શ્રીધર ધરણીધર પિતા, જસુ સુસીમા માય. ॥૨॥
ત્રીસ લાખ પૂરવ તણું એ, ભોગવી જિવિત માન;
અવિચલ પદવી પામીઓ, **માન** કરે નિતુ ધ્યાન. ॥૩॥

## (૭) શ્રી સુપાર્શ્વનાથ જિન ચૈત્યવંદન

સુપરિં સુરજન સેવિઓ, સુખકારી સુપાસ;
સ્વસ્તિક લંછન માંગલિક, સઘળાને ઉલ્લાસ. ॥૧॥
સોવન વન તનુ દોયસેં, ધનુમાન ઉત્તંગ;
વીસ લાખ પૂરવ તણું, જિવિત જસ ચંગ. ॥૨॥
વાણારસી નયરી ધણી એ, જિનવર જગવિખ્યાત;
પૃથ્વી માત પ્રતિષ્ઠ તાત, **માનવિજય** ગુણ ગાત. ॥૩॥

## (૮) શ્રી ચંદ્રપ્રભ જિન ચૈત્યવંદન

ચંદ્રપ્રભુ જિન ચંદ્રસૌમ્ય, પુરી ચંદ્રા રાય;
કાન્તિ ચંદ્ર હાર્યો રહે, લંછન મસે પાય. ॥૧॥
લાખ પૂરવ દશ આય જાસ, જગમાં વિખ્યાત;
નૃપ મહસેન ને લક્ષ્મણા, કેરો અંગજાત. ॥૨॥
દોઢસો ધનુષ મિત દેહડીએ, જીવન જગદાધાર;
**માનવિજય** કવિયણ કહે, આવાગમન નિવાર. ॥૩॥

## (૯) શ્રી સુવિધિનાથ જિન ચૈત્યવંદન

સુવિધિ સુવિધિસુ સેવિએ, જિણે સુવિધિ પ્રકાશ્યો;
આપે ચારિત્ર આદરી, વિધિ યોગ અભ્યાસ્યો. ॥૧॥
કાકંદી નૃપતિ સુગ્રીવ, રામાનો જાયો;
લાખ પૂરવ જસ દોય આય, શત ધનુષ પ્રમાયો. ॥૨॥

મગર લંછન જસ શોભતું એ, ભયભંજન ભગવાન;
**માનવિજયને** આપીએ, અદ્ભૂત અવિચલ થાન. ॥૩॥

## (૧૦) શ્રી શીતલનાથ જિન ચૈત્યવંદન

**શીતલ** સેજે શીતલો, શીતલ જસ વાણી;
સમતા શીતલ તે હુવે, જે નિસુણે પ્રાણી. ॥૧॥
નેવું ધનુષ પ્રમાણ પીત, વર્ણ જસ કાય;
શ્રીવત્સ લંછન એક લાખ, પૂરવ જસ આય. ॥૨॥
દઢરથ નંદા નંદનો એ, ભદ્દિલપુર વર રાય;
પ્રભુધ્યાને શીતલ રહે, **માનવિજય** ઉવજ્ઝાય. ॥૩॥

## (૧૧) શ્રી શ્રેયાંસનાથ જિન ચૈત્યવંદન

**શ્રી** શ્રેયાંસ જિણંદ દેવ, સેવક સુખકારી;
પરમ પુરૂષ પરમેશ્વરો, પ્રણમો નરનારી. ॥૧॥
સિંહપુરી વર રાય વિષ્ણુ, વિષ્ણુ અંગજાત;
ચઉરાસી લખ વર્ષ આય, સોવન સમ ગાત. ॥૨॥
ખડગી લંછન જેહને એ, એંસી ધનુષની કાય;
**માન** કહે તે ભવ તરે, જે જિનવર નિત ધ્યાય. ॥૩॥

## (૧૨) શ્રી વાસુપૂજ્ય જિન ચૈત્યવંદન

વાસવપૂજિત વાસુપૂજ્ય, તનુ વિદ્રુમ વાન;
રાણી જયા વસુપૂજ્યરાય, કુલતિલક સમાન ॥૧॥
ચંપા નયરી જનમીઓ, સીત્તેર ધનુષ દેહ;
વરસ બહોંતેર લાખ આય, કીધો ભવ છેહ. ॥૨॥
યમવાહન લંછન મીસે, સેવે જેહના પાય;
**માનવિજય** પ્રભુ નામથી, ભવ ભવ પાતક જાય. ॥૩॥

## (૧૩) શ્રી વિમલનાથ જિન ચૈત્યવંદન

વિમલનાથનું વિમલ જ્ઞાન, દરસણ જસ વિમલ;
આઠ કર્મમલ ક્ષય કરી, આપ થયો વિમલ. ॥૧॥
કંપિલ્ય કૃતવર્મ રાય, કુલ કરીયું જેણે વિમલ;
શ્યામા રાણી ઉદર હંસ, સોવન વન વિમલ. ॥૨॥
સાઠ ધનુષ ઉન્નત તનુ એ, વરસ સાઠ લખ આય;
સુયર લંછન શોભમાન, **માન** નમે નિતુ પાય. ॥૩॥

## (૧૪) શ્રી અનંતનાથ જિન ચૈત્યવંદન

જિન અનંતના ગુણ અનંત, ન કહાયે તંતે;
કર્મ અનંતે જિતીયાં, વરવીર્ય અનંતે. ॥૧॥
નયરી અયોધ્યા નરપતિ, સિંહસેન તનુજ;
સુજસા રાણી લાડલો, સિંચાણો ઉરૂજ. ॥૨॥
આયુ વરસ લખ ત્રીસનું એ, જિવિત સોવન વાન;
ધનુષ પંચાસ પ્રમાણ દેહ, ધ્યાન ધરે મુનિ **માન**. ॥૩॥

## (૧૫) શ્રી ધર્મનાથ જિન ચૈત્યવંદન

પનરમો જિન ધરમનાથ, ઉપદેશે ધર્મ;
જેહ સુણિજે ભાવસું, તસ નાશે કર્મ. ॥૧॥
રત્નપુરી વર ભાનુરાય, સુવ્રતા સુત સારો;
ધણું પણયાલીસ ઉચ્ચ દેહ, ભવ જલનિધિ તારો. ॥૨॥
વરસ લાખ દશ આઉખું એ, વજ્ર લંછન હેમ વાન;
**માન** કહે જિનવર વિષે, મન ધરીએ બહુમાન. ॥૩॥

## (૧૬) શ્રી શાન્તિનાથ જિન ચૈત્યવંદન

શાન્તિકરણ શ્રી શાન્તિનાથ, જેણે મારિ નિવારી;
અચિરા કુખ ઉપનો, મૃગ લંછન ધારી. ॥૧॥

ગજપુરી રાજા વિશ્વસેન, કુલ મુગટ નગીનો;
ચાલીશ ધનુષ પ્રમાણુ દેહ, મેં સાહિબ કીનો. ॥૨॥
સોવન વર્ણ તનુ રાજતો એ, વરિસ લાખ જસ આય;
**માનવિજય** વાચક ભણે, જિન નામે સુખ થાય. ॥૩॥

## (૧૭) શ્રી કુન્થુનાથ જિન ચૈત્યવંદન

કુંથુનાથ જિનરાજ આજ, મેં નયણે દીઠો;
સકલ દુરિત દૂરે ગયો, ભવભય સવિ નીઠો. ॥૧॥
ગજપુર નયરે સુર રાય, શ્રી રાણીએ જનમ્યો;
સહસ પંચાણું વર્ષ આય, સુરનરપતિ પ્રણમ્યો. ॥૨॥
પૂરણ પાંત્રીસ ધનુષ તનુ એ, અજ લંછન અભિરામ;
**માનવિજય** વાચક મુદા, નિતુ નિતુ કરે પ્રણામ. ॥૩॥

## (૧૮) શ્રી અરનાથ જિન ચૈત્યવંદન

આરાધો અરનાથને, શિવસુખને આપે;
કર્મ અરિથી છોડવે, ભવબંધન કાપે. ॥૧॥
રાય સુદર્શન કુલમણિ, ગજપુર અવતારી;
ત્રીસ ધનુષ પીત વરણુ, પ્રણમો નરનારી. ॥૨॥
સહસ ચોરાસી વરષનું એ, જિવિત દેવી જાત;
લંછન નંદાવર્ત્ત જુત, **માન** કહે વિખ્યાત. ॥૩॥

## (૧૯) શ્રી મલ્લિનાથ જિન ચૈત્યવંદન

મલ્લિ જિણેસર મોહમલ્લ, જિણે જિત્યો હલ્લ;
હલ્લ ભલ્લ કરતાં શુભ, પ્રણમે જસ ભલ્લ. ॥૧॥
મિથિલા નયરી કુંભરાય, કુલ કમલ વિકાસી;
પ્રભાવતી રાણી જણ્યો, નીલુત્પલ ભાસી. ॥૨॥

ધનુષ પણવીસ ઉજાત તનુ એ, કુંભ લંછન વર પાય;
વરસ પંચાવન સહસ આય, **માન** લહે સુપસાય. ॥૩॥

## (૨૦) શ્રી મુનિસુવ્રતસ્વામી જિન ચૈત્યવંદન

શ્રી મુનિસુવ્રત સુવ્રતો, નમીએ દુઃખ ગમીએ;
વમીએ પાપ મિથ્યાત્વને, શિવપૂરમાં રમીએ. ॥૧॥
રાજગૃહી રાજા સુમિત્ર, પદ્મા તનુ જનમા;
વીસ ધનુષ તનુ કૃષ્ણ વર્ણ, શિવ કમલા સદ્મા. ॥૨॥
વરસ સહસ ત્રીસ આઉખું એ, લંછન કૂર્મ સુચંગ;
**માનવિજય** પ્રભુ પ્રણમતાં, નિત નિત નવ નવ રંગ.॥૩॥

## (૨૧) શ્રી નમિનાથ જિન ચૈત્યવંદન

નમીએ શ્રી નમિનાથને, શિવસાધન કામે;
પ્રભુને નામે ઠામ ઠામ, રહીએ આરામે. ॥૧॥
મિથિલા નયરી વિજય રાય, વપ્રાએ પ્રસવ્યો;
વરસ સહસ દસ આય તનુ, હેમકાન્તિ પ્રસવ્યો. ॥૨॥
પન્નર ધનુ ઉન્નત તનુ એ, લંછન નીલ સરોજ;
રહેતાં પ્રભુ પદ પંકજે, **માનવિજય**ને મોજ. ॥૩॥

## (૨૨) શ્રી નેમિનાથ જિન ચૈત્યવંદન

ભાવ ધરી ભવિયાં ભજો, શ્રી નેમિ જિણંદ;
સમુદ્રવિજય રાણી શિવા, મનમોહન ચંદ. ॥૧॥
જસ દશ ધનુ તનુમાન વાન, ઉમહ્યા ઘન સરિખો;
શંખ લંછન સોહામણો, દેખીને હરખો. ॥૨॥
જિવિત વરસ સહસનું એ, શૌરીપુરી ઉત્પન્ન;
**માન** કહે જિનવર નમે, નરનારી તે ધન્ય. ॥૩॥

## (૨૩) શ્રી પાર્શ્વનાથ જિન ચૈત્યવંદન

પાસ જિણંદ સદા જયો, મનવંછિત પૂરે;
ભવભય ભાવઠ ભંજણો, દુઃખ દોહગ ચૂરે. ॥૧॥
અશ્વસેન નૃપ કુલતિલો, વામાસુત શસ્ત;
વાણારસીએ અવતર્યો, કાયા નવ હસ્ત. ॥૨॥
નીલ વર્ણ લંછન ફણી એ, જિવિત જસ શત વર્ષ;
**માનવિજય** પ્રભુ નામથી, પામે પરિગલ હર્ષ. ॥૩॥

## (૨૪) શ્રી મહાવીર જિન ચૈત્યવંદન

શ્રી વર્ધમાન જિનભાણ આણ, નિજ મસ્તક વહીએ;
સિંહ લંછન પરે સર્વદા, જસ ચરણે રહીએ. ॥૧॥
ક્ષત્રીયકુંડ ગ્રામ નયર, સિદ્ધારથ ભૂપ;
ત્રિશલારાણી ઉયર હંસ, હેમવાન અનૂપ. ॥૨॥
જીવિત બહોંતેર વર્ષનું એ, સાત હાથ તનુ માન;
**માનવિજય** વાચક કરે, જિનવરના ગુણગાન. ॥૩॥

# વિભાગ બીજો : પ્રકીર્ણ ચૈત્યવંદનો

## (૧) શ્રી ચોવીસ જિન ચૈત્યવંદન

**આદિનાથ અજિત** દેવ, **સંભવ** ગુણભંડાર;
**અભિનંદન સુમતિ** નમું, **પદ્મપ્રભ** સુખકાર. ॥૧॥
**સ્વામી સુપાસ** સોહામણા, **ચંદ્રપ્રભુ** જિનરાજ;
**સુવિધિ શીતલ** સેવીયે, શ્રી **શ્રેયાંસ** શીરતાજ. ॥૨॥
**વાસુપૂજય વિમલ** વિભુ, **અનંત ધર્મ** અરિહંત;
શ્રી **શાંતિ** પ્રભુ સોળમા, આપે ભવનો અંત. ॥૩॥
**કુંથુ અર** સંભારતાં, દુરિત સકળ મીટ જાય;
**મુનિસુવ્રત નમિ નેમિનાથ**, આનંદ મંગલ થાય. ॥૪॥
**પાર્શ્વનાથ** ત્રેવીસમા, **વર્દ્ધમાન** જિનભાણુ;
ચોવીસે ચિત્ત ધારતાં, લહીયે ક્રોડ કલ્યાણ. ॥૫॥

## (૨) શ્રી આદિનાથ જિન ચૈત્યવંદન

આદીશ્વર અરિહંત, આદિ અવિનાશી સ્વામી;
સકલ સરૂપ અકલ અનૂપ, પ્રણમું શિર નામી. ॥૧॥
રૂપારૂપ પરમ રૂપ, નિજ સ્વભાવમાં રાતો;
ધ્યેય એક લયલીનતા, અનુભવ ગુણ માતો. ॥૨॥
મરૂદેવીસુત વંદીયે, આણી મન આણંદ;
સુમતિવિજય કવિરાયનો, **રામ** જપે ગુણવૃંદ. ॥૩॥

## (૩) શ્રી આદિનાથ જિન ચૈત્યવંદન

પ્રથમ તીર્થંકર આદિનાથ, ભાવે ભવિ સેવો;
નાભિરાય કુલ દિનમણિ, ત્રિભુવનમાં દીવો. ॥૧॥
મરૂદેવીએ જનમીયા, પ્રણમે સુરનર ઈશ;
ચોરાશી લખ પૂર્વનું, આયુ ધરે જગદીશ. ॥૨॥

સોવન વરણુ સોહામણું, વૃષભ લંછન અભિરામ;
રંગે **અમૃત** પ્રણમતાં, પામે અવિચલ ઠામ.　　॥૩॥

## (૪) અજિતનાથ જિન ચૈત્યવંદન

નયરી અયોધ્યા ઉપન્યા, તિહું નાણે સંપન્ન;
વંશ ઈક્ષ્વાગ સોહામણો, માતા વિજયા ધન્ન.　　॥૧॥
જિતશત્રુ રાજા તણો, નંદન કંચન વન્ન;
ગજ લંછન ચલે ગજગતિ, મહાનંદ પદ મન્ન.　　॥૨॥
ગુણ અનંતે પૂરીયો, અજિતનાથ અરિહંત;
રંગે **અમૃત** પ્રણમતાં, પામે પદવી મહંત.　　॥૩॥

## (૫) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિન ચૈત્યવંદન

વઢીયાર પવિત્ર ધરા વિષે, પાસ શંખેશ્વર સોહે;
ધરણ પદ્માવતી સેવે પાય, ભવિજનનાં મન મોહે.　॥૧॥
નીલવરણ નવ હાથનો, દીપે અનુપમ દેહ;
અંતર અરિગણ ગમીયા, થયા અનંત ગુણગેહ.　॥૨॥
સેવક જન સુખીયા કરો, આપી સમકિત ચંગ;
જિન ઉત્તમ પદપદ્મનો, **રૂપ** કહે મન રંગ.　　॥૩॥

## (૬) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિન ચૈત્યવંદન

અકલ રૂપ અવતાર, સાર શિવસંપત્તિ કારક;
રોગ શોગ સંતાપ દુરિય, દુઃખ દોહગ વારક.　　॥૧॥
ચિહું દિશિ આણ અખંડ, ચંડ તપ તેજ દિણંદહ;
અમર અપછર કોડ ગાવે, જસ નામ નરિંદહ.　　॥૨॥
મુનિ **મેઘરાજ** કહે જિનવર જયો, શ્રી પાર્શ્વનાથ ત્રિભુવનતિલો;
શ્રી શંખેશ્વર સુરમણિ, અધિક પામો મંગલલીલો.　　॥૩॥

## (૭) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિન ચૈત્યવંદન

જય જય જય જગતાત ભ્રાત, ભવિ ભવતાપ નિવારે;
શરણાગત જન વચ્છલુ, સવિ જગ જીવને તારે. ॥૧॥
કમલાપતિ કાજે પ્રભુ, પ્રગટ પાતાળથી થાય;
જરા નિવારી દુઃખ હર્યું, જાદવ બહુ સુખ પાય. ॥૨॥
અમિત ગુણ પાતક હરણ, હરિત વરણ સુખકાર;
રંગ વંદે પારસ પ્રભુ, શંખેશ્વર શિરદાર. ॥૩॥

## (૮) શ્રી મહાવીર જિન ચૈત્યવંદન

ત્રીશ વરસ કેવળીપણે, વિચરી મહાવીર;
પાવાપુરી પાઉ ધારીઆ, પ્રભુ સાહસવીર. ॥૧॥
હસ્તિપાલ નરરાયની, રજ્જુગ સભા મોઝાર;
ચરમ ચોમાસું તિહાં રહ્યા, લેઈ અવગ્રહ સાર. ॥૨॥
કાશી કોશલ દેશના, ગણરાય અઢાર;
સ્વામી સુણી સહુ આવીયા, વંદન નિરધાર. ॥૩॥
સોલ પહોર પ્રભુ દેશના, જાણી લાભ અપાર;
દીધી ભવિહિત કારણે, પીધી તે ભવપાર. ॥૪॥
દેવશર્મા બોધન ભણી, ગૌતમ ગયા સુજાણ;
કાર્તિક અમાસને દહાડલે, પામ્યા પ્રભુ નિર્વાણ. ॥૫॥
ભાવ ઉદ્યોત ગયો હવે, કરીયે દ્રવ્ય ઉદ્યોત;
ઈમ કહી રાય સર્વે મળી, કીધી દીપક જ્યોત. ॥૬॥
દીવાળી તિહાંથી થઈ એ, જગમાં સહુ પરસિદ્ધ;
**પદ્મ** કહે આરાધતાં, લહીયે નિજગુણ રિદ્ધ. ॥૭॥

## (૯) શ્રી મહાવીર જિન ચૈત્યવંદન

સુણ્યું નિરવાણુ ગૌતમ ગુરૂ, પાછા વળતાં જામ;
ચિંતવતાં વીતરાગતા, વીતરાગ હુઆ તામ. ॥૧॥
વીરનાણુ નિર્વાણુ વળી, ગૌતમ કેવલનાણુ;
ગણુણું ગણુીયે તેહનું, છટ્ઠનો તપ સુપ્રમાણુ. ॥૨॥
સાંભરે ગૌતમ નામથી એ, કેવળી પચાસ હજાર;
નાણુ દીવાળી પ્રણુમતાં, **પદ્મ** કહે ભવ પાર. ॥૩॥

## (૧૦) શ્રી દીવાળી પર્વનું ચૈત્યવંદન

જ્ઞાન ઉજ્વલ દીવો કરો, મેરઈયાં સજ્ઝાય;
તપ જપ સેવ સુંહાળીયાં, શ્રદ્ધા અમૃત ઠાય. ॥૧॥
શુદ્ધાહાર સુખભક્ષિકા, સત્ય વયણુ તંબોલ;
શીલ આભૂષણુ પહેરીયે, કરીયે રંગરોળ. ॥૨॥
નિદ્રા અલચ્છી દૂર કરો, મોહ મહાભટ મારો;
કેવલ લચ્છી લાવીયે, નિજ ગેહ સમારો. ॥૩॥
દાનાદિક સ્વસ્તિક કરો, સાધર્મિક સયણું;
ઈમ દીવાળી કીજીયે, સુણીયે શ્રી ગુરૂ વયણું. ॥૪॥
દીવાળી દિન એહ ભલો એ, વીરપ્રભુ નિરવાણુ;
જાણી નિત્ય આરાધતાં, **પદ્મ** કહે કલ્યાણુ. ॥૫॥

## (૧૧) શ્રી દીવાળી પર્વનું ચૈત્યવંદન

ચરમ ચોમાસું વીરજી, પાવાપુરી નયરી;
મુનિવર વૃંદે આવીયા, જિત અંતર વયરી. ॥૧॥
દેશ અઢારના નરપતિ, વંદે પ્રભુ પાય;
સોળ પહોરની દેશના, દીધી જિનરાય. ॥૨॥

પુન્ય પાપ ફલ કેરડાં, પંચાવન ભાખ્યાં;
છત્રીશ અણુપૂછયાં વળી, અજ્ઝયણાં દાખ્યાં. ॥૩॥
પ્રધાન અધ્યયન ભાવતાં, પામ્યા પ્રભુ નિરવાણ;
કાર્તિક અમાસને દહાડલે, પણ અક્ષર માન. ॥૪॥
ગણ રાયે દીવા કર્યા, દ્રવ્ય ઉદ્યોતને કાજ;
દીવાળી તે દિન થકી, પ્રગટી પુન્ય સમાજ. ॥૫॥
ઉત્તમ ગુરૂ ગૌતમ ભણીએ, ઉપનું કેવલનાણ;
**પદ્મવિજય** કહે મોટકો, એહ પરમ કલ્યાણ. ॥૬॥

## (૧૨) શ્રી સીમંધર જિન ચૈત્યવંદન

શ્રી સીમંધર જિનવરા, વિચરે જંબૂદ્વીપે;
પુક્ખલવઈ વિજયે નગર, પુંડરીગિણી દીપે. ॥૧॥
સુત શ્રેયાંસ રાજા તણો, સોવન કંચન કાય;
પૂરવ ચોરાશી લાખનું, આયુ જાસ સોહાય. ॥૨॥
પાંચશેં ધનુષ્ય શરીર છે, વૃષભ લંછન પાય;
રૂકિમણી રાણી નાહલો, સત્યકી જેહની માય. ॥૩॥
દશ લખ કેવલી જેહને, સો કોડી મુનિસ્વામી;
સાધવી સો કોડી કહી, શ્રાવક સંખ્યા ન પામી. ॥૪॥
પ્રતિહારજ આઠ છે, વાણી ગુણ પાંત્રીશ;
પૂરવ વિદેહ જાણીયે, નમતાં લહીયે જગીશ. ॥૫॥
ઈહ ભરતે પ્રભુ કુંથુજી, સિદ્ધિપુર પોહતે;
અરજિન જન્મ હુઓ નહિ, એ અંતર સોહંતે. ॥૬॥
સીમંધર જિન ઉપના, સુરપતિ મહોચ્છવ કીધો;
સુવ્રત-નમિ-જિન અંતરે, દીક્ષા-કલ્યાણક સીધો. ॥૭॥

ઉદય પેઢાલ ભાવિ પ્રભુ, તસ અંતર કહેવાય;
સીમંધરજિન પામશે, અવિનાશી પુર ઠાય. ॥૮॥
આ ભરતે પણ કોઈ જીવ, સુલભબોધિ જેહ;
જાપ જપે તુજ નામના, લાખ સંખ્યાએ તેહ. ॥૯॥
ભવસ્થિતિ નિર્ણય તસુ હુએ, અથવા ધ્યાન પસાયે;
ઉપજી વિદેહ કેવલ લહે, નવમે વરસ ઉચ્છાહે. ॥૧૦॥
શાસનસુરી પંચાંગુલી, સવિ સાનિધ્ય સારે;
સીમંધર જિનસેવના, દુઃખ દોહગ વારે. ॥૧૧॥
પ્રહ ઉઠીને નિત્ય નમું, આણી મન આણંદ;
**લક્ષ્મીસૂરિ** પ્રભુ નામથી, પ્રગટે પરમાનંદ. ॥૧૨॥

## (૧૩) ચોત્રીશ અતિશયોનું ચૈત્યવંદન

અદ્‌ભૂત અતિશય જેહને, હોયે જન્મથી ચાર;
રોગ સ્વેદ મલ રહિત દેહ, હોયે રૂપ ઉદાર. ॥૧॥
સવિ શુભ પરિમલથી અધિક, જાસ સાસ ઉસાસ;
રૂધિર માંસ ઉજ્વલ અનિંઘ, ગોક્ષીર સમ ભાસ. ॥૨॥
ચર્મ ચક્ષુ ગોચર નહિ એ, આહાર ને નીહાર;
જ્ઞાનવિમલ પ્રભુ જિનતણા, જન્મ સંઘાતે ચાર. ॥૩॥
ભગવદલંકૃત ક્ષેત્રમાં, સુર–નર રહે હરસી;
વાણી યોજનગામિની, સવિ ભાષા સરિસી. ॥૪॥
ભામંડલ પૂંઠે રહે, ચઉદિશિ અહે ઉદ્દઢ;
પણવીશ જોજણ લગે નહિ, રૂજા વૈર અનિટ્ઠ. ॥૫॥
ઈતિ મારી દુર્ભિક્ષ નહિ એ, સ્વપરચક્ર અતિવૃષ્ટિ;
અનાવૃષ્ટિ એકાદશી, ઘાતિકર્મ ક્ષયની સૃષ્ટિ. ॥૬॥

ધર્મચક્ર ચામર ધજા, સિંહાસન છત્ર;
ત્રિગડે ચઉમુખ સોહીએ, સુવર્ણ નવ કમલ પવિત્ર. ॥૭॥
ચૈત્યતરૂ સવિ તરૂ નમે, કંટક અધોવદને;
રોમ કેશ વાધે નહિ, અનુકૂલતા પવને. ॥૮॥
પ્રદક્ષિણા પંખી દીયે એ, અતિહિ દુંદુભિ નાદ;
સુરભિ ગંધ જલ વૃષ્ટિ શું, પંચ વર્ણ કુસુમ પાદ. ॥૯॥
ચઉવિહ દેવ નિકાય કોડી, સેવે જસ પાસ;
ષટ્ ઋતુ અનુકૂલ હુએ, સમકાલ નિવાસ. ॥૧૦॥
ઇંદ્રિય અર્થ અનુકૂળતા, દુઃશીલ ન ભાસ;
સુરકૃત એ ઓગણીશ હુએ, ચઉતિશ મીલી ખાસ. ॥૧૧॥
**જ્ઞાનવિમલ** ગુણથી લહે એ, અતિશય ગુણ નહિ પાર;
ધ્યાન ધરૂં તે પ્રભુ તણું, તે મુજ પ્રાણ આધાર. ॥૧૨॥

## (૧૪) શ્રી સિદ્ધચક્રજીનું ચૈત્યવંદન

સુખદાયક શ્રી સિદ્ધચક્ર, અહનિશ આરાહો;
પ્રેમ ધરીને પ્રણમીયે, ધરી અંગ ઉમાહો. ॥૧॥
ત્રિકરણ શુદ્ધે જાવજીવ, શકતે આરાહીયે;
ઉત્તરોત્તર સુખ શાશ્વતાં, જિમ સહેજે વરીયે. ॥૨॥
જિનશાસનમાં એહ છે, જિમ મહામંત્ર નવકાર;
**જ્ઞાનવિમલ**થી જાણીયે, એહનો પરમ આધાર. ॥૩॥

## (૧૫) શાશ્વતાં ચૈત્યોનું ચૈત્યવંદન

પ્રહ ઉઠીને પ્રણમીયે, મનમાં ધરી આણંદ;
ત્રિભુવન માંહી શાશ્વતાં, જિનઘર બિંબ જિણંદ. ॥૧॥

ઉર્ધ્વ લોકે દેહરાં, કહ્યાં ચોરાસી લાખ;
સહસ સત્તાણું જાણીયે, ઉપર ત્રેવીસ લાખ. ॥૨॥
ઉર્ધ્વલોક જિનબિંબ છે, એક સો બાવન ક્રોડ;
ચોરાણું લખ ચુંમાલીસ સહસ, સાતસેં સાઠ વલી જોડ. ॥૩॥
અધો લોકમાં દેહરાં, સાત ક્રોડ બહોંતેર લાખ;
ભુવનપતિમાં જાણીયે, જીવાભિગમ શાખ. ॥૪॥
અધો લોક જિનવર નમું, તેરસેં કોડી વલી જોય;
નેવ્યાસી કોડી સાઠ લાખ, સ્થાપના જિન હોય. ॥૫॥
તીર્છા લોકે દેહરાં, બત્રીસસેં સવિ જોય;
ઓગણસાઠ ઉપર કહ્યાં, સમકિતી માને સોય. ॥૬॥
તીર્છા લોકે હરખે નમું, ત્રણ લખ જિનબિંબ સાર;
એકાણું હજાર વલી, ત્રણસેં વીસ મન ધાર. ॥૭॥
ત્રણ ભુવનમાં દેહરાં, આઠ ક્રોડ છપ્પન લાખ;
સત્તાણું હજાર ને, બત્તીસય બ્યાશી ભાખ. ॥૮॥
ત્રિભુવન માંહે જિન નમું, પંદરસેં બેંતાલીશ ક્રોડ;
અડવન લખ છત્રીસ સહસ, એંસી નમું કર જોડ. ॥૯॥
અસંખ્યાતાં દેહરાં, વ્યંતર માંહી જાણ;
જ્યોતિષી માંહી તિમ વળી, અસંખ્યાત પ્રમાણ. ॥૧૦॥
ઋષભાનન પૂરવ દિશે, દક્ષિણ દિશે વર્ધમાન;
ચંદ્રાનન પશ્ચિમ મહી, વારિષેણ ઉત્તર સ્થાન. ॥૧૧॥
ચાર નામ તે શાશ્વતાં, ધનુષ્ય પાંચશેં દેહ;
સાત હાથની વલી કહી, જિન પડિમા ગુણગેહ. ॥૧૨॥
હવે કહું અશાશ્વતી, પડિમા ગુણભંડાર;
સિદ્ધાચલ ગિરનારે, અષ્ટાપદ ગિરિસાર. ॥૧૩॥

આબૂ તીરથ અતિ ભલું, સમેતશિખર મન ધારો;
વીસ જિનેસર શિવ વર્યા, પામ્યા ભવનો પારો. ॥૧૪॥
પાવાપુરી ચંપાપુરી, રાજગૃહી મનોહાર;
તીરથ નામ સોહામણાં, આનંદ મંગળકાર. ॥૧૫॥
મહીયલમાં તીરથ ઘણાં, વંદો થઈ ઉજમાળ;
ખિમાવિજય જસ શુભ મને, નિત્ય નિત્ય મંગળ માળ. ॥૧૬॥

## (૧૬) શાશ્વતા જિનોનું ચૈત્યવંદન

ઋષભ ચંદ્રાનન વારિષેણ, વર્દ્ધમાન જપીજે;
ત્રિભુવનમાં એ શાશ્વતા, પૂજી શુભ ફલ લીજે. ॥૧॥
અતીત અનાગત વર્ત્તમાન, જે જિનવર ધ્યાવે;
આન્તર શત્રુ દૂરે ટળે, આતમ નિરમળ થાવે. ॥૨॥
શ્રી વિજયપ્રભસૂરિ ભલા, વિજયરત્નસૂરીંદ;
વિનયવિજય ઉવજ્ઝાયનો, રૂપ સદા આનંદ. ॥૩॥

### વંદન ફળ દુહો

ક્ષાયિક સમકિત તીર્થપદ, ચાર નરક ઉચ્છેદ;
એ ફળ મુનિવંદન તણાં, કૃષ્ણ લહે ગુણભેદ. ॥૧॥

## (૧૭) શ્રી શત્રુંજય ગિરિરાજનું ચૈત્યવંદન

શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર, દીઠે દુરગતિ વારે;
ભાવ ધરીને જે ચડે, તેને ભવપાર ઉતારે. ॥૧॥
અનંત સિદ્ધનો એહ ઠામ, સકલ તીર્થનો રાય;
પૂર્વ નવાણું ઋષભદેવ, જિહાં ઠવિયા પ્રભુ પાય. ॥૨॥
સૂરજકુંડ સોહામણો, કવડ જક્ષ અભિરામ;
નાભિરાયા કુલમંડણો, જિનવર કરૂં પ્રણામ. ॥૩॥

[1]શ્રી સિદ્ધાચલ નિત્ય નમું, પ્રહ ઉગમતે સૂર;
ભાવ ધરીને વાંદતાં, દુઃખ જાયે સવિ દૂર. ॥૪॥

## (૧૮) ચોવીશ જિનોના ગણધરોનું ચૈત્યવંદન

પ્રથમ તીર્થંકરને નમું, ગણધર ચોરાસી દેવ;
પંચાણું જિન અજિતના, વંદુ હું નિત્યમેવ. ॥૧॥
શ્રી સંભવ જિનવર તણા, ગણધર એક સો હોય;
અભિનંદન ચોથા પ્રભુ, એક સો સોલ તસ હોય. ॥૨॥
સુમતિનાથ પ્રભુજી તણા, ગણધર એક સો જાણું;
પદ્મપ્રભસ્વામી તણા, એક સો સાત વખાણું. ॥૩॥
શ્રી સુપાસ જિન સાતમા, ગણધર પંચાણું સાર;
તાણું ચંદ્રપ્રભુ તણા, ઉતારે ભવપાર. ॥૪॥
અઠયાસી ગણધર નમું, સુવિધિ–પુષ્પદંત;
એકાશી શીતલ તણા, ગણધર ગુણવંત. ॥૫॥
શ્રી શ્રેયાંસ જિનવર તણા, ગણધર બહોંતેર નમિયે;
વાસુપૂજ્ય સગસઠ નમી, ભવ ભવ પાપ નિગમિયે. ॥૬॥
વિમલ વિમલ જિનવર તણા, ગણધર સત્તાવન જાણો;
પચાસ અનંતસ્વામિના, નિત્ય હૈડે આણો. ॥૭॥
તેંતાલીસ ગણધર નમું, ધરમનાથ સ્વામી;
છત્રીશ શાંતિ જિણંદના, પંચમી ગતિ પામી. ॥૮॥

[ ૧–આ ચૈત્યવંદનની પહેલી ત્રણ ગાથાઓ ઘણે સ્થળે છપાયેલી છે, પરન્તુ એક હસ્તલિખિત પ્રતિમાંથી ચોથી ગાથા મળી આવતાં, તે ગાથા સાથે આ ચૈત્યવંદન અત્રે અપાયું છે. **સં૦** ]

કુંથુ જિનેસર સત્તરમા, ગણધર જસ પાંત્રીસ;
શ્રી અરનાથ અઢારમા, જસ ગણધર છે ત્રીસ. ॥૯॥
અઠ્યાવીસ મલ્લિ તણા, ગણધર અતિ ચંગ;
મુનિસુવ્રત અષ્ટાદશ, પ્રણમો મનરંગ. ॥૧૦॥
નમિનાથ એકવીસમા, સત્તર ગણધર કહિયે;
નેમિ નિરંજન કેરડા, એકાદશ લહિયે. ॥૧૧॥
દશ ગણધર ભાવે નમું, તેવીસમા પ્રભુ પાસ;
એકાદશ જિન વીરના, પૂરે જગ જન આશ. ॥૧૨॥
એ ચોવીસે જિન તણા, ગણધર સંખ્યા જાણ;
ચૌદસેં બાવન નમું, જ્ઞાનવિમલ ગુણખાણ. ॥૧૩॥

## (૧૯) શ્રી સામાન્ય જિન ચૈત્યવંદન

અલખ અગોચર અકલ રૂપ, અવિનાશી અનાદિ;
એક અનેક અનંત અંત, અવિકલ અવિવાદિ. ॥૧॥
સિદ્ધ બુદ્ધ અવિરૂદ્ધ શુદ્ધ, અજર અમર અભય;
અવ્યાબાધ અમૂરતિક, નિરૂપાધિક નિરામય. ॥૨॥
પરમ પુરૂષ પરમેસરૂ, પ્રથમ નાથ પરધાન;
ભવ ભવ ભાવઠ ભંજણો, તારક તું ભગવાન. ॥૩॥
રસના તુજ ગુણ સંસ્તવે, દૃષ્ટિ તુજ દરશન;
નવ અંગે પૂજા સમે, કાયા તુજ ફરસન. ॥૪॥
તુજ ગુણ શ્રવણે દો શ્રવણ, મસ્તક પ્રણિપાતે;
શુદ્ધ નિમિત્તી સવિ હુઆ, શુભ પરિણતિ થાતે. ॥૫॥
વિવિધ નિમિત્ત વિલાસથી, વિલસે પ્રભુ એકાંત;
અવતરિયો અભ્યંતરે, નિશ્ચય ધ્યેય મહંત. ॥૬॥
ભાવદૃષ્ટિમાં ભાવતાં, વ્યાપક સવિ ભાસે;
ઉદાસીનતા અવરશું, લીનો તુજ ગુણ વાસે. ॥૭॥

દીઠા વિણુ જે દેખિયે, સૂતા પણુ જગવે;
અવર વિષયથી છોડવે, ઇન્દ્રિય બુદ્ધિ ત્યજવે. ॥૮॥
પરાધીનતા મીટ ગઈ, ભેદબુદ્ધિ ગઇ દૂરે;
અધ્યાત્મ પ્રભુ પરિણુમ્યો, ચિદાનંદ ભરપૂરે. ॥૯॥
જ્યોતિશું જ્યોતિ મિલ ગઈ, પ્રગટ્યો વચનાતીત;
અંતરંગ સુખ અનુભવ્યો, નિજ આતમ પરતીત. ॥૧૦॥
નિર્વિકલ્પ ઉપયોગ રૂપ, પૂજા પરમારથ્થ;
કારક ગ્રાહક એક એ, પ્રભુ ચેતન સમરથ્થ. ॥૧૧॥
વીતરાગ એમ પૂજતાં એ, લહિયે અવિહડ સુખ;
**માનવિજય** ઉવજ્ઝાયનાં, નાઠાં સઘળાં દુઃખ. ॥૧૨॥

## (૨૦) પંચમીનું ચૈત્યવંદન

યુગલા ધર્મ નિવારી આદિ, આદિમ અરિહંત;
શાંતિકરણુ શ્રી શાંતિનાથ, જગ કરૂણાવંત. ॥૧॥
નેમીસર બાવીસમો, બાલ થકી બ્રહ્મચારી;
પ્રગટ પ્રભાવી પાર્શ્વદેવ, રત્નત્રયી ધારી. ॥૨॥
વર્તમાન શાસનધણી, વર્ધમાન જગદીશ;
પાંચે જિનવર પ્રણુમતાં, જગમાં વાધે જગીશ. ॥૩॥
જન્મકલ્યાણુક પંચ રૂપ, સોહમપતિ આવે;
પંચવરણુ કલશે કરી, સુરગિરિ ન્હવરાવે. ॥૪॥
પંચ શાખ અંગુઠડે, અમૃત સંચારે;
બાલપણે જિનરાજ કાજ, ઈમ ભક્તિ શું ધારે. ॥૫॥
પંચ ધાવી પાળી જતાં, યૌવન વય આવે;
પંચ વિષય વિષવેલી તોડી, સંયમ મન ભાવે. ॥૬॥
છાંડી પંચ પ્રમાદ, પંચ ઇંદ્રિય બલ મોડી;
પંચ મહાવ્રત આદરે, દેઈ ધન કોડી. ॥૭॥

પંચાચાર આરામમાં, પામ્યા પંચમ જ્ઞાન;
પંચ દેહ વર્જિત થયા, પંચ હ્રસ્વાક્ષર માન. ॥૮॥
પંચમી ગતિ ભરથાર નાર, પૂરણ પરમાનંદ;
પંચમી તપ આરાધીયે, **ખીમાવિજય** જિનચંદ. ॥૯॥

## (૨૧) દેવવંદન વિધિદર્શક ચૈત્યવંદન

દેવવંદન વિધિશું કરે, હલુકરમી પ્રાણી;
દશ ત્રિક અહિગમ પંચ તિમ, દુ દિશ તિહુગ્ગહ જાણી. ॥૧॥
ત્રણ પ્રકારે વંદન કરે, પ્રણિપાત નમસ્કાર;
સોલસય સુડતાલીસ અક્ષર, નવ સૂત્રના સાર. ॥૨॥
એક સો એકાશી પદ ભલાં, સંપદા સત્તાણું સાર;
પણ દંડક અધિકાર બાદ, ચઉ વંદણિજ્જ મન ધાર. ॥૩॥
શરણિજ્જ એક ચઉવિ જિણા, ચાર થુઈ નિમિત્ત આઠ;
બાર હેઉ આગાર સોલ, દોષ ઓગણીસ ત્યજો પાઠ. ॥૪॥
કાઉસ્સગ્ગમાં સ્તુતિ કરો, ચૈત્યવંદન સાત વાર;
દસ આસાયણ પરિહરો, ચઉવીસ મૂલ દ્વાર. ॥૫॥
બે હજાર ચિહુંતર સહી એ, ઉત્તર દ્વાર સુખકાર;
વિધિપૂર્વક દેવ વંદતાં, લહીયે ભવનો પાર. ॥૬॥
એ અધિકાર વિસ્તારથી, ચૈત્યવંદન ભાષ્યમાંહી;
એહ અરથ મન ધારીને, વંદો દેવ ઉચ્છાહી. ॥૭॥
સમકિત શુદ્ધ સંસાર નાશ, બોધિબીજ લહે સાર;
આસન્નસિદ્ધિ જીવડા, વિધિ સમજો નિરધાર. ॥૮॥
શ્રાવકકુલ પામી કરી એ, પરમાતમ પ્રભુ સેવ;
ઋદ્ધિ કીર્તિ સવિ શાશ્વતી, લહે **અમૃત** નિત્યમેવ ॥૯॥

# (૧) શ્રી જીવણવિજયજી કૃત ચોવીસી.

## ૧. શ્રી આદિનાથ જિન સ્તવન

( દેશી–ગોડીની. )

મોહ્યો મન મધુકર ગુણ ફૂલ,
સાહેબજી, ઉડાયો ઊડે નહિજી;
પ્રભુ મુરતિ અતિહી અમૂલ,
સા૦ નયણ ઠરે દીઠો સહીજી. ૧

મળવા મનમેં મોરી છે આશ,
સા૦ પણ કર્મ અશુભ દીસે ઘણાંજી;
વિસવાવીસ અછે વિશ્વાસ,
સા૦ તુજથી તાપ જાશે ચેતન તણાજી. ૨

કોઇ પૂર્વ ભવાંતર નેહ,
સા૦ આવી બન્યો રે તુમથી ઘણોજી;
તિણે દાખો રખે પ્રભુ છેહ,
સા૦ હાજર બંદો હું છું જિન તણોજી. ૩

જાણો વલી વેલા જો મુઝ,
સા૦ તો ઢીલ ઘડી કરતા રખેજી;
વાલ્હા વાત કહી જે મેં ગુજ,
સા૦ હેત ધરી હિયડે લખેજી. ૪

તું તો નાજૂક નાભિનો નંદ,
સા૦ આદિકરણ આદીસરૂજી;
એ તો મરૂદેવી સુત સુખકંદ,
સા૦ જીવણવિજયને જયકરૂજી. ૫

## ૨. શ્રી અજિતનાથ જિન સ્તવન

( દેશી વીંછિયાની. )

**અજિત જિનેસર આજથી,**
મુજ રાખજો રૂડી રીતિ રે લાલ;
બાંહ્ય ગ્રહીને બહુ પરે,
પ્રભુ પાળજો પૂરણ પ્રીતિ રે લાલ. અ૦ ૧
કામિત કલ્પતરૂ સમો,
એ તો મુજ મનમોહન વેલી રે લાલ;
અનુકૂળ થઈને આપીએ,
અતિ અનુભવ રસ રંગરેલિ રે લાલ. અ૦ ૧
મનહ મનોરથ પૂરજો,
એ તો ભક્ત તણા ભગવંત રે લાલ;
આતુરની ઉતાવળે,
ખરી મન કરી પૂરીએ ખાંત રે લાલ. અ૦ ૩
મુક્તિ મનોહર માનિની,
વશ તાહરે છે વીતરાગ રે લાલ;
આવે જો તે આંગણે,
માહરે તે મોટે ભાગ્યે રે લાલ. અ૦ ૪
સિદ્ધિવધૂ સહેજે મળે,
તું હો જો તારક દેવ રે લાલ;
કહે જીવણ જિનજી તણી,
સખરી સઘલાથી સેવ રે લાલ. અ૦ ૫

## ૩. શ્રી સંભવનાથ જિન સ્તવન

( મારૂં મન મોહ્યું રે શ્રી સિદ્ધાચલે રે, એ દેશી. )

**સુગુણ સનેહી સાંભલ વિનતિ રે,**
સંભવ સાહિબ બહુ સુખદાય રે;
ઓલગ કીજે અહોનિશ તાહરી રે,
લેખે વાસર લાયક થાય રે. સુ૦ ૧

તારક બિરૂદ એ છે જો તાહરે રે,
તારો કરમીને કિરતાર રે;
સાચ મનાશો સંભવનાથજી રે,
સેવશે આવી સહુ સંસાર રે. સુ૦ ૨

ઉત્તર કરશો મુઝને એહવો રે,
ગુણનો રાગી છું ગુણવંત રે;
જુગતો જોગ હુએ વળી જાણ શું રે,
સુધો આણો ને અતિ ગુણસંત રે. સુ૦ ૩

એહવું જાણી જન એકમના થઇ રે,
પ્રેમશું પ્રણમો પ્રભુના પાય રે;
અંતર દાઝ ઓલાશે આપથી રે,
ખિજમત કરીએ ખરી મેહારાય રે. સુ૦ ૪

આલસ અરતિ અલગી ટાળીને રે,
ધરિયે ધ્યાન કરી દૃઢચિત્ત રે;
જીવણવિજયે જય લચ્છી વરી રે,
મળિયો જો મેલું સાહેબ ચિત્ત રે. સુ૦ ૫

## ૪. શ્રી અભિનંદન જિન સ્તવન

( સાંભલો ચંદ નરેસર રે લો, એ દેશી )

અભિનંદન અરિહંતજી રે લો,
કાંઈ કરૂણા કર ગુણવંતજી રે લો;
સજ્જન સાચા જો મલે રે લો,
તો દૂધમાંહી સાકર ભળે રે લો. ૧

કેવલ કમલા જો તાહરે રે લો,
તેણે કારજ શ્યો સરે માહરે રે લો;
ભાળતાં ભૂખ ન ભાંજીયે રે લો,
કાંઈ પેટ પડ્યાં ધ્રાપીજીએ રે લો. ૨

હેજ કરી હુલરાવિયાં રે લો,
કાંઈ વધિયે નહિ વિણ ધાવિયાં રે લો;
ઉત્તમ હુએ ઉપગારને રે લો,
તે તત્ત્વ વહેંચી દિયે તારીને રે લો. ૨

આતમમાં અજુઆસીએ રે લો,
કાંઈ વાસ તુમારે વાસિયે રે લો;
કારણ જો કાંઈ લેખવો રે લો,
તો નેહ નજર ભર દેખવો રે લો. ૪

સિદ્ધારથા સંવર તણો રે લો,
કાંઈ કુલ અજુઆલ્યો તેં ઘણો રે લો;
શાશ્વતી સંપદા સ્વામીથી રે લો,
જીવણ જસ લહે નામથી રે લો. ૫

## ૫. શ્રી સુમતિનાથ જિન સ્તવન

( જગજીવન જગ વાલ હો, એ દેશી. )

**પૂરણ પુન્યે પામીએ**, સુમતિ જિણંદ સિરદાર લાલ રે;
ચિંતામણી સમ ચાહના, જિનજી જગદાધાર લાલ રે. પૂ૦૧
ભૂખ્યાને કોઈ ભાવશું, ઘેબર દે ઘરે આણી લાલ રે;
તરસ્યાં તોયને તાકતાં, ઉમટે અમૃત ખાણી લાલ રે. પૂ૦૨
શૂર સૂરજને દેખતો, અધિક ધરે ઉછરંગ લાલ રે;
તિમ જિન જગત્રયતારકો, મોટો એ માહરે ચંગ લાલ રે.પૂ૦૩
ઓલગી તુજ અલવેસરૂ, બીજા કુણ ગ્રહે બાંહ્ય લાલ રે;
સંગતિ સુરતરૂ છોડીને, કિમ બેસું બાવલ છાંય લાલ રે.પૂ૦૪
ગુણ દેખીને ગહગહ્યો, પામ્યો હું પરમ ઉલ્લાસ લાલ રે;
જીવવિજય સુપસાયથી, જીવણ જિન તણો દાસ લાલ રે.પૂ૦૫

## ૬. શ્રી પદ્મપ્રભ જિન સ્તવન

( શ્રી સિદ્ધચક્ર આરાધીએ રે લો, એ દેશી. )

**પદ્મ પ્રભુનો પામીએ રે લો**, દોલતવંત દેદાર રે જિનેસર;
મંગલમાલા કારણો રે લો, સુસીમા માત મલ્હાર રે. ૧
ચતુર કરીજે ચાકરી રે લો, ભાવજલે ભરપૂર રે;
પરમ પુરૂષના સંગથી રે લો, શિવસુખ લહીએ સનૂર રે. ૨
વાલેસર ન વિસારિયે રે લો, ગિરૂઆ ગરીબ નિવાજ રે;
દાતારી તું દીપતો રે લો, દે ઇચ્છિત મુજ આજ રે. ૩
ઓઘ તું ઠેલ હવે પાપના રે લો, પાલ્ય સલુણા પ્રીત રે;
તિલતિલ થાઉં તો પરે રે લો, ચતુર નાણો કિમ ચિત્ત રે.૪
મનમંદિર મુજ આવિયે રે લો, એહ કરૂં અરદાસ રે;
કહે જીવણ આવી મિલે રે લો, સહેજે લીલવિલાસ રે. ૫

## ૭. શ્રી સુપાર્શ્વનાથ જિન સ્તવન

( એક દિન પુંડરીક ગણધરૂં રે લાલ, એ દેશી. )

**સપ્તમ દેવ સુપાસજી રે લાલ,**
**સાંભળ સુગુણા વાત રે સનેહી;**
દરિસણ પ્રભુનો દેખીને રે લાલ,
નિરમલ કરૂં નિજ ગાત રે. સ૦
તું મનમોહન માહરે રે લાલ,
જીવન પ્રાણ આધાર રે. સ૦ ૧
સંદેશે ઓલગ સુણી રે લાલ,
કારજ નાવે કોઈ રે; સ૦
વેધાલક ! મન વાતડી રે લાલ,
હજૂર થયે તે હોય રે. સ૦ ૨
ચતુર ! તેં ચિત્તને ચોરીઓ રે લાલ,
મન તન રહ્યો લયલીન રે; સ૦
વેધાણો તુજ વેધડે રે લાલ,
જિમ મૃગ વેધે વીણ રે. સ૦ ૩
વાલેસર ! ન વિલંબીએ રે લાલ,
સેવક દીજે સુખ રે; સ૦
ન ખમિયે હવે નાથજી રે લાલ,
ભાણા ખડખડ ભૂખ રે. સ૦ ૪
કાલ કંટક દૂરે કરો રે લાલ,
આણે જેહ અંતરાય રે; સ૦
નાણે તે નવિ પામીએ રે લાલ,
વેલા જેહ વહી જાય રે. સ૦ ૫

સહજ સ્વરૂપી સાહિબા રે લાલ,
શિવપુરના શિરદાર રે; સ૦
આપ લીલા આવી મલો રે લાલ,
મુજને એ મનોહાર રે સ૦ ૬
પૃથ્વીસુત પુહવીતલે રે લાલ,
ઉગ્યો અભિનવ ભાણુ રે; સ૦
કહે જીવણુ જીવનો રે લાલ,
કરજો કોડિ કલ્યાણુ રે. સ૦ ૭

## ૮. શ્રી ચંદ્રપ્રભ જિન સ્તવન

( પુક્ખલવઈ વિજયે જયો રે, એ દેશી. )

ચંદ્રપ્રભુજીની ચાકરી રે, દ્રાખ સાકર પેં મીઠ, જિનેસર;
સફલ કર્યો સંસારમાં રે, જન્મ જેણે જિન દીઠ, જિનેસર. ૧
વહાલો તું વીતરાગ, મુઝ મલિયો મોટે ભાગ, જિનેસર;
વળી પહોંતે પુન્ય અથાગ, કરૂં સેવા હું ચરણે લાગ. જિ.વ.૨
મેવાસી ભડ મારીઆ રે, મયણ મહા દુરદંત, જિ.;
વિષયા તરુણી વેગળી રે, મૂકી થયા મહંત રે. જિ.વ. ૩
કરડા કર્માષ્ટક ચોરટા રે, જિનપતિ જિત્યા જેહ, જિ.;
તૃષ્ણા દાસી જે તજી રે, મુઝ મન અચરિજ એહ.જિ.વ.૪
દોષ દોય દોટાવિયા રે, ધુરથી રાગ ને દ્વેષ, જિ.;
જગવ્યાપી યોધ લોભને રે, રાખ્યો નહિ કાંઈ રેખ.જિ.વ.૫
અરિયણ જિતી આકરા રે, વરિયો કેવલનાણુ, જિ.;
લક્ષ્મણા માતનો લાડલો રે, કરતો સફલ વિહાણુ.જિ.વ. ૬
પામી તેં તે હું પામશું રે, લીલા લહેર ભંડાર, જિ.;
કહે જીવણુ જિનજી કરો રે, નિશદિન હર્ષ અપાર. જિ.વ.૭

## ૯. શ્રી સુવિધિનાથ જિન સ્તવન

(રાજગૃહી નગરીનો વાસો, શ્રેણિકનો સુત સુવિલાસી હો, મુનિવર વૈરાગી-એ દેશી. )

સુવિધિ સુવિધિના રાગી, એક અરજ કરૂં પાય લાગી હો;
દીદાર દીઠે વડભાગી, ભલી ભાગ્યદશા મુજ જાગી હો. ૧
સુણ શિવરમણીના કંત, મનમોહન તું ગુણવંત હો;
સુખ વંછિત દીજે સંત, પ્રભુ પામ્યા જેહ અનંત હો. ૨
લાયકથી લાયક લાજ, લહિયે મહીયલ મહારાજ હો;
ગુણગ્રાહી ગરીબ નિવાજ, પય પ્રણમી કહું પ્રભુ આજ હો. ૩
રાગી રસ અનુભવ દીજે, સુપસાય એ તો અમ કીજે હો;
સાચાને સાચ દાખીજે, જિનજી તો જસ પામીજે હો. ૪
મત ચૂકો માનવ ! ખેવ, તારક છે એહીજ દેવ હો;
જગ જુગતિ છે નિતમેવ, કહે જીવણ પ્રભુ પય સેવ હો. ૫

## ૧૦. શ્રી શીતલનાથ જિન સ્તવન

(આંખડિયે મેં આજ શેત્રુંજો દીઠો રે, એ દેશી.)

શીતલ શીતલ છાયા રે, સુરતરૂ સારી રે;
લાગી છે મન શુદ્ધ માયા રે, પ્રાણથી પ્યારી રે.
પૂરણ પુન્યે હું પાસ તુમારે, વ્હાલા મારા,
આવ્યો છું આશ કરીને;
રંગ વિલાસ કરો મન રૂડે, હિયડે હેત ધરી ને રે;
સાહેબ સાચોરે, પામીને પરતક્ષ સાંઇ રે, ઓર મત જાચો રે.૧
આશાને આધારે એતા, વ્હા૦, મેં તો દુષ્કૃત દિન બહુ કાઢયા;
જાણ થકાં તે કાં નવિ જાણો, રાગી છો ધર્મ ધનાઢયા રે. સા૦૨

ભક્ત મનોગત ભાવ જાણો છો, વ્હા૦, તો મુખ કાં નવિ બોલો;
વહુતી વેલા જાણી વેગે, અંતર પડદો ખોલો રે. સા૦ ૩
ગાંઠ તણો કાંઈ ગરથ ન બેસે, વ્હા૦, અનુકૂલ અમશું દેતાં;
દૂષણ લાગે તો પણ દાખો, નેહ નજર ભરી જોતા રે. સા૦ ૪
પંચમ ગતિદાયક પ્રભુ પામી, વ્હા૦, અવર ન બીજો જાચું;
નવ નિધિ જીવણ નિત્ય ઘર આવે, નામ શીતલનાથ સાચું રે.૫

## ૧૧. શ્રી શ્રેયાંસનાથ જિન સ્તવન

(ગઢડામેં ઝૂલે સહીયાં હાથણી, એ દેશી.)

મનડો મેં મોહ્યો શ્રી શ્રેયાંસજી, તનડે તુઝ દેખણરી મન દોડ;
મારી ઓલગડી અવધારો રૂડા રાજિયા,
વળી વળી કહિયે બે કર જોડ; મા૦
રૂપડલો નિહાલી રૂડા રાજવી,
લખપતિ લાયક રહે કર જોડ. મા૦ ૧

આંખડલી છે પ્રભુની અંબુજ પાંખડી,
જીભલડી તે જાણે અમીરસ કંદ; મા૦
નાસિકા પ્રભુની દીપશિખા જિસી,
શોભિત સોલ કલા મુખચંદ. મા૦ ૨

ગહન જ્ઞાન ગુણે તું પૂરિયો,
મહીયલે પ્રભુ મુદ્રા લાગે મીઠ; મા૦
લેખે ભવ આણ્યો તેણે આપણો,
જન્માન્તર જેણે જિનજી દીઠ. મા૦ ૩

લીલી ને લાખેણી જેણે લીન છો,
તેહની કાંઇ ચાહ ઘણી છે ચિત્ત; મા૦

મન તણો જાણ્યો હોંશે માહરો,
હિત કરીને દેસ્યો દિલ જો મિત્ત. મા૦ ૪
એક તારી જો કરિયે જિનની ચાકરી,
પામીજે તો સફલ સદા સુવિહાણ; મા૦
પંડિત જીવવિજય પદ દાસના
કર ધરી કરિયે કોડિ કલ્યાણ. મા૦ ૫

## ૧૨. શ્રી વાસુપૂજ્ય જિન સ્તવન

( સંભવજિન અવધારિયે-એ દેશી. )

જય જયાનંદન દેવની, સખરી સઘલાથી સેવ, **સાહેબજી**;
એક મના આરાધતાં, વર વાંછિત લહે નિતમેવ, સા૦ ૧
વહાલી હો મૂરતિ મન વસી, મનમોહન વસુપૂજ્યનંદ, સા૦
સાસ સમાણો તે સાંભરે, વાસુપૂજ્ય વાલો જિનચંદ, સા૦ ૨
વાસ વસ્યા જઈ વેગલે, એ તો અહીં થકી સાત રાજ, સા૦
ધ્યાતા જન મન ઢુકડો, કરવા નિજ ભક્ત સુકાજ, સા૦ ૩
અનોપમ આશ તુમારડી, અનુભવ રસ ચાખણ આજ, સા૦
મહેર કરી મુજ દીજીયે, નેક નજર ગરીબ નિવાજ, સા૦ ૪
વિનતડી વીતરાગની, કરતાં કાંઈ કોડિ કલ્યાણ;
જીવણ કહે કવિ જીવનો, તુજ તૂઠયે નિરમલ નાણ, સા૦ ૫

## ૧૩. શ્રી વિમલનાથ જિન સ્તવન

( મુનિસુવ્રત કીજે મયા રે, એ દેશી. )

વિમલ કમલ પરે વિમલ વિરાજે, ગાજે ગુણનિધિ જાસ;
કીરતિ અતિ કાને સુણી પ્રભુ, પામ્યો હું પરમ ઉલ્લાસ.

**સલૂણા, સાહેબ શ્યામાનંદ,** તુજ સોહત આનનચંદ સ૦
પયસેવિત સુરનરવૃંદ. સ૦ ૧

સુરપતિ સુરમણિ શશી ગિરિના, ગુણ લઈ ઘડિયો અંગ;
મૂરતિ મોહન વેલડી, વારૂ વિમલ જિણંદ સુચંગ. સ૦ ૨
જ્ઞાતા દાતા ને વલી ત્રાતા, ભ્રાતાતું જગ મિત્ત;
શાતા દીજે સામટી, અજરામર પદ સુવિદિત. સ૦ ૩
અલીક ન આખું સહી સત્ય ભાંખું, દાખું છું ધરી નેહ;
આપ લીલા ઘન ઉમટી, વરસો મુજ મન વન મેહ. સ૦૪
વિનતડી મુજ સુણીને વેગે, નેહી હોજો નાથ;
કહે જીવણ જિનજી મિલ્યાં, હવે હર્ષિત હુઓ સનાથ.સ૦૫

## ૧૪. શ્રી અનંતનાથ જિન સ્તવન.

( નિરખ્યો નેમિ જિણંદને, અરિહંતાજી. એ દેશી. )

આજ અમારે આંગણે, **સોભાગી રે,**
સુરતરૂ ફલીયો સાર, **સાહિબ ગુણ રાગી રે;**
અનંત અનંતા જ્ઞાનનો **સો૦** દીઠો દેવ ભંડાર. **સા.** ૧

ઓલંઘે ઉંબર ઘણા **સો૦** તેહને કેતા ઈશ; **સા.**
એકમનો હું તો થકી, **સો૦** ચાહું છું બગસીસ. **સા.** ૨
આપ સરૂપી હોઇને, **સો૦** બેઠા થઈ બલવાન; **સા.**
મરણ જરાને જનમના, **સો૦** ભય ભાગ્યા ભગવાન. **સા.**
સાચી વિધિ સેવા તણી, **સો૦** અવધારી અરિહંત; **સા.**
મનહ મનોરથ પૂરજો, **સો૦** ભક્ત તણા ભગવંત. **સા.** ૪
કર્મરહિત કિરતારની **સો૦** એવા શિવ દાતાર; **સા.**
જીવણ જીવવિજય તણો, **સો૦** આપ્યો પુન્ય અંબાર. સા. ૫

## (૧૫) શ્રી ધર્મનાથ જિન સ્તવન

(થેં તો મહેલાંરા પોઢણહાર, ડુંગર ડેરા કયું મારા રાજ)

**સાહિબા મારા** વિણ સેવાએ દાસ,
કહો કુણ તારિયાજી, મારા રાજ; **કહો૦**
**સા૦** સેવા દાન જે દીધ તે, અર્થ શ્યા સારિયાજી. **મા૦ અ૦ ૧**
**સા૦** નાવા તારે જે નાથ કે, નિશ્ચય તારકુજી; **મા૦ નિ૦**
**સા૦** આપ તરે અરિહંત કે, અવરાં કર્મ વારકુજી. **મા૦ અ૦ ૨**
**સા૦** ઓળગતા દિનરાત કે, કદીક નિવાજીએજી; **મા૦ ક૦**
**સા૦** બિરુદ જે ગરીબનિવાજ કે, સાચ દિવાજીએજી. **મા૦સા૦ ૩**
**સા૦** ઉપકારી નર પાત્ર, કુપાત્ર, ન લેખશેજી; **મા૦ કુ૦**
**સા૦** જવું સમવિષમા-ધાર, જલદ કેમ દેખશેજી. **મા૦ જ૦૪**
**સા૦** જપ કર્યે કર્મ એ ઈશ, પછ્યો જસ લેયશેજી; **મા૦પ૦**
**સા૦** ધરશે ધર્મનું ધ્યાન તે, **જીવણ** જસ દેયશેજી. **મા૦જી૦૫**

## (૧૬) શ્રી શાંતિનાથ જિન સ્તવન

( કેવલી અચલ કહે વાણી )

જય જગનાયક, જિનચંદા ! તુજ દરિસણ નયનાનંદા રી;
**સુણો સાહિબ શાંતિ જિણંદા !**
જિન સોળમો પંચમ ચક્રી, પય પ્રણમે ચોસઠ શક્ર રી. **સુ૦ ૧**
આપ ઓળગુઆ મન આણો,
મળિયો મનમાન્યો એ ટાણો રી; **સુ૦**
અવસર લહી ચતુર ન ચૂકે, નિજ દાસ નિરાશ ન મૂકે રી. **સુ૦૨**
ટળે તન-મન તાપ તો મેરા, ચાહી ચરણ ગ્રહું હું તોરા રી; **સુ૦**
તુજ સંગમથી સુખ પાયો, જાણે ગંગાજલમાં ન્હાયો રી. **સુ૦ ૩**

અળગા અરિવંછિત હોશી, સાહિબ જો સનમુખ જોશી રી; **સુ૦**
પ્રભુ મિલવા જે મન કરશે, થઇ એકમનો ધ્યાન ધરશે રી. **સુ૦ ૪**
નેક નજરે નાથ ! નિહાળી, મુજ ટાળો મોહજંજાળી રી; **સુ૦**
કહે **જીવણ** જિન ચિત્ત ધારી,
ભજિયે ભવિ મુક્તિ તૈયારી. **સુ૦ ૫**

## (૧૭) શ્રી કુંથુનાથ જિન સ્તવન

( હાંરે, મારે ઠામ ધરમના )

હાંરે, જગજીવ અનાથનો કહિયે કુંથુ નાથ જો,
નેહડલો નિત્ય નવલો તિણશું કીજિયે રે લો;
હાંરે, ઓવારણ કાજે તન મન ધન અતિ સાર જો,
નરભવ પામી ઉત્તમ લાહો લીજિયે રે લો. ૧
હાંરે, પ્રભુ થયા થશે તે છે તસ એક જ રીત જો,
ગાઢા છે નીરાગી પણ ગુણરાગિયા રે લો;
હાંરે, પ્રભુ જોઇ ભવિ પ્રાણી જાણીને મનભાવ જો,
તેહને રે નિજ વાસ દિયે વડભાગિયા રે લો. ૨
હાંરે, મધ્યવર્તી થઇને હિયડું જે લિયે હાથ જો,
ઉત્તમ છે જે અનુભવરસ તે ચાખિયે રે લો;
હાંરે, તે રસ પીધાથી જે લહે જીવ સુવાસ જો,
અવિયોગી સુખ ઓપમ કેહી દાખિયે રે લો. ૩
હાંરે, દુ:ખ આકર તરવા તૃષ્ણા રાખે જેહ જો,
નેહડલો નિત્ય માંડે જિન નિકલંકથી રે લો;
હાંરે, અતિ આતુર થઇ જે સેવે સુર સકલંક જો,
જન હાસો મન ધોખો થાયે રંકથી રે લો. ૪

હાંરે, ચતુર નર તેહને કહિયે કલિયુગમાંહી જો,
સાચા રે શિવગામી સાહિબ ઓળખે રે લો;
હાંરે, કવિ જીવવિજયનો **જીવણ** કહે કર જોડી જો,
તરશે તે જિનરાજ હૃદયમેં જે રખે રે લો. **૫**

## (૧૮) શ્રી અરનાથ જિન સ્તવન

(બંધ સમય ચિત્ત ચેતિયે)

**રહો મન મંદિર માહરે,** દાસ કરે અરદાસ **વાલમજી !**
વશ નાવો કિણ વાંકથી, નાણોજી નેહ નિવાસ. **વા૦ રહો૦ ૧**
દૂષણ દાખીને દીજિયે, શિક્ષા સારું બોલ; **વા૦**
તહત્તિ કરું હું તારકા, તો લહું વંછિત મોલ. **વા૦ રહો૦ ૨**
નિસનેહી ગુણ તાહરો, જાણું છું જગદીશ ! **વા૦**
છોડીશ કિમ પ્રભુ છાંયડી, વિણ દિયા વિસવાવીસ. **વા૦ રહો૦ ૩**
કલ્પતરુ જો કર ચડ્યો, બાઉલ દે કોણ બાથ ? **વા૦**
પામર નર કેમ પૂજિયે, ઓળખી શ્રી જગન્નાથ. **વા૦ રહો૦ ૪**
અવલ ઉપમ અરનાથની, અવરાં જણ કુણ જાત; **વા૦**
**જીવણ** જિન ગુણ ગાવતાં, હોશ્યે ગુણનિધિ ગાત. **વા૦ રહો૦ ૫**

## (૧૯) શ્રી મલ્લીનાથ જિન સ્તવન

(સુણ જિનવર શેત્રુંજા ધણીજી)

મલ્લી જિનેસર ! મો થકીજી, કરશો અંતર કેમ;
પુરૂષ પિત્તળિયા પરિહરીજી, હૈડે ધર્યો તું હેમ,
**વાલમજી ! વિનવું છું જિનરાજ ! ૧**
લાયક પાયક અંતરોજી, રાખે નહિ પ્રભુ રેખ;
ગુણ ઇત્યાદિક બહુ **અલ્યાજી**, તિણમેં મીન નમેખ. **વા૦ ૨**

કરી કરુણા મો ઉપરેજી, દો દિલ દેવ દયાલ !
ખાસા ખિજમતગારનોજી, મુજરો લીજે મયાલ ! **વા૦ ૩**
જલ અંજલિ દરિયો દીપેજી, ઓછો કેતો તે હોય;
અવધારી નય એહમાંજી, સેવક સનમુખ જોય. **વા૦ ૪**
નીલ વરણ તનુ નાથનુંજી, મોહ્યા સુર નર વૃંદ;
**જીવણ** જિન હિતથી હવેજી, ચડત કલા જિમ ચંદ. **વા૦ ૫**

## (૨૦) શ્રી મુનિસુવ્રત જિન સ્તવન

( જિનજી ત્રેવીસમો જિન પાસ, આસ મુજ પૂરવે રે લો )

જિનજી મુનિસુવ્રતશું માંડી, મેં તો પ્રીતડી રે લો,
**મારા સુગુણ સનેહા લો;**
જિનજી તું સુરતરુની છાંય, ન છાંડું હું ઘડી રે લો. **મા૦ ૧**
જિ૦ શ્રી પદ્માસુત નંદન, શ્રી સુમિત્રનો રેલો; **મા૦**
જિ૦ દીપે વર તનુ શ્યામ, કલા શું વિચિત્રનો રે લો. **મા ૨**
જિ૦ આરતડી મુજ અલગી ગઈ, તુજ નામથી રે લો; **મા૦**
જિ૦ વિનતડી સફળી કરી લીજે, મનધામથી રે લો. **મા૦ ૩**
જિ૦ ક્ષણ ક્ષણમેં તુજ આશા, પાસ ન છોડશું રે લો; **મા૦**
જિ૦ વારુ પરિ પરિ વધતો નેહ, સુરંગો જોડશું રે લો. **મા૦ ૪**
જિ૦ વિસાર્યો કિમ વ્હાલા !, તું મુજ વિસરે રે લો; **મા૦**
જિ૦ તાહરે સેવક કેઇ, પણ મુજ તું શિરે રે લો. **મા૦ ૫**
જિ૦ સિદ્ધિવધૂની ચાહ, કરી મેં તો પરે રે લો; **મા૦**
જિ૦ દીજે તેહિ જ દેવ, કૃપા કરી મો પરે રે લો. **મા૦ ૬**
જિ૦ તારે એ કિરતાર, પ્રભુને જે સ્તવે રે લો; **મા૦**
જિ૦ જીવવિજય પય સેવક, **જીવણ** વિનવે રે લો. **મા૦ ૭**

## (૨૧) શ્રી નમિનાથ જિન સ્તવન

( નાણ નમો પદ સાતમે )

**ન મ જિનના નિત્ય નામથી,**
સદા ઘર સફળ વિહાણ, **મેરે લાલ;**
અણજાણી આવી મિલે, મનવાંછિત લીલ મંડાણ. **મે૦ ન૦ ૧**
તૃષ્ણા તુજ મળવા તણી, દિનમાં હોય દશ વાર; **મે૦**
મન દેઈ મળો જો પ્રભુ !, તો સફળ ગણું સંસાર. **મે૦ ન૦ ૨**
અંતરગત આલોચતાં, સુર તુજ સમ અવર ન હોય; **મે૦**
જેહના જે મનમાં વસ્યો, તેહને પ્રભુ તેહિ જ હોય. **મે૦ ન૦ ૩**
પોયણી પાણીમાં વસે, નભોપરિ ચંદ્ર નિવાસ; **મે૦**
એકમના રહે અહોનિશે, જાણો મુજ તિમ જિન પાસ. **મે૦ ન૦ ૪**
**હે**મવરણ હરખે ઘણે, ભવિયણ મન મોહનગાર; **મે૦**
કહે **જીવણ** કવિ જીવનો, દુષ્કૃત દુઃખ દૂર નિવાર. **મે૦ ન૦ ૫**

## (૨૨) શ્રી નેમિનાથ જિન સ્તવન

( પ્રથમ જિનેસર પૂજવા, સૈયર મોરી )

સુખકર સાહિબ શામળો,
**જિનજી મારો, નાહ સુરંગો, નેમ હો;**
**કામિત કલ્પતરુ સમો, જિ૦** રાજિમતી કહે એમ હો,
કામણગારા કંતજી ! મનમોહન ગુણવંતજી ! **જિ૦**
એક રસો રથ વાળ હો. ૧
**ત્રે**વડ મુજ તજવા તણી, **જિ૦**
હુંતી જો શિવ હુંશ હો;
અબલા બાલ ઉવેખવા, **જિ૦**
શી કરી એવડી ધૂંસ હો. **કા૦ ૨**

ઊંડા કાં ન આલોચિયા, જિ૦
સગપણ કરતાં સ્વામી! હો;
પાણી પી ઘર પૂછવું, જિ૦
કાંઇ ન આવે તે કામ હો. **કા૦ ૩**
ઓલંભે આવે નહીં, જિ૦
રાજુલ ઘર ભરતાર હો;
વાલિમ વંદન મન કરી, જિ૦
જઇ ચડી ગઢ ગિરનાર હો. **કા૦ ૪**
શિવપુર ગઇ સંજમ ધરી, જિ૦
અનુપમ સુખરસ પીધ હો;
**જીવણ** જિન સ્તવના થકી, જિ૦
સમકિત ઉજ્જવલ કીધ હો. **કા૦ ૫**

## (૨૩) શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન

(મોહ મહીપતિ મહેલ મેં બેઠે)

**મનમોહન** મેરે પ્રાણથી પ્યારે, પાસજી પરમ નિધાન **લલના;**
**પૂરવ** પુણ્યે દરિશન પાયો, આયો અબ જસ વાન,
**બલિહારી જાઉં જિણંદની હો. ૧**
વામાનંદન પાપનિકંદન, અશ્વસેન કુલચંદ, લલના;
જાકી મૂરતિ સૂરતિ દેખી, મોહ્યા સુરનરવૃંદ. **બલિ૦ ૨**
તીન ભુવન કે આપ હૈ ઠાકુર, ચાકર હૈ સબ લોક, લલના;
નીલવરણ તનુ આપ બિરાજે, છાજે ગતભય શોક. **બલિ૦ ૩**
કમઠાસુરકો મદ પ્રભુ ગાળ્યો, ટાળ્યો કોપ કો કોટ, લલના;
અતિ અધિકાઇ આપકી દીસે,
નિજ કર્મ શિરે દીની મોટ. **બલિ૦ ૪**

ઘનઘાતી પણ દૂર નિવારી, લહી કેવલ થયા સિદ્ધ, લલના;
**જીવણ** કહે જિન પાસ પસાયે,
અનુભવ રસઘટ પીધ. **બલિ૦ ૫**

## (૨૪) શ્રી મહાવીર જિન સ્તવન

( પરમાતમ પૂરણ કલા )

વધતી વેલી મહાવીરથી,
માહરે હવે હો થઇ મંગલમાલ જે;
દિન દિન દોલત દીપતી,
અળગી ટળી હો બહુ આળ જંજાળ કે.
**વીર જિણંદ જગ વાલ હો. ૧**

તારક ત્રિશલાનંદનો, મુજ મળિયો હો મોટે સૌભાગ્ય કે;
કોડી ગમે વિધિ કેળવી,
તુજ સેવીશ હો લાયક પાય લાગ્ય કે. **વીર૦ ૨**

તાહરે જે તેહ માહરે, હેજે કરી હો વર વાંછિત એહકે;
દીજે દેવ ! દયા કરી,
તુજ સંપત્તિ હો મુજ વલ્લભ તેહકે. **વીર૦ ૩**

સૂતાં સાહેબ સાંભરે, બેઠાં પણ હો દિન મેં બહુ વાર કે;
સેવકને ન વિસારજો,
વિનતડી હો પ્રભુ એ અવધાર કે. **વીર૦ ૪**

સિદ્ધારથ-સુત વિનવ્યો, કર જોડી હો મદ મચ્છર છોડકે;
કહે **જીવણ** કવિ જીવનો,
તુજ તૂઠે હો સુખ સંપત્તિ કોડ કે. **વીર૦ ૫**

## (૨૫) કળશ

(રાગ ધનાશ્રી : ગાયો ગાયો રે)

ગાયા ગાયા રે, **મેં તો, જિનગુણ રંગે ગાયા;**
અવિનાશી પ્રભુ ઓળગ કરતાં,
　　　　આનંદ અંગ ઉપાયા રે. **મેં૦** ૧
ધ્યાન ધરીને જિન ચોવીસે, જેહ નરે નિત્ય ધ્યાયા;
પરગર પંચમગતિના ઠાકુર, તે થયા તેજ સવાયા રે. **મેં૦** ૨
આ ભવ પરભવ વળીય ભવોભવ, અનંત અનંત જિનરાયા;
અનંત લીલામેં જે જઇ વસિયા,
　　　　તે માહરે મન ભાયા રે. **મેં૦** ૩
મુનિ[૭] શશિ[૧] શંકર લોચન,[૩] પર્વત[૮] વર્ષ સોહાયા;
ભાદો માસની વદિ આદ્યા ગુરૂ, પૂર્ણ મંગલ વરતાયા રે. **મેં૦**૪
રાણકપુર મેં રહીય ચોમાસું, જગ જસ પડહ વજાયા;
દિન દિન ચડત કલા થઇ જાણો,
　　　　હૃદયકમલ જિન ધ્યાયા રે. **મેં૦** ૫
ભવ–દુઃખ–વારક સકલ ભટ્ટારક, **શ્રીહીરવિજય સૂરિરાયા;**
તસ શિષ્ય **શુભવિજય** પયસેવક,
　　　　**જયવિજય** જસ લાયા રે. **મેં૦** ૬
શિષ્ય સુખંકર **નિત્ય વિજય** બુધ, **જીવવિજય** સુપસાયા;
**જીવણવિજયે** જિન ચોવીસે,
　　　　ગાતાં નવનિધિ પાયા રે. **મેં૦** ૭

# શ્રી દાનવિજયજી કૃત સ્તવન ચોવીસી

## ૧. શ્રી આદિનાથ જિન સ્તવન

(એક દિન પુંડરીક ગણધરું રે લાલ)

મંગલવેલી વધારવા રે લાલ,
જે જિનવર જલધાર, બલિહારી રે;
મુજને તે ભાગ્યે મળ્યો રે લાલ,
આદીશ્વર આધાર, બલિહારી રે;
એ ત્રિભુવન જન તારણો રે લાલ,
જગબંધવ જિનરાય, બલિ૦ એ૦ ૧

ભાણુ આજ ઊગ્યો ભલે રે લાલ,
સફળ થયું સુવિહાણ; બલિહારી રે;
આજ દિવસ વળ્યો આપણો રે લાલ,
ભેટચો ત્રિભુવન ભાણ. બલિ૦ એ૦ ૨

આજ સહી મુજ આંગણે રે લાલ,
સફલ ફળ્યો સહકાર, બલિહારી રે;
મુંહ માગ્યા પાસા ઢળ્યા રે લાલ,
જગ વરત્યો જયકાર. બલિ૦ એ૦ ૩

વૂઠો ઘરે વારુ પરે રે લાલ,
મોતિયડાનો મેહ બલિહારી રે;
ચિંતામણિ હાથે ચડયું રે લાલ,
ગંગા આવી ગેહ. બલિ૦ એ૦ ૪

આજ ઉદધિ જિમ ઊલટચો રે લાલ,
હૈડે હર્ષ પ્રવાહ બલિહારી રે;
**દાનવિજય** પ્રભુ દેખતાં રે લાલ,
દૂર ગયો દુઃખદાહ **બલિ૦ એ૦** ૫

## ૨. શ્રી અજિતનાથ જિન સ્તવન

(ચોપાઈ; ભીમપલાસ)

**અજિતનાથ** જગનાયક! આજ,
મહીયલ છો મોટા મહારાજ;
કહિયે છિયે ઇમ જાણી કાજ,
લાલચવાળાને શી લાજ? ૧

ખરો ખજાનો તાહરે ખીસે,
દેતાં પણ તોટો નવિ દીસે;
આવી તિણ કારણ ઓસીસે,
મુંહ ફાડી સાહિબ માગીશે. ૨

આજ લાગે રાખી ઇકતારી,
ગિરુઆ છો પણ નવિ ગણકારી;
વાત હવે ચિત્ત એમ વિચારી,
બોલ્યા વિણ કુણ ખોલે બારી? ૩

સેવક જો મન જાણો સારો,
આપી નિજ ગુણ પાર ઉતારો;
તુજ સમ જો કો બીજો તારો,
લહિયે તો ગ્રહિયે તસ લારો. ૪

પાલવ વળગા જેહ પરાણે,
તે કેમ છોડે છેડો તાણ્યે ?
**દાનવિજય** પ્રભુ જો દિલ આણે,
પહોંચે તો સવિ વાત પ્રમાણે. ૫

## ૩. શ્રી સંભવનાથ જિન સ્તવન

( માહરો મુજરો લ્યોને રાજ )

સંભવ ! ભવ દુઃખવારણ તારણ, સુખકારણ તું સાચો;
તો શું નેહ કિયો મેં તેહવો, જેહવો હીરો જાચો.
પ્રભુજી નેહ બન્યો તુમ સાથ, નિરવહવો તુમ હાથે. ૧
પરવાદી વચને પણ તુમશું, નેહ ન ટલે તિલ માત;
ભાંજ્યો પણ હીરો કિમ ભાંજે, સહી સબલ ઘણઘાત. પ્ર૦ ૨
સાચા સાજન સોના સરીખા, પાયા વખત પ્રમાણ;
લોકવચન મન આણી છોડે, સૂધો તેહ અજાણ. પ્ર૦ ૩
અંતર મન મળિયો જિન સાથે, ગુણ દેખીને ગાઢો;
આતમહિતકર તે કિમ તજિયે, કહો ઉન્હો કોઈ ટાઢો. પ્ર૦ ૪
નિવિડ નેહ જે જિનવર સાથે, તે સમકિત કહેવાય;
**દાનવિજય** પ્રભુ ચરણ પસાયે, નિત નિત મંગળ થાય. પ્ર૦ ૫

## ૪. શ્રી અભિનંદન જિન સ્તવન

( અક્ષયપદ વરવા ભણી સુણો સંતાજી )

અભિનંદન જિનરાયની ભવિ પ્રાણી રે,
વાણી વિવિધ વિલાસ, સુણો ગુણકારી રે.
સાકરથી પણ સો ગુણી ભ૦, જેહમાંહી મીઠાશ. સુ૦ ૧

ઇન્દ્રાદિક પણ સાંભળી ભ૦, હોવે તલ્લયલીન; સુ૦
અમૃતને પણ અવગણે ભ૦, જાણી એહથી હીણ. સુ૦ ૨
પોતે રાગવતી છતાં ભ૦, રાગ નિવારણહાર; સુ૦
કોપ દાવાનલ ટાળવા ભ૦, નવ જલધરની ધાર. સુ૦ ૩
ભવિજનનાં મન રંજતી ભ૦, ભંજતી વિષયવિકાર; સુ૦
ગંગ પ્રવાહ જ્યું ગાજતી ભ૦, છાજતી અતિહી શ્રીકાર. સુ૦ ૪
તે વાણી મુજ મન વસી ભ૦, સકલ કુશલ તરુ મૂલ; સુ૦
**દાનવિજયને** એ પ્રભુ ભ૦, અહનિશ છે અનુકૂલ. સુ૦ ૫

## ૫. શ્રી સુમતિનાથ જિન સ્તવન

(સ્વામી ! તુમે કાંઈ કામણ કીધું)

સુમતિ જિનેસર જગ પરમેસર,
હું ખિજમતકારક તુજ કિંકર;
સાહિબા ! મુજ દરશન દીજે,
જીવના ! મન મહેર કરીજે. સા૦
રાત દિવસ લીના તુમ ધ્યાને,
દિન અતિવાહું પ્રભુ ગુણગાને. સા૦ ૧
જગત હિતંકર અંતરજામી,
પ્રાણ થકી અધિકો મુજ સ્વામી;
પ્રાણ ભમ્યા બહુ ભવભવ માંહી,
પ્રભુસેવા ઇણ ભવ વિણ નાહીં. સા૦ ૨
ઇણ ભવમાં પણ આજ તું દીઠો,
તિણ કારણ તું પ્રાણથી મીઠો;

પ્રાણ થકી જે અધિકો પ્યારો,
તે ઉપર સહુ તન ધન વારો. સા૦ ૩
અજ્ઞાની અજ્ઞાન સંઘાતે,
એહવી પ્રીત કરે છે ઘાતે;
દેખો દીપક કાજ પતંગ,
પ્રાણ તજે હોમી નિજ અંગ. સા૦ ૪
જ્ઞાન સહિત પ્રભુ જ્ઞાની સાથે,
તેહવી પ્રીત ચડે જો હાથે;
તો પૂરણ થાયે મન આશ,
**દાનવિજય** કરે એ અરદાસ. સા૦ ૫

## ૬ શ્રી પદ્મપ્રભ જિન સ્તવન

(આતમ ભક્તિ મળ્યા કેઈ દેવા)

પદ્મપ્રભ જિનરાયની પ્રભુતા,
પેખું તો મુજ વાધે પ્યાર;
રયણ કનક ને રૂપા કેરા,
ઉન્નત ત્રણ ગઢ અતિહિ ઉદાર. પ૦ ૧
વિચ માંહી મણિપીઠ વિરાજે,
તાજો અશોક તિહાં તરુરાય;
વિપુલ પત્ર ફલફૂલ વિભૂષિત,
છાજે એક જોજન જસ છાંય. પ૦ ૨
સોવનમય મણિમંડિત સુંદર,
ચિહું દિશિ તસ સિંહાસન ચાર;

ચઉવિહ ધર્મ કહે ચઉ વદને,
જિન બેસી તિહાં જગદાધાર. પ૦ ૩
ગુહિરી એક જોજન લગે ગાજે,
જિનવાણી જાણે જલધાર;
સહુ નિજ નિજ ભાષામય સમજે,
બેઠી તિહાં જે પરષદ બાર. પ૦ ૪
ધન્ય દિન તે તેહ જ વેળા ધન્ય,
દેખશું જબ ઇણ વિધિ દેદાર;
**દાન** કહે ગણશું તે દિનને,
સઘલા ભવમાંહી શ્રીકાર. પ૦ ૫

## ૭ શ્રી સુપાર્શ્વનાથ જિન સ્તવન

( સંજમ રંગ લાગ્યો )

શ્રી સુપાસ જિનરાય જી હો, અરજ સુણો મુજ એહ;
સાહિબ ! ગુણ દરિયા !
પ્રગટ્યો પૂરવ પુણ્યથી હો,
તુમ શું નિવિડ સનેહ. સા૦ ૧
તિણે તું અહનિશિ દિલ વસે હો,
જિમ કજમાંહી સુવાસ; સા૦
દિન દિન મુજને તેહથી હો,
અધિક વધે ઉલ્લાસ. સા૦ ૨
સુરભિત નિંબાદિક હુએ હો,
ચંદન પવન પ્રસંગ; સા૦

થાયે તિમ તુમ ધ્યાનથી હો,
મુજ પ્રભુ ગુણ આસંગ. સા૦ ૩
ખીર મિલે જવ નીરને હો,
તવ કરે આપ સમાન; સા૦
તિમ હું થાઈશ તુજ સમો હો,
તુજ ધ્યાને ભગવાન ! સા૦ ૪
રયણાયરની ચાકરી હો,
કરતાં દારિદ્ર જાય; સા૦
**દાનવિજય** પ્રભુ ધ્યાનથી હો,
મનવંછિત સુખ થાય. સા૦ ૫

## ૮. શ્રી ચંદ્રપભ જિન સ્તવન

(વીર જિણંદ જગત ઉપકારી)

ચંદ્રપ્રભ પ્રભુને કિમ દીજે, ચંદ્ર તણું ઉપમાન રે;
જિનવર શશધર વિવરી જોતાં,
ગુણ અધિક ભગવાન રે. ચં૦ ૧
ચંદ્ર કલંકી પ્રભુ તનુમાંહી,
કોય કલંક ન દીસે રે;
નિશિ વાસર જિનરાજ સતેજો,
શશિ નિસ્તેજો દીસે રે. ચં૦ ૨
સૂરજ મંડલ માંહી મિલે જવ,
તવ અછતો શશિ થાયે રે;

તે સૂરજ પણ પ્રભુને આગે,
ખજૂઆ જેમ જણાયે રે. ચ૦ ૩
દ્રવ્ય અંધાર હરે રજનીકર,
તે પણ અંતર પાખે રે;
જિનવર ભાવ અંધાર નિવારે,
રતિ માત્ર નવિ રાખે રે. ચ૦ ૪
જગમાં ચંદ્ર અસંખ્ય જિનેશ્વર,
એક એ છે ઉપગારી રે;
**દાન** કહે સેવે તેણે પ્રભુને,
લંછન મિષે શશધારી રે. ચ૦ ૫

## ૯. શ્રી સુવિધિનાથ જિન સ્તવન

(જીહો વિમલ જિનેશ્વર સુંદરું.)

જીહો, સુવિધિ જિનેશ્વર સારીખો,
સખી નહિ બીજો જગમાંહિ;
જીહો, વિવિધ પ્રકારે વિલોકતાં,
સખી નજરે આવ્યો નાહિ,
જિણેસર ! તું ત્રિભુવન શિરદાર.
જીહો, જિન વારિધિ રયણે ભર્યો,
સખી તિમ તું ગુણભંડાર. જિ૦ ૧
જીહો, સુર હરિહર પરમુખ બહુ,
સખી છે જગમાંહી જિણંદ;
જીહો, પણ તેહ તુઝમાં આંતરુ,
સખી સરસવ મેરુ ગિરીંદ. જિ૦ ૨

જીહો, લક્ષણહીન ને લાલચી,
સખી પલ પલ જે પલટાય;
જીહો, એહવા સુર શું કીજિયે?
સખી એકો અરથ ન થાય. જિ૦ ૩
જીહો, નિરલોભી ગુણસાયરૂ,
સખી અવિચલ એક સ્વભાવ;
જીહો, પર ઉપગારી તું સહી,
સખી તરણ તારણ ભવનાવ. જિ૦ ૪
જીહો, તુજ છાંડી કુણ અવરની,
સખી બાંહ્ય ગ્રહે બુદ્ધિહીન;
જીહો, તુજ ચરણાંબુજ ભમર જ્યું,
સખી દાનવિજય લયલીન. જિ૦ ૫

## ૧૦. શ્રી શીતલનાથ જિન સ્તવન

(અજિત જિણંદશું પ્રીતડી)

શીતલ જિનની સાહ્યબી,
સાંભળતાં હો સહુને સુખ થાય કે;
વૃક્ષ અશોક વિરાજતો,
શિર ઉપરે હો જસ શીતલ છાંય કે.
સાહિબ એહવા સેવિયે,
જસ સોહે હો પ્રતિહાર જ આઠ કે. સા૦ ૧
ફૂલ પગર ઢીંચણ લગે,
બહુ પરિમલ હો મધુકર ઝંકાર કે;

દિવ્ય ધ્વનિ તિમ દીપતી,
એક યોજન હો જેહનો વિસ્તાર કે. સા૦ ૨
ઉજ્જવલ અમર નદી જિસ્યાં,
ચિહું પાસે હો ચઉ ચમર ઢલંત કે;
કનક ઘડ્યું રયણે જડ્યું,
સિંહાસન હો પ્રભુને સોહંત કે. સા૦ ૩
શિર પૂંઠે સૂરજ પરે,
ભામંડલ હો ઝળહળ ઝલકંત કે;
અણુવાઈ અંબર તલે,
સુર દુંદુભિ હો સખરી વાજંત કે. સા૦ ૪
છત્રત્રય શિર ઉપરે,
અતિ ઉજ્જવલ હો જસ કાંતિ અપાર કે;
તે જિનવર મુનિ દાનને,
આપો આપો હો નિજ પદ અધિકાર કે. સા૦ ૫

## ૧૧. શ્રી શ્રેયાંસનાથ જિન સ્તવન

( ઋષભ જિણંદા, ઋષભ જિણંદા )

શ્રી શ્રેયાંસ જિણેસર સાચો,
જગમાંહી એ સુરતરુ જાચો;
ભવિજનને મનવંછિત પૂરે,
સવિ સંતાપ નિવારે દૂરે. શ્રી૦ ૧
નિજ છાયાએ ત્રિભુવન છાયો,
કીર્તિ કુસુમ પરિમલ મહકાયો;

મુનિવર મધુકર જેહને પાસે,
રસલીના નિશિ દિવસ ઉપાસે. શ્રી૦ ૨
ફૂલની આશ ધરી મનમાંહે,
સુરનરપતિ પણ જેહને ચાહે;
પ્રાપતિ પાખે નવિ પામીજે,
કોડી ઉપાય જો પોતે કીજે. શ્રી૦ ૩
કલિકાલે જસ મહિમ ન ઝંપે,
નિરાધાર નવિ વાયે કંપે;
કષ્ટ નહિ બહુવિધ ફળ લહિયે,
તિણે એ અભિનવ સુરતરુ કહિયે. શ્રી૦ ૪
પૂરણ ભાગ્ય પ્રમાણે પામી,
લોકોત્તર સુરતરુ એ સ્વામી;
દાન કહે સેવો ધરી નેહ,
જિમ પામો સુખ સકલ અછેહ. શ્રી૦ ૫

## ૧૨. શ્રી વાસુપૂજ્ય જિન સ્તવન

(બાઈ, કાઠા ગહુંય પીસાવ)

હાંજી, વાસુપૂજ્ય જિનરાજ,
કાજ અછે મુજ તોહિશું, પ્રભુ અરજ સુણો;
હાંજી, બાંહ્ય ગ્રહ્યાની લાજ,
જાણી હિત ધરો મોહિશું. પ્રભુ૦ ૧
હાંજી, ઝાઝો હો આઝો આણી,
અધિકું ઓછું આખિયે; પ્રભુ૦

હાંજી, કહેવા માંડી જિહાં વાણી,
ઓછે તિહાં કિમ રાખિયે. પ્રભુ૦ ૨
હાંજી, ઝગડો ઝગડા ઠાય,
કીધા પખે કહો કેમ સરે; પ્રભુ૦
હાંજી, માગ્યા વિણુ પણ માય,
ભોજન નવિ આગે ધરે. પ્રભુ૦ ૩
હાંજી, જિણુશું અવિહડ નેહ,
ઝગડો તિણુશું કીજિયે; પ્રભુ૦
હાંજી, સહી આષાઢી મેહ,
તાવડે તુરત ન છીજિયે. પ્રભુ૦ ૪
હાંજી, તું પ્રભુ કરુણાસિંધુ,
અવિહડ હિત તોશું સહી; પ્રભુ૦
હાંજી, શિવસુખ દ્યો જગબંધુ,
દાનવિજયને ગહ ગહી. પ્રભુ૦ ૫

## ૧૩. શ્રી વિમલનાથ જિન સ્તવન

(મારું મન મોહ્યું રે, શ્રી સિદ્ધાચલે રે)

વિમલ જિનેસર સુણ મુજ વિનતિ રે, તું નિસનેહી છે આપ;
હું સસનેહી છું પ્રભુ ઉપરે રે, ઈમ કિમ થાશે મિલાપ.
વિમલ૦ ૧

નિસનેહી જિન વશ આવે નહિ રે, કીજે કોડી ઉપાય;
તાલી એકણુ હાથે બજાવતાં રે, ઉદ્યમ નિષ્ફળ થાય.
વિમલ૦ ૨

રાત-દિવસ રહિયેં કર જોડીને રે, ખિજમત કરીએ રે ખાસ;
તો પણ જે નજરે આણે નહિ રે, તે શું દેશ્યે શાબાશ.
વિમલ૦ ૩

ભગતવચ્છલ જિન ભકિત પસાયથી રે, ચઢશે કાજ પ્રમાણ;
ઈમ થિર નિજ મન કરીને જે રહે રે, લહે ફલ તે નિરવાણ.
વિમલ૦ ૪

મેં પોતે મન થિર કરી આદર્યો રે, તું પ્રભુ દેવ દયાલ;
આપ વડાઈ નિજ મન આણીને રે, દાનવિજય પ્રતિપાલ.
વિમલ૦ ૫

## ૧૪. શ્રી અનંતનાથ જિન સ્તવન

(ચોપાઈ; કલ્યાણ)

પ્રભુ તુમ નામ છે નાથ અનંત,
તુમ ગુણ પણ છે અકલ અનંત;
છે અનંત સુખનો તુજ ભોગ,
દુઃખ અનંતનો કર્યો વિયોગ. ૧

વીર્ય અનંત તુજ પાસે વસે,
જ્ઞાન અનંતે તું ઉલ્લસે;
તિમ અનંત દર્શન શ્રીકાર,
આપ અનંત થયા અવિકાર. ૨

તું અનંત કરુણાજલ કૂપ,
તાહરી જ્યોતિ અનંત સરૂપ;
તુજ અનંત વાણી વિસ્તરે,
તેહથી ભવિક અનંત તરે. ૩

દ્રવ્ય અનંત તુજને પ્રત્યક્ષ,
તિમ અનંત પર્યાય પણ લક્ષ્ય;
તું અનંત લક્ષણનો ગેહ,
બળ અનંત પૂરણ તુજ દેહ. ૪
તે માટે સુણ દેવ અનંત!
તાહરી છે પ્રભુ શક્તિ અનંત;
મુજને પણ સુખ દેહિ અનંત,
દાન કહે ધરી હરખ અનંત. ૫

## ૧૫. શ્રી ધર્મનાથ જિન સ્તવન

(સંભવ જિનવર! વિનતિ)

ધર્મ જિનેસર સાહિબા!, વિનવિયે ઇણિ રીતે રે;
ઈજ્જત અધિક છે માહરી, પ્રભુજી સાથે પ્રીતે રે. ધર્મ૦ ૧
સમરથ સાહિબ જો લહી, રહિયે એકણ ધાટે રે;
તો સવિ મનવાંછિત ફલે, દુશમન હિયડાં ફાટે રે. ધર્મ૦ ૨
સિંહગુફા જો સેવિયે, તો સહી મોતી લહિયે રે;
જંબૂક દર કર ઘાલતાં, કહો કેહું ફલ ગહિયે રે. ધર્મ૦ ૩
સમરથ સાજન સંપજે, પૂરવ વખત પ્રમાણે રે;
ચિંતામણિ દોહિલું ભેલે, જોતાં પણ મણિ ખાણે રે. ધર્મ૦ ૪
જગચિંતામણિ! તું મિલ્યો, સઘળી વાતે અનૂરો રે;
દાનવિજય કહે માહરાં, મનવાંછિત સુખ પૂરો રે. ધર્મ૦ ૫

## ૧૬. શ્રી શાંતિનાથ જિન સ્તવન

(વામાનંદન જિનવર, મુનિમાંહે વડો રે કે.)

શાંતિ જિનેસર સુખકર, મૂરતિ તાહરી રે, કે મૂરતિ તાહરી;

દીઠી મીઠી આજ, અમૃત પરે દુઃખહરી રે કે, અમૃત૦
નીરખી નીરખી સંતાપ મિટે, સઘળો મને રે કે; મિટે૦
વરસંતાં જલધાર, શમે જિમ દવ વને રે કે. શમે૦ ૧
જિન ગંગા પરવાહ, ગિરીન્દથી ઊતરે રે કે, ગિ૦
તિમ સમતારસ અમૃત, જે ચિહું દિશિ ઝરે રે કે; જે૦
જાતિ તણાં પણ વૈર, જે દેખી તિમ ટલે રે કે, જે૦
વાયે દક્ષિણ વાય, ઘનાઘન જિમ ફળે રે કે. ઘ૦ ૨
રાગ તણું પણ ચિન્હ, ન જેહમાં દેખિયે રે કે, ન૦
દ્વેષ તણો તિહાં અંશ, કહો કિમ લેખિયે રે કે; ક૦
રાગ-દ્વેષ અભાવ, તિણે બુધ અટકળે રે કે, તિ૦
વહ્નિ પખે કહો કેમ, ધુંઆડો નીકળે રે કે. ધું૦ ૩
નીરખે સુર નર નારી, ફરી ફરી નેહ શું રે, ફ૦
પણ તિલ ભાર વિકાર, ન ઊપજે તેહશું રે; ન૦
એ લોકોત્તર અતિશય, જેહનો સાંભળ્યો રે કે, જે૦
ચિંતવતાં જિન ચિત્ત, મહારસ ઊછળ્યો રે કે. મ૦ ૪
સમતામય દલ લેય, માનું સહી એ ઘડી રે કે, મા૦
આંખથી મેહલતાં અલગ, સુહાયે ન એક ઘડી રે કે; સુ૦
અકલંકિત પ્રભુ મૂરતિ, ચંદ્રકલા જિસી રે કે, ચં૦
દાનવિજય કહે દેખત, મુજ કીકી હસી રે કે. મુ૦ ૫

## ૧૭. શ્રી કુંથુનાથ જિન સ્તવન

(એ તીરથ તારું)

કુંથુ જિનેસર પર ઉપગારી, સાહિબ શિવસુખકારી રે;
પ્રભુ શું મન માન્યું.

મેં તુમ સાથે કરી એકતારી, કીધો રંગ કરારી રે.
પ્રભુ૦ ૧
સુપને પણ ન ગમે મુજ દીઠા, દેવ અનેરા ધીઠા રે;
જિણે ચાખ્યા રસ અમૃત મીઠા, આછણ તાસ અનીઠા રે.
પ્રભુ૦ ૨
જેહ હંસ માનસ સર નાહે, તે કિમ છિલ્લર ચાહે રે;
ચિંતામણિ હોય જસ કર માંહે, કાચને કહો કિમ સાહે રે.
પ્રભુ૦ ૩
સાચા સાજન જેહ મિલિયા, અંતર હિત અટકળિયા રે;
તે દુરજનથી દૂરે ટળિયા, ભોળપણે નવિ ભળિયા રે.
પ્રભુ૦ ૪
અલવેસર ! તું અંતરજામી, પરમ પુરૂષ પ્રભુ પામી રે;
ખિજમતમાં નવિ કરશું ખામી, દાન કહે શિર નામી રે.
પ્રભુ૦ ૫

## (૧૮) શ્રી અરનાથ જિન સ્તવન

(મુનિસુવ્રત કીજે મયા રે)

અલવેસર અવધારિયેજી, જગતારણ જિનભાણ !
ચાહું છું તુજ ચાકરીજી, પણ ન મલે અહિનાણ.
પ્રભુજી, છે મુજ તુજશું રે પ્રીતિ, જયું ઘન ચાતક રીતિ.
પ્રભુજી૦ ૧
દુશ્મન કર્મ એ માહરાંજી, ન તજે કેડ લગાર;
આઠેને આપ આપણોજી, અવર અવર અધિકાર.
પ્રભુજી૦ ૨

વૈરી રહે મુજને ઘણુંજી, ન મિલે મિલણ ઉપાય;
જીવ ઉદાસ રહે સદાજી, કળ ન પડે તિણે ક્યાંય.
પ્રભુજી૦ ૩

શિર ઉપરે તુમ સારીખોજી, જો છે પ્રભુ જિનરાય;
તો કરશું મન ચિંતવ્યુંજી, દેઈ દુશ્મન શિર પાય.
પ્રભુજી૦ ૪

સન્મુખ થઈ મુજ સાહિબાજી, દુશ્મન દૂર નિવાર;
**દાનવિજયની** વિનતિજી, અર જિનવર ! અવધાર.
પ્રભુજી૦ ૪

## (૧૯) શ્રી મલ્લીનાથ જિન સ્તવન

(સાંભળજો મુનિ સંજમ રાગે)

પામ્યો અવસર એહ પિછાણે, મનમાં આલસ માણો રે;
સાહિબ મળિયો છે સપરાણો, ટાળ્યાનો નહિ ટાણો રે.
પામ્યો૦ ૧

સેવો જિનવર શિવ સુખદાઈ, પરિહરી આશ પરાઈ રે;
અવસર ભૂલે જે અલસાઈ, ચૂકી તસ ચતુરાઈ રે.
પામ્યો૦ ૨

લેખે ઉદ્યમ તો સવિ લાગે, અવસર જો હોય આગે રે;
માળી તરુ સીંચે મન રાગે, લહી ઋતુને ફલ લાગે રે.
પામ્યો૦ ૩

માનવભવ પામીને મોટો, ખિણ ખિણ મ કરો ખોટો રે;
અશુભ કરમનો કાઢો ઓટો, તો ભાંજે સવિ તોટો રે.
પામ્યો૦ ૪

જિનવર મલ્લી જયો જયકારી, નખરી વાત નિવારી રે;
**દાનવિજય** પ્રભુ છે દાતારી, સંપત્તિ આપે સારી રે.
પામ્યો૦ ૫

## ૨૦. શ્રી મુનિસુવ્રત જિન સ્તવન

(દુઃખ દોહગ દૂરે ટળ્યાં રે)

શ્રી મુનિસુવ્રત સાહિબા રે, તુજ વિણુ અવર કો દેવ;
નજરે દીઠો નવિ ગમે રે, તો કિમ કરિયે સેવ.
જિનેસર ! મુજને તુજ આધાર.
નામ તુમારૂં સાંભરે રે, સાસમાંહી સો વાર.
જિનેસર !૦ ૧

નીરખ્યા સુર નજરે ઘણા રે; તેહશું ન મિલે તાર;
તારોતાર મિલ્યા પખે રે, કહો કિમ વાધે પ્યાર.
જિનેસર !૦ ૨

અંતર મન મિળિયા વિના રે, ન ચઢે પ્રીતિ પ્રમાણ;
પાયા વિણુ કિમ સ્થિર રહે રે, મોટા ઘર મંડાણ.
જિનેસર !૦ ૩

જોતાં મૂરતિ જેહની રે, ઉલ્લસે નજર ન આપ;
તેહવાશું જે પ્રીતડી રે, તે સામો સંતાપ.
જિનેસર !૦ ૪

તિણે હરિહર સુર પરિહરી રે, મન ધરી તાહરી સેવ;
**દાનવિજય** તુમ દરિશને રે, હરખિત છે નિત્યમેવ.
જિનેસર !૦ ૫

## ૨૧. શ્રી નમિનાથ જિન સ્તવન

(શ્રી સિદ્ધપદ આરાધીએ રે)

શ્રી નમિ જિનવર પ્રાહુણા રે,
આવો મુજ મન ગેહ રે, ગુણરાગી;
જો દેખો તિહાં યોગ્યતા રે,
તો રહેજો ધરી નેહ રે. ગુણ૦ ૧
ધર્મધ્યાન જલ છાંટીને રે,
મન ઘર કીધ અમૂલ રે; ગુણ૦
તિહાં વિધવિધનાં પાથર્યાં રે,
સુકૃત મનોરથ ફુલ રે. ગુણ૦ ૨
તિહાં સમતા શય્યા ભલી રે,
ખિમા તળાઈ વિશાલ રે; ગુણ૦
ધૂપ સરસ તિહાં મહમહે રે,
પ્રભુ ગુણગાન રસાલ રે. ગુણ૦ ૩
બાંધ્યો તિહાં થિર બંધને રે,
હરખ ચંદ્રુઓ હેજ રે; ગુણ૦
સદા અકંપ સોહામણો રે,
દીપક જ્ઞાન સતેજ રે. ગુણ૦ ૪
એકે ક્ષણ પણ આવીને રે,
જો પ્રભુ લ્યો વિસરામ; ગુણ૦
તો એ મહેનત માહરી રે,
સઘળી હોય સકામ રે. ગુણ૦ ૫
પણ પ્રભુ વશ છે આપવું રે,
મુજ વશ છે અરદાસ રે; ગુણ૦

હાથી તો હાથે ગ્રહ્યા રે,
કિમ આવે આવાસ રે. ગુણ૦ ૬
સેવક જાણી સાહિબે રે,
સહી રાખ્યું સનમાન રે; ગુણ૦
**દાનવિજય** દિલ આવિયા રે,
અધિક વધાર્યો વાન રે. ગુણ૦ ૭

## ૨૨. શ્રી નેમિનાથ જિન સ્તવન

(અનંતવીરજ અરિહંત ! સુણો મુજ વિનતિ)

એહ અથિર સંસાર સ્વરૂપ અછે ઇસ્યો,
ક્ષણ પલટાએ રંગ પતંગ તણો જિસ્યો;
બાજીગરની બાજી જેમ જૂઠી સહી,
તિમ સંસારની માયા એ સાચી નહી. ૧
ગગને જિમ હરિચાપ પલક એક પેખિયે,
ખિણમાંહે વિસરાલ થાયે નવિ દેખિયે;
તિમ એહ યૌવન રૂપ સકલ ચંચલ અછે,
ચટકો છે દિન ચાર વિરંગ હુએ પછે. ૨
જિમ કોઈક નર રાજ્ય લહે સુપના વિશે,
હય હાથી મઢ મંદિર દેખી ઉલ્લસે;
જબ જાગે તવ આપ રહે તિમ એકલો,
તેહવો ઋદ્ધિનો ગારવ તિલ પણ નહિ ભલો. ૩
દેખીતાં કિંપાક તણાં ફલ ફૂટરાં,
ખાતાં સરસ સવાદ અંતે જીવિતહરાં;
તિમ તરુણી તનુભોગ તુરત સુખ ઊપજે,
આખર તાસ વિપાક કટુક રસ નીપજે. ૪

એ સંસાર શિવાસુત એહવો ઓળખી,
રાજ, રમણી, ઋદ્ધિ છોડી થયા પોતે રિખી;
કર્મ ખપાવી આપ ગયા શિવમંદિરે,
દાનવિજય પ્રભુ નામથી ભવસાગર તરે. ૫

## ૨૩. શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન

(દેશી ગિંહુયડાની)

સકલ કુશલ તરુ પોષવા રે,
હાંજી, જે જિનવર જલધર કહેવાય સુખકારી;
જગગુરુ જિનરાજ સુખ૦, ભવજલધિ જહાજ. સુખ૦
દીઠો મેં આજ સુખ૦, ફળિયાં સવિ કાજ. સુખ૦
મન વંછિત સુખ પૂરવા રે,
હાંજી, સુરતરુ સમ જેહનો મહિમાય. સુખ૦ ૧
સજલ જલદ જિમ સોહતી રે,
હાંજી નિરુપમ નીલવરણ જસ કાય; સુખ૦
શિર પર સૌદામિની સમી રે,
હાંજી, ફણિ મણિ કિરણ ઝલકી ઝલકાય. સુખ૦ ૨
ગરુડ તણે ગરજારવે રે,
હાંજી, જિમ પન્નગકુલ પ્રબલ પલાય; સુખ૦
તિમ પ્રભુ નામ પસાયથી રે,
હાંજી, સંકટ વિકટ સકલ મિટ જાય. સુખ૦ ૩
કમલાકરમાંહી કમલડાં રે,
હાંજી, જિમ વિકસે દેખી દિનરાય, સુખ૦
તિમ મુજ હિયડું હેજશું રે,
હાંજી, હરખી હસે નીરખી પ્રભુ પાય. સુખ૦ ૪

વામાનંદન વાલહો રે,
　　હાંજી, જગદાનંદન જિનવર રાય; સુખ૦
દાનવિજય સુખિયો સદા રે,
　　હાંજી, પામી પાસ ચરણ સુપસાય. સુખ૦ ૫

## ૨૪. શ્રી મહાવીર જિન સ્તવન

( જાત્રા નવાણું કરિયે સલૂણા )

શાસનનાયક સુંદરુ રે,
　　વર્ધમાન જિનરાય, સકલ સુખસાયરુ;
જસ નામે નિત્ય નવનવા રે,
　　મંદિર મંગલ થાય. સકલ૦ ૧
રંગ મજીઠના સારીખો રે,
　　જેહ શું ધર્મસનેહ; સકલ૦
અહનિશ દિલમાંહી વસે રે,
　　જિમ મોરા મન મેહ. સકલ૦ ૨
રાતી પ્રભુ ગુણ રાગશું રે,
　　માહરી સાતે ધાત; સકલ૦
વિધ વિધ ભાંતે વખાણીએ રે,
　　જેહનો જસ અવદાત. સકલ૦ ૩
તે જિનવર ચોવીસમો રે,
　　ગુણગણ—રયણનિધાન; સકલ૦
મુજ ભવ ભાવઠ ભંજિયે રે,
　　ભગતવચ્છલ ભગવાન ! સકલ૦ ૪

સાહિબ ગુણ રંગે કરી રે,
જે રાતા નિશદિશ; સકલ૦
તસ ઘર રંગ વધામણાં રે,
દિન દિન અધિક જગીશ. સકલ૦ ૫
શ્રી તપગચ્છ શિરોમણિ રે,
શ્રી વિજય રાજ સૂરીંદ; સકલ૦
તાસ શિષ્યે એમ વિનવ્યા રે,
ચોવીસમા જિનચંદ. સકલ૦ ૬
વર્તમાન શાસનધણી એ,
સુખ સંપત્તિ દાતાર; સકલ૦
સકલ મનોરથ પૂરવો રે,
**દાનવિજય** જયકાર. સકલ૦ ૭

## વિભાગ ચોથો : પ્રકીર્ણ સ્તવનો

### ૧. શ્રી આદિનાથ જિન સ્તવન

(મારૂં મન મોહ્યું રે)

જગઉપગારી રે, સાહિબ માહરો રે, અતિશય ગુણમણિધામ;
આદિ જિનેશ્વર અતિ અલવેસરૂ રે, અહોનિશ ધ્યાઉં રે નામ.
મારૂં મન મોહ્યું રે મરૂદેવી નંદ શું રે. ૧

દોય કર જોડી રે તુમ સેવા કરે રે, સુર નર કિન્નર કોડ;
પ્રાતિહાર જ આઠે અહનિશ રે, કોણ કરે તુમ હોડ. મારૂં૦ ૨

ચારે રૂપે રે ચઉવિહ દેશના રે, દેતા ભવિજનકાજ;
માનું ચઉગતિના જીવ તારવા રે, જ્યું જલધર ગાજ.
મારૂં૦ ૩

તે ધન પ્રાણી રે જેણે તુમ દેશના રે, સમયે નીરખ્યું રે નૂર;
કણુકચોલે રે વાણીસુધા રે, પીધી જેણે ભરપૂર. મારૂં૦ ૪

હું તો તરીશ રે તુમચા ધ્યાનથી રે, અનોપમ એહ ઉપાય;
ન્યાયસાગર ગુણસાગર સાહિબા રે, લળી લળી નમે તુજ પાય.
મારૂં૦ ૫

### ૨. શ્રી આદિનાથ જિન સ્તવન

(કાફી)

આદિનાથ! તાહરા ગુણ મુખગાઉં,
ગંગા ક્ષીરોદધિ શુદ્ધ જલસે, સ્નાત્રવિધિ વિરચાવું. આદિ૦૧
પૂજા કરૂં ભાવે મન શુદ્ધે, કેસર પુષ્પ ચઢાવું. આદિ૦૨
ધૂપ ઉખેવું, કરૂં આરતી, ભાવના શુભ મન ભાવું. આદિ૦૩

જો કછું જાનો તો કીજે ભલાઈ, જનમ જનમ સુખ પાવું. આદિ૦ ૪
પ્રેમ ધરીને **કાંતિ** પયંપે, પ્રભુચરણે ચિત્ત લાવું. આદિ૦ ૫

## ૩. શ્રી આદિનાથ જિન સ્તવન

( બિહાગ )

કોણ ખબર લે મેરી, દીનાનાથ! કોણ ખબર લે મેરી?
દીનાનાથ ! દયાનિધિ !, તુમ બિન, કોણ ખબર લે મેરી? ૧
અધમઉદ્ધારણ બિરુદ તિહારું, ઢીલ કહાં હમ બેરી. દી૦ ૨
લોભી લંપટ વિષયવિગુત્તો, ભગતિ વિસારી તેરી. દી૦ ૩
**ઋષભદાસ** કહે ઋષભજિણંદા, ચરણશરણ મેં ગ્રહેરી. દી૦ ૪

## ૪. શ્રી આદિનાથ જિન સ્તવન

(કલ્યાણ)

અહો પ્રભુ પ્યારે ! અહો પ્રભુ પ્યારે !
સહસ વરસમાં સર્વ પ્રમત્તતા, આઠ જામ મિલ ધારે. અ૦ ૧
કેવલરત્ન લહી દિયો જનની, ઐસે હૈ ભક્તિવારે. અ૦ ૨
પુત્રવધૂકો રૂપ દેખનકુ, પ્રભુસે આગે સિધારે. અ૦ ૩
કહી અધ્યયન વેતાલિય છંદે, પુત્ર અઠાણું તારે. અ૦ ૪
અષ્ટાપદ પર પામ્યા પરમ પદ, દસ સહસ પરિવારે. અ૦ ૫
એ જિન **ઉત્તમ** પાદ **પદ્મ**કું, નમતાં ભવભય ડારે. અ૦ ૬

## ૫. શ્રી આદિનાથ જિન સ્તવન

( કાનુડા તારી વાંસલડી સુણી તાનમાં )

પ્રભુ તારી સૂરતિ મેં ધરી ધ્યાનમાં,
વૃષભલંછન જિન વિનીતાવાસી, પણશત ધનુ તનુ માનમાં. પ્રભુ૦ ૧

જગ ઉરણ સવિ કીધું તેં ધન-વરસી વરસી દાનમાં. પ્રભુ૦ ૨
નાભિરાયા કુલમંડણ ગાઉં, મરૂદેવી સુત ગાનમાં. પ્રભુ૦ ૩
ચરણોત્સવ ઇંદ્રાદિક કરે, શ્રી જિન બેસે જાનમાં. પ્રભુ૦ ૪
ગીતગાન પ્રભુ આગે નાચે, રાચે માચે તાનમાં. પ્રભુ૦ ૫
પંચ મહાવ્રત લેવા અવસરે, સમજાવે સુર સાનમાં. પ્રભુ૦ ૬
**ન્યાયસાગર** પ્રભુ સેવક માચે, વાણી અમૃતપાનમાં. પ્રભુ૦ ૭

## ૬. શ્રી આદિનાથ જિન સ્તવન

(ભવિકા ! સિદ્ધચક્ર પદ વંદો)

જોગ ન માંડયો મૈં ઘર કેરો, જોગ ન ધરીઓ અનેરો;
જોગવિહોણો જોગી હુઓ, કરૂં ભવાંતરે ફેરો.
આદીસર ! વિનતડી અવધારો. ૧
મોહ નરિંદે નાટક માંડયો, નાચ્યો તે મોઝાર;
ધનસજ્જનશું રંગે રાતી, અને વાંછું ભવપાર. આદી૦ ૨
હું માહું જગશું મમકાર, કોઈ ન થાયે માહરો;
માહરૂં માહરૂં તોય ન મેલું, એહવો મૂઢ ગમારો. આદી૦ ૩
હૈયે અનેરૂં મોંઢે અનેરૂં, કાયાએ કરૂં હું અનેરૂં;
બાહિર ધર્મીપણું દેખાડું, અંદર સૂત્ર અનેરૂં. આદી૦ ૪
પરનિંદા આપણી પરશંસા, કરતાં કિમ હી ન લાજું;
દોષ આપણા સુણી દુહવાઉં, ગુણ સાંભળતો ગાજું. આદી૦ ૫
સાચું કહેતાં કિમ હી ન રાચું, કૂડે જાણું કાજ;
જે કારણ આગે ભવ ભમિયો, તે ધુર દહાડો આજ. આદી૦ ૬
મૂરખમાંહી શિરોમણી તો પણ, જાણના નામે પૂજાઉં;
નેહ નવા વિણ સગપણ માંડું, નિરીહ નામ કહાઉં. આદી૦ ૭

ધરમ તણો મિષ માંડી પોષું, વિષય તણા વ્યાપાર;
મારગ જુજુએ નિત નિત દોડું, ઈચ્છું ભવવન પાર. આદી૦ ૮

ઘર આરંભ થકી હું ભાગ્યો, કુગુરૂ તણે કર ચડિયો;
શિયાલના ભયથી નીસરિયો, સિંહ તણે વશ પડિયો. આદી૦ ૯

અમીય રસાયણ આગમ લહીને, વિદ્યા ભણી સુવિશાલ;
નવા નવા મત મૈં બહુ માંડયા, રચિયાં માયાજાલ. આદી૦ ૧૦

પર બૂઝવવા પરવડી હુઓ, આપ ન જાણું સાર;
તરીય ન જાણું તારુ થાઉં, કિમ પામીશ નિસ્તાર. આદી૦ ૧૧

પાંચ ઇંદ્રિય પૂરી પોષું, માંડી કપટજંજાલ;
ભ્રમ દેખાડી લોક ભમાડું, વાંછું સુખ રસાલ. આદી૦ ૧૨

નિરગુણી આરાધું ગુણી માની, આણી હૃદય બહુમાન;
નિર્દોષી ગુણીજન અવહેલ્યા, મોટું મુજ અજ્ઞાન. આદી૦ ૧૩

જે જિનવાણી અમીય સમાણી, તે વિષ સરખી જાણી;
જે વિષ સરખા મૂરખના મત, તે ઉપર ચિત્ત આણી. આદી૦ ૧૪

સેવું કુદેવ, કુગુરૂ, કુધર્મ, આપે આપ વિગોયો;
દોષ અવરના બહુ દેખાડું, જાણપણું મુજ જુઓ. આદી૦ ૧૫

પરવિઘને સંતોષી હુઓ,. પરલાભે વિષવાદ;
પરહિતકારીપણું દેખાડું, બોલું પર અપવાદ. આદી૦ ૧૬

અંતરાયકર્મ ઉદય કરીને, ભોગસંયોગ ન મળિયો;
અછતા ભણી વ્રતધારી હુઓ, મન અભિલાષ ન ટળિયો. આદી૦ ૧૭

રાગદ્વેષ ક્ષણ એક ન મેલું, સ્વામી કહયે સુખ પામું;
સંથારામાંહી સૂતો વાંછું, ભોગીપણું રાજાનું. આદી૦ ૧૮

ક્રોધ દાવાનલમાંહી દાધો, માન મહાગિરિ ચડિયો;
માયા સાપણ સૂતો ખાધો, લોભ સમુદ્રમાં પડિયો. આદી૦ ૧૯

કામ સમીરે ભૂરિ ભમાડ્યો, મોહ પિશાચે છળિયો;
મિથ્યા ધૂતારે ઘણું એ ધૂત્યો, તોયે રહું તસ મળિયો. આદી૦ ૨૦

પુણ્ય ન પોતે સંચય કીધું, પાપે ભર્યો રે ભંડાર;
સુખ વાંછતો દેહ સંભાળું, છેવટ થાશે જે છાર. આદી૦ ૨૧

જે સુખદાયક ત્રિભુવનનાયક, સકલ જીવ હિતકારી;
તેહ તણી પણ નિન્દા કરતો, કહેવાઉં શુદ્ધ આચારી. આદી૦ ૨૨

જે તપ સંયમથી સુખ લહિયે, તેહ માનું દુઃખમૂલ;
દુઃખનું મૂલ પ્રમાદતણું સુખ, તે મુજ મન અનુકૂળ. આદી૦ ૨૩

જે સંસાર તણાં સુખ દીઠાં, તે મુજ લાગે મીઠાં;
જે તપ સંયમથી ભય નાસે, મુજ મન તેહ અનીઠાં. આદી૦ ૨૪

એહ પવાડા પાર ન આવે, કહેવા ભવની કોડ;
તુમ દર્શન દેખી હવે લીનો, તેણે ટળી સવિ ખોડ. આદી૦ ૨૫

કહે લાવણ્યસમય કર જોડી, માગું એક પસાય;
હવે ભવાંતર ભેટ તમારી, દેજો શ્રી જિનરાય ! આદી૦ ૨૬

## ૭. નરકદુઃખ વર્ણનગર્ભિત શ્રી આદિનાથ જિન વિનતિ.

(દોહા)

આદિજિણંદ જુહારિયે, આણી અધિક ઉલ્લાસ;
મન, વચ, કાયા શુદ્ધ શું, કીજે નિત્ય અરદાસ. ૧

નરક તણાં દુઃખ દોહિલાં, મેં સહ્યાં વાર અનંત;
વર્ણવું તેહ કિણી પરે, જાણો સવિ ભગવંત. ૨

કરમ કઠોર ઉપાઇને, પહોત્યા નરક નિવાસ;
વેદન તીન પ્રકારની, સહત અનંત દુઃખ રાશ. ૩

ઢાળ પહેલી (સંભવ જિનવર વિનતિ)

આદીસર અવધારિયે, દાસ તણી અરદાસ રે;
નરક તણી ગતિ વારિયે, દીજે ચરણમાં વાસ રે. આદી૦ ૧

શીતલ યોનિમાં ઊપન્યો, બલતી ભૂમિ વસંતો રે;
તાતી તીખી સૂચિકા, ઉપરે પાય ઠવંતો રે. આદી૦ ૨

સડિત દુગંધી કલેવરા, ચાલે પૂતિ પ્રવાહ રે;
વસવું તેહમાં અહોનિશે, ઊઠે અધિકો દાહ રે. આદી૦ ૩

દીન હીન અતિ દુઃખિયા, દેખે પરમાધામી રે;
હાહા! હવે કેમ છૂટશું, કવણ દશા મૈં પામી રે. આદી૦ ૪

હસી હસી પાપ સમાચરે, ન ગણે ભય પરલોક રે;
ફળ ભોગવતાં જીવડો, ફોગટ કાં કરે શોક રે. આદી૦ ૫

ખોટી કમાઇ આપણી, શું હોયે પછતાયે રે;
વાવે બીજ કરીરનું, આંબા તે કિમ ખાયે રે. આદી૦ ૬

ઢાળ બીજી (સુત સિદ્ધારથ ભૂપનો રે)

મુદ્‌ગર કર લહી લોહના રે, ઊઠે અસુર કરૂર રે;
પાપી પીડા નવિ લહે રે, ભાંજી કરે ચકચૂર રે.
પ્રભુજી! મયા કરો, જિમ ન લહું ગતિ તે હો રે;
જબ તે સાંભરે, તવ કંપે મુજ દેહો રે. પ્રભુજી૦ ૧

નદી વૈતરણી તે કરે રે, અતિ વિષમો પંથ જાસ;
તાતા તરુઆ જળ ભરી રે, તામેં ઝબોળે તાસ રે. પ્રભુજી૦ ૨

તેલ ઉકાળી આકરો રે, કુંભીમાં ધરે દેહ;
જે પશુમાંસ પચાવતો રે, પામે ફળ તસ એહ રે. પ્રભુજી૦ ૩
સંધાણા ગૂલર ભખે રે, વેંગણ મૂળા રે શાક;
દારુણ વેદન તે સહે રે, રસના એ વિપાક રે. પ્રભુજી૦ ૪
છાયા જાણી તરુ તળે રે, તે જાયે નિરધાર;
ઉપર પત્ર ઝડી પડે રે, જાણે ખડ્ગની ધાર રે. પ્રભુજી૦ ૫
નાસી ગિરિકંદર ગયો રે, તનુ ધરી અધિક પ્રચંડ;
વજ્રશિલા મસ્તક પડે રે, ભાંજી કરે શત ખંડ રે. પ્રભુજી૦ ૬
ભાર ઘણો ગાડે ભરે રે, જોત્ર દિયે તસ ખંધ;
વેળુમાંહી ચલાવતા રે, તૂટે તનની સંધ રે. પ્રભુજી૦ ૭

ઢાળ ત્રીજી (સોના રૂપાકે સોગઠે)

કીધાં કર્મ છૂટે નહિ, જાણો ચતુર સુજાણ;
પામે વેદના દોહિલી, ચેતો મન ધરી નાણ.
તારો શ્રી જિનરાજજી! હું છું દીન અનાથ;
વાર વાર કિશ્યું વિનવું, મેટાડો દુઃખ સાથ. તારો૦ ૧
અગ્નિવરણ કરી પૂતળી, ફરસાવે તસ અંગ;
અસુર પ્રચારે ઉપરે, કીધા પરસ્ત્રિય સંગ. તારો૦ ૨
ઠાઢી કરી મસ્તક ધરે, કરવત કેરી ધાર;
કાઠ તણી પરે છેદતાં, ઉપર નાખે ખાર. તારો૦ ૩
ઊંચો જોયણ પાંચસેં, ઊછ્યા જાય જ્યું તૂલ;
પડતાં અસુર તિહાં વળી, તળે માંડે ત્રિશૂલ. તારો૦ ૪
ટળવળતો ધરણી પડે, પ્યાસો માંગે નીર;
તપત રાંગ મુહમેં દિયે, વાધે બહુલી પીર. તારો૦ ૫

કો નહિ તસ રક્ષણ કરે, દુઃખી દીન અવતાર;
શરણ ગ્રહ્યું હવે તાહરૂં, કીજે સેવક સાર. તારો૦ ૬
પરમાધામી સુર કહે, અમને ન દો દોષ;
આપ કમાઈ ભોગવે, કીજે રાગ ન રોષ. તારો૦ ૭

ઢાળ ચોથી ( વિમલજિન દીઠા લોયણ આજ )

એક જીભે શું વરણવું રે, દુઃખ અનંત અગાહ;
જેમ તેમ તે દિન નિગમ્યા રે, તે જાણો જગનાહ !
હો સ્વામી ! પૂરો માહરી આશ, ન લહું નરક નિવાસ. હો૦ ૧
પાપી પાપ માને નહિ રે, રાતે ગલ ગલ ખાય;
વદન ભરી તસ કીડીઓ રે, હોઠ સીવે ગલે સાય.
હો સ્વામી ! ૨
કાન વશે જે માનવી રે, તેહને કાન કથીર;
નયન ચપળતા જે ધરે રે, તેહમાં તાતો નીર.
હો સ્વામી ! ૩
જીભા લંપટ જે હુએ રે, ખંડે તેહની જીહ;
નાસા રસ રસિયા તણું રે, છેદે નાક અબીહ.
હો સ્વામી ! ૪
તપ જપ સંજમ નવિ ધરે રે, પોષે બહુવિધ દેહ;
કંટક સેજ બિછાવીને રે, પોઢાડે તિહાં તેહ.
હો સ્વામી ! ૫
આપસમાં લડે નારકી રે, હાથ ગ્રહી હથિયાર;
ખંડ ખંડ થઈ તે પડે રે, પામે કષ્ટ અપાર.
હો સ્વામી ! ૬

ભૂખ અનંતી તે સહે રે, તેમ અનંતી પ્યાસ;
વ્યાધિ વ્યથા દુઃખ આપદા રે, સહે તે દીન નિરાશ.
હો સ્વામી! ૭

લાખ ચોરાશી જાણીએ રે, સાતે નરક નિવાસ;
લેશ થકી એ ભાખિયું રે, સુણી જિન આગમ ભાષ.
હો સ્વામી! ૮

વંશ ઈક્ખાગ સોહામણો રે, નાભિ નરિંદ મલ્હાર;
શેત્રુંજાગિરિ રાજિયો રે, સેવક જન આધાર.
હો સ્વામી! ૯

કલશ

શ્રી આદિ જિનવર, સયલ સુખકર, નિરય દુઃખ નિવારિયે,
સમકિત દીજે, મયા કીજે, ભવ મહોદધિ તારિયે;
પ્રભુ જગત ભાસન, દુરિત નાશન, શ્રી ગુણસાગર ગાઇયે,
ઈન્દ્રલોક સુખ, પરલોક શિવપદ, સ્વામી સ્મરણે પાઈએ.

## ૮. શ્રી સિદ્ધાચલમંડન શ્રી આદિનાથ જિન સ્તવન

તમે ચાલો સજ્જન આજ, જિન ઘર જઇયે રે;
નીરખીને પ્રભુ દેદાર, પાવન થઈએ રે. તમે૦ ૧
માતા મરૂદેવીનો નંદ, નાભિકુલ ચંદો રે,
આગમની રીતે એહ, ભવિક જન વંદો રે. તમે૦ ૨
દ્રવ્યથી વિધિ સંયોગ, આશાતના ટાળો રે;
ભાવે કરી એકણુ ચિત્ત, સાધ્ય નિહાળો રે. તમે૦ ૩
અનુભવ-રસ ભંડાર, ભવથી અળગો રે;
અનુપમ આતમ ભાવ, એહને વળગો રે. તમે૦ ૪

ધારી એહ સ્વરૂપ, પૂજા કીજે રે;
મારાં ભવ ભવ સંચિત પાપ, પૂરવનાં ખીજે રે. તમે૦ ૫
એહી જ છે જગસાર, જિનવર વાણી રે;
પામી દુર્લભ યોગ, ત્યજે કુણ પ્રાણી રે. તમે૦ ૬
જિન આગમ ને જિનબિંબ, પંચમ આરે રે;
શ્રદ્ધા જ્ઞાન સહિત, પલકમાં તારે રે. તમે૦ ૭
તે માટે શ્રી જિનરાજ, ક્ષણ ક્ષણ ભજિયે રે;
જે વિષય કષાયની ટેવ, અનાદિની ત્યજિયે રે. તમે૦ ૮
ગિરિ સિદ્ધાચલ મંડાણ, જિનપતિ રાજે રે;
**શ્રી ખિમાવિજય** જિન નામ, ચડત દિવાજે રે. તમે૦ ૯

## ૯. શ્રી સિદ્ધાચલજીનું સ્તવન

(મોહ મહીપતિ મહેલમેં બૈઠા)

વયણ સુકોમલ કહે કામિની યું,
અરજ સુણો મોરા નાહ, લલના;
શત્રુંજય ગિરિ ભેટણ જાશું, મુજ મન એહ ઉચ્છાહ.
વિમલાચલે મેરો મન વસ્યો હો;
અહો મેરે લલના, વિમલ મતિ દાતાર. ૧
અંબ કદંબ જંબીરી લહકે, મહકે સરસ સુવાસ, લલના;
જાઈ જૂઈ ચંપક કેતકી, પાડલ મોગર વાસ.
વિમલા૦ ૨
વનરાજિ રાજે અતિ મનોહર, વિવિધ કુસુમ સુરંગ, લલના;
નાહકે સંગે ખેલત કામિની, દિન દિન ચડતે રંગ.
વિમલા૦ ૩

સરીય સમાણી ટોલ ઝોલી, ભરીય ગુલાલ અબીર, લલના;
તેલ ફૂલેલ લગાવતી ગોરી, છાંટત નિરમલ નીર.
વિમલા૦ ૪

ઇણિપરે ક્રીડતી કામિની સવિ મળી, આવે આદીસર દ્વાર, લલના;
સુંદર સરસ શૃંગાર બનાવતી, રૂપે રતિ અનુહાર.
વિમલા૦ ૫

ભામિની ભાવના ભાવે ભલેરી, વજાવતી ચંગ મૃંદગ, લલના;
તા થેઈ તા થેઈ નાચતી રાચતી, ગાવતી જિનગુણ રંગ.
વિમલા૦ ૬

તુજ ગુણપંકજ મુજ મન મધુકર, લીનો રહે નિત્યમેવ, લલના;
તું ધાતા ત્રાતા તું પરમેસર, હિતવત્સલ તુંહી દેવ.
વિમલા૦ ૭

આદિ પુરુષ તું અકલ અરૂપી, શરણાગત આધાર, લલના;
પ્રભુ મુખ દેખી મુજ મન હરખે, જ્યું કોયલ સહકાર.
વિમલા૦ ૮

દીનદયાલ કૃપાલ તું સાહિબ, નેક નજરથી નિહાળ, લલના;
સેવક નિજ ચિત્ત રાખિયે પ્રભુજી ! કીજિયે સાર સંભાલ.
વિમલા૦ ૯

રાત દિવસ મુજ સૂતાં જાગતાં, મનમાં તાહરૂં ધ્યાન, લલના;
પ્રભુ પય પંકજ સેવતાં પ્રેમે, લહિયે સુજસ અમાન.
વિમલા૦ ૧૦

તું ગતિ તું મતિ જીવન મેરા, સાહિબ તું સુલતાન, લલના;
જસવિજય બુધ સેવક જિનને, દીજિયે કોટિ કલ્યાણ.
વિમલા૦ ૧૧

## ૧૦. શ્રી સિદ્ધાચલજીનું સ્તવન

( નાગર સજ્જના રે )

દિઉંત સમાન, અથાહ અમાપ હી, જે તાહરે દિલ ભાવે રે,
નાગર સજ્જના રે.
કોઈ આછી રાહ બતાવે રે, નાગર સજ્જના રે,
કોઈ નીકી રાહ બતાવે રે, નાગર સજ્જના રે. ૧
કોઇ શેત્રુંજા રાહ બતાવે રે, કોઈ વિમલાચલ રાહ બતાવે રે;
અતિહે ઉમહિયો ને બહુ દિન વહિયો,
કોઈ ચારે પાજ ચઢાવે રે. નાગર૦ ૨
ધવલ દેવળિયા ને સુરપતિ મળિયા, માનવના વૃંદ આવે રે;
શ્રી જિન નીરખત હરખિત હોવે, તૃષિત ચાતક ઘન પાવે રે.
નાગર૦ ૩
સંગીત નાટક સૂર મનોહર, જ્યું ઘન ગાજશું આવે રે;
સકલ તીરથમાં સમરથ એહી, આગમ પાઠ સુનાવે રે.
નાગર૦ ૪
ધન ધન તે ગૃહપતિ ને નરપતિ, સંઘપતિ તિલક ધરાવે રે;
ઘેર બેઠાં પણ એહને ધ્યાને, **જ્ઞાનવિમલ** ગુણ ગાવે રે.
નાગર૦ ૫

## ૧૧. શ્રી સિદ્ધાચલજીનું સ્તવન

( ભીમપલાસ )

વિમલાચલ મંડન આદિજિના, પ્રહ ઊઠી વંદું એકમના;
માતા મરુદેવા નંદના, મેં ભેટ્યા નયન આનંદના.
વિમલા૦ ૧

રવિ ઉદયે જગ પંકજ વના, વિકસત છૂટાં અલિબંધના;
હોય નિદ્રિત જો નિજ લોચના, આતમહિત મન આલોચના.
વિમલા૦ ૨

ચંચલ એ તન ધન જોવના, અબ શરણ ન મોંકો જિનજી વિના;
ચહો સકલ સદા નિજ જીવના, કરી વિનય ભજો જગજીવના.
વિમલા૦ ૩

## ૧૨. શ્રી સિદ્ધાચલજીનું સ્તવન

( ભવિકા ! સિદ્ધચક્ર પદ વંદો )

સિદ્ધગિરિ મંડન પાય નમીજે, રિસહેસર જિનરાય;
નાભિ ભૂપ મરુદેવી નંદન, જગત જંતુ સુખદાય રે.
સ્વામી ! તુમ દરિશન સુખકાર;
તુમ દરશનથી સમકિત પ્રગટે, નિજ ગુણઋદ્ધિ ઉદાર રે. ૧

ભારે કરમી પણ તેં તાર્યા, ભવજલધિથી ઉગાર્યા;
મુજ સરીખા કિમ નવિ સંભાર્યા, ચિત્તથી કિમ ઉતાર્યા રે.
સ્વામી૦ ૨

પાપી અધમ પણ તુમ સુપસાયે, પામ્યા ગુણ સમુદાય;
અમે પણ તરશું શરણ સ્વીકારી, મહેર કરો મહારાય ! રે.
સ્વામી૦ ૩

તરણ તારણ જગમાંહી કહાવો, હું છું સેવક તારો;
અવર આગળ જઈને કેમ જાચું, મહિમા અધિક તુમારો રે.
સ્વામી૦ ૪

મુજ અવગુણ સામું મા જુવો, બિરૂદ તુમારું સંભાળો;
પતિતપાવન તુમ નામ ધરાવો, મોહ વિડંબના ટાળો રે.
સ્વામી૦ ૫

પૂરવ નવાણું વાર પધારી, પવિત્ર કર્યું શુભ ધામ;
સાધુ અનંતા કર્મ ખપાવી, પહોંચ્યા અવિચલ ઠામ રે.
સ્વામી૦ ૬

શ્રી **જયવિજય** વિબુધ પયસેવક, વાચક જસ કહે સાચું;
વિમલાચલ-ભૂષણ સ્તવનાથી, આનંદ રસભર માચું રે.
સ્વામી૦ ૭

## ૧૩. શ્રી. સિદ્ધાચલજીનું સ્તવન

### ઢાળ પહેલી

( શાસનનાયક શિવસુખદાયક જિનપતિ મારા લાલ )

સુરપતિ આગે ઈમ જંપે, શ્રી વીર જિનેસરુ, ગિરિરાજ;
એ તો સકલ તીરથમાં સાર, શ્રી શત્રુંજય સુખકરુ, ગિરિરાજ. ૧
સીધ્યા ઈહાં સાધુ અનંત, અનંત કેવળધરા, ગિરિરાજ;
જિનવર જિહાં આવ્યા અનેક, જાણી પાવન ધરા, ગિરિરાજ. ૨
રાયણ તળે ઋષભ જિણંદ, ગુણાકર ગેલશું, ગિરિરાજ;
વ્હાલા પૂરવ નવાણું વાર, પધાર્યા પ્રેમશું, ગિરિરાજ. ૩
એ તો મુગતિ વધૂ વરવાની, પીઠ વખાણિયે, ગિરિરાજ;
ત્રિભુવન તારક એહ, તીરથ જગ જાણિયે, ગિરિરાજ. ૪
દીઠે કરે દુરગતિ દૂર, એ દુષમ કાળમાં, ગિરિરાજ;
ચાહીને જઈએ સિદ્ધક્ષેત્ર, રહીએ એની ચાલમાં, ગિરિરાજ. ૫

### ઢાળ બીજી

વનિતા તે પિયુને વિનવે રે, વ્હાલા અવસર મલિયોજી આજ;
સંઘતિલક ધરી શોભતું રે, વ્હાલા, જન્મ સુધારણ કાજ.
સાહેબા રે મારા, ચાલો જઈએ સિદ્ધક્ષેત્ર. ૧

ઘરેણાં તે મુજને નવિ ગમે રે, વ્હાલા ન ગમે નવસર હાર;
ચિત્ત લાગ્યું વિમલાચલે રે, વ્હાલા ન ગમે ઘર વ્યાપાર.
સાહેબા૦ ૨

સંયોગ સઘલા સોહિલા રે, વ્હાલા યાત્રાનો દોહિલો યોગ;
તે પામીને પાછા પડે રે, વ્હાલા તે તો ભારે કરમના ભોગ.
સાહેબા૦ ૩

ઘરે ધંધો કરતાં ઘણાં રે, વ્હાલા પગ પગ લાગે રે પાપ;
છટકી પાપથી છૂટીએ રે, વ્હાલા જપતાં વિમલાચલ જાપ.
સાહેબા૦ ૪

ઢાળ ત્રીજી ( મારૂં મન મોહ્યું રે )

સંઘ શેત્રુંજાનો રે, અતિ રળિયામણો રે,
મુલક મુલકના રે લોક;
મનના હેજે રે, બહુ આવી મળે રે,
કરવા પુણ્યનો પોષ. સંઘ૦ ૧

મજલે મજલે રે, મહા પૂજા રચે રે,
નવલા થાયે રે નાચ;
ભાવના ભાવે રે ભવિજન ભાવશું રે,
આતમ ભેદે આચાર. સંઘ૦ ૨

ઉત્તમ પ્રાણી રે, પાછા ન ઓસરે રે,
દેતા સુપાત્રે રે દાન;
છહ 'રી' ધરતાં રે, પંથે સંચરે રે,
ધરતાં પ્રભુનું રે ધ્યાન. સંઘ૦ ૩

મૃદંગને નાદે રે, મનની મોજશું રે,
ધવલ મંગલ ગીત ગાન;
મધુર સ્વરે રે, કેઈ મુખ ઉચ્ચરે રે,
કેઈ ધરતા તેહ કાન. સંઘ૦ ૪
દેહરે દેહરે રે, જિનવર પેખતા રે,
પડિક્કમણો પચ્ચખ્ખાણ;
મુનિમુખ સુણે રે, શ્રાવક મંડળી રે,
વિમલાચલનાં વખાણ. સંઘ૦ ૫

ઢાળ ચોથી ( દેખણ દે સખી! દેખણ દે )

માહરા રે ભાઈ સૂડલા ! ગુણ માનું લાલ,
મુને આપજે થારી પાંખ, થારો ગુણ માનું લાલ;
હું તો ઓલંઘી ઉજાડય તાહરી, ગુણ માનું લાલ,
મુને સિદ્ધાચલ દેખાડ, થારો ગુણ માનું લાલ. ૧
આદીસર ભેટું ઊડીને, ગુણ૦ ભાંગું મારા ભવની ધાંખ; થારો૦
વૈશાખ જેઠની વાદળી, ગુણ૦ મારા સંઘ ઉપર કર છાંય.
થારો૦ ૨
પવન લાગું તારા પાઉંલે, ગુણ૦ મારા સંઘને હોજો સુવાય;
થારો૦
જલધર જાઉં તારે ભામણે, ગુણ૦ તું તો ઝીણી ઝીણી વરસે બૂંદ.
થારો૦ ૩
માલીડા લાવે ફૂલડાં, ગુણ૦ માલતી ને મચકુંદ, થારો૦
જાઇ જૂઈ કેતકી, ગુણ૦ ડમરો ને જાસૂદ.
થારો૦ ૪

પારખે પ્રેમજી સંઘવી, ગુણ૦ વળી ભણુસાલી કપૂર, થારો૦
મજલ નાની જો કરે, ગુણ૦ તો સંતાપે નહીં સુર.
થારો૦ ૫
**ઉદયરતન** એમ ઉચ્ચરે, ગુણ૦ તું તો ચિત્તમાંહી ધરજે
ચોજ; થારો૦
શ્રી આદીસર સાહિબા, ગુણ૦ મુને દરિસણ દેજો રોજ.
થારો૦ ૬

## ઢાળ પાંચમી

વારુ એ તો પુણ્યે પામી વેળા રે હો, મોહનના થયા મેળા;
મોહનના થયા મેળા રે હો, શેત્રુંજો ભલે દીઠો.
શેત્રુંજો ભલે દીઠો રે હો, જોતાં લાગે મીઠો રે હો. ૧
વારુ એ તો મુગતિ વધૂનો ટીકો રે હો,
સહુને લાગે નીકો રે હો શેત્રુંજો૦ ૨
વારુ એ તો મોતિયડે અમૂલે રે હો,
વધાવો સોવન ફૂલે રે હો. શેત્રુંજો૦ ૩
વારુ એ તો દિન દિન વિશેષ રે હો,
દીપે સોરઠ દેશ રે હો. શેત્રુંજો૦ ૪
વારુ એ તો શાશ્વતો ગિરિ સોહે રે હો,
જોતાં સુરનરનાં મન મોહે રે હો. શેત્રુંજો૦ ૫

## ઢાળ છઠ્ઠી

નાભિ નરેસર નંદના રે, મારુદેવી માત મલ્હાર;
દરશન તાહરૂં દેખતાં રે, માહરો સફલ થયો અવતાર.
હો પ્યારા ગઢપતિ હો,
ગાઢા જિનપતિ હો, સુણો સેવકની અરદાસ. ૧

કૂડા એ કળિકાળમાં રે, સાચો તુંહિ જ સ્વામી;
ભક્તવચ્છલ ભલે ભેટિયો રે, સફળ પાઉં તુજ નામી.
હો પ્યારા૦ ૨

ભમતાં ભવની શ્રેણીમાં રે, દીઠા દેવ અનેક;
પણ મુક્તિદાયક પોખિયો રે, અંતરજામી તું એક.
હો પ્યારા૦ ૩

સિદ્ધાચલની સેવના રે, સૂરજ કુંડનું સ્નાન;
પુણ્ય હોય તો પામિયે રે, ગેલશું જિનગુણગાન.
હો પ્યારા૦ ૪

## ઢાળ સાતમી

વાટ વિષમ ઓળંગીને રે પ્રભુજી,
લૂનાં લેહરાં લેત, મુજરો છે માહરો.
આરતિ ને ઉજાગરા રે પ્રભુજી !, આતપ સહિયા અપાર; મુજરો૦
તે ગયા સર્વ વિસરી રે પ્રભુજી !, દેખતાં તુમ દેદાર.
મુજરો૦ ૧

પાય અણવાણે પંથમાં રે પ્રભુજી !, કંટક ભાંગ્યા કોડ; મુજરો૦
હવે કરમના કાંટા નીસર્યા રે પ્રભુજી !, ભાંગી માહરા ભવની ખોડ.
મુજરો૦ ૨

## ઢાળ આઠમી

રયણમય જડિત રૂડી આંગિયાં અનૂપ,
કેસર કુસુમ કેરો, રૂડો બન્યો રૂપ;
દેખી આદિ જિન આજ,
રૂપ તેરો મન મેરો, મગન્ન ભયો રાજ. ૧

મસ્તક મુગટ્ટ બન્યો, હૈયે બન્યો હાર;
સૂરતિ ઘણું શોભતી ને, શોભતા શણુગાર. દેખી૦ ૨
કાને ઓપે કુંડલાં, જોડય જડાવ;
બાંહે રૂડો બન્યો, બાજુબંધ બનાવ. દેખી૦ ૩

## ઢાળ નવમી

પૂજો પૂજો રે, ભવિ! આદિ જિનેસર પૂજો;
ગિરિ શેત્રુંજા કેરો સાહિબ, ઋષભદેવ નહિ દૂજો રે.
ભવિ૦ ૧
ભગવંત આગળ ભાવના ભાવતાં, પૂજતાં અષ્ટ પ્રકાર;
નૃત્ય કરંતાં દુરિત નસાયો, માદલને ધીંકાર રે.
ભવિ૦ ૨
સકલ મનોરથ સફલ ફલ્યા વળી, જીતનાં વાજાં વાગ્યાં;
મંગલ વેળા ફળી આજ માહરે, ભવદુઃખ સઘળાં ભાગ્યાં રે.
ભવિ૦ ૩
સુરત બંદર શહેરનો વાસી, પારેખ પ્રેમજી પોતે;
સંઘ લેઈ શેત્રુંજે આવ્યો, જયું પાઇએ પ્રભુજયોતે રે.
ભવિ૦ ૪
ભણુશાલી કપૂર ભળીએ રે, સાન્નિધ્ય સંઘની કીધી;
કાઠી લોકમાં લાગ્યો કરડો, સબળ શાબાશી લીધી રે.
ભવિ૦ ૫
સંવત સત્તર સીત્તેર વરસે, વદ સાતમ વૈશાખે;
**ઉદયરતન** આદીસર ભેટયા, સંઘ ચતુર્વિધ સાખે રે.
ભવિ૦ ૬

### કળશ

શ્રી હીર રત્ન સૂરીંદ જાણો, જ્ઞાન રત્ન સુગુણ નીલો;
તે સંઘ સાથે સાત ઠાણે, ભેટિયો ત્રિભુવન તિલો;
જે જન આરાધે મન સમાધે, સાધે સરવે સંપદા,
ઉદયરતન આખે અનેક ભવની, તે ટાળે સવિ આપદા. ૧

## ૧૪. શ્રી શત્રુંજય મહાતીર્થ મંડન
## શ્રી આદિ જિન વિજ્ઞપ્તિસ્વરૂપ સ્તવન

( વિમલાચલ નિત વંદિયે )

જય! જય!! તું દેવાધિદેવ!, વિમલાચલ મંડન!
જય! જિન! તું જગદેકબંધુ!, મરુદેવીનંદન! જય૦ ૧
વંદન–વિધિશું ભવિ કરે, તુજ પદકજ ઉચ્છાંહી;
સારથવાહ પરે મિલ્યો, તું ભવ અટવી માંહી. જય૦ ૨
બાંહ્ય ગ્રહી પ્રભુ તારીએ, એ સેવક કરો સનાથ;
નાથ! નિરંજન તું જયો, સાચો શિવપુર સાથ જય૦ ૩
સાથ મિલ્યો સવિ સુખ તણો, તુજ દરિસણ દીઠે;
તાપ ગયો તન મન તણો, જેમ અમૃત વૂઠે. જય૦ ૪
ધીઠે જેણે નવિ નીરખીઓ, તુજ દરસણ સાર;
નર ભવમાંહી જાણીએ, તેહ પશુ અવતાર. જય૦ ૫
તારક વડ સફરી પડે, એ અડવડીઆં આધાર;
ધારક ધર્મધુરા તણો, જગજંતુ હિતકાર. જય૦ ૬
કારણ વિણ જગદેકશરણ, કરૂણારસ ભરિયો;
તરિયો તુજ પય વંદના, મેં ભવજલ દરિયો. જય૦ ૭
પરિચો નાભિ નરિંદનો, નિરુપમ અજુ આવ્યો;
ટાળ્યો યુગલા ધર્મ તેં, જિનપંથ સંભાળ્યો. જય૦ ૮

ગાળ્યો મોહ મહીપતિ ને, ટાળ્યો રતિપતિ ચંડ;
દંડ વિના તેં વશ કર્યો, અંતર વૈરી પ્રચંડ. જય૦ ૯
ચંડ સ્વભાવ ન તાહરે, સોવન ઝલકંતી;
કાંતિ મૂરતિ તુજ તણી, ગતિ જિમ વરદંતી. જય૦ ૧૦
ખંતિ મુત્તિ કીત્તિ, તુજ ત્રિભુવનમાં દીપંતી;
જુત્તિ જોતાં અવર દેવ, મુદ્રા ઝીયંતી. જય૦ ૧૧
ખંત ધરી પ્રભુ આવિયો એ, તુજ દરિશણને કાજ;
આજ જનમ સફળો થયો, મેં પામ્યું ત્રિભુવનરાજ. જય૦ ૧૨
રાજ સુણો એક વિનતી, સેવકની સાચી;
નાચી મુજ મન મંડપે, તુજ સેવા જાચી. જય૦ ૧૩
કાચી મતિ માહરી અછે, તોહે પણ સુણીએ;
ગણીએ સેવક આપનો, પણ નવં અવગણીએ. જય૦ ૧૪
રણીએ કર્મે રોળવ્યો એ, મુજને કાળ અનંત;
સંત મલ્યો સાચો તુંહી, તિણે કહું નિજ વૃતાંત. જય૦ ૧૫
મોટે ખોટે મોહ ભૂપે, મુજને દુઃખ દીધાં;
કીધાં મન ગમતાં તિણે, શુભ ફળ સવિ લીધાં. જય૦ ૧૬
અવ્યવહારી નિગોદને, વડ બંદીખાને;
છાને રાખ્યો તેહમાં, તે પ્રભુ! તું જાણે. જય૦ ૧૭
આણ્યો વળી વ્યવહારમાં એ, ભૂદગ, અગ્નિ, વાય;
વણ અનંત, પ્રત્યેકમાં, કાળ અનંત રખાય. જય૦ ૧૮
બિ તિ ચૌરિંદ્રિ જાતિમાં, મુજને અવતાર્યો;
સન્નિ અસન્નિ તિમ, પણિંદિ ફરતાં નવિ વાર્યો. જય૦ ૧૯
છાલી વાટક ન્યાય પરે, એ સઘળોએ લોક;
વાર અનંતી ફરસીઓ, કીધા ભવ ફોક. જય૦ ૨૦

થોક લહ્યાં ફલ પાપનાં એ, તુજ આણા વિણુ સાર;
જન્મ મરણ દુઃખ બહુ સહ્યાં, જિનપ! નિગોદ મોઝાર. જય૦ ૨૧
પુદ્ગલ પરિવર્તન કર્યાં, ઇમ અનંતાનંત;
દશ દૃષ્ટાંતે દોહિલો, લાધ્યો નરભવ કંત! જય૦ ૨૨
માછી, મોચી, વાઘરી, ધીવર, કુલ આયો;
તિમ વલી પાપોદય થકી, નરપતિ કુલ આયો. જય૦ ૨૩
આકરા કર લીધા ઘણાએ, નાણી મન તિલ ખંચ;
ગામ પટેલાઈ મેં કરી, કીધા પાપ પ્રપંચ. જય૦ ૨૪
કૂડ-કપટ છલ આચર્યાં, નગમ કુલ કીધાં;
વ્રત પચ્ચક્ખાણ ને આખડી, જન લાજે લીધાં. જય૦ ૨૫
મિથ્યામત પદમોહથી, નવિ જાણ્યો સાર;
જાણ્યું પણ નવિ આચર્યું, જિનજી! તત્ત્વ લગાર. જય૦ ૨૬
ગારવથી ભણ્યો જ્ઞાનને, એ ચાલ્યો પંથ ઉવાહ;
ચંદન વિવિધ વહે યથા, ખંધે ખર નિરુત્સાહ. જય૦ ૨૭
પેય અપેય અભક્ષ્ય ભક્ષ્ય, નવિ અંતર લાધ્યો;
રામા રસના રાગ રંગ, વિષયાશું બાંધ્યો. જય૦ ૨૮
પરદારા ગમનાદિ પાય, આપહી અતિ ઉપાયા;
હિંસા, આલી, અદત્તાદાન, તે મુજ અંગે સુહાયા. જય૦ ૨૯
વાહ્યા બહુ જન કપટથી એ, મેલ્યા પરિગ્રહ કોડી;
કોડ કરીને કીધલાં, રયણીભોજન દોડી. જય૦ ૩૦
વનિતાના વલી હાવભાવ, દેખીને રીઝું;
સદ્ગુરુ શીખ સુણી કરી, મનમાંહી ખીજું. જય૦ ૩૧
ભીંજું વયણે તેહને, જે વિષયોમાં પાડે;
જીભ પરે લૂખે મને, માયા બહુ દેખાડે. જય૦ ૩૨

જાડ્યપણે એમ ભર્મથી એ, કીધાં કોડી કુકર્મ;
તાસ પ્રસંગે જીવ લહે, નિશ્ચય નરક કુશર્મ. જય૦ ૩૩
વધ, બંધન ને છેદ, ભેદ, વેદન બહુ પામી;
ભૂખ, તૃષા વળી શીત, તાપ, કરે પરમાધામી. જય૦ ૩૪
કામીને લોહ પૂતળી, આગ્યે ધગધગતી;
આલિંગાવે વેળુકા, તાપે તડતડતી. જય૦ ૩૫
ઇમ નરક વેદન સહી એ, આવ્યો તિરિય મોઝાર;
તહાં અવિવેક પ્રસાદથી, કીધા બહુ અવતાર. જય૦ ૩૬
જલચર, થલચર, ખેચરાદિ, પશુ, પંખીમાંહી;
કીધાં કોડી ગમે કુકર્મ, હાર્યા ભવ ત્યાંહિ. જય૦ ૩૭
દેવતણી ગતિમાં વળી, લાધ્યાં દુઃખ બહોળાં;
કામતણે રસે પરવશે, ઘણાં કુકર્મ ઝકોલ્યાં. જય૦ ૩૮
ઈમ ચઉ ગતિ સાયર ફરીઓ, વાર અનંતાનંત;
પુણ્યે નરભવ પામીઓ, આરજ દેશ મહંત. જય૦ ૩૯
કર્મ ભૂપ અનુકૂળથી, કુળ ઉત્તમ પામ્યો;
તવ સદ્ગુરુના વચણથી, મિથ્યામત વામ્યો. જય૦ ૪૦
પ્રભુ ! તાહરા સુપ્રસાદથી, એતી ભૂમિ આવ્યો;
ન ઘટે નાથ! ઉવેખવું, તું મુજ મન ભાવ્યો. જય૦ ૪૧
તીરથ બહુ મેં ફરસિયાંએ, તુજ સમ તારક કોય;
નવિ દિઠો તેણે કારણે, નેક નજર મોહે જોય. જય૦ ૪૨
આરંભી સપરિગ્રહી, વિષયી બહુ નેહી;
તોયે હું તુજ ચરણનો, સેવક સસનેહી. જય૦ ૪૩
પરની વાતો સાંભલી, જો ઉવેખશો આજ;
કાજ સરે કિમ માહરાં, કિમ રેહેશે તુજ લાજ. જય૦ ૪૪

રાજ કૃપાપર સહુ પરે એ, તો શ્યે કરો વિચાર;
એક વાર પ્રભુ ઈમ કહો, તું મુજ સેવક સાર. જય૦ ૪૫
દીનાનાથ અનાથ તું, તું શિવયોગી અયોગી;
નિઃસંગી સંગી સદૈવ, સમતા સુખભોગી. જય૦ ૪૬
તુંહી અલિંગી જન કહે, જિન લક્ષણ લિંગી;
ચંગી તુજ પદ સેવના, તિણે મુજ મતિ રંગી. જય૦ ૪૭
હું કેવલ લિંગી અછુએ, કિમ કહું સકલ સ્વરૂપ;
કરૂણા રસભર પૂરીઓ, તું પ્રભુ અકલ અરૂપ. જય૦ ૪૮
જનમ કૃતારથ અબ હુઓ, તુજ દરિસણ દેખે;
જીવિત સફળ માહરૂં થયું, નિશિ દિવસ થયો લેખે. જય૦ ૪૯
આજ થકી નિશ્ચય કર્યો, હવે નવિ પામું;
નરક નિગોદ તિરિતણું, ભવ દોહગ વામું. જય૦ ૫૦
પામ્યો સમકિત સુરતરુ એ, કાઢયો સાલ મિથ્યાત;
રોમ રોમ તનુ ઉલ્લસ્યો, જબ દીઠો તું તાત. જય૦ ૫૧
દૂર થકી પણ વંદના, નિત્ય નિત્ય હું કરતો;
ધ્યાન તુમારૂં ચિત્તમાં, અહોનિશ હું ધરતો. જય૦ ૫૨
પ્રસન્ન થઈ મુજ આજ સ્વામી, સ્વયં મુખ જબ મળીઆ;
કર્મકલેશ ટળ્યા હવે, મનવંછિત ફળીઆ. જય૦ ૫૩
ગળીઆપણું મૂકી કરી એ, કરૂં નિત્ય તુજ ગુણગામ;
કહ્યું કહાવ્યું જેણે હુએ, તેહની વતી પ્રણામ. જય૦ ૫૪
નિજ બાળકને આપીએ, સમકિતનો મેવો;
મહેર કરી મુજ તારીએ, એ જગ જસ લેવો. જય૦ ૫૫
જય! જય!! તું જગદેવ નામ, રિસહેસર સ્વામી!
સુરમણિ સુરતરુથી અધિક, તુજ સેવા પામી. જય૦ ૫૬

પાય નમી પ્રભુ વંદના એ, સેવક કહે નિશ દિશ;
**ધીરવિમલ** પંડિત તણો, **નયવિમલ** કહે સીસ. જય૦ ૫૭

## ૧૫. શ્રી અજિતનાથ જિન સ્તવન

( પીલી પીલી પાભરીને રંગ રાતો ટોલ )

વિજયાનંદન સાહિબ વંદો, ભાવ ભવિયા આણી;
ગજલંછન કંચનવન કાયા, ચિત્ત ધારૂં વાણી.
ઝમ્મક જોર બની છે રે, સોઈ જોર ગુન્ની છે. ૧
કેસર ઘોળ ઘસી શુચિ ચંદન, લેઈ વસ્તુ ઉદાર;
અંગી ચંગી અજબ બનાઇ, મેળવી ઘનસાર. ઝમ્મક૦ ૨
જાઈ જુઈ ચંપ મરૂઓ, કેતકી મચકુંદ;
બોલસિરી વર દમણો આણી, પૂજિયે જિણંદ. ઝમ્મક૦ ૩
મસ્તક મુગટ પ્રગટ સવિરાજઈ, હાર હૈયે સાર;
કાને કુંડલ સૂરજમંડલ, જાણિયે મનોહાર. ઝમ્મક૦ ૪
દ્રવ્યસ્તવ ઈમ પૂરણ વિરચી, ભાવો ભાવ ઉદાર;
અલખ નિરંજન જનમન રંજન, પૂજતાં ભવપાર. ઝમ્મક૦ ૫
ચિદાનંદ પૂરણ ગુણપાવન, **ન્યાયસાગર** ઈશ;
પરમ પુરૂષ પરમાતમ નિર્મલ, ધ્યાઇયે જગદીશ. ઝમ્મક૦ ૬

## ૧૬. શ્રી સંભવનાથ જિન સ્તવન

(જગપતિ! નાયક નેમિજિણંદ!)

જિનપતિ! સંભવ દેવ દયાલ, અરજ સુણો એક માહરી;
જિનપતિ! દીઠો નાથ દેદાર, સેવ કરું નિત્ય તાહરી. ૧
જિનપતિ! જગમાં જોતાં અનેક, તુજ સરીખો એકે નહીં;
જિનપતિ! આણી હૃદયે વિવેક, તુજ પાસે આવ્યો વહી. ૨

જિનપતિ! તાહરે તો દાસ અપાર, મુજ મન તું એકજ ધણી;
જિનપતિ! અવર ગમે નહીં કોય, ચાહું ચાકરી તુમ તણી. ૩
જિનપતિ! તું હી દેવાધિદેવ, કેવલજ્ઞાન ગુણાકરુ;
જિનપતિ! ઘાતી કરમ અંધકાર, તિમિરવિનાશન દિનકરુ. ૪
જિનપતિ! ભાસિત લોકાલોક, જ્ઞાનદિવાકર તું જયો;
જિનપતિ! પ્રણમે સુરાસુર થોક, મોહ મિથ્યામત મિટ ગયો. ૫
જિનપતિ! સમવસરણ મોઝાર, દેતા ચૌમુખ દેશના;
જિનપતિ! ચઉવિહ ધર્મદાતાર, દૂર કરે ભવ કલેશના. ૬
જિનપતિ! તુજ મુખ દેખી ઉદાર, તેહ અવસ્થા સાંભરે;
જિનપતિ! દીજે સમકિત સાર, જેહથી ભવજલ નિસ્તરે. ૭
જિનપતિ! સત્તર અઠ્ઠાણું મોઝાર, ગાયા ગુણ હરખે કરી;
જિનપતિ! ઉદયસૂરિ સુપસાય, ન્યાય કહે ઊલટ ધરી. ૮

## ૧૭. શ્રી સંભવનાથ જિન સ્તવન

( દ્વારિકામાં રાજ્ય કરે રણછોડ )

ભાવપૂજા નિત્ય કરો કર જોડ,
સંભવ જિન મનમંદિર તેડી, સકલ દેવ સિર મોડ. ૧

સમરસ ગંગાજલ ન્હવરાવો, ભાવ તણી નહીં ખોડ;
અંગરાગ કેસર ને સુખડે, ઓરસિયો મનછોડ. ભાવ૦ ૨

ધ્યાન સુગંધ કુસુમસે પૂજા, ટાળી નિજ મન દોડ;
ધૂપ રૂપ જિનકો ઘટ વાસો, દૂર ટળે દુઃખ ઝોડ. ભાવ૦ ૩

મહાનંદ ધૃત થિર મન વર્તી, ભક્તિ થાલમાં છોડ;
જ્ઞાનપ્રદીપ જગાવી જ્યોતિ, આરાત્રિક કર કોડ. ભાવ૦ ૪

એણિ પેરે પૂજા કરી જિનજી કી, કાઢો મિથ્યા ઓડ;
**ન્યાયસાગર** પ્રભુ સુયશ મહોદય, વાધે કોડાકોડ. ભાવ૦ ૫

## ૧૮. શ્રી અભિનંદન જિન સ્તવન

(જૈનકો મારગ ધન્ન હે, સુણો અરથી લોકો.)

અડદસ દૂષણ વર્જિત દેવા, અભિનંદન વરવન્ન હૈ,
સુણો અર્થી લોકો. ૧
દુવિધ પરિગ્રહ ન ધરે કબહું, ગુરૂ ગુણ શોભિત તન્ન હૈ.
સુણો૦ ૨
ખંત્યાદિક દશ ગુણ સુવિદેહા, ધર્મ ભવનમેં મન્ન હૈ.
સુણો૦ ૩
મિથ્યામત નિત હૈ સામવડા, દૂરત છોડયું સન્ન હૈ.
સુણો૦ ૪
શુદ્ધ ધરમ તેરો હી સાચો, જગ ઉપમા નહિ અન્ન હૈ.
સુણો૦ ૫
**ન્યાયસાગર** પ્રભુ ભગતિ શક્તિ, દિન દિન વધતે વન્ન હૈ.
સુણો૦ ૬

## ૧૯. શ્રી સુમતિનાથ જિન સ્તવન

(કોઈ મુરલીવાલો, વાલો બતાવે રે, નાગરનંદના રે)

કોઈ સુમતિ સુધારસ પાવે રે, આતમ સોહના રે;
પરમ નિરંજન દર્શન પાવે, મુગતિ વધૂ વર થાવે રે.
આતમ૦ ૧
મેઘ નૃપતિ સુત અપ્સર ગાવે, સુરપતિ મિલ વધાવે રે.
આતમ૦ ૨

વિષય કષાયે કલુષિત પર સુર, તેહશું કિમ દિલ ભાવે રે.
આતમ૦ ૩
અખય ખજાનો તારો જગમાં, તું દીપે વધુ દાવે રે.
આતમ૦ ૪
**ન્યાયસાગર** પ્રભુ પદકજ સેવા, જ્યોતિશું જ્યોત મિલાવે રે.
આતમ૦ ૫

## ૨૦. શ્રી પદ્મપ્રભ જિન સ્તવન

(કાલિંગડો અથવા પીલૂ)

મેરો મન મોહ્યો જિન મૂરતિયાં,
અતિ સુંદર મુખકી છબિ નિરખત,
હરખિત હોત મેરી છતિયાં. મેરો૦ ૧
કેસર ચંદન મૃગમદ ભેલી,
ભગતિ કરું હું બહુ ભતિયાં. મેરો૦ ૨
આર્દ્રકુમાર શય્યમ્ભવની પરે,
બોધિબીજ હોય પ્રાપતિયાં. મેરો૦ ૩
પદ્મ લંછન પદ્મપ્રભ સ્વામી,
ઈતની કરું મૈં વિનતિયાં. મેરો. ૪
**ઉદયરતન** કહે દિયો મુજ સાહિબ!
સકલ કુશલ નિજ સંપત્તિયાં. મેરો૦ ૫

## ૨૧. શ્રી ચંદ્રપ્રભ જિન સ્તવન

(તીરથની આશાતના નવિ કરિયે)

ચન્દ્રપ્રભની ચાકરી નિત્ય કરીએ, નિત્ય કરિયે રે, નિત્ય કરિયે;
કરતાં ભવજલનિધિ તરિયે, હોય પરમ આનંદ.
ચન્દ્ર૦ ૧

લક્ષ્મણા દેવીના લાડકા જિનરાયા, જસ ઉડુપતિ લંછન પાયા;
પ્રભુ ચંદ્રપુરીના રાયા, નિત્ય સમરીએ નામ.
ચન્દ્ર૦ ૨

મહસેન નૃપ કુલચંદ્રમા સુખદાય, એના દર્શને પાપ પલાય;
આતમ નિજ તત્ત્વે સમાય, ભવ ભવનાં દુઃખ જાય.
ચન્દ્ર૦ ૩

દોઢસો ધનુષ પ્રમાણ સુંદર દેહ, તેજે કરી દિણયર જેહ;
ગુણગણ કહી ન શકે કેહ, ધન્ય પ્રભુનો દેદાર.
ચન્દ્ર૦ ૪

દશ લખ પૂરવ આઉખું પ્રભુ પાળી, નિજ આતમને અજવાળી;
દુષ્ટ કર્મના મર્મને ટાળી, વર્યા કેવળજ્ઞાન.
ચન્દ્ર૦ ૪

સમેતશિખર સિદ્ધિ વર્યા ઉછરંગે, એક સહસ મુનિવર સંગે,
પાળી અનશન આતમરંગે, લહ્યું પદ નિરવાણ.
ચન્દ્ર૦ ૬

જિન ઉત્તમ પદ પદ્મને જે ધ્યાવે, રુપ કીરતિ કમલા પાવે;
મુનિ **મોતીવિજય** ગુણ ગાવે, આપો અક્ષય રાજ.
ચન્દ્ર૦ ૭

## ૨૨. શ્રી શાન્તિનાથ જિન સ્તવન

( શ્રી સુપાર્શ્વજિન વંદિયે )

બે કર જોડીને વિનવું, અવધારો ભગવંત, પ્રભુજી!
શરદ શશી મુખ તાહરૂં, મુજ મન દેખણ ખંત, પ્રભુજી!
શાન્તિ જિનેસર વંદિયે. ૧

શાંતિ જિનેસર વંદિયે, આણી ઉલટ અંગ, પ્રભુજી !
મધુકરને મન માલતી, મેઘ મયૂર રંગ, પ્રભુજી !
શાન્તિ૦ ૨

મૂરતિ મોહનવેલડી, શેલડી રસ સમાન, પ્રભુજી !
સુર કિન્નર ચરણે નમે, લોપે નહિ તુજ આણ, પ્રભુજી !
શાન્તિ૦ ૩

માહરે તુમ વિણ કો નહીં, બીજો જગમાં દેવ, પ્રભુજી !
ભાવ ભગતિશું ભેટશું, કરશું તાહરી સેવ, પ્રભુજી !
શાન્તિ૦ ૪

મુખ મટકે મન મોહિયો, અધર પ્રવાલ સુરંગ, પ્રભુજી !
પ્રદીપશિખા જિસી નાસિકા, વાંકડી ભમુહ સુચંગ, પ્રભુજી !
શાન્તિ૦ ૫

તાલ મૃદંગ બજાવતા, ગાતા મધુરે સાદ, પ્રભુજી !
સુર નર નારી પૂજા કરે, પામતા પરમ આહ્લાદ, પ્રભુજી !
શાન્તિ૦ ૬

ઘમ ઘમ વાજે ઘૂઘરા, નેઉરનો ઝણકાર, પ્રભુજી !
નૃત્ય કરે અતિ ભાવશું, બોલતા જય જયકાર, પ્રભુજી !
શાન્તિ૦ ૭

નયણ કમલદલ પાંખડી, કુંડલ રવિ શશિ જોડ, પ્રભુજી !
તેજ ઝલામલ જળહળે, જાણે સૂરજ કોડ, પ્રભુજી !
શાન્તિ૦ ૮

કેશર ચંદનશું ઘસી, આંગી વિરચે રસાલ, પ્રભુજી !
ભક્તિરસે પૂજી કહે, તારો મુજે કૃપાલ, પ્રભુજી !
શાન્તિ૦ ૯

અરજ ઉરે અવધારજો, માહરી સુણજો વાત; પ્રભુજી !
સેવક નહીં વિસારિયે, જ્યું બાલક માય તાત, પ્રભુજી !
શાન્તિ૦ ૧૦

કુરૂ જંગલ મુખ મંડણો, મોટો તું મહા રાય, પ્રભુજી !
પંડિત **શ્રી કીર્તિનંદનો**, વિદ્યાસાગર ગુણ ગાય, પ્રભુજી !
શાન્તિ૦ ૧૧

## ૨૩. શ્રી શાંતિનાથ જિન સ્તવન

( લાલ તોરે દરશનકી બલિહારી )

શાન્તિ ! તેરે લોચન હૈં અનિયાંરે;
કમલ જ્યું સુંદર, મીન જ્યું ચંચલ, મધુકરથી અતિ કારે.
શાન્તિ૦ ૧
જાકી મનોહરતા જિત વનમેં, ફિરતે હરિન બિચારે. શાન્તિ૦ ૨
ચતુર ચકોર પરાભવ નીરખત, બહુરે ચુગત અંગારે. શાન્તિ૦ ૩
ઊપશમરસકે અજબ કટોરે, માનું વિરંચિ સંભારે. શાન્તિ૦ ૪
કીર્તિવિજય વાચકકા વિનયી, કહે મુજકો અતિ પ્યારે.
શાન્તિ૦ ૫

## ૨૪. શ્રી મુનિસુવ્રત જિન સ્તવન

( સંયમ રંગ લાગ્યો )

મુનિસુવ્રત જિન વીસમા રે, સ્યાદ્‌વાદ જસ નામ;
સાહિબ શામળિયા.
લોકાલોક જાણે મુનિ રે, સુવ્રત કેરો ધામ. સાહિબ૦ ૧
જ્ઞાન ક્રિયા દોય નામમાં રે, સ્યાદ્‌વાદ અહિઠાણ; સાહિબ૦
જ્ઞાન વિના કિરિયા જિકે રે, કર્મ બંધનો ઠાણ. સાહિબ૦ ૨

શમસુખ નહિ તે જીવમાં રે, ઈમ તુજ મીઠી વાણ; સાહિબ૦
અમૃત સરીખી મન ગમે રે, પાપ તાપ હોય હાણ. સાહિબ૦ ૩
અજ્ઞાની કિરિયા કરે રે, લોકદૃષ્ટિ અનુસાર; સાહિબ૦
બહુલ સંસારના જોરથી રે, વિણ શિવસુખ આધાર. સાહિબ૦ ૪
શિવસુખ ફળ જે ધર્મ છે રે, મૂલ ન પામે તેહ; સાહિબ૦
લોકરીઝ કેવલ લહે રે, ન લહે આતમગેહ. સાહિબ૦ ૫
કિરિયા અવગણી જ્ઞાનની રે, ફોગટ કરતા વાત; સાહિબ૦
શુષ્ક અધ્યાત્મીપણું લહી રે, કરતા આતમઘાત. સાહિબ૦ ૬
શ્રી જિન ઉત્તમ તાહરા રે, પાદપદ્મની સેવ; સાહિબ૦
કરતાં દોષ ટળે સવિ રે, ગુણ આવે નિત્યમેવ. સાહિબ૦ ૭

## ૨૫. શ્રી મુનિસુવ્રત જિન સ્તવન

( પીલૂ )

સુવ્રતસ્વામીના લાગુ ચરણે, પદ્માદેવી સુત અંજનવરણો;
સુમિત્ર રાયના કુલે નગીનો, રાજ્ય તજી શુભ સંયમલીનો.
જ્ઞાનના ભીના ! અરજ સુણીજે, અરજ સુણી મુજ શિવસુખ દીજે. ૧
ચાર મહાવ્રત ચોખ્ખાં પાલે, ચારે ઘાતી કર્મને ટાળે;
પામી પંચમ જ્ઞાન નિહાળે, લોક અલોક સવિ અજુઆળે.
જ્ઞાન૦ ૨
પ્રતિ પ્રદેશમાં ગુણ અનંતા, ગુણ ગુણપર્યાય ભાંખ્યા અનંતા;
તેય પર્યાય સમ પર્યાયજ્ઞાન, તિણે અનંતું કેવળજ્ઞાન.
જ્ઞાન૦ ૩
જ્ઞાનથી જાણે તેણે મુનિ હોય, શુભ વ્રત પાલને સુવ્રત જોય;
સ્યાદ્વાદ તારે નામે સમાણો, દાસને કીજે આપ સમાનો.
જ્ઞાન૦ ૪

ઇણિ પરે જિનવર ઉત્તમ કેરા, પાપ પદ્મે હોય ભ્રમર ભલેરા;
તે અનુભવ–રસ સ્વાદ લહીને, નિજ તત્ત્વે હોય પુષ્ટ વહીને.
જ્ઞાન૦ ૧

## ૨૬. શ્રી નમિનાથ જિન સ્તવન

( સિદ્ધારથના રે નંદન! વિનવું )

સેં મુખ હું તુમને ન મળી શકયો, તો શી સેવા થાય;
દૂર થકી કીધી ન વરે પડે, ખબર ન દે કોઈ આય.
સેં મુખ૦ ૧

પ્રવચન સુધારસ વરસતો, આગળ પરષદ બાર;
સમવસરણ નજરે નિરખ્યો નહીં, સજલ જલદ અનુહાર.
સેં મુખ૦ ૨

જિમ જિમ ગુરૂમુખ પ્રભુગુણ સાંભળું, તિમતિમ તનુ ઉલ્લસંત;
પરમેસર પ્રાપતિ પખે, પરતક્ષ કેમ મિલંત.
સેં મુખ૦ ૩

સુખ–દુઃખની પણ વાત ન કો કહી, બે ઘડી બેસી રે પાસ;
કમાઈ જો પોતા તણી, તો કિમ પૂગે રે આશ.
સેં મુખ૦ ૪

સમરી સમરી રસના રસવશ કરે, નમિ ગુણગાન રસાલ;
શ્રી જિનરાજ જનમ સફલો કરે, ઈણ પરે એ કલિકાલ.
સેં મુખ૦ ૫

## ૨૭. શ્રી નેમ–રાજુલ નવ ભવ ગર્ભિત સ્તવન

નેમજી આવ્યા રે, સહસા વનકે મેદાન,
કરુણા લાયા રે, જિનપદ નામકે નિદાન.

કૃષ્ણજી વંદન કેરે કામ, દેઈ વનપાલને બહુ દામ,
પ્રભુજી ! સાથે રે, સેના લેઈ અભિરામ;
પ્રભુજી પેખી રે, પંચાભિગમ પરકાર,
વન્દના કીધી રે, માને સફલ અવતાર;
દેશના દીધી રે, પ્રભુજીએ ભવિ ઉપગાર. નેમજી૦ ૧

કૃષ્ણજી પૂછે પ્રભુજી કેમ, રાજુલને તુમ ઉપર પ્રેમ?
અરિહા નેમજી બોલે એમ;
નવ ભવ કેરી રે, વાત સુણોને કાન!
ધુર ભવ ધારો રે, ધનવતી અભિધાન;
સમકિત સારું રે, પામ્યા મોક્ષ નિદાન. નેમજી૦ ૨

ધનદત્ત ભાઈ બીજો ધનદેવ, સમ્યગ્ કરતાં સંયમ સેવ,
સહુએ ઊપના સોહમ દેવ;
સહુ જન પ્રીતે રે, સુખ ભોગવે સુરસાલ,
યાત્રા કરતાં રે, શાશ્વતાં ચૈત્ય વિશાલ;
વિચરંતા વંદે રે, જિનવર પરમ દયાલ. નેમજી૦ ૩

વિદ્યાધર હવે ચિત્રગતિ રાય, તેહની રાણી રત્નવતી થાય,
મનોગતિ ચપલગતિ દોય ભાય;
ત્રીજા ભવમાં રે, સુજસ કેવલીની પાસ,
સમકિત પામ્યા રે, દીક્ષા દમધર સકાશ;
ચારિત્ર પાળી રે, ઊપના માહેન્દ્ર સુરવાસ. નેમજી૦ ૪

હવે પંચમ ભવે ઊપના તેહ, અપરાજિતકુમાર ગુણગેહ,
પ્રીતિમતી તસ રાણી એહ;
તિણે ભવ કીધો રે, બહુજનને ઉપગાર,
પૃથવીમાં ભમતાં રે, મલિયા કેવલ અણગાર;
મિત્રની સાથે રે, પ્રણમ્યા ભક્તિ ઉદાર. નેમજી૦ ૫.

કેવલી કહે તું સમકિતવંત, ભરતમાં બાવીસમો ભગવંત,
વિમલબોધ એ ગણધરતંત;
સુર સોમ નામા રે, ભાઇ તે પણ ગણધાર,
સાંભળી પામ્યો રે, મનમાં હરખ અપાર;
અનુક્રમે બૂઝયાં રે, લીધો સંયમભાર. નેમજી૦ ૬

સંયમ પાળી નિરતિચાર, આરણ દેવલોકમાં અવતાર,
પાંચે જણાંને પ્રીત અપાર;
તિહાંથી લીધો રે, શ્રીમતિ કૂખે અવતાર,
હથિણાઉરે રે, નામે શંખકુમાર;
તેજ બલ રૂપે રે, શશી સૂરજ અનુકાર, નેમજી૦ ૭

સુરનર નાયક જસ ગુણ ગાય, જસ કીરતિ કાંઈ કહી ન જાય,
ધનવતી જીવ જસોમતી થાય;
મતિપ્રભ મંત્રી રે, જીવ વિમલબોધ તામ,
તિણે ભવ વંદ્યાં રે, શાશ્વત ચૈત્ય ઉદ્દામ;
બહુ વળી પરણ્યા રે, વિદ્યાધરી રૂપે ધામ. નેમજી૦ ૮

જસધર, ગુણધર નામે ભાય,
ઊપના હવે શ્રીષેણરાય, દીક્ષા લેઈને કેવલી થાય;
તાતની પાસે રે, મુનિવરરાય,
સંયમ પાળી રે, આઠે પ્રવચન માય;
શંખ મુનિ સાથે રે, વીસ સ્થાનક સુખદાય. નેમજી૦ ૯

કરે નિકાચિત જિનપદ નામ, અણસણ આદરે સહુ તિણે ઠામ,
પાદપોપગમન નામે ગુણકામ;
અપરાજિતે રે, આયુ સાગર બતરીસ,
અનુક્રમે હુઆ રે, દેવ સદા સુજગીશ;
તિહાંથી આયા રે, સુણ યાદવના અધીશ! નેમજી૦ ૧૦

ઈણ ભવ અભિધા નેમકુમાર, રાજિમતી નામે એ નાર,
ખિણ ભોગ હોઈ ઈણ સંસાર;
તિણે નવિ પરણ્યો રે, વળીઓ તોરણથી એમ,
રાજુલ વિલપે રે, નવ ભવનો ધરી પ્રેમ;
સહુ પડિબોહ્યા રે, ગણધર પદ લહ્યા એમ. નેમજી૦ ૧૧

પ્રેમે દુઃખિયા હોઇ સંસાર, પ્રેમે મૂકે સવિ આચાર,
પ્રેમે ગહિલા હોવે નિરધાર;
પ્રેમ વિષ ધારે, માનવી કરે ઝંપાપાત,
અગનિમાં પેસે રે, મૂર્છા ને જલપાત;
ગલે દિએ ફાંસો રે, પ્રેમની કેઈ કહું વાત. નેમજી૦ ૧૨

સાંભળી બૂઝ્યા કેઇ નરનાર, રાજુલે લીધાં મહાવ્રત ચાર,
પામી કેવળજ્ઞાન ઉદાર;
પ્રભુજી પહિલાં રે, પહોંતી મોક્ષ મોઝાર,
પ્રભુ વિચરંતા રે, અનુક્રમે આયા ગિરનાર;
મુનિવર વંદે રે, પરિવર્યા જગત આધાર. નેમજી૦ ૧૩

પાંચસેં છત્રીસ મુનિ પરિવાર, રુંધી યોગ અનેક પ્રકાર,
સમય એક ઊર્ધ્વગતિ સાર;
સિદ્ધિ વરિયા રે, છોડી સકલ જંજાલ,
સહજાનંદી રે, સાદિ અનંતકાળ;
નિજ ગુણ ભોગી રે, આતમ શક્તિ અજવાલી. નેમજી૦ ૧૪

જિહાં નિજ એક ઓગાહણ હોય, તિહાં રહે સિદ્ધ અનંતા જોય,
કોયને બાધા ન કરે કોય;
નિજ નિજ સત્તા રે, નિજ નિજ પાસહવંત,
કોઇની સત્તા રે, કોઈમાં ન ભળે એકન્ત;
નિશ્ચય નયથી રે, આતમ ક્ષેમ રહંત. નેમજી૦ ૧૫

વ્યવહારે રહ્યાં લોકાન્ત, દંપતી એમ થયાં સુખવંત,
પ્રેમે પ્રણમો ભવિ ભગવંત;
પ્રભુજી ગાયો રે, સાગર અગનિ ગજ ચંદ,
(૧૮૩૭) સંવત જાણે રે, કાર્ત્તિક વદિ સુખકંદ;
પોસાલ પાડે રે, પાટણ રહી શિવાનંદ. નેમજી૦ ૧૬

સાતમદિન સૂરજસુતવાર, જિનજી ઉત્તમગુણ ગણધાર,
બ્રહ્મચારીમાંહી શિરદાર;
તેહના વંદુ રે, લળી લળી મનોહર પાય,
શિવપદ માંગું રે ફરી ફરી ગોદ બિછાય;
પ્રેમે ગાયો રે, **પદ્મવિજયે** જિનરાય. નેમજી૦ ૧૭

## ૨૮. શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન

ચઉ કષાય પાતાલ કલશ જિહાં, તૃષ્ણા પવન પ્રચંડ, લલના;
બહુ વિકલ્પ કલ્લોલ ચઢત હૈ, અરતિ ફેન ઉદ્દંડ.
**ભવસાયર ભીષણ તારીએ હો**, અહો મેરે લલના,
પાસજી ત્રિભુવન નાથ !, દિલમેં એ વિનતિ ધારીએ હો.
ભવસાયર૦ ૧

જલત ઉદ્દામ કામ વડવાનલ, પડત શીલગિરિ શૃંગ, લલના;
ફિરત વ્યસન બહુ મગર તિમિંગળ,કરત હૈ નિમંગ ઉમંગ.
ભવસાયર૦ ૨

ભમરિયાં હૈં બિચ ભયંકર, ઉલટી ગુલટી વાય, લલના;
કરત પ્રમાદ પિશાચ સહિત જિહાં, અવિરત વ્યંતરી નાથ.
ભવસાયર૦ ૩

ગરજત અરતિ–કુરતિ રતિ–વિજુરી, હોત બહુત તોફાન, લલના;
લાગત ચોર કુગુરુ મલધારી, ધરમ જહાન નિદાન.
ભવસાયર૦ ૪

જીરે પારિયે જયું અતિ જોરે, સહસ અઢાર શીલાંગ, લલના;
ધરમ જહાજ તિહાં સજજ કરી ચલવો, **જસ** કહે શિવપુર ચંગ.
ભવસાયર૦ ૫

## ૨૯. શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન

( તીરથની આશાતના નવિ કરીએ )

**દાદા પારસનાથને નિત્ય નમિયે,**
હાંરે નિત્ય નમિયે રે, નિત્ય નમિયે;
હાંરે નમિયે તો ભવ નવિ ભમિયે,
હાંરે ચિત્ત આણીઠામ. દાદા૦ ૧
વામા ઉર સર હંસલો જગદીવો, હાંરે જગતારક પ્રભુ ચિરંજીવો;
હાંરે એનું દર્શન અમૃત પીવો, હાંરે દીઠે સુખ થાય. દાદા૦ ૨
અશ્વસેન કુલ ચંદ્રમા જગનામી, હાંરે અલવેસર અંતરજામી;
હાંરે ત્રણ ભુવનની ઠકુરાઈ પામી, હાંરે કહે સુરપતિ સેવ. દાદા૦ ૩
પરમાતમ પરમેસરૂ જિનરાય, હાંરે જસ ફણિપતિ લંછન પાય;
હાંરે કાશી દેશ વાણારસી રાય, હાંરે જપીએ શુદ્ધ પ્રેમ. દાદા૦ ૪
ગણધર દશ દ્વાદશાંગીના ધરનાર, હાંરે સોળ સહસ મુનિવર ધાર;
હાંરે અડતીસ સહસ સાહુણી સાર, હાંરે રૂડો જિનપરિવાર. દાદા૦ ૫
નીલવરણ નવ હાથ સુંદર કાયા, હાંરે એક શત વર્ષ પાલ્યું આય;
હાંરે પામ્યા પરમ મહોદય ઠાય, હાંરે સુખ સાદિ અનંત. દાદા૦ ૬
જિન ઉત્તમ પદ સેવના સુખકારી, હાંરે રૂપ કીરતિ કમલા વિસ્તારી;
હાંરે મુનિ **ભોમવિજય** જયકારી, હાંરે પ્રભુ પરમ કૃપાળ. દાદા૦ ૭

## ૩૦. શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન

આજ મનોરથ માહરો ફળિયો, પાસ જિનેસર મળિયો રે,
દુરગતિનો ભય દૂરે ટળિયો, પાયો પુણ્ય પોટલીયો રે. આજ૦ ૧
મોહ મહાભટ જે છે બળિયો, સયલ લોક જેણે છલિયો રે;
માયા પાશે જગ સહુ દુલિયો, તે તુજ તેજે ગળિયો રે. આજ૦ ૨

તુજ દરસન વિન બહુ ભવ રુલિયો, કુગુરૂ કુદેવે જલીયો રે;
ઝાઝા દુઃખમાંહી હાંફળિયો, ગતિ ચારે આફળિયો રે. આજ૦ ૩

કુમતિ કદાગ્રહ હેલે દળિયો, જબ જિનવર સાંભળિયો રે;
પ્રભુ દીઠે આણંદ ઉછળિયો, મગમાંહે ઘી ઢળિયો રે. આજ૦ ૪

અવર દેવશું નેહ વિચલિયો, જિનજીશું ચિત્ત હળિયો રે;
પામી સરસ સુધારસ ફળિયો, કુણ લે જલ ભાંભળિયો રે. આજ૦ ૫

જન મન વાંછિત પૂરણ કલિયો, ચિંતામણિ ઝળહળિયો રે;
**મેઘ** કહે ગુણમણિ માદળિયો, દે દોલત દાદલિયો રે. આજ૦ ૬

## ૩૧. શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન

આંગી અજબ બની છે જોર, આવો દર્શને જઈએ.
અજબ અજબ મુજ મનને વલ્લભ, દુર્લભ દુર્લભ જનને;
રૂપ નિહાળી અનુભવ ઊઠે, મીઠડી લાગે મનને. આંગી૦ ૧

શુદ્ધ પવિત્રપણે પૂજીજે, કેસર ચંદન ઘોળી;
પુષ્પ સુગંધી ચઢાવો પ્રભુને, સહુ મળી સખી ટોળી. આંગી૦ ૨

પૂજી કર જોડી પ્રભુ આગળ, ભાવના ભાવે ભાવો;
સરસ સુકંઠ શ્રી પાર્શ્વજિનેશ્વર, મન ઉત્કંઠે ગાવો. આંગી૦ ૩

તું અકલંક સ્વરૂપી અરૂપી, ગતરોગી ને નીરાગી;
સંસારી જે જે દુઃખ પાવે, તે તુજ નહિ વડભાગી. આંગી૦ ૪

સૂરતમાંહી સૂરજ મંડણો, ઉપર શ્રી જિનધર્મ;
જિન ઉત્તમ શિષ્ય **પદ્મવિજય**ને, દ્યો શાશ્વત શિવશર્મ. આંગી૦ ૫

# ૩૨. શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન

(દરિશન તાહરૂં અતિ ભલું)

પાસજિણુંદ જુહારિયે, અહનિશ સુર સેવે પાયા રે;
નીલ કમલદલ શામળો, ત્રિભુવન જન કેરા રાયા રે. પાસ૦ ૧

પુરીસાદાની ગુણનીલો, શ્રી અશ્વસેન મલ્હારો રે;
વામા ઉર સર હંસલો, રાણી પ્રભાવતી ભરથારો રે. પાસ૦ ૨

વાડી પુરવર પાસજી, ચોમુખ નિજ ઘર સોહે રે;
નારંગપુર રળિયામણો, પંચાસરો પ્રભુ મન મોહે રે. પાસ૦ ૩

શેરીસો, શંખેસરો, ખંભાયતે થંભણ પાસો રે;
અમદાવાદે શામળો, ચિંતામણિ પૂરે આશો રે. પાસ૦ ૪

વરકાણો ફલવૃદ્ધિ પુરે, જેસલમેર કર હેડે રે;
આબૂ શિખર સોહામણો, દિન દિન સુખસંપત્તિ તેડે રે. પાસ૦ ૫

જીરાવલો સોવનગિરે, અલવરગઢ રાવણ રાજે રે;
ગોડી પ્રભુ મહિમા ઘણો, જસ નામે સંકટ ભાંજે રે. પાસ૦ ૬

સ્થાનક સ્થાનક દીપતો, શ્રી ત્રેવીસમો જિનરાજ;
ભાવ ભગતિશું પૂજતાં, સીઝે મનવાંછિત કાજ રે. પાસ૦ ૭

તુમ દરિસણ મેં પામિયો, એક વિનતડી અવધારો રે;
ભવસાગર બિહામણો, કરુણા કર ભવ પાર ઉતારો રે. પાસ૦ ૮

ચિન્તામણિ સુરતરુ સમો, જગજીવન જિનચંદો રે;
**રતનનિધાન** સદા નમે, કરજોડી નિત ગુણકંદો રે. પાસ૦ ૯

## ૩૩. શ્રી પંચાસર પાર્શ્વનાથ જિન સ્તવન

( મારે દિવાળી થઇ આજ )

પાટણમાં પરગટ પ્રભુ રે, શ્રી પંચાસર પાસ રે;
પ્રેમ સહિત નિત્ય પૂજતાં રે,
પહોંચે વાંછિત આશ, પ્રભુગુણ ગાવો રે;
કાંઈ જિનમુખ પંકજ ભાળી, સમતા લાવો રે. પ્રભુ૦ ૧
સંવત આઠ બિલોતરે રે, પંચાસર વર ગામ રે;
તિહાંથી પ્રભુજી પધારિયા રે, કાંઈ શ્રીપાટણ શુભ ઠામ. પ્રભુ૦ ૨
સુંદર મૂરતિ સ્વામીની રે, તેજ તણો નહિ પાર રે;
અનુભવશું અવલોકતાં, દિયે પલકમાં ભવનો પાર. પ્રભુ૦ ૩
વીતરાગ પરભાવથી રે, થઇ સેવે વીતરાગ રે;
ધાતુ મિલાવે તેહને રે, કાંઈ પરગટ અનુભવ લાગ. પ્રભુ૦ ૪
સાત રાજ ઉપર પ્રભુ રે, પણ ભક્તે પરતક્ષ રે;
વાચક **રામવિજય** કહે રે, સેવો એ અગમ અલક્ષ. પ્રભુ૦ ૫

## ૩૪. શ્રી પંચાસર પાર્શ્વનાથ જિન સ્તવન

વ્હાલાજી, શ્રી પંચાસર પાસ જગતગુરુ ગુણનીલો રે લો;
વ્હાલાજી, નિજ સેવક અરદાસ, વામાસુત ! સાંભળો રે લો. ૧
વ્હાલાજી, જગબંધવ જગન્નાથ કે, સારથપતિ જયો રે લો;
વ્હાલાજી, નિર્યામક ભવસાયર, તારણ તું કહ્યો રે લો. ૨
વ્હાલાજી, તુજ ગુણ અનંત અપાર, જ્ઞાની વિણ કુણ લહે રે લો;
વ્હાલાજી, ઈમ ઉપમાન અનેક, વિબુધજન તુમ કહે રે લો. ૩
વ્હાલાજી, સાચો બિરૂદ જો એ હતો, મુજને તારીએ રે લો;
વ્હાલાજી, યોગ્ય–અયોગ્યનો ભાવ કે, ચિત્ત ન વિચારીએ રે લો. ૪

વ્હાલાજી, પતિત ઉદ્ધારણ તારણ, એહ વિશેષ છે રે લો;
વ્હાલાજી, વામાસુત! અરદાસ, દાસની એહ છે રે લો. ૫
વ્હાલાજી, અશ્વસેન કુલચંદ, અધિક ગુણગેહ છે રે લો;
વ્હાલાજી, તાહરે આતમ રીઝે, પ્રભુ શું નેહ છે રે લો. ૬
વ્હાલાજી, પામી પરમ દયાલ કે, વિનતિ એ કહું રે લો;
વ્હાલાજી, રંગ કહે રુચિ રંગે, જિનસંગે રહું રે લો. ૭

## ૩૫. શ્રી પંચાસર પાર્શ્વનાથ સ્તવન

( સારંગ )

કાનમાં કાનમાં કાનમાં, તારી કીરતિ સુણી મેં કાનમાં. ૧
ઘડી ઘડી મેરે દિલથી ન વિસરે, ચિત્ત લાગ્યું તુજ ધ્યાનમાં. તારી૦ ૨
પ્રતિહારજ આઠ અનુપમ, સેવ કરે એક તાનમાં. તારી૦ ૩
વાણી પાંત્રીસ અતિશય રાજે, વરસે સમકિત દાનમાં. તારી૦ ૪
તુમ સમ દેવ અવર નહિ દુજો, અવનીતલ આસમાનમાં. તારી૦ ૫
દેખી દેદાર પરમ સુખ પાયો, મગન ભયો તુમ જ્ઞાનમાં. તારી૦ ૬
વામાનંદન પાસ પંચાસર, પરગટ સકલ જહાનમાં. તારી૦ ૭
જિન ઉત્તમ પદશું રંગ લાગ્યો, ચોળ મજીઠ જિન ધ્યાનમાં. તારી૦ ૮

## ૩૬. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિન સ્તવન

( કાલિંગડો )

અજબ બની રે સૂરત જિનકી, ખૂબ બની રે મૂરત પ્રભુકી.
અજબ૦ ૧

નીરખત નયનથી ગયો ભય મેરો, મિટ ગઈ પલકમેં મૂઢતા મનકી.
અજબ૦ ૨

અંગે અનોપમ અંગિયાં ઓપે, ઝગમગ જ્યોતિ જડાવ રતનકી.
અજબ૦ ૩

પ્રભુ તુમ મહેર નજરપર વારું, તન મન સબ કોડાકોડી ધનકી.
અજબ૦ ૪

અહનિશ આણ વહે સુરપતિ શિર, મનમોહન અશ્વસેન સુતનકી.
અજબ૦ ૫

**ઉદયરતન** પ્રભુ પાસ શંખેશ્વર, માન લીજો ખિજમત સબ દીનકી.
અજબ૦ ૬

## ૩૭. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિન સ્તવન

( પ્રથમ જિનેસર પૂજવા )

મોહનગારો મારો, દુઃખનો હરનારો મારો,
પ્રાણ પિયારો મારો, સાહિબો;
પ્રભુ માહરા, દિલભર દરિસણ આપ હો,
પ્રભુ માહરા, મુગતિ તણાં ફલ આપ હો. ૧

કર જોડી ઓળગ કરૂં, પ્રભુજી માહરા, રાત દિવસ એક ધ્યાન હો;
જાણો રખે દેવું પડે, પ્રભુજી માહરા, વાત સુણો નહિ કાન હો.
મોહન૦ ૨

કરતાં નિત્ય ભેળામણી, પ્ર૦, ઈમ કેતા દિન જાશે હો;
ભીના જે ઓલગ રસે, પ્ર૦, તે કેમ આકુલા થાશે હો.
મોહન૦ ૩

દેવ ઘણા છે અનેરડા, પ્ર૦, તે મુજ નવિ સુહાય હો;
ફળ થાયે જે તુમ થકી, પ્ર૦, તે કિમ અન્યથી થાય હો.
મોહન૦ ૪

ઓછા કદીય ન સેવિયે, પ્ર૦, જે ન લહે પર પીડ હો;
મોટી લહરી સાયર તણી, પ્ર૦, ભાંગે તે ભવની ભીડ હો.
મોહન૦ ૫

દેતાં ભાડું ભગતિનું, પ્ર૦, તિહાં નહિ કેહનો પાડ હો;
લેશું ફળ મન રીઝવી, પ્ર૦, તિહાં કિશ્યું કહેશે ચાડ હો.
મોહન૦ ૬

મુખ દેખી ટીલું કરે, પ્ર૦, એ તો જગવ્યવહાર હો;
ગિરૂઆ એહવું ન લેખવે, પ્ર૦, જિમ ઊંચા જલધાર હો.
મોહન૦ ૭

શ્રી શંખેશ્વર પાસજી, પ્ર૦, વ્હાલા પ્રાણ આધાર હો;
કાંતિ કહે કવિ પ્રેમનો, પ્ર૦, તુમથી કોડ કલ્યાણ હો.
મોહન૦ ૮

## ૩૮. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિન સ્તવન

( સાહેબ, બાહુ જિનેસર વિનવું )

સાહેબ, શંખેશ્વર જિન વિનવું, પ્રભુજી પરમ કૃપાળ હો;
સાહેબ, ભાવદયા સાગર ધણી, મોહન ગુણમણિ માલ હો.
સાહેબ૦ ૧

સાહેબ, મોહ વિવશ જગ જીવડા, રઝળે ભવ કાંતાર હો;
સાહેબ, સારથપતિ સાચો તુંહી, શિવમારગ દાતાર હો.
સાહેબ૦ ૨

સાહેબ, નામ નિરુપમ તાહરૂં, લેતાં રસના પવિત્ત હો;
સાહેબ, મૂરતિ મનહર દીપતી, જોતાં વિકસે ચિત્ત હો.
સાહેબ૦ ૩

સાહેબ, આઠ કરમ અળગાં કરી, નિજ ગુણૠદ્ધિ વિશાળ હો;
સાહેબ, પ્રગટ કરી પૂરણપણે, ટાળી સકળ જંજાળ હો.
સાહેબ૦ ૪

સાહેબ, વિષમા આ કલિકાળમાં, લોકહેરી બહુ જોર હો;
સાહેબ, તુજ આણા અળગી કરી, વરતે નિજ મન દોર હો.
સાહેબ૦ ૫

સાહેબ, ધરમ ધરમ કરું સહુ કહે, આણા વિણ ધર્મ કેમ હો;
સાહેબ, એક આણા હૃદયે વસે, લહિયે સઘળે ખેમ હો.
સાહેબ૦ ૬

સાહેબ, મારગઅનુસારી મતિ, કિરિયા સમકિત સંગ હો;
સાહેબ, દેજો પાર્શ્વ પ્રભુ સદા, માંગુ એહ અભંગ હો.
સાહેબ૦ ૭

સાહેબ, દોય સહસ નવ જેઠમાં, સુદિ દ્વિતીયા શનિવાર હો;
સાહેબ, **રામચંદ્રસૂરિ** શિષ્યને, તુમ નામે જય જયકાર હો.
સાહેબ૦ ૮

## ૩૯. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિન સ્તવન

( સનેહી વીરજી જયકારી રે )

તેવીસમા શ્રી જિનરાજ રે, નામે સુધરે સવિ કાજ રે;
લહે લીલા લચ્છી સમાજ,
શંખેશ્વર પાસજી જયકારી રે, જૂની મૂરતિ મોહનગારી. ૧
અતીત ચોવીસી મોઝાર રે, નવમા દામોદર સાર રે;
જિનરાજ જગત શણગાર, શંખેશ્વર૦ ૨
આષાઢી શ્રાવક ગુણધારી રે, જિનવાણી સુણી મનોહારી રે;
પાસ તીરથે મુક્તિ સંભારી, શંખેશ્વર૦ ૩
પ્રભુ પડિમા ભરાવી રંગે રે, શશિ સૂરજ પૂજી ઉમંગે રે;
નાગેંદ્ર ઘણે ઉછરંગે, શંખેશ્વર૦ ૪
સુરનર વિદ્યાધર વૃંદ રે, કરે સેવના અધિક આણંદ રે;
યદુવા રે પૂજે ધરણેંદ, શંખેશ્વર૦ ૫
યદુસેના જરાયે ભરાણી રે, પૂછી નેમિને સારંગપાણિ રે;
કરે ભક્તિભાવ ચિત્ત આણી. શંખેશ્વર૦ ૬
જરાસિંધુ જરાદુઃખ ભારી રે, પ્રભુ તુમ વિણ કોણ નિસ્તારી રે;
તુમે જગત જેતુ હિતકારી, શંખેશ્વર૦ ૭
હરિ અટ્ઠમે તે ધરણીંદ રે, આપ્યો પાસ પ્રભુ સુખકંદ રે;
જિન ન્હવણે ગયું દુઃખ દંદ, શંખેશ્વર૦ ૮
શંખેશ્વરે આણ્યા જેણ રે, શંખેશ્વર નામ છે તેણ રે;
મહિમા ગવરાવે કોણ, શંખેશ્વર૦ ૯
દ્વારામતી અસ્થિર જાણી રે, વઢિયારમાંહી ગુણખાણી રે;
શંખેશ્વર ભૂમિ પ્રમાણી, શંખેશ્વર૦ ૧૦

મધ્ય લોક એક કરી ખાસ રે, પૂરે ત્રણ્ય ભૂવનની આશ રે;
દુશ્મનની કાઢે કાશ, શંખેશ્વર૦ ૧૧
પદ્માવતી પરચો પૂરે રે, ધરણેંદ્ર વિઘન સવિ ચૂરે રે;
સેવકનું વધારે નૂર, શંખેશ્વર૦ ૧૨
શ્રી જિન ઉત્તમ પદ ધ્યાવે રે, તે પરમ મહોદય પાવે રે;
કવિ રૂપવિજય ગુણ ગાવે, શંખેશ્વર૦ ૧૩

## ૪૦. શ્રી ગોડી પાર્શ્વનાથ જિન સ્તવન

( કાફી : સિદ્ધ ભજો ભગવંત, પ્રાણી પૂર્ણાનંદી )

તુમ વિણુ મેરી કોણ ખબર લે, ગોડી પાસ જિણંદા !
વામાનંદન દિલકા રંજન, અશ્વસેન કુલચંદા. ગોડી૦ ૧
મહિમાધારી ઈચ્છાચારી, દૂર કરત ભવફંદા. ગોડી૦ ૨
તુજ પદપંકજ વંદન કરે નિત્ય, સુરનર અસુર કે ઇન્દા. ગોડી૦ ૩
ઉપગારી અવનીતલ તુમ સમ, એસો કોન સુનંદા. ગોડી૦ ૪
અમૃતપદ બગસો અબ સાહેબ, રંગ સદા સુખકંદા. ગોડી૦ ૫

## ૪૧. શ્રી તારંગા પાર્શ્વનાથ જિન સ્તવન

( સહજાનંદી શીતલ સુખભોગી તો )

વિષય ત્રેવીસ નિવારીને હુઆ, તેવીસમા જે જિનપતિ,
કેસર ઘોલી નારંગ, પૂજો રે સુમને;
*કર જોડી નિત્ય ઓળગ કરતી તો, દ્વાર ખડી ઇંદ્રની તતિ.*
કેસર૦ ૧
એ સમભાવ અહો તુજ કેરો તો, છદ્મસ્થ હુઆ જબ યતિ;
કમઠ, ઉરગપતિ ઉપર કીનો તો, રોષ તોષ નહિ એક રતિ.
કેસર૦ ૨

કેવલજ્ઞાનની વાત જ કેહી તો, વીતરાગતા જિહાં થતી;
મન ઇચ્છિત વાંછિત સવિ પૂરે તો, જગમાં જ્યોત તે જાગતી.
કેસર૦ ૩

સોળ સહસ મુનિ સાધવી જાય તો, અડતીસ સહસ તે મહાસતી;
સહસ મુનિ જસ કેવળધારી તો, સાડા ત્રણસેં વિપુલમતિ.
કેસર૦ ૪

ધરણરાય જસ શાસનમાંહી તો, વિઘન ચૂરે પદ્દમાવતી;
તે પ્રભુજીની પાટણમાંહી તો, ઠવણા ઝળહળ શોભતી.
કેસર૦ ૫

આંગી અજબ જડાવની બની તો, દેખી ભવિ મન મોહતી;
પૂજો માલતી મોગરો ચંપક, જાઈ જૂઈ મહમહકતી.
કેસર૦ ૬

સવિ દુઃખભંજક દેવનો દેવ તો, પ્રાતઃ સમે કરું વિનતી;
કર જોડી નિત નિત ગુણ ગાઉં તો, ભાવ શુદ્ધે કરું આરતી.
કેસર૦ ૭

અવ્યાબાધ દિયો સુખ મુજ તો, જે સુખની સ્થિતિ શાશ્વતી;
કારણ નિમિત્ત તુમે પ્રભુ તાસ તો, તેણે કરિયે એમ વિનતિ.
કેસર૦ ૮

સત્ય નિમિત્તથકી અમ ચિત્ત તો, આશા રહે ઈમ વાધતી;
શ્રી જિન ઉત્તમવિજયનો શિષ્યનો, **પદ્મ** કહે એમ શુભમતિ.
કેસર૦ ૯

# ૪૨. શ્રી મહાવીર જિન સ્તવન

( સમવસરણ બેસી કરી રે )

નંદન ત્રિશલા દેવીનો રે, વર્ધમાન વડભાગ;
શાસનનાયક સાહિબો રે, કરુણાનિધિ વીતરાગ રે.
વીર જગતધણી, ભાવધરમ દાતાર રે, સુગુણશિરોમણિ. ૧
કંચન કાંતિ સોહામણી રે, સાત હાથ તનુમાન;
સિંહ લંછન પય સોહતું રે, ભયવારક ભગવાન રે. વીર૦ ૨
ત્રીસ વરસે પ્રભુ સંયમી રે, છાંડી સવિ પરિવાર;
બાર વરસ છદ્મસ્થમાં રે, તપ તપિયા અવિકાર રે. વીર૦ ૩
કેવલ કમલા પામિયા રે, સમવસરણે સુખદાય;
મહા ગોપ મહામાહણો રે, મહા સત્થવાહ કહાય રે. વીર૦ ૪
બાર ગુણો પ્રભુ દેહથી રે, વૃક્ષ અશોક મહંત;
છત્રત્રયી ત્રિભુવન ધણી રે, ભામંડલ ઝળકંત રે. વીર૦ ૫
કુસુમવૃષ્ટિ જાનુ લગે રે, પંચ વરણ સુરસાલ;
ચંચલ ચામર ઊજળાં રે, મુખકજ માનું મરાલ રે. વીર૦ ૬
ગાજે ગગને દુંદુભિ રે, ભાંખે જગત સામ્રાજ;
માનું સવિ સુરવર પ્રયતે રે, તાહરી સેવા કાજ રે. વીર૦ ૭
રત્ન સિંહાસન બેસીને રે, દિવ્યધ્વનિ વરસંત;
છ રાગ છત્રીસ રાગણી રે, સુરનરતિરિ સમજંત રે. વીર૦ ૮
સદ્દહણા સુરવેલડી રે, ભવિ મનમંડપ રોપ;
સીંચી શમ અમૃતરસે રે, તૃષ્ણા તાપને લોપ રે. વીર૦ ૯
કેવલ રુપ તે ફાલશે રે, ફળશે અવ્યાબાધ;
ક્ષમાવિજય જિન નિમિત્તથી રે, પ્રગટે પરમ સમાધ રે. વીર૦ ૧૦

# ૪૩. શ્રી મહાવીર જિન સ્તવન

(પ્રભુ તુજ શાસન અતિ ભલું)

સુણ સુગુણ સનેહી સાહિબા ! ત્રિશલાનંદન મહાવીર ! રે;
શાસનનાયક ! જગધણી ! શિવદાયક ! ગુણગંભીર ! રે.
સુણ૦ ૧

તુમ સરીખા મુજ શિર છતે, હવે મોહ તણું નહિ જોર રે;
રવિ ઉદયે કહો કિમ રહે, અંધકાર અતિ ઘનઘોર રે
સુણ૦ ૨

વેષ રચી બહુ નવનવા, હું નાચ્યો વિષમ સંસાર રે;
હવે ચરણ શરણ તુજ આવિયો, મુજ ભવની ભાવઠ વાર રે.
સુણ૦ ૩

હું નિગુણો તો પણ તાહરો, સેવક છું કરુણાનિધાન રે;
મુજ મન મંદિર આવી વસો, જેમ નાસે કર્મ નિદાન રે.
સુણ૦ ૪

મનમાં વિમાસો છો કિશ્યું, મુજ મહેર કરો જિનરાજ રે;
સેવકનાં કષ્ટ નવિ ટળે, એ સાહિબને શિર લાજ રે.
સુણ૦ ૫

તું અક્ષય સુખ અનુભવે, તસ અંશ દીજે મુજ એક રે;
તો ભાંજે ભૂખ ભવોભવ તણી, વળી પામું પરમ વિવેક રે.
સુણ૦ ૬

શી કહું મુજ મન વાતડી, તુમે સર્વ વિચારના જાણ રે;
વાચક **જસ** એમ વિનવે, પ્રભુ દેજો કોડ કલ્યાણ રે.
સુણ૦ ૭

## ૪૪. શ્રી મહાવીર જિન સ્તવન

આજ સફળ દિન માહરો એ, ભેટ્યો વીર જિણંદ કે !
ત્રિભુવનનો ધણી એ, ત્રિશલા રાણીનો નંદ કે, જગચિન્તામણિ એ;
દુઃખ દોહગ દૂરે ટળ્યાં એ, પેખી પ્રભુ મુખચંદ કે. ત્રિશલા૦ ૧
ઋદ્ધિવૃદ્ધિ સુખ સંપદા એ, ઉલટ અંગ ન માય કે; ત્રિશલા૦
આવી મુજ ઘર આંગણે એ, સુરગવી હેજ સવાય કે. ત્રિશલા૦ ૨
ચિંતામણિ મુજ કર ચડ્યું એ, પાયો ત્રિભુવન રાજ કે; ત્રિશલા૦
મુહ માગ્યા પાસા ઢળ્યા એ, સીધ્યાં વંછિત કાજ કે. ત્રિશલા૦ ૩
ચિત્ત ચાહ્યા સજ્જન મળ્યા એ, દુર્જન ઊડયા વાય કે; ત્રિશલા૦
સૌમ્ય નજર પ્રભુની લહી એ, જેવી સુરતરુ છાંય કે. ત્રિશલા૦ ૪
તેજ ઝલામલ દીપતો એ, ઊગ્યો સમકિત સૂર કે; ત્રિશલા૦
વિમલવિજય ઉવજ્ઝાયનો એ, **રામ** લહે સુખ પૂર કે.
ત્રિશલા૦ ૫

## ૪૫. શ્રી મહાવીર જિન સ્તવન

દુઃખ ટળિયાં મુખ દીઠે સુખ થયાં રે, ભેટ્યા ભેટ્યા વીર જિણંદ;
મુજ મનમંદિરમાં આવી વસો રે, પામું પામું પરમાનંદ. દુઃખ૦ ૧
પીઠબંધ ઇહાં સમકિત વજ્રનો રે, કાઢ્યો કાઢ્યો કચરો ભ્રાંતિ;
ઊંચા સોહે ચારિત્ર ચંદ્રુઆ રે, રુડી રુડી અંદર ભાત. દુઃખ૦ ૨
કર્મવિવર ગોખે મોતી ઝૂમણાં રે, ઝૂલે ઝૂલે ધીગુણ આઠ;
ભાવના પાંચાલી અચરજ કે, કોરી કોરી કોરણી કાઠ. દુઃખ૦ ૩
ઈહાં આવી સમતાશું પ્રભુ રમો રે, સાધી સારી થિરતા સ્હેજ;
કિમ જાચ્યો એક વાર નો આવશો રે, રંજ્યા રંજ્યા હૈડે હેજ.
દુઃખ૦ ૪

અરજ સુણી મન મંદિર આવિયા રે, તૂઠા તૂઠા ત્રિભુવન–ભાણ;
શ્રી **નયવિજય વિબુધ સેવક** ભણે રે, પામ્યા પામ્યા કોડ
કલ્યાણ. દુઃખ૦ ૫

## ૪૬. શ્રી ગૌતમસ્વામી–વિલાપાત્મક
## શ્રી મહાવીર જિન સ્તવન

( ઋષભદેવ હિતકારી જગતગુરુ )

તો શું પ્રીત બંધાણી, જગતગુરૂ ! તો શું પ્રીત બંધાણી;
વેદ અરથ કહી મેં બ્રાહ્મણકું, ખિણ મેં કીધો નાણી.
જગતગુરૂ !૦ ૧

બાલક પરે મેં જે જે પૂછ્યું, તે ભાખ્યું હિત આણી;
મુજ કાલાને કુણ સમજાવે, તો બિન મધુરી વાણી.
જગતગુરૂ !૦ ૨

વયણ સુધારસ વરસી વસુધા, પાવન ખેત સમાણી;
નર નાકી તિરિ પ્રમોદિત બોધિત, તો હી ગુણમણિખાણી.
જગતગુરૂ !૦ ૩

કિસકે પાઉં પરું અબ જાઈ, કિનકી પકરું પાની;
કુણ મુજ ગોયમ કહી બોલાવે, તો સમ કુણ વખાણી.
જગતગુરૂ !૦ ૪

અઈમુત્તો આયો મુજ સાથે, રમતો કાચલી પાણી;
કેવલ કમલા ઉસકું દીની, યાહી કીરતિ નહિ છાની.
જગતગુરૂ૦ ૫

ચઉદ સહસ અણગારમાં મોટો, કીનો કાં હું પિછાની;
અંતિમ અવસર કરુણાસાગર, દૂરે ભેજ્યો જાણી.
જગતગુરૂ !૦ ૬

કેવલ ભાગ ન માગત સ્વામી, રહેત ન છેડો તાણી;
બિચમેં છોડ ગયે શિવમંદિર, લોકમાં હોત કહાણી.
જગતગુરૂ !૦ ૭

ખામી કછુ ખિજમતમેં કીની, તાકી યાહી કમાણી;
સ્વામીભાવ લહે સુસેવક, યાહી વાત નિપાની.
જગતગુરૂ !૦ ૮

વીતરાગ ભાવે ચેતનતા, અંતર મૂરતિ ઠરાણી;
ખિમાવિજય જિન ગૌતમ ગણધર, જ્યોતિશું જ્યોતિ
મિલાણી. જગતગુરૂ !૦ ૯

## ૪૭. છદ્મસ્થાવસ્થાના તપોવર્ણનયુક્ત શ્રી મહાવીર જિન સ્તવન

( સિદ્ધારથના રે નંદન વિનવું )

સરસતી માતા ! રે, મતિ દિયો નિરમલી, માગું એક પસાય;
શ્રીમહાવીરે રે જે જે તપ કર્યાં, ભાખું તે સુખદાય.
વળી વળી વંદું રે વીરજી સોહામણા, શ્રી જિનશાસન સાર. ૧

ભાવઠ ભંજન સુખકરણ સહી, સમર્યાં સંપત્તિ થાય;
નામ લિયે તારે નવ નિધિ સંપજે, પાતિક દૂર પલાય.
વળી૦ ૨

બાર વરસ લગે વીરજીએ તપ કર્યો, ઉપર તેર જ પાખ;
બે કર જોડી રે સ્વામીને વિનવું, આગમ દે છે રે સાખ.
વળી૦ ૩

નવ ચોમાસી રે પ્રભુજીની જાણવી, એક કર્યો ખટ માસ;
પણ દિન ઊણો રે ખટ એક ધારિયે, બારે એકેક માસ.
વળી૦ ૪

બહોંતેર પાસખમણ જગ દીપતા, છ દોય માસી વખાણ;
ત્રણ અઢી માસી રે એ દોય દોય કરી, દો દોઢ માસી રે જાણ.
વળી૦ ૫

ભદ્ર મહાભદ્ર સર્વતોભદ્ર એ, દો ચઉ દશ દિન હોય;
એહમાં પારણું પ્રભુએ નવિ કર્યું, એમ સોલે દિન જોય.
વળી૦ ૬

ત્રણ ઉપવાસે રે પડિમા બારમી, કીધી બાર જ વાર;
દોસો બેલા રે ઉપર જાણિયે, ઓગણત્રીસ ઉદાર.
વળી૦ ૭

નિત્ય નિત્ય ભોજન વીરજીએ નવિ કર્યું, નવિ કર્યો ચોથ આહાર;
થોડા તપમાં રે બેલો જાણિયે, તપ સઘળો ચોવિહાર.
વળી૦ ૮

દેવ મનુષ્ય તિરિયંચે જે કર્યાં, પરીસહ સહ્યા અપાર;
બે ઘડી ઉપર નીંદ નવિ કરી, સાડા બાર વરસ મોઝાર.
વળી૦ ૯

ત્રણ સો પારણ દિવસ વખાણિયે, ઉપર ઓગણપચાસ;
અનુક્રમે સ્વામી રે કેવલ પામિયા, થાપ્યું તીરથ સાર.
વળી૦ ૧૦

## ૪૮. ધ્યાનવિચાર વિવરણાત્મક શ્રી મહાવીર જિન સ્તવન

( સુણ જિનવર શેત્રુંજા ધણીજી )

શ્રી જિનવર ચરણે નમીજી, કહીશું ધ્યાન વિચાર;
આર્ત્ત રૌદ્રને પરિહરીજી, ધર્મ શુકલ મન ધાર રે.
પ્રાણી ! વંદો વીર જિણંદ,
જિમ હુએ પરમાનંદ રે પ્રાણી! વંદો વીર જિણંદ. ૧
સરસ પંચ ઇન્દ્રિય તણા જી, વંછે વિષય સવાદ;
અશુભ વિષય પામી ઘણો જી, મન આણે વિખવાદ રે. પ્રાણી !૦ ૨
ઇષ્ટ વિષય સ્વરૂપનોજી, મન ચિંતે અવિયોગ;
અસંયોગ તિમ દુષ્ટનોજી, ચિંતે ઇહ પર લોગ રે. પ્રાણી !૦ ૩
વ્યાધિ રોગ વેદન તણાં જી, ઔષધને ઉપચાર;
ચિંતે ધનઋદ્ધિ મેળવા જી, વિવિધ વસ્તુ વ્યાપાર રે. પ્રાણી !૦ ૪
તપ સંયમ કિરિયા કરી જી, કરે નિયાણું રે જેહ;
સુરનર સુખ વાંછે ઘણું જી, આર્ત્ત ધ્યાન સવિ એહ રે. પ્રાણી !૦ ૫
રુદન શોક તનુ તાડનાજી, ચિંતા દુઃખ નિસાસ;
એણે અહિનાણે જાણજો જી, આર્ત્તધ્યાન સુવિલાસ રે. પ્રાણી !૦ ૬
ત્રણ લેશ્યા તસ પરિણમેજી, કૃષ્ણ નીલ કાપોત;
ગતિ તિર્યંચતણી લહેજી, દુઃખ અનંત તિહાં હોત રે. પ્રાણી !૦ ૭
પર પ્રાણીને ચિંતવે જી, છેદન ભેદન ઘાત;
રીસવશે મન ગોઠવે જી, પરે પરે વિરુઇ વાત રે. પ્રાણી !૦ ૮
જાણી દુઃખ પરને દિયે જી, દિયે જૂઠાં વળી આળ;
મુખ મીઠો ધીઠો હૃદેજી, માંડે માયાજાળ રે. પ્રાણી !૦ ૯

ખાત્ર ખૂણે ચોરી કરે જી, લૂંટે પરનાં રે વિત્ત;
તિમ નિજ ધન ઉગારવા જી, પરને દુઃખ દિયે નિત્ય રે. પ્રાણી !૦ ૧૦

રૌદ્ર ધ્યાન એણી પરે કહ્યું જી, નરક તણું રે જે હેત;
લેશ્યા ત્રણ મિલી ઘણું જી, રોષ દોષ દુઃખ દેત રે. પ્રાણી !૦ ૧૧

આર્ત્ત રૌદ્ર દૂરે કરી જી, સેવો શ્રી ભગવંત;
ધર્મધ્યાન જેમ ઉલ્લસે જી, શુકલધ્યાન ગુણવંત રે. પ્રાણી !૦ ૧૨

પઢે, ગુણે, વાંચે, સુણે જી, ભાવે જિનવર આણ;
બાર ભાવના અનુભવે જી, ધર્મધ્યાન એહ જાણ રે. પ્રાણી !૦ ૧૩

આપો આપ વિચારતાં જી, જબ જાણે નિજ રૂપ;
શુકલધ્યાન તે જાણજો જી, કેવલજ્ઞાન સ્વરૂપ રે. પ્રાણી !૦ ૧૪

કલશ

ઈમ જ્ઞાનદિનકર સકલ સુખકર, વીર જિનવર અનુસર્યો,
ભવસિંધુતારણ તરણ પામી, ચતુર ચિત્ત ચેતન ઠર્યો;
કીર્તિવિજય ઉવજ્ઝાય સેવક, વિનય ઈણિ પરે વિનવે,
સદ્ધર્મધ્યાન નિધાન મુજને, દેવ દેજો ભવે ભવે.

## ૪૯. દીક્ષા–કલ્યાણક વર્ણનાત્મક
## શ્રી મહાવીર જિન સ્તવન
### ઢાળ પહેલી

(એક દિન પુંડરીક ગણધરુ રે લાલ)

વંદું વીર જિનસરુ રે લાલ, તીરથપતિ અરિહંત; મેરે પ્યારે રે;
દીક્ષા–કલ્યાણક ગાઈશું રે લાલ, મહિમાવંત મહંત.
મેરે પ્યારે રે. વંદું૦ ૧

ત્રિશાલાનંદન ચંદલો રે લાલ, તાત સિદ્ધારથ રાય; મેરે૦
હેમવરણ હરિલંછનો રે લાલ, જસ પદ સેવે સુરરાય. મેરે૦
વંદું૦ ૨

યૌવન વય જિન આવિયા રે લાલ, પરણ્યા યશોદા નાર; મેરે૦
પંચ વિષય સુખ ભોગવે રે લાલ, ત્રિભુવનનો શણગાર. મેરે૦
વંદું૦ ૩

ત્રીસ વરસ ગૃહમાં વસ્યા રે લાલ, વ્રત ગ્રહવા ધરે ભાવ; મેરે૦
તે સમયે લોકાંતિકા રે લાલ, આવી કહે સદ્‌ભાવ. મેરે૦
વંદું૦ ૪

ભોગકરમ પૂરણ થયે રે લાલ, સ્વયંબુદ્ધ ભગવાન; મેરે૦
ઉરણ સવિ પૃથ્વી કરી રે લાલ, દીધું વરસી દાન. મેરે૦
વંદું૦ ૫

નંદિવર્દ્ધન ભ્રાતને રે લાલ, પૂછે કરૂણાવંત; મેરે૦
રાજન્! અવધિ પૂરો થયો રે લાલ, વ્રત લેશ્યું ગુણવંત. મેરે૦
વંદું ૬

દીક્ષા મહોચ્છવ માંડિયો રે લાલ, નંદિવર્દ્ધને નેહ; મેરે૦
કુંડપુર શણગારિયું રે લાલ, સ્વર્ગ સમોવડ તેહ. મેરે૦
વંદું૦ ૭

મંડપ મોટો બાંધિયો રે લાલ, તોરણ બાંધ્યાં બાર; મેરે૦
ધ્વજ આરોપ્યા લહકતા રે લાલ, રચના કીધી સાર. મેરે૦
વંદું૦ ૮

નંદિરાજ શક્રાદિકે રે લાલ, અડ જાતિ કળશા કીધ; મેરે૦
એક એક જાતિના કર્યા રે લાલ, અષ્ટોત્તર સહસ પ્રસિદ્ધ. મેરે૦
વંદું૦ ૯

સોવનમયી રૂપામયી રે લાલ, કળશ મણિમય ચંગ; મેરે૦
સોવન રૂપામયી સહી રે લાલ, કનક મણિમય રંગ. મેરે૦
વંદું૦ ૧૦

રજત મણિમય દીપતા રે લાલ, કનક રજતમણિ કુંભ; મેરે૦
અષ્ટમ મૃણ્મયી જાણિયે રે લાલ, ખીરસિંધુભર્યું અંભ. મેરે૦
વંદું૦ ૧૧

## ઢાળ બીજી

( મનરા માન્યા )

ચોસઠ હરિ અચ્યુતાદિકે રે, કીધા કલશ વરિષ્ઠ, મનના માન્યા;
નંદિરાજ કૃત કુંભમાં રે, દિવ્યાનુભાવે પવિટ્ઠ, મનના માન્યા.
પ્રભુ અહનિશ ધરું તુમ ધ્યાન, મુને આપો સમકિત દાન;
જેહથી લહિયે મુગતિ નિદાન, મનના માન્યા. ૧.
પૂર્વાભિમુખ બેસારીને રે, સ્વામીને નંદિરાજ; મનના૦
સુરાનીત ક્ષીરોદકે રે, સર્વૌષધિ મૃત્તિકા સમાજ. મનના૦ ૨
સ્નાન કરાવ્યું તેણે જલે રે, હરિ કર આદર્શ ભૃંગાર; મનના૦
પ્રભુ આગે ઊભા રહ્યા રે, બોલે જય જયકાર. મનના૦ ૩
અંગ વિલેપન ચંદને રે, કંઠે ધરી ફૂલમાળ; મનના૦
શ્વેતવસ્ત્રાવૃત્ત ગાત્ર શું રે, વર હાર કિરીટ વિશાળ. મનના૦ ૪
કાને કુંડલ શોભતાં રે, કટક મંડિત ભુજ દંડ; મનના૦
કંઠપીઠ બહુમૂલ્યનું રે, ધારિત વસ્ત્ર અખંડ. મનના૦ ૫
નંદિરાજકૃત શિબિકા રે, ચંદ્રપ્રભા જે પવિત્ર; મનના૦
બહુ શત થંભ જેહમાં રે, મણિ મોતી કનક વિચિત્ર.
મનના૦ ૬

પણવીસ ધનુષ્ય વિષ્કંભ છે રે, લાંબી ધનુષ્ય પચાસ; મનના૦
છત્રીસ ધનુષ્ય ઉચ્ચતા રે, સુરે તિમ કીધી ઉલ્લાસ.
મનના૦ ૭

## ઢાળ ત્રીજી

(નાણુ નમો પદ સાતમે)

મનુષ્ય શિબિકામાં સમાવતા, સુર પણ તે તતકાલ; મેરે લાલ;
તેહમાં પૂરવ સનમુખે, સિંહાસન બેઠા કૃપાલ. મેરે લાલ.
સુગુણ સનેહી સાહિબો. ૧

કુલમહત્તરિકા અંગના, દક્ષિણ બેઠી તેહ; મેરે૦
હંસલક્ષણ પટ સા ગ્રહી, પ્રભુમુખ જોતી સસનેહ. મેરે૦ ૨
દીક્ષોપકરણ લેઇને, અંબ ધાત્રી વામાંગ; મેરે૦
એક પૂંઠે છત્ર કર ગ્રહી, વર તરુણી મનરંગ. મેરે૦ ૩
ઈશાન ખૂણે એક સ્ત્રી રહી, કર પૂર્ણ કલશ વિસ્તાર; મેરે૦
અગ્નિ ખૂણામાંહી તથા, વીંઝણો લેઈ એક નાર. મેરે૦ ૪
બેઠી સહુ ભદ્રાસને, હવે નંદી નૃપ આદેશ; મેરે૦
સહસ પુરુષ શિબિકા પ્રત્યે, ઉપાડે હરખે અશેષ. મેરે૦ ૫
ઉપરની બાહા વહે, દક્ષિણની સૌધર્મ ઇંદ્ર; મેરે૦
ઉત્તરની બાહા તિહાં, અગ્રેતન ઈશાનેંદ્ર. મેરે૦ ૬
તિમ ચરમેંદ્ર અધસ્તની, દક્ષિણ બાહા વહંત; મેરે૦
ઉત્તરની તે પાછલી, બલીંદ્ર વહે હરખંત. મેરે૦ ૭
ભુવનપતિ વ્યંતર જ્યોતિષી, વળી વૈમાનિક ઈંદ્ર; મેરે૦
યથાયોગ્ય શિબિકા વહે, ધરતા વિનય અમંદ. મેરે૦ ૮

## ઢાળ ચોથી

( પદ્મ પ્રભુના નામની )

પુષ્પવૃષ્ટિ સુરવર કરે, ગાજે દુંદુભિનાદ, મોહન;
તે સમયે સુખ સ્વર્ગનાં, તૃણ સમ ગણતા આહ્લદા, મોહન.
વારી હું વીર જિણંદની. ૧
શક્ર ઈશાનેંદ્ર બે દિશે, ચામર ઢાળ સશ્રીક, મોહન;
સુરવૃંદ નભ શોભતું, ભૂતળ પણ રમણિક, મોહન. વારી૦ ૨
મંગળ તૂર બજાવતે, ભંભા ભેરીપ્રધાન, મોહન;
શંખ મૃદંગ ને ઝલ્લરી, વાજે ઢોલ નિશાન, મોહન. વારી૦ ૩
ઇમ અનેક વાજિંત્રનો, પસર્યો ત્રિભુવન નાદ, મોહન;
પ્રભુગુણ ગીત ગોરી મળી, ગાવે સરલે સાદ, મોહન. વારી૦ ૪
વાજિંત્ર શબ્દ સુણ્યો તદા, મિળિયા નારીના થોક, મોહન;
જિનમુખ અતિ હરખે કરી, નીરખે નાગરી લોક, મોહન. વારી૦ ૫
શોભિત પ્રભુમુખ આગળે, અષ્ટ મંગલિક ચંગ, મોહન;
પૂંઠે નંદી નૃપ ચાલતા, સેના લેઇ ચતુરંગ, મોહન. વારી૦ ૬
એમ અનુક્રમે જાણીએ, પૂર્ણકળશ ભૃંગાર, મોહન;
ચામર ને મોટી ધ્વજા, તે આગે છત્ર સફાર, મોહન. વારી૦ ૭
સિંહાસન મણિ-હેમશું, પાદપીઠ સંજુત્ત, મોહન;
અષ્ટોત્તર શત ગજ તૂરી, આરોહ રહિત ઉત્ત, મોહન. વારી૦ ૮
ઘંટ પતાકા મનોહરુ, શસ્ત્રભૃત રથ ચંગ, મોહન;
અષ્ટોત્તર શત નરવરા, ધરતા અતિહિ ઉમંગ, મોહન. વારી. ૯
ચાર અનીક ચાલે વહી, લઘુ સહસ પતાકા હુંત, મોહન;
જોયણ સહસ ઊંચો સહી, મહેન્દ્ર ધ્વજ લહકંત, મોહન.
વારી૦ ૧૦

અષ્ટોત્તર શત મહાલતા, ખડ્ગધર કુંતધાર, મોહન;
પીઠ ફલગ હાસ્યકારકા, નર્મ વચન કહણાર, મોહન.
વારી૦ ૧૧
ઉગ્ર ભોગાદિક વંશના, નરવર માંડલિક જોય, મોહન;
શેઠ કૌટુંબિક સામટા, સારથવાહ બહુ હોય, મોહન.
વારી૦ ૧૨
મંજુલ મન કરી આવિયા, સુર માનવ કેઈ કોડ, મોહન;
જય જય શબ્દ પ્રયુંજતા, પ્રભુને નમે કર જોડ, મોહન.
વારી૦ ૧૩

## ઢાળ પાંચમી

(મુખને મરકલડે)

શ્રી વર્દ્ધમાન જિનરાયા જી, જિનમુખ ભામણડે,
સુરપતિ સેવિત જસ પાયા જી, જિનમુખ ભામણડે;
દીક્ષા કલ્યાણક જુઓ જી, જિન૦
માગસર વદિ દશમી હુઓ જી. જિન૦ ૧
કુંડપુર થકી ઉદ્યાનેજી, જિન૦ જ્ઞાતખંડવન શુભ થાનેજી; જિન૦
રાખી શિબિકા કરૂણાંઠજી, જિન૦ અશોક તરુવર હેઠજી. જિન૦ ૨
સ્વામી તિહાંથી ઊતરિયાજી, જિન૦ ઉપશમ રસકેરા દરિયાજી; જિન૦
આભરણાદિક સ્વયમેવજી, જિન૦ પ્રભુ ઉતારે તતખેવજી. જિન૦ ૩
કુલની મહત્તરિકા નારીજી, જિન૦ પ્રભુને કહે જાઉં બલિહારીજી;
જિન૦
વચ્છ! પ્રમાદ ન કરજો જી, જિન૦ કેવલ સિરિ વેગે વરજો જી.
જિન૦ ૪

પ્રભુને ઇમ કહેતી વાણીજી, જિન૦ પ્રણમે જોડી દોય પાણિજી;
જિન૦
લોચ તે પંચમુષ્ટિ કીધોજી, જિન૦ તપ છટ્ઠ કર્યો સુપ્રસિદ્ધોજી.
જિન૦ ૫
વામ ખંધે દેવદૂષ્ય મૂકેજી, જિન૦ શક્રેંદ્ર સમય નવિ ચૂકેજી;
જિન૦
ઇંદ્રે વાર્યા વાજિંત્રજી, જિન૦ તવ કોલાહલ શમ્યો તત્રજી.
જિન૦ ૬
સ્વામી સિદ્ધને કરે પ્રણામજી, જિન૦ કહે 'કરેમિ સામાઇયં' તામજી;
જિન૦
મનઃપર્યવ ઊપનું જ્ઞાનજી, જિન૦ ચઉનાણી સુગુણનિધાનજી.
જિન૦ ૭
ઇંદ્રાદિક જિનને વાંદીજી, જિન૦ નંદીશ્વર પહોત્યા આનંદીજી;
જિન૦
યાત્રા કરી અભિરામજી, જિન૦ સુર પહોત્યા નિજ નિજ ઠામજી.
જિન૦ ૮
બંધુવર્ગને પૂછી સ્વામીજી, જિન૦ વિહાર કરે શિવગામીજી;
જિન૦
'વીર વીર' ઇમ મુખ કહેતાજી, જિન૦ નંદી નૃપ નિજ ઘર પહોતાજી.
જિન૦ ૯
લાભ બહુલ વિપ્રને દીધોજી, જિન૦ પરમાન્ને પારણો કીધોજી;
જિન૦
છદ્મસ્થપણે નિરધારજી, જિન૦ અનુક્રમે સાધિક વર્ષ બારજી.
જિન૦ ૧૦

ઘાતી કરમને ખપાયાંજી, જિન૦ કેવલ વર જ્ઞાન ઉપાયાજી;
જિન૦
સમવસરણ પ્રભુ રાજેજી, જિન૦ ભવિ મનના સંશય ભાંજેજી.
જિન૦ ૧૧
જલધરની પેરે ધ્વનિ ગાજેજી, જિન૦ તીન છત્ર શિરોવરિ છાજેજી;
જિન૦
વાણીગુણ છે પણતીસજી, જિન૦ પ્રાતિહારજયુત જગદીશજી.
જિન૦ ૧૨
સ્વામી ચોત્રીસ અતિશયવંતજી, જિન૦ ભવિભયભંજન ભગવંતજી;
જિન૦
બહોંતર વરસનું આયજી, જિન૦ પ્રભુ પૂરણ પામી અમાયજી.
જિન૦ ૧૩
પુરી અપાપાયે ઉત્સાહજી, જિન૦ કરે સિદ્ધિવધૂનો વિવાહજી;
જિન૦
પ્રભુ જન મનરંજનરૂપજી, જિન૦ અંજન રહિત સ્વરૂપજી.
જિન૦ ૧૪
શાંત સુધારસ સિંધુજી, જિન૦ શાસનનાયક જગબંધુજી;
જિન૦
સુરતરુ ચિંતામણિસારજી, જિન૦ એ તો ભગત મુગતિ દાતારજી.
જિન૦ ૧૫
પ્રભુ ભવદવ મેહ સમાજી, જિન૦ દિયો સમકિત અખય નિધાનજી;
જિન૦

ઇમ વીર જિનેસર ગાયોજી, જિન૦ સ્યાદ્‌વાદ સુધારસ પાયોજી.
જિન૦ ૧૬
તાર્કિક આચાર્ય કહાયાજી, જિન૦ શ્રી જસવિજય ઉવજ્ઝાયાજી;
જિન૦
ગુણવિજય બુધ તસ સીસજી, જિન૦ કહે સુમતિવિજય સુજગીસજી.
જિન૦ ૧૭.

કળશ

ઈમ વીર દીક્ષા સમય વર્ણન, વર્ણવ્યું ભાવે કરી,
અજર, અમર, અકલંક, નિર્મમ, તરણ–તારણ ચિત્ત ધરી;
શ્રી જસવિજય ઉવજ્ઝાયનો, શુભ શિષ્ય ગુણ રયણાયરુ,
ગુણ વિબુધ સેવક **સુમતિવિજયે**, સંથુણ્યો પરમેસરુ. ૧.

## ૫૦. મોહરાજ કથાગર્ભિત શ્રી જિનને વિનતિરૂપ શ્રી મહાવીર જિન સ્તવન

ઢાળ **પહેલી** ( સાંભળજો મુનિ સંયમ રાગે )

વીર જિનેસર ભુવનદિનેસર, તું જગજન્તુ આધાર રે;
હું તુજ ચરણને શરણે આવ્યો, કીજે કરુણા સાર રે.
શ્રી જિનવર ! જગ જયકર ! નિસુણો, દાસ તણી અરદાસ રે;
મોહરાય મદમર્દન કાજે, કીજે ઉપાય ઉલ્લાસ રે. ૧
હરિહર બ્રહ્માદિક પણ દેવા, શિર વહે મોહની આણ રે;
તો કિમ તસ શરણે ઉગરીએ, વરીએ નિજ પદ ઠાણ રે.
શ્રી જિન૦ ૨

પુર સંસાર તણો હું વાસી, ચેતનરાય પ્રસિદ્ધ રે;
સુમતિ અને દુર્મતિનો વિલાસી, પણ દુર્મતિ વશ કીધ રે.
શ્રી જિન૦ ૩

તસ બહુ વિકલાવિકલપણાની, ધરતી સુમતિશું દ્વેષ રે;
પંચ પ્રમાદ સુરાપાને કરી, વિકલ કિયો છલ દેખ રે.
શ્રી જિન૦ ૪

તસશું વિલસત પુત્રી પ્રવૃતિ, હોવે અતિ મનોહાર રે;
મનમંત્રી સાથે પરણાવી, તસ સુત મોહકુમાર રે.
શ્રી જિન૦ ૫

તે લઘુપણથી બળીઓ છળીઓ, તસ જગ બહુસ્થિતિ વ્યાપી રે;
તેહ દુરાતમ આતમ પ્રભુતા, અર્થી હુવો અતિ પાપી રે.
શ્રી જિન૦ ૬

આ ચેતનને પકડી જકડી, નામકર્મશું બાંધ્યો રે;
નરક નિગોદને બંદીખાને, કાળ અનંતો રુંધ્યો રે.
શ્રી જિન૦ ૭

**દોહો**

મોહરાય મદ ભર ભર્યો, કરે રાજ્ય તિહાંય;
તેણે સામો બહુવિધ કિયો, તે કહું જિનરાય.

ઢાળ **બીજી** (નીરખ્યો નેમિજિણંદને અરિહંતાજી)

મોહરાય સંસારનું, જિનરાયા રે, રાજ્ય કરે મનરંગ;
સુણો સુખદાયા ! રે;
જીવયોનિ લખ ચોરાશી, જિનરાયા ! રે, ચૌટા અતિ ઉત્તંગ.
સુણો સુખદાયા ! રે. ૧

ચઉગતિ દરવાજા ચઉ, જિન૦ લખ દરબાર જુડાય; સુણો૦
દંભ મહેલમાં મ્હાલતો, જિન૦ મૂઢતા રાણી સહાય. સુણો૦ ૨
તૃષ્ણાવેદી ઉપરિ, જિન૦ ભરમ સિંહાસન ધીર; સુણો૦
સાતે વ્યસન ખવાસની, જિન૦ મોહને નહીંય અધીર. સુણો૦ ૩
રતિ ને અરતિ ચામર કરી, જિન૦ છત્ર ધરાવે શોક; સુણો૦
માયા પોળિયણ મહેલની, જિન૦ જે રંજાડે લોક. સુણો૦ ૪
નિંદા ચંડાળણી આંગણે, જિન૦ ઝાડૂ દે હુશિયાર; સુણો૦
નિદ્રા ઘોર મંગલ વાજાં, જિન૦ વાજે નિત્ય દરબાર. સુણો૦ ૫
દૂરિત ખજાનો સંગ્રહે, જિન૦ મંત્રીશ્વર મિથ્યાત; સુણો૦
ચઉ વિકથા ચઉદિશ તણી, જિન૦ નૃપને સુણાવે વાત. સુણો૦ ૬
તસ થિતિપાક પુરોહિતો, જિન૦ કાંઈક પુરહિતકાર; સુણો૦
રાગ–દ્વેષ બે કુંવરો, જિન૦ પુરજન બંધનહાર. સુણો૦ ૭
હરિહર પ્રમુખ નમાવતો, જિન૦ તસ મનમથ ફોજદાર; સુણો૦
મદમત્તા મદ હાથિયા, જિન૦ ઝૂલે જસ દરબાર. સુણો૦ ૮
બહુ વિભાવ બીડાં કરી, જિન૦ વિષય સ્થગિધર દેય; સુણો૦
ચપલ મનોરથ રથ ભલા, જિન૦ ઇન્દ્રિય તુરીય અજેય. સુણો૦ ૯
ચાર કષાય ચઉ રૂપશું, જિન૦ ચઉ દરવાજા દાર; સુણો૦
સ્વામી–ભગતા ઉંબરા, જિન૦ પાપસ્થાન અઢાર. સુણો૦ ૧૦

ઢાળ ત્રીજી ( રાગ કેદારો–જાઉં બલિહારીજી )

મોહરાય કરે ઇમ રાજ્યજી, જિનવર! ચિત્ત ધરો,
તુજ વિણ કોણ કરે ઈલાજજી, જિનવર! હિત કરો;
બંદીખાને બહુ પીડેજી, જિનવર! ચિત્ત ધરો,
એકમાંહી અનંતને ભીડેજી, જિનવર! હિત કરો. ૧

બહુ જનમ મરણ ઉપજાવેજી, જિનવર! ચિત્ત ધરો,
તિહાં નહીં કો જે મૂકાવેજી, જિનવર! હિત કરો;
ઈમ દુઃખ સહ્યો કાળ અનંતજી, જિનવર! ચિત્ત ધરો,
સ્થિતિપાકની સેવ કરંતજી, જિનવર! હિત કરો. ૨

તેણે બહુ સેવા જાણીજી, જિનવર! ચિત્ત ધરો,
તિહાંથી મૂકાવ્યો તાણીજી, જિનવર! હિત કરો;
તોય ચઉટે ચોરાસીજી, જિનવર! ચિત્ત ધરો,
ફેરવિયો કરમે પાસીજી, જિનવર! હિત કરો. ૩

તે તો તુજ દુઃખ કહું કેતાંજી, જિનવર! ચિત્ત ધરો,
તું જાણે વીત્યાં તેતાંજી, જિનવર! હિત કરો;
સ્થિતિપાકે કરી કરુણાયજી, જિનવર! ચિત્ત ધરો,
જસ કહણ માંહી મોહરાયજી, જિનવર! હિત કરો. ૪

લેઈ ચાર કષાય જમાનજી, જિનવર! ચિત્ત ધરો,
મૂકાવ્યું વિટંબન દાનજી, જિનવર! હિત કરો;
દુર્મતિથી દુઃખ જાણીજી, જિનવર! ચિત્ત ધરો,
વિલસું હવે સુમતિશું સુખ, જિનવર! હિત કરો. ૫

વિલસત સુત ઊપનો વિવેકજી, જિનવર! ચિત્ત ધરો,
જે રાખે કુલની ટેકજી, જિનવર! હિત કરો;
નિવૃત્તિ સુતા મન ભાવીજી, જિનવર! ચિત્ત ધરો,
મનમંત્રીની સાથે પરણાવીજી, જિનવર! હિત કરો. ૬

એહવે પ્રભુ પુર રખવાળજી, જિનવર! ચિત્ત ધરો,
મળિયો વિમલ બોધ મયાળજી, જિનવર! હિત કરો;
તેણે તત્ત્વરુચિ નિજ કન્યાજી, જિનવર! ચિત્ત ધરો,
પરણાવી વિવેકને ધન્યાજી, જિનવર! હિત કરો. ૭

તેણે મુજ પ્રભુ મેળવિયોજી, જિનવર! ચિત્ત ધરો,
ભવ માનવનો આજ ફળિયોજી, જિનવર! હિત કરો;
મુજ સકલસંપત્તિ છે પોતેજી, જિનવર! ચિત્ત ધરો,
પ્રભુ તે શુભ નજરે જોતેજી, જિનવર! હિત કરો. ૮

**દોહો**

ભરતક્ષેત્ર માનવતનુ, તિહાં પ્રભુ ચેતનરાય;
ચક્રવર્તી સમ ઋદ્ધિ છે, જો સેવે પ્રભુ પાય.

**ઢાળ ચોથી** (સંભવ જિનવર વિનતિ)

ષટખંડ ષટચક્ર સુંદરુ, જિહાં દેશપ્રદેશના વૃન્દ રે,
નાભિ શિખર વર રાજતો, કટી વૈતાઢ્ય ગિરીંદ રે;
વીરજિણંદ! અવધારિયે, વારિયે પરદલ પીડ રે,
વીરજિણંદ અવધારિયે. ૧

સાત ધાતુ ઈહાં નીપજે, અસ્થિનિચય ગિરિમાલ રે;
નદીય પરે નિરંતરે, સિરા વહે અસરાલ રે. વીર૦ ૨

પલપૃથિવી લાલા જલં, તૈજસ અગ્નિ કહાય રે;
સાસ ઊસાસ સમીરણ, વનરાજિ રોમરાય રે. વીર૦ ૩

સહસ ચોસઠ રાણી વર્યો, સ્ત્રીકલા ચોસઠ માન રે;
ત્રિગુણ ભેદ ચઉદસ મુણી, નવવિધ ભક્તિ નિધાન રે. વીર૦ ૪

બત્રીસ દંત સેવે સદા, બત્રીસ સહસ નરેશ રે;
કોઠા બહોંતેર નગરનો, સહસ બિહોત્તરી ઈસ રે. વીર૦ ૫
ચતુરંગિણી સેના ઈહાં, ધરમનાં ચારે એ અંગ રે;
જાસ સહાયથી પામિયે, પૂરણ પ્રભુતા રંગ રે. વીર૦ ૬
અંતરદૃષ્ટિ વિચારતાં, લોક પૂરણ પણ ઈહાંય રે;
સુરગિરિ નાભિ રુચક ભલા, આઠ પ્રદેશ કહાય રે. વીર૦ ૭
સાત નરક પૃથિવી અધો, બાર પાંસુલી સુરલોય રે;
ગ્રીવા ગ્રૈવેયક કહ્યાં, વદન અનુત્તરે હોય રે. વીર૦ ૮
સિદ્ધશિલા લલાટિકા, ઉત્તમ ઠાણ કહેવાય રે;
પરિધિ અલોક રોમાવલિ, ઈમ અંતર સવિ ઠાય રે. વીર૦ ૯

### દોહા

સકલ વસ્તુ અંતર ભરી, કાં કરો અવર જંજાળ;
સુમતિ અંગથી મુજ હુઓ, ઉદાસીનતા ઢાળ. ૧
હવે મોહરિપુ જીતવા, કીજે જિન સુપસાય;
આપ સેન બલ કીજિયે, જિમ લહું તુજ પુર ઠાય. ૨

### ઢાળ પાંચમી (સંભવ જિનવર વિનંતિ)

અરદાસ સુણી નિજ દાસની, સુપ્રસન્ન હુવો જિનરાજ રે;
અંતરંગ રિપુ મદ ગાળવા, સુવિવેકને દીધું રાજ રે.
જિનવર ! જંપું કૃપા કરો. ૧
ઉપદેશ ભંભા અજાવીને, દ્વાદશાંગી પાઠ વાજિંત્ર રે;
નિજ હાથે જિન સંવેગનું, બંધાવ્યું ખડક પવિત્ર રે. જિન૦ ૨
વૈરાગ્ય મતંગજ શિર ચઢી, અંતર કરણે રણથંભ રે;
રોપીને ચોટ પહેલી કરી, દરવાન ઉપરિ નિર્દંભ રે. જિન૦ ૩

સમકિત મંત્રી સુવિવેક તે, બુદ્ધિબળે હણ્યો મિથ્યાત રે;
મોહ કબજે કિયો રાય તદા, બંધથી છોડયો નિજ તાત રે. જિન૦ ૪
માયા ને મૂઢતા મિટી ગઇ, મોહ ફોજ ગઈ વિખેર રે;
પટરાણી સુમતિ રોષે ચઢી, દુર્મતિ ને હણી તવ ઘેર રે. જિન૦ ૫
પ્રવૃત્તિ કરી ધીઠાપણું, નિવૃત્તિશું ઝૂઝવા લગ્ગ રે;
નિવૃત્તિ જબ બલ ફોરવ્યું, તવ સા ગઈ દૂરે ભગ્ગ રે. જિન૦ ૬
રાગ–દ્વેષ કુંવર મોહરાયના, રણ ચઢિયા મયમદ પૂર રે;
સમભાવ કુંવરે સુવિવેકના, ક્ષમા ખડ્ગે કિયા તવ દૂર રે. જિન૦ ૭
સ્થિરતા કીર્તિસ્થંભ રોપિયો, ભંડારી સુબોધ સુવિત્ત રે;
ગુણગાન નગારાં વજાવિયાં, તવ હુવો મંગલ નિત્ત રે. જિન૦ ૮

ઢાળ છઠ્ઠી ( સંભવ જિનવર વિનતિ )

વીર જિણંદ પસાઉલે, રિપુ દલ જીતી અશેષ રે;
જિનમત સુંદર પુર લહ્યો, ચારિત્ર મહેલ વિશેષ રે.
શ્રી જિનવર! જગ તું જયો, તું પ્રભુ! પર ઉપગારી રે;
મોહભીતિ દૂરે કરી, મુજ કીધો શિવ અધિકારી રે. ૧
તું સમરથ પ્રભુ મુજ મિલ્યો, સીધ્યાં સકલ શુભ કાજ રે;
હવે નિજ સમ દોલત દિયો, તુજ બાંહ્ય ગ્રહ્યાની લાજ રે.
શ્રી જિન૦ ૨
શુકલ ધ્યાન ગજે આરોપી, શિવપુર દરવાજા ખોલી રે;
નિશ્ચલ પદ મુજ થાપિયે, જિમ હોય અવિહડ ટોલી રે.
શ્રી જિન૦ ૩
શ્રી સિદ્ધારથ કુંવરુ!, ત્રિશલાનંદન દેવ રે!
કહું કેતી હું વિનતિ, તું જાણે સ્વયમેવ રે. શ્રી જિન૦ ૪

પરમ પુરૂષ ! પરમેસરુ !, તું છે પર ઉપગારી રે;
પૂરણ પુણ્યે પામિયો, અંતરંગ ગુણકારી રે. શ્રી જિન૦ ૫

કળશ

ઈય મોહવારણ મોક્ષકારણ, વીર જિનવર જયકરુ,
મેં થુણ્યો ભાવે વિવિધ ભાવે, કર્મ મર્મ નિરાકરુ;
તપગચ્છ અધિપતિ પ્રણુત નરપતિ, **વિજયાનંદ સૂરીસરુ,**
બુધ **શાંતિવિજય** સુસીસ વાચક, **માન** મુનિ મંગલકરુ.

## ૫૧. શ્રી ત્રણ જિનચોવીસી સ્તવન

**ઢાળ પહેલી :** અતીત ચોવીસી

( સિદ્ધારથના રે નંદન વિનવું )

શ્રી ગુરુ કેરા રે પાય પ્રણમી કરી, અતીત ચોવીસી રે જેહ;
નામનિક્ષેપે રે તે હું વરણવું, જંબૂ ભરતે રે એહ;
ભાવ ધરીને રે ભવિયણ વંદિયે. ૧

કેવલનાણી રે નિરવાણી નમું, સાગર ત્રીજા જિણંદ;
મહાજશ ચોથા રે વિમલ તે પાંચમા, સર્વાનુભૂતિ મુણીંદ.
ભાવ૦ ૨

સપ્તમ શ્રીધર દત્ત તે આઠમા, દામોદર અરિહંત;
દશમા સુતેજા રે સ્વામી અગિયારમા, મુનિસુવ્રત મહંત.
ભાવ૦ ૩

તેરમા સુમતિ રે શિવગતિ ચૌદમા, પંદરમા અસ્તાગ દેવ;
નમીશ્વર વંદુ રે અનિલ તે સત્તરમા, અઢારમા યશોધર સેવ.
ભાવ૦ ૪

કૃતારથ જિનેસર વીસમા, શુદ્ધમતિ એકવીસ;
શિવકર વળી સ્યંદન ત્રેવીસમા, સંપ્રતિ નામે ચોવીસ.
ભાવ૦ ૫

અતીત ચોવીસી રે જિનપદ ભોગવી, પામ્યા અવિચલ રાજ;
મહિમાસુંદર વિબુધ કલ્યાણને, નમતાં સીધ્યાં રે કાજ.
ભાવ૦ ૬

ઢાળ બીજી : વર્ત્તમાન ચોવીસી

(દુઃખ દોહગ દૂરે ટળ્યાં રે)

વર્ત્તમાન કાળે હવે રે, ચોવીસ જિનવર નામ;
ઋષભ, અજિત, સંભવ પ્રભુ રે, અભિનંદન, અભિરામ રે.
પ્રાણી! સેવો મનને રંગ. ૧

સુમતિ, પદ્મપ્રભ, વંદિયે રે, સાતમા સોહે સુપાસ;
ચન્દ્રપ્રભ, સુવિધિ, નમું રે, શીતલનાથ, શ્રેયાંસ રે.
પ્રાણી!૦ ૨

વાસુપૂજ્ય, વિમલ જિના રે, અનંત, શ્રી ધર્મનાથ;
શાંતિ, કુંથુ, અર, જાણિયે રે, ઓગણીસમા મલ્લિનાથ રે.
પ્રાણી!૦ ૩

મુનિસુવ્રત, નમિનાથજી રે, નેમિ જિનેસર, પાસ;
શ્રી મહાવીર ચોવીસમા રે, પામ્યા શિવપુર વાસ રે.
પ્રાણી!૦ ૪

જંબૂદ્વીપના ભરતમાં રે, વંદો જિન ચોવીશ;
કલ્યાણસુંદર પ્રભુ નામથી રે, પહોંચે સયલ જગીશ રે.
પ્રાણી!૦ ૫

ઢાળ ત્રીજી : અનાગત ચોવીસી

( દુઃખ દોહગ દૂરે ટળ્યાં રે )

હવે ચોવીસી આવતી રે, તેહનાં નીસુણો નામ;
તીર્થંકર પદ ભોગવી રે, લહેશે શિવપુર ઠામ.
જિનેસર ધ્યાન ધરું નિશદિશ. ૧
પદ્મનાભ પહેલા પ્રભુ રે, શ્રી સુરદેવ, સુપાસ;
સ્વયંપ્રભ ચોથા લહું રે, સર્વાનુભૂતિ ઉલ્લાસ. જિને૦ ૨
દેવશ્રુત છઠ્ઠા નમું રે, સાતમા ઉદય જિણંદ;
પેઢાલ પોટ્ટિલ સમરિયે રે, શતકીરતિ સુખકંદ. જિને૦ ૩
સુવ્રત સુણિયે અગ્યારમા રે, અમમ પ્રભુ, નિષ્કષાય;
નિષ્પુલાક જિન ચૌદમા રે, પંદરમા નિર્મમ થાય. જિને૦ ૪
ચિત્રગુપ્ત સોળમા પ્રભુ રે, સમાધિ, સંવર જોય;
યશોધર ઓગણીસમા રે, વીસમા વિજય જિન હોય. જિને૦ ૫
મલ્લનાથ એકવીસમા રે, દેવનાથ બાવીસ;
અનંતવીર્ય તેવીસમા રે, ભદ્રકૃત નામ ચોવીસ. જિને૦ ૬
જંબૂ ભરતે એ કહ્યા રે, અતીત ભાવિ વર્તમાન;
મહિમાસુંદર ગુરૂધ્યાનથી રે, કર જોડી કહે કલ્યાણ. જિને૦ ૭

## પર. શ્રી સામાન્ય જિન સ્તવન

( હમ મગન ભયે પ્રભુ ધ્યાનમેં )

મન મોહ્યું પ્રભુ ગુણગાનમાં,
કાલ અનંત ન જાણ્યો જાતો, મોહસુરાના પાનમાં. મન૦ ૧
એકેન્દ્રી, બિ, તિ, ચઉરિન્દ્રીમાં, કાળ ગયો અજ્ઞાનમાં;
હવે કાંઇક પુણ્યોદય પ્રગટયો, આઈ મિલ્યો પ્રભુ થાનમાં.
મન૦ ૨

અંતરભરમ ગયો સવિ દૂરે, તત્ત્વ સુધારસ પાનમાં;
પ્રભુ તુમ દૃષ્ટિ ભઈ મુજ ઉપરે, અંતર આતમ શાનમાં.
મન૦ ૩

દરસ સરસ દેખ્યો જિનજીકો, લગન લગી તોરા ધ્યાનમાં;
કેવલકમલા કંત, કૃપાનિધિ, ઓર ન દેખ્યો જહાનમાં.
મન૦ ૪

અશરણુશરણુ જગત ઉપકારી, પરમાતમ શુચિવાનમાં;
**રામ** કહે તુમ આણુા ભવો ભવ, ધારી નય પરમાણુમાં.
મન૦ ૫

## ૫૩. શ્રી સામાન્ય જિન સ્તવન

તારી અકલ અલખ ગતિ જાણી રે, મારા આતમજ્ઞાની !
બ્રહ્મ સુષિર મધ્ય આસન થાપી, તું તો અનહદ નાદનો વ્યાપી એ.
મારા૦ ૧

યમ, નિયમ, આસન લઇને, વળી પ્રાણાયામ દઈને રે.
મારા૦ ૨

પ્રત્યાહાર ને ધારણા રાખી, તિમ ધ્યાન સમાધિની સાખી રે.
મારા૦ ૩

રેચક, પૂરક, કુંભક યોગી, થયો મન ઇંદ્રિય ભોગી રે.
મારા૦ ૪

થિરતા જોગ જુગતિની ચાલી, ભલી નિજ પાલખીવાળી.
મારા૦ ૫

આપોઆપ વિચાર જગાવી, તિમ હંસ પરમહંસ ભાવી રે.
મારા૦ ૬

પરમાતમની પદવી જાણી, ઈમ શ્રી જિનવિજય વખાણી રે.
મારા૦ ૭

## ૫૪. શ્રી સામાન્ય જિન સ્તવન

( ક્યોં કર ભક્તિ કરું પ્રભુ ! તેરી )

પ્રભુ પેખી મેરો મન હરખે, પ્રભુ પેખી મેરો મન હરખે.
તુમ બિન કહીં ઓર ન ધાવત, રસના તુમ ગુણ ફરસે.
પ્રભુ૦ ૧
તેરા હી ચરણ શરણ કરી જાનત, તુમ બિન મુજ કિમ સરસે.
પ્રભુ૦ ૨
પતિતપાવન પ્રભુ ! જગતઉદ્ધારણ, બિરુદ કિમ કરી ધરશે.
પ્રભુ૦ ૩
જે ઉપકાર કરનકું જાયા, તે ઉપકારને કરશે.
પ્રભુ૦ ૪
**જ્ઞાનવિમલ** પ્રભુ સહજ કૃપાથી, કેવલકમળા વરશે.
પ્રભુ૦ ૫

## ૫૫. શ્રી સામાન્ય જિન સ્તવન

( સારંગ )

જિનવરની ચઢાઈ થાય રી, મારા પ્રભુની ચઢાઈ થાય રી.
ક્રોહાદિક પરિવારશું આયો, ચોટ કરત મોહરાય રી.
જિન૦ ૧
ચારિત્રરાય કો સૈન્ય હકાર્યો, ઉપશમ મુખ સમુદાય રી.
જિન૦ ૨
સેનાપતિ પ્રભુજી કો સદાગમ, મોહ મહી પરે ઢાય રી.
જિન૦ ૩

શેષ ઘાતીનો ક્ષય બહુ કીનો, કેવળજ્ઞાન ઉપાય રી.
જિન૦ ૪
જિન ઉત્તમ પદ **પદ્મની** સેવા, મુક્તિ વધૂ કર સાહ્ય રી.
જિન૦ ૫

## ૫૬. શ્રી સાધારણ જિન પંચકલ્યાણક વર્ણનાત્મક સ્તવન

### દોહા

પ્રણમી પાસ જિનેસરૂ, સદ્‌ગુરુને સુપસાય;
પંચકલ્યાણક ગાઈશું, સાધારણ જિનરાય. ૧
(૧) ચ્યવન, (૨) જનમ, (૩) વ્રત, (૪) કેવલી, પંચમ વળી (૫) નિરવાણ;
એ કલ્માણક ગાવતાં, હોય સદા કલ્યાણ. ૨
નર નારી તે ધન્ય છે, જેણે કલ્યાણક દીઠ;
તે સુરવર પણ ધન્ય જિણે, મહોત્સવ કીધ ઉક્કિટ્ઠ. ૩
એક કલ્યાણક જે દિને, તે દિને હોય અનંત;
કલ્યાણક તેણે કારણે, કરીએ સમકિતવંત. ૪
આંખ મીંચી ઉઘાડિયે, નહિં સુખ તેતી વાર;
સુખિયા ભિન્ન મુહૂરત લગે, નારકી પણ હોય સાર. ૫
ઈંદ્ર ચોસઠ આવે તિહાં, ઉત્સવ કરવા કામ;
કરી મહોત્સવ સ્તવના વળી, જાય નંદીસર ઠામ. ૬
તિહાં અટ્ઠાઈ મહોચ્છવ કરી, જાય નિજ આવાસ;
એમ એકેક કલ્યાણકે, કરતા હર્ષ ઉલ્લાસ. ૭
પ્રભુ ગુણની અદ્‌ભુતતા, અચરજતા ગુણ ગેહ;
રોમકૂપ વિકસે વળી, લાભ લહે બહુ તેહ. ૮

ઢાળ પહેલી : ચ્યવન કલ્યાણક

( જિન જન્મ્યાજી, જિણુ વેળા જનની ઘરે )

જબ ઉપજેજી, જનની કૂખે જિનવરા,
તવ ઇંદ્રોજી, આસનથી ઊઠે ત્વરા;
પ્રભુ સાહમાજી, સાત આઠ પગલાં ભરે,
કર જોડીજી, શક્રસ્તવ ઇમ ઉચ્ચરે. ૧

( હરિગીત )

ઉચ્ચરે હર્ષે અતિ પ્રકર્ષે, ઊપનો તીર્થંકરો,
પ્રહીણ સ્વામી ગોત્ર જેહનાં, દ્રવ્ય જિનઘર સંઘરો;
ધન્ય દિન દેવા! આજ જાણો, તીર્થપતિ સેવા મળી,
મનમાંહી રાચો અને માચો, કરો સેવા વળી વળી. ૨
ચૌદ સુપનજી, જનની દેખે તામ એ,
પૂછે પ્રીતેજી, સુપનપાઠક અભિરામ એ;
તે ભાંખેજી, સુપન વિચાર સોહામણો,
સુત હોશેજી, ત્રિભુવન જનમન કામનો. ૩
કામનો શાશ્વત સુખ્ખકેરો, ચૌદ રાજહ લોકને,
અગ્ર ભાગે જવા માટે, કારણો ભવિ થોકને;
સુણીય નરપતિ મનોવાંછિત, દાન આપ્યો તેહને,
ગર્ભપોષણ ક્રિયા કરતાં, પ્રેમ વાધ્યો જેહને. ૪
ગર્ભ વાધેજી, સંપૂરણ દોહલે કરી,
કલ્યાણકજી, ચ્યવન મહોચ્છવ કરતા હરિ;
મન ચિંતેજી, એ સંસાર સાગર તરી,
પુણ્યે પામ્યાજી, જિનવર સેવા સુખકરી. ૫

સુખકરી સેવા, લહીય મેવા, પરમેષ્ઠી પદ ધ્યાઈએ,
આંબિલ, એકાસન, નીવી, પૌષધ તપ કરી આરાહિયે;
આરાધતા પ્રભુ સાંભરે, તેણે નિર્જરા બહુ પાઈએ,
ભક્તિ શક્તિ તીર્થપતિના, ભવિક ગુણડા ગાઈએ. ૬

ઢાળ બીજી : જન્મ કલ્યાણક

( પ્રભુ પાસનું મુખડું જોવા )

જબ જનમ્યા જિનવર રાય, તબ ત્રિભુવન જન સુખી થાય;
મંદ મંદ વાયુ તિહાં વાય, સવિ ઋતુ પરિપાક સુહાય. ૧
પંખી સુપ્રદક્ષિણા દેતા, સવિ ગ્રહ ઉચ્ચ સ્થાનક રહેતા;
છપ્પન દિક્કુમરી જાણે, આવે અતિ હર્ષ ભરાણે. ૨
તે સૂતક કર્મ કરીને, ગુણ ગાવે ભાવ ધરીને;
જબ સવિ નિજ થાનક જાય, તવ ઇંદ્રાસન ડોલાય. ૩
સુઘોષા ઘંટા વજડાવે, સવિ દેવને જાણ કરાવે;
અનુક્રમે જિન જનની પાસે, આવી પ્રણમે ઉલ્લાસે. ૪
લેઈ જાયે મેરુ ગિરિશૃંગ, મળીયા ચોસઠ ઇંદ્રો ચંગ;
કરે સ્નાત્રમહોત્સવ રંગ, ગુણગ્રામ કરે પ્રભુ સંગ. ૫
સોંપે વળી માતાને આવી, સ્તવના કરતા મન ભાવી;
વરસે તિહાં અતિ વસુધાર, જિનવર ઘર ભરીય ઉદાર. ૬
પહોતા નિજ નિજ આવાસે, નૃપ નીરખે વિહાણ ઉલ્લાસે;
ભૂપતિ મન હરખિત થાય, કરે ઓચ્છવ જન સુખદાય. ૭

ઢાળ ત્રીજી : દીક્ષા કલ્યાણક

( પ્રહ ઊઠી વંદુ, ઋષભદેવ ગુણવંત )

હવે લોકાંતિક સુર, કહે “ બૂઝો, ભગવંત ! ”
પ્રભુ અવધે જાણે, ભોગકર્મનો અંત;

તવ દાન સંવચ્છરી, દેતાં વાંછિત તંત,
હય, ગય, મણિ, માણેક, પૂરે દેવ મહંત. ૧

( સિદ્ધચક્ર પદ વંદો રે ભવિકા ! )

પૂરે દેવ મહંત તે લાવે, વરવરિયા ઘોષાવે,
એક કોડી આઠ લાખ નિરંતર, લેખો દાનનો થાવે;
વરસે ત્રણ સો કોડી અઠયાસી, ઉપરે એંશી લાખ,
કાંચન વરસી જગ ઉઋણ કરે, કલ્પ વૃત્તિની શાખ. ૨

( પ્રહ ઊઠી )

દીક્ષાને અવસર, આસન ઈન્દ્રનું ડોલે,
તવ અવધિ પ્રયુંજે, અવસર લહી ઇમ બોલે;
"જિન દીક્ષા મહોત્સવ, કરવાને અમે જાશું,
સહુ સુણજો દેવા ! લાભ અનંત ઉપાશ્યું." ૩

( સિદ્ધચક્ર પદ વંદો રે ભવિકા ! )

લાભ અનંત ઉપાશ્યું દેવા !, એમ કહી તિહાં આવે,
રજત, કનક, મણિ, મૃત્તિકા કેરા, કળશા અધિક સુહાવે;
નવરાવી શિબિકા બેસારી, વન ખંડે જિન લાવે,
શુભ થાનક ઊતરવા કારણ, શિબિકાને તિહાં ઠાવે. ૪

( પ્રહ ઊઠી )

હવે જિન નિજ હાથે, આભૂષણ ઉતારે,
માનું કર્મ નિકંદે, તિમ શિર કેશ વિડારે;
પછી સોહમ ઈંદો, કોલાહલ તિહાં વારે,
પ્રભુ સામાયિકનો, કરે ઉચ્ચાર તે વારે. ૫

( સિદ્ધચક્ર પદ વંદો રે ભવિકા ! )

કરે ઉચ્ચાર તે વારે પ્રભુને, ઊપજે ચોથું જ્ઞાન,
ખંધે વસ્ત્ર ઇંદ્ર એક મૂકે, લાખ મૂલનું માન;
પ્રભુ તિહાંથી હવે આગલ વિચરે, દરીમાંથી હરિ જેમ,
સહુ નિજ નિજ થાનક વળી જાવે, તૃતીય કલ્યાણક એમ. ૬

**ઢાળ ચોથી** : કેવલજ્ઞાન કલ્યાણક

( ચોપાઈ )

લેઈ દીક્ષા પ્રભુ કરે વિહાર, અપ્રતિબદ્ધપણે સુખકાર;
કોઈ ઠામે જિન કાઉસ્સગ્ગ રહે, પરીષહ ઉપસર્ગ સઘળા સહે. ૧
જેહને જેટલો છદ્મસ્થ કાલ, તિહાં લગે તપતા તપ સુવિશાલ;
અનુક્રમે વધતા શુભ પરિણામ, શુકલ ધ્યાન અંતર જબ ઠામ. ૨
જ્ઞાન દર્શન આવરણ ને મોહ, વળી અંતરાય તે ચોથો જોહ;
ઘાતીકર્મ હણી વડવીર, બારમે ગુણઠાણે મહા ધીર. ૩
નિર્મલ ઊપજે કેવલનાણ, ચાર નિકાય સુર હોવે જાણ;
કેવળજ્ઞાન ઉત્સવ શુભ કરે, સમવસરણ વિરચે ભલી પરે. ૪
ગણધર પદની કરે થાપના, દ્વાદશાંગી રચતા શુભમના;
ચાર પ્રકારે સંઘ સ્થપાય, પાંત્રીસ ગુણ વાણી ઉચરાય. ૫
અતિશય ચોત્રીસ પૂરણ થાય, કોડી દેવ નિકટે જિનરાય;
ભવિક જીવને કરે ઉપગાર, લોકાલોક પ્રકાશનહાર. ૬

**ઢાળ પાંચમી** : મોક્ષ કલ્યાણક

( હવે નિદ્રા પાંચની ફેટી રે )

વિચરંતા અવસરના જાણી રે, આદરે તે અણસણ નાણી રે;
કોઈ કાઉસ્સગ્ગ મુદ્રા રહેતા રે, તિમ પર્યંકાસને કેતા રે. ૧

વેદની આયુ ગોત્ર ને નામ રે, એહનો ક્ષય હુઓ જામ રે;
સિદ્ધિ શાશ્વત સુખ વરિયા રે, આવે ઈંદ્રા શોગથી ભરિયા રે. ૨

સવિ આવે જિનવર પાસે રે, આંખે આંસૂ, મુખે નિસાસ રે;
ત્રણ પ્રદક્ષિણા દેઈ બોલે રે, કિમ જિન નવિ વાચા ખોલે રે. ૩

ઈમ વિલપે તિહાં સવિ દેવ રે, ચય વિરચે ભક્તે તતખેવ રે;
આવે અગનિકુમાર ને વાય રે, વળી મેઘકુમાર સુર આય રે. ૪

નિજ નિજ કારજ આચરતા રે, પણ ચિત્ત ઉત્સાહ ન ધરતા રે;
જિનવર ગણધર મુનિરાય રે, ચયત્રિક કરે તિણે ઠાય રે. ૫

હવે જિનપતિ દાઢા ને દંત રે, અસ્થિ ને ભસ્મ જે હુંત રે;
તે લેઈ નિજ નિજ યોગ રે, જિન વિરહ તણો મન શોગ રે. ૬

તિંહા સ્તૂપ રચે ત્રણ સાર રે, ગાય જિનગુણ ભક્તિ ઉદાર રે;
પ્રભુ વિણ નહીં કોઈ આધાર રે, જાય નંદીસર દિલ ધાર રે. ૭

મહોચ્છવ ભકતે કરી દેવ રે, પહોંચે નિજ થાનક હેવ રે;
સમુદ્ગક જિન દાઢા મૂકે રે, તસ વિનયાદિક ન ચૂકે રે. ૮

ભગવઈ અંગે એમ ભાખ્યું રે, તિમ જંબૂપન્નત્તીએ દાખ્યું રે;
શુદ્ધ ભાષકે ચિત્તમાં રાખ્યું રે, એમ મોક્ષકલ્યાણક આખ્યું રે. ૯

## કલશ

ઈમ પણ કલ્યાણક સુગુણ થાનક, પામી પ્રેમે આરાધતા,
શક સોલસેં બ્યાશીય વરસે, હર્ષ ઉદ્યમ વાધતાં;
શાહ નાગજીના કહેણથી, સામાન્ય એ જિન ગાઈઆ,
ખિમાવિજય જિન ઉત્તમ નામે, **પદ્મવિજયે** ધ્યાઈઆ. ૧

# ૫૭. શ્રી જિન કલ્યાણકદિન સ્તવન

( ચોપાઈ )

જિન ચોવીસના પ્રણમું પાય, તાસ કલ્યાણક કહું ચિત્ત લાય;
માસ પુનમિયા લેખે અછે, પણ બાળકને સમજણ ન છે. ૧
અમાવાસ્યા મહિનાની રીત, કહેશું સંક્ષેપે ધરી પ્રીત;
આસો વદિમાં[૧] પાંચમ દિન્ન, સંભવ જિન કેવલ ઉત્પન્ન. ૨
બારસ દિન છે દોય કલ્યાણ, નેમિ–ચ્યવન, પદ્મ–જન્મ તે જાણ;
તેરશે પદ્મની દીક્ષા કહી, અમાવાસ્યા વીર મુગતિ લહી. ૩
હવે કાર્તિક સુદિ[૨] ત્રીજ, બારસે, સુવિધિ, અર, કેવલઋદ્ધિ સહી;
કાર્તિક વદિમાં[૩] પાંચમ છઠ્ઠ, સુવિધિ જન્મ દીક્ષા ભલી પેઠ. ૪
દશમે વીરની દીક્ષા કહી, અગ્યારશે પદ્મે શિવ લહી;
માગશર સુદમાં[૪] દશમે હોય, અરજિન જનમ ને મોક્ષ જ જોય. ૫
એકાદશી દિન પાંચ કલ્યાણ, મલ્લી જનમ દીક્ષા ને નાણ;
અર વ્રત નાણ, નમિ ચૌદશે, પૂનમે સંભવ જન્મ વ્રત વસે. ૬
વદી[૫] દશમથી ચૌદશ જાવ, અનુક્રમે પાસ જનમ વ્રત દાવ;
ચંદ્ર જનમ વ્રત શીતલ નાણ, પોષ સુદિ[૬] છઠ્ઠે વિમલ વિજાણ. ૭
નવમી અગ્યારશ ચૌદશ સાર, શાંતિ અજિત અભિનંદન ધાર;
પૂનમને દિન ધર્મ જિણંદ, પામ્યા કેવલનાણ દિણંદ. ૮
વદિ[૭] છઠ્ઠે ચ્યવ્યા પદ્મ જિનેશ, બારશ શીતલ જન્મ દીક્ષા મુનીશ;
તેરશ ને અમાવાસ્યા વખાણ, ઋષભ મોક્ષ શ્રેયાંસને નાણ. ૯

મહા[૮] સુદિ બીજ ત્રીજ દોહી લહો, અભિનંદન પ્રભુ જન્મ જ કહો;
વાસુપૂજ્યને કેવળ નાણ, ધર્મ વિમલ પ્રભુ જન્મ પ્રમાણ. ૧૦
ચોથ આઠમ નોમ વિમલ અજિત, દીક્ષા જનમ અજિતદીક્ષા થિત;
બારશ તેરશ અભિનંદન ધર્મ, લીયે દીક્ષા હવે વદિ[૯]ના મર્મ. ૧૧
છઠ દિન એક, સાતમ દિન દોય, શ્રી સુપાસ કેવલી શિવ હોય;
ચંદ્ર નાણ નોમે સુવિધિ ચ્યવ્યા, અગ્યારશ આદિ કેવલી હુઆ. ૧૨
બારસને દિન દોય કલ્યાણ, શ્રેયાંસ જનમ મુનિસુવ્રત નાણ;
તેરસે શ્રેયાંસ જિન વ્રત લે, ચૌદશ વાસુપૂજ્ય જનમે. ૧૩
અમાવાસ્યા વાસુપૂજ્ય વ્રતસાર, ફાગણ સુદિ[૧૦] બીજ અર ચ્યવન ધાર;
ચોથ આઠમ મલ્લી સંભવ ચવ્યા, બારસે દોય કલ્યાણક મળ્યાં. ૧૪
મુનિસુવ્રત વ્રત મલ્લી મોક્ષ, વદી[૧૧] ચોથે દો કરતા જોખ;
પારસ નાણ ને ચ્યવન તે જાણ, પાંચમ ચંદ્ર ચવ્યા મન આણ. ૧૫
આઠમ દોય આદિ જન્મ ને દીક્ખ, ચૈતર[૧૨] સુદમાં સાંભળ શિખ;
ત્રીજે કુંથુ નાણ પાંચમે તીન, અનંત અજિત સંભવ શિવ પીન. ૧૬
નવમી એકાદશી તેરશ વળી, સુમતિ શિવ નાણ વીરજન્મ વળી;
પૂનમે પદ્મ નાણ વદિ[૧૩] હવે, પડવે કુંથુ શિવ સંભવે. ૧૭
બીજ પાંચમે શીતલ કુંથુનાથ, મોક્ષ દીક્ષાથી થયા સનાથ;
છઠ્ઠ દશમ તેરશ શીતલ નમિ, અનંત ચ્યવન શિવ જન્મ–
મનગમી. ૧૮
ચૌદશે તીન અનંત કેવળી, દીક્ષા કુંથુ જનમ છે વળી;
વૈશાખ[૧૪] સુદિ ચોથ સાતમ દિન્ન, અભિનંદન ને ધર્મ ચ્યવન્ન. ૧૯

આઠમે હોય નોમ દશમ વિચાર, અભિનંદન શિવ જગદાધાર;
સુમતિ જનમ દીક્ષા વીર નાણ, બારસે વિમલ ચ્યવન કલ્યાણ. ૨૦

તેરશે અજિત ચવ્યા [૧૫]કૃષ્ણ પક્ષ, છઠ્ઠે શ્રેયાંસ ચ્યવન સુણ દક્ષ;
આઠમ નોમ મુનિસુવ્રત જણ્યા, મોક્ષને તેરશે હોય જ ભણ્યા. ૨૧

શાંતિ જનમ ને શિવ ચૌદશે, શાંતિ દીક્ષા ચિત્તમાં વસે;
જેઠ [૧૬]સુદિ પાંચમનો દિન્ન, ધર્મ મોક્ષ વાસુપૂજ્ય ચ્યવન્ન. ૨૨

બારશ તેરશે જનમ ને દીક્ષ, સુપાસને હવે [૧૭]વદિમાં વીક્ષ;
ચોથ સાતમ નોમ ઋષભ જિણંદ, વિમલ નમિ ચવે મોક્ષ મુણિંદ. ૨૩

અશાડ [૧૮]સુદિ છઠ્ઠ આઠમ દિને, વીર ચ્યવન નેમિ શિવ કને;
ચૌદશે વાસુપૂજ્ય શિવ ગયા, [૧૯]વદિ ત્રીજે શ્રેયાંસ સિદ્ધ ભયા. ૨૪

સાતમ આઠમ નોમ અનંત, નમિ કુંથુ ચવ્યા જન્મ ચવંત;
[૨૦]શ્રાવણ સુદિ બીજે સુમતિ ચવ્યા, પાંચમ છઠ્ઠ આઠમ સંસ્તવ્યા. ૨૫

નેમિ જનમ વ્રત પાસજી મોક્ષ, પૂનમે મુનિસુવ્રત ચવ્યા જોખ;
[૨૧]વદી સાતમ દિન હોય કલ્યાણ, શાંતિચ્યવન ને ચંદ્રનિર્વાણ. ૨૬

આઠમે ચવ્યા સુપાસ શુભ દિન્ન, ભાદ્રવા [૨૨]સુદ નોમ સુવિધિ નિવિન્ન;
[૨૩]વદિ અમાવાસ્યાએ નેમજી નાણ, આસો [૨૪]સુદમાં એક કલ્યાણ. ૨૭

પૂનમે નમિ ચવિયા શુભ યોગ, ઈમ કલ્યાણક સુણો ભવિ લોગ;
નરકે પણ થાયે ઉદ્યોત, જે દિન કલ્યાણક પ્રભુ હોત. ૨૮

એકાસણ આંબિલ ઉપવાસ, નિજ શકતે કિરિયા અભ્યાસ;
**ખિમાવિજય જિન ઉત્તમ સીસ, પદ્મવિજય કહે સુણત જગીશ.** ૨૯

શ્રી જિન કલ્યાણક દિવસોની નોંધ : આસો વદિ ૫, કાર્તિક સુદિ ૨, કાર્તિક વદિ ૪, માગસર વદિ ૫, પોષ સુદિ ૫, પોષ વદિ ૫, મહા સુદિ ૧૦, મહા વદિ ૯, ફા. સુ. ૫, ફા. વ. ૫, ચૈ. સુ. ૮, ચૈ. વદિ ૯, વૈ. સુ. ૮, વૈ. વ. ૬, જેઠ સુ. ૪, જેઠ વ. ૩, અષાડ સુ. ૩, અષાડ વદિ ૫, શ્રાવણ સુદ ૫, શ્રાવણ વ. ૩. ભા. સુ. ૧ ભા. વ ૧, આસો સુદ ૧. (આ મહિના પૂનમિયા સમજવા.)

## ૫૮. શ્રી શાશ્વતા જિન સ્તવન

(આશાવરી; ભૈરવી, ભીમપલાસ, માઢ, માલકોશ, વગેરે)

મેરે આતમ, સાસય જિન મુખ જોય,
જિમ સાસય સુખ હોય. મેરે આતમ૦
શ્રી ઋષભ ચંદ્રાનન નમું, વારિષેણ ભગવંત;
વર્ધમાન જિનરાજ પ્રણમિયે, લહિયે સુખ અનંત. મેરે૦ ૧
ભવનપતિના ભવન બહોંતેર–લાખ ને સાત જ કોડી;
એટલા પ્રાસાદમાંહે રહ્યા, જિન ચાર નમું કર જોડી. મેરે૦ ૨
જ્યોતિષી વયંતર તણા જે, નગર વિમાન અસંખ્ય;
તિહાં અસંખ્ય પ્રાસાદે કહ્યા, જિન ચાર નમું શુભ કાંક્ષ્ય. મેરે૦ ૩
તિર્ચ્છા લોકે એ ગુણ સટ્ઠી, અધિક શતક બત્રીશ;
જિનમંદિર તિહાં ચાર પ્રભુ એ, નમતાં પૂગે જગીશ. મેરે૦ ૪
લાખ ચોરાશી સહસ સત્તાણું, ઉપર અધિક ત્રેવીશ;
ઉર્ધ્વ લોકમાં જિનપ્રાસાદ એ, નમિયે નામી શીશ. મેરે૦ ૫

પંચવર્ણ ઉદાર મણિમય, સપ્ત હસ્ત સુપ્રમાણ;
કેઈ ધનુસય પંચ પરિમિત, એ જિનપ્રતિમા વખાણ. મેરે૦ ૬

ઈંદ્રાદિક સુર સઘલા પૂજે, કરે નિજ સમકિત શુદ્ધ;
કેસર ચંદન કુસુમ અગરશું, અરચે ભાવ વિશુદ્ધ. મેરે૦ ૭

ઘણાં સુરવર પામે જિન સંપદ, પૂજન્તા જિન ચાર;
ધ્યાન ધરંતા એહ પ્રભુનું, લહિયે ભવોદધિ પાર. મેરે૦ ૮

શ્રી ગુરુ વાચક કીર્તિવિજયનો, પામી પરમ પસાય;
શાશ્વતા જિન થુણિયા એણી પેરે, **વિનયવિજય** ઉવજ્ઝાય. મેરે૦ ૯

## ૫૯. શ્રી સીમંધર જિન સ્તવન

( પ્રભુ ! તુજ શાસન અતિ ભલું )

પુખ્ખલવઈ વિજયે જયો, શ્રી સીમંધર સ્વામી રે;
વિહરમાન પ્રભુ પ્રહ સમે, પ્રણમું હું શિર નામી રે.
પુખ્ખલ૦ ૧

નયરી પુંડરીગિણી રાજિયો, શ્રેયાંસ નૃપ-કુલ-ચંદો રે;
સત્યકીનંદન સુંદરુ, ભવિયણ નયનાનંદો રે.
પુખ્ખલ૦ ૨

ધન્ય જના તે વિદેહના, સફલ જનમ તસ જાણું રે;
પુણ્ય પ્રબલ જગ તેહનું, જીવિત તાસ વખાણું રે.
પુખ્ખલ૦ ૩

પૂરણ પ્રેમે પ્રહ સમે, વાંદે જે પ્રભુ ભાવે રે;
સાંભળે દેશના દીપતી, પ્રતિદિન દરિસણ પાવે રે.
પુખ્ખલ૦ ૪

પ્રભુ તુમ દરિસણ દેખવા, નયણાં કરે ઉમાહ રે;
પીવા વચન પીયૂષને, શ્રવણ ધરે ઉચ્છાહે રે.
પુખ્ખલ૦ ૫

દૂર દેશાંતર તુમ વસ્યા, તે મારે ન અવાય રે;
ઈહાં થકી મુજ વંદના, અવધારો મહારાય! રે.
પુખ્ખલ૦ ૬

રુકમણી વલ્લભ વિમાયો, વૃષભલંછન હિતકારી રે;
જયવિજય કહે સાહિબા! તુજ સેવા મુજ પ્યારી રે.
પુખ્ખલ૦ ૭

## ૬૦. શ્રી સીમંધર જિન સ્તવન

( તુમે બહુ મૈત્રી રે સાહિબા ! )

સીમંધર! કરજો મયા, ધરજો અવિહડ નેહ;
અમચા અવગુણ દેખીને, દેખાડો રખે છેહ.
સીમંધર!૦ ૧

હૈયું હેજાળું માહરૂં, ખિણ ખિણ આવો છો ચિત્ત;
પળ પળ ઇચ્છે રે જીવડો, કરવા તુમશું રે પ્રીત.
સીમંધર!૦ ૨

ભક્તિ તુમારી સદા કરે, અણહુંતા સુર કોડ;
જગ જોતાં કોઈ નવિ જડે, સ્વામી! તુમારી રે જોડ.
સીમંધર!૦ ૩

દક્ષિણ ભરતે અમે વસ્યા, પુખ્ખલવઈ જિનરાય;
દીસે છે મળવા તણો, એ મોટો અંતરાય.
સીમંધર!૦ ૪

દૈવે દીધી ન પાંખડી, કિણુ વિધ આવું હજૂર !
તો પણુ માનજો વંદના, નિત્ય ઉગમતે સૂર.
સીમંધર !૦ ૫
કાગળ લખવો રે કારમો, કીજે મહેર અપાર;
વિનતિ એ દિલ ધારિયે, આવાગમન નિવાર.
સીમંધર !૦ ૬
દેવ દયાલ કૃપાલ છો, સેવકની કરો સાર;
**ઉદયરતન** એમ ઉચ્ચરે, સ્વામી ! મુજ ન વિસાર.
સીમંધર !૦ ૭

## ૬૧. શ્રી સીમંધર જિન સ્તવન

( સોભાગી જિનશું લાગ્યો અવિહડ નેહ )

શ્રી સીમંધર જગધણીજી, રાય શ્રેયાંસકુમાર;
માતા સત્યકી નંદનોજી, રૂકમિણીનો ભરથાર.
સુખકારક સ્વામી, સુણો મુજ મનની વાત;
જપતાં નામ તુમારડુંજી, વિકસે સાતે ધાત. ૧
સ્વજન કુટુમ્બ છે કારમુંજી, કારમો સહુ સંસાર;
ભવોદધિ પડતાં માહરેજી, તું તારક નિરધાર. સુખ૦ ૨
ધન્ય તિહાંના લોકનેજી, જે સેવે તુમ પાય;
પ્રહ ઊઠીને વાંદવાજી, મુજ મનડું નિત્ય ધાય. સુખ૦ ૩
કાગળ કાંઈ પહોંચે નહીંજી, કિમ કહું મુજ અવદાત;
એક વાર આવો અહીંજી, કરું દિલની સવિ વાત. સુખ૦ ૪
મનડામાં ક્ષણુ ક્ષણુ રમેજી, તુમ દરિસણુના કોડ;
વાચક **જસ** કરે વિનતિજી, અહોનિશ બે કર જોડ. સુખ૦ ૫

## ૬૨. શ્રી સીમંધર જિન સ્તવન

(સંભવ જિનવર વિનતિ)

સ્વામી સીમંધર! વિનતિ, અવધારો જિનરાજ રે;
નામ તુમારો સાંભળી, રોમાંચિત હોય કાય રે. સ્વામી૦ ૧
એકનેડા હી વેગળા, જો મન ન ગમે તેહ રે;
એક અળગા પણ ઢૂંકડા, જેહશું અધિક સનેહ રે. સ્વામી૦ ૨
જો ચાહો તુમ હેજશું, તો ઉલ્લસે મુજ ચિત્ત રે;
એહ ઉખાણો લોકમાં, દિલભર દિલ છે પ્રીત રે. સ્વામી૦ ૩
મન ચાહે મળવા ભણી, દરિસણ દેખે ન આંખ રે;
પણ શું કીજે દૈવને, આપી નહિ મુજ પાંખ રે. સ્વામી૦ ૪
તો હવે નિત્ય નિત્ય વંદના, જાણજો શ્રી જિનચંદ! રે;
**જિનસાગર** પ્રભુ ગાવતાં, પામ્યો પરમાનંદ રે. સ્વામી૦ ૫

## ૬૩. શ્રી સીમંધર જિન સ્તવન

(સાંભળજો મુનિ સંજમ રાગે)

જિનવર મુજને કોઈ મિલાપો, સીમંધર શિવનામી રે;
ચરણકમલ તારાં વાંછું હું, તું છે મારો સ્વામી રે.
જિન૦ ૧
સાસરડાનું કોડ ઘણેરૂં, પીહરડે નવિ રહિયે રે;
ચઉગઇમાંહી દુઃખ ઘણેરું, મુગતિ સાસરડે જઈએ રે.
જિન૦ ૨
મર્ત્ય લોકમાં રે પીહર મોટું, માયા જંજાળે ખોટું રે;
સ્વર્ગ મોસાળે કિહારેક જાવું, ભાતું પોતાનું ખાવું રે.
જિન૦ ૩

પાતાલમાંહી ઘણા કુટુંબી, રાઢ વેઢ દુઃખ ખાણી રે;
છેદાણો ભેદાણો બહુ પરે, સુખ નવિ પામ્યો પ્રાણી રે.
જિન૦ ૪

લાખ ચોરાશી યોનિ નગરમાં, પેસી નીસરિયો એકાકી રે;
કોડી અનંતમે ભાગે વેચાણો, આઠ ખાણ રહ્યો થાકી રે.
જિન૦ ૫

અંડજ પોતજ જર રસ જાતા, પ્રસ્વેદ જાત સંમૂચ્છિંમ રે;
ઉદ્ભિજ્જ ભૂમિમાંહી ઉત્પાત શય્યા, આઠ ખાણી ભમ્યો તિમ રે.
જિન૦ ૬

કાલ અનંતો ફરી ફરી ભાગ્યો, સદ્ગુરૂ આપ્યો આરો રે;
મુક્તિ સાસરડો એક જ મારો, આપણો આતમ તારો રે.
જિન૦ ૭

કેહનાં સગાં ને કેહની સગાઈ, વૈરી થાયે બ્હેન ભાઈ રે;
પાંચે ઇંદ્રિય ચોર અન્યાયી, પરભવે સહી દુઃખદાઇ રે.
જિન૦ ૮

માતા પિતાનું કાંઈ ન ચાલે, બ્હેન ભાઈ સહુ ભોળા રે;
પુત્ર કલત્ર સહુ પાપ કરાવે, ખાવા મલે સહુ ટોળાં રે.
જિન૦ ૯

ભૂખ તૃષ્ણા છે ઘણીય પીહરમાં, તૃષ્ણાએ તૃપતિ ન આવે રે;
ઘોર નિદ્રામાં ઘોર્યા રહેવું, તિણે પીહર નવિ ભાવે રે.
જિન૦ ૧૦

મુગતિ સાસરડે ભૂખ ન લાગે, કોઇ કાંઇયે નવિ માગે રે;
રોગ નહીં ને ઊંઘ ન આવે, સુખમાં દહાડા જાવે રે.
જિન૦ ૧૧

પીહરમાં આદિ અંત ન લાભે, તેણે પીહર કેમ રહિયે રે;
મુગતિ ગયાથી છેહડે આવ્યા, સાસરડે સુખ લહિયે રે.
જિન૦ ૧૨

આણે આવે ના ન કહેવાયે, આણાયત ખોટી થાય રે;
આણું પાછું વાળ્યું ન જાવે, પુણ્ય વિના પછતાય રે.
જિન૦ ૧૩

સીમંધર મુજ આશ પહોંચાડો, મુગતિ રમણી વર કીજે રે;
શુભવિજય શિષ્ય **લાલવિજય** કહે, મુજને એટલું દીજે રે.
જિન૦ ૧૪

## ૬૪. શ્રી યુગમંધર જિન સ્તવન

(સુત સિદ્ધારથ ભૂપનો રે)

સેં મુખ હું ન શકું કહી રે, આડી આવે રે લાજ;
રહી પણ ન શકું આપજી ! રે, ઈમ કિમ સીઝે કાજ રે. ૧
**વીરા ચંદલા !** તું જઇશ તિહાં દેશો રે;
યુગમંધર ભણી, કહેજો મુજ સંદેશો રે.
વીરા ચંદલા !૦ ૨

તું અંતર જામી અછે રે, જાણે મનની રે વાત;
તો પણ આશ ન પૂરવે રે, ઐસી તુમચી ધાત રે.
વીરા ચંદલા !૦ ૩

મેં તો કરવો મોહશું રે, તુમશું નિવિડ સનેહ;
ફલપ્રાપ્તિ સારુ હોંશ્ય રે, ખીણ મત દાખો નેહ રે.
વીરા ચંદલા !૦ ૪

તેહને સમજાઈએ રે, ફલ પ્રાપ્તિ સારુ અજાણ;
પણ જિનરાજ સમો અછે રે, અવર ન એવડ જાણ રે.
વીરા ચંદલા !૦ ૫

## ૬૫. શ્રી યુગમંધર જિન સ્તવન

શ્રી યુગમંધર ભેટવા રે, ભાવ ધરું નિત્યમેવ;
વિણ પુણ્યે કેમ પામિયે રે, સાહિબ તુમ પય સેવ.
જિણંદરાય! તુમશું લાગો રંગ, મુજ ન ગમે બીજો સંગ. ૧
સોય ઘડી સુકૃતારથી રે, સો દિન સફલ ગણીશ;
જબ જિનવરજી! તુમ તણાં રે, ચરણકમલ પ્રણમીશ.
જિણંદરાય !૦ ૨
હરિહર દેવ અછે ઘણા રે, મન માને નવિ તેહ;
તારો તાર મિલે નહીં રે, તો કિમ વાધે નેહ.
જિણંદરાય !૦ ૩
સોદો મન માન્યા તણો રે, જોરે ન ચઢે પ્રીત;
એમ મનથી નવિ ઊતરે રે, એક નવિ આવે ચિત્ત.
જિણંદરાય !૦ ૪
તું જીવન તું આતમા રે, તારણ તરણ જહાજ;
**જિનસાગર** પ્રભુ વિનવે રે, આપો અવિચલ રાજ.
જિણંદરાય !૦ ૫

## ૬૬. શ્રી પર્યુષણા મહાપર્વનું સ્તવન

( મેરે સાહિબ તુમ હી હો )

શ્રી પર્યુષણ પર્વરાજ, સેવો ભવિ હરખે;
રયણ રાશિ સમ પર્વ એ, આતમ અર્થી પરખે. ૧

ગુણ અનંત છે જેહના, ધર્મધ્યાન નિત્ય કીજે
પ્રભુ ગુણ શુદ્ધાશય સુણી, સાહજ ભાવ ઓળખીજે.
કલ્પતરુ સમ કલ્પસૂત્ર, જિન મંદિર પધરાવો;
ગીતગાન આતમ રમણ, કરી મંગલ ગાવો. ૩
કરી વરઘોડો અભિનવો, જિન શાસન દીપાવો;
શુભ કરણી અનુમોદતા, ગુરૂ સમીપે લાવો. ૪
ગુરૂ પ્રરૂપે વાયણા, ભાવે ભવિકને કાજે;
છટ્ઠ તપ કીજે નિરમલો, ચઢવા શિવગિરિ પાજે. ૫
પડવે દિન પ્રભુ વીરનો, જન્મોત્સવ કરિયે;
સાહમીને ભોજન દેઈ, સુકૃત ભાજન ભરિયે. ૬
અટ્ઠમ તપ કરી સાંભળો, શેષ રહ્યો અધિકાર;
નાગકેતૂ પરે ભવિ તુમે, પામો ભવોદધિ પાર. ૭
સુણવા બારસા સૂત્રને, ભવિ થઈએ ઉજમાળ;
શ્રીફલ સાહમ્મી પ્રભાવના, કરી ટાળો જંજાળ. ૮
અટ્ઠાઈ પર્વ તુલ્ય છે, પણ એ કહીએ અધિકેરી;
કારણ કારજ ઉલ્લસે, ટાલે ભવફેરી. ૯
દ્વીપ નંદીસર આઠમે, દેવ મળી સમુદાય;
અટ્ઠાઈ મહોચ્છવ કરી, સ્વ, સ્વ, સ્થાનક જાય. ૧૦
સુલભ બોધિ જીવની, હરખે સાતે ધાત;
તે માટે આરાધીએ, મન કરી એ રળિયાત. ૧૧
તપગચ્છ નાયક સેહરો એ, વિજય લક્ષ્મી સૂરિરાય;
પંડિત **પ્રેમવિજય** તણો, **દીપવિજય** ગુણ ગાય. ૧૨

## ૨૭. શ્રી નવકાર મહિમા જિન સ્તવન

( નમો રે નમો શ્રી શત્રુંજય ગિરિવર )

શ્રી નવકાર જપો મન રંગે, શ્રી જિનશાસન સાર રે;
સર્વ મંગલમાં પહેલું મંગલ, જપતાં જય જયકાર રે. શ્રી૦ ૧

પહેલે પદ ત્રિભુવન જન પૂજિત, પ્રણમો શ્રી અરિહંત રે;
અષ્ટ કરમ ઝીપક બીજે પદ, ધ્યાવો સિદ્ધ અનંત રે. શ્રી૦ ૨

આચારજ ત્રીજે પદ સમરું, ગુણ છત્રીસ નિધાન રે;
ચોથે પદ ઉવજ્ઝાય જપીજે, સૂત્ર સિદ્ધાંત સુજાણ રે. શ્રી૦ ૩

સવિ સાધુ પંચમ પદ પ્રણમો, પંચ મહાવ્રત ધાર રે;
પદ નવ અષ્ટ ઈહાં છે સંપદ, અડસઠ વરણ ઉદાર રે. શ્રી૦ ૪

સાત ઈહાં ગુરુ અક્ષર દીપે, એક અક્ષર ઉચ્ચાર રે;
સાત સાગરનાં પાતક જાવે, પદ પચ્ચાસ વિચાર રે. શ્રી૦ ૫

સંપૂરણ પણસય સાગરનાં, પાપ પલાવે દૂર રે;
ઇહ ભવ ક્ષેમકુશલ મનવાંછિત, પરભવ સુખ ભરપૂર રે. શ્રી૦ ૬

ક્ષણમાં સોવન પુરુષો સીધ્યો, શિવકુમર ઇણે ધ્યાન રે;
સરપ ફીટી હુઈ પુષ્પમાલા, શ્રીમતીને પરધાન રે. શ્રી૦ ૭

યક્ષ ઉપદ્રવ કરતો વાર્યો, પરતક્ષ કરે સાનિદ્ધ રે;
ચોર ચંડપિંગલ ને હુંડક, પાવે સુર નર ઋદ્ધ રે. શ્રી૦ ૮

એ પરમેષ્ઠી મંત્ર જગ ઉત્તમ, ચૌદ પૂરવનો સાર રે;
ગુણ ગાવે શ્રી **પદ્મરાજ** ગણી, મહિમા અગમ અપાર રે. શ્રી૦ ૯

## ૬૮. શ્રી નવ પદ વર્ણનાત્મક સ્તવન

( સિદ્ધારથના રે નંદનવિનવું )

ભાવે કીજે રે નવ પદ પૂજના, જેહમાં ધરમી રે પાંચ;
ચાર ધરમ એ મારગ મોક્ષનો, સાચો શિવવધૂ સાંચ.
ભાવે૦ ૧

તત્ત્વ ત્રણ છે રે નવ પદમાં સદા, સંખ્યા હોય ત્રણ ચાર;
આરાધે તે નર નિયમા લહે, ભવ સાયરનો રે પાર.
ભાવે૦ ૨

પદ પહેલે પ્રણમો અરિહંતને, નિર્મલ ગુણ જસ બાર;
વિચરંતા દશ દુગુણ જિનેસરુ, ત્રિભુવન જન આધાર.
ભાવે૦ ૩

અષ્ટ કરમ ક્ષય કરી શિવપદ લહ્યું, પ્રગટયા ગુણ એકત્રીશ;
સિદ્ધ અનંતા રે નમતાં નીપજે, સહજ સ્વરૂપ જગીશ.
ભાવે૦ ૪

ત્રીજે પદ આચારજ ભવિ ! નમો, ગુણ છત્રીશ નિધાન;
આગમ શુદ્ધ પ્રરુપક ગુણથકી, જે જિનરાજ સમાન.
ભાવે૦ ૫

આચારજ પદની ધરે યોગ્યતા, કરતા નિત્ય સજ્ઝાય;
ગુણ પચવીશ સહિત પાઠક નમો, સંઘ સકલ સુખદાય.
ભાવે૦ ૬

રત્નત્રયી આરાધક મુનિવરા, ગુણ સત્યાવીશ ધાર;
પંચમપદ સેવી બહુ જન લહે, શાશ્વત શિવસુખ સાર.
ભાવે૦ ૭

સમ્યગ્ દર્શન પદ છઠ્ઠે નમો, સડસઠ ભેદ વખાણ;
ભેદ એકાવન આરાધી લહો, પરગટ પંચમ નાણ.
ભાવે૦ ૮

થિરતા રૂપ ચરણ પદ આઠમે, સીત્તેર ભેદ વિચાર;
નિરવાંછકતા તપ નવમે પદે, જેહ પચાશ પ્રકાર.
ભાવે૦ ૯

ઈમ નવ પદ મંડલ મધ્યે ઠવો, અરિહા દેવના દેવ;
સિદ્ધાદિક પદ ચઉદિશિ થાપિયે, વિદેશે ધર્મને સેવ.
ભાવે૦ ૧૦

યોગ અસંખ્યા શિવપદ પ્રાપ્તિના, નવ પદ તેહમાં પ્રધાન;
જસ આલંબે રે **જિન** પદ પામિયે, ઉત્તમ ગુણનું રે ઠાણ.
ભાવે૦ ૧૧

## ૬૯. શ્રી સમેતશિખર તીર્થ સ્તવન

(વિમલાચલ નિત્ય વંદિયે)

સમેત શિખર નિત્ય વંદિયે, મન ધરી અધિક આણંદ;
વીસ જિનેશ્વર ઈહાં હુઆ, પામ્યા પરમાનંદ. સમેત૦ ૧
અજિત સંભવ અભિનંદના, સુમતિ પદ્મ જિનેશ;
સુપાસ ચંદ્રપ્રભ સુવિધિ, શીતલ અને શ્રેયાંસ. સમેત૦ ૨
વિમલ અનંત ધર્મ સાહિબ, શ્રી શાન્તિ કુંથુનાથ;
અર મલ્લી સુવ્રત પ્રભુ, નમિ પાર્શ્વ વિખ્યાત. સમેત૦ ૩
વીશે ટૂંકે વિરાજતા, સેવે સુરનર ઈંદા;
એ ગિરિવરને સેવતાં, પામે શિવસુખ આનંદા. સમેત૦ ૪
એ ગિરિવરની છાંયડી, સેવ્ય નિત સુખદાયી;
**ઉદયરતન** એમ ઉચ્ચરે, સેવો ભવિ જન આયી સમેત૦ ૫

# ૭૦. શ્રી જિનાગમ સ્તવન

( સાંભળજો મુનિ સંયમ રાગે )

સાંભળજો ભવિ ! ભાવ ધરીને, જિન આગમ સુખકારી રે;
ગણધર, પૂરવધરની રચના, જાઉં નિત્ય બલિહારી રે.
સાંભળજો૦ ૧

[૧]આચારાંગ ને [૨]સૂત્રકૃતાંગ, [૩]ઠાણુંગ, [૪]સમવાયાંગ રે;
[૫]ભગવતી પંચમ અંગશિરોમણિ, [૬]જ્ઞાતા-ધર્મકથાંગ રે.
સાંભળજો૦ ૨

[૭]ઉપાસકદશાંગ, [૮]અંતગડ, શ્રી [૯]અનુત્તરોવવાય રે;
[૧૦]પ્રશ્નવ્યાકરણ, [૧૧]વિપાક વખાણો, અંગ અગ્યાર કહાય રે.
સાંભળજો૦ ૩

[૧૨]ઉવવાઇ, [૧૩]રાયપસેણી સુંદર, [૧૪]જીવાભિગમ રસાળ રે;
[૧૫]પન્નવણા છત્રીસ પદ સુણતાં, પાપ ગયાં પાયાળ રે.
સાંભળજો૦ ૪

[૧૬]સૂરપન્નત્તિ, [૧૭]ચંદપન્નત્તિ, [૧૮]જંબૂપન્નત્તિ વિચાર રે;
[૧૯]નિરિયાવલી ને [૨૦]કપ્પવડિંસગ, [૨૧]પુપ્ફિયા અતિ મનોહાર રે.
સાંભળજો૦ ૫

[૨૨]પુપ્ફચૂલિયા, [૨૩]વહ્નિદસા એ, બાર ઉપાંગ ઉદાર રે;
[૨૪]ચઉસરણ, [૨૫]આઉરપચ્ચક્ખાણ, [૨૬]ભક્તપરિન્ના, [૨૭]સંથાર રે.
સાંભળજો૦ ૬

[૨૮]તંદુલવિયાલી, [૨૯]ચંદગવિજ્જા, [૩૦]મહાપચ્ચક્ખાણ સુહાવે રે;
[૩૧]દેવેંદથુઇ ને [૩૨]મરણસમાધિ, [૩૩]ગણિવિજ્જા દિલ ભાવે રે.
સાંભળજો૦ ૭

[૩૪]આવશ્યક, [૩૫]દશવૈકાલિક તિમ, [૩૬]ઓઘ ને પિંડ નિર્યુક્તિ રે;
[૩૭]ઉત્તરાધ્યયન છત્રીસ અજ્ઝયણાં, વીરની અંતિમ ઉક્તિ રે.
સાંભળજો૦ ૮

ચાર મૂલ સૂત્રો એ ભાખ્યાં, [૩૮]નંદી, [૩૯]અનુયોગદ્વાર રે;
સવિ આગમ સરવાળો જેમાં, નય નિક્ષેપે વિસ્તાર રે.
સાંભળજો૦ ૯

[૪૦]બૃહત્કલ્પ, [૪૧]નિશીથ, [૪૨]દશાશ્રુત, [૪૩]મહાનિશીથ, [૪૪]વ્યવહાર રે;
[૪૫]જીતકલ્પ પંચકલ્પ સમરિયે, છ છેદસૂત્ર શ્રીકાર રે.
સાંભળજો૦ ૧૦

એ પિસ્તાળીસ [૧]સંપ્રતિકાળે, ચઉવિહ સંઘ આધાર રે;
[૨]ટીકા, [૩]ચૂર્ણિ, [૪]ભાષ્ય, [૫]નિર્યુક્તિ, પંચાંગી જગ સાર રે.
સાંભળજો૦ ૧૧

સાચી સદ્દહણાશું આગમ, આરાધે ભવિ પ્રાણી રે;
**જિન ઉત્તમ** પદ **પદ્મ** પસાયે, લહે નિજ રૂપ ગુણખાણી રે.
સાંભળજો૦ ૧૨

# ૭૧. શ્રી જિનાગમ સ્તવન

( ભવિ ! તુમે વંદો રે, સિદ્ધાચળ સુખકારી )

ભવિ ! તુમે વંદો રે, જિન આગમ જયકારી;
પાપ નિકંદો રે, પ્રભુ આણા દિલ ધારી.
શાસનનાયક વીર જિનેસર, આસન્ન જે ઉપકારી;
પ્રભુથી ત્રિપદી પામી ગણધર, સોહમની બલિહારી.
ભવિ૦ ૧

પ્રથમ અંગ શ્રી આચારાંગે, મુનિ આચાર વખાણ્યો;
સહસ અઢાર તે પદની સંખ્યા, દુગુણા સઘળે જાણો.
ભવિ૦ ૨

સૂયગડાંગ, ઠાણાંગ, સમવાયાંગ, પાંચમું ભગવતી અંગ;
લાખ બિહું ને સહસ અઠયાસી, પદ ભાખ્યાં અતિ ચંગ.
ભવિ૦ ૩

જ્ઞાતાધર્મકથા અંગ છટ્ઠું, કથા ઊંઠ કોડ પ્રમાણો;
પંચમ આરે દુષમ કાલે, ઓગણીસ દિલમાં આણો.
ભવિ૦ ૪

ઉપાસક—દશાંગ સાતમું, દશ શ્રાવક અધિકાર;
તે સાંભળતાં પાતક ધ્રૂજે, જિન પડિમા જયકાર.
ભવિ૦ ૫

અંતગડ સૂત્ર, અનુત્તરોવવાઈ, પ્રશ્નવ્યાકરણ સદ્દહિયે;
અશુભ શુભ ફલ કર્મ વિપાક એ, અંગ અગિયારે લહિયે.
ભવિ૦ ૬

ઉવવાઇ ને રાયપસેણી, જીવાભિગમ ઉદાર;
પન્નવણા, જંબૂપન્નત્તિ, ચંદપન્નત્તિ મનોહાર.
ભવિ૦ ૭

સૂરપન્નતિ વળી નિરયાવલી, કપ્પવડિંસગ ધ્યાવો;
પુપ્ફિયા, પુપ્ફચૂલિયા, વહ્નિદસા, બાર ઉપાંગ વધાવો.
ભવિ૦ ૮

ચઉસરણ પયન્નું પહેલું, તિમ આઉરપચ્ચક્ખાણ;
મહાપચ્ચક્ખાણ, ભત્તપરિજ્ઞા, તંદુલવિયાલી જાણ.
ભવિ૦ ૯

શ્રી ચંદાવિજય, ગણિવિજ્જા, મરણસમાધિ વિચાર;
સંથારગ પયન્નો નવમો, ગચ્છાચાર દિલ ધાર.
ભવિ૦ ૧૦

દશવૈકાલિક મૂલ સૂત્ર એ, આવશ્યક, ઓઘનિર્યુક્તિ;
ઉત્તરાધ્યયન ચોથું ચિત્ત ચાહું, વીર પ્રભુની ઉક્તિ.
ભવિ૦ ૧૧

નિશીથ સૂત્ર પહેલું સંભારું, બૃહત્કલ્પ વ્યવહાર;
પંચકલ્પ, જીતકલ્પ, દશાશ્રુત, મહાનિશીથ સુખકાર.
ભવિ૦ ૧૨

નંદી, અનુયોગદ્વાર પિસ્તાળીસ, સંપ્રતિ કાળે આધાર;
જિન ઉત્તમ પદ પદ્મ નિહાળી, રૂપ લહે ભવ પાર.
ભવિ૦ ૧૩

# વિભાગ પાંચમો : ચોવીસ જિન સ્તુતિચતુષ્ક

[ આ વિભાગમાં શ્રી ઋષભદેવ ભગવાન આદિ ચોવીસ જિનેશ્વર-દેવોનાં સ્તુતિચતુષ્કો આપવામાં આવે છે. સ્તુતિચતુષ્ક માટે નિયમ એવો છે કે–જે ભગવાનનું સ્તુતિચતુષ્ક હોય, તે ભગવાનની સ્તુતિ પહેલી : સર્વ ભગવાનોની સામુદાયિક સ્તુતિ બીજી : શ્રી જિનવાણીની સ્તુતિ ત્રીજી : અને, સમ્યગ્દૃષ્ટિ દેવ–દેવીની સ્તુતિ ચોથી. આ નીચે જે સ્તુતિચતુષ્કો આપેલ છે, તેમાં એવી ગોઠવણી છે કે–શ્રી ઋષભદેવ આદિ ચોવીસ ભગવાનોની પહેલી સ્તુતિ જુદી જુદી છે; અને બાકીની બીજી, ત્રીજી અને ચોથી સ્તુતિઓ દરેક સ્તુતિચતુષ્કમાં સમાન છે. ]

## ૧. શ્રી ઋષભદેવ જિન સ્તુતિચતુષ્ક

**પહેલી સ્તુતિ :**

( માલિની )

ઋષભ જિન સુહાયા, શ્રી મરૂદેવી માયા,
કનકવરણ કાયા, મંગલા જાસ છાયા;
વૃષભ લંછન પાયા, દેવ નર નારી ગાયા,
પણશત ધનુ કાયા, તે પ્રભુ ધ્યાન ધ્યાયા. ૧

**બીજી સ્તુતિ :**

ઈમ જિનવરમાલા, પુણ્યનીર પ્રનાલા,
જગમેં ઉદયાલા, ધર્મની સત્રશાલા;
કૃત સુકૃત સુગાલા, જ્ઞાનલીલા વિશાલા,
સુર નર મહીપાલા, વંદિતા છે ત્રિકાલા. ૨

ત્રીજી સ્તુતિ :

શ્રી જિનવર વાણી, દ્વાદશાંગી રચાણી,
સુગુણ–રયણ ખાણી, પુણ્યપીયૂષ પાણી;
નવમ રસ રંગાણી, સિદ્ધિસુખની નિશાણી,
દુહ પીલણ ઘાણી, સાંભળો ભાવ આણી. ૩

ચોથી સ્તુતિ :

જિનમત રખવાલા, જે વળી લોકપાલા,
સમકિત ગુણવાલા, દેવ દેવી કૃપાલા;
કરો મંગલમાલા, ટાળિયે મોહ હાલા,
સહજ સુખ રસાલા, બોધિ દીજે વિશાલા. ૪

## ૨. શ્રી અજિતનાથ જિન સ્તુતિચતુષ્ક

પહેલી સ્તુતિ :

અજિત જિનપતિનો, દેહ કંચન વરણનો,
ભવિક જન નગીનો, જેહથી મોહ છીનો;
હું તુજ પદ લીનો, જેમ જલમાંહી મીનો,
નવિ હોય તે દીનો, તાહરે ધ્યાન પીનો.

(બીજી, ત્રીજી, અને ચોથી સ્તુતિ શ્રી ઋષભદેવ જિન સ્તુતિચતુષ્ક મુજબ.)

## ૩. શ્રી સંભવનાથ જિન સ્તુતિચતુષ્ક

પહેલી સ્તુતિ :

જિન સંભવ વારુ, લંછને અશ્વધારુ,
ભવજલનિધિ તારુ, કામદહ તીવ્ર દારુ;
સુરતરુ પરિચારુ, દુઃસમા કાલિમારુ,
શિવસુખ કિરતારુ, તેહના ધ્યાન સારુ.

(બીજી, ત્રીજી અને ચોથી સ્તુતિ શ્રી ઋષભદેવ જિન સ્તુતિચતુષ્ક મુજબ)

## ૪. શ્રી અભિનંદન જિન સ્તુતિચતુષ્ક

**પહેલી સ્તુતિ :**

અભિનંદન વંદો, સૌમ્ય માકંદ કંદો,
નૃપ સંવર નંદો, ધ્વંસિતાશેષ દંદો;
તમતિમિર દિણંદો, લંછને વાનરિંદો,
જસ આગળ મંદો, સૌમ્ય ગુણસાર ચંદો.

(બીજી, ત્રીજી અને ચોથી સ્તુતિ શ્રી ઋષભદેવ જિન સ્તુતિચતુષ્ક મુજબ)

## ૫. શ્રી સુમતિનાથ જિન સ્તુતિચતુષ્ક

**પહેલી સ્તુતિ :**

સુમતિ સુમતિ આપે, દુઃખની કોડી કાપે,
સુગતિ સુયશ વ્યાપે, બોધિનું બીજ થાપે;
અવિચલ પદ થાપે, જાસ દીપે પ્રતાપે,
કુમતિ કદહી નાપે, જો પ્રભુ ધ્યાન છાપે.

(બીજી, ત્રીજી અને ચોથી સ્તુતિ શ્રી ઋષભદેવ જિન સ્તુતિચતુષ્ક મુજબ)

## ૬. શ્રી પદ્મપ્રભ જિન સ્તુતિચતુષ્ક

**પહેલી સ્તુતિ :**

પદમપ્રભ સુહાવે, ચિત્તમાં નિત્ય આવે,
મુગતિવધૂ મનાવે, રકતતનુ કાન્તિ ફાવે;
દુઃખ નિકટ નાવે, સંતતિ સૌખ્ય પાવે,
પ્રભુ ગુણગણ ધ્યાવે, અષ્ટ મહાસિદ્ધિ થાવે.

(બીજી ત્રીજી અને ચોથી સ્તુતિ શ્રી ઋષભદેવ જિન સ્તુતિચતુષ્ક મુજબ)

## ૭. શ્રી સુપાર્શ્વનાથ જિન સ્તુતિચતુષ્ક

**પહેલી સ્તુતિ :**

ફલકામિત આશં, નામથી દુષ્ટ નાશં,
મહી મહિમ પ્રકાશં, સાતમા શ્રી સુપાસં,
સુર નર જસ દાસં, સંપદાનો નિવાસં,
ગાય ભવિ ગુણરાસં, જેહના ધરી ઉલ્લાસં.

(બીજી, ત્રીજી અને ચોથી સ્તુતિ શ્રી ઋષભદેવ જિન સ્તુતિચતુષ્ક મુજબ)

## ૮. શ્રી ચંદ્રપ્રભ જિન સ્તુતિચતુષ્ક

**પહેલી સ્તુતિ :**

શુભ નરગતિ પામી, ઉદ્યમી ધર્મધામી,
જન નમો સિર નામી, ચંદ્રપ્રભ નામ સ્વામી;
મુજ અંતરયામી, જેહમાં નાહીં ખામી,
શિવગતિ વરગામી, સેવીએ પુણ્ય પામી.

(બીજી, ત્રીજી અને ચોથી સ્તુતિ શ્રી ઋષભદેવ જિન સ્તુતિચતુષ્ક મુજબ)

## ૯. શ્રી સુવિધિનાથ જિન સ્તુતિચતુષ્ક

**પહેલી સ્તુતિ :**

સુવિધિજિન મહંતા, નામ વળી પુષ્પદંતા,
સુમતિતરણિકંતા, કંતથી જેહ સંતા;
કિયા કર્મ દૂરંતા, લચ્છી લીલા વરંતા,
ભવજલધિ તરંતા, તે નમીજે મહંતા.

(બીજી, ત્રીજી અને ચોથી સ્તુતિ શ્રી ઋષભદેવ જિન સ્તુતિચતુષ્ક મુજબ)

## ૧૦. શ્રી શીતલનાથ જિન સ્તુતિચતુષ્ક

**પહેલી સ્તુતિ :**

સુણ શીતલ દેવા, વલ્લહી તુજ સેવા,
જિમ ગજમન રેવા, તુંહી દેવાધિદેવા;
પર આણ વહેવા, સુંસ છે નિત્ય મેવા,
શુભગતિ લહેવા, હેતુ એ દુહ ખમેવા.

(બીજી, ત્રીજી અને ચોથી સ્તુતિ શ્રી ઋષભદેવ જિન સ્તુતિચતુષ્ક મુજબ)

## ૧૧. શ્રી શ્રેયાંસનાથ જિન સ્તુતિચતુષ્ક

**પહેલી સ્તુતિ :**

સવિ જિન અવતંસા, જાસ ઈખ્ખાગ વંસા,
વિજિત મદન કંસા, શુદ્ધ ચારિત્ર હંસા;
કૃતભય વિધ્વંસા, તીર્થનાથ શ્રેયાંસા,
વૃષભ કકુદ અંસા, તે નમું પુણ્ય અંશા.

(બીજી, ત્રીજી અને ચોથી સ્તુતિ શ્રી ઋષભદેવ જિન સ્તુતિચતુષ્ક મુજબ)

## ૧૨. શ્રી વાસુપૂજ્ય જિન સ્તુતિચતુષ્ક

**પહેલી સ્તુતિ :**

વસુપૂજ્ય નૃપ તાતં, શ્રી જયાદેવી માતં,
અરૂણ કમલ ગાતં, મહિષ લંછન વિખ્યાતં;
જસ ગુણ અવદાતં, શીત જાણે નિવાતં,
હોઈ નિતુ સુખશાતં, ધ્યાવતાં દિવસ રાતં.

(બીજી, ત્રીજી અને ચોથી સ્તુતિ-શ્રી ઋષભદેવ જિન સ્તુતિચતુષ્ક મુજબ)

## ૧૩. શ્રી વિમલનાથ જિન સ્તુતિચતુષ્ક

**પહેલી સ્તુતિ :**

વિમલ વિમલતા ભાવે, વંદતાં દુઃખ જાવે,
નવ નિધિ ઘરિ આવે, વિશ્વમાં માન પાવે;
સૂઅર લંછન ફાવે, ભૂમિ નિરખેદ થાવે,
મન વિનતિ જણાવે, સ્વામિનું ધ્યાન ધ્યાવે.

(બીજી, ત્રીજી અને ચોથી સ્તુતિ શ્રી ઋષભદેવ જિન સ્તુતિચતુષ્ક મુજબ)

## ૧૪. શ્રી અનંતનાથ જિન સ્તુતિચતુષ્ક

**પહેલી સ્તુતિ :**

અનંત જિન નમીજે, કર્મની કોડી છીજે,
શિવસુખ ફળ લીજે, સિદ્ધિ લીલા વરીજે;
બોધિબીજ મોહે દીજે, એટલું કામ કીજે,
મુજ મન અતિ રીજે સ્વામીનું કામ સીઝે.

(બીજી, ત્રીજી અને ચોથી સ્તુતિ શ્રી ઋષભદેવ જિન સ્તુતિચતુષ્ક મુજબ)

## ૧૫. શ્રી ધર્મનાથ જિન સ્તુતિચતુષ્ક

**પહેલી સ્તુતિ :**

ધર્મ જિનપતિનો, ધ્યાન રસમાંહી ભીનો,
વર રમણ શચીનો, જેહને ચરણ લીનો;
ત્રિભુવન સુખ કીનો, લંછને વજ્ર દીનો,
હોઈ તેહજ દીનો, જે ન ધરે ધર્મ જિનો.

(બીજી, ત્રીજી અને ચોથી સ્તુતિ શ્રી ઋષભદેવ જિન સ્તુતિચતુષ્ક મુજબ)

## ૧૬. શ્રી શાન્તિનાથ જિન સ્તુતિચતુષ્ક

**પહેલી સ્તુતિ :**

જિનપતિ જયકારી, પંચમો ચક્રધારી,
ત્રિભુવન સુખકારી, સપ્ત ભયને। નિવારી;
સહસ ચોસઠ નારી, ચૌદ રત્નાધિકારી,
જિન શાંતિ જિતારિ, મોહ હસ્તી મૃગારિ.

(બીજી, ત્રીજી અને ચોથી સ્તુતિ શ્રી ઋષભદેવ જિન સ્તુતિચતુષ્ક મુજબ)

## ૧૭. શ્રી કુંથુનાથ જિન સ્તુતિચતુષ્ક

**પહેલી સ્તુતિ :**

જિન કુંથુ દયાલા, છાગ લંછન સુહાલા,
જસ ગુણ શુભમાલા, કંઠ પહેરો વિશાલા;
નમતિ ભવિ ત્રિકાલા, મંગલશ્રેણિ શાલા,
ત્રિભુવન તેજાલા, તાહરે તજિ માલ.

(બીજી, ત્રીજી અને ચોથી સ્તુતિ શ્રી ઋષભદેવ જિન સ્તુતિચતુષ્ક મુજબ)

## ૧૮. શ્રી અરનાથ જિન સ્તુતિચતુષ્ક

**પહેલી સ્તુતિ :**

અર જિનપતિ જુહારું, કર્મના કલેશ વારુ,
અહનિશિ સંભારું, તાહરૂં નામ ધારું;
કૃત જયજયકારુ, પ્રાપ્ત સંસાર પારુ,
નવિ તેહ વિસારું, આપણે। આપ તારુ.

(બીજી, ત્રીજી અને ચોથી સ્તુતિ શ્રી ઋષભદેવ જિન સ્તુતિચતુષ્ક મુજબ)

## ૧૯. શ્રી મલ્લિનાથ જિન સ્તુતિચતુષ્ક

પહેલી સ્તુતિ :

જિન મલ્લી મહિલા, વર્ણ છે જેહ નીલા,
એહ અચરિજ લીલા, સ્રી તણે નામ પીલા;
દુશમન સવિ રૂલ્યા, સ્વામી જો છે વસીલા,
અવિચલ સુખલીલા, દીજીએ સુણુ રંગીલા.

(બીજી, ત્રીજી અને ચોથી સ્તુતિ શ્રી ઋષભદેવ જિન સ્તુતિચતુષ્ક મુજબ)

## ૨૦. શ્રી મુનિસુવ્રત જિન સ્તુતિચતુષ્ક

પહેલી સ્તુતિ :

મુનિસુવ્રત સ્વામી, હું નમું સીસ નામી,
મુજ અન્તરજામી, કામદાતા અકામી;
દુઃખ દોહગ વામી, પુણ્યથી સેવ પામી,
શમ્યા સવિ હરામી, રાજ્યતા પૂર્ણ જામી.

(બીજી, ત્રીજી અને ચોથી સ્તુતિ શ્રી ઋષભદેવ જિન સ્તુતિચતુષ્ક મુજબ)

## ૨૧. શ્રી નમિનાથ જિન સ્તુતિચતુષ્ક

પહેલી સ્તુતિ :

નમિ જિનવર માનો, જે નહીં વિશ્વ છાનો
સુત વપ્રા માનો, પુણ્ય કેરો ખજાનો;
કનક કમલ વાનો, કુંભ છે જે કૃપાનો,
સવિ ભુવન પ્રધાનો, જેહસ્યું એક તાનો.

(બીજી, ત્રીજી અને ચોથી સ્તુતિ શ્રી ઋષભદેવ જિન સ્તુતિચતુષ્ક મુજબ

## ૨૨. શ્રી નેમિનાથ જિન સ્તુતિચતુષ્ક

**પહેલી સ્તુતિ :**

ગયા આયુધ આગારી, શંખ નિજ હાથ ધારી,
કિયો શબ્દ પ્રચારી, વિશ્વ કંપ્યું તિ વારી;
હરિ સંશય ધારી, એ નહીં કોઈ સારી,
જયો નેમિ જિતારી, બાલથી બ્રહ્મચારી.

(બીજી, ત્રીજી અને ચોથી સ્તુતિ શ્રી ઋષભદેવ જિન સ્તુતિચતુષ્ક મુજબ).

## ૨૩. શ્રી પાર્શ્વનાથ જિન સ્તુતિચતુષ્ક

**પહેલી સ્તુતિ :**

જલધર અનુકારે, પુણ્યવલ્લી વધારે,
કૃત સુકૃત સંચારે, વિઘ્નને જે વિદારે;
નવ નિધિ આગારે, કષ્ટની કોડી વારે,
મુજ પ્રાણ આધારે, માત વામા મલ્હારે.

(બીજી, ત્રીજી અને ચોથી સ્તુતિ શ્રી ઋષભદેવ જિન સ્તુતિચતુષ્ક મુજબ).

## ૨૪. શ્રી મહાવીર જિન સ્તુતિચતુષ્ક

**પહેલી સ્તુતિ :**

લહ્યો ભવજલધિ તીરં, ધર્મ કોટીર હીરં,
હરિત રજ સમીરં, મોહભૂ સાર સીરં;
દુરિત દહન નીરં, મેરુ આધિક્ય ધીરં,
ચરમ જિન શ્રી વીરં, ચરણ કલ્પદ્રુ કીરં.

**બીજી સ્તુતિ :**

શ્રી જિનવર માલા, પુણ્યનીર પ્રનાલા,
જગમેં ઉદયાલા, ધર્મની સત્રશાલા;
કૃત સુકૃત સુગાલા, જ્ઞાનલીલા વિશાલા,
સુર નર મહીપાલા, વંદિતા છે ત્રિકાલા.

**ત્રીજી સ્તુતિ :**

શ્રી જિનવર વાણી, દ્વાદશાંગી રચાણી,
સુગુણ–રયણ ખાણી, પુણ્ય પીયૂષ પાણી;
નવમ રસ રંગાણી, સિદ્ધિસુખની નિશાણી,
દુહ પીલણ ઘાણી, સાંભળો ભાવ આણી.

**ચોથી સ્તુતિ :**

જિનમત રખવાલા, જે વળી લોકપાલા,
સમકિત ગુણવાલા, દેવ દેવી કૃપાલા;
કરો મંગલમાલા, ટાળિયે મોહ હાલા,
સહજ સુખ રસાલા, બોધિ દીજે વિશાલા.

**કાવ્યમ્**

ઈમ માલિની છંદે, સંસ્તવ્યા મેં પ્રમોદા,
સવિ જિનવર વૃંદા, જ્ઞાનવિમલે સૂરીંદા;
કુમત તમ દિણંદા, નાશિતા શેષ દંદા,
ભવિક કુમુદ ચંદા, સૌમ્ય સહકાર કંદા.

## વિભાગ છઠ્ઠો : પ્રકીર્ણ સ્તુતિચતુષ્કો

### ૧. શ્રી ઋષભદેવ જિન સ્તુતિચતુષ્ક

( પ્રહ ઊઠી વન્દું )

શ્રી ઋષભ જિનેસર, કેસર ચરચિત કાય,
ત્રિભુવન પ્રતિપાલે, બાલકને જિમ માય;
સુંદર સોવન જિમ, ધનુષ પાંચસો કાય,
તે જિનવર મુજને, આપો સુમતિ પસાય. ૧

હોય શશિકર વરણા, હોય જિન હિંગુલ છાય,
હોય નીલક વાને, શામળ હોય સુહાય;
ઉત્તમ કંચન જિમ, પીળા સોળ કહાય,
પ્રેમે તે પ્રણમો, ચોવીસે જિનરાય. ૨

જિનવરની વાણી, મીઠી અમીય સમાણી,
નિસુણો ભવિ પ્રાણી, મનમળ નાશન પાણી;
જેહમાંહે વખાણી, સદ્દહણા ગુણખાણી,
સદ્દહણા પાખે, સકલ ક્રિયા અપ્રમાણી. ૩

શારદા શશીવયણી, મૃગનયણી સુવિદેહ,
જિન ભગતિ કરવા, સાવધાન થઈ જેહ;
સંઘ સાન્નિધ્ય કરજો, ચક્કેસરી ગુણગેહ,
શ્રી વિજયરાજસૂરિ, શિષ્ય ઉપર ધરો નેહ. ૪

### ૨. શ્રી શાંતિનાથ જિન સ્તુતિચતુષ્ક

અચિરાનો નંદન, જગવંદન જિનરાય,
સોલસમો સ્વામી, સમતાવંત સુહાય;

તીર્થંકર ચક્રી, બેય પદવીનો ભોગ,
અહો પૂરવ ભવનો, પુણ્ય તણો સંજોગ. ૧
વ્યંતર, ભવનાધિપ, જ્યોતિષ જાત કહાય,
ચોથો વૈમાનિક, સકલ મળી સુરરાય;
જસ ભક્તિ કરે બહુ, હિત સુખ મોક્ષને કાર્ય,
ત્રિવિધે તે પ્રણમો, સકલ તીર્થના રાય. ૨
જિન કેવલ ઠામે, સમોસરણ વિરચંત,
મિલે પરિષદમાંહી, સુર નર અસુર અનંત;
પ્રભુ અર્થ પ્રકાશે, ગણધર સૂત્ર રચંત,
તે આગમ વરતે, જગમાંહી જયવંત. ૩
કદલીદલ કોમલ, કંચન સમ જસ કાય,
મૃગપતિ જસ વાહન, બહુ આયુધ સમુદાય;
નિરવાણી નામે, શાસન દેવી સાર,
શ્રી વિજયરાજસૂરિ, શિષ્ય સદા સુખકાર. ૪

## ૩. શ્રી શાંતિનાથ જિન સ્તુતિ–ચતુષ્ક

શ્રી શાંતિ જિનેસર, શાંતિકરણ ભગવંત,
વાંછિત ફલદાયક, નાયક બહુ ગુણવંત;
યોગીસર જંગમ, સ્નેહે સુરતરુ દેવ,
શ્રી રત્નવિજયસૂરિ, કરે નિરંતર સેવ. ૧
ક્રોધાદિક વૈરી, વિષમ વિદિતા જેહ,
તેહના મદ જીતી, પોંહતા શિવપુર એહ;
ઈમ અતીત અનાગત, વર્ત્તમાન જિનરાય,
શ્રી રત્નવિજયસૂરિ, વંદે તેહના પાય. ૨

શ્રી જિનવર ભાષિત, આગમ વયણ વિવેક,
દુર્ગતિ દુઃખ વારણ, કારણ સુખ અનેક;
તે સુણતાં લહિયે, શાશ્વત શિવપુર સાર,
શ્રી રત્નવિજયસૂરિ, ભાખે તેહ ઉદાર. ૩

શ્રી જિનવર શાસન, ભાસન સુરી સપરાણી,
દુર્ગતિ દુઃખ ટાળણ, પાલણ સંઘ સુજાણી;
સુખ સંપત્તિ સોહે, મોહે ગુણમણિ ખાણી,
શ્રી રત્નવિજયસૂરિ, પાય નમે નિર્વાણી. ૪

## ૪. શ્રી નેમિનાથ જિન સ્તુતિચતુષ્ક

હરિવંશ વખાણું, જિમ વયરાગર ખાણ,
જિહાં રત્ન અમૂલખ, નેમિનાથ જગભાણ;
લઘુ વય બ્રહ્મચારી, જગ રાખે અખિયાત,
પહોંતા પંચમ ગતિ, કર્મ હણી ઘનઘાત. ૧

ક્રોધાદિક સોલસ, છે કષાય અતિ દુષ્ટ,
હાસ્યાદિક નવ જે, નોકષાય બલપુષ્ટ;
એ પ્રકૃતિ ખપાવી, પામ્યા શુદ્ધ ચારિત્ર,
તે જિનપતિ સઘળા, વહો પુણ્ય પવિત્ર. ૨

પ્રવચનની રચના, ગણધર કરે ગુણવંત,
જેહમાંહિ જીવા,–જીવાદિક વિરચંત;
લોકસ્થિતિ અદ્‌ભૂત, અષ્ટ પ્રકાર કહાય,
તે ભણતાં સુણતાં, સકલ સંશય પલાય. ૩

જસ દોય કર સોહે, આંબા લુંબી ઉદાર,
દોય કર નિજ અંગજ, સુંદર ને શ્રીકાર;
અંબાઈ દેવી, અકલ રૂપ અવિકાર,
શ્રી વિજયરાજસૂરિ, શિષ્યને જયજયકાર. ૪

## ૫. શ્રી પાર્શ્વનાથ જિન સ્તુતિચતુષ્ક

પ્રભુ પુરિસાદાણી, પારસનાથ દયાલ,
પ્રભુ નીલકદંબ સમ, નવ કર તનુ સુકુમાલ;
કલિયુગમાંહિ જસ, મહિમા પ્રબલ પ્રચુર,
પૂજો ઘસી કેસર, ચંદન સરસ કપૂર. ૧

સોવન સિંહાસન, ગયણંગણુ નિતુ ચાલે,
ધર્મધ્વજ ઉન્નત, રણઝણુ પવને હાલે;
છત્રત્રય ચામર, ધર્મચક્ર તેજાલ,
અતિશય જસ એહવા, તે જિન વંદું ત્રિકાલ. ૨

આગમ ગુણુ મોટા, ખોટા નહિં લવલેશ,
જિહાં સમતા ભાખે, સુખનો હેતુ વિશેષ;
સમતા આદરિયે, મમતા કરિયે દૂર,
શ્રી જિન નામે દહિયે, દુરગતિ તરુ અંકુર. ૩

જસ અરુણુ વરણુ તનુ, તેજ છે ઝાકઝમાળ,
વાહન જસ કુર્કુટ, ગુરુતર મહા વિકરાલ;
પદ્માવતી દેવી, શાસનની રખવાલ,
શ્રી વિજયરાજસૂરિ, શિષ્યને મંગલમાલ. ૪

## ૬. શ્રી પાર્શ્વનાથ જિન સ્તુતિચતુષ્ક

જય પાસ દેવા કરૂં સેવા, અશ્વસેન કુલ ભૂષણં,
નગરી વાણારસી શુદ્ધ સ્થાને, વિમલ નિર્ગત દૂષણં;
પયકમલ ફણિધર ભવિક સુખકર, નીલતનુ જગવંદનં,
પ્રભુ પાપચૂરણ આશાપૂરણ, વામાદેવી નંદનં. ૧
સંસારતારણ સૌખ્ય કારણ, કરમ-અરિદલ-ગંજનં,
દેવાધિદેવ ત્રિલોકનાયક, કમઠ-માન-વિહંડણં;
તુમ નામ નિર્મલ સહજ શીતલ, પાપતમભર દિનકરં,
લખ ચોરાશી જીવ બાંધવ, નમો પાર્શ્વ જિનેશ્વરં. ૨
શ્રી સોહસ્વામી ગણિ પંચમ, આગમ શુદ્ધ પ્રકાશિયા,
અંગ અગ્યાર ઉપાંગ બારહ, વિવિધ ભેદ વિકાસિયા;
સંદેહભંજન ચિત્તરંજન, એકમના જે સદ્દહે,
ઘન કર્મ ગંજી પાપ ભંજી, તેહ મુગતિ પુરી લહે. ૩
સમકિત વાસિત અલિય નાશક, દેવી શ્રી પદ્માવતી,
કર દોય કંકણ હાર ઝગમગ, વીજલી જયું રાજતી;
ધરણેન્દ્ર દેવ તણીય ઘરણી, સંઘ મંગલકારણી,
**ઉદયસમુદ્ર** આનંદકારી, સયલ આશા પૂરણી. ૪

## ૭. શ્રી પાર્શ્વનાથ જિન સ્તુતિચતુષ્ક

(શંખેશ્વર પાસજી પૂજિયે)

પાસ જિનેસર જગધણી,
મનવંછિત પૂરણ સુરમણી;
મિથ્યા તમો હર દિનમણી,
પ્રણમું પરમારથ શિવ ભણી. ૧

મંગલ ચૈત્ય યત્ર દ્વારે ઠવી,
દેહરે ભગતિ પ્રતિમા હળી;
શાશ્વત પ્રતિમા શાશ્વત સ્થળે,
નમું બિમ્બ ત્રિવિધ જાણી ભલી. ૨

ગમ્યાગમ્યાદિ વિવેચના,
આગમ વિણુ ન લહે ભવિ જના;
ગણધર પણ લિપિને વંદન કરે,
સન્માર્ગી શ્રુતને અનુસરે. ૩

ધરણેન્દ્ર અને પદ્માવતી,
પાસ જિનની સેવા સારતી
સવિ સંઘનાં વિઘન નિવારતી,
મુનિ માનને નેહે નિહાલતી. ૪

## ૮. શ્રી મહાવીર જિન સ્તુતિચતુષ્ક

શાસન અધિકારી, સમરથ સાહસ ધીર,
ઇન્દ્રે અતિ હરખે, નામ ઠવ્યું મહાવીર;
તે વર્ધમાન જિન, વર્ધમાન ગુણગેહ,
સિદ્ધારથનંદન, કુશલ લતાયે મેહ. ૧

ઉત્કૃષ્ટે આરે, સીત્તેર શત અરિહંત,
તિમ કાલ જઘન્યે, વીસ હોવે વિહરંત;
ચોવીસી ત્રણુંના, બહોંતેર જિનવર જેહ,
મન નિશ્ચલ કરીને, પ્રણમીજે નિત તેહ. ૨

જિન કેવલ પામી, ત્રિપદી કહે તતકાલ,
તે નિસુણી ગણધર, પ્રગટે બુદ્ધિ વિશાલ;
કરે આગમ રચના, પૂરવ અંગ ઉદાર,
તે આગમ સુણતાં, સુખ સંપત્તિ વિસ્તાર. ૩

સિદ્ધાઈ સખરો, શાસન સાન્નિધ્યકાર,
ગિરૂઆ ગુણરાગી, પોતે ગુણ સંભાર;
શ્રી વિજયરાજસૂરિ, ચરણકમલ સુપસાય,
કહે દાનવિજય ઈમ, મંગલ કરજો માય. ૪

## ૯. શ્રી મહાવીર જિન સ્તુતિચતુષ્ક

( દ્રુતવિલમ્બિત )

સકલ મંગલ મંજુલ કંદલં,
ગુણગણા–લયકં શિવશંબલં;
જિનવરં હિ નમામિ સદાયુતં,
સુમનસા મનસા ત્રિશલાસુતમ્. ૧

અશુભ કંદન વંદન માલિકાં,
ધવલ મંગલ મંજુલ આલિકાં;
જિતમનો જિનરાજ પરંપરામ્,
પ્રતિનમામિ નમામિ શુભંકરામ્. ૨

જિનવરેણ જયાય હિતોદિતં,
ગણધરેણ ધિયા ગુરુગુંફિતં;
નમતુ તન્મનસા જનસંતતિં,
રસમયં સમયં સમયં પ્રતિ. ૩

રણુઝણુત્પદ નુપૂર પેશલા,
વદનમંડિત શીતલ ભાકલા;
સકલસંઘ સુખાય વિનોદિતા,
ભવતુ ભાસન શાસન દેવતા. ૪

## ૧૦. શ્રી સિદ્ધચક્ર સ્તુતિચતુષ્ક

સિદ્ધચક્ર સેવો ભાવિ લોગા, ધણુ કણુ કંચણુ કેરા યોગા,
મનવંછિત હુવે ભોગા;
દુષ્ટ કુષ્ટ જાવે સવિ રોગા, જાવે મનથી સઘળા સોગા,
સીઝે સયલ સંયોગા;
રાય રાણા માને દરબાર, ધન ધન સકલ જંપે સંસાર,
સોહે બહુ પરિવાર;
નવ પદ મહિમા મોટો કહિયે, એહને ધ્યાને અહોનિશ રહિયે,
શિવસુખ સંપત્તિ લહિયે. ૧

મધ્ય દલે જિનવર ચોવીસ, હુવા હોશ્યે છે જગદીશ,
વાણીગુણ પાંત્રીશ;
અતિશય સોહે જસ ચોત્રીશ, માયા, માન નહિં જસ હીસ,
સોહે સબલ જગીશ;
કંચન વાને સોળ બિરાજે, દોય રાતા દોય ધોળા છાજે,
શામળ દોય નિવાજે;
દોય નીલા ઈમ સવિ જિનરાજ, નિર્મલ ધ્યાને શોભે આજ,
શ્રી સિદ્ધચક્ર સુખકાજ. ૨

દોષ અઢાર રહિત ભગવંત, આઠ ભેદે સિદ્ધ મહંત,
જે અતિશય ગુણવંત;
પચવીસ ગુણેથી ઉવજ્ઝાયા, સત્યાવીસ ગુણે મુનિરાયા,
સમકિત છે સુહાયા;
નાણુ ચરણુ તપ નેહે ધ્યાવો, આસો ચૈત્રીશું ઓળી ઠાવો,
નવ દિન પાવન થાવો;
આગમ ભાખી એ જિનવાણી, સુણી આરાહો સિદ્ધચક્ર પ્રાણી,
એ નિર્મલ સુખખાણી. ૩

સિદ્ધચક્રની જે રખવાલી, ચક્કેસરી દેવી મતવાલી,
પગ નેઉર વાચાલી;
કટિમેખલ ખલકે કટિદેશ, મંદ મંથર ચાલે શુભ વેશ,
સોહે અતિ સુવિશેષ;
હૃદય હાર, કર કંકણુ છાજે, મુખથી ચંદો ગયણે ભાજે;
શોભા સઘળી છાજે;
શ્રી વિજયપ્રભસૂરિ સવાય, કુશલસાગર વાચક સુખદાય,
શિષ્ય ઉત્તમ ગુણુ ગાય. ૪

## ૧૧. શ્રી પંચમી તિથિ સ્તુતિચતુષ્ક

શ્રી નેમીસર પંચમનાણી, પંચમ ગતિ દાતારજી,
સકલ સુરાસર નર વિદ્યાધર, બેઠી પરષદા બારજી;
ત્રિગડે બેસી ત્રિભુવનસ્વામી, ભાખે પરવ વિચારજી,
કારતક સુદિ દિન પંચમી જાણો, સકલ દિવસ શણગારજી. ૧

આઠ પહોરનો પોસહ કીજે, ચોથભત્ત ચોવિહારજી,
સાથિયા પાંચ, પાંચ વાટનો દીવો, પાનાં પુસ્તક સારોજી;
ઉત્તર સનમુખ બેસી ગણિયે, ગણણું હોય હજારોજી,
મનશુદ્ધે પંચમી આરાધો, શ્રી જિન કહે નિરધારોજી. ૨

પાઠા પાટી ચાબખી પૂંજણી, ચંદરવા ચિત્ત ધારોજી,
ઠવણી કવલી નોકારવાલી, ચરવલા મુહપત્તિ સારોજી;
લેખણ ખડિયા કલશ ચંગેરી, પાંચ પાંચ મનોહારોજી,
લખમી લાહો લીજે, કીજે ઊજમણું શ્રીકારોજી. ૩

ઇમ જિનભક્તિ કરતાં ભવિને, દુરમતિ દૂર જાયેજી,
વિધિ સહિત પંચમી તપ કરતાં, ઋદ્ધિસિદ્ધિ ઘર થાયેજી;
ગોમેધ જક્ષ અંબાઈ દેવી, જિનશાસન હિતકારીજી,
રૂપવિજય કવિરાય પસાયે, મુનિ માણેક જયકારીજી. ૪

## ૧૨. શ્રી અધ્યાત્મ સ્તુતિચતુષ્ક

વાણી વીર જિનેશ્વર કેરી, સાંભળતાં સુખકારીજી,
ઠાલી વાવ ને ઠણકા કરતી, નીર ભરે નરનારીજી;
નીચી ગાગર ને ઉપર પાણિયારી, નિત્ય ભરે નીર સવારેજી,
તળે કુંભ ચાક ઉપર ફરતો, વીર વચન ઉપકારીજી. ૧

કીડીએ એક કુંજર જાયો, બહુ બળિયો કેવરાયોજી,
મયગલ ભાગોલ મુખથી ન નીકળે, ક્ષણમાં ખાલથી આયોજી;
કુંજરનું જોર કાંઈ ન ચાલે, સસલો સામો ધાયોજી,
ઊંદર આવે મીની નાસી જાયે, પ્રણમું ચોવીસ જિનપાયોજી. ૨

મૃગલે પાસલો મોટો માંડ્યો, પારધિ પડિયો પીલાયજી,
સસરો સૂતો વહુ હીંચોળવા, જાય હાલરૂવા ગાયજી;
વિણુ વાદળ વરસાદ વરસતો, ખેત્રથી નીર ભીંજાયજી,
ભમર ભોગીથી કમલ નીપાયો, વીર જિન વાણી ગાયજી. ૩

તેહનો અર્થ ધરો નરનારી, ધર્મ નિયમ વ્રત ધારીજી;
સિદ્ધાઈ દેવી જિનપદ સેવી, સંઘને સાન્નિધ્યકારીજી;
વડગચ્છ શ્રી વિજયજિનેન્દ્રસૂરિ, સહુમાંહી શિરદારીજી,
થોય ભણી મને નમો નાણી, ઊંડો અરથ વિચારીજી. ૪

# વિભાગ સાતમો : સ્તુતિચતુષ્કાત્મક સ્તુતિસંગ્રહ

[ આ વિભાગમાં પ્રત્યેક સ્તુતિ જુદી જુદી છે, પરન્તુ દરેક સ્તુતિ એવી છે કે-તેનો સ્તુતિચતુષ્ક તરીકે પણ ઉપયોગ કરી શકાય. ]

## ૧. શ્રી સીમંધર જિન સ્તુતિ

શ્રી સીમંધર સત્યકી નન્દન, ચન્દ્રકિરણ સમ સોહેજી,
સમવસરણ બેઠા જગસ્વામી, સુર-નરનાં મન મોહેજી;
વાણી અમીય સમાણી પ્રભુની, સાંભળતાં અઘ ગાળેજી,
સમકિતદૃષ્ટિ શાસનદેવી, દુખ દોહગ સવિ ટાળેજી. ૧-૪

## ૨. શ્રી અર્હિનાથ જિન સ્તુતિ

પુંડરીક ગિરિ સ્વામી, આદિ જિનેશ્વર દેવ,
પ્રહ ઊઠી વંદું, ચોવીસે નિત્યમેવ;
અંગે ને ઉપાંગે, એ ગિરિનો અધિકાર,
ગોમુખ ચક્કેસરી, સોભાગના દાતાર. ૧-૪

## ૩. શ્રી વર્ધમાન જિન સ્તુતિ

જય ત્રિભુવન સેવિત, વર્ધમાન જિનરાજ,
ગૌતમાદિ ગણધર, શિક્ષિત કૃત ગુણરાજ;
જિન વીર મહાગમ, સુણતાં આતમરાજ,
દીપાળી દીપક, તીર્થાધિપ સુરરાજ. ૧-૪

## ૪. શ્રી વીર જિન સ્તુતિ

જય જયકર મંગલ, દીપક જિનવર વીર,
શ્રી ગૌતમ ગણધર, ભવ દવ નીરદ નીર;

પ્રવચન જિન આગમ, પહોંચાડે ભવતીર,
દીવાલી કમલા, ભાવ તિલક વર હીર. ૧-૪

## ૫. શ્રી સિદ્ધચક્રજીની સ્તુતિ

સિદ્ધચક્ર આરાધો, સાધો વાંછિત કાજ,
શ્રી અરિહંતાદિક, સેવ્યાથી શિવરાજ;
જિન આગમમાંહી, સિદ્ધચક્ર શિરતાજ,
વિમલેસર પૂરો, ભવિજન વાંછિત આજ. ૧-૪

## ૬. શ્રી સિદ્ધચક્રની સ્તુતિ

સિદ્ધચક્રને સેવો, મન વચ કાય પવિત્ત,
અરિહંતાદિક પદ, સેવો એકણ ચિત્ત;
જિનવાણી સુણીને, ખરચો બહુલું વિત્ત,
વિમલેસર પૂરો, મન વાંછિત તુમે નિત્ય. ૧-૪

## ૭. શ્રી સિદ્ધચક્રની સ્તુતિ

સિદ્ધચક્ર આરાધી, કીજે આંબિલ એકાશી,
અરિહંતાદિ જપમાલી, વીસ ગણિયે તે ખાસી;
નવ આંબિલતપ ભૂમિ સંથારો, ઇમ જિનવાણી પ્રકાશી,
પદ્મવિજયનાં વાંછિત પૂરે, વિમલેસર સોહમવાસી. ૧-૪

## ૮. શ્રી સિદ્ધચક્રની સ્તુતિ

સિદ્ધચક્ર આરાધો, નિત્ય નવ દેહરાં જુહારો,
અરિહંતાદિક પદમાં, જિન આતમ અવતારો;
એક પદે શિવપદ લહે, એમ જિનવાણી વિચારો,
કહે પદ્મવિજય હોય, વિમલેસર સુખકારો. ૧-૪

# વિભાગ આઠમો : પ્રકીર્ણ સ્તુતિઓ

## ૧. શ્રી અજિતનાથ જિન સ્તુતિ

શ્રી અજિત જિનેસર, સાર્થક જેહનું નામ,
માતા પણ જીતી, ગર્ભ બળે ગુણ ધામ;
મોહાદિક વૈરી, જિણે જીત્યા નિજજોર,
તે સાહિબ બીજો, મુજ મન વનનો મોર.

## ૨. શ્રી સંભવનાથ જિન સ્તુતિ

ભવ ભવનો ભેદી, અકલ સ્વરૂપ અવેદી,
ન કદા નિરવેદી, શિવ વધૂ સંગ ઉમેદી;
દુઃખ દુરિત વિછેદી, અતિશયવંત અખેદી,
સેવો સંભવજિન, વસ્તુ સકલનો વેદી.

## ૩. શ્રી અભિનંદન સ્વામી જિન સ્તુતિ

જિનવર અભિનંદન, ચંદન જિમ જસ વાસ,
સંવર નૃપ નંદન, પાપ નિકંદન ખાસ;
જગજન આનંદન, નંદનવન પરે જેહ,
નિતુ વંદન કરીએ, ધરીએ પૂરણ નેહ.

## ૪. શ્રી સુમતિનાથ જિન સ્તુતિ

સુમતિ સુખ લહિયે, સુમતિ કીરતિ થાય,
સુમતિ ગુણ ગ્રહીએ, સુમતિ અવગુણ જાય;
ઓળખિયે સુમતિ, વસ્તુ અવસ્તુ વિશેષ,
સુમતિ પ્રભુ સેવો, ગ્રહી સુમતિ વિહિ લેશ.

## ૫. શ્રી પદ્મપ્રભસ્વામી જિન સ્તુતિ

પદ્મપ્રભ સ્વામી, પદ્મ જિસ્યો મુખવાસ,
પદપદ્મ નમે જે, તસ ઘર પદ્મા વાસ;
મણિ પદ્મરાગ સમ, અરુણ વરણ જસ દેહ,
મુજ માનસ પદ્મે, અચલ રહો જિન તેહ.

## ૬. શ્રી સુપાર્શ્વનાથ જિન સ્તુતિ

પૃથ્વીના નંદન, પૃથ્વીપતિ નમે પાય,
પૃથ્વીમાં જેહનો, સઘળે જશ ગવાય;
પ્રભુ છે પૃથ્વી જિમ, ગુણગણ રયણ નિવાસ,
ભવિજન બહુ ભાવે, સેવો દેવ સુપાસ.

## ૭. શ્રી ચંદ્રપ્રભસ્વામી જિન સ્તુતિ

અષ્ટમ જિન નાયક, ચંદ્રપ્રભ અભિધાન,
જસ વદન વિરાજે, પૂર્ણ ચંદ્ર ઉપમાન;
અદ્‌ભુત અતિ કાયા, ઉજ્વલ જેહવી ચંદ્ર,
ચંદ્ર લંછન સ્વામી, મુનિજન કૈરવ ચંદ્ર.

## ૮. શ્રી સુવિધિનાથ જિન સ્તુતિ

જિન સુવિધિ તણાં પય, સુવિધિ કરી આરાધો,
મદ મચ્છર મૂકી, શિવપુર મારગ સાધો;
નવમો પ્રભુ નયનો, રસનો સાગર એહ,
નવ મેહ તણી પરે, ટાલે દુરિત નિષેહ.

## ૯. શ્રી શીતલનાથ જિન સ્તુતિ

શીતલ મન જેહનું, શીતલ જેહની દૃષ્ટિ,
શીતલ જસ વાણી, માનું અમૃત વૃષ્ટિ;

જસ દર્શન દેખી, તન-મન શીતલ થાય,
તે શીતલ જિનના, ગુણ ગાતાં દુઃખ જાય.

## ૧૦. શ્રી શ્રેયાંસનાથ જિન સ્તુતિ

સુપ્રભાતે સમરો, શ્રી શ્રેયાંસનું નામ,
જેહથી છે અળગા, મદ મચ્છર ને કામ;
નહીં ક્રોધ લોભ જસ, અવિરતિ ને અજ્ઞાન,
રતિ અરતિ નહીં જસ, નહીં ભય શોક નિદાન.

## ૧૧. શ્રી વાસુપૂજ્ય જિન સ્તુતિ

વસુપૂજ્ય ધરાધિપ, કુલ માનસસર હંસ,
પ્રણમે જસ અહનિશ, સુરનરના અવતંસ;
શ્રી જયાદેવી ધન જગ, જસ સુત જગ શણગાર,
બારસમો જિનવર, ભવિ જનનો આધાર.

## ૧૨. શ્રી વિમલનાથ જિન સ્તુતિ

મન વિમલ કરી નિજ, વિમલનાથ ગુણ ભાવો,
ગુણ ભાવન જોગે, આપ વિમલતા પાવો;
જિનવર ગુણ ધ્યાને, જિન સમતા પામંત,
જિમ ભમરી ધ્યાને, ઇયળ ભમરી હુંત.

## ૧૩. શ્રી અનંતનાથ જિન સ્તુતિ

જસ જ્ઞાન અનંત વળી, દર્શન વીર્ય અનંત,
સુખ તેમ અનંતું, બલ શરીર અનંત;
ગુણ જીતી અનંતા, આપ સદાપિ અનંત,
ચઉદસમો જિનવર, નમિએ તેહ અનંત.

## ૧૪. શ્રી ધર્મનાથ જિન સ્તુતિ

ધર્મી જન ધર્મે, નિજ મન નિશ્ચલ કીજે,
ગુણ ધર્મનાથના, ધર્મ હેતુ સમરીજે;
જેમ કર્મ મર્મનો, નાશ પલકમાં થાય,
ચંદન રસ જોગે, ધર્મ સકલ મિટ જાય.

## ૧૫. શ્રી કુંથુનાથ જિન સ્તુતિ

સત્તરમો સાહિબ, કુંથુ કલાનિધિ રૂપ,
કેવલ કમલાનો, ભોગી જગત અનૂપ;
અકલંકિત જેહના, ગુણ સુરનર બહુ ગાય,
જસ ભક્તિ પસાયે, મુક્તિવધૂ વશ થાય.

## ૧૬. શ્રી અરનાથ જિન સ્તુતિ

અરજિન અધિકારી, જેહની શક્તિ અનંત,
જિનવર સાથે થઈ, હણો મોહ બલવંત;
ષટખંડ ભરતની, પ્રભુતા પોતે છોડી,
આતમગુણ પ્રભુતા, બહુ જતને કરી જોડી.

## ૧૭. શ્રી મલ્લિનાથ જિન સ્તુતિ

જિનમલ્લિ મહામુનિ, મલ્લિ કુસુમ સુકુમાલ,
નૃપ કુંભ તણો સુત, લંછન કુંભ રસાલ;
પ્રભુ કુંભ તણી પરે, ભવ સાયર ઉતારે,
સુરકુંભ પરે જે, વંછિત કારજ સારે.

## ૧૮. શ્રી મુનિસુવ્રતસ્વામી જિન સ્તુતિ

મુનિસુવ્રત મહિમા, કહેતાં ન આવે પાર,
હરિવંશ વિભૂષણ, નિર્દૂષણ, સુખકાર;
જગમાંહીં જેહને, નહીં કો મિત્ર અમિત્ર,
જેહ મિત્ર ભુવનનો, જેહનો તાત સુમિત્ર.

## ૧૯. શ્રી નમિનાથ જિન સ્તુતિ

નમિ જિનવર નમીએ, વમીએ દુરિત અશેષ,
જેહથી નિતુ લહીએ, આતમગુણ સુવિશેષ;
ઉપશમીએ અંગે, શમીએ કર્મનો કાટ,
અન્તર રિપુ દમીએ, એ શિવપુરની વાટ.

## ૨૦. શ્રી વીસ વિહરમાન જિન સ્તુતિ

સીમંધર, યુગમંધર સ્વામી, બાહુ, સુબાહુ, સુજાત, નમામિ,
શ્રી સ્વયંપ્રભ ગુણધામી;
ઋષભાનના–નંતવીર્ય ઉદાર, સુરપ્રભ, વિશાલ, વજ્રંધર સાર,
ચંદ્રાનન મનોહાર;
ચંદ્રબાહુ, ભુજંગ, જિનેશ, ઈશ્વર, નેમિપ્રભ, જગદીશ,
વીરસેન મહાભદ્ર ઈશ;
ચંદ્રજસા, જિતવીર્ય ભદંત, વીસે વિચરંતા અરિહંત,
હું પ્રણમું ધરી ખંત.

# વિભાગ નવમો : સજ્ઝાય સંગ્રહ

## ૧. શીલની નવ વાડની સજ્ઝાય

### ઢાળ પહેલી

(ધારણી મનાવે રે મેઘકુમારને રે)

શ્રી જિનશાસન નંદનવન ભણું જી, જિહાં જિનવર વનપાલ;
જિણુ વનમાંહી દીસે દીપતા જી, વિવિધ સુવિધિમય સાલ.

શીલ સદા સુરતરુ તમે સેવજો જી, જસ ફળ અમૃત અક્ષીણુ;
સુજસ કુસુમ પરિમલ જિહાં મહમહે જી, મુનિ–મધુકર તિણે લીણુ
શીલ૦ ૧

મન સ્થિર સ્થાનક ઉપશમ–જલ ભર્યો જી, સમકિત તે દૃઢ મૂલ;
કંદ વિડિમ તે આજ્ઞા જિન તણી જી, જીવદયા થડ થૂલ.
શીલ૦ ૨

સાધુ ધરમ તે શાખા વડી તિહાં જી, અણુવ્રત વેલડી ભાખ;
અઢારસહસ શીલાંગ તે વિસ્તરી જી, જિહાં બહુલી લઘુ શાખ.
શીલ૦ ૩

ભાંગા તે નવપલ્લવ જાણવા જી, સુખસંપત્તિ બહુ ફૂલ;
છાયા શીતલ તે વર વાસના જી, ફળ વળી તાસ અમૂલ.
શીલ૦ ૪

તિણુ તરુ પાખલી જિનવરની કહી જી, સબળ સુધી નવ વાડ;
કામ મહા સેનાપતિ તણી જી, જિહાં નવિ પહોંચે રે ધાડ.
શીલ૦ ૫

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રે સોળમે જી, બ્રહ્મ સમાધિના ઠાણ;
અર્થ જુગતે જે જગગુરુ દાખિયા જી, પુણ્યવન્ત તે મન આણ.
શીલ૦ ૬

## ઢાળ બીજી

(ઢાળ)

સુણ સુણ જંબૂ! સોહમ ઈમ કહે;
વીર વચન એ, મુજ મન ગહગહે. ૧

(હરિગીત)

ગહગહે જિણ થાનકે વિટ નર, પશુ, જુગલ, પંડગ, જણા,
વળી ચિત્તહરણી નાર તરુણી, તેહથી અવગુણ ઘણા;
ઈમ જાણી તિણ વર્જિત સુથાનક, બ્રહ્મચારી નિત્ય રહે,
એ વાડ પહેલી ભલી જાણી, ધરો સોહમ ઇમ કહે ૨

(ઢાળ)

એકાંતે વળી, મહિલાશું કથા;
કરતાં વાધે, કામ તણી વ્યથા. ૩

(હરિગીત)

મન વ્યથા વાધે કામ કેરી, નવ નવેરી નારીની,
વિકથા કરંતાં વળી સુણંતાં, વેશ યૌવન રૂપની;
તિણે બ્રહ્મચારી મુખ ન આણે, વિષય જાણે સવિ વૃથા,
એ વાડ બીજી જાણી પ્રાણી! ત્યજો મહિલાની કથા. ૪

(ઢાળ)

એક આસને, શયને નારીને;
કિમ બેસે નર, વ્રત છે જેહને. ૫

( હરિગીત )

જેહને વ્રત છે તે પછી પણ, એક મુહૂરત અન્તરે,
વળી અધિક કાળે સુશીલ નારી, તેહ આસન આદરે;
અતિ યુવતી–પરિચયે શીલ વિઘટે, ધર્મ ન રુચે તેહને,
એ વાડ ત્રીજી જાણીને એક–ઠાણુ ન રહો નારને. ૬

( ઢાળ )

મનોહર ઇન્દ્રી, જે છે નારીના;
નયન, વદન, સ્તન, અન્તર બાહુના. ૭

( હરિગીત )

બાહુ અન્તર ઉરુ અભિંતર, રાગ ધરી જૂએ નહીં,
શૃંગારશાળી દેખી નારી, દૃષ્ટિને ગોચર રહી;
નિજ દૃષ્ટિ વાળે નવ નિહાળે, દોષ ટાળે શુભમના,
એ વાડ ચોથી જાણી શ્રુતથી, મ પેખો તન નારના. ૮

( ઢાળ )

પ્રમદા પતિશું, કુડ પડિઅંતરે;
કામ કુતૂહલ, કરતી બહુપરે. ૯

( હરિગીત )

બહુપરે હસતી, રંગે રમતી, કૂજતી વળી ગાવતી,
ગુણગ્રહણ, વિરહવિલાપ કરતી, પ્રેમકલહે રોવતી;
તે વચણ સુણતાં, ચિત્ત ધરતાં, શીલ લીલા ઊતરે,
એ પાંચમી વાડ એક પાડે, નવિ રહે તે અન્તરે. ૧૦

( ઢાળ )

પૂરવ સેવિત રસ ને ખેલણા;
નવિ સંભારે પ્રેમ, તે આપણા. ૧૧

( હરિગીત )

આપણા હાસ વિલાસ ધરતા, ચપલ ચિત્ત વળી ચળે,
ઇમ જાણી છઠ્ઠી વાડ નીઠી, કરો વ્રત જિમ ઝળહળે;
અતિ સરસ આહાર વર્જે, જિમ ન ગર્જે કામના,
એ વાડ સપ્તમ જાણી ઉત્તમ, પરિહરો રસ ખેલણા. ૧૨

( ઢાળ )

કવળ બત્રીશે, માત્ર પુરૂષને;
ચિહું ઊણા તેહી જ નારીને. ૧૩

( હરિગીત )

નારી, નરને અધિક ભોજન, વેદ ન રહે ઉપશમી,
તિણે મિત સુભોજી, હોય ખોજી, વાડ સુણી એ આઠમી;
અતિસ્નાન, ધોવણ, વેશ-પહેરણ, શોભ ન કરે દેહની,
એ વાડ નવમી પુણ્ય મુનિવર, કહે ધરમી પુરૂષની. ૧૪

( ઢાળ ત્રીજી )

( વિમલાચલ નિત વંદિયે )

પંચ વિષય ઇન્દ્રિય તણા, તજવા સહી અપસત્થ;
દસમું સમાહિઠાણ એ, જે પાળે હો તે સુકયત્થ.
ધન ધન તે જગ જાણીએ, જે પાળે હો નિર્મળ શીલ. ૧

જે દોષ નરને નારીથી, તે નારીને નર સાથે;
એ વાડ બિહુંને સારખી, ઇમ કહ્યું શ્રી જગનાથે.
ધન ધન૦ ૨

થૂલિભદ્ર મુનિવર જયો, પડિસોયગામી ધીર;
જે કોશા વચને નવિ રહ્યો, જીત્યો મનમથ વીર.
ધન ધન૦ ૩

રાજિમતી, સીતાદિ સતી, શ્રાવક સુદર્શન જેહ;
જિણે શીલ, સંકટે નવિ હણ્યો, જગે ગાજે સુજસ સુરેહ.
ધન ધન૦ ૪

જે મુગતિ પહોતા, પહોંચશે, વળી અછે જે પહુચંત;
તે શીલ મહિમા જાણવો, ઇમ બોલે શ્રી અરિહંત.
ધન ધન૦ ૫

જલ, જલણ, અરિ, કરિ, કેસરી, તસ કોણ પહોંચે ચંડ;
શ્રી **પુણ્યસાગર** ઈમ કહે, જે રાખે શીલ અખંડ.
ધન ધન૦ ૬

## ૨. ત્રેસઠ શલાકાપુરુષ નામાંકિત સજ્ઝાય

( આર્યા છન્દ : માલકોશ )

પણમિય પઢમ જિણંદં, રિસહં કલ્લાણ કારણં-પરમં;
ઉત્તમ નર નામાઇં, ભણામિ ભવ્વાણ બોહત્થં. ૧
રિસહો, અજિઅ, જિણંદો, સંભવ, અભિણંદણો અ તહા;
સુમઈ, પઉમપ્પહો, સુપાસો, ચંદપ્પહ, સુવિહિ, સિયલ જિણા. ૨
સિજ્જંસ, વાસુપૂજ્જો, વિમલા-ણંતો, તહેવ ધમ્મ જિણો;
સિરિ સંતિ, કુંથુ, અર જિણ, મલ્લિ, મુણિસુવ્વયો ય તહા. ૩

નમિ, નેમિ, પાસ, વીરા, સંપઇ તિથ્થંકરા ય ચઊવીસં;
એએસિં નામેણ વિ, હવંતિ કલ્લાણ કોડીઓ. ૪

ભરહો સગરો મઘવા, સણયકુમારો ય સંતિ કુંથુ અરા;
સુભૂમ પઉમ હરિસેણ, જય ચક્કી બંભદત્તો ય. ૫

બારસ ચક્કીએ એ, અટ્ઠ ગયા સિદ્ધિ દુન્નિ સુરલોયે;
સુભૂમ બંભદત્તા, દો વિ ગયા સત્તમં નરયં. ૬

હરિ નવ તિવિટ્ઠુ, દુવિટ્ઠુ, સયંભૂ, પુરિસુત્તમો, પુરિસસિંહો;
પુરિસવર પુંડરીઓ, દત્તો તહ લક્ખણો કણ્હો. ૭

એગો ય સત્તમીયે, પણ હરિ છઠ્ઠી અ પંચમી એગો;
એગો પુણ ચઉત્થીએ, કણ્હો તઈઆય પુહવીએ. ૮

અચલો, વિજયો, ભદ્દો, સુપ્પભ, સુદંસણો, તહા–ણંદો;
નંદણ, પઉમો, રામો, નવ બલદેવા મહારિસિણો. ૯

અટ્ઠ બલદેવ સિદ્ધા, ચરમો પુણ પંચમંમિ કપ્પંમિ;
ઉસ્સપ્પિણીએ સો પુણ, સિજ્જિમસ્સઈ કણ્હ તિથ્થંમિ. ૧૦

અહવા ઇહ નિપ્પુલાયા– ભિહાણઓ કેઈ બિંતિ બલદેવા;
ચઉદસમો તિથ્થયરો, હવિસ્સઈ તેણ તં વન્દે. ૧૧

પઇહરિ અસ્સગ્ગીવો, તારગ તહ મેરગો અ મહુ નિવઈ;
નિસુંભ બલિ, પહ્લાદો, દસકંધરો ય જરાસંધો. ૧૨

જહ હરિ તહ પઇહરિણો, નિયાણબદ્ધા ઉવિંતિ નિરયમ્મિ;
તહવિ હુ તે સપ્પુરિસા, ભવ્વા – વસ્સં હવંતિ જમ્હા. ૧૩

ઉત્તમ નર પંચુત્તર, તાયત્તિંસાય પુવ્વધર ઈંદા;
કેવલિ, ગણહર દિક્ખા, સાસણજક્ખાય જક્ખિણિયો. ૧૪

એ એ ભવ્વા તત્થવિ, હરિ પઇહરિણો વિ કેવિ દવ્વજિણા;
દેવાસુર મણુએહિં, પૂઇજ્જઇ પુન્નપબ્ભારા. ૧૫
સિરિ સંતિ, કુંથુ, અર જિણ, તમ્મિભવે તિન્નિ જીવ જિણ ચક્કી;
હરિ પઢમ ચરમ જિણવર, દુસરીરા એક જીવસ્સ. ૧૬
તમ્હા સરીર સટ્ઠી, જીવાગુણ સટ્ઠી સટ્ઠી જણણીઓ;
એગાવન્નં પિયરો, તિસટ્ઠિસિલાગ પુરિસાણં. ૧૭
હરિનવગં પઇહરિ નવ, ચક્કી દુગં વીસ વિરહિયા સવ્વે;
જિણચક્કી બલદેવા, મહરિસિણો નિચ્ચમભિવન્દે. ૧૮
સિરિ વિજયપ્પહસૂરિ, રજ્જે સુતવસ્સી રયણા વિજય કઇ;
તસ્સોવએસ લેસા, લિહિયાઓ કાવિ ગાહાઓ. ૧૯
ધન્ના તે સપ્પુરિસા, કયકિચ્ચા તે સલાહણિજ્જાવિ;
જે જિણ ચક્કી બલાણં, ઝાણં ઝાયંતિ પચ્ચૂસે. ૨૦
તેસિં સુરતરુ સુરમણી, સુરસરહિ કામકુંભ સંપુન્નો;
ગેહાંગણિ સુરવલ્લી, જેસિં એએસિં સયા સરણં. ૨૧
ઇચ્ચેસિં સજ્ઝાઓ, સુજ્ઝાઓ માણવિજય વિબુહેણં;
જો પઢઇ, ગુણઇ, સુણેઇ ય, લહઇ સો સાસયં સુક્ખં. ૨૨

## ૩. શ્રી ધન્ના – શાલિભદ્રની સજ્ઝાય

( સુત સિદ્ધારથ ભૂપનો રે )

મહીમંડળમાં વિચરતા રે, રાજગૃહી ઉદ્યાન;
શાલિભદ્રશું પરિવર્યા રે, સમવસર્યા વર્ધમાન રે:
શાલિભદ્ર ગાઈએ, કરતાં ઋષિ ગુણગાન રે,
આનન્દ પાઈએ. ૧

માસખમણને પારણે રે, વાંદી વીર જિનેશ;
મુનિવર વહોરણ સંચર્યા રે, લહી જિનવર આદેશ રે.
શાલિભદ્ર૦ ૨

વચ્છ! હોશે તુમ પારણું રે, આજ માતાને રે હાથ;
નિસુણી અતિ આનંદિયા રે, શાલિકુમાર મુનિનાથ રે.
શાલિભદ્ર૦ ૩

જિનવર આવ્યા સાંભળી રે, સામૈયાનો રે સાજ;
હરખે ભદ્રા માવડી રે, કરે સુતવન્દન કાજ રે.
શાલિભદ્ર૦ ૪

મુનિવર ઈરિયા શોધતા રે, પહોતા માતાને ગેહ;
રુધિર માંસ જેણે શોષવ્યાં રે, તપ કરી દુર્બલ દેહ રે.
શાલિભદ્ર૦ ૫

ઘેર આવ્યા નહીં ઓળખ્યા રે, નવિ વાંદ્યા ઉચ્છાહ;
અન્ન પાણી વહોરણ તણી રે, વાત રહી મનમાંહ્ય રે.
શાલિભદ્ર૦ ૬

વિણ વહોર્યા પાછા વળ્યા રે, આણી મન સન્દેહ;
મારગ મહિયારી મળી રે, મુનિવરને સસનેહ.
શાલિભદ્ર૦ ૭

નેહે તન મન ઉલ્લસ્યાં રે, વિકસ્યાં નયન અપાર;
અ એ મોહવશે વહે રે, દૂધ પયોધર ધાર રે.
શાલિભદ્ર૦ ૮

ગોરસ વહોરાવી વળી રે, મહિયારી તેણી વાર;
સંશય ધરતા આવિયા રે, સમવસરણ મોઝાર રે.
શાલિભદ્ર૦ ૯

પૂરવભવ માતા તણો રે, શાલિભદ્ર વૃત્તાન્ત;
ચૌદ સહસ અણગારમાં રે, ભાખે શ્રી ભગવન્ત રે.
શાલિભદ્ર૦ ૧૦

વૈભારગિરિ અણસણ કરી રે, અનુત્તર સુરપદ વાસ;
મહાવિદેહમાં સિદ્ધશે રે, નિજ લક્ષ્મી સુવિલાસ રે.
શાલિભદ્ર૦ ૧૧

## ૪. શ્રી સંઘગુણવર્ણન સજ્ઝાય

( સિદ્ધચક્ર પદ વન્દો રે, ભવિકા ! )

સંઘનાયક લાયક જિન વીસે, વાંદી કહું એ વિચાર;
સંઘ ચતુર્વિધના ગુણ ગાતાં, ઊતરિયે ભવ પાર.
હો ધન્ય ધન્ય સાધુજી, ધન્ય ધન્ય સંઘ. ૧

ધન્ય ધન્ય સાધુજી સંઘ સવેહી, જે સમકિત શુદ્ધ રાખે;
બાર પરષદામાંહી બેસી, અરિહંત તસ ગુણ આખે.
હો ધન્ય ધન્ય૦ ૨

પંચ મહાવ્રત અણુવ્રત પાળે, ટાળે દોષ સવેહી;
સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, સંઘ ચતુર્વિધ એહિ.
હો ધન્ય ધન્ય૦ ૩

સમિતિ ગુપ્તિ ધરે સંવરે ઈન્દ્રી, ચાર કષાય નિવારે;
દશ પચ્ચખ્ખાણ દીપંતા દિન દિન, નવ નવ અભિગ્રહ ધારે.
હો ધન્ય ધન્ય૦ ૪

ઊપજે પરીષહ ઉપસર્ગ સહે, દમે ન થાયે દીન;
જીવજતન ષટકાય સમજી કરે, કરે મનોરથ તીન.
હો ધન્ય ધન્ય૦ ૫

પંચ પ્રમાદ ત્યજી કરે પૌષધ, પારણે નિત્ય નિત્ય દીજે;
સુપાત્રદાન કરે ગુરુસેવા, શિવસુખનાં ફળ લીજે.
હો ધન્ય ધન્ય૦ ૬

ભાંગા ભલા ઓગણપચાસે, વ્રત બારે અંગ ધારે;
સાંજ સવારે કરે પડિક્કમણાં, ચૌદ નિયમ સંભારે.
હો ધન્ય ધન્ય૦ ૭

કર્માદાન પન્દરે પચ્ચક્ખી, અભક્ષ્ય બાવીસને ટાળે;
ચોખ્ખે ચિત્તે ગુરુને વાંદી, માનવભવ અજવાળે.
હો ધન્ય ધન્ય૦ ૮

સદ્ગુરુ વયણાં સાંભળે સાચાં, સિદ્ધાન્ત સૂત્ર વંચાવે;
પ્રવચન પ્રભાવના વિધિપૂર્વક, ધર્મધ્યાન કરે ભાવે.
હો ધન્ય ધન્ય૦ ૯

નવકારવાળી ગણે ચિત્ત નિર્મળ, સામાયિક શુદ્ધ પાળે;
શીલવ્રતધારી વિવિધ તપતાની, કરે સજ્ઝાય નિત્ય કાળે.
હો ધન્ય ધન્ય૦ ૧૦

સંવત સત્તર ઓગણપચાસે, માંગરોળ નગર ચોમાસે;
તીર્થંકર પચીસમો શ્રીસંઘ, તસ ગુણગણ ઈમ ભાસે.
હો ધન્ય ધન્ય૦ ૧૧

## ૫. શ્રી રોહિણી તપ સજ્ઝાય

( સ્વામી ! તુમે કાંઈ કામણ કીધું )

વંદે હિયડે હરખ ધરેવી, રોહિણી નામે વિદ્યાદેવી;
સાંભળો સસનેહી ભવિયાં ! સાંભળો ગુણગેહી,

સોળેમાં એ મુખ્ય કરીજે, તસ તપ કરી ફળ લીજે.
સાંભળો૦ ૧

રોહિણીનો કીજે ઉપવાસ, પૂજો શ્રી વાસુપૂજ્ય ઉલ્લાસ;
આઠ પ્રકારની પૂજા રચાવો, વાસુપૂજ્ય જિન હિયડે ધ્યાવો.
સાંભળો૦ ૨

દાન ઘણાં બહુમાને દીજે, રોહિણી ચરિત્ર હૈયે ભાવીજે;
સિદ્ધમતીએ ભવસુખ ટાલ્યું, કડવું તૂંબડૂં મુનિને આલ્યું.
સાંભળો૦ ૩

ભરતારે પણ ઘરથી કાઢી, બહુલ ભવે દુઃખ પામી ગાઢી;
વળી દુરગતિ વાધે દુઃખખાણી, મળિયા મુનિવર નિર્મલ નાણી.
સાંભળો૦ ૪

મુનિ ધુરથી તસ ચરિત્ત વખાણી, ઈમ ઉપદેશે કરુણા આણી;
સાત વરસ ને સાત જ માસ, રોહિણી તપ કરજો સુવિલાસ.
સાંભળો૦ ૫

મુનિવચને એ તપ આરાધ્યો, જગ જસ મહિમા સબળો વાધ્યો;
થઈ નૃપ–પુત્રી રોહિણી નામે, ભોગ ભલા મનગમતા પામે.
સાંભળો૦ ૬

પીહર સાસરે થઈ માનીતી, ગહગહે રોહિણી જગતવિદિતી;
આઠ પુત્ર ને પુત્રી ચાર, પામી રોહિણી અતિ મનોહાર.
સાંભળો૦ ૭

તપ ઉજમણાં વિધિ વિસ્તારે, અશોકવૃક્ષને કળશ ચઢાવે;
વાસુપૂજ્ય જિન દીક્ષા દીધી, અંતે અણુસણ કરીને સિદ્ધી.
સાંભળો૦ ૮

ઈમ બહુલા સુખ રોહિણી પાવે, રોહિણી દેવી તપ પરભાવે;
**વિમલવિજય** ઉવજ્ઝાયનો સીસ, રામવિજય લહે સયલ જગીશ.
સાંભળો૦ ૯

## ૬. ઉત્તમ મનોરથ સજ્ઝાય

( સિદ્ધારથના રે નંદન વિનવું )

ધન ધન તે દિન ક્યારે આવશે, જપશું જિનવર નામ;
કર્મ ખપાવી રે જે હુઆ સવે, કરશું તાસ પ્રણામ.
ધન ધન૦ ૧

મન વચ કાયા રે આપણા વશ કરી, લેશું સંયમ યોગ;
સમતા ધરશું રે સંયમ રંગમાં, રહેશું છંડી રે ભોગ.
ધન ધન૦ ૨

વિનય વૈયાવચ્ચ ગુરુ-માણેકની, કરશું જ્ઞાન અભ્યાસ;
પ્રવચન માતા રે આઠે આદરી, ચાલશું પંથ વિકાસ.
ધન ધન૦ ૩

પરિગ્રહ, વસતિ રે વસ્ત્ર ને પાત્રમાં, આડંબર અહંકાર;
મૂકી મમતા રે લોકની વાંછના, ચાલશું સૂધે આચાર.
ધન ધન૦ ૪

તપ તપી દુર્લભ, દેહ કસી ઘણું, સહીશું શીત ને તાપ;
પુદ્ગલ પરિણતિ રંગ નિવારીને, રમશું નિજગુણ આપ.
ધન ધન૦ ૫

સસ્સા, સાંભર, મૃગ ને રોઝડા, સૂંઘે તનુ, મુખ, નાસ;
ઓળે મસ્તક મૂકી ઊંઘશે, આણી મન વિશ્વાસ.
ધન ધન૦ ૬

પદ્માસન ધરી નિશ્ચલ બેસશું, ધરશું આતમધ્યાન;
ગુણઠાણાની રે શ્રેણી ચઢી કરી, સાધશું મોક્ષનું ઠામ.
ધન ધન૦ ૭

કરી સંલેષણ અણુસણ આદરી, યોનિ ચોરાશી રે લાખ;
મિચ્છામિ દુક્કડં સર્વ જીવો પ્રતિ, દેશું સદ્ગુરુ સાખ.
ધન ધન૦ ૮

મોટા મુનિવર આગે જે હુઆ, સમરી તસ અવદાત;
પરિષહ સહશું રે ધીરપણું ધરી, કરશું કરમનો ઘાત.
ધન ધન૦ ૯

વાધર વીંટી રે ડોળા નીસર્યા, ધન્ય મેતારજ સાધ;
ખંધક શિષ્યો રે ઘાણી પીલિયા, રાખી સમતા અગાધ.
ધન ધન૦ ૧૦

માથે પાળી કરી સગડી ધરી, ભરિયા માંહી અંગાર;
ગજસુકુમાલે રે શિર બળતું સહ્યું, તે પામ્યા ભવ પાર.
ધન ધન૦ ૧૧

સિંહ તણી પેરે સામા ચાલિયા, સુકોશલ મુનિરાય;
વિરૂઈ વાઘણ ધસતી ખાયવા, વોસિરાવી નિજ કાય.
ધન ધન૦ ૧૨

દેવ પરીક્ષા રે કરતાં વળી વળી, ચક્રી સનતકુમાર;
રોગે પીડયો રે વરસ તે સાતસેં, ન કરી દેહની સાર.
ધન ધન૦ ૧૩

નિશદિન એવી રે ભાવના ભાવતાં, સરે નિજ આતમ કાજ;
મુનિ વિજયબુદ્ધ બોલે પ્રેમશું, ભાવના ભવોદધિ જહાજ.
ધન ધન૦ ૧૪

# ૭. આલોચના અનુમોદન સજ્ઝાય

## દોહા

શ્રી જિનવયણ આરાધતાં, ફળ પામે પરતક્ષ;
દુઃખ ન દેખે પરભવે, દાખે સદ્ગુરુ દક્ષ. ૧
સાચ સંબલ વિણ સંગ્રહ્યા, હિંડે પામવા પાર;
ગણિયે તે અવની મહીં, મૂર્ખ તણો શિરદાર. ૨
તે માટે ચેતન! તુમે, સમજી બોલો સાચ;
દૂષણ લાગ્યાં દાખિયે, સદ્ગુરુ સમક્ષ સુવાચ. ૩

## ઢાળ પહેલી

(સોના રૂપા કે સોગઠે)

કહે જીવન સુણજો સહુ, ઉપયોગને આણી;
દૂષણ દ્રવ્યથી દાખવું, પ્રીછો તે ભવ્ય પ્રાણી!
કહે૦ ૧
સૂક્ષ્મ બાદર પાંચના, થિર જીવ જે ભણિયા;
તિમ જાણો ત્રસકાયના, લેખે અલ્પ તે ગણિયા.
કહે૦ ૨
તે મુજ મિચ્છામિ દુક્કડં, હોજો ત્રિકરણ શુદ્ધિ;
સંત-વયણ સહુ સાંભળો, ધરી સાચી સુબુદ્ધિ.
તે મુજ૦ ૩
મતિ અજ્ઞાણ પ્રમાદથી, કીધા બહુ ઉતપાત;
એકેન્દ્રિયાદિક જીવના, હોંશે કીધા મેં ઘાત.
તે મુજ૦ ૪

જલ જલણાદિકથી બહુ, પરપ્રાણીને હણિયા;
બિ, તિ, ચઉરિંદ્રિય જીવને, દુહવી ન ગણિયા.
તે મુજ૦ ૫

છેદ્યા ભેદ્યા નિર્દંળ્યા, મન, વચ, કાય સંજોગે;
જીવ સંમૂચ્છિર્મ જાતિને, માર્યા અણુઉપયોગે.
તે મુજ૦ ૬

આશ્રિત નિજ પર જીવની, કરુણા કાંઈ ન આણી;
જંગમ, થાવર જંતુને, જે મેં હણિયા જાણી.
તે મુજ૦ ૭

બાલ અવસ્થામાં એહવી, ક્રીડા કારમી કીધી;
મતિ અજ્ઞાન પ્રભાવથી, સૂધી દૃષ્ટિ ન લીધી.
તે મુજ૦ ૮

યૌવન અવસ્થામાં જીવડે, કીધાં કર્મ જે કાળાં;
રાગ અને વળી દ્વેષથી, ચિંત્યા ચિત્તથી વ્હાલાં.
તે મુજ૦ ૯

પંચાચાર ન પાળિયા, મદ મત્સર વહેતાં;
ધારી મેં વિપરીત ધારણા, ચિત્ત નવ મળે કહેતાં.
તે મુજ. ૧૦

ગમનાગમનથી મેં કિયા, મન માન્યા જે પંથ;
સુરતિ ન રહી સાચની, પર સંગે નિર્ગ્રન્થ.
તે મુજ૦ ૧૧

વર્તતાં સદ્ગુરુ સાન્નિધે, લોભારથ લાગો;
કારણ છળ, બળ, કળ તણો, મેલ ન થયો આઘો.
તે મુજ૦ ૧૨

કારમી ઋદ્ધિને કારણે, મન રાખ્યો મેં મેલો;
મંત્ર, તંત્ર ને જંત્રમાં, વંચક થયો વ્હેલો.
તે મુજ૦ ૧૩

ભોગોપભોગના યોગથી, ભીંજી કાળજ કોર;
મૂળ અને ઉત્તર ગુણે, લાગ્યા દોષ અઘોર.
તે મુજ૦ ૧૪

કરનાડી કળિયા વિના, કહી કથની મેં કૂડી;
નર–નારી બહુ છેતર્યાં, ન રહી મતિ રુડી.
તે મુજ૦ ૧૫

ભોળપણે ભૈષજ તણી, દ્રવ્ય કારણ કીધી;
જોષ જોયા વિણ શાસ્ત્રથી, દૃષ્ટિ અવળી જ દીધી.
તે મુજ૦ ૧૬

સદ્‌ગુરુ શીખ તે અવગણી, જોબન મદમાતે;
નિજગુરુ વયણ ન પાળિયાં, સ્વેચ્છાચારી થાતે.
તે મુજ૦ ૧૭

સ્થાનક તેર ક્રિયા તણાં, દોષ લેખે ન ગણિયાં;
પંચાશ્રવના પાપથી, મિથ્યા વયણ જે ભણિયાં.
તે મુજ૦ ૧૮

કામ, સ્નેહ ને દૃષ્ટિના, રાગ ત્રણ જે રાખ્યા;
તાજા કરી ત્રેવીસને, ચાવા સ્વાદ મેં ચાખ્યા.
તે મુજ૦ ૧૯

અર્થ ને કુમતિ લાલચે, કીધા કલેશ ને કજિયા;
પરઘર પાડયા પાતળા, બહોળા અનરથ સજિયા.
તે મુજ૦ ૨૦

પરનારી નવિ પરિહરી, વિધવા, વેશ્યા ને બાલી;
પશુપણ્ડાદિક પામીને, ટેવે મૂકયાં ન ટાળી.
તે મુજ૦ ૨૧
વિષય વિડમ્બનથી વળી, પર્વતિથિ ન પાળી;
પરસ્ત્રીના પ્રસંગથી, કીધી અક્કલ મેં કાળી.
તે મુજ૦ ૨૨
સહવાસીથી નવિ ઓસર્યાં, કામચેષ્ટાથી પાછો;
લુબ્ધ થયો લખ લાલચે, મૂરખ મનમાછો.
તે મુજ૦ ૨૩
નારીઓ કુળ ઊંચ નીચની, મૈથુન ઉન્માદ;
કીધા લીધા કુલેશ્યથી, કૂડા કામણ સવાદ.
તે મુજ૦ ૨૪
લોભે ચિત્ત લગાવીને, કૂડાં કામણ કીધાં;
જન્મપત્રિકાદિક કરી, ધન ધૂતીને લીધાં.
તે મુજ૦ ૨૫
વ્યાજ ને સોદા વસ્તુના, ક્રય વિક્રય ધાન;
ક્રૂરતા માયા બહુ કરી, ન રહી નિર્મળ સાન.
તે મુજ૦ ૨૬
હાટ હવેલી આરામ મેં, કરતાં આરંભ કીધાં;
ત્રસ, થાવર હણિયા તહા, પાણી અણગળ પીધાં.
તે મુજ૦ ૨૭
રયણી–ભોજન મેં કરી, દૂષણ નવિ ગણિયાં,
લાલચ લોભ વશે કરી, સાચાં વયણ ન ભણિયાં.
તે મુજ૦ ૨૮

આ ભવ ને વળી પરભવે, અતિ નીચાં જે કામ;
કીધાં, કરાવ્યાં, અનુમોદિયાં, કહું કેતાનાં નામ.
તે મુજ૦ ૨૯

સ્થાનક પાપ અઢાર મેં, ભૂલી નિજ ભાન;
સેવ્યાં, સેવરાવ્યાં, અનુમોદિયાં, પન્નર કર્માદાન.
તે મુજ૦ ૩૦

કાળ અનાદિ અનંતથી, આજ દિન લગે પાપ;
કીધાં, કરાવ્યાં, અનુમોદિયાં, કૂડા થાપ ઉથાપ.
તે મુજ૦ ૩૧

આગમ વયણ ઉત્થાપિયાં, જિન આણ ન પાળી;
સદ્ગુરુ શીખ ન સાંભળી, ગુણી રીત ન ભાળી.
તે મુજ૦ ૩૨

સુર, નર, તિર્યંચને ભવે, બાંધ્યાં ફોગટ કર્મ;
નર, નારી વેદ નપુંસકે, માન્યા મિથ્યા ધર્મ.
તે મુજ૦ ૩૩

લક્ષ ચોરાશી યોનિશું, ગતિ ચારની માંહે;
ચૌદ રાજ ભમતાં થકાં, બાંધ્યાં વૈર ઉચ્છાહે.
તે મુજ૦ ૩૪

( દોહા )

સ્વવશ ને વળી પરવશે, દ્રવ્ય ભાવ સમેત;
કીધાં પાપ આલોચતાં, થાયે ઉજ્જવલ ચેત. ૧
હવે ઇહ ભવ પરભવ જે કિયાં, શ્રી જિન વયણ સંકેત;
સુકૃતની અનુમોદના, હોજો આતમ હેત. ૨

## ઢાળ બીજી

(સોના રૂપાકે સોગઠે)

પુણ્ય બળે લહ્યો ધર્મ મેં, જિન વીરનો ચોંપે;
સદ્ગુરુ શુદ્ધિ સંજોગથી, ગુણ પ્રગટ્યો મોંપે.
તે મુજ૦ ૧

તે મુજને અનુમોદના, હોજો ભવોભવ માંહી;
સંબલ સુકૃતનો સહી, આવે ઉદય જે આંહી.
તે મુજ૦ ૨

સમજ્યો કિંચિત્ શાસ્ત્રથી, દાનાદિક ધર્મની વાતું;
જાણ્યું એહી અવતારમાં, કૈંક નિજનું થાતું.
તે મુજ૦ ૩

ભાવે જિનવર પૂજિયા, વ્રતભેદને જાણ્યા;
સદ્દહણા સાચી ધરી, આગમવયણ વખાણ્યાં.
તે મુજ૦ ૪

દેવ, ગુરુ, ધર્મ ઓળખી, જીવ જતના કીધી;
સમકિતની શુદ્ધ વાયણા, પૂરા પ્રેમથી લીધી.
તે મુજ૦ ૫

જ્ઞાન, ક્રિયા, ગુણ ધારણા, લેશમાત્ર જે આવી;
પુણ્ય પવિત્ર સુધર્મની, વળી વાત સોહાવી.
તે મુજ૦ ૬

પર પરિણતિના રંગની, વાત વિપરીત જાણી;
કરણ અપૂરવની ક્રિયા, આતમહિત આણી.
તે મુજ૦ ૭

જૈન મારગતા જે કરી, તપ ક્રિયાનુષ્ઠાન;
શુભ ધ્યાને શુભ લેશ્યથી, વાધ્યો આતમવાન.
તે મુજ૦ ૮

દ્રવ્ય ગુણ ભાવ દ્વારમાં, સમતા સુવિશેષે;
અંતરંગ થિતિ ઓળખી, મુજ પુણ્ય સુરેખે.
તે મુજ૦ ૯

મોહ મિથ્યાત્વને મૂકીને, જિનશાસન રાગે;
સમકિત નિર્મલ સેવતાં, કીધી ભલે ભાગે.
તે મુજ૦ ૧૦

સમતા, મૃદુતા, સરળતા, સંતોષ વિચારી;
આતમ વસ્તુ વિવેકથી, નિજ પરિણતિ ધારી.
તે મુજ૦ ૧૧

અરિહંત, સિદ્ધ, સુસાહુજી, દેવ, ગુરુ, આત્મસાખે;
એહ વિવિધ આલોચના, કીધી મન અભિલાષે.
તે મુજ૦ ૧૨

ભક્તિ ભલી દિલમાં ધરી, જે મેં જિનગુણ ગાયા;
તિમ વળી સાધુ તણા ગુણ, સગવીસ સુહાયા.
તે મુજ૦ ૧૩

આલોચના, અનુમોદના, કરતાં ખામી જે લાગી;
હાંસી ન કરશો માહરી, સુણતાં સન્ત સોભાગી!
તે મુજ૦ ૧૪

અંત સમય મુજ આવજો, ચાવાં શરણાં ચાર;
કહે જીવન કવિ જીવનો, હોજો હર્ષ અપાર.
તે મુજ૦ ૧૫

# ૮. શ્રી વીર ગણધર સજ્ઝાય

(ઋષભની શોભા રે શી કહું ?)

પહેલા ગોયમ ગણધરુ, **ઈન્દ્રભૂતિ**[૧] જસ નામ;
અગ્નિભૂતિ[૨] વખાણિયે, બીજા પ્રભુ ગુણધામ.
ગણધર શોભા હું શી કહું ? ૧

વાયુભૂતિ[૩] વઝીરજી, ગૌતમ ગોત્રી ભગવંત;
ચોથા **વ્યક્ત**[૪] સંભારિયે, કીધો ભવનો રે અંત.
ગણધર૦ ૨

સ્વામી **સુધર્મા**[૫] છે પાંચમા, **મંડિત**[૬] છઠ્ઠા ગણધાર;
શ્રી **મૌર્યપુત્ર**[૭] છે સાતમા, સહુ જગ જનના આધાર.
ગણધર૦ ૩

**અકમ્પિત**[૮] ગણી આઠમા, **અચલજી**[૯] નવમા રે જાણ;
**મેતારજ**[૧૦] જગપૂજ્ય એ, ગણપતિ દશમા વખાણ.
ગણધર૦ ૪

સ્વામી **પ્રભાસને**[૧૧] વંદીએ, એકાદશમા અવધાર;
ગણધર ગચ્છપતિ, ગણપતિ, તીરથના અવતાર.
દ્વાદશાંગી ધરનાર : સહુ મુનિના સરદાર :
પામ્યા ભવનો રે પાર : નામે જય જયકાર :
વન્દો વાર હજાર. ગણધર૦ ૫

આણ લહી પ્રભુ વીરની, સાથે નિજ પરિવાર;
ગુણશીલ ચૈત્ય પધારિયા, શ્રેણિક વંદન આય :
અમૃતવાણી સવાય : નિસુણી હરખ ન માય :
સુણતાં મન ડોલાય. ગણધર૦ ૬
કેવલજ્ઞાન લહી કરી, પહોંત્યા શિવપુર ઠાય;
**દીપવિજય** કવિરાયજી, ઈમ ગુણીજન ગુણ ગાય.
ગણધર૦ ૭

## ૯. યશોદા વિલાપ સજ્ઝાય

( સાહેબ ! બાહુ જિનેશ્વર ! વિનવું )

નણદલ ! સિદ્ધારથ સુત સુંદરુ, રૂપનિધિ બહુ ગુણવંત હો;
નણદલ ! ત્રિશલા કૂખે અવતર્યા, એ છે અમ તણા કંત હો. ૧
નણદલ ! થારો વીરો ચારિત્ર લિયે, તું કેમ લેવણ દેય હો;
નણદલ ! મારો મનાયો માને નહીં, કાંઇ ઉપાય કરેહ હો.
નણદલ ! થારો૦ ૨
નણદલ ! સુંદર ભોજન સહુ તજ્યાં, તજ્યાં શણગાર ને સ્નાન હો;
નણદલ ! બોલાવ્યા બોલે નહીં, રાત દિવસ રહે ધ્યાન હો.
નણદલ ! થારો૦ ૩
નણદલ ! કેઈ કેઈ વાનાં મેં કર્યાં, કેઇ કેઈ કર્યા રે ઉપાય હો;
નણદલ ! પણી નવિ ભીંજે ચિત્તશું, કોરડું મગ કહેવાય હો.
નણદલ ! થારો૦ ૪
નણદલ ! જાણ્યું હતું ખટ ખંડનું, પાળશે રાજ્ય ઉદાર હો;
નણદલ ! હય, ગય, રથ, પાયક ઘણાં હોશે વિવિધ પ્રકાર હો.
નણદલ ! થારો૦ ૫

નણદલ! છેલ છબીલા રાજવી, કરતાં એહની સેવ હો;
નણદલ! તે પણ સહુ સ્થાને ગયા, જાણી નીરાગી દેવ હો.
નણદલ! થારો૦ ૬

નણદલ! જન્મ થયો જબ એહનો, ચોસઠ ઈંદ્ર મિલેય હો;
નણદલ! મેરુ શિખર ન્હવરાવિયા, ભાવથી ભક્તિ કરેય હો.
નણદલ! થારો૦ ૭

નણદલ! બોલ્યું કેહનું નવિ ગમે, ચિત્તમાં કાંઈ ન સુહાય હો;
નણદલ! સવિ શણગાર અંગારડા, એ દુઃખ કોને કહેવાય હો.
નણદલ! થારો૦ ૮

નણદલ! રાણી યશોદા એમ કહે, સુદર્શનાને બોલ હો;
ભાભી! બ્હેને ભાઈ સમજાવિયા, પણ પ્રભુ વીર અડોલ હો.
નણદલ! થારો૦ ૯

ભવિયણ! ચોસઠ ઈંદ્ર તિહાં મળ્યા, સુર નર કોડાકોડ હો;
ભવિયણ! પાંચ મહાવ્રત ઊચર્યાં, બાહ્યાંતર ગ્રંથી છોડ હો.
ભવિયણ! વીર જિનેશ્વર જગ જયો. ૧૦

ભવિયણ! બાર વરસ બહુ તપ તપ્યા, પામ્યા કેવલજ્ઞાન હો;
ભવિયણ! કર્મ ખપાવી સિદ્ધિ વર્યા, પહોંત્યા શાશ્વત સ્થાન હો.
ભવિયણ! વીર૦ ૧૧

ભવિયણ! શ્રી મહાવીર જિણંદને, ગાતાં ઊપજે ઉલ્લાસ હો;
ભવિયણ! **હરખવિજય** કવિ રાયનો, **પ્રીતિવિજય** પ્રભુદાસ હો.
ભવિયણ! વીર૦ ૧

# ૧૦. પિસ્તાળીસ આગમ-નામની સજઝાય

(ચોપાઈ)

અંગ અગ્યાર ને બાર ઉવંગ, છ છેદ દશપયન્ના ચંગ;
નંદી ને અનુયોગદુવાર, મૂલ ચાર પણયાલ વિચાર. ૧

[૧]આચારાંગ પહેલું મન ધરો, શ્રી [૨]સૂયગડાંગ બીજું આદરો;
સમરું ત્રીજું શ્રી [૩]ઠાણાંગ, ચોથું સુંદર [૪]સમવાયાંગ. ૨

પંચમ [૫]ભગવઈ કહે જગદીશ, પ્રશ્ન ઉત્તર જિહાં સહસ છત્રીસ;
[૬]જ્ઞાતાધર્મકથા અભિધાન, છટ્ઠું અંગ છે અર્થનિધાન. ૩

સાતમું અંગ [૭]ઉપાસકદશા, આઠમું સમરો [૮]અંતગડદશા;
[૯]અનુત્તરોવવાઈ શુભ નામ, નવમું અંગ સયલ સુખધામ. ૪

દશમું [૧૦]પ્રશ્નવ્યાકરણ હું નમું, [૧૧]વિપાકસૂત્ર તે અગીઆરમું;
તેહની જે સાંપ્રત વાંચના, તેહ પ્રમાણ કીજે એકમના. ૫

[૧]ઉવવાઈ, [૨]રાયપસેણી સાર, [૩]જીવાભિગમ, [૪]પન્નવણા ઉદાર;
[૫]જંબૂદીવપન્નત્તિ ઉવંગ, [૬]ચંદ, [૭]સૂરપન્નત્તિ ચંગ. ૬

[૮]નિરયાવલી અને [૯]પુપ્ફિયા, [૧૦]કપ્પવડિંસગ ગુણગુંફિઆ;
[૧૧]પુપ્ફવડિંસગ, [૧૨]વહ્નિદશા, ધ્યાઓ બાર એ મન ઉલ્લસ્યા. ૭

[૧]બૃહત્કલ્પ, [૨]વ્યવહાર, [૩]નિશીથ, [૪]પંચકલ્પ ને [૫]મહાનિશીથ;
વળી [૬]જીતકલ્પ મન આણિયે, છેદ ગ્રંથ એ ષટ જાણિયે. ૮

[૧] ચઉશરણ, [૨] આઉરપચ્ચક્ખાણ, [૩] ભત્તપરિન્ના, [૪] મહાપચ્ચક્ખાણ;
[૫] તંદુલવિયાલિય ગુણગેહ, [૬] ચંદાવિજ્જય અરથ અછેહ. ૯
[૭] ગણિવિજ્જા ને [૮] મરણસમાધિ, [૯] દેવેંદ્રસ્તવ, ટાળે સવિ વ્યાધિ;
દશમું તે [૧૦] સંથારગપઈન્ન, જે માને તે ભવજલ તિન્ન. ૧૦
પેટી રતન તણી જે સૂત્ર, તે યંત્રિત છે અર્થ વિચિત્ર;
નંદી ને અનુયોગદુવાર, કૂંચી તસ ઉઘાડણહાર. ૧૧
[૧] દશવૈકાલિક [૨] નિજ્જુત્તી ઓઘ, [૩] આવશ્યક બહુ યુક્તિ અમોઘ;
[૪] ઉત્તરાધ્યયન મહા ગંભીર, મૂલ સૂત્ર એ ભવદવ નીર. ૧૨
આગમ પણયાલીસ તણાં, નામ કહ્યાં અતિ સોહામણાં;
જે એહની સદ્દહણા ધરે, વાચક જસ કહે તે શિવ વરે. ૧૩

## ૧૧. અધ્યાત્મ વલોણું સજ્ઝાય

(પીલૂ : મેરે જિણંદ કી ધૂપસેં પૂજા)

ઐસા વિલૌના વિલોઓ મેરે ભાઈ!
ગતિ, આગતિ, રતિ, અરતિ ન થાઈ. ઐસા૦ ૧
મુનિ ગુણ મટકી મન મંથાના,
ઉપશમ, ક્ષપક તે ત્રાકરી જાના. ઐસા૦ ૨
જ્ઞાન દહીંસે સહી કર જાણો,
આગમ અરથ નિર્મળ નીર આણો. ઐસા૦ ૩
અનુભવ ઉદ્યમ કરે હંસરાયા,
મુગતિ મનોરથ મક્ખન પાયા. ઐસા૦ ૪

ભગતિ ભાવ ભાંડા ઘર સાંઇ,
ચિત્ત ચૂલા તપ અગ્નિ તપાઈ. ઐસા૦ ૫
આત્મ વિચાર ઘૃત કર લીના,
કવલા કેવલ ભોજન કીના. ઐસા૦ ૬
નીર વિલોવત મક્ખન નાવે,
જનમ પદારથ વિરલા પાવે. ઐસા૦ ૭
સમજ સંવેગ સમાધિ આણી,
હિત ચિત્ત નિત્ય મીત! **સુમતિ** વખાણી. ઐસા૦ ૮

## ૧૨. શ્રી સંવચ્છરી ખામણાં

**[ ભાદરવા સુદ આઠમ ( દુબળી આઠમ ) ના વ્યાખ્યાન પછી શ્રાવકોએ બોલવા યોગ્ય ગીત. એક શ્રાવક બોલે અને બીજાઓ ઝીલે. ]**

( પ્રભાતી; આવી રૂડી ભગતિ મેં પહેલાં ન જાણી )

ખામણલાં ખામો રે ભવિકા! ખામણલાં ખામો;
બારે માસનાં પાપ નિવારણ, ખામણલાં ખામો.
ખામણલાં૦ ૧

અરિહંતજીને ખામણાં ખામો, ગુણને સંભારી;
બાર ને ચોત્રીશ પાંત્રીશ વંદો, જિનની બલિહારી.
ખામણલાં૦ ૨

સિદ્ધ પ્રભુને ખામણાં ખામો, આઠે ગુણ ભરિયા;
પંદર એકત્રીશ ચઉ ગુણ વંદો, ભવસાયર તરિયા.
ખામણલાં૦ ૫

પાંચમે પદ મુનિરાજને ખામો, સકલ કરમ વામો;
ચઉશરણ સૂત્રમાંહે વરણ્યાં, તેહને શિર નામો.
ખામણલાં૦ ૬

મૃગાવતી ને ચંદનબાળા, ખામણલાં ખામે;
મિચ્છામિ દુક્કડં દેતાં દેતાં, કેવલ દુગ પામે.
ખામણલાં૦ ૭

રાગ-દ્વેષને દૂર નિવારી, ઉદાયન ખામે;
ચંડ પ્રદ્યોતન નૃપની સાથે, વૈર સવિ વામે.
ખામણલાં૦ ૮

અઈમિત્તો મુનિ મિચ્છા દુક્કડં, દેતાં ગુણ પાયો;
કેવલજ્ઞાન ને કેવલદર્શન, સિદ્ધાંતે ગાયો.
ખામણલાં૦ ૯

શ્રાવક ગુણવંતાને ખામો, સમકિત ગુણ ભરિયા;
બારે વ્રત ને ચૌદ નિયમનાં, આભૂષણ ધરિયા.
ખામણલાં૦ ૧૦

શ્રાવિકા ગુણવંતીને ખામો, પતિવ્રતા વ્રત ધારે;
શીલ આભૂષણે દેહ શોભાવે, જિન ગુણ સંભારે.
ખામણલાં૦ ૧૧

માતપિતા બંધવ વળી સહુને, અંતર મદ ગાળી;
માંહોમાંહે ખામણાં ખામો, રાગ-દ્વેષ ટાળી.
ખામણલાં૦ ૧૨

કુંભાર ક્ષુલ્લક મિચ્છા દુક્કડં, ફલ તસ નવિ પાવે;
અંતર ભાવે ખામણાં કરતાં, પાપ સયલ જાવે.
ખામણલાં૦ ૧૩

મુખ મીઠાં ને અંતર ધીઠાં, ખામણલાં દેશે;
ઉચ્ચ ગતિને વારી નીચી, ગતિને તે લેશે.
ખામણલાં૦ ૧૪

અંતર ઉપશમ અમૃત સીંચી, ભવ ભય દિલ રાખી;
મિચ્છામિ દુક્કડં દેવે તેહની, શુદ્ધ ગતિ દાખી.
શુદ્ધ ગતિ દાખી રે તેહને, સીમંધર સાખી.
ખામણલાં૦ ૧૫

ઈમ સહુ સંઘને ખામણાં ખામે, આતમ ગુણકારી;
**દીપવિજય** કવિરાજ પનોતા, તેહની બલિહારી.
ખામણલાં૦ ૧૬

# વિભાગ દશમો : શ્રી ગણધર દેવવન્દન

## શ્રી સોહમકુલ કલ્પવૃક્ષ

અથવા

## શ્રી ગણધર, યુગપ્રધાન, આરાધન, દેવવન્દન

[ પાંચ જોડા ]

[ ગૂજરાતી મહિના પ્રમાણે ] કાર્તિક વદ બીજ, વૈશાખ સુદ અગિયારશ તથા ભાદરવા સુદ આઠમ, આ ત્રણ દિવસોએ આ દેવવન્દન કરવું જોઇએ.

### પ્રાથમિક વિધિ

(૧) પૂર્વ અથવા ઉત્તર દિશામાં પીઠસ્થાપન કરી, ચરમ તીર્થપતિ ભગવાન શ્રી મહાવીર પરમાત્માની પ્રતિમા વિધિપૂર્વક પધરાવવી. તથા

(૨) અગિયાર ગણધર ભગવંતોનો ચિત્રપટ પધરાવવો. એ ન હોય, તો શ્રી ગૌતમસ્વામી ભગવાન તથા સુધર્માસ્વામી ભગવાનનાં ચિત્રપટ પધરાવવાં. તથા-

(૩) શ્રી આચારાંગ સૂત્ર આદિ અગિયાર અંગસૂત્રોની પોથીઓ પધરાવવી. તથા-

(૪) એ પોથીઓની વચ્ચે શ્રી કલ્પવૃક્ષ સ્થાપવું. અને-

(૫) ભક્તિ પૂર્વક અખંડ દીપક, ધૂપ, અક્ષત, ફળ અને નૈવેદ્યનું સ્થાપન કરવું.

# દેવવન્દનનો વિધિ

## પ્રથમ જોડો

ઇરિયાવહી કરવી, પછી ખમાસમણ દઇને, હાથ જોડીને સામે બેસવું અને નીચેના દોહા બોલવા.

### દોહા

વર્ધમાન ગિરૂઓ વિભુ, શાસનનાયક ધીર;
ચરમ તીર્થપતિ ચરમ જિન, અરિઝીપક વડવીર. ૧
ભવદવવારણ નીર સમ, મોહરજહરણ સમીર;
માયાવિદારણ સીર સમ, મન્દર ગિરિ જ્યું ધીર. ૨
તેહના ગણપતિ ગણધરુ, ગોયમ, સોહમસ્વામ;
તેહના પાટ પટોધરુ, આચારજ ગુણધામ. ૩
દોય સહસ ચિલ્લોતરા, યુગપ્રધાન ભગવન્ત;
જેહના નામ થકી સવિ, ઈતિ, ઉપદ્રવ શમન્ત ૪
પંચાવન લખ કોડ વળી, પંચાવન સહસ કોડી;
પાંચ સો ક્રોડ પચાસ ક્રોડ, શુદ્ધ આચારજ જોડી. ૫
કલ્પવૃક્ષ સમ સોહમકુલ, દિયે ઇચ્છિત ફળ-પત્ર;
કલ્પવૃક્ષ તરુ ચિત્રકે, સન્મુખ ધરો વિચિત્ર. ૬
તે આગળ કિરિયા કરી, વન્દો દેવ રસાળ;
જોડ પાંચ વન્દન કરો, આણી ભાવ વિશાળ. ૭
ભાદરવા સુદિ અષ્ટમી, કાર્તિક વદની બીજ;
વૈશાખ સુદિ એકાદશી, વન્દો દેવ સુહેજ. ૮
એહથી કઠિન કરમ ટળે, ભવભવ પાતિક જાય;
સદ્દહણા સરધા થકી, સમકિત નિર્મળ થાય. ૯

**ખમાસમણ દઈ, "ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્! ચૈત્યવન્દન કરું?" "ઈચ્છં." કહી નીચેનું ચૈત્યવન્દન કહેવું.**

## ચૈત્યવન્દન

શાસનનાયક જગગુરુ, કલ્પવૃક્ષ થડ જાણો;
એકાદશ ગણધર પ્રભુ, શાખા મુખ્ય વખાણો. ૧

વૃક્ષ મધ્ય પટધર ગુરુ, તસ પરિકર લઘુ શાખા;
સૂરિ પ્રભાવક જે થયા, શુભ વચનામૃત ભાખ્યા. ૨

યુગપ્રધાન હોય સહસ ચાર, વૃક્ષ, ફૂલ ગુણવન્ત;
નરપદ, સુરપદ, મોક્ષપદ, ઇચ્છિત ફળ ઉલ્લસન્ત. ૩

યુગલ ક્ષેત્રમાં યુગલનાં, પૂરે ઈચ્છિત કલ્પ;
દશ જાતિનાં દશ તરુ, એ છે શાશ્વત કલ્પ. ૪

ઉત્તમ કુલ,[૧] નીરોગતા,[૨] રાજ,[૩] ઋદ્ધિ,[૪] પરિવાર;[૫]
આયુ,[૬] શ્રદ્ધા,[૭] દેવ–ગુરુ,[૮] સુરપદ[૯] શિવપદ[૧૦] સાર. ૫

એ દશ જાતિ ઈષ્ટ ફળ, પામે સમકિતવન્ત;
દુખ દોહગ સંકટ ટળે, લહીએ પદ ગુણવન્ત. ૬

પ્રત્યક્ષ આરે પાંચમે, મોટો એ આધાર;
વન્દન, સ્તવના નિત્ય કરો, પૂજો ભાવ ઉદાર. ૭

ઈમ સોહમકુલ–કલ્પતરુ, દીપવિજય કવિરાજ;
વીર જગતગુરુ રાજનું, વરતે છે સામ્રાજ્ય. ૮

**જંકિંચિ૦, નમુત્થુણં૦, અરિહંત ચેઇઆણં૦ તથા અન્નત્થ૦ બોલીને એક નવકારનો કાઉસ્સગ્ગ કરવો. પારીને નમોર્હત્૦ બોલીને નીચેની સ્તુતિ કહેવી.**

## પ્રથમ સ્તુતિ

( પ્રહ ઊઠી વન્દું )

પ્રભુ ભવ પચવીશમે, નન્દન મુનિમહારાજ,
તિહાં બહુ તપ કીધાં, કરવા આતમકાજ;
લાખ અગિયાર ઉપર, જાણો એંશી હજાર,
છસો પિસ્તાળીશ, માસક્ષમણ સુખકાર. ૧

**લોગસ્સ૦, સવ્વલોએ અરિહંત૦ તથા અન્નત્થ૦ બોલીને એક નવકારનો કાઉસ્સગ કરવો. પારીને નીચેની સ્તુતિ કહેવી.**

## દ્વિતીય સ્તુતિ

અરિહંત, સિદ્ધ, પવયણ, સૂરિ–થવિર, ઉવજ્ઝાય,
સાહુ, નાણ, દંસણ વળી, વિનય ચારિત્ર કહાય;
બંભવય, કિરિયાણં, તવ, ગોયમ ને જિણાણં,
ચરણ, નાણ, સુઅસ્સ, તિત્થ વીશ સ્થાનક ગુણખાણં. ૨

**પુક્ખવર૦, વંદણવત્તિઆએ૦ તથા અન્નત્થ૦ બોલીને એક નવકારનો કાઉસગ્ગ કરવો. પારીને નીચેની સ્તુતિ કહેવી.**

## તૃતીય સ્તુતિ

ઈમ શુભ પરિણામે, કીધાં તપ સુવિશાળ,
મુનિમારગ સાધન, સાધક, સિદ્ધ દયાળ;
સમકિત સમતાધર, ગુપ્તિધર ગુણવન્ત,
નન્દન ઋષિરાયા, પ્રણમું શ્રુતધર સન્ત. ૩

**સિદ્ધાણં બુદ્ધાણં૦, વેયાવચ્ચગરાણં૦ તથા અન્નત્થ૦ બોલીને એક નવકારનો કાઉસ્સગ્ગ કરવો. કાઉસ્સગ્ગ પારીને નમોર્હત્૦ બોલી નીચેની સ્તુતિ કહેવી.**

### ચતુર્થ સ્તુતિ

ધન્ય પોટ્ટિલાચારજ, સદ્ગુરુ ગુણભણ્ડાર,
ઈમ લાખ વરસ લગે, ચારિત્ર તપ સુવિચાર;
પાળીને પહોંત્યા, દશમા સ્વર્ગ મોઝાર,
કહે દીપવિજય કવિ, કરતા બહુ ઉપકાર. ૪

**ચૈત્યવન્દન મુદ્રાએ બેસીને નમુત્થુણં૦ તથા જાવંતિ ચેઈઆઇં૦ કહીને ખમાસમણ દેવું. પછી જાવંત કે વિ સાહૂ૦ તથા નમોર્હત્૦ કહીને નીચેનું સ્તવન ગાવું.**

### સ્તવન

[ નમો રે નમો શ્રી શેત્રુંજા ગિરિવર ]

દશમા સ્વર્ગથકી પ્રભુ ચવિયા, ત્રિશલાકૂખ રતન્ન રે;
ચૌદ સુપન દેખે પ્રભુજનની, મધ્યનિશા ધનધન્ન રે.
વન્દો હિતકર વીર પ્રભુને. ૧

૧ ૨ ૩ ૪ ૫
ગજ, વૃષભ, હરિ, લક્ષ્મીદેવી, પંચવરણ ફૂલમાળ રે;
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧
ચન્દ્ર, સૂરજ, ધ્વજ, કુમ્ભ, સરોવર, ક્ષીરસાગર સુરસાળ રે.
વન્દો હિતકર વીર પ્રભુને. ૨

૧૨ ૧૩ ૧૪
હરિઘર, રત્નરેલ, નિર્ધૂમ,–અગ્નિ, સિંચિત ઘૃતપૂર રે;
ચૌદ સુપન લહી ત્રિશલાદેવી, દાખે કન્ત હજૂર રે.
વન્દો હિતકર વીર પ્રભુને. ૩

સુપનપાઠક કહે બહોંતેર સપનાં, બેંતાળીસ ને ત્રીશ રે;
તેહમાં ચૌદ, તીર્થંકર જનની, દેખે વિશવાવીશ રે.
વન્દો હિતકર વીર પ્રભુને. ૪
તુમ કુલ તુમ સુત હોશે નિરુપમ, તીર્થંકર ભગવન્ત રે;
દીપવિજય કવિરાજ પ્રભુજી, જસ બલ વીર્ય અનન્ત રે.
વન્દો હિતકર વીર પ્રભુને. ૫

જય વીયરાય૦ સંપૂર્ણ કહીને નીચેનો દોહો બોલવો.

### દોહો

એહથી કઠિન કરમ ટળે, ભવભવ પાતિક જાય;
સદ્દહણા સરધા થકી, સમકિત નિર્મળ થાય.

## દ્વિતીય જોડો

ખમાસમણ દઈને "ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્! ચૈત્યવન્દન કરું?" "ઈચ્છં" કહી નીચેનું ચૈત્યવન્દન કહેવું.

### બીજા જોડાનું ચૈત્યવન્દન

કેવલકમલા દિનકરુ, શાસનપતિ પ્રભુ વીર;
એકવીશ સહુસ વરસ લગે, શાસન અવિચલ ધીર. ૧
ચૈત્ર સુદિ તેરશ નિશિ, જન્મ્યા જગ સુખકાર;
તીન લોક ઉદ્યોતકર, સકલ જીવ હિતકાર. ૨
તીન નરક લગે વેદના, દે છે પરમાધામી;
કર્યાં કર્મ સહુ અનુભવે, કોઈ નહીં વિશરામી. ૩
સર્વ નરકનાં નારકી, માંહોમાંહે લડે ધાય;
ભેદન, છેદન દુઃખ ઘણાં, દુષ્ટ કર્મ દુઃખદાય. ૪

વીજ ઝબૂકાની પરે, સાતે નરક મોઝાર;
તે સમયે ઉદ્યોતથી, સહુને હોય વિચાર. ૫
નરક જીવ સુખિયા થયા, અન્તર મુહૂરત એક;
દીપવિજય કવિ ઈમ કહે, વીરજન્મ સુવિવેક. ૬

**જંકિંચિ૦, નમુત્થુણં૦ કહીને 'પ્રથમ જોડામાં' બતાવેલા વિધિ પ્રમાણે કરતે કરતે નીચેની ચાર સ્તુતિઓ કહેવી.**

## બીજા જોડાનું સ્તુતિચતુષ્ક

(પુણ્ડરીકમણ્ડન પાય પ્રણમીજે)

છપ્પન દિશિકુમરીનાં આસન, કમ્પ્યાં તે સહુ આવે જી,
જોયણ એક અશુચિ ટાળીને, પ્રભુ ગુણ મંગળ ગાવેજી;
અધોવાસી ને ઊરધવાસી, આઠ આઠ જે દેવી જી,
આવી પ્રણમી નિજ નિજ કરણી–કીધી પ્રભુ પદ સેવી જી. ૧
તેરમે દ્વીપે પર્વત રુચકે, દેવી ચાલીશ જાણો જી,
આઠ આઠ એક એક દિશિની, બત્રીશ એમ પ્રમાણો જી;
ચાર વિદિશાની ચઉ દેવી, ચાર મધ્યે વસનારી જી,
ઈગ છપ્પન પરિવાર સંઘાતે, જિન ભક્તિ મનોહારી જી. ૨
ભૂમિશોધન, મેઘ ફૂલનો, વીંજણા, કળશા, નીર જી,
ચામરવીંઝણ, દર્પણધારણ, દીપકધારણ ધીર જી;
નાલચ્છેદ એ આપ આપણી, કરણી સૂત્ર વખાણી જી,
જન્મ સફલ કરવા બહુ ભકતે, આતમહિતકર જાણી જી. ૩
ઈમ બહુ ભકતે છપ્પન કુમરી, કીધી કરણી રંગે જી,
પ્રભુ ગુણ ગાવે નવ નવ તાને, નાટક ગીત ઉમંગે જી;
દીપવિજય કવિરાજ પ્રભુજી, જીવજો કોડી વરિસ જી,
ઈમ આશિષ દઈ નિજ નિજ સ્થાનક, પહોંચી સકલ જગીશજી. ૪

**ચૈત્યવન્દન મુદ્રાએ બેસીને નમુત્થુણં૦ તથા જાવંતિ ચેઈઆઈં૦ કહીને ખમાસમણ દેવું. પછી જાવંત કે વિ સાહૂ૦ તથા નમોઽર્હત્‌૦ કહીને નીચેનું સ્તવન ગાવું.**

## બીજા જોડાનું સ્તવન

( સંભવ જિનવર વિનતિ )

આસન કમ્પ્યાં ઈન્દ્રનાં, ચોસઠ સુરપતિ આવે રે;
પ્રભુ ગ્રહી બહુ ભક્તે કરી, મેરુ શિખર પર જાવે રે.
જયો જયો ચરમ તીરથપતિ. ૧

વીશ, બત્રીશ, દશ, દોય મળી, ચોસઠ ઈન્દ્ર કહાય રે;
સમકિતદૃષ્ટિ એ સુરપતિ, બોધિબીજ વિકસાય રે.
જયો જયો ચરમ તીરથપતિ. ૨

જન્મ મહોત્સવ ભાવશું, લાભ અનન્તો જાણી રે;
જીવાભિગમ અધિકાર એ, આદરે ઉત્તમ પ્રાણી રે.
જયો જયો ચરમ તીરથપતિ. ૩

ઇન્દ્રના એક ભવમાં હુએ, અસંખ્ય તીર્થંકર વૃન્દ રે;
અસંખ્ય તીર્થંકર દેવના, જન્મ મહોત્સવ કરે ઈન્દ રે.
જયો જયો ચરમ તીરથપતિ. ૪

નરપતિ જન્મ ઉત્સવ કરે, નિસુણી હર્ષ-વધાઈ રે;
વર્ધમાનકુમર ભલું, સ્થાપે નામ સવાઈ રે.
જયો જયો ચરમ તીરથપતિ. ૫

શ્રી મહાવીર જગતપતિ, ગણધર, મુનિ શિરતાજ રે;
ચરમ તીરથપતિ સાહિબા, દીપવિજય કવિરાજ રે.
જયો જયો ચરમ તીરથપતિ. ૬

જયવીયરાય૦ સમ્પૂર્ણ કહીને નીચેનો દોહો બોલવો.

## દોહો

એહથી કઠિન કરમ ટળે, ભવભવ પાતિક જાય;
સદ્દહણા સરધા થકી, સમકિત નિર્મળ થાય. ૧

## તૃતીય જોડો

ખમાસમણ દઇને, "ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! "ચૈત્યવન્દન કરું ?" ઇચ્છં." કહી નીચેનું ચૈત્યવન્દન કહેવું.

## ત્રીજા જોડાનું ચૈત્યવન્દન

ભોગકરમ ક્ષીણ જાણીને, દીક્ષાસમય પિછાણી;
લોકાન્તિક આવી કહે, જય જય જય જય વાણી. ૧

સ્વર્ગ પંચમ શુભઠાણમાં, ત્રસનાડીને અન્ત;
વસે તિહાં તે કારણે, લોકાન્તિક કહન્ત. ૨

એ ભવથી બીજે ભવે, પામે પદ નિર્વાણ;
તેહથી લોકાન્તિક કહે, ગુણ નિષ્પન્ન પ્રમાણ. ૩

લોકાન્તિક વાણી સુણી, વીર જગતગુરુ ધીર;
વરસે વર્ષીદાનને, સવા પહોર દિન તીર. ૪

સોનૈયો એંસી રતિ, માત પિતા નિજ નામ;
સિક્કા ત્રણે નામના, જાચો કંચન દામ. ૫

આઠ ક્રોડ ને આઠ લાખ, દેવે દાન પ્રભાત;
વરહ વરહ વાણી સદા, ગુપ્તશબ્દ સંભળાત. ૬

તીસ સોનૈયે એક શેર, બારસો, એક મણ જાણો;
નવ હજાર મણ એક દિન, સોનું દાન પ્રમાણો. ૭

ચાલીસ મણનાં માપનું, ગાડું એક ભરાય;
એવા બસો પચીશ માન, પ્રતિદિન દાન દેવાય. ૮
વરસ દિવસના સોનૈયા, ત્રણસો ક્રોડ અઠ્યાશી;
એંસી લાખ ઉપર, સંખ્યા એહ પ્રકાશી. ૯
ગણના એક દિવસ પરે, વરસ દિવસની લીજે;
ગણધર–વચન પ્રમાણથી, એ ઉપચાર કરીજે. ૧૦
ષટ અતિશય જે દાનના, તેથી દેવે દાન;
દોય હાથે દોય મૂઠડી, યાચક ભાગ્ય પ્રમાણ. ૧૧
દીપવિજય કવિરાજનો, વીર પ્રભુ દિયે દાન;
ભવ્ય જીવને યોગ્યતા, કારણ પરમ નિધાન. ૧૨

જંકિંચિ૦, નમુત્થુણં૦ કહીને 'પ્રથમ જોડામાં' બતાવેલા વિધિ પ્રમાણે નીચેની ચાર સ્તુતિ કહેવી.

## ત્રીજા જોડાનું સ્તુતિચતુષ્ક

(શ્રી શત્રુંજય તીરથ સાર)

ષટ અતિશય કહું વર્ષીદાન, સૌધર્મ ઇન્દ્ર સુગુણનિધાન,
અવસર પુણ્ય–પ્રધાન,
દોય હાથ પર બેસે સુજાણ, થાકે નહીં પ્રભુ દેતાં દાન,
અતિશય પહેલો જાણ;
બીજો ઇન્દ્ર જે કહિયે ઈશાન, છડીદાર થઈ રહે એકધ્યાન,
શાશ્વત એહ વિધાન,
ચોસઠ ઇન્દ્ર વર્જીને જાણ, લેતાં દેતાં સુર વારે તે ઠાણ,
અતિશય બીજો પ્રમાણ. ૧

ભવનપતિમાં વડા કહાવે, ચમર, બલીન્દ્ર નામ સુહાવે,
જિનપતિના ગુણ ગાવે,
પ્રભુજીની મૂઠી નિયમાવે, યાચક ભાગ્યથી અધિક જાવે,
ચમરેન્દ્ર હીન કરાવે;
ભાગ્યાધિકને ઓછાં થાવે, બલીન્દ્ર તેહુમાં અધિક બનાવે,
ભાગ્ય પ્રમાણે પાવે,
નિજ કરણી કરી આનન્દ પાવે, ત્રીજો અતિશય એહ જણાવે,
પ્રભુભક્તિ દિલ લાવે. ૨
ભવનપતિના નવ નિકાય, તેહના ઈન્દ્ર અઢાર કહાય,
સૂત્ર સિદ્ધાન્તે લખાય,
તે સહુ ઈન્દ્રના જીત ગણાય, દાનસમય લહી અવસર પાય,
કરણી આપ કરાય;
ભરતક્ષેત્રના નર સમુદાય, દાન લેવા જસ ઈચ્છા થાય,
તે લેવા મન ધાય,
તે સહુ માણુસને ઈહાં લાય, એ ચોથો અતિશય ગવાય,
દીપવિજય કવિરાય. ૩
વાણવ્યન્તર ને વ્યન્તર જેહ, સહુ મળી ઇન્દ્ર બત્રીશ ગુણગેહ,
સમકિતદષ્ટિ તેહ,
ભરતવાસી માનવને એહ, પાછા નિજ નિજ ધામ ધરેહ,
અતિશય પંચમ એહ;
જ્યોતિષી ઈન્દ્ર કરણી એહ, વિદ્યાધરને જાણ કરેહ,
છઠ્ઠો અતિશય તેહ,
દીપવિજય કવિરાજ સનેહ, એ ષટ અતિશય વરસે સદેહ,
વીર જગતગુરુ મેહ. ૪

ચૈત્યવન્દન મુદ્રાએ બેસીને નમુત્થુણં૦ તથા જાવંતિ ચેઇઆઇં૦ કહીને ખમાસમણ દેવું, પછી જાવંત કેવિ સાહૂ તથા નમોર્હત્૦ કહીને નીચેનું સ્તવન ગાવું.

## ત્રીજા જોડાનું સ્તવન

ચાલોને ચેતનજી! પ્યારાં, વીરવન્દન જઇએ;
વીરવન્દન જઈએ રે વહાલા! વીરવન્દન જઇએ.
બાર વરસ દુષ્કર તપ તપિયા, સકલ કર્મ વારી;
વૈશાખ સુદ દશમી શુભ દહાડે, આપ દશા ભાળી.
ચાલોને ચેતનજી!૦ ૧

કેવલજ્ઞાન ને કેવલદર્શન, તેરમે ગુણઠાણે;
[1]ગુણ અનન્તા પ્રગટયા પ્રભુને, ભૂત, ભવિષ્ય જાણે.
ચાલોને ચેતનજી!૦ ૨

જંભિયગામથી બાર જોયણપર, ગણધરનો ઠામ;
રાતોરાત પ્રભુજી પધાર્યા, મહસેન વન નામ.
ચાલોને ચેતનજી!૦ ૩

માધવ સિત એકાદશી દિવસે, સુરપતિ અતિ હરસે;
સમવસરણની રચના કીધી, પ્રભુ અમૃત વરસે.
ચાલોને ચેતનજી!૦ ૪

આઠ દેવ ને ચાર માનવની, પરષદ એ બારે;
નિજ નિજ ભાષાએ સહુ સમજે, પ્રભુગુણ દિલ ધારે.
ચાલોને ચેતનજી!૦ ૫

---

૧ 'સાદિ અનન્તે પ્રગટયા પ્રભુને' તથા 'ક્ષાયિકભાવે પ્રગટયા પ્રભુને' આ પ્રમાણે અન્ય પ્રતોમાં પાઠાંતર છે.

વૃક્ષ અશોકની છાયા ગહેરી, સિંહાસન રાજે;
દેવતણાં તિહાં વાજાં વાગે, ભામંડળ છાજે.
ચાલોને ચેતનજી ! ૦ ૬
શિરપર હાથ દિયે જબ પ્રભુજી, કરુણારસ ભાવે;
ગણધર પૂરવધર વર લબ્ધિ, પ્રગટે શુભ દાવે.
ચાલોને ચેતનજી ! ૦ ૭
અનન્ત ચોવીશી તીર્થંકર ગણધર, ક્ષત્રિય કુળ ધારી;
વીર જગતગુરુ બ્રાહ્મણ કુળથી, બ્રાહ્મણ ગણધારી.
ચાલોને ચેતનજી ! ૦ ૮
ત્રીશ વરસ લગે કેવળ પાળી, જગજન ઉદ્ધરિયા;
દીપવિજય કવિરાજ પ્રભુજી, અવિચલ પદ વરિયા.
ચાલોને ચેતનજી ! ૦ ૯

**જય વીયરાય૦ સમ્પૂર્ણ કહીને નીચેનો દોહો બોલવો.**

## દોહો

એહથી કઠિન કરમ ટળે, ભવભવ પાતિક જાય;
સદ્દહણા, સરધા થકી, સમકિત નિર્મળ થાય.

## ચતુર્થ જોડો

## ચોથા જોડાનું ચૈત્યવન્દન

વીર ચરમ પરમાતમા, દર્શન, જ્ઞાન, અનન્ત;
વીતરાગ ભાવે થયા, સમવસરણ વિલસન્ત. ૧
ઈન્દ્રભૂતિ આદિ સહુ, એકાદશ ગુણવન્ત;
એકેકો સન્દેહ તે, ટાળે શ્રી ભગવન્ત. ૨
દીક્ષા, શિક્ષા દેઈને, થાપ્યા ગણધર નાણી;
અન્તરમુહૂરતમાં રચી, દ્વાદશાંગી ગુણખાણી. ૩

કોડાકોડી વીશ વળી, ઉપર છયાશી કોડ;
અડસઠ લાખ, હજાર પાંચ, ષટશત ઉપર જોડ. ૪
એ પદ દ્વાદશાંગી તણાં, ગણધરલબ્ધિ જોગે;
અન્તરમુહૂરતમાં રચ્યાં, ક્ષય, ઉપશમ સંજોગે. ૫
ચાર હજાર ને ચારસો, સહુ ગણધર પરિવાર;
દીપવિજય કવિરાજ તે, વંદે વાર હજાર. ૬

**જંકિંચિ૦, નમુત્થુણં૦ કહીને 'પ્રથમ જોડામાં' બતાવેલા વિધિ પ્રમાણે નીચેની ચાર સ્તુતિ કહેવી.**

## ચોથા જોડાનું સ્તુતિચતુષ્ક

(શાન્તિ સુહંકર સાહિબો સંયમ અવધારે)

વીર વઝીર વખાણિયે, ગણધર અગિયાર,
ઈન્દ્રભૂતિ અગ્નિભૂતિ, વાયુભૂતિ વિચાર;
ગૌતમગોત્રી એ કહ્યા, ચોથા વ્યક્ત સ્વામી,
ભારદ્વાજગોત્રી કહ્યા, પ્રણમું શિર નામી. ૧

સ્વામી સુધર્મા જાણિયે, અગ્નિવેશ્યાયન નામે,
મંડિત વશિષ્ઠ ગોત્રના, પ્રભુપદ શિર નામે;
મૌર્યપુત્ર કાશ્યપ કહ્યા, અકમ્પિત ગણધારી,
ગૌતમગોત્રી શોભતા, જાઉં નિત્ય બલિહારી. ૨

અચલભ્રાતા ગણધર ગુરુ, હરિયાયન ગોત;
મેતારજ પ્રભાસજી, કૌડિન્ન્યકે હોત;
ગોત્ર કહ્યાં ગણધર તણાં, વર્ણવું પરિવાર,
પાંચના પાંચસો, પાંચસો, સૂત્રે અધિકાર. ૩

ઊંઠશત હોય ગણધરા, ચઉ ત્રણશત ધાર,
ચઉવિહ દેવ દેવી સદા, કરે ભક્તિ ઉદાર;
ગણધર પરિકર ગોત્ર એ, વર્ણવ્યાં કવિરાજે,
દ્વાંદશાંગી આપ આપણી, ગૂંથી ગચ્છ રાજે.

**ચૈત્યવન્દન મુદ્રાએ બેસીને નમુત્થુણં૦ તથા જાવંતિ ચેઇઆઇં૦ કહીને ખમાસમણ દેવું. પછી જાવંત કે વિ સાહૂ૦ તથા નમોર્હત૦ કહીને નીચેનું સ્તવન ગાવું.**

## ચોથા જોડાનું સ્તવન

( સુમતિનાથ ગુણશું મિલીજી )

વિચરંતા રાજગૃહી નગરી, પાઉધાર્યા જિન વીર;
ચૌદસહસ મુનિ, ગણધર, સઘળા, તપ, સંયમ વડધીર.
ગુણવન્તા વીરજી દે જગને ઉપદેશ. ૧

શ્રેણિક, ચેલ્લણા વન્દન આવે, નિસુણે પ્રભુમુખવાણી;
જોજનવાણી જે ગુણખાણી, સમકિત લાભ કમાણી.
ગુણવન્તા વીરજી૦ ૨

સાધુ, સાધવી પરિકર સઘળો, સંખ્યા સહસ પચાસ;
મનથિરતા ચઢતે ગુણઠાણે, સાધે અધિક ઉલ્લાસ.
ગુણવન્તા વીરજી૦ ૩

નવ ગણધર પ્રભુપદકજ પ્રણમી, સોહમસ્વામીને સાર;
નિજ પરિકર સઘળો સોંપીને, માસ સંલેખણ ધાર.
ગુણવન્તા વીરજી૦ ૪

સકલ કર્મક્ષય કરીને પહોંચ્યા, શિવપુર મન્દિર ઠામ;
અજરામર પદવીને પામ્યા, કીજે નિત્ય ગુણગ્રામ.
ગુણવન્તા વીરજી૦ ૫

વીર પ્રભુ નિર્વાણુ પછી જી, સોહમ, ગોયમ સ્વામી;
જમ્બૂ છેલ્લા કેવળી જી, થયા અવિચલપદ ધામી.
ગુણવન્તા વીરજી૦ ૬
તેહના પાટ પટોધરુ જી, આચારજ વડનૂર;
દીપવિજય કહે જેહ સોહાવે, જિનશાસનમાં સૂર.
ગુણવન્તા વીરજી૦ ૭

**જય વીયરાય૦ સમ્પૂર્ણ કહીને નીચેનો દોહો બોલવો.**

## દોહો

એહથી કઠિન કરમ ટળે, ભવભવ પાતિક જાય;
સદ્દહણા, સરધા થકી, સમકિત નિર્મળ થાય. ૧

# પાંચમો જોડો

## પાંચમા જોડાનું ચૈત્યવન્દન

સિદ્ધારથ–કુલ–દિનમણિ, વર્ધમાન વડવીર;
ત્રિશલાસુત સોહામણો, અનન્તગુણી, ગમ્ભીર. ૧
ભગવતીસૂત્રે ગણધરુ, પૂછે ગૌતમસ્વામી;
એ તુમ શાસન કિહાં લગે, વર્તશે જગવિશ્રામી! ૨
વીર કહે સુણ ગોયમા! એકવીશ વર્ષ હજાર;
ગજગતિની પરે ચાલશે, પંચમ કાળ મોઝાર. ૩
સંખ્યા દોય હજાર ચાર, હોશે યુગપ્રધાન;
તેવીશ ઉદયે વર્તશે, એકાવતારી માન. ૪
તેવીશ ઉદયના વર્ણવું, વીશ, તેવીશ, અઠ્ઠાણું;
અઠ્યોતેર પંચોતરા, નેવ્યાશી શત્ત જાણું. ૫

સત્યાશી આઠમે ઉદય, પંચાણું સત્યાશી;
છોંતેર અઠયોતેર વળી, ચોરાણું ગુણરાશિ. ૬
ચૌદમે એકસો આઠ છે, એકસો તીન મુણીંદ;
એકસો સાત છે સોળમે, એકસો ચાર ગણીંદ. ૭
એકસો પન્દર અઢારમે, એકસો તેત્રીશ સૂરિ;
વીશમે ઉદયે સો ભલા, આચારજ વડનૂર. ૮
એકવીશમે ઉદયે વળી, પંચાણું સૂરિરાજા;
નવ્વાણું બાવીસમે, ચાલીશ ચઢત દિવાજા. ૯
સહુ મળી હોય હજાર ચાર, યુગપ્રધાન જયવન્ત;
છેલ્લા દુપ્પસહસૂરિ, દશવૈકાલિકવન્ત. ૧૦
પંચાવન લખ કોડ વળી, પંચાવન સહસ કોડી;
પાંચસો કોડ, પચાસ કોડ, શુદ્ધ આચારજ જોડી. ૧૧
એ સવિ આચારજ કહ્યા, દીપવિજય કવિરાજ;
શુદ્ધ સમકિત ગુણ નિરમળા, સોહમકુલની લાજ. ૧૨

જંકિંચિ૦, નમુત્થુણં૦ કહીને પ્રથમ જોડામાં બતાવેલા વિધિ પ્રમાણે નીચેની ચાર સ્તુતિ કહેવી.

## પાંચમા જોડાનું સ્તુતિચતુષ્ક

( શંખેશ્વર પાસજી પૂજિયે )

શાસનપતિ વીર વખાણિયે, તસ પટ્ટધર સોહમ જાણિયે;
તસ પાટે જમ્બૂ કેવળી, પ્રભવસૂરિ વંદું વળી વળી. ૧
તસ પટ્ટધર શય્યંભવસૂરિ, શ્રુતકેવલી જિનશાસનધોરી;
દશવૈકાલિક ગૂંથ્યું હર્ષે, થયા વીરથી અઠ્ઠાણું વર્ષે. ૨

પટ્ટધર યશોભદ્રસૂરિ રાજે, તસ પાટે શ્રુતધર દો છાજે;
સંભૂતિવિજય, શ્રી ભદ્રબાહુ, તસ પટ્ટધર સ્થૂલિભદ્ર સાહૂ. ૩
આ સાતે ચૌદ–પૂર્વધરા, કરે સાન્નિધ્ય સમકિતી સુરવરા;
કહે દીપવિજય જગહિત ભણી, કીધી રચના સવિ સત્રતણી. ૪

**ચૈત્યવન્દન મુદ્રાએ બેસીને નમુત્થુણં૦ તથા જાવંતિ ચેઇઆઈં૦ કહીને ખમાસમણ દેવું. પછી જાવંત કે વિ સાહૂ૦ તથા નમોઽર્હત્૦ કહીને સ્તવન ગાવું.**

## પાંચમા જોડાનું સ્તવન

( પૂજો ગિરિરાજને એ )

સિદ્ધારથ–કુળચન્દ્રમા એ, શાસનભાસન ભાણ;
નમો જિનરાજને એ;
એ પરિકર સહુ તેહનો એ, રત્નકરણ્ડ સમાન;
નમો જિનરાજને એ. ૧

ગણધર ને પૂરવધરા એ, પ્રત્યેકબુદ્ધ મુનિરાજ; નમો૦
હસ્તદીક્ષિત જિનવરતણા એ, એ ચારે ગુણજહાજ; નમો૦ ૨
એહની જે રચના કરી એ, તે સહુ સૂત્ર કહાય; નમો૦
ચૌદ પૂર્વધર ગૂંથિયા એ, દશ પૂર્વધર રાય; નમો૦ ૩
ભદ્રબાહુ સ્વામી તણાએ, પાટ પટોધર શૂર; નમો૦
સૂત્રગૂંથન તેણે કિયા એ, શ્રી જિનશાસન નૂર; નમો૦ ૪
આર્ય મહાગિરિ વન્દિયે એ, આર્ય સુહસ્તિસૂરીંદ; નમો૦
પરિકર એહને ગૂંથિયા એ, આગમ રયણકરણ્ડ; નમો૦ ૫
ગણધર દ્વાદશાંગીમાંહી એ, છોંતેર સૂત્ર બનાય; નમો૦
વીરથી પાંચસો વરસમાં એ, સૂત્ર ચોરાશી લખાય; નમો૦ ૬

નંદીસૂત્રમાંહે કહ્યાં એ, સૂત્ર ચોરાશી નામ; નમો૦
એ શ્રુતની ભક્તિ કરો એ, શુભગતિનો વિશ્રામ; નમો૦ ૭
આજ પિસ્તાળીસ સૂત્ર છે એ, નિર્યુક્તિ ચૂર્ણી ભાષ્ય; નમો૦
ટીકા પંચાંગી ભલી એ, ઉત્તમ જ્ઞાનપ્રકાશ; નમો૦ ૮
વીર પટોધર વર્ણવ્યા એ, શ્રી સોહમકુલ ખાસ; નમો૦
દેવવન્દન વિધિશું કરો એ, જોડા પાંચ ઉલ્લાસ; નમો૦ ૯
ભાદરવા સુદ અષ્ટમી એ, કાર્તિક વદની બીજ; નમો૦
વૈશાખ સુદ એકાદશી એ, દેવવન્દન સુખ હેજ; નમો૦ ૧૦
વળી આઠમ, પાખી, દિને એ, પોસહ કરી બહુ પ્રેમ; નમો૦
સજ્ઝાય, ધ્યાન એકચિત્તથી એ, વન્દન કીજે એમ; નમો૦ ૧૧
દેવવન્દન કરતાં થકાં એ, ભવકોટિનાં કર્મ; નમો૦
દૂર ટળે, નિજ ગુણ વધે એ, એ જિનશાસન મર્મ; નમો૦ ૧૨
જમ્બૂસર સોહામણું એ, ભાવિક સંઘ કહાય; નમો૦
કપૂરચન્દ સુત દીપતો એ, કલ્યાણચન્દ સવાય; નમો૦ ૧૩
તસ આગ્રહથી એ કિયા એ, વન્દન જોડા પંચ; નમો૦
માંહોમાંહે કરો ખામણાં એ, કીજે લાભનો સંચ; નમો૦ ૧૪
સમ્વત અઢાર બ્યાસી સમે એ, દીપવિજય કવિરાજ; નમો૦
વીર જગતગુરુરાજનું એ, વરતે સબળ સામ્રાજ; નમો૦ ૧૫

જયવીયરાય૦ સમ્પૂર્ણ કહીને નીચેનો દોહો બોલવો.

## દોહો

એહથી કઠિન કરમ ટળે, ભવભવ પાતિક જાય;
સદ્દહણા, સરધા થકી, સમકિત નિર્મળ થાય. ૧

## કાઉસ્સગ્ગ–ખમાસમણ વિધિ

ખમાસમણ દઈને "ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્! શ્રી ગણધર, યુગપ્રધાનપદ આરાધનાર્થં કાઉસ્સગ્ગ કરું?" "ઈચ્છં, શ્રી ગણધર, યુગપ્રધાનપદ આરાધનાર્થં કરેમિ કાઉસ્સગ્ગં." કહીને, વંદણવત્તિયાએ૦ તથા અન્નત્થ૦ કહીને, અગિયાર લોગસ્સ–ચંદેસુ નિમ્મલયરા સુધી–નો કાઉસ્સગ્ગ કરવો.

તે પૂર્ણ કરીને લોગસ્સ૦ બોલીને નીચે બેસી, હાથ જોડીને અગિયાર નવકાર–નમસ્કાર મહામન્ત્ર ગણવા.

તે પછી નીચેના દોહા ક્રમશઃ બોલીને અગિયાર ખમાસમણ દેવાં.

### ખમાસમણના દોહા

ત્રિભુવન ઠકુરાઈ ધણી, સિદ્ધારથ–નૃપ–નંદ;
શાસનભાસન જગ જયો, શ્રી પ્રભુ વીર જિણંદ.
કઠિન કર્મગિરિ ભેદવા, કલ્પવૃક્ષ જગરાજ;
મનવાંછિત સઘળાં ફળે, સવિ તરુમાં શિરતાજ.

[ પ્રત્યેક દોહે આ દોહો બોલીને ખમાસમણ દેવું. ]

જીવતણો સન્દેહ છે, ઈન્દ્રભૂતિ અણગાર;
સંશય ટાળી થાપિયા, શ્રી ગૌતમ ગણધાર.
કઠિન કર્મગિરિ ભેદવા૦ ૧

અગ્નિભૂતિ ગણપતિ ગુરુ, માતા પૃથ્વી જાયો;
સંશય કર્મતણો તજી, વીર ચરણ ચિત્ત લાયો.
કઠિન કર્મગિરિ ભેદવા૦ ૨

ગણધર વાયુભૂતિને, સંશય જીવ શરીર;
વીર ચરણ સુપસાઉલે, પામ્યા ભવજલતીર.
કઠિન કર્મગિરિ ભેદવા૦ ૩

ચોથા વ્યક્તજી ચિત્તમાં, પંચભૂત સન્દેહ;
પરમાતમ પદવી લહી, પામ્યા શિવપદ એહ.
કઠિન કર્મગિરિ ભેદવા૦ ૪

પુરુષ મરીને નર હુએ, નારી મરી થાય નારી;
એહ સન્દેહ સુધર્મનો, ટાળ્યો જગઉપકારી.
કઠિન કર્મગિરિ ભેદવા૦ ૫

છઠ્ઠા મણ્ડિતપુત્રને, બન્ધ, મોક્ષ સન્દેહ;
ટળિયો વીરપ્રભુ થકી, ક્ષય, ઉપશમ લહે તેહ.
કઠિન કર્મગિરિ ભેદવા૦ ૬

દેવ નહીં સન્દેહ એ, મૌર્યપુત્ર દિલમાંહે;
દેખાડી પદ વેદનાં, ટાળ્યો શ્રી જગનાહે.
કઠિન કર્મગિરિ ભેદવા૦ ૭

અકમ્પિતજી આઠમા, નરક નહીં એમ જાણે;
વેદ અર્થ દાખી કરી, વીરપ્રભુજી વખાણે.
કઠિન કર્મગિરિ ભેદવા૦ ૮

અચલભ્રાત નવમા સહી, પુણ્ય, પાપ નહીં માને;
સંશય ટાળ્યા જગગુરુ, વેદ અર્થ કહી જ્ઞાને.
કઠિન કર્મગિરિ ભેદવા૦ ૯

સંશય છે પરલોકનો, મેતારજ મન રાખે;
પ્રભુજી વેદ અર્થ કહી, સમજાવ્યા સહુ સાખે.
કઠિન કર્મગિરિ ભેદવા૦ ૧૦

એકાદશમા શ્રી પ્રભાસ, મોક્ષ નહીં એમ ધારે;
દીપવિજય જિન વીરજી, સંશય તેહ નિવારે.
કઠિન કર્મગિરિ ભેદવા૦ ૧૧

અવિધિ આશાતના મિચ્છામિ દુક્કડં

# વિભાગ અગિયારમો : શ્રી અષ્ટપ્રકારી પૂજાનો રાસ

**શાસનનાયકશ્રીમહાવીર-વર્ધમાનસ્વામિને નમઃ ।**

## પૂ. ઉપાધ્યાયજી શ્રી ઉદયરત્નજી મહારાજ કૃત

# શ્રી અષ્ટપ્રકારી પૂજાનો રાસ

**રચનાસમય :**

**વૈક્રમીય સમ્વત્ ૧૭૫૫, પોષ વદિ ૧૦ રવિવાર,**

**રચનાસ્થલ : અણહિલ્લપુર પાટણ.**

### ઢાળ પહેલી

**દોહા**

અજર અમર અકલંક જે, અગમ્ય રૂપ અનંત;
અલખ અગોચર નિત્ય નમું, જે પરમ પ્રભુતાવંત. ૧
સુખ સંપત્તિ આવી મિલે, જગમાં જેહને નામે;
પ્રણમું તે પ્રભુ પાસને, કર જોડી શુભ કામે. ૨
કમલનયના, કમલાનના, કમલશી કોમલ કાય;
તનયા કમલભૂ તસ નમું, ચરણકમલ ચિત્ત લાય. ૩
અમર સરોવર જે વસે, તે છે વાહન જાસ;
સા સરસતી સુપસાય કરી, મુજ મુખ કરજો વાસ. ૪
ગુરુ દિણયર, ગુરુ દીવલો, દુઃખભંજણ ગુરુદેવ;
પશુ ટાળી પંડિત કરે, નમિયે તિણે નિત્યમેવ. ૫
જગ સઘળે જોતાં વળી, મુજ ગુરુ મહિમાવંત;
શ્રી હીરરત્નસૂરિ સેવતાં, ભાંજે ભવભય ભ્રાંત. ૬
જ્યોતિ રૂપ શ્રી પાસ જિન, સરસતી સદ્ગુરુ સાર;
તાસ પસાયે હું કહું, અર્ચાનો અધિકાર. ૭

અર્ચા અરિહંત દેવની, અષ્ટ પ્રકારી જેહ;
ભાવ ભેદ જુગતે કરી, વિધિશું વખાણું તેહ. ૮
પૂજા અષ્ટ પ્રકારની, વિવિધ વાત વિનોદ;
સુશ્રાવક તે સાંભળી, મનમાં લહેશે પ્રમોદ. ૯
ભક્તિભાવ વધશે વળી, સાંભળી કથાસંબંધ;
એક પૂજા ને શ્રવણરસ, સોનું અને સુગંધ. ૧૦
કવિ કેળવણી કેળવી, વાણી વિવિધ વિલાસ;
ભવિયણને હિતકારણે, રચશું પૂજારાસ. ૧૧

( સામેરી : દેશી રસિયાની )

લાખ જોયણનો હો જંબૂદ્વીપ છે, વર્તુલ ધારે રે જેહ વખાણ્યો;
દોય લખ જોયણ લવણ સમુદ્રશું, વલયાકારે રે વેષ્ટિત જાણ્યો. ૧
**ભાવ ધરીને હો ભવિયણ સાંભળો,** જિમ તુમે પામો રે પરમ જગીશ;
પ્રેમે પૂજાનાં ફળ સાંભળી, પ્રીછી પૂજો રે શ્રી જગદીશ. **ભાવ૦ ૨**
મેરુ પર્વત મધ્ય ભાગે સહી, છે જંબૂતરુ રે જેહને છેડે;
અવર અનંતા દ્વીપ સમુદ્ર છે, વલયને રૂપે રે વીંટ્યા કેડે. **ભાવ૦ ૩**
ભમરી દેતાં હો મેરુ પાખલી ભમે, દોય શશહર ને રે દોય ભાણુ;
સુંદર સકલ દ્વીપશિરોમણિ, મધ્ય મનોહર રે જગતી મંડાણ. **ભાવ૦ ૪**
તેહમાં મેરુ થકી દક્ષિણ દિશે, ભરત નામે રે ક્ષેત્ર વિરાજે;
બત્રીસ સહસ જનપદ જેહમાં, નિવસે વારુ રે ચઢત દિવાજે. **ભાવ૦ ૫**
એકત્રીસ સહસ હો નરસેં આગલા, સાઢી ચિહોંત્તેર રે ઉપર સહી;
પાપ ને પુણ્ય હો જિહાં પ્રીછે નહિ, અનાર્ય દેશની રે સંખ્યા કહી. **ભાવ૦ ૬**
સાડા પચવીસ દેશ સોહામણા, આર્ય ઉત્તમ રે જોયા જેહવા;
ત્રેસઠ શાલાકા પુરુષ જિહાં ઊપજે, તિમ વળી વિચરે રે જિહાં જિન દેવા.
**ભાવ૦ ૭**

સૂક્ષ્મ બાદર જીવને સદ્દહે, આશ્રવ રૂંધી રે કરે પચ્ચક્ખાણ;
અરિહંત દેવે હો આગમમાં ભાંખ્યો, આરજ દેશનાં રે એહ અહિઠાણ.
**ભાવ૦**

જંબૂદ્વીપના દક્ષિણુ ભરતમાં, નિવસે જનપદ રે માલવ વારુ;
જેણે દેશે હો એક લખ ઉપરે, બાણું સહસ રે ગામ દીદારુ. ભાવ૦ ૯

દુરિત દુકાલ હો જિહાં નવિ સંચરે, ધણુ કણુ કંચણુ રે ઋદ્ધે પૂરો;
જલ કલ્લોલે હો નદીયો શોભતી, એકે વાતે રે નહિય અધૂરો.
ભાવ૦ ૧૦

દેખી લીલા હો માલવ દેશની, અમર સરીખા રે પડે અચંભે;
પગે પગે પેખી હો વૃક્ષની આવલી, જિહાં પરદેશી રે પંથી થંભે.
ભાવ૦ ૧૧

બહુલી બારે માસે નીપજે, છત્રીસ અન્નની રે જાતિ છબીલી;
સુંદર શ્યામા શૃંગારે જિમ સોહે, તેહવી ધરતી રે તેહ રંગીલી.
ભાવ૦ ૧૨

મહિયલ જોતાં હો માલવ દેશની, અવરને ઉપમા રે દીધી ન જાયે;
દેવ અનેક હો જિમ જગ દેખતાં, તીર્થંકર તોલે રે કુણ કહેવાયે.
ભાવ૦ ૧૩

રત્નપુરી નામે હો માલવ દેશમાં, નગરી નિરુપમ રે ઋદ્ધે પૂરી;
અલકા લંકા હો ઇંદ્રપુરીથકી, સુંદર શોભા રે અધિક સનૂરી.
ભાવ૦ ૧૪

ગઢ ચોફેર હો ગોળ વિરાજતો, જડિત કોસીસાં રે જેહનાં ઝળકે;
પેસાર નીસાર અન્ય પામે નહિ, શત્રુ સાહમું રે જોઈ ન શકે.
ભાવ૦ ૧૫

મોટા મંદિર ગોખ મનોહરુ, અતિહી ઊંચી રે પોળ્યો પોઢી;
ઉત્તમ જાતિની જિહાં ઘણી અંગના, જગમાં ન મળે રે જેહની જોડી.
ભાવ૦ ૧૬

દાની, માની, ગુમાની, દોલતી, જ્ઞાની, ધ્યાની રે ધર્મના રાગી;
વર્ણ અઢારે હો વાસ વસે તિહાં, ઉત્તમસંગી રે લોક સોભાગી.
ભાવ૦ ૧૭

તપ, જપ, તીરથ, કુળરીતિ કરે, નિજ નિજ ગુરુની રે કરે તિહાં સેવા;
જિનનાં દેવળ, શિવનાં શોભતાં, અર્ચક અંગી રે રચે નિત્યમેવા.
ભાવ૦ ૧૮

વાપી, કૂપ, આરામ અતિ ઘણાં, ચિહું દિશિ સોહે રે ચહુટાં ચોરાશી;
કોટીધ્વજ જિહાં બહુલા લખેસરી, ભોગી કેઈ રે વિદ્યા વિલાસી.
ભાવ૦ ૧૯

વિનયી વિવેકી હો વિશ્વાસી વારુ, દેશી પરદેશી રે મોટા વ્યાપારી;
શહેરની શોભા હો છબિ કહું કેટલી, અમરની નગરી રે જે આગે હારી.
ભાવ૦ ૨૦

રાજ્ય કરે તિહાં રંગે રાજવી, વિજયચંદ્ર રે નામે વિરાજે;
રિપુમર્દન રાજન કુલકેસરી, [૧]ભડવાઈ જેહને રે અરિયણ ભાંજે;
ભાવ૦ ૨૧

અનંગરતિ રાણી કૂખે ઊપનો, મહીપતિ મોટો રે પરાક્રમે પૂરો;
તેજ પ્રતાપે હો તરણિ પરે તપે, સિંહ સમોવડ રે સાહસિક શૂરો.
ભાવ૦ ૨૨

તામસગુણી હો ખડ્ગ તણી ધારે, અરિયણ કેરાં રે મૂલ ઉત્થાપે,
પ્રજાને પાળે હો સોમ ગુણે સદા, દુખિયા લોકનાં રે જે દુઃખ કાપે.
ભાવ૦ ૨૩

રંભ સમોવડી છે પટ્ટરાગિણી, મદનસુંદરી રે ચતુરા સૂડી;
બીજી રાણી હો છે વળી તેહને, કમલા નામે રે રૂપે રૂડી.
ભાવ૦ ૨૪

उक्तं चः—

इन्द्रात्प्रभुत्वं ज्वलनात्प्रतापं,
क्रोधं यमाद्वैश्रमणाच्च वित्तं ।
सत्यस्थिती रामजनार्द्दनाभ्या-
मादाय राज्ञः क्रियते शरीरम् ॥ १ ॥

---

૧ શૂરવીરતા.

ગેલે ગજગતિ ચાલે ગોરડી, ચંદાવયણી રે દોય ચકોરી;
અહળવે આડી નજરે નિહાલતાં, સ્વામી કેરું રે ચિત્ત લે ચોરી.
ભાવ૦ ૨૫

પંચ વિષય સુખ પ્રિયશું વિલસતાં, ગર્ભવતી થઈ દોય સજોડી;
પ્રસવ્યા પુત્ર હો રૂપે પુરંદરુ, કંદર્પ કેરું રે માન જ મોડી.
ભાવ૦ ૨૬

ધવલ મંગલ હો ગાયે ગોરડી, ઓચ્છવ કીધો રે અતિ આણંદે;
કુરુચંદ્ર, હરિચંદ્ર દોય કુમર તણાં, નિરુપમ દીધાં રે નામ નરિંદે.
ભાવ૦ ૨૭

અનુક્રમે ભણિયા હો યૌવનભર થયા, નૃપ દોય સુતશું રે જોરે દિવાજે;
વિજયચંદ્ર વિવિધ સુખ ભોગવે, ચતુરંગ સેના રે સુભટ સુસાજે.
ભાવ૦ ૨૮

ગયવર ગાજે, હયવર હણહણે, પાયક પાલખી રે રથ દળ પૂરે;
વઝીર શેઠ સેનાપતિ વાગિયા, હાથ બે જોડી રે રહે હજૂરે.
ભાવ૦ ૨૯

**ઉદયરતન** કહે ઊલટ આણીને, શ્રોતા સુણજો રે સહુ ઊજમાળે;
દેશ નગર નૃપનંદન સેનાશું, વરણન કીધું રે પહેલી ઢાળે.
ભાવ૦ ૩૦

## ઢાળ બીજી

### દોહા

ઈશાન ખૂણે ઉદ્યાન છે, અંબશાલ અભિરામ;
નિરવદ્ય નગર નજીકતર, શોભિત સુંદર ઠામ. ૧

તિણે પુરે તિણ સમે તિહાં– અવસરે તિણે કાલ;
ગુણાકર નામા કેવલી, સમવસર્યા અંબશાલ. ૨

વનપાલક જઈ વિનવ્યો, વિજયચંદ્ર રાજેંદ્ર;
પ્રભુ ! પધાર્યા કેવલી, મોટા સાધુ મુનીંદ્ર. ૩

બહુ પરિવારે પરિવર્યો, અંબશાલ ઉદ્યાન;
આવીને તિહાં ઊતર્યો, નિર્મલ જ્ઞાનનિધાન. ૪
વનપાલકને વધામણી, અલવે આપે રાય;
સોવનરસના ધન બહુ, અને પંચાંગ પસાય. ૫
આગમન સુણી અણગારનું, મુદિત થયું નૃપ મન્ન;
વેગે આવે વંદવા, રંગેશું રાજન્ન. ૬
વારુ ઋદ્ધિ વિસ્તારીને, ઊલટ આણી અંગ;
સપરિવારે પરિવર્યો, સેના લેઈ ચતુરંગ. ૭

( મોહનિયાની દેશી )

ધન્ય વેળા ધન્ય એ ઘડી રે, આજ ફળી મન આશ,
રંગેશું વેગે આવે વાંદવાજી;
ધન્ય ધન્ય દિન આજનો રે, પ્રગટચો પુણ્યપ્રકાશ. રં૦ વે૦ ૧
ત્રણ પ્રદક્ષિણા દેઈને રે, વંદે વારોવાર; રં૦
નિરવદ્ય ભૂમિ નિહાળીને રે, બેઠા સહુ નરનાર. રં૦ વે૦ ૨
ઉપદેશે અણગારજી રે, આણી મન ઉપગાર,
રંગીલે રાખો આતમ રાશમાંજી.
બાજીગર બાજી જિસ્યો રે, એહ સંસાર અસાર. રં૦ રા૦ ૩
તરકસ તીર તણી પરે રે, નદી નાવનો યોગ; રં૦
પંખી પાદપ પંથી પરે રે, સગપણનો સંયોગ. રં૦ રા૦ ૪
નરક નિગોદમાંહી વસ્યો રે, કાળ અનંત અછેહ; રં૦
ચોરાશી લખ યોનિમાં રે, દુલ્લહો માનવભવ એહ. રં૦ રા૦ ૫
વક્ર એ વશ આવે નહિ રે, દુર્જય દુઃખે દમાય; રં૦
કર્મદાન કઠોર છે રે, જિન વિણુ જીત્યો ન જાય. રં૦ રા૦ ૬
પંચેંદ્રિયના પાશમાં રે, પડિયા પાછું ન જુએ; રં૦
અજ્ઞાને એહ આવર્યો રે, જઈ ઝંપાવે કૂએ. રં૦ રા૦ ૭
મોહની મદિરાએ કરી રે, ગહેર્યો ન ગણે અન્યાય; રં૦
ઘટતાઘટતું જાણે નહિ રે, ન લહે ધર્મ ઉપાય. રં૦ રા૦ ૮

મગન થયો મૂકે નહિ રે, શત્રુ કષાયનો સંગ; રં૦
લાલચી વિષયનો લોભિયો રે, માંડે નવ નવ ઢંગ. રં૦ રા૦ ૯
વિગતે ન જાણે વાઉલો રે, ન લહે ધર્માધર્મ; રં૦
ઉત્તમ પંથ ન ઓળખે રે, કડુયાં બાંધે કર્મ. રં૦ રા૦ ૧૦
કર્મનો સંગી અસંવરી રે, ઉન્મત્ત તેહ અતીવ; રં૦
ભવ ભોગી દુઃખ ભોગવે રે, રાગે વાહ્યો કરે રીવ. રં૦ રા૦ ૧૧
પર પોતાનું પ્રીછે નહિ રે, ન લહે અભ્યંતર નીતિ; રં૦
બાહ્ય પદારથ ઉપરે રે, પરિગલ માંડે પ્રીતિ. રં૦ રા૦ ૧૨
નાચે નવ નવ છંદશું રે, અણસમજ્યો કરે શોર; રં૦
ચૌદ રાજના ચોકમાં રે, ઘૂમણી દિયે ઘણજોર. રં૦ રા૦ ૧૩
ચિહું ગતિમાં ફેરા ફરે રે, અનેક ધરી અવતાર; રં૦
કર્મ તણે જોરે કરી રે, આપદ દેખે અપાર. રં૦ રા૦ ૧૪
હવે માનવભવ પામીને રે, અવસર લહી અતિસાર; રં૦
એહવો અસંવરી આતમા રે, વશ્શ કરો કર્મકાર. રં૦ રા૦ ૧૫
વશ કીજે સિંહ કેશરી રે, વાઘસ્યું લીજે બાથ; રં૦
મયગલ આણ મનાવિયે રે, હરિ પણ કીજે હાથ. રં૦ રા૦ ૧૬
વિષધર પણ વશ આણિયે રે, વૈરી પણ વશ થાય; રં૦
અરિ એ આપણો આતમા રે, વશ નવિ કીધો જાય. રં૦ રા૦ ૧૭
કરકંડુ આદિ કહ્યા રે, પ્રત્યેકબુદ્ધ અણગાર; રં૦
આતમ જીતી આપણો રે, પામ્યા તે ભવપાર. રં૦ રા૦ ૧૮
અનાથી અણગારજી રે, અતુલી બલ વડવીર; રં૦
જુગતે જીતી જીવને રે, સંયમ લીધ સુધીર. રં૦ રા૦ ૧૯
ઇમ અનેક થયા થશે રે, સુભટ શિરોમણિ શૂર; રં૦
અભ્યંતર અરિ જીતીને રે, કર્મ કર્યાં ચકચૂર. રં૦ રા૦ ૨૦
દીધી ધરમની દેશના રે, આતમહિત અધિકાર; રં૦
ઉપદેશ સુણી અણગારનો રે, બૂઝર્યાં બહુ નરનાર. રં૦ રા૦ ૨૧
**ઉદયરત્ન** કહે એ સહી રે, બોલી બીજી ઢાળ; રં૦
વિજયચંદ્ર મુનિ વયણથી રે, મન ભેદ્યો મહીપાળ. રં૦ રા૦ ૨૨

## ઢાળ ત્રીજી

### દોહા

યથાશક્તિ વ્રત ઉચ્ચરે, નરનારી ચિત્ત લાય;
લાહો લેઈ ધર્મનો, સહુ નિજ મંદિર જાય. ૧
રત્નપુરી અને કુસુમપુર, વિજયચંદ્ર ભૂપાલ;
કુરુચંદ્ર, હરિચંદ્રને, વહેંચી દિયા તિણે કાળ. ૨
ધણ, કણ, કંચન, ધણી ધરા, રાજઋદ્ધિ પરિવાર;
મનથી માયા મૂકીને, વોસિરાવે તિણે વાર. ૩
સકલ સામગ્રી સજી, લેવા વ્રત ઉલ્લાસ;
*વિજયચંદ્ર* વસુધાપતિ, પહોંત્યો કેવલી પાસ. ૪
પ્રથમ પાય પ્રણમી પછી, માંગે મહાવ્રત ભાર;
મુનિવર મન નિશ્ચલ લહી, ક્ષણ ન લગાડી વાર. ૫
પંચ મહાવ્રત પ્રેમશું, ઉચ્ચરાવે અણગાર;
વંદીને મંદિર વળ્યો, પુત્રાદિક પરિવાર. ૬
વિહાર ક્રમ કીધો વળી, તિહાં થયી તેણી વાર;
રાજઋષિ રૂડી પરે, શીખે સૂત્ર વિચાર. ૭

( લાવજો લાવજો રાજ, માહરી નથનું મોતી–એ **દેશી.** )

**ભોળા પ્રાણીડા ! વૈરીને વશ કરજે ;**
આરત રૌદ્ર ધ્યાન તજીને, ધરમનું ધ્યાન તું ધરજે. **ભો૦ ૧**
અનાદિ ભવમાંહી ભમતાં, દોહિલી વળી વળી દીક્ખ;
વિજયચંદ્ર મુનિવર વૈરાગી, આતમને દિયે શીક્ખ. **ભો૦ ૨**
પંચ મહાવ્રત સૂધાં પાળે, દૂષણ દૂરે ટાળે;
સદ્‌ગુરુ પાસે સંજમ લેઈ, આતમને અજવાળે. **ભો૦ ૩**
મોહ મહાભટ સુભટ શિરોમણિ, અને વળી મદ આઠ;
ધર્મ સંધાતે દ્વેષ ધરીને, વચમાં પાડે વાટ. **ભો૦ ૪**
આઠ કર્મમાંહી અધિકારી, મોહની કર્મ કહેવાય;
સાગરોપમ સિત્તેર કોડાકોડી, સ્થિતિ જેહની થિર થાય. **ભો૦ ૫**

સ્વર્ગ મૃત્યુ પાતાલે તે સઘળે, કેહની કેડ ન મૂકે;
મોહ તણી ભડવાઈ મનથી, ચારિત્રવંત ન ચૂકે. ભો૦ ૬
ક્રોધાદિક કષાય જે કડુઆ, અરિયણ આતમ કેરા;
પ્રત્યક્ષ તેહ તણે વશ પ્રાણી, ફિરે ચિહું ગતિના ફેરા. ભો૦ ૭
મિત્રપણે મિલે તે મનશું, પણ તે શત્રુ પ્રીછો;
તેહ તણી સંગતિ તુમે તજજો, ઉત્તમ ગતિ જો ઇચ્છો. ભો૦ ૮
પાંચ ચોર પેસારો કરીને, તે તાહરું ધન લૂંટે;
અંતરજામી! સુણ અલવેસર! ખરાબ થાઈશ ધન ખૂટે. ભો૦ ૯
તે માટે તું નીંદ ત્યજીને, જોને નજરે નિહાળી;
દુશ્મનને શિર દોટ દઈને, આપ હોજે ઉજમાળી. ભો૦ ૧૦
મન મહેતાશું મેળ કરીને, તું કાં રહે છે ભીનો;
બંદીખાને દેશે તુજને, કરશે ખરાબ ખજીનો. ભો૦ ૧૧
લેખું તું સંભાળી લેજે, વળી મ કરીશ વિશ્વાસ;
તે લંપટ લોચા વાળીને, પાડશે તુજને પાશ. ભો૦ ૧૨
ઘણું ઘણું શું કહિયે તુજને, તું છે જાણ સુજાણ;
જાગી જોને જ્ઞાનની દૃષ્ટે, જિમ પામે શિવઠાણ. ભો૦ ૧૩
ક્ષમા રૂપી તું ખડ્ગ લઇને, પહેરી શીલ સન્નાહ;
સંયમ સત્તર ભેદે લહીને, વઢ વેરીશું ઉચ્છાહ. ભો૦ ૧૪
અરિયણ કેરું મૂલ ઉત્થાપી, કર પોતાનું કામ;
આઠે કરમનો અંત કરીને, પામીશ પંચમ ઠામ. ભો૦ ૧૫
ઇમિ આતમ આણી સમતા રસે, વિજયચંદ્ર મુણીંદ;
પંચ મહાવ્રત પાળે પ્રેમે, ટાળે દુરગતિ દંદ. ભો૦ ૧૬
સૂઝતો આહાર લિયે સંવેગી, નિરદૂષણ નિરધાર;
સાધુ તણે સહીનાણે પૂરો, ઓછો નહિ આચાર. ભો૦ ૧૭
શુદ્ધ ભાવે સંયમ પાળંતાં, બાર વરસને અંતે;
કરમ ખપાવી કેવલ પામ્યા, ભાંગી ભવની ભ્રાંતિ. ભો૦ ૧૮

ઓચ્છવ કરવાને તિહાં આવે, વાણુવંતર વળી દેવા;
કનક કમલ બેસાડી ભગતે, કર જોડી કરે સેવા. ભો૦ ૧૯
અનુક્રમે બહુ પરિકર લેઈને, વસુધાતલે વિચરંતા;
કુસુમપુરે પહોંત્યા કરુણાકર, કેવલી વિહાર કરંતા. ભો૦ ૨૦
વનપાળકનાં વયણ સુણીને, હરખ્યો રાય હરિચંદ;
એક પિતા ને કેવલનાણી, અધિક થયો આણંદ. ભો૦ ૨૧
વધામણી વનપાલક ભૂપતિ,–ને આપે ઊલટ આણી;
ત્રીજી ઢાળે ભવજળ તરવા, ઉદયરતન કહે વાણી. ભો૦ ૨૨

## ઢાળ ચોથી

### દોહા

પિતા તણો પરથમ થયો, વરસ બાર વિયોગ;
મન ચાહતું મિલવા ભણી, સોય મિલ્યો સંજોગ. ૧
અતિ હરખે નૃપ અલજ્યો, સાથે લેઈ પરિવાર;
વંદન આવ્યો વેગશું, ઋદ્ધિ તણો વિસ્તાર. ૨
સાધુ અને વળી કેવળી, ત્રીજો તાતનો નેહ;
વિધિશું વંદે લળી લળી, ત્રણ પ્રદક્ષિણા દેહ. ૩
સહુ નરનારી સાધુના, પ્રણમી ભાવે પાય;
બેઠાં બે કર જોડીને, નીરખી નિરવદ્ય ઠાય. ૪
એક મને આળસ ત્યજી, બેઠી પરષદ જ્યાંય;
ઉપદેશ દિયે તવ કેવળી, તિણે અવસર તિણ ઠાય. ૫

(સંભવ જિનવર વિનતિ–એ દેશી.)

ઇમ ઉપદેશે કેવળી, શ્રોતાજી સહુ સુણજો રે;
કિંપાકના ફળની પરે, સંસારી સુખ ગણજો રે. ઇમ૦ ૧
વિષ સમ વિષયને કારણે, કાં માનવભવ હારો રે;
વિષય થકી રહો વેગળા, તો નિજ આતમ તારો રે. ઇમ૦ ૨

સૂક્ષ્મ ને બાદર સહી, આતમ લે અવતારો રે;
નિગોદ અને નરકે વસ્યો, અનંત અનંતી વારો રે. ઇમ૦ ૩
જગમાંહી એક જીવડો, અવસર્પિણી કાલ અનંતો રે;
જનમ, મરણ દુઃખ ભોગવે, ભવ ચક્રવાલ ભમંતો રે. ઇમ૦ ૪
મનુષ્યના સાસોસાસમાં, નિગોદમાંહી નિરધારો રે;
વળીય મરી વળી અવતરે, સાડા સત્તર વારો રે. ઇમ૦ ૫
પૃથવી, પાણી, તેઉમાં, વાઉ વણસ્સઈમાં જાય રે;
કાળ અસંખ્યાતો રહે, એ પાંચ થાવર માંહ્ય રે. ઇમ૦ ૬
કિહાં થકી જીવ ઊપનો, એહ સંદેહ મન આણી રે;
જઈ પૂછે જિનરાજને, ભાવે કોઈ ભવિ પ્રાણી રે. ઇમ૦ ૭
નવ વરસના કેવળી, જુએ આદિ વિમાસી રે;
વરસ વહી જાયે વચે, પૂરવ લાખ ચોરાશી રે; ઇમ૦ ૮
સમય સમય પ્રત્યે સહી, ભવ અનંતા ભાળે રે;
તો પણ પાર પામે નહીં, અનંત ભવ અંતરાળે રે. ઇમ૦ ૯
જાતિ, યોનિ, કુલ ઠામમાં, વાર અનંતી વસિયો રે;
સૂઇ અગ્ર સમ ચૌદરાજમાં, ઠામ નથી અણફરસ્યો રે. ઇમ૦ ૧૦
સગપણની સંખ્યા નહીં, એકેંદ્રિયાદિકમાંહી રે;
સવિ સંસારી જીવશું, અનંત અનંતી ત્યાંહી રે. ઇમ૦ ૧૧
ઇમ પ્રાણી પામ્યો સહી, ઊંચ નીચ અવતાર રે;
પુણ્ય અને પાપે કરી, સુખ દુઃખ લહી સંસાર રે. ઇમ૦ ૧૨
માનવ ભવ મોંઘો વળી, દોહિલો દશ દૃષ્ટાંતે રે;
શ્રાવક કુલ સંસારમાં, પામે પ્રાણી કલ્પાંતે રે. ઇમ૦ ૧૩
પામીને પ્રીછી નહિ, જીવતણી તે જયણા રે;
દયા વિના વળી દોહિલી, સમકિતની સદ્દહણા રે. ઇમ૦ ૧૪
નિર્મળ મતિ નીરોગતા, સદ્ગુરુનો સંયોગો રે,
શ્રવણે સુણવો સિદ્ધાંતનો, દોહિલો એહવો યોગો રે. ઇમ૦ ૧૫

સૂત્ર સિદ્ધાંત તે સાંભળી, દોહિલો દિલમાં ધરવો રે;
સદ્દહણા સાચી ધરી, દોહિલો કાયાએ કરવો રે. ઇમ૦ ૧૬
સમકિત વ્રત સાચું ધરી, સદ્‌ગુરુની કરે સેવા રે;
ગુણ એકવીશ જેહમાં કહ્યા, શ્રમણોપાસક એહવા રે. ઇમ૦ ૧૭
કુગુરુ, કુદેવ, કુધર્મશું, મનમાં મોહ ન આણે રે;
મિથ્યામતિ દૂરે ત્યજી, જીવાદિ તત્ત્વને જાણે રે. ઇમ૦ ૧૮
વ્રત બારે વિગતે કરી, શુદ્ધ મને આરાધે રે;
ચૌદ નિયમ ચિત્તમાં ધરી, પાળે મનની સમાધે રે. ઇમ૦ ૧૯
શ્રમણોપાસકનો સહી, એહવો મારગ આખ્યો રે;
એહથી અધિકો તે વળી, ચારિત્રરસ જેણે ચાખ્યો રે. ઇમ૦ ૨૦
સર્વવિરતિ પહેલો કહ્યો, દેશવિરતિ ધર્મ બીજો રે;
એ બેહુની સમોવડે, ત્રિભુવનમાં નથી ત્રીજો રે. ઇમ૦ ૨૧
ધરમની દેશના ધારીને, અગડ નિયમ લિયે કોઈ રે;
વંદીને મંદિર વળ્યા, લાહો ધર્મનો લેઈ રે. ઇમ૦ ૨૨
ચોથી ઢાળે ચેતજો, **ઉદયરતન** ઇમ આખે રે;
હરિચંદ્ર રાજા હવે, બે કર જોડી ભાખે રે. ઇમ૦ ૨૩

## ઢાળ પાંચમી

### દોહા

બોલે બે કર જોડીને, સ્વામી કહું છું સત્ય;
વચન તુમે જે જે કહ્યાં, તે મેં કીધાં તહત્ત. ૧
શ્રાવકનો ધર્મ સોહિલો, પણ મુજ ન પળે સ્વામ !
સંયમ પણ લેતાં સહી, મુજ મન ન રહે ઠામ. ૨
તે માટે તેહવો કહો, ઉત્તમ કોઈ ઉપાય;
સોહિલો જે સાધી શકું, મન પણ રહે મુજ ઠાય. ૩
લાભ અધિક લહિયે જિણે, જેહવી માહરી શક્તિ;
અગડ, નિયમ વ્રત આદિકો, કે કોઈ દેવની ભક્તિ. ૪

(કુંથુ જિનેસર ! જાણજો રે લો-એ **દેશી.**)

વળતાં બોલે કેવળી રે લો, પરખી મન અભિપ્રાય રે, **રાજેસર;**
દેવ સકલમાં દીપતો રે લો, પૂજ્યે પાતક જાય રે, **રાજેસર.** ૧
**પૂજાથી ફળ પામિયે રે લો,** કામિયે જે મનમાંહી રે, **રાજેસર;**
અરિહંત દેવને અરચતાં રે લો, પાતિક દૂર પલાય રે, **રાજેસર. પૂ૦ ૨**
અષ્ટ કરમ અરિને હણી રે લો, પામ્યા કેવલનાણ રે; રા૦
દોષ અઢાર જેહમાં નહિ રે લો, અનંત ગુણોની ખાણ રે. રા૦ પૂ૦ ૩
ચોસઠ ઇંદ્ર ચરણે નમે રે લો, સેવે સુર નર નાર રે; રા૦
ત્રિભુવન તારણ તે સહી રે લો, જગગુરુ જગદાધાર રે. રા૦ પૂ૦ ૪
જાણે જે સહુ જીવના રે લો, મનતણા પરિણામ રે; રા૦
સર્વદર્શી ને શિવગતિ રે લો, સર્વજ્ઞ જેહનું નામ રે. રા૦ પૂ૦ ૫
સમજે કાળ સ્વરૂપને રે લો, ભૂત, ભવિષ્ય, વર્તમાન રે; રા૦
એહવા શ્રી અરિહંત જી રે લો, નિર્મળ જ્ઞાનનિધાન રે. રા૦ પૂ૦ ૬
સંદેહ હરી સહુ જીવના રે લો, જગજીવન જન ત્રાણ રે; રા૦
ઇમ અનેક થયા સહી રે લો, પામ્યા પંચમ ઠાણ રે. રા૦ પૂ૦ ૭
આગામિક કાળે થશે રે લો, અનંતા ગુણગણગેહ રે; રા૦
ઋષભાદિક વર્તમાનના રે લો, મુગતિગામી તેહ રે. રા૦ પૂ૦ ૮
પ્રતિમા તેહની પૂજતાં રે લો, લહિયે વંછિત લીલ રે; રા૦
મનોરથ મનના ફળે રે લો, પાવન થાયે દિલ રે. રા૦ પૂ૦ ૯
પૂજા છે પગથારીઓ રે લો, ઊર્ધ્વગતિનો એહ રે; રા૦
નીચ ગતિ નવિ સંચરે રે લો, જિનવર પૂજે જેહ રે. રા૦ પૂ૦ ૧૦
ઉત્તમ એ છે અર્ગલા રે લો, નરકતણી નિરધાર રે; રા૦
ત્રિવિધે પૂજે તે સહી રે લો, સુખ પામે સંસાર રે. રા૦ પૂ૦ ૧૧
ત્રિભુવન કંટકી પાતકી રે લો, રાવણ રાણો જેહ રે; રા૦
પૂજાથી પામ્યો સહી રે લો, તીર્થંકર પદ તેહ રે. રા૦ પૂ૦ ૧૨
**સત્તર** ભેદે શુભ ભાવશું રે લો, **રાયપસેણી**માંહી રે; રા૦
સૂર્યાભદેવે પૂજ્યા વળી રે લો, જુગતિ શું જિનરાય રે. રા૦ પૂ૦ ૧૩

પૂજ્યા શ્રી જિનરાજને રે લો, દ્રૌપદીએ મન રંગ રે; રા૦
સંદેહ હોય તો જો જો તુમે રે લો, **જ્ઞાતાધર્મકથાંગ રે. રા૦ પૂ૦ ૧૪**
પ્રાણી અનેક પૂજાથકી રે લો, પામ્યા શિવપુર વાસ રે, રા૦
તે માટે તુમે આદરો રે લો, અર્ચાનો અભ્યાસ રે. રા૦ પૂ૦ ૧૫

**उक्तं च—श्रीशत्रुञ्जयमाहात्म्य-पञ्चमपर्वे—**

**दुग्धघृतेन पयसा, सितया चंदनेन च ।**
**पञ्चामृतेन योऽर्हन्तं, स्नापयेत्सोऽमृताशनः ॥१॥**

**उक्तं च—अष्टप्रकारिपूजाचरित्र प्रथम शतके**

१ २ ३ ४ ५
**वरगंध, धूव, चोक्खक्खर्पाहि, कुसुमेहिं, पवरदीवेहिं ।**
६ ७ ८
**निवेज्ज, फल जलेहिं, जिणपूया अट्ठहा होई ॥४१॥**

પૂજા અષ્ટપ્રકારની રે લો, વારુ છે સુવિચિત્ર રે; રા૦
સુગંધ સુરભિ દ્રવ્યની રે લો, પહેલી પૂજા પવિત્ર રે. રા૦ પૂ૦ ૧૬
બીજીયે ધૂપ ઉખેવિયે રે લો, અક્ષત શાલિ અમૂલ રે; રા૦
ત્રીજી પૂજા તેહની રે લો, ચોથી ચઢાવિયે ફૂલ રે. રા૦ પૂ૦ ૧૭
દેહરે દીવો કીજિયે રે લો, પાંચમી પૂજા તેહ રે; રા૦
નિર્મળ પૂજા નૈવેદ્યની રે લો, છઠ્ઠી આપે ભવ છેહ રે. રા૦ પૂ૦ ૧૮
ફળદાયક ફળની કહી રે લો, સાતમી પૂજા શ્રીકાર રે; રા૦
ઉત્તમ જળની આઠમી રે લો, દોલત સુખ દાતાર રે. રા૦ પૂ૦ ૧૯
ઉપસર્ગ નવિ ઉપજે રે લો, વિઘન વેલી છેદાય રે; રા૦
મન પ્રસન્ન રહે સદા રે લો, જે પૂજે જિનરાય રે. રા૦ પૂ૦ ૨૦
નવે ગ્રહ વિહડે નહિ રે લો, ભય પામે ભંગાણ રે; રા૦
દુષ્ટ દેવ દૂપે નહિ રે લો, થાયે કોડી કલ્યાણ રે. રા૦ પૂ૦ ૨૧

**यतः उक्तं च—**

**आयुष्कं यदि सागरोपममितं, व्याधि-व्यथा-वर्जितं ।**
**पांडित्यं च समस्त-वस्तु-विषय-प्रावीण्य-लब्धास्पदं ॥**

**जिह्वा कोटिमिता च पाटवयुता, स्यान्मे धरित्रीतले ।**
**नो शक्तोऽस्मि तथाऽपि वर्णितुमलं तीर्थेश-पूजाफलम् ॥१॥**

સુર, અસુરપતિ સારીખા રે લો, મોટા યતિ મહાનુભાવ રે; રા૦
સમરથ નહિ કહેવા સહી રે લો, પૂજાનો પ્રભાવ રે. રા૦ પૂ૦ ૨૨
જિનનાં ભવન જે કરે રે લો, ભરાવે શ્રી જિનબિંબ રે; રા૦
જિનપૂજાથી પ્રાણી લહે રે લો, ઉત્તમ ફળ અવિલંબ રે. રા૦ પૂ૦ ૨૩
શ્રાવક સાચા તે કહ્યા રે લો, જેહને પૂજાશું પ્રીતિ રે; રા૦
દ્રવ્ય, ભાવે પૂજિયે રે લો, એહ જ ઉત્તમ રીતિ રે. રા૦ પૂ૦ ૨૪
હરિચંદ્ર નૃપને હવે રે લો, પૂજાશું થયો પ્રેમ રે; રા૦
પરગટ પાંચમી ઢાળમાં રે લો, ઉદયરતન કહે એમ રે. રા૦ પૂ૦ ૨૫

## ઢાળ છઠ્ઠી

### દોહા

ભૂપતિ વળતું ઇમ ભણે, ભાખો જિન જગભાણ;
પૂર્વે જિન પૂજ્યાથકી, કોણ પામ્યા કલ્યાણ. ૧
અષ્ટપ્રકારી ઉપરે, અષ્ટ અછે દષ્ટાંત;
કહે કરુણાનિધિ કેવળી, સાંભળ નૃપ ! થઇ શાંત. ૨
ગંધ પૂજાના ગેલશું, ગુણ સાંભળ રાજેંદ !
સુંદર રૂપ સુંદર તનુ, પામે પરમાણંદ. ૩
જિમ જયસૂર ને શુભમતિ, ગંધપૂજા પરમાણ;
ત્રીજે ભવ ભવજલ તરી, પામ્યા પદ નિરવાણ. ૪

**उक्तं च अष्टप्रकारिपूजाचरित्रे—**

**अंगं गंधं सुगंधं, वण्णं रूवं सुहं च सोहग्गं ।**
**पावेइ परमपयंपिहु, पुरिसो जिणगंधपूयाए ॥४२॥**
**जह जयसूरेणं जाया, सहिएणं तइय जम्मंमि ।**
**संपत्तं निव्वाणं, जिणंदवरगंधपूयाए ॥४३॥**

પહેલી પૂજા ઉપરે, સુણ તેહનો સંબંધ;
જુગતે જંપે કેવલી, સાંભળ નૃપ હરિચંદ ! ૫

( કેદાર: ગોડી: નમો રે નમો શ્રી શત્રુંજય ગિરિવર–એ **દેશી**. )

પચાસ જોયણુ વરતે પહોળો, વૈતાઢ્ય પર્વત વારુ રે;
તે ગિરિને શિર ગજપુર નયર છે, દક્ષિણ શ્રેણી દીદારુ રે. ૧
રાજ્ય કરે વિદ્યાધર રાજા, જાલિમ જયસૂર નામે રે;
પ્રબલ પ્રતાપી વિવિધ સુખ વિલસે, પૂરવ પુણ્ય પરિણામે રે. રા૦ ૨
તરુણી ત્રિજગમેં નહિ તેહવી, તસ પટરાણી તોલે રે;
રૂપ અનુપમ મોહનમૂરતિ, દેખી દિણયર ડોલે રે. રા૦ ૩
વિહંગમની પરે વિદ્યા તણે બળે, ગગનાંતર અવગાહે રે;
વળી મનમોદે બેસી વિમાને, જિહાં જાણે તિહાં જાયે રે. રા૦ ૪
શુભમતિ રાણી તે અતિ સુંદર, અવર ન ઓપમ આવે રે;
હાસિત લલિત લીલા ગતિ ગર્વિત, હંસ ગતિને હરાવે રે. રા૦ ૫
અભિનવ [1]એંન ઇંદ્રાણી જાણે, સુરપતિશું રિસાવી રે;
જયસૂર રાજા જોરાવર જોઈ, આશરે તેહને આવી રે. રા૦ ૬
પુણ્ય પ્રયોગે સુખ સંયોગે, ભરતારશું રહે ભીની રે;
પંચ વિષય વિલસે અતિ પ્રેમે, અહનિશ રહે ઘણું લીની રે. રા૦ ૭
સા સુંદર શય્યામાં પોઢી, એક દિન માઝિમ રાતે રે;
દિનકર મંડલ સપનમાં દેખી, હરખી મન સંઘાતે રે. રા૦ ૮
સુરલોકથી સુર કોઈ ચવી તવ, તેહની કૂખે અવતરિયો રે;
પૂરવ દિશિ જિમ દિનકર પ્રગટે, સીપે મોતી સંચરિયો રે. રા૦ ૯
પ્રીતમને પૂછે સા પ્રમદા, સુપન સુણી નૃપ સંતો રે;
કામિનીને કહે કુલમંડન, પુત્ર હોશે પુણ્યવંતો રે. રા૦ ૧૦
ઇમ સુણી સા આનંદ પામી, હરખે હિયડું હીસે રે;
ઉત્તમ દોહલા ઊપજે તે સવિ, પૂરે ભૂપ જગીશ રે. રા૦ ૧૧
ગર્ભતણે અનુભાવે તેહને, ઇચ્છા ઊપજી એહવી રે;
અષ્ટાપદ જઈ જિનવર અરચી, ગંધપૂજા મેં કરવી રે. રા૦ ૧૨

૧ મનોહર

રાજાને કહે મનને રંગે, ગિરિ અષ્ટાપદ ગેલે રે;
પૂજાને હેતે પ્રભુ જઈએ, એહું જણુ આપણુ બેલે રે. રા૦ ૧૩
રમણીને વશ છે રાજેસર, વળી નહિ વિખવાદ રે;
માંહોમાંહે છે ઘણી માયા, મોતી જિમ નર માદા રે. રા૦ ૧૪
ગોરીનું ગાયું તે ગાયે, કથન ન લોપે કિહારે રે;
વનિતા વચને બેસી વિમાને, પરિવર્યો બહુ પરિવારે રે. રા૦ ૧૫
અનુક્રમે અષ્ટાપદ ગિરિ ઉપરે, આવ્યા સહુ આણંદે રે;
ઋષભાદિક જિનવર મનરંગે, વિધિશું વળી વળી વંદે રે. રા૦ ૧૬
કેસર, સુખડ, કુસુમ મળીને, પૂજા સત્તર પ્રકારી રે;
આંગી રચી અરચા કરી ઉલ્લટે, ભાવે સહુ નરનારી રે. રા૦ ૧૭
ગંધપૂજા કીધી મન ગેલે, શુભમતિ રાણી રાગે રે;
પૂજી જિનવર પ્રણમી પ્રેમે, મુગતિતણાં સુખ માગે રે. રા૦ ૧૮
યાત્રા કરી જુહારી જિનવર, ભેટી વળ્યો ભૂપાલો રે;
**ઉદયરતન** કહે છઠ્ઠી ઢાળે, સુણજો વાત વિશાલો રે. રા૦ ૧૯

## ઢાળ સાતમી

### દોહા

નરનારી જિનને નમી, કરતા જિન ગુણગાન;
વિમાને બેસી ચાલે વળી, ધરી મન જિનનું ધ્યાન. ૧
વિમાન ચાલે વારુ પરે, આકાશે અભિરામ;
ગિરિકંદર વન ગહન ઘન, જોતાં નવ નવ ઠામ. ૨
નવ નવ જનપદ નીરખતાં, નદી નગર નગ શૃંગ;
જુએ જાલિમ કેસરી, વિવિધ વૃક્ષ ઉત્તંગ. ૩
ઇમ અનુક્રમે આવતાં, વારુ એક વનખંડ;
ફૂલ્યો સફળ સોહામણો, કુસુમ સુવાસ કરંડ. ૪
આવી તે ઉદ્યાનમાં, વેગે રાખી વિમાન;
નયણુ રસે નરનારી સવિ, અવલોકે તે થાન. ૫

( સારંગ: મલ્હાર: **દેશી** વીંછિયાની. )

વન અભિનવ નંદન વન સમો, જિહાં ઉત્તમ વૃક્ષ આલી રે;
જિહાં ફૂલ પ્રફુલ્લિત મહમહે, ફળભારે નમે તરુડાલી રે. ૧
**મન મોહિયો તે વન દેખીને**, નાનાવિધ વૃક્ષના વૃંદ રે;
સુરભિ અતિ સુંદર મનોહરુ, પવને પ્રસરે મકરંદ રે. મ૦ ૨
જિહાં સૂરનાં કિરણ ન સંચરે, વળી અજબ શોભા રમણી કરે;
સુર પ્રિય છબિ સોહામણી, સુંદર ઘણું સુશ્રીક રે. મ૦ ૩
લલિતા લતા તરુ લોલિશું, લપટાણી માંહોમાંહી રે;
મહિલા જિમ મનભર મોદથી, આલિંગન દિયે ઉચ્છાંહિ રે. મ૦ ૪
વસંત તિહાં વાસો વસ્યો, શીતલ વાયે સમીર રે;
નાનાં મોટાં તરુના તિહાં, જિહાં ગુચ્છ ઘણા ગંભીર રે. મ૦ ૫
તિહાં સજળ સરોવર સુંદરું, જાણે સુરસરની જોડી રે;
ઝીણે સ્વરે જિહાં રણઝણે, મધુકર માલતીને છોડી રે. મ૦ ૬
તે વન દીઠે દુઃખ વિસરે, જિહાં પંખીતણો નહિ પાર રે;
એહવી લીલા ઉદ્યાનની, નીરખે સહુ નરનાર રે. મ૦ ૭
રાજા રાણી મન મેળશું, નાનાવિધ વનના ખ્યાલ રે;
નીરખે નેહશું તે વળી, પ્રફુલ્લિત વેલિ ગુલ્લાલ રે. મ૦ ૮
તેણે અવસર આવ્યો તિહાં, દુરગંધ ઘણું દુરવાસ રે;
મુંહ મરડીને કહે માનિની, સ્વામી! સુણો અરદાસ રે. મ૦ ૯
એહવા સુરભિ વનખંડમાં, કિહાંથી આવ્યો દુરગંધ રે;
જુએ આસપાસે જિસ્યે, દીઠો તિહાં એક મુણીંદ રે.
**મન મોહિયો મુનિવર દેખીને.** ૧૦
કાયાની માયા મૂકીને, તનુ વોસિરાવી તેહ રે;
ઊભો છે ધ્યાનને અનુસરી, ચળાવ્યો ન ચળે જેહ રે. મ૦ ૧૧
મલમલિન ગાત્ર છે જેહનું, ન સમારે જે નખ કેશ રે;
જે શરીર શુશ્રૂષા નવિ કરે, માયા ન ધરે લવલેશ રે. મ૦ ૧૨
મેલું તન, મેલાં લૂગડાં, નિરમલ જેહનું છે મન્ન રે;
સ્નાન કરી કાયા ન સાચવે, વિષય તજી સેવે વન્ન રે. મ૦ ૧૩

લૂખો એક ધર્મનો લોભિયો, ઉગ્ર તપી અવધૂત રે;
લોહી ને માંસ ઘટી ગયાં, કરુણાવંત કડકડી ભૂત રે. મ૦ ૧૪
કાઉસ્સગ્ગ કરી કાયા કસે, ક્ષમાવંત ને તનુ ક્ષીણ રે;
માસોપવાસી મહાયતિ, કષાયે કરી જે હીણ રે. મ૦ ૧૫
આતમનો અરથ તે ઓળખી, પાળે છે સૂધો પંથ રે;
વ્યવહારથકી જે વેગળો, નિશ્ચય મારગી નિર્ગ્રંથ રે. મ૦ ૧૬
દરશન દીઠે દુરગતિ ટળે, સેવાથી લહિયે શિવવાસ રે;
એહવો [1]ઉત્તમ અણગાર તે, કૃતકર્મ તણો કરે નાશ રે. મ૦ ૧૭
ગગનમણિ કિરણથકી ગળે, માખણ પરે જેહનું શરીર રે;
ચિહું દિશે પરસેવો વળ્યો, જિમ નિઝરણે ઝરે નીર રે. મ૦ ૧૮
તન મલિન અને તાપે કરી, વાધ્યો તેણે દુરવાસ રે;
તો પણ મુનિવર છાયા તજી, આતપ લિયે ઉલ્લાસ રે. મ૦ ૧૯
રાજા રાણી તે સાધુના, પ્રેમેશું પ્રણમે પાય રે;
**ઉદયરત્ન** કહે સાંભળો, એ સાતમી ઢાળ ઉચ્છાંહિ રે. મ૦ ૨૦

## ઢાળ આઠમી

### દોહા

સુવિધે સંયમવંતના, પ્રણમી પદ અરવિંદ;
શુભમતિ કહે કંતને, મોટો એહ મુણીંદ. ૧
ધન્ય ધન્ય એહના ધર્મને, ધન્ય ધન્ય સાધુ સધીર;
ક્ષમાવંત મુનિવર ખરો, ગુણસાગર ગંભીર. ૨
પણ પ્રભુજી એ સાધુમાં, અવગુણ મોટો એક;
મહામલિન નહાયે નહિ, ગુણ તેણે ગળિયા છેક. ૩
ગુણ સઘળા જાયે ગળી, સ્નાન વિના સૂણો સ્વામ!
જો નહાયે પ્રાસુક જળે, તો ઓપે ગુણગ્રામ. ૪
રાજા કહે રાણી પ્રત્યે, ઉત્તમ એહ સુપાત્ર;
નાહ્યા વિણ નિર્મલ અછે, મુનિવર મેલે ગાત્ર. ૫

૧ ઉત્કૃષ્ટ; પાઠાન્તર

( પંથીડા સંદેશો પૂજ્યજીને વિનવે રે–**એ દેશી.** )

નૃપને વચને વાધ્યો નેહલો જી, મોટો મુનિવર એહ સંસાર રે;
શુભમતિ રાણી સાધુને ઓળખી જી, વળીવળી વાંદે વારોવાર રે. ૧
**અહો અહો બલિહારી અણગારની** જી, મનથી મૂકી મોહની કર્મ રે;
સાર ન કરે જે મુનિ શરીરની જી, અહો અહો ક્ષમા તણો આશ્રમ રે. **અ૦ ૨**
વળી વિષયને મૂક્યો વેગળો જી, પહેલે ચઢતે યૌવનપૂર રે;
ભર યૌવનમાં ભામિની જે તજે જી, સોય સુપુરુષ મોટો શૂર રે. **અ૦ ૩**
દયાવંત અને કાયા દમે જી, છંડ્યો છ કાયનો આરંભ રે;
ઉન્હાળાને તાપે કાયા તપે જી, તો પણ અંગે ન લગાવે અંભ રે. **અ૦ ૪**
આવી મનમાં ઉત્તમ વાસના જી, કામિની કહે નિસુણો કંત રે;
સ્નાન કરાવી સેવા કીજિયે જી, નિર્મલ થાયે જેમ નિર્ગ્રંથ રે. **અ૦ ૫**
નૃપ કહે સાધુ સદા નિર્મલ અછે જી, તપ સંજમતણે પ્રભાવે રે;
રાણી કહે અવધારો રાય જી રે, પુણ્યે મિલ્યો છે પ્રસ્તાવ રે. **અ૦ ૬**
ભક્તિભાવ ઈહાં મુજને ઊપન્યો જી, તુમે કાં થાઓ છો અંતરાય રે;
હા માની રાજાયે હેતે કરી જી, પ્રિય પ્રેમદાનો અભિપ્રાય રે. **અ૦ ૭**
સ્નાન કરાવે તિહાં સાધુને જી, પોયણી પત્રે લેઈ નીર હો;
પવિત્ર કર્યું અંગ પખાલીને જી, ચરચે ચંદન લેઈ શરીર રે. **અ૦ ૮**
બાવના ચંદન આદે દેઈ બહુ જી, સુરભિ દ્રવ્ય સરસ સુગંધ રે;
વિલેપન વૈયાવચ્ચ સાચવી જી, પામ્યા મનમાં પરમાનંદ રે. **અ૦ ૯**
કાચા જળની કીધી વિરાધના જી, મુનિપતિ ચિંતે ઇમ મનમાંહી રે;
કાઉસ્સગ્ગનો ભંગ કીધો નહિ જી, ઉપસર્ગ સહે ઋષિરાય રે. **અ૦ ૧૦**
મુનિ વાંદીને બેઠા વિમાનમાં જી, તિહાંથી કરવા તીરથયાત્ર રે;
નરનારી સહુ સમુદાયશું જી, ગયા નિર્મલ હુએ જેણે ગાત્ર રે. **અ૦ ૧૧**
અનુક્રમે પંદર દિવસને આંતરે જી, તીરથ યાત્રા કરીને તેહ રે;
આવ્યા ફરી તે ઉદ્યાનમાં જી, નિર્મમ મુનિવરશું ધરી નેહ રે. **અ૦ ૧૨**
દૂર થકી મુનિવર દીઠો નહિ જી, વેગે રાખી તિહાં વિમાન રે;
જુએ જંગલમાં અણગારને જી, રંગશું રાણી અને રાજાન રે. **અ૦ ૧૩**

જોતાં જંગલમાં દીઠો યતિ જી, દવનો દગ્ધો જેહવો બબ્બુલ રે;
સૂકું ખોખું જેહવું સાપનું જી, હલકો જેહવો આકનો તૂલ રે. અ૦ ૧૪
જિમ ગ્રહ ગણ મેરુ પૂંઠે ભમે જી, મધુને પૂડે માખી જેમ રે;
વિલેપન તણી વાસે કરી જી, તન ભ્રમ રે વીંટયો તેમ રે. અ૦ ૧૫
સતીનું મન જિમ લાગ્યું રહે જી, અહનિશિ સ્વામી કેરે સંગ રે;
પુષ્પના પરિમલ થકી પ્રેમશું જી, અલિ તિહાં લુબ્ધા મુનિને અંગ રે. અ૦ ૧૬
ઇમ ઉપસર્ગ સહે અણગારજી જી, મગન થઈ રહ્યા મધુપ રે;
દુસ્સહ પરિષહની વેદન દેખીને જી, ભય પામ્યો મનમાંહી ભૂપ રે. અ૦ ૧૭
એ તો ગુણનો અવગુણ ઊપન્યો જી, સેવાથી વાધ્યો સંતાપ રે;
ચિત્તમાં વિદ્યાધર ઇમ ચિંતવે જી, રખે ઋષીશ્વર દિયે શાપ રે. અ૦ ૧૮
શુભમતિ તે સાધુને દેખીને જી, પૂરણ પામી પશ્ચાત્તાપ રે;
મેં પાપિણીએ એ માઠું કર્યું જી, હા હા કિમ છૂટશે હવે પાપ રે. અ૦ ૧૯
અલિ ઉડાડીને અળગા કર્યા જી, વળી વળી વંદે સહુ નરનાર રે;
લળી લળી પાયે લાગી પ્રેમશું જી, મળી મળી સહુ કરે મનુહાર રે. અ૦ ૨૦
અપરાધ કીધો અમે અજાણતાં જી, ગુન્હો બગસોં ગરીબનિવાજ રે;
મોટા મહાનુભાવ મુનિસરુ જી, તુમે તારણ તરણ જહાજ રે. અ૦ ૨૧
અવિનય તુમને એ કીધો અમે જી, અજ્ઞાની અછું અમે અત્યંત રે;
વિદ્યાધર કરે ઇમ વિનતી જી, ખમજો તુમ્હે ખિમાવંત રે. અ૦ ૨૨
ઉપસર્ગ મનમાં અહિઆસતાં જી, કૃત કર્મતણો વળી ભોગ રે;
ક્ષમાશ્રમણ ક્ષપકશ્રેણે ચઢયા જી, શુકલધ્યાન તણે સંયોગ રે. અ૦ ૨૩
અશાતાવેદની કર્મ આલોચતા જી, ઊપનું કેવલજ્ઞાન અનુપ રે;
આવ્યા ઉત્સવ કરવા દેવતા જી, નયણે નીરખે વિદ્યાધર રૂપ રે. અ૦ ૨૪
કનક કમલે બેસી કેવલી જી, દીધો ધર્મતણો ઉપદેશ રે;
રાજા રાણી મુનિને વંદી વલી જી, ખમાવી અપરાધ વિશેષ રે. અ૦ ૨૫
મુનિપતિ કહે નિજ કરમે કરી જી, સુખ દુઃખ પામે સહુ સંસાર રે;
કર્મ દુગંછાએ જે બાંધ્યું તુમે જી, ઉદય આવશે તે નિરધાર રે. અ૦ ૨૬

શુભમતિ રાણી તે ઇમ સાંભળી જી, કરતી પશ્ચાત્તાપ અપાર રે;
મુનિને વાંદી નિંદે કર્મને જી, ત્રિવિધ ત્રિવિધશું તેણી વાર રે. અ૦ ૨૭
જિન કહે જો તુમ્હે નિંદો અછો જી, દુષ્કૃત દુગંછા તે કર્મ રે;
આલોચન કરતાં અમ શાખથી જી, શિથિલ થયા તે કર્મના મર્મ રે. અ૦ ૨૮
પણ દુગંછા કર્મ વિપાકથી જી, ભવમાંહી ભમતાં એક વાર રે;
ઉત્કૃષ્ટી લેહેશો આપદા જી, નિવિડ કર્મે કરી નિરધાર રે. અ૦ ૨૯
ઇમ સાંભળીને આનંદેશું જી, નિર્મળ ભાવે સહુ નરનાર રે;
મુનિને વંદી બેઠા વિમાનમાં જી, પહોંત્યા ગજપુર નગર મોઝાર રે. અ૦ ૩૦
વહાર કરે તિહાંથી કેવલી જી, દેશ વિદેશે વિચરે સોય રે;
આઠમી ઢાળે ઉદય કહે ઇશ્યું જી, કીધાં કર્મ ન છૂટે કોય રે. અ૦ ૩૧

## ઢાળ નવમી

### દોહા

રાજ કાજ ઋદ્ધિ ભોગવે, રાજા શ્રી જયસૂર;
શુભમતિશું તે સહી, સુખ વિલસે શુભ નૂર. ૧
અનુક્રમે અંગજ જનમિયો, સુપન તણે અનુસાર;
ગગનમણિ તસ ગેલશું, નામ ઠવ્યું નિરધાર. ૨
વરસ પાંચનો તે થયો, નિશાળે ઠવ્યો તામ;
ભણી ગણી લાયક હુઓ, સકલ કળા અભિરામ. ૩
બુદ્ધિ વધી, ગયું બાલપણુ, યૌવન પામ્યો જામ;
પિતા પરણાવે તેહને, તરુણી કન્યા તામ. ૪
રાજ કાજની રીતિને, જાણે ચતુર સુજાણ;
માત પિતા મન મોહતો, કુમર થયો કુલભાણ. ૫

(શ્રી રે સિદ્ધાચળ ભેટવા—એ દેશી.)

**રાજા રાણી હેલમાં**, રમતાં એક રાત;
રંગમાંહી થયું રૂસણું, વાંધે પડી વાત. રા૦ ૧
માનિની હઠ મૂકે નહિ, મનાવે મહારાજ;
રાણી બોલે રોષમાં, સ્વામી! નથી તુમ લાજ. રા૦ ૨

કોપનું ઘર છે સાંકડું, છોડો ઝાલો મ છેડ;
અળગા રહોને અમ થકી, મૂકો અમારી કેડ. રા૦ ૩
જરાયે થયા જાજરા, ગયું જોબન પૂર;
હઠથી હવે શું હઠી રહ્યા, માયા મેહલો દૂર. રા૦ ૪
કેશ થયા સવિ કાબરા, ખોખસ થઈ ખાલ;
બાંહે લિલરિયાં વળ્યાં, ઊંડા બેઠા ગાલ. રા૦ ૫
જરા નરપતિ જાલમી, જોરશું મહીરાણ;
જીતી જોબન રાયને, વરતાવી નિજ આણ. રા૦ ૬
લેઈ પરિકર આપણો, ગયો જોબન ભૂપ;
જરાને જોરે કરી, કાયા થઈ કુરૂપ. રા૦ ૭
ગયો મૂછનો આમળો, ગયો મુખનો મોડ;
મયણતણો મદ દેહથી, દૂરે ગયો દોડ. રા૦ ૮
હવે મનમાંથી મોહની, અળગી છાંડો આજ;
તૃષ્ણાને પૂરે કરી, વિણસે આતમ કાજ. રા૦ ૯
સ્વામી ધન્ય તે સાધુને, તારણ તરણ તરંડ;
અષ્ટાપદથી આવતાં, વાંદ્યા જે નવખંડ. રા૦ ૧૦
**હું બલિહારી તેહની,** એહવા જે અણગાર;
પહેલા યૌવન પૂરમાં, વરજે વિષમ વિકાર. હું૦ ૧૧
ભોગથક જો ઊભગો, દેખી જરાના દૂત;
તો તુમને જાણું સહી, અતુલી બલ અદ્‌ભુત. હું૦ ૧૨
વયણ સુણી વનિતા તણાં, ભૂપ ભેદ્યો મન્ન;
આલોચી કહે નારીને, શાબાશી તુજ ધન્ય. હું૦ ૧૩
કંદર્પને વશ કારમો, સ્ત્રી ભરતાર સંબંધ;
તુજ વચને તે આજથી, પરિહર્યો પ્રતિબંધ. હું૦ ૧૪
ઉત્તમ કુલની તું સહી, નિર્મળ તાહરો નેહ;
નરકે પડતો ઉદ્ધર્યો, ઉપગાર મોટો એહ. હું૦ ૧૫

સંયમ લેવો મેં સહી, મ કરીશ તાણો તાણ;
મેં મન શુદ્ધે તાહરાં, કીધાં વચન પ્રમાણ. હું૦ ૧૬
પંચ મળી પરણ્યો હતો, તૂટયું સગપણ તેહ;
હું ભાઈ, તું બ્હેનડી, અવિચલ સગપણ એહ. હું૦ ૧૭
સ્વામી ! મેં હસતાં કહ્યું, મૂલ ન જાણ્યો મર્મ;
સુખ દુ:ખે હવે સાહિબા, સાથે કરશું ધર્મ. હું૦ ૧૮
મોહ ઘટ્યો મન ઊવટ્યો, વિષયથકી તેણી વાર;
એહુ એક મતિ થયાં, લેવા સંજમભાર. હું૦ ૧૯
શુભ દિવસે શુભ મુહૂરતે, પાટે ઠવી નિજ પુત્ર;
દીક્ષા લિયે દયિતા, પતિ, વોસિરાવી ઘર સૂત્ર. હું૦ ૨૦
અણગાર પાસે ઉચ્ચરી, પ્રેમે મહાવ્રત પંચ;
નિર્મલ તે પાળે સદા, મનથી તજી ખલ્લખંચ, હું૦ ૨૧
તપ તપે કિરિયા કરે, જયણાશું જયસૂર;
શુભમતિ પણ સાધ્વી, સંયમ પાલે સનૂર. હું૦ ૨૨
અંત સમે અનશન કરી, રાજા રાણી દોય;
દેવ દેવીપણે ઊપન્યા, સૌધર્મે સુરલોય. હું૦ ૨૩
સુરનાં સુખ તે ભોગવે, પરિગલ આણી પ્રેમ;
નિરમળ નવમી ઢાળમાં, **ઉદયરતન** કહે એમ. હું૦ ૨૪

## ઢાળ દશમી

### દોહા

ભવસ્થિતિ પૂરી ભોગવી, અતિક્રમી વળી આહાર;
દેવાંગના દેવલોકથી, તેહ ચવી તેણી વાર.
જંબૂદ્વીપના ભરતમાં, દક્ષિણ દેશ સુથાન;
પ્રતપે હસ્તિનાગપુરે, જિતશત્રુ રાજાન. ૨
પટરાણી જયશ્રી પ્રથમ, રૂપવંતમાં રેખ;
ઊતરતી બીજી અછે, અંતેઉરી અનેક. ૩

અમરી મરી તે અવતરે, જયશ્રી કૂખે જામ;
સુપન લહે આ સુંદરી, મધ્યનિશા સમે તામ. ૪
ઊતરતી આકાશથી, સમુદ્રસુતા શુભ રૂપ;
હરખિત ચિત્તે હાથમાં, આવી બેઠી અનૂપ. ૫
મન વિકસ્યો તન ઉલ્લસ્યો, નીંદ ગઈ નયણેય;
સુપન સંભારી સેજથી, ઊઠી અબળા તેહ. ૬

( મલ્હારઃ નિજગુરુ ચરણ પસાય–એ **દેશી.** )

અબળા રૂપની આલિ, શય્યામાંથી રે ઊઠી જાણે સુરસુંદરી રે;
આળસ મોડી અંગ, મૃગનયણી રે, ઊલટ મનમાંહે ધરી રે. ૧
ઉત્તમ વસ્ત્ર અનૂપ, પહેરી પ્રેમે રે, ચાલી પ્રેમદા પ્રીતિશું રે;
ગજગામિની મનગેલે, પાય પરઠી રે, રાજહંસની રીતિશું રે. ૨
અતિ આતુરતા નાહીં, મંદ ગતિ રે, મનોહર પગની માંડણી રે;
પહોંતી પ્રેમે તેહ, ભવનમાંહે રે, પોઢ્યો છે જિહાં ભૂધણી રે. ૩
સલજ્જ પણે સા વાળ, આભૂષણ રે, સમારે તે અંગના રે;
આવી જાણે અભિરામ, સુધ જોવા રે, સુરલોકથી સુરાંગના રે. ૪
નિદ્રામાંથી નરિંદ, જેહલ નાદે રે, જાગ્યો જિતશત્રુ જિશે રે;
પ્રેમે કરી પ્રણામ, જય જય વાણી રે, કર જોડી રાણી કહે તિશે રે. ૫
નયણે નિહાળી નારી, ઊંઠ કોડી રે, રોમરાય તવ ઉલ્હસી રે;
મરકલડે દેઈ માન, હરખ વિશેષે રે, કર ફરસી બોલે હસી રે. ૬
રતન જડિત રમણિક, ભદ્રાસન રે, બેઠાની તવ આમના રે;
અધિપતિ આપી તામ, કર જોડી રે, બેઠી તિહાં કમલાનના રે. ૭
માનિનીને મહારાજ, પ્રીતે પૂછે રે, મનતણી પછી વાતડી રે;
કહે ભદ્રે! કુણ કાજ, આજ અવેળા રે, પધાર્યાં પાછલી રાતડી રે. ૮
વનીતા બોલે વાણી, મનોહર રે, મંગલ કલ્યાણકારણી રે;
સરસ સુધા સમ જેહ, વિઘન વિપદ રે, દુરિત દુઃખ નિવારણી રે. ૯
સાંભળતાં સુખ થાય, એહવી વાણી રે, સ્વસ્થ થઈ મુખે ઉચ્ચરે રે;
લાજના લહેજામાંહી, મીઠે વયણે રે, મહીપતિનું મન હરે રે. ૧૦

દેખે પ્રીતમ દેદાર, નયણાં છપવી રે, નૂતનવધૂ તણી પરે રે;
ઉત્તમ અંગના જેહ, અવલોકે રે, ઘૂંઘટપટને અંતરે રે. ૧૧
ચંચલ ચકિત કુરંગ, ખિણ ખિણ જુએ રે, ખાપરા ચોરતણી પરે રે;
નયણાંશું મેલી નયણ, કોમલ વચને રે, કંતશું વિનતિ કરે રે. ૧૨
મધ્યરાતે મહારાજ, સહજ સ્વભાવે રે, સૂતી હુંતી હું સેજમાં રે;
ઊરધ દિશિથી આવી, હરખે બેઠી રે, મુજ કમલા હેજમાં રે. ૧૩
શોભા ઘણી સશ્રીક, રામા રૂપે રે, સુંદર કાંતિ વિરાજતી રે;
ઉત્તમ એહ સુપન, દેખી જાગી રે, દિલમાં વળી સંભારતી રે. ૧૪
તિણે કારણ તજી સેજ, અરથ પૂછણ રે, આવી છું પ્રભુજી સૂણો રે;
વનિતાનાં સુણી વયણ, સુપન વિચારી રે, અરથ કહે નૃપ તે તણો રે. ૧૫
ધન સુખકારિણી દિવ્ય, ઉત્તમ પુત્રી રે, હોશે સુપન પ્રભાવથી રે;
લખમી હોશે લાભ, ભૂપતિ ભાખે રે, સહજ બુદ્ધિ સ્વભાવથી રે. ૧૬
સત્ય હોજો એ સ્વામી, અરથ એહનો રે, ઇચ્છું છું ઉલ્લાસમાં રે;
કંત પ્રતિ કર જોડી, નમી ચાલી રે, આગન્યા માગી આવાસમાં રે. ૧૭
પંચ સખી પરિવાર, ધર્મ સંબંધી રે, કથા વાત વિચારતી રે;
વિચારે છે વળી તેહ, ગર્ભપ્રભાવે રે, દયા ધર્મ મન ધારતી રે. ૧૮
શુભ દિવસે શુભ યોગે, પૂરણ માસે રે, પુત્રીનો જનમ થયો યદા રે;
ઉત્સવ કરીને તામ, મદનાવળી રે, નામ ધર્યું મહીપતિ મુદા રે. ૧૯
કોમલ કમલશી કાય, આંખ અણિયાળી રે, કમલદલ સમ સોહતી રે;
સુંદર રૂપ સુઘાટ, મુખને મટકે રે, સુરનરના મન મોહતી રે. ૨૦
બાળા બુદ્ધિનિધાન, અનુક્રમે રે, આઠ વરસની તે થઈ રે;
**ઉદયરતન** કહે એમ, મનને મોઢે રે, દશમી ઢાળ એ કહી રે. ૨૧

## ઢાળ અગિયારમી

### દોહા

પંડિતની પાસે તદા, પ્રૌઢી પુત્રી જાણ;
મૂકી મહીપતિ મોદશું, શીખણ કળા સુજાણ. ૧

ૐકાર આદિ થકી, શીખી બાવન વર્ણ;
અનુક્રમે આગમ અભ્યસે, વિદ્યા, નય, વ્યાકરણ. ૨
ચતુરાઈ ચોસઠ કળા, ગીત ગાન ગુણરૂપ;
ભાવ ભેદ ધર્મ કર્મના, શીખી સયલ સ્વરૂપ. ૩
બાળ ભાવ દૂરે ગયો, પ્રસર્યો જોબન પૂર;
કાન્તિ અપૂરવ ઝળહળે, જાણે ઊગ્યો સૂર. ૪
ચંચલ ચિત્ત તેહી જ સહી, તેહ જ નર તે તન્ન;
અનંગતણો અગ્રેસરી, તે ચતુર કરે યોવન્ન. ૫

(મલ્હાર: દેખી કામિની દોય કે કામે વ્યાપિયો હો લાલ કે કામે–**એ દેશી.**)

અદ્ભુત રૂપ અનૂપ, અનુપમ ચાતુરી હો લાલ, અનુ૦
પુત્રીને પેખી નરિંદ, થયો ચિંતાતુરી હો લાલ, થયો૦ ૧
કુમરી તે વર જોગી, હુઈ દેખી હવે હો લાલ, હુઈ૦
વરની ચિંતા તામ, નરેસર ચિંતવે હો લાલ, નરે૦ ૨
સ્વયંવર મંડપ સોય, રચાવે મનરળી હો લાલ, રચા૦
દેશ વિદેશે દૂત, પઠાવે વળી વળી હો લાલ, પઠા૦ ૩
નરપતિ ગજપતિ ભૂપ, કેઈ તિહાં કિન્નરા હો લાલ, કેઈ૦
અશ્વપતિ અનેક, વળી વિદ્યાધરા હો લાલ, વળી૦ ૪
છત્રપતિ છેલ છોગાળા કે, મોટા મહાબળી હો લાલ, મોટા૦
દાની, ગુમાની, હઠાલ, મળ્યા તિહાં મંડલી હો લાલ, મળ્યા૦ ૫
સિંહાસન પ્રત્યેક, બેઠા મહીભુજ મંગી હો લાલ, બેઠા૦
બંદીજન ચારણ ભાટ, બોલે બિરુદાવલી હો લાલ, બોલે૦ ૬
ઇંદ્રસભા સમ તેહ, ઓપે નૃપ આવલી હો લાલ, ઓપે૦
બાપની અનુમતિ લેઈ, હવે મદનાવલી હો લાલ, હવે૦ ૭
સજી સોળ શૃંગાર, સુખાસન બેસીને હો લાલ, સુખા૦
વરમાળા લેઈ હાથ, મંડપમાં પેસીને હો લાલ, મંડ૦ ૮
નીરખે સઘળા નરિંદ, પ્રત્યેકે તે મુદા હો લાલ, પ્રત્યે૦
દાસી ગુણાવલી નામે, આગળથી કહે તિદા હો લાલ, આગ૦ ૯

સિંહાસનથી તામ, નામાંકિત વાંચીને હો લાલ, નામાં૦
જનપદ ઋદ્ધિનું માન, કહે ગુણ રાચીને હો લાલ, કહે૦ ૧૦
વિદ્યાધન આદિ નરિંદ, કુમારી પેખીને હો લાલ, કુમા૦
મનમાં પામ્યા મોદ, મોહ્યા મુખ દેખીને હો લાલ, મોહ્યા૦ ૧૧
શિવપુરવાસી સુજાણ, સિંહધ્વજ નરવરુ હો લાલ, સિંહ૦
જાલિમ યોદ્ધ યુવાન, રૂપે તે સુંદરુ હો લાલ, રૂપે૦ ૧૨
મૂકી વિદ્યાધર વૃંદ, મળ્યું મન તેહશું હો લાલ, મળ્યું૦
લિખ્યો ન મિટે લેખ, સંબંધ છે જેહશું હો લાલ, સંબં૦ ૧૩
તસ કંઠે વરમાલ, ઠવી તે ઊમહી હો લાલ, ઠવી૦
આ ભવ તું ભરતાર, વર્યો મનશું સહી હો લાલ, વર્યો૦ ૧૪
હરખ્યો સવિ પરિવાર, આડંબર ઉત્સવે હો લાલ, આડં૦
લગન સમે સા બાલ, પરણાવી તે હવે હો લાલ, પર૦ ૧૫
હાથ મૂકાવણ દામ, આપ્યા બહુ હરખીને હો લાલ, આપ્યા૦
વરવધૂની શુભ જોડી, વખાણી નીરખીને હો લાલ, વખા૦ ૧૬
રહી તિણ પુર પંચરાત, રહી તે રાજવી હો લાલ, રહી૦
દેઈ [1]દમામે ઘાવ, દશે દિશિ ગાજવી હો લાલ, દશે૦ ૧૭
ચાલ્યા નિજ નિજ દેશ, લેઈ ઋદ્ધિ આપણી હો લાલ, લેઈ૦
પોહોંત્યા પોતાને દેશ, સવે તે ભૂધણી હો લાલ, સવે૦ ૧૮
સિંહધ્વજ લહી શીખ, સાથે વધૂ લેઈને હો લાલ, સાથે૦
નિજ પુર ચાલ્યો ધાવ, દમામે દેઈને હો લાલ, દમામે૦ ૧૯
જિતશત્રુ રાજાન, વળ્યો વોળાવીને હો લાલ, વળ્યો૦
ચાલ્યો સિંહધ્વજ રાય, વાજાં વજડાવીને હો લાલ, વાજાં૦ ૨૦
શિવપુર નગર સમીપ, અનુક્રમે આવિયા હો લાલ, અનુ૦
પુરે કીધો પ્રવેશ કે, સહુ જન હરખિયા હો લાલ, સહુ૦ ૨૧
વરત્યો જય જયકાર પૂગી મનની રળી હો લાલ, પૂગી૦
વાજે મંગલ તૂર, ગુડી તિહાં ઊછળી હો લાલ, ગુડી૦ ૨૨

૧ નિશાન ડંકે.

મદનાવલીશું રાય, પધાર્યો મંદિરે હો લાલ, પધાર્યો૦
સુખ વિલસે તસ સંગ, અધિક ઉલ્લટભરે હો લાલ, અધિક૦ ૨૩
અગિયારમી ઢાળ રસાળ, મલ્હારમાંહી કહી હો લાલ, મલ્હાર૦
**ઉદયરતન** કહે એમ, શ્રોતા સુણો ગહગહી હો લાલ, શ્રોતા૦ ૨૪

## ઢાળ બારમી

### દોહા

[1]અભ્રવિહારી અવગણી, વિદ્યાધરના વૃંદ;
અવનીચર હું આદર્યો, ચિંતી એમ નરિંદ. ૧

મદનાવલીને મોદશું, ગુણ સંભારી ગૂઢ;
પટરાણી પોતે કરી, રંગે સિંહાસન રૂઢ. ૨

સુખ સંસારનાં ભોગવે, પંચ વિષય ભરપૂર;
મન વિચારે મહીપતિ, ઉદયો પુણ્ય અંકૂર. ૩

રૂપ, કલા, ગુણ, ચાતુરી, લાયક લલિત સુલંક,
શીલવતી શશહરમુખી, વચન ન બોલે વંક. ૪

ભાવ ભેદ જુગતે કરી, પરખી બુદ્ધિ પ્રધાન;
ભામિનીશું ભીનો રહે, સિંહધ્વજ રાજાન. ૫

(**રાગ** : ગોડી મલ્હાર; વૈરાગી થયો, **એ દેશી**)

રાજ્યલીલા વૈભવ રસે રે, ભોગવતાં સુખ ભોગ;
અનુક્રમે આવી ઊપનો રે, રાણીને તન રોગ રે. ૧

**કર્મ ન છૂટિયે,** કીજે કોડી પ્રકાર રે;
જો જો વિચારીને, સુખ–દુઃખ કર્મ દાતારો રે. **કર્મ૦** ૨

કીલક ઘાલ્યાં કાનમાં રે, પગ વિચ્ચે રાંધી ખીર;
ગોવાળને કુલે અવતર્યો રે, કર્મ નડ્યાં મહાવીરો રે. **કર્મ૦** ૩

નળ સરીખા કર્મે નડ્યા રે, સીતા થઈ સકલંક;
મુંજ સરીખા મહીપતિ રે, કર્મે કીધા રંકો રે. **કર્મ૦** ૪

વરસ દિવસ લગે નવિ મળ્યો રે, આદીશ્વરને આહાર;
કર્મે કોઈ મૂક્યો નહિ રે, ઈમ અનેક અધિકારો રે. **કર્મ૦** ૫

---

[1] આકાશગામી.

મદનાવલીએ પૂરવે રે, દુગંછા મુનિ દેખી;
અષ્ટાપદથી આવતાં રે, કીધી હુતી ધરી દ્વેષો રે. કર્મ૦ ૬
મલિન મુનીશ્વર દેખીને રે, મુખ મચકોડ્યું રે જેહ;
ત્રીજા ભવનું કર્મ તે રે, ઉદય આવ્યું હવે તેહ રે. કર્મ૦ ૭
તેહ દુગંછા કર્મથી રે, દેહ થકી દુરગંધ;
મૃતકની પરે મહમહે રે, જો જો કર્મ સંબંધ રે. કર્મ૦ ૮
સર્પ, શ્વાન, માંજારનું રે, કીટક સહિત કરંક;
કોહ્યું કલેવર દેખીને રે, જિમ સહુ પામે આસંકો રે. કર્મ૦ ૯
અનંત ગુણો અધિકો સહી રે, દેહ થકી દુરવાસ;
ઊછળ્યો રાજ આવાસમાં રે, રહી ન શકે કોઈ પાસો રે. કર્મ૦ ૧૦
વાસના સઘળી વિસ્તરી રે, યાવત નગર પર્યંત;
દુસ્સહ તે દુરવાસના રે, અનુક્રમે વાધી અનંત રે. કર્મ૦ ૧૧
પ્રજા મિલી પ્રભુને કહે રે, સ્વામી સુણો એક વાત;
પુરમાં રહેવાતું નથી રે, દુરગંધે દિનરાતો રે. કર્મ૦ ૧૨
કહો તો કોઈક દેશમાં રે, જઈએ જીવન પ્રાણ;
પુરજન સઘળો ખળભળ્યો રે, પડિયો તિહાં ભંગાણો રે. કર્મ૦ ૧૩

यत उक्तं च—

**अष्टप्रकारिपूजाचरित्रे प्रथमशतके**

**उच्छलिओ दुव्विसहो, निव्विण देहाउठीप तह गंधो ॥**
**जह थुथुत्ति भणंतो, नासई नयरीजणो सव्वो ॥७॥**

એહવો ઉત્પાત દેખીને રે, સિંહધ્વજ રાજાન;
પટરાણીના પ્રેમથી રે, મહાદુઃખ પામ્યો મન્ન રે. કર્મ૦ ૧૪
હા હા શું થાશે હવે રે, શું કરવો મેં એહ;
પ્રજા તજું કે પ્રિયા તજું રે, કે છોડું નિજ દેહ રે. કર્મ૦ ૧૫
કુલ કાજે એક છંડિયે રે, સચિવ કહે સુણો સ્વામ;
ગામ કામે કુલ છંડિયે રે, દેશને અરથે ગામો રે.
સચિવ કહે સૂણો. ૧૬

આપણો પ્રાણ ઉગારવા રે, અવની તજિયે અખંડ;
તે માટે પ્રભુજી સૂણો રે, રાણી વાસો વનખંડ રે. **સચિવ૦ ૧૭**
ત્રયાને ત્યજવી ઘટે રે, શાસ્ત્રે કહ્યો છે રે આમ;
અનેક તજી એક આદરે રે, એ મૂરખનું કામ રે. **સચિવ૦ ૧૮**
તે કારણ પ્રભુજી તુમે રે, પ્રીછો બુદ્ધિ પ્રકાશ;
અરણ્યે વાસો અંગના રે, ઉત્તમ કરી આવાસો રે. **સચિવ૦ ૧૯**
અશનાદિક તિહાં આપીને રે, સેવક મૂકો ચિહું પાસ;
પ્રજાનું દુઃખ ટાળવા રે, ઘટે એહને વનવાસો રે. **સચિવ૦ ૨૦**
માની વાત તે મહીપતિ રે, વળીય વિચારે રે એમ;
કિમ રહેશે એ મુજ વિના રે, પગ પગ સાલશે પ્રેમો રે.
**કર્મ ન છૂટિયે રે. ૨૧**
એહ વિના આધી ઘડી રે, મેં રહેવાશ્યે રે કેમ;
જલ વિના જેમ માછલી રે, મુજ વિના એહ જેમો રે. **કર્મ૦ ૨૨**
મૂરતિ મોહનવેલશી રે, કોમલ કમલશી કાય;
કેહશું કરશે વાતડી રે, કિમ રહેશે વન માંહ્ય રે. **કર્મ૦ ૨૩**
આગળશું આઘી ધરી રે, પરિગલ દાખી રે પ્રીત;
તેહને રણમાં છોડિયે રે, એ નહિ ઉત્તમ રીત રે. **કર્મ૦ ૨૪**
નયણે આંસુ ઢાળતો રે, પહોત્યો પ્રેમદા પાસ;
મહાદુઃખ મનમાંહી ઊપનું રે, દેખી રાણી ઉદાસ રે. **કર્મ૦ ૨૫**
બોલ્યો બારમી ઢાળમાં રે, કડુઓ કર્મ કલ્લોલ;
**ઉદયરતન** કવિ ઇમ કહે રે, કર્મ કરે દંદોલો રે. **કર્મ૦ ૨૬**

## ઢાળ તેરમી

### દોહા

પડી અવસ્થા પેખીને, રાણીને રાજાન;
વચન કહેતાં લોચા વળે, જિહ્વા કરે યતન્ન. ૧
દુખભર હૈયું ડસડસે, નયણે નીર ન માય;
મનને માયા રોકી રહી, બોલ ન બોલ્યો જાય. ૨

મદનાવલીએ મન તણી, જાણી સર્વ જુગત;
વળતું કહે વાલિમ પ્રતિ, સ્વામી સુણો એક વાત. ૩
લિખ્યો લેખ તે નવિ મિટે, દિલમાં ન ધરો દુઃખ;
મુજને વનમાં વાસતાં, થાશે સહુને સુખ. ૪
મુજને મહેલમાં રાખતાં, પ્રજા જશે પરદેશ;
લાભ નથી એ વાતમાં, ઉજ્જડ થાશે દેશ. ૫
તે માટે મુજને તજો, પરજા પાળો ભૂપ;
વનમાંહી તેણે વેગશું, આવાસ કરાવો અનૂપ. ૬
વયણ સુણી વનિતા તણાં, રાય થયો રળિયાત;
ધન ધન એહની ચાતુરી, જાણી મનની વાત. ૭

( રામ સીતાને ધીજ કરાવે રે—એ દેશી )

વસુધાપતિ કહે એમ વાણી રે, પ્રાણવલ્લભ તું પટરાણી રે;
ગુણ આપી હું રુણિયો કીધો રે, તન સાટે વેચાતો લીધો રે. ૧
આદર્યો તેં ઉત્તમ જાણી રે, હું નિર્દય અવગુણ ખાણી રે;
ઉત્તમ નર જિહાં મન મંડે રે, પ્રાણાંતે પ્રીતિ ન છંડે રે. ૨
સજ્જન તે કહિયે સહી રે, દુઃખ પડચે લે નિરવહી રે;
પ્રજાશું પ્રેમ લગાયા રે, મેં મેહલી તાહરી માયા રે. ૩
રાણી કહે સુણો સ્વામી રે, એ વાતે નથી તુમ ખામી રે;
તુમે તો છેહ ન દીધો રે, વનવાસ માંગી મેં લીધો રે. ૪
અવનીપતિ મહાદુઃખ આણી રે, રાણી પ્રત્યે કહે વાણી રે;
તુમ વિણ મેં કેમ રહેવાશે રે, આવાસ એ ખાવા ધાસ્યે રે. ૫
દીન વચન સ્વામી શું ભાંખો રે, હૈયું હાકીને રાખો રે;
અમને આપો વનવાસો રે, તુમે રાજ્ય કરો ઉલ્લાસો રે. ૬
રાજા મન ધીરજ રાખી રે, સચિવ કર્યો તિહાં સાખી રે;
અટવીમાં આવાસ કરાવી રે, પટરાણીને તિહાં પધરાવી રે. ૭

અશનાદિક તિહાં ભરાવી રે, ચોકી ચિહું દિશિ રખાવી રે;
રાણીશું માંગી શીખ રે, ભરી નગર ભણી તે વીંખ રે. ૮
પ્રજાનો કહ્યો તેણે કીધો રે, વનવાસ રાણીને દીધો રે;
રાજા ફરી મહેલમાં આયો રે, પણ મનમાં મહાદુઃખ પાયો રે. ૯
અશનાદિક તેહને ન ભાવે રે, મંત્રીશ્વર મળી સમજાવે રે;
સિંહધ્વજ કરે બહુ સોસ રે, સહુ કર્મને દિયે દોસ રે. ૧૦
હવે મદનાવલી વનવાસે રે, એકલી રહે આવાસે રે;
રાજા પ્રજા ને પ્રધાન રે, તેહનું પામી અપમાન રે. ૧૧
મુને સહુકો કરતો જીજી રે, તુંકારો ન દેતો કો બીજી રે;
કર્મે કાઢી હું વનમાં રે, મદનાવલી ચિંતે મનમાં રે. ૧૨
કિહાં માત પિતા ને ભ્રાત રે, સાહેલીનો કિહાં સાથ રે;
કર્મે સહુમાંથી કઢાવી રે, લેઈ વનમાંહી વસાવી રે. ૧૩
વલ્લભનો પડ્યો વિયોગ રે, જોજો કર્મ તણા એ ભોગ રે;
મહાદુઃખ ભરે ચિંતે એહ રે, ધિક્ ધિક્ જીવિત મુજ એહ રે. ૧૪
પૂરવ ભવ પાપને ભોગે રે, દુઃખ પામી તેહને જોગે રે;
મહા દુસ્સહ અવસ્થા લાધી રે, દેહથી દુરવાસના વાધી રે. ૧૫
દારુણ નિર્દય મહાકર્મ રે, પૂરવે મેં કર્યો અધર્મ રે;
કોઈ કર્મ વિપાક સંજોગે રે, તન વિણુઠો દુરગંધ યોગે રે. ૧૬
ભોગવ્યા વિણ કર્મ ન છૂટે રે, વિલાપ કરે નવિ ખૂટે રે;
ફરી કર્મ કેહને કહિયે રે, ઉદયે આવ્યાં તે સહિયે રે. ૧૭
પશુ પંખી દૂરે જાય રે, દુરવાસ કેણે ન ખમાય રે;
તેહ મંડલમાં કોઇ નાવે રે, દુરગંધી દૂરે જાવે રે. ૧૮
પ્રાણી માત્ર પલાયે દૂરે રે, મદનાવલી મનમાંહી ઝૂરે રે;
એણી પેરે અટવીમાંહી રે, નિર્ભય દુઃખ દેખે ત્યાંહિ રે. ૧૯
મહાકષ્ટે જાયે છે કાળ રે, એ તો કહી તેરમી ઢાળ રે;
ઉદયરતન કહે ઇમ વાણી રે, કીધાં કર્મ ન છૂટે પ્રાણી રે. ૨૦

## ઢાળ ચૌદમી

### દોહા

રણમાંહી રાણી રહે, દેખે મહા દુઃખ દંદ;
જંગલી જીવનાં જૂથ તિમ, વાઘ સિંહનાં વૃંદ. ૧
ભૂતપ્રેતના ભય ઘણા, ધિંગ તજે જિહાં ધીર;
ભીષણ રૌદ્ર ભયંકરા, અટવી ઘણું ગંભીર. ૨
એકાકી તે અરણ્યમાં, રહેવું દિવસ ને રાત;
કર્મ અહિયાસે આપણાં, મદનાવલી મન સાથ. ૩
ઇણ અવસરે હવે એકદા, યામિની ગઈ એક જામ;
શુક-યુગલ એક તેણે સમે, આવ્યું તેણે ઠામ. ૪
ગોખે બેઠાં ગેલશ્યું, મનમાં પામ્યાં મોદ;
પંખી તે દયિતા પ્રત્યે, વાત કરે વિનોદ. ૫
સૂડી પૂછે સ્વામીને, અબળા એકલી એહ;
કાનનમાંહિ કિમ રહે, દુરગંધ થઈ કિમ દેહ. ૬
શબ્દ સુણી મદનાવલી, પામી પરમ ઉલ્લાસ;
સંબંધ તે શ્રવણે ધરે, જે પંખી કરે પ્રકાશ. ૭

( ઇડર આંબા આંબલી રે–એ દેશી )

વળતું કીર વિચારીને રે, વનિતાને કહે વાત;
જિણ કારણ એ એકલી રે, સુણ તું તે અવદાત.
**કરમવશ થયો રે એહને વનવાસ. ૧**
ત્રિયા સુણ ત્રીજે ભવે રે, શુભમતિ ઇણે નામ;
યુવતી જયસૂર રાયની રે, એ હુંતી અભિરામ. **કરમ૦ ૨**
જાતિ વિદ્યાધર જાલિમી રે, વૈતાઢચે હુંતો વાસ;
તીરથ કરવા તે ગયા રે, અષ્ટાપદે ઉલ્લાસ. **કરમ૦ ૩**
અરચી અરિહંત દેવને રે, પૂજી પ્રણમી પાય;
અષ્ટાપદથી આવતાં રે, મુનિ દીઠા વનમાંય. **કરમ૦ ૪**

મલિન દેખી મુણીંદને રે, શુભમતિએ તેણે ઠાય;
દુગંછા દુઃખદાયિની રે, કરી અજ્ઞાને ત્યાંય. કરમ૦ ૫
દીક્ષા લેઈ તે દંપતી રે, અનુક્રમે પાલી આય;
દેવ દેવી પણે ઊપનાં રે, સુરલોકે શુભ ઠાય. કરમ૦ ૬
તે દેવી તિહાંથી ચવી રે, મદનાવલી ઇણે નામ;
બેટી જિતશત્રુ રાયની રે, અનુક્રમે થઈ અભિરામ. કરમ૦ ૭
તેહ સિંહધ્વજ ભૂપને રે, પરણાવી ધરી નેહ;
ઉદયે આવ્યું પાછલું રે, કરમ કર્યું હતું જેહ. કરમ૦ ૮
દુર્ગંધાના દોષથી રે; દુરગંધી થઈ દેહ;
સ્વજનાદિકે સહુ મળી રે, વનમાં વાસી એહ. કરમ૦ ૯
શુક પ્રતિ સૂડી ભણે રે, રાણીનો એ રોગ;
ઔષધ મંત્ર ઉપાયથી રે, કહો કિમ જાશે સંજોગ. કરમ૦ ૧૦
સુણ સુંદરી શુભ ગંધશું રે, જિન પૂજે ત્રણ કાલ;
રોગ જાય દિન સાતમે રે, ફળે મનોરથમાલ. કરમ૦ ૧૧
વાત સુણી મદનાવલી રે, પૂરવ ભવ વિરતંત;
જાતિસ્મરણ પામી તદા રે, સમજી સર્વ ઉદંત.
કરમગતિ જિતી કેણે ન જાય. ૧૨
નિજ આતમ નિંદે તદા રે, નિંદે દુગંછા દોસ;
પૂરવ પાપ નિંદે વળી રે, મનશું કરતી સોસ. કરમ૦ ૧૩
પંખીને જુએ પછી રે, મદનાવલી ગોખમાંહિ;
તુરત અલોપ થયાં તદા રે, તેહ ન દીસે ત્યાંહી. કરમ૦ ૧૪
વિસ્મિત ચિંતે સુંદરી રે, શુક શું જાણે એહ;
આદિ અંત લગે માહરું રે, ચરિત પૂરવનું તેહ. કરમ૦ ૧૫
કેવલીને એ કીરનો રે, પૂછીશ સર્વ સંબંધ;
એ ઉપગાર એણે કર્યો રે, જેણે જાયે દુરગંધ. કરમ૦ ૧૬
પડિહાર પાસે તદા રે, પૂજાનો ઉપચાર;
મંગાવી મન મોદશું રે, જિન પૂજે ત્રણ વાર. કરમ૦ ૧૭

સામગ્રી શુભ ગંધની રે, જિનનો પામી જોગ;
પ્રેમે પ્રભુને પૂજતાં રે, નાઠો તનુથી રોગ.
**પૂજાથી થયો તેહને સુખ સાજ. ૧૮**
સવીર્ય મંત્રના યોગથી રે, ભૂતાદિકનો નાશ;
થાયે તિમ તસ તનુ થકી રે, દૂર ગયો દુરવાસ. **પૂજાથી૦ ૧૯**
સુયશશું શુભ વાસના રે, ચિહું દિશિ ચાલી દોડી;
મલયાચલના વનમાં રે, જેમ શ્રીખંડનો છોડ. **પૂજાથી૦ ૨૦**
ચોકીદાર ચિત્તમાં તદા રે, પામ્યા પરમ ઉલ્લાસ;
સુવાસના સંયોગથી રે, આવ્યા રાણી પાસ. **પૂજાથી૦ ૨૧**
રૂપ રંગ ને વાસના રે, દેખી દેહનો વાન;
વધાવો આવ્યો વહી રે, જિહાં બેઠો રાજાન. **પૂજાથી૦ ૨૨**
હિયે હરખ માયે નહિ રે, જલ ભરિયાં લોચન્ન;
રોગ ગયો રાણી તણો રે, સાંભળીને રાજન્ન. **પૂજાથી૦ ૨૩**
વચન સુણી વધાઉનાં રે, ભાવે શું ભૂનાથ;
વારુ તેહને વધામણી રે, આપી અનંતી આથ. **પૂજાથી૦ ૨૪**
સાથે સેના લેઈને રે, ઉલટ આણી રાય;
મંગલ તૂર વજાવીને રે, યુવતી તેડણ જાય. **પૂજાથી૦ ૨૫**
અનુક્રમે આવ્યો વહી રે, વન આવાસ નજીક;
માંહોમાંહી મન ઉલ્લસ્યાં રે, સમય દેખી સુશ્રીક. **પૂજાથી૦ ૨૬**
ભૂપતિ દીઠી ભામિની રે, નારીયે દીઠો નાહ;
વિયોગ ટાળ્યો વેગળો રે, દૂર ગયો દુઃખ દાહ. **પૂજાથી૦ ૨૭**
ભૂંગળ ભેરી વાજતે રે, ગાતે મંગલ ગીત;
નગર ભણી ચાલ્યા વહી રે, ગજે બેસી શુભ રીત. **પૂજાથી૦ ૨૮**
અનુક્રમે આવ્યા મંદિરે રે, ઉત્સવ થયા અપાર;
ઘર ઘર ગૂડી ઉછળે રે, હરખ્યાં સહુ નરનાર. **પૂજાથી૦ ૨૯**
આવી એહવે વધામણી રે, મનોરમ નામે ઉદ્યાન;
અમરતેજ અણગારને રે, ઊપનું કેવલજ્ઞાન. **પૂજાથી૦ ૩૦**

વેગે આપી વધામણી રે, તરુણીને જણાવે તેહ;
રાણી કહે સુણો રાયજી રે, ઉત્સવ મોટો એહ. **પૂજાથી૦ ૩**
પ્રેમે ચાલ્યાં વાંદવા રે, રાયરાણી ઊજમાળ;
**ઉદયરતન** કહે સાંભળો રે, એહ ચૌદમી ઢાળ. **પૂજાથી૦ ૩**

## ઢાળ પન્દરમી

### દોહા

ઉલ્લસિત ચિત્ત આનંદભર, રાણી સાથે લેહ;
નરપતિ બહુ નરનારી શું, પહોત્યો વંદન તેહ. ૧
આવી તે ઉદ્યાનમાં, પ્રણમી મુનિનાં પાય;
જયણા શું જુગતે કરી, સહુ બેઠા તિણે ઠાય. ૨
પરષદ આગલ પ્રેમશું, કેવળી કહે ઉપદેશ;
સાંભળતાં સંસારના, છૂટે [1]કોડી કલેશ. ૩

(રાગ : સામેરી મલ્હાર; પ્રભુ તુજ શાસન અતિ ભલું–એ **દેશી**)

કરુણા રસમાં કેવલી, અમૃત સમ કહે વાણી રે;
માનવનો ભવ દોહિલો, પ્રીછો તુમે ઇમ જાણી રે. ૧
**મૂકો મોહ વિટંબણા,** મોહે મન બંધાય રે;
મોહ વિલુદ્ધા માનવી, મૂઆ મુગતિ ન જાય રે. **મૂકો૦ ૨**
મોહે મરુદેવા સહી, બે આંખે થયાં અંધ રે;
જગમાં જીવને જોવતાં, મોહનો મોટો બંધ રે. **મૂકો૦ ૩**
આષાઢાદિક મુનિવરુ, મોહે મહાવ્રત ખંડી રે;
ચરમશરીરી ચિત્ત થકી, મૂકીને ઘર મંડી રે. **મૂકો૦ ૪**
મોહની કરમના જોરથી, જીવ ભમે જગમાંહી રે;
આઠ કરમમાં અગ્રેસરી, મોહનીય કહેવાય રે. **મૂકો૦ ૫**
આગારિક અણગારનો, ધર્મ કહ્યો વીતરાગે રે;
સમકિતવંત સુધર્મીને, મોહે લંછન લાગે રે. **મૂકો૦ ૬**

૧ કરમ–પાઠાંતરે

માતપિતા સુત કામિની, રાજલીલા સુખ સાજો રે;
મમતા મેહલો તેહની, સારો આતમ કાજો રે. મૂકો૦ ૭
ઇત્યાદિક ઉપદેશથી, પામીને પ્રતિબોધો રે;
અણુવ્રતાદિક આદરે, કરતા કરમને સોધો રે. મૂકો૦ ૮
મદનાવલી મન મોદશું, પૂછે પ્રસ્તાવ પેખી રે;
કહો સ્વામી કોણ કીરતે, દયા કરી દીન દેખી રે.
જો જો મોહ વિટંબણા. ૯
કેવલી કહે પૂછ્યા પછી, ત્રીજે ભવે પતિ તારો રે;
સુરલોકથી આવી તુને, તેણે કર્યો ઉપગારો રે. જોજો૦ ૧૦
જિનના મુખથી જાણીને, પૂરવ ભવ સંકેતો રે;
તુજને પ્રતિબોધી તેણે, વ્યાધિવિનાશ હેતો રે. જોજો૦ ૧૧
મદનાવલી પૂછે વલી, કહો સ્વામી તે દેવો રે;
એ સુરની પરષદમાંહી, સંપત્તિ છે પ્રભુ હેવો રે. જોજો૦ ૧૨
જિન કહે એ બેઠો ઇહાં, જેણે કીધો ઉપગારો રે;
શુક રૂપી સુરગતિ ભવે, ભદ્રે તુજ ભરતારો રે. જોજો૦ ૧૩
કેવલી વચને ઓળખી, પૂરવનો પતિ જાણી રે;
ઉપગારી તે અમરને, મદનાવલી કહે વાણી રે. જોજો૦ ૧૪
પૂરવને પ્રેમે તુમે, પ્રતિબોધી હું અનાથો રે;
ગુણ ઓશિંગણ તુમ તણા, હું કિહાં થાઇશ હાથો રે. જોજો૦ ૧૫
સુર કહે વિદ્યાધર કુલે, ઊપજીશ હું અભિરામ રે;
આજ થકી દિન સાતમે, ચવી વૈતાઢ્ય સુઠામ રે. જોજો૦ ૧૬
ત્યારે તુમ પ્રતિબોધજો, પ્રત્યુપકાર કરેજો રે;
સૂધું સમકિત આપીને, અવસરે લાહો લેજો રે. જોજો૦ ૧૭
મદનાવલી કહે જો મુને, હોસ્યે તિણે સમે જ્ઞાનો રે;
તો તુમને પ્રતિબોધીને, આપીશ સમકિત દાનો રે. જોજો૦ ૧૮
સુરલોકે સુર તે ગયો, મદનાવલી મન મોદે રે;
કર જોડી કહે કંતને, વારુ વચન વિનોદે રે. જોજો૦ ૧૯

સુરલોકનાં સુખ ભોગવ્યાં, જગતીમાં તુમ જોગે રે;
ભોગ અનંતા ભોગવ્યા, તૃપ્ત થઈ છું ભોગે રે. જોજો૦ ૨૦
કાલ અનંત અનાદિનો, જીવ પડ્યો જંજાલે રે;
સંયોગના સંબંધથી, અવતાર જાયે આલો[1] રે. જોજો૦ ૨૧
તે માટે પ્રભુજી તુમે, આજ્ઞા જો મુજ આપો રે;
સંયમ લેઉં તો સહી, વિષયનો મૂકી પાપો રે. જોજો૦ ૨૨
નૃપ કહે સુણો ગત નદિ પરે, પામી પુણ્યસંયોગ રે;
પછે કહો કુણ પરિહરે, પ્રીછો બુદ્ધિ પ્રયોગે રે. જોજો૦ ૨૩
સ્વામી એહ સંસારમાં, સગપણનો શો બંધ રે;
સંયોગ તિહાં વિયોગ છે, ધર્મ વિના સવિ ધંધ રે. જોજો૦ ૨૪
આવે જાવે એકલો, બીજો નહિ કો બેલો રે;
અંતરમતિ આલોચીને, મનથી માયા મેલો રે.
મૂકો મોહ વિટંબણા. ૨૫
મહીપતિ માયાને વશે, નિર્ભર નેહ પ્રભાવે રે;
હા-ના ન કહે મુખ થકી, સમરસ ભાવી થાવે રે. મૂકો૦ ૨૬
ઇમ ઉપદેશ દેઈ ઘણો, પ્રતિબોધી ભરતારો રે;
મદનાવલી મુનિવર કને, લિયે સંયમ ભારો રે. મૂકો૦ ૨૭
નરપતિ નયણે જલ ભરી, સર્વ સાધુને વંદી રે;
મદનાવલી આર્યા પ્રત્યે, અનુક્રમે વંદે આનંદી રે. મૂકો૦ ૨૮
પુનરપિ દેશના સાંભળી, શ્રમણોપાસક વારુ રે;
સિંહધ્વજ રાજા થયો, જીવાજીવનો ધારુ રે. મૂકો૦ ૨૯
વંદીને મંદિર વળ્યો, કેવલી કીધ વિહારો રે;
ગુરુણી સાથે મદનાવલી, વિહાર કરે તેણી વારો રે. મૂકો૦ ૩૦
વિચરે દેશ વિદેશ તે, મૂકી માયા જાળો રે;
ઉદયરતન કહે સાંભળો, ઢળતી પન્દર ઢાલો રે. મૂકો૦ ૩૧

---
૧ નિષ્ફલ.

## ઢાળ સોળમી

### દોહા.

સા મદનાવલી સાધવી, અજ્જાનો આચાર;
પાલે મન પ્રેમે કરી, ચારિત્ર નિરતિચાર. ૧
ભણી ગુણી તે ભાવશું, આગમસૂત્ર અનેક;
સૂક્ષ્મ અરથને સદ્દહે, વારુ ધરિય વિવેક. ૨
ખિમા આદિ તે ગુણ ખરા, પ્રીતે પાલે તેહ;
ગુરૂણીની સેવા કરે, ઉપશમ રસ ગુણ ગેહ. ૩
ઉપવાસ આદિ માંડીને, પક્ષ માસ પર્યંત;
આણાશું તપ આચરે, શમદમ મહા ગુણવંત. ૪

( સુંદર, પાપસ્થાનક તજો સોળમું-એ **દેશી** )

સુંદર, દેવ ચ્યવી દેવલોકથી, ખેચર સુત ગુણખાણ હો;
સુંદર, અનુક્રમે આવી ઊપનો, મૃગાંક નામે સુજાણ હો. ૧
**સુંદર, મોટું કર્મ મોહની,** જિન વિણ જિત્યું ન જાય હો;
સુંદર, સીત્તેર કોડાકોડીની, સ્થિતિ જેહની કહેવાય હો.
**સુંદર મોટું કર્મ મોહની.** ૨
સું૦ યૌવન વય પામ્યો જદા, તેહ મૃગાંકકુમાર હો;
સું૦ રત્નાવલીને પરણવા, ચાલ્યો લેઇ પરિવાર હો. **સું૦ મો૦** ૩
સું૦ દિવ્ય વિમાનમાં બેસીને, ભૂષણભૂષિત અંગ હો;
સું૦ આવ્યો એક ઉદ્યાનમાં, જાન લેઈ મન રંગ હો. **સું૦ મો૦** ૪
સું૦ તિણે સમયે તે મહાસતી, વિચરંતાં વનમાંહી હો;
સું૦ સાધ્વીના સમુદાયશું, કાઉસ્સગ્ગ કીધો ત્યાંહી હો. **સું૦ મો૦** ૫
સું૦ દેવ મનુષ્ય તિર્યંચના, અનુલોમ પ્રતિલોમ હો;
સું૦ ઉપસર્ગ જે જે ઊપજે, સહે લેઈ ગુણ સૌમ્ય હો. **સું૦ મો૦** ૬
સું૦ ખેચર દેખી ક્ષામોદરી, મદનાવલી તનસોહ હો;
સું૦ પૂરવને પ્રેમે કરી, મૃગાંક પામ્યો મોહ હો. **સું૦ મો૦** ૭

સું૦ અહો અહો લાવણ્ય એહનું, અવયવ ઘાટ અનુપ હો;
સું૦ અમરી કે અપછરા, અહો અહો એહનું રૂપ હો. સું૦ મો૦ ૮
સું૦ અહો મુખમુદ્રા એહની, ઉગ્ર તપસ્યાવંત હો;
સું૦ આભૂષણ વિણ એહનું, ઝલહલ તનુ ઝલકંત હો. સું૦ મો૦ ૯
સું૦ વિદ્યાધર વિહ્વલ થયો, બોલે બોલ સરાગ હો;
સું૦ તપ કરી શું ચાહો તુમે, ભોગ તથા સૌભાગ્ય હો. સું૦ મો૦ ૧૦
સું૦ કામિની જો ઇચ્છા કરો, તો વિલસો મુજ સંગ હો;
સું૦ મંદિર આવો માહરે, થાપું હું અરધાંગ હો. સું૦ મો૦ ૧૧
સું૦ હું વિદ્યાધર નંદનો, મૃગાંક માહરું નામ હો;
સું૦ રત્નાવલી વરવા જતાં, તુમ દીઠાં ઇણ ઠામ હો. સું૦ મો૦ ૧૨
સું૦ આવો બેસો વિમાનમાં, તુમશું લાગ્યો નેહ હો;
સું૦ રત્નાવલી રમણી હવે, ત્રિવિધે તજી મેં તેહ હો. સું૦ મો૦ ૧૩
સું૦ જિહાં મન માને જેહનું, તેહને તેહ સુહાય હો;
સું૦ દિવ્ય સ્વરૂપી દેખીને, દૂજી નાવે દાય હો. સું૦ મો૦ ૧૪
સું૦ સરાગ વચને મહાસતી, સાહસ ગુણ ભંડાર હો;
સું૦ મેરુચૂલા તણી પરે, ન ચલે તે નિરધાર હો. સું૦ મો૦ ૧૫
સું૦ જિમ જિમ મદન સંયોગથી, પ્રકાશે ગુણપ્રેમ હો;
સું૦ તિમ તિમ શુભ ધ્યાને ચડી, જલધિ વેલા જેમ હો. સું૦ મો૦ ૧૬
સું૦ કામી તે અંજનાને કરે, ઉપસર્ગ અનુકૂલ હો;
સું૦ કર્મ અહિયાસે આપણાં, એ રૂપ અનરથ મૂલ હો. સું૦ મો૦ ૧૭
સું૦ ધિગ્ ધિગ્ મુજ તનુકાંતિને, ધિગ્ ધિગ્ વિષયવિકાર હો;
સું૦ જીવ ભમે જગમાં સહી, એહ તણે અધિકાર હો. સું૦ મો૦ ૧૮
સું૦ શુકલ ધ્યાને તે મહાસતી, પામ્યાં પંચમ જ્ઞાન હો;
સું૦ કેવલ મહિમા સુર કરે, મૂકી મન અભિમાન હો. સું૦ મો૦ ૧૯
સું૦ દેવદુંદુભિ ગડગડે, આકાશે અભિરામ હો;
સું૦ કનક કમલે બેસારીને, સુણે દેશના શુભકામ હો. સું૦ મો૦ ૨૦

સું૦ મૃગાંક મન સાથે તિહાં, અચરિજ પામ્યો અત્યંત હો;
સું૦ મુખકમલે મોહી રહ્યો, પેખે પ્રેમસંભ્રાંત હો. સું૦ મો૦ ૨૧
સું૦ કેવલી કહે ઉપદેશમાં, પૂરવભવ વિરતંત હો;
સું૦ જયસૂર નામે તું હતો, શુભમતિનો કંત હો. સું૦ મો૦ ૨૨
સું૦ દેવ થયો બીજે ભવે, તિહાંથી ચવીને તેહ હો;
સું૦ ઇહાં આવી તું ઊપનો, મૃગાંક સુણ ગુણગેહ હો. સું૦ મો૦ ૨૩
સું૦ શુભમતિ જયસૂરની, રાણી રૂપનિધાન હો;
સું૦ સુરલોકથી ચ્યવી ઊપની, હું મદનાવલી અભિધાન હો. સું૦ મો૦ ૨૪
સું૦ તેં પ્રતિબોધ દીધો મને, દુઃખિણી વનમાં દેખી હો;
સું૦ પૂરવ વાત સવે કહી, સમજાવી સુવિશેષ હો. સું૦ મો૦ ૨૫
સું૦ અહો અહો અજિત અતુલબલી, પૂરવ પ્રેમ પંકુર હો;
સું૦ સુરનર કોઈ થંભે નહિ, પ્રેમ નદીને પૂર હો. સું૦ મો૦ ૨૬
સું૦ ભવમાં જીવ ભમે સહી, પ્રેર્યો પ્રેમનો બંધ હો;
સું૦ જાતિસ્મરણ પામ્યો તદા, મૃગાંક સુણી સંબંધ હો. સું૦ મો૦ ૨૭
સું૦ પૂરવ ભવ પેખી કહે, ધિગ્ ધિગ્ કર્મવિપાક હો;
સું૦ પરમ સંવેગ પામ્યો સહી, ઘટી ગઈ મોહની છાક હો. સું૦ મો૦ ૨૮
સું૦ અંતરગત આલોચીને, મહાવ્રત લિયે મદ મોડી હો;
સું૦ પ્રતિ ઉપકાર કર્યો તુમે, કહે જિનને કરજોડી હો. સું૦ મો૦ ૨૯
સું૦ વિદ્યાધર દેવ વંદી વળ્યા, કેવલી કીધ વિહાર હો;
સું૦ ઉગ્ર તપસ્વી તે થયો, મૃગાંક નામે અણગાર હો. સું૦ મો૦ ૩૦
સું૦ અનુક્રમે અણસણ લેઇને, આણી કર્મનો અંત હો,
સું૦ પંચમ ગતિ પામ્યો સહી, ત્રિવિધે નમું તે સંત હો. સું૦ મો૦ ૩૧
સું૦ ભવિઅણને પ્રતિબોધીને, પાલીને પરમાય હો;
સું૦ મદનાવલી તે સાધવી, પામી પંચમ ઠાય હો. સું૦ મો૦ ૩૨
સું૦ વિજયચંદ્ર કેવલી કહ્યો, ગંધપૂજા દૃષ્ટાંત હો;
સું૦ હરિચંદ્રે હરખે સુણ્યો, કરવા કર્મનો અંત હો. સું૦ મો૦ ૩૩

સું૦ ભવિયણ ભાવે સાંભળો, **ઉદયરતન** કહે એમ હો;
સું૦ સખરી ઢાળ એ સોળમી, પૂરણ થઈ પ્રેમ હો. સું૦ મો૦ ૩૪

### ઢાળ સત્તરમી

#### દોહા

પ્રથમ પૂજા પગથારીઓ, જાતાં શિવપુર જાણી;
કેવલી કહે હરિચંદ્રને, જિનપૂજા સુખખાણી. ૧
ધનસુખ ધણુ[1]સુખ ધામસુખ, શિવસુખ દેવવિમાન;
પૂજાથી ફલ પામિયે, કામિયે જેહ કલ્યાણ. ૨
પૂજા અષ્ટ પ્રકારની, ગંધાદિક ગુણવંત;
બીજી પૂજા ધૂપની, સુણો તેહનો દૃષ્ટાંત. ૩
મૃગનાભિ ચંદન પ્રમુખ, અગર કપૂર સુગંધ;
વારુ ધૂપ ઉવેખીને, જે પૂજે જિનચંદ. ૪
સુવિધિ ધૂપ સુગંધ શું, જે પૂજે જિનરાય;
સુરનર કિન્નર ઈંદ સવિ, પૂજે તેહના પાય. ૫
જિમ વિનયંધર જિન તણી, કરતાં ધૂપની ભક્તિ;
સુરનર સર્વને તે થયો, પૂજનીક ગુણવંત. ૬
સાતમે ભવ સિદ્ધિ ગયો, સુણો તેહનો સંબંધ;
અનુક્રમે આદિથી માંડીને, કેવલી કહે પ્રબંધ. ૭

(સુપાસ સોહામણા–એ દેશી.)

પોતનપુર વર રાજિયો રે, વજસિંહ બલવાન; નરેસર સાંભળો.
મતંગ રિપુમદ ગંજવા રે, ઉદ્ધત સિંહ સમાન. નરે૦ ૧
સર્વ અંતેઉરીમાં સહી રે, મનોહર માનિની દોય; નરે૦
કમલા વિમલા કામિની રે, સતીય શિરોમણિ સોય. નરે૦ ૨
પંચ વિષયસુખ ભોગવે રે, પામી પુણ્યસંયોગ; નરે૦
ભૂપતિ તેહશું ભીનો રહે રે, ભોગવતો સુખ ભોગ. નરે૦ ૩

---

૧ સ્ત્રી

પ્રમદા પુણ્ય થકી હવી રે, સાથે સગર્ભા દોય; નરે૦
પૂરણ માસે પુત્રને રે, સાથે પ્રસવી સોય. નરે૦ ૪
જનમ યોગે જનકે તદા રે, ઉત્સવ કરી અભિરામ; નરે૦
કમલ વિમલ દોય કુમરનાં રે, નિરુપમ દીધાં નામ. નરે૦ ૫
વિધિ જોગે એક વાસરે રે; પ્રસવ્યા વીર પ્રગટ્ટ; નરે૦
દિણયરની પેરે દીપતા રે, અવયવ ઘાટ સુઘટ્ટ. નરે૦ ૬
નિમિત્તિઓ તેડી નરપતિ રે, વિસ્મિત પૂછે વીર; નરે૦
કહો એ પુત્રમાં કોણ હોશે રે, રાજ્યધુરંધર ધીર. નરે૦ ૭
નિમિત્તિક નર કહે સાંભળો રે, સાચું માનજો સ્વામી; નરે૦
કમલકુમર તુમશું સહી રે, કરશે ક્રોધે સંગ્રામ. નરે૦ ૮
બત્રીશ લક્ષણે શોભતો રે, નિર્મલ સુગુણનિધાન; નરે૦
રાજ્યધુરંધર જાણજો રે, વિમલ વિમલ મતિવાન. નરે૦ ૯
ગણકની વાણી સાંભળી રે, રોષાતુર થયો રાય; નરે૦
પ્રચ્છન્ન ક્રોધે પરજલ્યો રે, આકુલ–વ્યાકુલ થાય. નરે૦ ૧૦
નિજ સેવકને મોકલી રે, કોપભરે ભૂપાલ; નરે૦
તેડાવે દિન દશ તણો રે, મુખ જોવા મિષે બાળ. નરે૦ ૧૧
માત ઉત્સંગથી લેઇને રે, બુદ્ધિપ્રપંચે બાલ; નરે૦
રજની સમય રોતો થકો રે, તે લાવ્યા તતકાલ. નરે૦ ૧૨
દુષ્ટ સેવક યમદૂતસ્યા રે, અવનીપતિ આદેશ; નરે૦
બાલ ગ્રહી મહાવનમાં રે, પહોત્યા દૂર પ્રદેશ. નરે૦ ૧૩
ભીષણ રૌદ્ર ભયંકરા રે, યમને રમવા જોગ; નરે૦
બાલ તજી તે થાનકે રે, સેવક ગયા ગત શોગ. નરે૦ ૧૪
અનુચર તે જઈને કહે રે, સમય લગે સુણો સ્વામ; નરે૦
જીવે નહિ બાલક જિહાં રે, તે મેલ્યો તિણે ઠામ. નરે૦ ૧૫
વયણ સુણી વસુધાપતિ રે, ઉદક અંજલિ તામ; નરે૦
મેહલીને મમતા તજી રે, ક્રોધનાં જોજો કામ. નરે૦ ૧૬

સુતવિરહે કમલા સહી રે, મહાદુઃખ પામી મન્ન, **કરમગતિ સાંભળો;**
નયણે નિઝરણાં ઝરે રે, ઉદક ન ભાવે અન્ન. **કરમ૦ ૧૭**
રુદન કરે રાણી ઘણું રે, પ્રસર્યું વિરહનું પૂર; **કરમ૦**
પયોધરે જલધરની પેરે રે, ઊલસ્યો દૂધે ઉર. **કરમ૦ ૧૮**
કમલ કમલ કહે કામિની રે, મુખકમલે વારંવાર; **કરમ૦**
કમલ સુકોમલ નાનડો રે, સાંભરે ચિત્ત મોઝાર. **કરમ૦ ૧૯**
સુતવિરહે દુઃખ માતને રે, ઊપજે જેહ અનંત; **કરમ૦**
જાણે તે પુત્ર વિયોગિણી રે, કે જાણે ભગવંત. **કરમ૦ ૨૦**
રોતીયે તેણે રોવરાવિયાં રે, નાગર લોકના વૃંદ; **કરમ૦**
સત્તરમી ઢાળે **ઉદય** વદે રે, કમલા પામી દુઃખ દંદ. **કરમ૦ ૨૧**

## ઢાળ અઢારમી

### દોહા

કમલકુમાર તણી કથા, સાંભળો હવે સહુ કોય;
રોતો રણમાં મેલિયો, આગળ શી ગતિ હોય. ૧
દેવકુમરસ્યો દીપતો, કરતો દિગ ઉદ્યોત;
તેજ તણો અંબાર તે, જાણે દિનકર જ્યોત. ૨
કાયા કુંકુમ રોલશી, કે જાણે જાસૂલ;
રાતા કમલ તણી પરે, ઓપે કમલ અમૂલ. ૩
રાતો ચોલસ્યો રૂઅડો, પરખી માંસનો પિંડ;
આમિષ જાણી ઊતર્યો, ભ્રાંતે પડ્યો ભારંડ. ૪

(ઋષભ જિનેસર પ્રીતમ માહરો રે-એ **દેશી.**)

**કરમ ન છૂટે કો કૃત આપણાં રે,** સુરનર કિન્નર કોડી;
જગમાં સમરથ જિનવર જેહવા રે, ચક્રી હરિબલ જોડી. **કરમ૦ ૧**
નલ પાંડવ સરીખા જે નરપતિ રે, મુંજ માંધાતા જેહ;
રાવણ રામ જેવા જે રાજવી રે, કર્મે ન છૂટ્યા તેહ. **કરમ૦ ૨**
તન મન વચને ત્રિવિધેશું સહી રે, કર્મ કરે જે જીવ;
ભમતાં ભમતાં તે વળી ભોગવે રે, મુખે પાડંતા રીવ. **કરમ૦ ૩**

કર્મ તણે વશ કમલકુમારને રે, ભારંડ માંસની ભ્રાંત;
ચંચુપટમાંહી ચાંપી ગ્રહ્યો રે, આકાશ પંથ ઊડંત. કરમ૦ ૪
બીજો ભારંડ પંખી મહાબલી રે, આવી મળ્યો અંતરાલ;
માંસ મોહે માંહોમાંહી ઝૂઝતા રે, મુખથી છૂટો રે બાલ. કરમ૦ ૫
અહો અહો ભવિતવ્યતાના ભોગને રે, અહો અહો કર્મ તણા એ લેખ;
રાય રાણા ઋષિ રાંક આદિ સહુ રે, ન છૂટે કર્મની રેખ. કરમ૦ ૬
કમલ પડ્યો સહસા એક કૂપમાં રે, ભાવિ કર્મને ભોગ;
જીવિતને બલે જોજો હવે રે, જે આગે મિલે જોગ. કરમ૦ ૭
જલ અરથી કો પંથી એ પૂરવે રે, આવ્યો તે વનમાંહી;
જલ કાજે જંગલ જોતાં તિણે રે, તે કૂપ દીઠો ત્યાંહી. કરમ૦ ૮
તૃષાતુર ગ્રીષમ ઋતુ આક્રમ્યો રે, ઉદક તણી ઇચ્છાય;
પડતું મેલ્યું તેણે કૂપમાં રે, અવલંબ્યો જલઠાય. કરમ૦ ૯
માર્ત્તંડ મંડલની પરે શોભતો રે, તેજ તણો રે અંબાર;
પડતો દીઠો તેણે પંથીએ રે, કમલ તે કૂપ મોઝાર. કરમ૦ ૧૦
જલ બાલસ્યો આવ્યો જલ લગે રે, પસારી ભુજ દંડ;
પડતો ઝીલ્યો તે પંથીએ તિસ્યેજી, કોમલ દુઃખ કરંડ. કરમ૦ ૧૧
વસ્ત્રે વીંટી જનક તણી પરે રે, પંથી ધરતો રે પ્રેમ;
કૂપમાંહી રહ્યાં કેમ જીવાશે રે, ચિત્તમાંહી ચિંતે રે એમ. કરમ૦ ૧૨
થાન વિના બાલક ભૂખ્યો થયો રે, ન રહે રોતો ખિણમાત્ર;
મુજ મરણાંત લગે રખે દુઃખ લહે રે, પંથી ચિંતે ગુણપાત્ર. કરમ૦ ૧૩
મુજને મિલ્યાનું ફલ જાણિયે રે, જો જીવે એ બાલ;
ચિંતા સમુદ્ર પડ્યો ઇમ ચિંતવે રે, તે પંથી તેણે કાલ. કરમ૦ ૧૪
સુબંધુ નામે સારથપતિ સાથશું રે, આવ્યો તેહ ઉદ્યાન;
અનુચર તેહના આવ્યા તિહાં વહી રે, જલ લેવા જલથાન. કરમ૦ ૧૫
ક્ષુધાતુર બાલક કંઠે દવી રે, કરુણ સ્વરે કૂપ માંહિ;
બાલકને પંથી તે બે જણા રે, મુખથી મેલે રે ધાહ. કરમ૦ ૧૬

વિવિધ વિલાપ કરે તે વળી વળી રે, સાલે નિજ દુઃખ શૂલ;
માનો વિરહો બાલક કિમ ખમે રે, મહાદુઃખનું એ મૂલ. **કરમ૦ ૧૭**
કૂઆ કાંઠે પડછંદા સુણી રે, સારથવાહને કહે લોક;
કૂઆમાંહી કાંઈ કારણુ અછે રે, પોઢી મેહલે રે પોક. **કરમ૦ ૧૮**
વિરતંત સારથવાહ તે સાંભળી રે, પરિકર લેઈ પાસ;
અનુક્રમે કૂઆ કાંઠે આવીને રે, તુરત કઢાવે રે તાસ. **કરમ૦ ૧૯**
યંત્રવિધિ યુગતિ મતિ કેળવી રે, સારથપતિ ગુણગેહ;
**ઉદયરતન** કહે અઢારમી ઢાળમાં રે, બાહિર કાઢયા એ બેહ. **કરમ૦ ૨૦**

## ઢાળ ઓગણીસમી

### દોહા

પાય પ્રણમી પંથી ભણે, સુબંધુ તું બંધુ સમાન;
બંધથી બેને છોડવ્યા, દીધું જીવિતદાન. ૧
સારથપતિ પંથી પ્રત્યે, પૂછે એમ પ્રબંધ;
કુણ બાલક એ કુણ તું, શ્યો એહશું સંબંધ. ૨
પંથી કહે પ્રભુજી સુણો, દારિદ્રી હું દીન;
દેશાંતર પંથે ચલ્યો, દુઃખિયો શંબલહીન. ૩
એ વનમાં આવ્યો જિસે, તૃષિત થયો ગતિ ભંગ;
પાત્ર વિના પ્રભુ કૂપમાં, પડતું મેલ્યું રંગ. ૪
વ્યોમથી પડતો વીજશ્યો, દીઠો એ મેં દાર;
કૂપોદર પડતો કરી, મેં ઝીલ્યો તેણી વાર. ૫
અરથ વિના અસમર્થ છું, શિશુ પાલું શી રીતિ;
તે માટે બાલક તુમે, પ્રભુ લિયો ધરી પ્રીતિ. ૬
સારથપતિ રાખ્યો તદા, આપી આથ અનંત;
પંથી પંથે પરિવર્યો, હૈયે હરખ ધરંત. ૭

( રાગઃ આશાવરી; દેશી વેલની )

વનિતાને સોંપ્યો તેણે વારૂ, વિનયંધર ધરી નામ;
પુત્રતણી પેરે પાલે પ્રેમે, રંગેશું અભિરામ. ૧

સારથપતિ હવે સાર્થ લેઈને, પંથ શિરે પરવરિયો;
કંચનપુરે કુશલે પહોત્યો, આવાસે ઊતરિયો. ૨
વિનયંધર તે વધતો વારુ, યૌવન પામ્યો જામ;
સુંદર રૂપ મનોહર શોભે, જાણે અભિનવ કામ. ૩
અંગવિભૂષિત વેલ સુખાસન, વાહને બેઠો હિંડે;
સારથપતિ સુતની પરે રાખે, પણ પુરજન તસ પીડે. ૪
કર્મંકર કહીને બોલાવે, સુબંધુએ પાળ્યો એહને;
પગની ઝાળ તે મસ્તક જાયે, વચન સુણીને તેહને. ૫
લોકને વચને લાજે મનશું, દુઃખ ધરે દિલ સાથે;
પરઘર વાસી પરની સેવા, ધિગ પડો સુખ માથે. ૬
મનશું એક દિન મહાદુઃખ પામી, આવ્યો નિજ આવાસે;
તિહાં મુનિવર દેખી મન હરખે, પ્રણમી બેઠો પાસે. ૭
સાધુ પયંપે સમકિત પાખે, જીવ ભમે સંસાર;
પૂજાનો અધિકાર પરંપર, ઉપદેશે અણગાર. ૮
ધૂપપૂજાશું પ્રેમ ધરીને, જે પૂજે જિનરાય;
સુરનર કિન્નર ભૂપ પુરંદર, પૂજે તેહના પાય. ૯
ભાવ ભેદ જુગતે જિનવરની, પ્રતિમા પૂજે જેહ;
જગતીમાં તે મહાજસ પામે, પૂજનીક હુએ તેહ. ૧૦
પૂરવ કર્મને પાછાં ઠેલી, પામે પરમ કલ્યાણ;
પ્રશંસનીક થાયે પૂજાથી, સુરનર માને આણ. ૧૧
ઇત્યાદિક ઉપદેશ સુણીને, વિનયંધર મન વેધ્યું;
અરચાનો અધિકાર તે જાણી, ભગવંત શું ચિત્ત ભેદ્યું. ૧૨
એક દિવસની પૂજા ન થાયે, પરવશ હું પરવાસી;
ધરમ વિના ધિગ એ જનમારો, ઇમ ચિન્તે ઉદાસી. ૧૩
નિત્યે ધૂપ સુગંધી નિરમલ, જે પૂજે જિનબિંબ;
ધન્ય પુરુષ તે પ્રાણી પામે, અવિચલ પદ અવિલંબ. ૧૪

મંદિર પહોતો તે મુનિવરના, વિનયંધર પાય વંદી;
ઇણે અવસર આવી ભેટ, સારથવાહને સુગંધી. ૧૫
ધૂપપૂડો એક ભેટ ધરીને, કાજ કરીને વળિયો;
પૂડો તે છોડતાં પરિમલ, સુગંધ ઘણું ઉછળિયો. ૧૬
સભા સર્વને વહેંચી આપ્યો, સારથપતિ ઉચ્છાંહિ;
વિનયંધર તે વસ્તુ લહીને, હરખ્યો હિયડામાંહી. ૧૭
ચંડી આદિ દેવને ચરણે, ધૂપ જઈ સહુ ધૂપે;
વિવેક ધરી વિનયંધર પહુતો, જિનમંદિર મન ચૂંપે. ૧૮
સંધ્યા સમે કર ચરણુ પખાલી, મુખકોશ કીધો રંગે;
ઓગણીસમી એ ઢાળ પ્રકાશી, **ઉદયરતન** ઉમંગે. ૧૯

## ઢાળ વીસમી

### દોહા

વિવેક વિધિ વારુ પરે, અવલોકી જિન રૂપ;
ધૂપે વિનયંધર તિહાં, ધૂપ કડૂછે ધૂપ. ૧
શૂરપણે સામો રહી, કરે પ્રતિજ્ઞા એમ;
જિહાં લગે ધૂપ એ પરજલે, તિહાં લગે ડગવા નેમ. ૨
મરણાંતે મૂકું નહિ, નિશ્ચય ત્રિવિધે નીમ;
પરિમલ પસર્યો પવનશું, ગગન ભૂમંડળ સીમ. ૩
તિણે અવસર અંબર પથે, યક્ષ સજોડે જાય;
વિમાને બેસી વ્યોમાન્તરે, તે આવ્યો તિણે ઠાય. ૪
યક્ષણી કહે તે યક્ષને, સ્વામી સુણો અરદાસ;
યુવાન પુરુષ જોવા જિસ્યો, સુંદર રૂપ પ્રકાશ. ૫
જિન આગલ જુગતે કરી, ધૂપ કરે ગુણગેહ;
ગંધ વિલુબ્ધી ગોરડી, કંત પ્રત્યે કહે તેહ. ૬
ધૂપ પરિમલ જિહાં લગે, તિહાં લગે પડખો સ્વામ !;
વચન સુણી કામિની તણા, વિમાન રાખ્યો તેણે ઠામ. ૭

( રાગઃ ગોડી; પામી સુગુરુ પસાય રે–**એ દેશી.** )

ધૂપ ધરી ગુણધામ રે, જિન આગે રહ્યો, ધ્યાન ધરીને એકમનો એ;
વિનયંધરશું રાગ રે, યુવતીનો જાણી, યક્ષને મહાક્રોધ ઊપનો એ. ૧

યક્ષ થઈ યમ રૂપે રે, ભુજંગ તણો ભારી, રૂપ ધર્યો રોષે કરી એ;
મણિધર મહાવિકરાલ રે, કાલો કાલસ્યો, ફણાટોપ મસ્તક ધરી એ. ૨

વિનયંધરની પાસ રે, ઉરગ આવ્યો વહી,–ફૂંકે ફુંફારવ કરે એ;
લાંબી નાખે ફાળ રે, ક્રોધી કૃતાંતસ્યો, રૂઠો જે જીવિત હરે એ. ૩

એહને ચલાવું આજ રે, ઠામથકી સહી, મુજ મહિલા એહશું મોહી એ;
વાંછે ભોગસંજોગ રે, દુષ્ટ તે દોઝીલો, ચિત્તમાં ચિંતે ઇમ દ્રોહી એ. ૪

નાઠા સઘળા લોક રે, પન્નગ પેખીને, વિનયંધર રહ્યો એકલો એ;
મેરુશિખર પરે ધીર રે, ચલાવ્યો નવિ ચલે, યક્ષ ચિન્તે ક્રોધાકુલો એ. ૫

બીજા બીહીના સર્વ રે, મુજને દેખીને, એહ પુરુષ પત્થર જિસ્યો એ;
તજ્યો નહિ નિજ ઠામ રે, મૌન ધરી રહ્યો, ભય દેખીને નવિ ખસ્યો એ. ૬

તો હું મહાબલવંત રે, દાઢસ્યું ડસી, પ્રાણ હરું એ પુરુષના એ;
ઇમ વિમાસી અંગ રે, ડસ્યો દુષ્ટ તે, વ્યાલે કીધી વેદના એ. ૭

જિમ વરસાલે વેલ રે, વીંટે વૃક્ષને, તિમ વિંટાણો તેહશું એ;
મરડે અંગોઅંગ રે, અસ્થિ કડકડે, તો પણ ન ચલ્યો મન્નશું એ. ૮

યક્ષ થયો પ્રત્યક્ષ રે, ધીરજ દેખીને, આનંદ્યો મન ઇમ ભણે રે;
સાહસને સંયોગ રે, તૂઠ્યો તુજ પ્રતિ, માગ માગ મુખ આપણે એ. ૯

અભિગ્રહ ધૂપને અંતરે, પારીને પછે, વિનયંધર ઇમ વીનવે એ;
પ્રથમ પ્રણમી પાય રે, જુગતે યક્ષને, ચતુરપણે મુખથી ચવે એ. ૧૦

સંપૂરણ મહાસુખ રે, પામ્યો પરિમલ, દેવ તુમારે દરિસણે એ;
અધિક થયો સંતુષ્ટ રે, વિનયંધર વયણે, વિનય વહાલો દેવને એ. ૧૧

દેવતણું દરશન રે, નિષ્ફલ નવિ હોયે, રત્ન આપ્યું એક રૂઅડું એ;
કરશે વિષ અપહાર રે, વળી તું જે વાંછે, આપું તે નહિ કૂઅડું એ. ૧૨

પુનરપિ પ્રણમી પાય રે, વિનયંધર વદે, કર્મંકર નામ માહરું એ;
તે ટાળો તુમે દેવ રે, કુલ પ્રગટ કરો, સફલ દરીસણ સહી તાહરું એ. ૧૩
દિન થોડામાં વંશ રે, પ્રગટ કરીશ કહી, યક્ષ અદર્શિત તે થયો એ;
પ્રેમે જિનનાં પાય રે, વિનયંધર વંદી, અરજ કરે આગળ રહ્યો એ. ૧૪
અજ્ઞાની હું અંધ રે, તુજ ગુણ પંથનો, પાર લેવા સમરથ નહિ એ;
તે ફળ હોજો મુજ રે, ધૂપપૂજાથકી, જે ફલ આપે તું સહી એ. ૧૫
પુનરપિ પુનરપિ પાય રે, પ્રણમે લળી લળી, કર જોડી સ્તવના કરે એ;
ધન્ય માની અવતાર રે, જિનને વાંદીને, આવ્યો આપણે મંદિરે એ. ૧૬
હવે જુઓ દેવ સંકેત રે, શી પેરે ફલે, કથા કહું હું તેહની એ;
તે નગરીનો નાથ રે, રત્નરથ નામે, કનકશ્રી તસ ગેહિની એ. ૧૭
તસ ઉદરે ઉત્પન્ન રે, બહુ પુત્ર ઉપરે, ભાનુમતી નામે સુતા એ;
એ કહી વીસમી ઢાળ રે, ઉદયરતન વદે, જિનપૂજા બહુ ગુણયુતા એ. ૧૮

## ઢાળ એકવીસમી

### દોહા

વસુધાપતિને વલ્લહી, પુત્રી પ્રાણ સમાન;
જીવન જટિકાની પરે, જતન કરે રાજાન. ૧
પંડિત પાસે અભ્યસે, આગમ અરથ વિન્નાણ;
પઢતાં સા પોઢી થઈ, રૂપકલા ગુણખાણ. ૨
બાલભાવ તજી બાલિકા, યૌવન પામી જામ;
કામ નૃપતિ કૂચમંડલે, તંબુ તાણ્યા તામ. ૩
ભાનુમતી ભૂષણ ધરા, સહુને જીવ સમાન;
અષ્ટ ગુણે સા સુંદરી, ઓપે બુદ્ધિનિધાન. ૪
એક દિન રાજ્ય આવાસમાં, છૂટી વેણી સુચંગ;
શય્યામાં સૂતી ડસી, ભાનુમતીને ભુજંગ. ૫
રાજભવનમાં ઉછળ્યો, કોલાહલ સમકાલ;
હા હા ધાઈ આવો સહુ, કાલે ડંકી બાલ. ૬

**( રાગઃ આશાવરી; સહજે છેડો રે દરજણ સહજે છેડો રે–એ દેશી. )**

આંખે આંસુ ઢાલે તિહાં રે, સપરિવાર નરનાહ;
કુમરીના આવાસમાં રે, આંસુનો ચાલ્યો પ્રવાહ રે.
**રાજા કહે રોઈ, કુમરી રે જીવાડો કોઈ;**
**કો મંત્રવાદી રે, નગરીમાં કો મંત્રવાદી રે.** ૧

સૂકા લાકડની પરે રે, અચેતન થઈ નિશ્ચેષ્ટ;
ધ્રસકી ધરણીતલે પડ્યો રે, નૃપ જોઈ તે દૃષ્ટિ રે. રાજા૦ ૨

નરપતિનું દુઃખ દેખીને રે, અંતેઉર પરિવાર;
ઊંચે સ્વરે આક્રંદશું રે, ધાહ મેહલે નરનાર રે. રાજા૦ ૩

ઘાડ ઉપર પલેવણું રે, ક્ષત ઉપર જેમ ખાર;
દૈવે તેમ કીધું સહી રે, મરતાને જેમ માર રે. રાજા૦ ૪

ચંદનાદિક શીતલ યોગથી રે, ચેતના પામ્યો ભૂપ;
કુમરીની અવસ્થા પેખીને રે, પડિયો ચિંતા કૂપ રે. રાજા૦ ૫

મંત્ર યંત્ર મણિ ઔષધિ રે, ગારુડ મંત્ર અનેક;
ભૂઆ ભામા આદિ ઘણા રે, જોયા એકે એક રે. રાજા૦ ૬

નાડી નસા રગ રોમમાં રે, સાતે ધાત શરીર;
વિષ સઘળે ભેદી વળ્યું રે, દૂધ ભળે જિમ નીર રે. રાજા૦ ૭

વિષહર વિદ્યાના ધણી રે, ઝેરનું દેખી જોર;
હાથ ખંખેરી તે રહ્યા રે, સહુ કરે તિહાં શોર રે. રાજા૦ ૮

સમશાને લેઇ સંચર્યા રે, પ્રેત નામે વનખંડ;
રુદન કોલાહલ નાદશું રે, ગાજી રહ્યો બ્રહ્માંડ રે. રાજા૦ ૯

ચંદન ચય ખડકાવીને રે, માંહે સુવાડી બાલ;
પાસે અગનિ પ્રજાલીને રે, મુખ મેહલે જેણે કાલ રે. રાજા૦ ૧૦

ઇણ અવસર હવે જે થયો રે, સુણજો તે અધિકાર;
કામ કરી પરગામથી રે, વિનયંધર તેણી વાર રે. રાજા૦ ૧૧

આવ્યો તે ઉદ્યાનમાં રે, કોલાહલ સુણી કાન;
પૂછે કોઇક પુરુષને રે, રૂએ કાં એ રાજાન રે. રાજા૦ ૧૨
વિરતંત તેણે માંડી કહ્યો રે, કુમર ભણી શુભ કામ;
ઉપગારની મતિ ઉલ્લસી રે, તે નરને કહે તામ રે. રાજા૦ ૧૩
ભૂપતિને ભાંખો જઈ રે, કુમરી જીવાડે કોય;
ઇમ નિસુણી અવનીશને રે, તુરત કહે નર સોય રે. રાજા૦ ૧૪
આયુ બલે આવી મળ્યો રે, ઉત્તમ એ નર આજ;
ઝેર હરી જીવિત દિયે રે, સુણો સ્વામી મહારાજ રે. રાજા૦ ૧૫
વિનયંધરને વીનવે રે, રાજા પ્રજા ને લોક;
અરજ કરે આગળ રહી રે, મેહલી મનનો શોક રે. રાજા૦ ૧૬
બાપના બોલશું દીઉં રે, જે મુખે માગો સ્વામ;
વળી વળી શું કહિયે ઘણું રે, જીવ આપું એ કામ રે. રાજા૦ ૧૭
વિનયંધર પ્રણમી વદે રે, એ શું કહો છો બોલ;
કાજ સર્યે કરજો તુમે રે, જે વાતે વધે તોલ રે. રાજા૦ ૧૮
ચતુરા ચંદન ચય થકી રે, તવ કાઢી તતકાલ;
વિનયંધર આગે ધરી રે, સહુ સાખે ભૂપાલ રે. રાજા૦ ૧૯
ગોમય મંડલ ઉપરે રે, ગૂંહલી કરાવી તામ;
અક્ષત કુસુમ શ્રીફલ ઠવી રે, તે ઉપરે અભિરામ રે. રાજા૦ ૨૦
સુવાડી સા બાલિકા રે, રત્ન ઊહલી[1] મન રંગ;
યક્ષને સંભારી યદા રે, છાંટયું કુમરી અંગ રે. રાજા૦ ૨૧
તે જલના પ્રભાવથી રે, ચેતના પામી બાળ;
ઉદયરતન કવિ ઇમ કહે રે, એકવીસમી ઢાળ રે. રાજા૦ ૨૨

## ઢાળ બાવીસમી
### દોહા

ઊઠી આળસ મોડીને, હરખ્યા તવ સહુ કોય;
સજ્જ થઇ સા સુંદરી, નયણ નિહાળી જોય. ૧

---
૧ પવિત્ર જલમાં નાખી.

જનક પ્રજા આંસુ જલે, કરતા વદન પખાલ;
વનખંડે સમશાન વિધિ, અન્ય અવસ્થા કાલ. ૨
પેખીને કુમરી કહે, એ શું કારણ આજ;
વિધિ સઘલી વિપરીત એ, સમશાનનો શ્યો સાજ. ૩
ધરણીપતિ ખોળે ધરી, વિષધર વિષને યોગ;
કારણ તે માંડી કહે, જે જે થયો સંયોગ. ૪
અંબુદની પરે ઉલટયા, હર્ષનાં આંસુ નયણ;
ગદ્દગદ સ્વરે હરખિત ચિત્તે, ભૂપતિ ભાખે વયણ. ૫

( સમુદ્ર પેલે પાર, ચમર ઢલાવે હો રાણો કાચિમો–**એ દેશી.** )

દીધું જીવિતદાન, એણે પુરુષે હો, અંગજા તુજ પ્રત્યે;
પર – ઉપગારી પ્રધાન, ભૂમંડલમાં હો, એ ગુણ છતે. ૧
વાત સૂણી તેણી વાર, ગુણની રાગી હો, હૈયે ધરે કન્યા;
ઇણે ભવે એ ભરતાર, મનશું એહવી હો, કીધી પ્રતિગના. ૨
તાત પ્રત્યે કહે એમ, જેણે પુરુષે હો, જીવિત દીધું મને;
પરણું તેહને પ્રેમે, અવર નરનું હો, નીમ લીધું મને. ૩
કુમરીને વચને તાત, મનશું હરખી હો, કહે દૂધે સાકર ભળી;
આગળથી એ વાત, અમે દિલમાં હો, ધારી છે એ વળી. ૪
કરવા ઓચ્છવ કાજ, ગજ આદિ હો, સામગ્રી ગેલશું;
મંગાવી મહારાજ, ગજ આરોહી હો, કન્યાવર એલિશું. ૫
હય ગય રથ દલ પૂર, પાયક પોઢા હો, આગળ પરવર્યાં;
ઊલટ આણી ઉર, પંચરંગી હો, આગે નેજાં ધર્યાં. ૬
નિસાણના નિરઘોષ, વિધવિધના હો, વાજિંત્ર વાજતે;
દેખી સમય નિરદોષ, તૂરને નાદે હો, અંબર ગાજતે. ૭
કીધો નગર પ્રવેશ, મંદિર આવી હો, મનના મોદશું;
નગરીમાંહી વિશેષ, ઘરે ઘરે ઉત્સવ હો, મંડાવે વિનોદશું. ૮

મંત્રીજનને રાય, વિનયંધરનો હો, વંશ પૂછે યદા;
તે બોલ્યા તેણે ઠાય, સારથપતિનો હો, સેવક છે મુદા. ૯
તેહને તેડી પાસે, સુબંધુને હો, ભૂપ પૂછે પછે;
વિનયંધર કુલવાસ, ઉત્પત્તિ એહની હો, કહોને કિમ અછે. ૧૦
કૂપકંઠે વિરતંત, પંથી વચને હો, જિમ ધાર્યો હતો;
માંડી કહ્યો એ તંત, એહની આઘી હો, વાત નથી લહેતો. ૧૧
વજ્રાહત નરનાહ, સંબંધ જાણી હો, સંશયમાં પડ્યો;
કિમ કરશું વિવાહ, જેહનો જોતાં હો, કુલ પણ નવિ જડ્યો. ૧૨
પંચની સાખે જેહ, આપ મુખથી હો, વચન જે ઉચ્ચર્યું;
અલીક ન થાયે તેહ, પહેલાં પોતે હો, અવિચાર્યું કર્યું. ૧૩
જાયે જો ધન ને રાજ, મૂલમાંહીથી હો, જીભ ઝાલી કઢું;
કોડી જો વિણસે કાજ, પ્રાણાન્તે પણ હો, વાચા ન પાલટું. ૧૪
સાપ છછુંદર જેમ, પકડી પછી હો, પછતાવો કરે;
ડોલાયે મન તેમ, ધરણીપતિ હો, સબલ ચિંતા ધરે. ૧૫
તિણ સમયે તે જક્ષ, કોઈક નરના હો, શરીરમાં સંક્રમી;
ભૂપ પ્રત્યે પ્રત્યક્ષ, વિનયંધરની હો, વાત કહી નમી. ૧૬
પોતનપુર વર ઠામ, વજ્રસિંહ હો, નામે નરવરુ;
પટરાણી અભિરામ, કમલા નામે હો, રૂપે મનોહરુ. ૧૭
તસ ઉદરે અવતાર, ગણક વચને હો, વનમાં વાસિયો;
ભારંડ કૂપ અધિકાર, તેણે પુરુષે હો, સઘલો પ્રકાશિયો. ૧૮
અનુક્રમે આવ્યો આંહી, સારથવાહે હો, પુત્ર કરી પાળિયો;
કર્મકર લોકમાંહી, નામ કહી હો, સંશય ટાળિયો. ૧૯
મેટી મનની ભ્રાંતિ, તેહના તનથી હો, યક્ષ દૂરે ગયો;
અવનીપતિ અત્યંત, વાત સુણીને હો, મન હરખિત થયો. ૨૦
રંગેશું કહે રાય, બહેન અમારી હો, કમલા જે કહી;
ભગિનીસુત સુખદાય, ભાગ્યે ભેટ્યો હો, ભ્રાંતિ ભાંગી સહી. ૨૧

અહો અહો કર્મ સંજોગ, કુણ કુણ કરણી હો, વિધાતા કેળવે;
અહો અહો ભાવી જોગ, કુણ કુણ કિહાંથી હો, આણી મેળવે. ૨૨
ઉત્સવ કરી અપાર, વિનયંધરને હો, પુત્રી પરણાવીને;
આપી અરથ ભંડાર, આવાસ આપે હો, ઋદ્ધિ ભરાવીને. ૨૩
કર મૂકાવણ કાજ, હય ગય આદિ હો, છત્ર ધરાવીને;
આપે અરધું રાજ, ધવલ મંગલ હો, ગીત ગવરાવીને. ૨૪
દેશ નગર ને ગામ, રાજ્ય સજાઈ હો, સાથે સજ્જ કરી;
ચોરીમાંહી અભિરામ, વિનયંધરને હો, આપી દીકરી. ૨૫
સરીખો પામી યોગ, ભાનુમતીશું હો, વિષયસુખ ભોગવે;
પૂરવ પુન્ય પ્રયોગ, જોર દિવાજે હો, રાજ નિયોગવે. ૨૬
એહ બાવીસમી ઢાળ, ઊલટ આણી હો, **ઉદયરતન** કહે;
સુણજો સહુ ઊજમાલ, જિનપૂજાથી હો, આગે જે સુખ લહે. ૨૭

## ઢાળ તેવીસમી

### દોહા

લલના લક્ષ્મી રાજસુખ, માતપિતા કુલશુદ્ધિ;
પામ્યો જિનપૂજા થકી, ઋદ્ધિ વૃદ્ધિ ગુણસિદ્ધિ. ૧
જિન આગે જુગતે કરી, જો ઊખેવ્યો ધૂપ;
પામ્યો તેહના પુન્યથી, અવની રાજ્ય અનૂપ. ૨
સુબંધુ સારથવાહશું, રાખે પ્રીતિ અખંડ;
મનમાંહી અમરષ વહે, પિતા ઉપર પ્રચંડ. ૩
બાલાપણનું બાપશું, વેર ધરી મનમાંહી;
પોતનપુર જાવા ભણી, કરે કટકાઈ ઉચ્છાંહિ. ૪

(રાગ : સિંધુઓ; દેશી કડખાની)

**કુંમર રણવટ ચડયો,** કટક ભટ લેઈને, ચઢત ભભાસ્વરે ધિંગ ધાયા;
રાણ મહારાણ ઘણ, ગઢપતિ ગંજણા, અતુલ બલના ધણી તુરત આયા.
કું૦ ૧

રાણીજાયા ખરા, પ્રબલ પરાક્રમધરા, યોધ ભુજ પ્રાણી જમ રાણુ રોકે;
વડ વડા વાગિયા, આવી ઊભા રહ્યા, કમલ કુમારને તામ ઢોકે.
કું૦ ૨

પહેરી સન્નાહ ને, ટોપ મસ્તક ધરી, ઢાલ તલવાર તરકસ બાંધી;
ધાવના દાવનો, લાહો લેશ્યાં ખરા, પંચ હથિયારે સંગ્રામ સાધી.
કું૦ ૩

પ્રૌઢ પર્વત જિસ્યા, શ્યામ ઘનઘોરસ્યા, મત્ત માતંગ મદવારિ ઝરતા;
કાલ કંકાલ, વિકરાલ ક્રોધાળુઆ, બહુલ સુંડાલ કલ્લોલ કરતા.
કું૦ ૪

અટપટા પોલ, પ્રાકાર ગઢ ગંજણા, ભંજણા સૈન્ય શત્રુ સંહારી;
તૂરના પૂરશું, શૂર જેહને ચડે, સૈન્ય આગે ધર્યો તે વકારી.
કું૦ ૫

પંચ કલ્યાણ કેકાણ, ઉત્તરપથા, પાણીપથા ભલા પંચવરણી;
પવનગતિ પાખર્યા, જેહ વાગે ધર્યા, તલફ દેતા ચલે અડે ન ધરણી.
કું૦ ૬

દેશ કંબોજના, ભલભલી ભાંતિના, ચંચલ ચાલ ચરણે ચલંતા;
ચરણ ચારે ધરી, થાલીમાં નાચતા, સજ્જ કીધા ઘણા હણહણંતા.
કું૦ ૭

ચાતુર ઘંટ, ફરકંત ઉપરિ ધજા, છત્રીસ આયુધે જેહ ભરિયા;
હયવર જોતરી, રથ બહુ સજ્જ કરી, સૈન્ય મુખ મંડલે તેહ ધરિયા.
કું૦ ૮

શૂર ઝૂઝાલ રણકાલ રોષાતુરા, તીર તરકસ ધરા વીર વારુ;
સૈન્ય આગે ધર્યા, પાલા તે પરવર્યા, પંચ હથિયારના જેહ ધારુ.
કું૦ ૯

ધાવ નિસાણ ને, સુભટ ઘનઘોરશું, કંચનપુરથકી વેગે ચઢિયો;
પોતનપુર તણે પરિસરે પાધરો, અનુક્રમે આવીને તેહ અડિયો.
કું૦ ૧૦

**દોહો** : કમલા અંગ કપોલ કર, વામ ફરૂકે નૈન;
પોતનપુરને પરિસરે, કમલ આવ્યો જિણુ દિન. ૧

**ઢાળ** : શુદ્ધિ પામ્યો સહી, શત્રુ આવ્યો વહી, ઉદ્દભટ સૈન્ય ચતુરંગ લેઇ;
પોતનપુર ધણી વાત એહવી સૂણી, તે ચઢયો ધાવ નીસાણુ દેઈ.
કું૦ ૧૧

રોપી રણથંભને, સાહમો ઊતર્યો, સિંધુએ રાગે સરણાઈ વાગી;
કમલકુમારના, કટકમાં સુભટને, તામ સંગ્રામની હુંશ જાગી.
કું૦ ૧૨

સામ સામા અડયા, ક્રોધ પૂરે ચડયા, રણુતણા તામ રણુ તૂર વાજે;
અંબર ગડગડે, ધરણીતલ ધડહડે, કાયર લડથડે દૂર ભાજે.
કું૦ ૧૩

ફોજ ફોજે અડી, રામ રાવણુ પરે, કોપ આટોપ ધરી લોહ કીધા;
કાઢી જમદાઢ, કરવાલ સુભટાં શિરે, દડબડે દોટ દેઈ ધાવ દીધા.
કું૦ ૧૪

જોર જમરૂપ, ધમસાણુ ધાયે ચઢે, બાણુને ઓઘે આકાશ છાયો;
નાલ કરનાર રણુતૂર રણુકી રહ્યા, [૧]મૈન ધન ગાજીને આપ આયો.
કું૦ ૧૫

લોહીના લાલ, કલ્લોલ ચાલે ઘણા, મસ્તક તિહાં તરે તુંબ રીતે;
રણુતણી ભૂમિમાં, હાક વાગી રહી, ભાગ મા ભાગ મા સુભટ ભીતે.
કું૦ ૧૬

[૧]ગુરજ [૨]ગુપતિ [૩]ગદા, [૪]કુંત [૫]સલ્લ મુદા, [૬]સાંગ [૭]ત્રિશૂલ ને [૮]પ્રાસ [૯]ગેડી;
યોધ ક્રોધે કરી, આયુધ કર ધરી, [૧૦]મોગરે [૧૧]મુશલે નાખે ઊથેડી.
કું૦ ૧૭

કુંત કુંતે અડે, ખગ્ગ ખગ્ગે ભડે, શિર વિના ધડ લડે સીમ ચાંપે;
લોહી ને માંસનો, રોલ માચી રહ્યો, જયો જયો જોગણી ગગને જંપે.
કું૦ ૧૮

---

૧ મનોહર; ૧ થી ૧૧ આ હથિયારનાં નામ છે.

ભાટ ભટ દેખીને, બોલે બિરુદાવલી, બિહુંના સ્વામી ચિહું પાસ પ્રેરે;
આ સમે માતને, લાજ લાઓ રખે, ગ્રાસ આપું ઘણા ઇમ ઉદે રે.
કું૦ ૧૯

ઇમ સૂણી સુભટનાં, શૂર વાધ્યાં ઘણું, અદ્ભુત તામ સંગ્રામ લાગું;
ઇણિ પરે યુદ્ધ, કરતાં થકાં તિહાં થકી, વજ્રસિંહરાયતું સૈન્ય ભાગું.
કું૦ ૨૦

ચંડ પોતે ચડ્યો, કુમર સામો અડ્યો, માંહોમાંહે દેખતાં વૈર જાગ્યું;
તાણી કમાણ ને બાણ મેલ્યું તદા, કમલ કુમારને કવચ લાગ્યું.
કું૦ ૨૧

કુમર ક્રોધે કરી, બાણ મેલે ફરી, છત્રને છેદીને મુગટ ઢાલ્યો;
દંત કરડી થયો, રાય રોષાતુરે, બાણ પુંખે ધરી ધનુષ્ય વાળ્યો.
કું૦ ૨૨

પુન્ય પરતાપે તે, યક્ષ પરગટ થયો, જનકને જોઈને તેહ થંભે;
દેહ અભ્યંતરે દાહ ઊઠ્યો ઘણું, અચરીજ જોઈને સહુ અચંભે.
કું૦ ૨૩

યુદ્ધની એ બની, સિંધુઆ રાગમાં, ઢાળ ત્રેવીસમી જાતિ કડખો;
**ઉદયરતન** મુનિ ઇણિપરે ઉચ્ચરે, ખળભળો મા તુમે પલક પડખો.
કું૦ ૨૪

## ઢાળ ચોવીસમી

### દોહા

ચંદન ચરચતા દેખીને, કુમર કહે ક્રોધાંધ;
અમેધ્ય લગાવો એહને, ન ઘટે એહને સુગંધ. ૧
અશુચિતણા સંજોગથી, શીતલ થાશે અંગ;
મધ્ય તાપ ટલશે તિણે, કુમર કહે ઈમ રંગ. ૨
યક્ષ જઈ કહે કુમરને, જો તું છંડ્યો વન્ન;
તો પણ તાત મટે નહિ, સાંભળ તું સુવચન્ન. ૩

દેવ ધર્મગુરુ માતાપિતા, એ તીન હોવે એક;
તેહશું અનીતિ ન બોલિયે, તાતશું કેહી ટેક. ૪
જનક પ્રત્યે કહે યક્ષ તે, મેલ તું મન સંતાપ;
ક્રોધ કરે છે કેહશું, એ બેટો તું બાપ. ૫
જન્મ જાતિ મુખ જોઈને, વનમાં વાસ્યો જેહ;
એ ઓળખજે આજ તું, ઇમ કહીને ગયો તેહ. ૬
યક્ષને વચને જનકને, ઊપનો અતિ ઉત્સાહ;
અંગે જાણે અમૃત ઢળ્યો, દૂર ગયો દુઃખદાહ. ૭
મૂકી મનનો આમળો, પહેલાં પ્રણમી પાય;
ખમાવે ખંતે કરી, જનક પ્રતિ તે જાય. ૮

( મદ આઠ મહામુનિ વારીયે–**એ દેશી** )

**મન મોહિયું મારું નંદને**, આજ ઊલટયો હરખ અગાધ રે;
મેં બાલાપણે વનમાં ધર્યો, તું ખમજે તે અપરાધ રે. **મન૦ ૧**
તવ કંઠાલિંગન દેઈને, જનકે ચુંબ્યું રંગ રે;
વળી માંહોમાંહી બેહુ મળ્યા, અતિ વાધ્યો તિહાં ઉછરંગ રે. **મન૦ ૨**
બેને આંખે આંસુ ઊલટયાં, હૈયામાંહી હરખ ન માય રે;
જેહ વિછડિયાં વાહલાં મલ્યાં, તેહથી શીતલ નથી કાંઈ રે. **મન૦ ૩**
તવ પેસારા ઓચ્છવ કર્યો, પોતનપુર નાથે જગીશ રે;
બહુ મંગલતૂર વજાવીને, વળી છત્ર ધરાવ્યો સીસ રે. **મન૦ ૪**
પુરમાંહી પુત્ર આવ્યા તણો, ઉત્સવ કરાવે અવનીશ રે;
સજ્જન સહુ આવીને મળ્યા, વધાવી દિયે આશીષ રે. **મન૦ ૫**
માત હવે મન મોદે કરી, મળવા આવી તિહાં ધાઈ રે;
હાંજી નયણે આંસુ નીતરે, રહી પુત્રને કંઠે લગાઈ રે. **મન૦ ૬**
પયોધરે જલધરની પરે, નેહે ચાલી દૂધ ધાર રે;
માતા મનમાં હરખી ઘણું, વળી જાગ્યો પ્રેમ અપાર રે. **મન૦ ૭**
વદને ચુંબે વળી વળી, જિમ વત્સને ચાટે ગાય રે;
હાંજી ધન્ય વેળા ધન્ય એ ઘડી, ત્રિસ્મિત ચિંતે મનમાંહી રે. **મન૦ ૮**

હાંજી બાલપણે હુલરાવીને, ખોળામાંહી ધરી તું દાર રે;
જેણે તુજને ધવરાવિયો, ધન્ય ધન્ય તેહનો અવતાર રે. **મન૦ ૯**
ધિગ ધિગ સહી મુજ અવતારને, હું પામી પુત્રવિયોગ રે;
મેં હરખે ન ગાયું હાલરું, પૂરવ ભવ પાપને ભોગ રે. **મન૦ ૧૦**
હવે કોઈક પુણ્ય કલ્લોલથી, મુજને આવી તું મળિયો રે;
સહી દુઃખ સર્વ દૂરે ટળ્યાં, આજથી મુજ દહાડો વળિયો રે. **મન૦ ૧૧**
સુખ ને દુઃખ સરજ્યાં પામિયે, માતાજી સૂણો મન રંગ રે;
હાંજી જેણે સમે જેહવું લખ્યું, ભોગવિયે તે નિજ અંગ રે. **મન૦ ૧૨**
કરતા હરતા એક કરમ છે, બાકી બલ નથી કેહનું રે;
વળી લિખિત હુએ તે પામિયે, શું દુઃખ ધરિયે મન તેહનું રે. **મન૦ ૧૩**
હાંજી સ્વજન કુટુંબ મેળો મલ્યો, મલ્યાં માતપિતા ને ભાઈ રે;
થયાં ઘર ઘર રંગ વધામણાં, સુખ પામી સહુ [1]લોકાઇ રે. **મન૦ ૧૪**
હવે મહીપતિ મનમાં ચિંતવે, ધિગ ધિગ સંસાર અસાર રે;
જોતાં સહી જગતી મંડલે, કોઈ થિર ન રહ્યો નિરધાર રે.
**મન મોહિયું મારું સંજમે. ૧૫**
નરપતિ કહે કમલકુમારને, તું સાંભલ પુત્ર સોભાગી રે;
એ રાજ્ય લીઓ તુમે માહરું, હવે હું તો થયો વૈરાગી રે. **મન૦ ૧૬**
ધિક્કાર પડો એ રાજ્યને, જેહથી એહવી મતિ જાગી રે;
મેં પુત્ર પોતાનો પાટવી, વનમાં છાંડ્યો વડભાગી રે. **મન૦ ૧૭**
મેં રાજ્યને લોભે રણે ચડી, લોહીની નીક ચલાવી રે;
હવે હા હા કહો કેમ છૂટશું, સુતને કહે સમજાવી રે. **મન૦ ૧૮**
જગ અનરથકારી એ ઘણું, વળી અમલ તણે અવસાને રે;
નરકાદિકનાં દુઃખ પામિયે, ઇમ ભાંખ્યું છે ભગવાને રે. **મન૦ ૧૯**
તે માટે તુમે આપે કરો, એ પોતનપુરનું રાજ રે;
હું સંયમ લેઈ આજથી, હવે સારીશ આતમ કાજ રે. **મન૦ ૨૦**

---
૧ જનતા.

ઇમ નિસુણીને અંગજ ભણે, તુમે સાંભળો તાત વચન્ન રે;
એ તો રાજ્ય અવસ્થા દેખીને, પ્રતિબોધ પામ્યું મુજ મન્ન રે. **મન૦ ૨૧**
જુઓ તુમ સાથે જાણી વઢ્યો, મેં કીધાં કર્મ અપાર રે;
હવે તે પાતકને ટાળવા, હું પણ થાઇશ અણગાર રે. **મન૦ ૨૨**
હાંજી વિમલને કીધો પાટવી, વજ્રસિંહ રાજાએ વેગે રે;
કમલે પણ સારથવાહને, નિજ રાજ્ય આપ્યું મન રંગે રે. **મન૦ ૨૩**
સહુ સાથે શીખ માગી હવે, શ્રી વિજયસૂરિ પાસે રે;
નરપતિ ને નંદન બે જણા, ચારિત્ર લેઇ મન ઉલ્લાસે રે. **મન૦ ૨૪**
બે વિહાર કરે વસુધાતલે, મહા તપ તપીને સોય રે;
ગયા માહેંદ્ર સુર લોકે મરી, થયા દેવ નિરુપમ દોય રે. **મન૦ ૨૫**
એ ઢાળ કહી ચોવીસમી, **ઉદયરતન** વદે ઇમ વાણી રે;
અવસર લહીને એમ ચેતજો, શ્રોતાજન ઉલટ આણી રે. **મન૦ ૨૬**

## ઢાળ પચીસમી

### દુહા.

દેવ ચવી દેવલોકથી, ખેમપૂરે શુભ ઠામ;
પિતા જીવ રાજા થયો, પૂર્ણચંદ્ર ઇણે નામ. ૧
પુત્ર જીવ પણ તિણ પુરે, શેઠ ખેમંકર ગેહ;
વિનયમતીની કૂખમાં, જઇ ઉપનો તેહ. ૨
પૂરણ માસે પુન્યથી, જનમ્યો સુંદર જાત;
સુરનરને જોવા જિસ્યો, હરખ્યાં તાત ને માત. ૩
જનમ થકી જેહને તને, સુરપ્રિય ગંધ સુવાસ;
અન્ય વસન તનુ મહમહે, જે ફરસે તનુ તાસ. ૪
નવિ જાણી નવિ સાંભળી, માનવ લોકમોઝાર;
તેહવી ઉત્તમ વાસના, પ્રસરી ભુવન અપાર. ૫
જે તેડે જે તન અડે, પામે પરિમલ તેહ;
સહુ મલીને તવ કહે, ધૂપસાર સહી એહ. ૬
ધૂપસાર તેહનું ધર્યું, ગુણનિષ્પન્ન સુનામ;
અનુક્રમે યૌવને આવિયો, રૂપકલા ગુણધામ. ૭

( સોળમા શ્રી જિનરાજ ઓલગ સુણો અમ તણી, લલના-**એ દેશી.** )

( રાગ : મારૂ. )

જિમ મલયાચલ નવખંડ, શ્રીખંડ મહમહે; **સાજનજી;**
તિમ ઉત્તમ વાસ અખંડ, કુમરની સહુ લહે. **સાજનજી.** ૧
જિમ પારિજાતકનું ફૂલ, અમરનાં મન હરે; **સા૦**
તિમ તનુ ગંધ અમૂલ, લહી જન અનુસરે. **સા૦** ૨
ધરા ઉપરે ધૂપસાર, ભલે એ અવતર્યો; **સા૦**
સુગંધ તણો ભંડાર, સોભાગી ગુણભર્યો. **સા૦** ૩
બહુ જલમાંહી તેલ, વેગેશું વિસ્તરે; **સા૦**
તિમ કુમર તણી યશરેલ, ચાલી સઘલે પુરે. **સા૦** ૪
પરણાવી સુંદર નારી, વિષયસુખ ભોગવે; **સા૦**
તેહના જે પાંચ પ્રકાર, જુગતિ શું જોગવે. **સા૦** ૫
તે કુમરને સાનુકૂલ, વસન જન ધૂપીને; **સા૦**
પહેરીને પટકૂલ, ભેટે જઈ ભૂપને. **સા૦** ૬
લોકને પૂછે અચંભ, મનશું મહીપતિ ચકી; **સા૦**
એવો દેવોને દુર્લભ, પામ્યા ધૂપ કિહાં થકી. **સા૦** ૭
તુમ વસ્ત્ર વાસ્યાં છે જેણે, પ્રકાશો તે સહી; **સા૦**
તે જન કહે સાચું વેણ, ભૂપતિ આગલ રહી. **સા૦** ૮
સ્વામી સુણો સસનેહ, અમારી વિનતિ, **રાજનજી;**
સહી વસ્ત્ર અમારાં એહ, ધૂપે ધૂપ્યાં નથી, **રાજનજી;** ૯
ખેમંકર શેઠનો નંદ, રૂપે રળિયામણો; **રા૦**
તેહના તનુનો ગંધ, સુરભિ સોહામણો. **રા૦** ૧૦
ધૂપસાર કુમરને પાસે, બેસે જે નર જઈ; **રા૦**
તે પાસે એહવો સુવાસ, સાચું માનો સહી. **રા૦** ૧૧
અમરષ આણી મનમાંહી, તેડાવ્યો તેહને, **સાજનજી;**
તે આવી પ્રણમે પાય, નમાવી દેહને, **સાજનજી.** ૧૨

રોષે ભર્યો મહારાણ, કુમરને ઇમ કહે; સા૦
કુણ ધૂપ તણે પરમાણ, કાયા તુજ મહમહે. સા૦ ૧૩
ધૂપસાર કહે ગુણવંત, એહ તનથી ઉપનો, રાજનજી;
સ્વાભાવિક ગંધ અનંત, નથી ગુણ ધૂપનો. રા૦ ૧૪
વસુધાપતિ સાંભલી વાણી, રૂઠયો મન આપણે, રાજનજી;
રોષે થઇ જમરાણ, સેવક પ્રત્યે ભણે. સા૦ ૧૫
અમેધ્યે લેપી અંગ, બેસારો બાહિરે; સા૦
સુગંધ મટે મળગંધ, દુરગંધ જેમ વિસ્તરે. સા૦ ૧૬
સેવક સાંભળી નિરધાર, કહ્યું તેમ જ કર્યું; સા૦
સહુ સાંભળજો તેણે વાર, થયું તે ઉચ્ચર્યું. સા૦ ૧૭
તે યક્ષ ને યક્ષણી દોય, મરી માનવ થઇ; સા૦
જિમ ધર્મ આરાધી સોય, સુરગતિ પામ્યાં સહી. સા૦ ૧૮
દો દેવ થયાં દિવ્ય રૂપ, અવનીતલે આવીને; સા૦
કેવલીને પૂછે અનુપ, સંદેહ શિર નામીને. સા૦ ૧૯
વિનયંધરનો જીવ, કેહી ગતિમાં અછે; સા૦
કેવલી કહે અતીવ, સંબંધ માંડી પછે. સા૦ ૨૦
સાંભળી સઘળો સંબંધ, પૂરવના પ્રેમથી; સા૦
સુરભિ જલ ફૂલ સુગંધ, વરસાવે વ્યોમથી. સા૦ ૨૧
ધૂપસાર ઉપર જલ ફૂલ, વરસાવ્યાં નેહથી; સા૦
અધિક સુગંધ અમૂલ, ઉછલિયો દેહથી. સા૦ ૨૨
પ્રસરી અવની આકાશ, દશો દિશિ વાસના; સા૦
પામી મનશું ઉલ્લાસ, આવે સહુ આસના. સા૦ ૨૩
અચરિજ દેખી અવનીશ, ચિંતે મદ મોડીને; સા૦
ધૂપસારને નામી શીશ, કહે કર જોડીને. સા૦ ૨૪
ગુણવંત તુમે ગંભીર, અમે ઓછા ઘણું; સા૦
ખમજો અપરાધ સુધીર, કરું છું ખામણું. સા૦ ૨૫

ધૂપસાર કહે કાંઇ વાંક, નથી નૃપ તુમ તણો; સા૦
શુભાશુભ કર્મ વિપાક, ટાળ્યા ન ટળે સુણો. સા૦ ૨૬
પૂરવકૃત કર્મપ્રસંગ, કોઇ છૂટે નહિ; સા૦
પચવીસમી ઢાળ સુરંગ, ઉદયરતને કહી. સા૦ ૨૭

## ઢાળ છવ્વીસમી

### દોહા

અદ્ભુત ગુણ અવલોકીને, મહીપતિ મેલ્યો મન્ન;
અવનીભૂષણ અવતર્યો, ધૂપસાર ધન ધન્ન. ૧
નિર્દય નિરલજ નિગુણ નર, અનેક કરે ભૂભાર;
ક્ષમાવંત ગુણ આગળો, ધન્ય તેહનો અવતાર. ૨
મુજ નગરી આરામમાં, એ સહી ચંપક છોડ;
બીજા નર બાઉલ જિસ્યા, નહિ કોઈ એહની જોડ. ૩
ગંધસાર ગુણ જાણીને, કર્યો પંચાંગ પસાય;
રાજા ને પરજા મળી, પ્રણમે તેહના પાય. ૪
અહો અહો ઉત્તમ વાસના, એહનો કારણ આજ;
કેવલીને જઈ પૂછિયે, મન ચિંતે મહારાજ. ૫

(પાપ સ્થાનક કહ્યું હો ચૌદમું આકરું–એ દેશી.)

ધૂપસારશું ભૂધવ હો, ઈમ સંશય આણી;
પરિકર લેઈ સાથે હો, ગેલે ગુણખાણી. ૧
ચતુરંગ સેનાશું હો, વંદણ વેગે ચલ્યો;
વન આવી જિનને હો, વંદે હેજે હલ્યો. ૨
પૂરી વિધે પ્રણમી હો, નિરવદ્ય ભૂમિ જિહાં;
બેઠાં નરનારી હો, સૂણે ઉપદેશ તિહાં. ૩
કેવલી કરુણાકર હો, ભવિયણને ભાંખે;
ભવમાં ભમે પ્રાણી હો, જિનમારગ પાખે. ૪
એણે લાખ ચોરાશી હો, જીવયોનિ ભમી;
પહેલે ગુણઠાણે હો, ભવની કોડી ગમી. ૫

આઠે મદ આદે હો, પરમાદ પંચ કહ્યા;
પાંસઠ પ્રકારે હો, તેહના ભેદ લહ્યા. ૬
સંસાર પરંપર હો, તેહને વશ પડિયો;
પ્રાણી દુઃખ પામે હો, મિથ્યાત્વે નડિયો. ૭
માનવભવ મોંઘો હો, પામી પુણ્યબલે;
સદ્‌ગુરુ સંયોગે હો, સમકિત શુદ્ધ મલે. ૮
વિષયાદિક યોગે હો, આલે કાં હારો;
સમકિત મૂલ સાધી હો, આતમને તારો. ૯
સમકિત સદ્દહણા હો, ધરજો એકમના;
કરણી નહિ લેખે હો, સમકિત શુદ્ધ વિના. ૧૦
વહાલું ને વૈરી હો, જગમાં કોઈ નથી;
સુખ દુઃખ લહે કરમે હો, જોજો મને મથી. ૧૧
તન મન વચન શું હો, કર્મ કરે જેહવાં;
પોતે ફલ પામે હો, ત્રિવિધે શું તેહવાં. ૧૨
ઉપદેશ સુણીને હો, પુનરપિ જિન વંદી;
મહીપતિ મનમોદે હો, પૂછે આનંદી. ૧૩
સ્વામી ધૂપસારે હો, કીધું પુણ્ય કિશ્યું;
શુભગંધે વાસિત હો, ઉત્તમ અંગ ઇસ્યું. ૧૪
કુણ કર્મ વિશેષે હો, મેં ગુન્હા વિણ ગરવે;
અશુચિ તન ખરડ્યું હો, તે પ્રકાશો સરવે. ૧૫
કુણ પુણ્યપ્રભાવે હો, સુર-સાન્નિધ્ય હવી;
પૂછું છું તુમને હો, કૌતુક વાત નવી. ૧૬
મુનિ કહે સુણ એણે હો, દેવાનુપ્રિય !
ત્રીજે ભવે પૂજા હો, કીધી સુપ્રિય. ૧૭
કીધી જિન આગે હો, પૂજા ધૂપ ધરી;
ભાવી ભલી ભાવન હો, નિશ્ચલ ચિત્ત કરી. ૧૮

ધૂપસાર સુગંધી હો, તેણે એહ થયો;
મનોહર સુરસેવિત હો, સુંદર રૂપ લહ્યો. ૧૯
નર દેવ તણા ભવ હો, ત્રણ ત્રણ વાર લહી;
સાતમે ભવ સિદ્ધે હો, જાસ્યે દીક્ખ ગ્રહી. ૨૦
ત્રીજે ભવ તાહરો હો, એ હુતો પુત્ર સહી;
પોતનપુર આદે હો, સઘલી વાત કહી. ૨૧
જે ઈણે વળી રણમાં હો, તુજને ઈમ કહ્યો;
અશુચિ તન લેપો હો, સંપ્રતિ તેહ લહ્યો. ૨૨
મુનિવચને જાણી હો, પૂરવ વાત મુદા;
ધૂપસાર તે પામ્યો હો, જાતિસ્મરણ તદા. ૨૩
ધરમ મતિ જાગી હો, ભાગી મોહદશા;
ધૂપસાર ને ભૂપતિ હો, સંયમપંથે ધસ્યા. ૨૪
તે કેવલી પાસે હો, સંયમ શુદ્ધ ગ્રહી;
વિધિશું વ્રત પાલે હો, ટાળે કર્મ સહી. ૨૫
ધૂપસાર મુનિસર હો, અંતે આયુ ખપી;
પહેલે દેવલોકે હો, પહોતો ઉગ્ર તપી. ૨૬
સુર–નરના ત્રણ ત્રણ હો, શુભ અવતાર કરી;
સપ્તમ ભવ છેહડે હો, પહોત્યો સિદ્ધિપુરી. ૨૭
પૂરણચંદ્ર પણ હો, રૂડો રાજઋષિ;
સદ્ગતિ સંચરિયો હો, સંજમ પુણ્ય થકી. ૨૮
ધૂપસારનો બીજો હો, દૃષ્ટાંત એ દાખ્યો;
હરિચંદ્ર સદ્દહજો હો, જુગતે જિમ ભાખ્યો. ૨૯
છવ્વીસમી ઢાળે હો, ઈણી પેરે ઉદય કહે;
શુભ ધૂપપૂજાથી હો, શિવપદવી લહે. ૩૦

## ઢાળ સત્તાવીસમી

### દોહા

અર્ચા અષ્ટ પ્રકારની, સૂણ હરિચંદ્ર રાજન;
અનુક્રમે આઠે જાણજે, સ્વર્ણ તણાં સોપાન. ૧

સમકિતને અજવાળવા, ઉત્તમ એહ ઉપાય;
પૂજાથી તું પ્રીછજે, મનવાંછિત સુખ થાય. ૨
અક્ષત શુદ્ધ અખંડશું, જે પૂજે જિનચંદ;
લહે અખંડિત તેહ નર, અક્ષય સુખ આનંદ. ૩
અક્ષત જિન આગે ધરી, જિમ શુકયુગલ પ્રધાન;
સુરનરનાં સુખ ભોગવી, પામ્યા શિવપદ થાન. ૪
કહે કરુણાનિધિ કેવલી, સૂણ તેહનો સંબંધ;
સાંભળતાં સુખ ઊપજે, ભાંજે ભવનો બંધ. ૫
દીપે દક્ષિણ ભરતમાં, શ્રીપુર નગર સુથાન;
રાજ્ય કરે શ્રીકાંત નૃપ, અભિનવ ઇંદ્ર સમાન. ૬
શ્રીદેવી પટરાણિણી, શ્રીદેવી સમ રૂપ;
શીલ કલાયે શોભતી, સુંદર સુઘટ અનૂપ. ૭

(રાગ : સારંગ; મલ્હાર. સંજમ રંગ લાગ્યો—એ **દેશી.**)

પુર બાહિર ઉદ્યાનમાં રે, સુંદર ભૂમિને ભાગ, **સુણ નૃપ સોભાગી;**
ઉત્તમ એક આરામ છે રે, અભિનવ ઈંદ્રનો લાગ. સુ૦ ૧
નાનાવિધ ફલ ફૂલશું રે, શોભી તરુની હાર; સુ૦
ચિહું દિશિ વૃક્ષના કુંજમાં રે, ભ્રમર કરે ઝંકાર. સુ૦ ૨
સુરપ્રિય થલ સોહામણો રે, તેહની મધ્યે એક; સુ૦
ઋષભ જિન પ્રાસાદ છે રે, રમ્ય મનોહર છેક. સુ૦ ૩
શિખર ઉપર ધ્વજ શોભતો રે, વ્યોમ શું માંડે વાદ; સુ૦
ચિહું દિશિ મંડપ શ્રેણિમાં રે, રણકે ઘંટાનાદ. સુ૦ ૪
દીપે દેવ વિમાનસ્યો રે, ત્રૈલોક્યોત્તમ ઉદ્દામ; સુ૦
સોવન કલશ સોહામણો રે, ઓપે તે અભિરામ. સુ૦ ૫
તે જિનભવન આગે અછે રે, સુરતરૂ સમ સહકાર; સુ૦
શીતલ છાયા જેહની રે, વિપુલ શાખા વિસ્તાર. સુ૦ ૬
કીર યુગલ એક તિહાં વસે રે, તે આંબાને ડાળ; સુ૦
અન્યો અન્યે સ્નેહ છે રે, સુખે ગમે છે કાળ. સુ૦ ૭

પાવસ ઋતુ પુરી થઈ રે, શરદે કર્યાં મંડાણ; સુ૦
વારુ પીત વસુંધરા રે, નીર ગર્યા નિવાણ. સુ૦ ૮
કલહંસા કલરવ કરે રે, સરે ફૂલ્યાં અરવિંદ; સુ૦
મુક્તાફલ સમ શોભતા રે, કમલદલે જલબિંદ. સુ૦ ૯
વનવાડી ઉદ્યાનમાં રે, કુંજારવ કલ્લોલ; સુ૦
શાલિનાં ક્ષેત્ર સોહામણાં રે, કણશિર લલકે લોલ. સુ૦ ૧૦
હવે તે સૂડી અન્યદા રે, કંત પ્રતિ કહે વાણ; સુ૦
શાલિસરાં એ ક્ષેત્રથી રે, આપો મુજને આણ. સુ૦ ૧૧
ગર્ભ પ્રમાણે ઉપનો રે, મુજને દોહલો આજ; સુ૦
તે માટે વેગે તુમે રે, એ કરો ઉત્તમ કાજ. સુ૦ ૧૨
શાલિસરું લેતાં થકાં રે, જો જાણે અવનીશ; સુ૦
શુક કહે વેગે કરી રે, ક્રોધે કાપે શીશ. સુ૦ ૧૩
સુણ સ્વામી સૂડી ભણે રે, ધિક્ તાહરો અવતાર; સુ૦
ઇચ્છે આપ ઉગારવા રે, મરતી મેલી નાર. સુ૦ ૧૪
તે જિવિત શા કામનું રે, વાહલા વર્જિત જેહ; સુ૦
જીવ સાટે જીવાડીયે રે, સ્વજનને ગુણગેહ. સુ૦ ૧૫
સ્વજનને ઉગારતાં રે, જો જાયે નિજ પ્રાણ; સુ૦
હાણ નથી એ વાતમાં રે, સાંભળ ચતુર સુજાણ. સુ૦ ૧૬
વચન સુણી વનિતા તણાં રે, લાજ્યો તે મનમાંહ્ય; સુ૦
આયુ કરી અળખામણું રે, શાલિ લેવા જાય. સુ૦ ૧૭
શાલિસરૂં લઈ ચાંચમાં રે, આવ્યો સૂડી પાસ; સુ૦
શાલિ ભક્ષી હરખી ઘણું રે, પામી પરમ ઉલ્લાસ. સુ૦ ૧૮
તે પોપટ ઇમ દિન પ્રત્યે રે, તિહાં જઈ લાવે શાલિ; સુ૦
રક્ષકને તે છેતરી રે, અંબર તલ દિયે ફાલ. સુ૦ ૧૯
ઘાત કલા ખેલે ઘણું રે, કામિની વચને કીર; સુ૦
મોહવશે નર નારીનું રે, પાયું પીયે નીર. સુ૦ ૨૦

બીહાવ્યો બીહે નહિ રે, પાહરુ પૂંઠે ધાય; સુ૦
મગે હળ્યા મૃગની પરે રે, હાક પડંતા ખાય. સુ૦ ૨૧
અન્ય દિવસ આવ્યો તિહાં રે, શ્રી શ્રીકાંત નરેશ; સુ૦
પેખે પંખીયે શાલિનો રે, ખાધો ક્ષેત્રપ્રદેશ. સુ૦ ૨૨
ભલું જતન એ તાહરૂં રે, રક્ષકને કહે રાય; સુ૦
વિણસાડયો વિહંગમે રે, ખેત્ર દીસે આ ઠાય. સુ૦ ૨૩
સ્વામી એક ઇહાં સૂડલો રે, જતન કરતાં જોર; સુ૦
શાલિ માંજર મુખમાં ગ્રહી રે, નાસે તે જિમ ચોર. સુ૦ ૨૪
ગોલા ગોફણ દેખીને રે, ન ધરે મન ઉચાટ; સુ૦
આ પોપે જે આગમે રે, તે યમશિર પાડે વાટ. સુ૦ ૨૫
બલ જોજો પંખી તણું રે, દિનપ્રતિ દેઈ દોટ; સુ૦
શાલિ ગ્રહી પાછો વળે રે, ચૂકે નહિ જે ચોટ. સુ૦ ૨૬
નરપતિ કહે યંત્રશું રે, પાશે પાડી તાસ; સુ૦
ચોર તણી પેરે ઝાલીને રે, લાવજો મારી પાસ. સુ૦ ૨૭
અન્ય દિવસ તે કીરને રે, અવનીપતિ આદેશ; સુ૦
ઝાલ્યો સૂડી દેખતાં રે, પાશકલે સુવિશેષ. સુ૦ ૨૮
મન મુઝાણી સા શુકી રે, દુઃખ ધરતી અતિરેક; સુ૦
નયણે આંસુ ઢાલતી રે, પતિને પરવશ દેખ. સુ૦ ૨૯
રડતી રાજસભા લગે રે, પહોતી પિયુને સાથ; સુ૦
શાલિપાલ કર જોડીને રે, વિનવીયો ભૂનાથ. સુ૦ ૩૦
તસ્કરની પેરે બાંધીને રે, તુમ ગુન્હી શુક એહ; સુ૦
આણ્યો રાજ હજૂરમાં રે, સુણ સ્વામી સસનેહ. સુ૦ ૩૧
રાગ સારંગ મલ્હારમાં રે, સત્તાવીસમી ઢાળ; સુ૦
ઉદય કહે આગે હવે રે, સુણજો વાત રસાળ. સુ૦ ૩૨

## ઢાળ અઠ્ઠાવીસમી

### દોહા

તે શુક દેખી રાય તવ, ખડગ ગ્રહી નિજ પાણિ;
ક્રોધાકુલ તે કીરને, મારે જવ મહારાણ. ૧

તે સૂડી સહસા તદા, પામી મહાદુઃખ પૂર;
પતિ અંતરે આવી પડી, થર થર કંપે ઉર. ૨

સૂડી કહે શંકા તજી, મુજને હણ રાજન;
મેલ તું મારા નાથને, શુક મુજ જીવ સમાન. ૩

મુજ માટે એણે કર્યું, નિજ જીવિત તૃણ તુલ્ય;
મુજ મન દોહલો પૂરવા, લાવ્યો શાલિ અમૂલ્ય. ૪

પ્રાણ તજું પ્રિયકારણે, મનશુદ્ધે મહારાજ;
શુકને મેલ તું જીવતો, હણ તું મુજને આજ. ૫

મુજ ઊભાં સૂડી મરે, તો મેં કિમ રહેવાય;
શુક કહે સ્વામી તુમે, મુજને મેહલો ઘાય. ૬

કહે રાજા હસી કીરને, તું પંડિત વિખ્યાત;
મહિલા કાજે જે મરે, એ નહિ જુગતી વાત. ૭

નર કાજે નારી મરે, એ તો છે વ્યવહાર;
નારી–કારણ નર મરે, તે નર સહી ગમાર. ૮

( સુદામાની દેશી, રાજગૃહી નગરી મોઝારો જી–એ **દેશી**

નરપતિની વાણી સુણી, બુદ્ધિ વિચારે પંખિણી,
તેહ તણી, મતિ જુઓ હવે નિર્મળી જી;
સૂડી કહે સુણો રાયજી, અણબોલ્યો ન રહેવાય જી;
ન્યાયજી, જુઓ તપાસી મનરળી જી. ૧

ત્રૂટકઃ જુઓ તપાસી બુદ્ધિ પ્રકાશી, વિમાસી ગુણગેહ રે;
માત પિતા ધન જીવિત છાંડી, રમણી રાતો જેહ. ૨
વ્યસનવિલુબ્ધો મહિલાલુબ્ધો, શ્યાં શ્યાં ન કરે કાજો રે;
સુરનર કિન્નર અસુર વિદ્યાધર, કેહની ન રહે લાજો. ૩
નારી કાજે નગન થઈને, ઈશ્વર આપે નાચ્યો રે;
અરધ અંગ આપ્યું ઉમયાને, રમણી રંગે રાચ્યો. ૪

ઇંદ્રચંદ્ર નાગેંદ્ર નરેશ્વર, અલવેસર અવધૂતા રે;
ધ્યાની જ્ઞાની મહા અભિમાની, પ્રેમના પંકે ખૂતા. ૫

ઢાળ: સૂડી કહ્યો સુણો સ્વામીજી, મરણ ન દેખે કામી જી;
ખામી જી, સુરપતિ સરીખા સહુ ખમે જી;
તો બીજા કેમ લાજે જી, શ્રીદેવીને કાજે જી;
રાજે જી, મરણ ગણ્યો નહિ તિણ સમે જી. ૬

ત્રૂટક: મરણ ગણ્યું નહિ યમપુરી જાત્રા, હુંશ કરી મનમાંહિ રે;
આગમ અરથ વિચારી જોજ્યો, કામી અંધ કહેવાય. ૭
તુમ સરીખા ત્રિયાને ખાતર, મરવા તત્પર થાય રે;
તો શુકનો સ્યો દોષ રાજેસર, વિચારો વળી આંહ્ય. ૮
તે નિસુણી વિસ્મય પામી, વિચારે શ્રીકાંત રે;
એ શું જાણે પંખિણી પોતે, એ માહરો વિરતંત. ૯
અવનીપતિ આદરશું પૂછે, કૌતુક કારણ જાણી રે;
આદિ અંતની વાત પ્રકાશો, સૂડી કહે તવ વાણી. ૧૦

ઢાળ: સુણ રાજન્! ગુણવંતજી, તે તાહરો વિરતંત જી;
તંતજી, તે માંડી કહું હવે જી;
ઇહાં રહેતી પુર આસની, તાપસી એક મઠવાસિની;
ઉપાસિની, રુદ્રાદિકની પૂરવે જી. ૧૧

ત્રૂટક: રુદ્રાદિક દેવને મનરંગે, ઉપાસે એકાંત રે;
મંત્ર તંત્ર જંત્રાદિક જુગતે, આરાધે અનંત. ૧૨
ઓપે હસ્તે ત્રિદંડ કમંડલ, વાઘાંબર આસન્ન રે;
પરિવ્રાજકને પંથે તેહનું, પૂરણ ભેદ્યું મન્ન. ૧૩
સિંદુર બિંદુ સુશોભિત સુંદર, ભસ્મની આડિ વિરાજે રે;
પગ પાવડિયાં વસ્ત્ર કષાંબર, છબી અનોપમ છાજે. ૧૪
યજ્ઞસૂત્ર ધરંતી જંગમ, શક્તિ સરિખી જેહ રે;
મારણ મોહન કામણ ટુમણ, વશીકરણ લહે તેહ. ૧૫

ઢાળ: તુજ રાણી શ્રીદેવીજી, તેણે તાપસણી સેવી જી,
નમેવી જી, ભગતિ કરે ભાવે સદા જી;
ઈક દિન રાણી ઈમ કહે, સ્વામિની તું સઘળું લહે,
દુઃખ સહે ચેલી શ્યા માટે તદા જી. ૧૬

ત્રૂટક: ચેલી શા માટે દુઃખ પામે, અવધારો અરદાસ રે;
બહુ નારીપતિ નાથ અમારો, ધિગ પડો ઘરવાસ. ૧૭
શોકચ તણા મુખરંગ દેખીને, મુજને મહા દુઃખ લાગે રે;
ધણી માહરો ધૂતારી લીધો, નાવે માહરે ભાગે. ૧૮
દૈવે દુરભગપણું આપ્યું, ધિગ માહરો અવતાર રે;
એ જીવ્યાથી મરવું વારું, જાણું છું નિરધાર. ૧૯
તે માટે તેહવો કરી આપો, વશ થાયે ભરતાર રે;
મુજ જીવંતાં તે પણ જીવે, મરતાં મરે નિરધાર. ૨૦

ઢાળ: ભગવતી તુમ લળી લળી, પાયે લાગું વળી વળી;
મનરળી, જેહ કહો તે નિરવહું જી;
તવ સા બોલી ભગવતી, સુણ વચ્છે તું શુભમતિ,
તુજ પતિ, વશીકરણ કારણ કહું જી. ૨૧

ત્રૂટક: વશીકરણ કાજે એ લે તું, ઔષધિ વલય અનૂપ રે;
તસ પાણિ દવજે વશ્ય થાશે, જે ભરતા તુજ ભૂપ. ૨૨
શ્રીદેવી કહે સુપન તણી પરે, દર્શન છે દુરલંભ રે;
મંદિરમાં પરવેશ ન પામું, મુજશું રાખે દંભ. ૨૩
મૂલ વિના શાખા કિમ પ્રસરે, તિમ એ કામ ન થાય રે;
તાપસી કહે તો સુણ તું ભદ્રે, અન્ય કહું ઉપાય. ૨૪
એક આ મંત્ર આરાધ અનુપમ, પતિ આકર્ષણ કાજે રે;
જિમ મનવંછિત ફળ ફળે તુજ, શોકચ તણાં બલ ભાંજે. ૨૫

ઢાળ: શુભ મુહૂરત વિધિશું સહી, મંત્ર ગ્રહી મંદિર ગઈ;
મૌન રહી, આરાધે અહનિશ વળી જી;

મંત્ર તણે પરભાવે જી, રાજા મહેલ તેડાવે જી;
ભાવે જી, દાસીને તિહાં મોકલી જી. ૨૬

ત્રૂટક: દાસી આવી કહે રાણીને, રંગે રાજ ભવન્ન રે;
દુહવણ દૂરે ત્યજીને, આવો તેડે રાજન્ન. ૨૭
સંધ્યા સમે હાથણીએ બેસી, સજી શણગાર ઉલ્લાસ રે;
રાજલોક સાથે પટરાણી, આવી રાજ આવાસ. ૨૮
મહીપતિ માન લહીને દોહગ, અન્ય રાણીને દીધું રે;
સોહગ લેઇને શ્રીદેવીએ, પટરાણીપણું લીધું. ૨૯
પંચ વિષયસુખ પૂરણ પામી, આપે વાંછિત દાન રે;
જે બોલે તે ફોક ન જાયે, વશ્ય કર્યો રાજાન. ૩૦

ઢાળ: અનુક્રમે હવે અન્યદા, તાપસી પૂછે તદા;
કહે મુદા, કામ થયું સહી તાહરું જી;
શ્રીદેવી કહે શિર નામી જી, મનવાંછિત ફળ હું પામી જી;
મુજ સ્વામી, વચન ન લોપે માહરું જી. ૩૧

ત્રૂટક: વચન ન લોપે પણ એહવો, એક કહો ઉપાય રે;
મુજ જીવંતાં જીવે સ્વામી, મરતાં મરે તે માય. ૩૨
તો હું સાચી જાણું માયા, ભગવતી તવ ભાસે રે;
આ મૂળીનો નાસ લઈને, સૂજે તું પતિ પાસે. ૩૩
અચેતપણું પામીશ એહથી, જીવંતી મૃત પ્રાય રે;
બીહીશ મા બીજી મૂળીએ, કરીશ પુનર્નવકાય. ૩૪
ઈમ કહી તે મૂળી આપી, સા પહોતી નિજ ઠામે રે;
અઠ્ઠાવીસમી ઉદય અનોપમ, ઢાળ કહી અભિરામ. ૩૫

## ઢાળ ઓગણત્રીસમી

### દોહા

ચાહે ચંદ ચકોર જિમ, જલદ શિખી જલ મીન;
શ્રીદેવીએ તિમ કર્યો, સ્વામીને આધીન. ૧

રાજા રાણી રંગ ભરે, ભોગવતાં સુખ ભોગ;
એક દિન ઔષધિ નાસ લેઈ, સૂતી સેજ સંયોગ. ૨
મહિમાએ મૂળી તણે, અચેત થયું તસ અંગ;
નરપતિ નીરખી નારીને, ગતજીવા ગતિભંગ. ૩
ધરણીપતિ ધરણી ઢળ્યો, મૂર્છાગત સમકાલ;
રાજભવનમાં ઊછળ્યો, કોલાહલ તેણે કાલ. ૪
આવ્યા તિહાં ઉતાવળા, રાજપુરુષ પુરલોક;
ધાહ દિયંતા ઈમ કહે, રાણી ગયાં પરલોક. ૫

( શ્રી અરનાથ ઉપાસના-**એ દેશી** )

શીતલ આય ઉપાયથી, ચેતન પામ્યો રાય;
પટરાણીને પેખીને, આંખે આંસુ ભરાય. ૧
**રાજન ઈમ કહે રાયજાદી**, રાખો કોઈ મનાય;
મેં તો કાંઇ દુહવી નથી, તો બોલે નહિ કાંય. રા૦ ૨
કરશું કર ઝાલી કહે, ગદગદ કંઠે નરિંદ;
હે ભદ્રે ! બોલો હસી, જિમ ભાંજે દુઃખ દંદ. રા૦ ૩
તુમને ઇમ ન ઘટે પ્રિયા, તું મુજ જીવનપ્રાણ;
કહો તે કામ કરું હવે, કયારે ન લોપું આણ. રા૦ ૪
પહેલાં મેં તુજને ત્યજી, તે તેં વાળ્યો રે દાય;
આજૂને અબોલડે, ખિણ વરસાં સો થાય. રા૦ ૫
હે સુભૃગે ! હવે તુજ વિના, સૂનો સહી સંસાર;
હે દયિતે ! દિલ ખોલીને, સાહમું જુઓ એકવાર. રા૦ ૬
કાંતે ! મન કોમલ કરી, કહો ને મનની રે વાત;
કાં રિસાણી તું પ્રિયે ! કે ઘાલી જમઘાત. રા૦ ૭
જતને પણ જીવે નહિ, જળ વિણ જળચર જીવ;
એહ ન્યાય મુજને હવો, તુજ વિરહે અતીવ. રા૦ ૮
એક ઘડી આધી ઘડી, પાણી વલપણ જેહ;
તાહરે વિરહે જીવિયે, ચૂક પડે છે તેહ. રા૦ ૯

અવનીપતિ આદેશથી, આવ્યા વૈદ્ય અપાર;
મંત્રવાદી મળ્યા ઘણા, અનેક કર્યા ઉપચાર. રા૦ ૧૦
તો પણ નવલી ચેતના, સચિવ કહે સુણો રાય;
મૂઉં મડું જીવે નહિ, જો કીજે કોડિ ઉપાય. રા૦ ૧૧
ધીરજ મન સાથે ધરો, રોયાં ન મલે રાજ;
નૃપ કહે મેં મરવો સહી, રાણી સાથે આજ. રા૦ ૧૨
પાય લાગીને વીનવે, પુરના લોક પ્રધાન;
સ્વામી ! એ જુગતું નથી, વળતું કહે રાજાન. રા૦ ૧૩
ખિણ વિરહો ન શકું ખમી, પ્રેમ તણો એક પંથ;
ચંદન કાષ્ઠ ભરાવીને, હવે રાજા શ્રીકાંત. રા૦ ૧૪
[1]સાગવાન લેવા ચલ્યો, શ્રીદેવીને સાથ;
આવ્યો તૂરના નાદશું, સમશાને ભૂનાથ. રા૦ ૧૫
પુરવાસી આવ્યા તિહાં, નરનારી વૃંદ;
ધાહ મેલે ઊંચે સ્વરે, કરતા મહા આક્રંદ. રા૦ ૧૬
તૂર અને રૂદન તણો, ઊઠ્યો નાદ અખંડ;
ભૂમંડલ ગયણગણે, પસર્યો સઘલે પ્રચંડ. રા૦ ૧૭
ચંદન કાષ્ઠ તણી ચિતા, વિરચાવીને વેગ;
નરપતિં આરોહે જિસે, નારી સાથે નેગ. રા૦ ૧૮
અંગ તણો આળસ તજી, સુણજો શ્રોતા જન્ન;
ઢાળ એ ઓગણત્રીસમી, કહે કવિ ઉદયરતન્ન. રા૦ ૧૯

## ઢાળ ત્રીસમી

### દોહા

તિણ અવસરે તે તાપસી, રુદન કરંતી ત્યાંહ;
આવી તે ઉતાવલી, પ્રેમવને નૃપ જ્યાંહ. ૧
આવીને તે ઇમ ભણે, ધીરજ ધરો નરનાથ;
વસુધાપતિ વળતું કહે, મુજ જીવિત પ્રિય સાથ. ૨

૧ સહ મૃત્યુ.

જો ઈમ છે તો પણ હવે, પડખો તુમે પળ એક;
અવશ્ય જિવાડું એહને, તિહાં લગે રાખો ટેક. ૩
તે નિસુણી તન ઉલ્લસ્યું, મુદિત હુઓ રાજન્ન;
જીવિતથી યુવતી અધિક, મોહે બાંધ્યું મન્ન. ૪
ભૂપ ભણે સુણ ભગવતી ! એ મોટો ઉપગાર;
જિવાડો યુવતી પ્રતિ, વેગે ન લાઓ વાર. ૫

( મનમોહન સ્વામી–એ **દેશી.** )

સૂડી કહે શ્રીકાંતને રે, જોજો મોહનો પાસ રે, **રાયજી ગુણરાગી;**
તું સાંભળ ચતુર સુજાણ રે, તું તો અગણિત ગુણમણિ ખાણ રે રા૦
સંજીવની મૂળી તણો રે, તાપસી દીધો નાસ રે. રા૦ ૧
તે મૂલીના યોગથી રે, શ્રીદેવી સહુ સાખે રે; રા૦
ઊઠી આળસ મોડીને રે, તુજ જીવિત અભિલાષે રે. રા૦ ૨
પુરવાસી જન પેખીને રે, પામ્યા પરમ ઉલ્લાસ રે; રા૦
મંગલ તૂર બજાવીને રે, અનુક્રમે આવ્યા આવાસ રે. રા૦ ૩
તાપસીને કહ્યું તુમે રે, કહો તે કરૂં કામ રે; રા૦
માંગો તે આપું વળી રે, તે બોલી ફરી તામ રે. રા૦ ૪
રાજન્ન તાહરા રાજ્યમાં રે, પામું છું પરમાણંદ રે; રા૦
કામ નથી માહરે કિસ્યું રે, સાંભલ સુગુણ નરિંદ રે. રા૦ ૫
પ્રત્યુપકારને કારણે રે, તાપસીને તે તામ રે; રા૦
મઢી એક મનોહરુ રે, કરી આપી અભિરામ રે. રા૦ ૬
અનુક્રમે તાપસી તે મરી રે, આરત ધ્યાન પ્રમાણ રે; રા૦
વનમાં સૂડી ઊપની રે, તે હું સૂડી તું જાણ રે. રા૦ ૭
દેખી તુમે દંપતી રે, ઈહાપોહે અનૂપ રે; રા૦
જાતિસ્મરણ પામી તદા રે, જાણ્યું પૂર્વ સ્વરૂપ રે. રા૦ ૮
શ્રીદેવી એમ સાંભળી રે, પામી પૂરણ ખેદ રે; રા૦
કુગતિ સુગતિ કર્મે લહે રે, સૂડી કહે સુણ ભેદ રે. રા૦ ૯

સુણ રાજન સૂડી કહે રે, જુઓ વિચારી રાજ રે; રા૦
કાયા કરી અલખામણી રે, શ્રીદેવીને કાજ રે. રા૦ ૧૦
એ દષ્ટાંત જોતાં થકાં રે, સૂડાનો શ્યો દોષ રે; રા૦
વયણ સુણી સૂડી તણાં રે, પામ્યો પરમ સંતોષ રે. રા૦ ૧૧
એ સંબંધ સાચો સહી રે, જેહ કહ્યો તુમ આજ રે; રા૦
મુખે માગો તે આપું હવે રે, કહો તે કરું કાજ રે. રા૦ ૧૨
માગ્યું જો આપો મુને રે, સૂડી કહે સુણો સ્વામ રે; રા૦
શુકને છોડો જીવતો રે, નથી બીજું મુજ કામ રે. રા૦ ૧૩
રાજા પ્રતિ રાણી ભણે રે, આપો એહનો કંત રે; રા૦
ભોજન આપો ભાવતાં રે, નિત્ય પ્રત્યે ગુણવંત રે. રા૦ ૧૪
બંધનથી શુક છોડીને રે, રંગે કહે રાજાન રે; રા૦
જિહાં મન માને આપણું રે, તિહાં વિચરો વન ઉદ્યાન રે. રા૦ ૧૫
તંદુલ દ્રોણના માપથી રે, રક્ષકને કહે રાય રે; રા૦
એ શુકયુગલને આપજો રે, ક્ષેત્ર થકી ઉચ્છાંહિ રે. રા૦ ૧૬
પ્રસાદ પામી ભૂપનો રે, તે શુક યુગ્મ અવિલંબ રે; રા૦
અંબર પંથે ઊડીને રે, આવ્યા જિહાં નિજ અંબ રે. રા૦ ૧૭
સુખે સમાધે તે રહે રે, સુણ હરિચંદ્ર ભૂપાલ રે; રા૦
**ઉદયરતન** કહે સાંભળો રે, એ કહી ત્રીસમી ઢાળ રે. રા૦ ૧૮

**પંખિણી મહાસુખ પામી,**

તુમે શ્રોતા સુણો ઉજમાલ રે; **પં૦** આગલ કહું વાત રસાલ રે. **પં૦** ૧૯

## ઢાળ એકત્રીસમી

### દોહા

પૂરણ દિવસે પોપટી, પ્રસવ્યાં ઇંડાં દોય;
માળે મનમોદે કરી, સેવે તેહને સોય. ૧

તેહની શોક્યે તિણ સમે, તે આંબે સુવિવેક;
નિજ નીડે મન રંગશું, પ્રસવ્યું ઈંડું એક. ૨

એક દિન અલગી તે ગઈ, ફિરી ચૂણને કામ;
વાંસે વડી સૂડી હવે, તે ઈંડું હરે તામ. ૩

મારે મુસે છલબલે, કપટે કરે કુહાલ;
સુરનર પંખી જાતિમાં, શોક્ય સમું નહિ સાલ. ૪

ચારો કરી લઘુ પોપટી, માળે આવી જામ;
નિજ ઈંડું દીઠું નહિ, ધરણીતલ પડી તામ. ૫

તેહને દેખી વિલપતી, પામી પશ્ચાત્તાપ;
વડી વિચારે ચિત્તમાં, કિહાં છૂટીશ એ પાપ. ૬

તે ઇંડુ ઇમ ચિંતીને, માલે મેહલ્યું તેમ;
ગુપ્તપણે પ્રછન્ન ગતિ, શુકી ન જાણે જેમ. ૭

લઘુ સૂડી ભૂ લોટીને, ફરી માલો જુએ જામ;
ઇંડું તે અવલોકીને, મહા સુખ પામી તામ. ૮

દુઃખદાયક વડી સૂડીએ, બાંધ્યો કર્મનો બંધ;
એક ભવને અંતરે, આગળ કરશે ધંધ. ૯

**(રાગ: મારૂ; જિનગુણ ગાતાં લાજ, લાગે તો લાગજો કે, લાગે૦ એ દેશી)**

અનુક્રમે ઈંડાં દોય, સૂડા સૂડી પણે રે કે, સૂડા સૂડીપણે,
યુગલ નીપનું સોય, વડાં સૂડી તણે રે કે, વડી૦;
તે ક્રીડે ઉદ્યાને, રમે જિન આંગણે રે કે, રમે૦,
નૃપદત્ત શાલિને ઠામ, જઇને તે સૂણે રે કે, જઈને૦. ૧

ચારણ શ્રમણ મુણિંદ, આવ્યા તિહાં અન્યદા રે કે, આવ્યા૦,
ભેટવા ઋષભ જિણંદ, ઉલટ આણી મુદા રે કે, ઉલટ૦;
તિણ સમે પુરજન રાય, લેવા સુખ સંપદા રે કે, લેવા૦,
અક્ષત ફૂલે જિણંદ, પૂજે છે તદા રે કે, પૂજે૦. ૨

અક્ષતપૂજા લાભ, પૂછે નૃપ વંદીને રે કે, પૂછે૦,
ઉપદેશમાં અણગાર, કહે ફલ માંડીને રે કે, કહે૦;
અક્ષય સુખ લહે તેહ કે, કર્મ નિકંદીને રે કે, કર્મ૦,
પુનરપિ પ્રણમી પાય, સહુ આણંદીને રે કે, સહુ૦. ૩

પહોંત્યા સહુ નરનારી, નિજ નિજ મંદિરે રે કે, નિજ૦,
વિહાર કરે મુનિરાય કે, પંખીની પરે રે કે, પંખી૦;
સાધુવચન સુણી તામ, સૂડી પતિને કહે રે કે, સૂડી૦,
જિનવર પૂજે જેહ, અક્ષય સુખ તે લહે રે કે, અક્ષય૦. ૪
આજથી આપણુ એહ કે, પૂજા આદરો રે કે, પૂજા૦,
અક્ષતના ત્રણ પુંજ કે, પ્રભુ આગે ધરો રે કે, પ્રભુ૦;
ઉત્તમ શાલિ અખંડ, ચંચુપુટમાં ગ્રહી રે કે, ચંચુ૦,
જિન આગે મનરંગ, ધરે તે વહી રે કે, ધરે૦. ૫
અપત્ય સાથે અનુદિન, ઇણી પરે નેમશું રે કે, ઇણી૦,
ચિત્તમાંહી ધરી ચૂંપ કે, પૂજે પ્રેમશું રે કે, પૂજે૦;
ઇમ પૂજી જિનરાજ કે, અંત સમે મરી રે કે, અંત૦,
તે ચારે સુરલોક, પહોત્યાં પુણ્યે કરી રે કે, પહોત્યાં૦. ૬
અનુક્રમે શુકનો જીવ, સુરસુખ ભોગવી રે કે, સુર૦,
હેમપુરે થયો રાય કે, સુરલોકથી ચવી રે કે, સુર૦;
નૃપ હેમપ્રભ ઇણુ નામ કે, પ્રતાપે દિનમણિ રે કે, પ્રતાપે૦,
રિપુદલ ગંજન સિંહ કે, શૂરશિરોમણિ રે કે, શૂર૦ ૭
સૂડી તણો પણ જીવ, થયો તે રાયની રે કે, થયો૦,
જયસુંદરી ઇણે નામ, થઈ પટરાગિની રે કે, થઈ૦;
શોકય તણો જે જીવ કે, ભવ બહુલા કરી રે કે, ભવ૦,
તે નૃપની થઈ નારી, નામે રતિસુંદરી રે કે, નામે૦. ૮
અન્ય રાણી સય પાંચ કે, છે રંભા જિસી રે કે, છે૦,
તો પણ પહેલી દોય, રાજાને મન વસી રે કે, રાજાને૦;
ભુજબલ મહીભુજ જેણે કે, વશ કીધા બહુ રે કે, વશ૦,
જાસ અખંડિત આણ કે, સીસ ધરે સહુ રે કે, સીસ૦. ૯
અન્ય દિવસ અસરાલ કે, સહસા ઉપન્યો રે કે, સહસા૦,
તીવ્ર જ્વરે તતકાલ, તપ્યો તનુ ભૂપનો રે કે, તપ્યો૦;

નખ શિખ લગે અનંત કે, વેદના વિસ્તરી રે કે, વેદના૦,
પાવક ઝાળ સમાન, ઘણી તે આકરી રે કે, ઘણી૦. ૧૦
તનશુદ્ધિ અન્ન પાન, ગયું સવિ વિસરી રે કે, ગયું૦,
વનિતા વિલેપે અંગ કે, ચંદને કરી રે કે, ચંદને૦;
ઉદક વિના જિમ મીન કે, તિમ ધરણીતલે રે કે, તિમ૦,
અંગ વિલોલે આપ કે, ઊંચો ઊછલે રે કે, ઊંચો૦. ૧૧
અનેક કર્યાં ઉપચાર કે, નિષ્ફલ તે થયા રે કે, નિષ્ફલ૦,
હાથ ખંખેરી વૈદ્ય, સ્વજન સહુ કો રહ્યા રે કે, સ્વજન૦;
પુરજન ને રાજલોક, શોકાતુર ચિંતવે રે કે, શોકા૦,
અરે! અરે! ભગવંત! કે, શું થાસ્યે હવે રે કે, શું૦. ૧૨
ઇણી પરે દિન સાત, ગયા યુગની પરે રે કે, ગયા૦,
દેવપૂજા તપ દાન, દયાધર્મ આદરે રે કે, દયા૦;
મનશું ઝૂરે લોક, ધરે દુઃખ કામિની રે કે, ધરે૦,
સાતમા દિવસની એમ, ગઈ મધ્ય જામિની રે કે, ગઈ૦. ૧૩
પ્રગટયો રાક્ષસ એક, કહે સુણ ભૂધણી રે કે, કહે૦,
મુજ ઉપર એક નારી, ઉતારી આપણી રે કે, ઉતારી૦;
અગ્નિકુંડે પ્રક્ષેપ, કરે તો આજથી રે કે, કરે૦,
નાસે તનથી રોગ, નહિ તો જીવિત નથી રે કે, નહિ૦. ૧૪
ઈમ કહીને અદૃશ્ય, થયો તે જેટલે રે કે, થઈ૦,
અવનીપતિ મનમાંહી, વિચારે એટલે રે કે, વિચારે૦;
દેખું છું ઇંદ્રજાલ કે, એ સાચું સહી રે કે, એ૦,
પ્રત્યક્ષ રાક્ષસ રૂપ કે, ગયો મુજને કહી રે કે, ગયો૦. ૧૫
ઈમ વિવિધ આલોચ, કરે વસુધાધણી રે કે, કરે૦,
અનુક્રમે થયું પ્રભાત, ઊગ્યો અંબરમણિ રે કે, ઊગ્યો૦;
મારુ રાગે એ ઢાલ, કહી એકત્રીસમી રે કે, કહી૦,
**ઉદયરતન** મન રંગ, શ્રોતાજનને ગમી રે કે, શ્રોતા૦. ૧૬

## ઢાળ બત્રીસમી

### દોહા

મહીપતિ મંત્રિને કહ્યો, રાત્રિનો વિરતંત;
તે કહે જીવિત કારણે, એ સહી કીજે તંત. ૧
પર હણી પોતે જીવતા, એ નહિ ઉત્તમ રીત;
તે માટે ત્રિવિધે સહી, હું ન કરું એ નીત. ૨
રાણી સઘળી તેડીને, સચિવ કહે સુણો વાત;
મૂલ થકી માંડી કહ્યો, રાક્ષસનો અવદાત. ૩
મંત્રીવચને માનિની, અધોમુખી સુવિશેષ;
નિજ જીવિત લોભે કરી, ઉત્તર નાપે એક. ૪
સુખ વેળા સહુકો સગું, કઠણ સમે નહિ કોય;
સ્વજન સાચા તે સહી, જે મરવા હાજર હોય. ૫
હસિત વદન હરખે કરી, રતિસુંદરી કહે રંગ;
અવનીપતિ ઉગારવા, આપું હું નિજ અંગ. ૬
તે જીવિત શ્યા કામનું, જે નાવે પિયુકાજ;
મરતાં મોટો લાભ છે, જો જીવે મહારાજ. ૭

(રાગ : રામગિરી; આખ્યાનની દેશી)

ગોખને હેઠે અગ્નિકુંડ જી, વેગે કરાવો વારુ પ્રચંડ જી;
રતિ રાણીની ઈમિ સુણી વાણી જી, મનમાં હરખ્યો મંત્રી ગુણખાણી જી

ત્રૂટક: ગુણ જાણી ગેલે ગોખ હેઠે, કુંડ કર્યો તતકાલ,
અગર ચંદનકાષ્ઠ પૂરી, નામી ઘૃતની નાલ;
વિકરાળ ઝાળ વિલોલ માલા, અનલ પસર્યો જામ;
લોક તિહાં લાખો ગમે, જોવા મલ્યા બહુ તામ. ૧

ઢાળ: શશિવયણી સજી શૃંગાર જી, તિહાં આવી જિહાં ભરતાર જી;
પાય નમીને પદમિની ભાખે જી, કોમલ વચને સહુની સાખે જી.

ત્રૂટક: સહુ તણી સાખે સુંદરી તે, કંતને કહે ગહગહી,
અંગ માહરું ઉતારું છું, સ્વામી તુમ ઉપરે સહી;

ભદ્રે ! તજે કાં જીવ જોને, જ્ઞાન મન સાથે ધરી,
સુખ દુઃખ સરજ્યાં પામિયે, લિખ્યું મટે નહિ સુંદરી. ૨

ઢાળ: કર્મ ન છૂટું હું તુજ સાટે જી, પ્રાણ તજે કાં તું મુજ માટે જી;
રતિસુંદરી કહે શિર નામી જી, સફલ થશે જીવિત મુજ સ્વામી જી.

ત્રૂટક: જીવિત માહરું સફલ થાશે, તુમ ઉપરે ઉતારતાં,
કરી પ્રણામ તે થઈ તત્પર, કામિની નૃપ વારતાં;
કાયા ઉતારી કંત ઉપરે, લોક સહુ જોવા મળ્યા,
શોકય સઘળી થઈ ઝાંખી, ગર્વ સર્વેના ગળ્યા. ૩

ઢાળ: રાણીનો જોજો મન રંગ જી, નૃપ ઉપર ઉતારી અંગ જી;
ગજગામિની મનને ગેલે જી, ગોખે ચડીને પડતું મેલે જી.

ત્રૂટક: પડવા તે જેહવે અગનિકુંડે, ગોખથી દે ફાલ,
પ્રત્યક્ષ રાક્ષસ ધૈર્ય દેખી, તે આવ્યો તતકાલ;
અગનિકુંડે પડી આવી, જિણે સમે તે બાલ,
પડતાં તે ઝાલી રાક્ષસે, અંતરીક્ષથી તેણે કાલ. ૪

ઢાળ: યુવતી લેતાં કુણે નવિ જાણી જી, પુરને પરિસરે અલગી આણી જી;
રાક્ષસ જંપે મનને રાગે જી, તૂઠો આપું જે તું માગે જી.

ત્રૂટક: તૂઠો હું તારા સત્ત્વથી, વર માગ આપું તુજ,
સા કહે સ્વામી સાંભળો, એક કહું મનતું ગુઝ;
માત પિતાયે મળી મુજને, આપ્યો છે વર એક,
તો બીજા વરને શું કરું, તુમે સાંભળો સુવિવેક. ૫

ઢાળ: તો પણ ભદ્રે માંગ તું આજ જી, તૂઠો સારું વાંછિત કાજ જી;
દેવનું દરશન થયું જેહ જી, નિષ્ફલ ન હોય નિશ્ચે તેહ જી.

ત્રૂટક: નિશ્ચય કરીને આપ મુજને, કંત તું સાજો કરી,
માગું છું મુખ એટલું, સહી પૂર આશા માહરી;
મુજ વચને તુજ મન કામના, સહી સિદ્ધ થાશે એહ,
ઇમ કહી અભિનવ દિવ્ય ભૂષણ, શોભા તસુ દેહ. ૬

ઢાળ: હવે નૃપ આદિ સહુ નગરના લોક જી, સહુ મળીને ધરે મન શોક જી;
કંતને કાજે બાળી કાયા જી, અહો જોજો રાણીની માયા જી.

ત્રૂટક: રાણી તણા મહાસત્ત્વ માટે, રાક્ષસે અભિરામ,
કનકમય તિહાં કમલ કીધું, અનલ ટાળી તામ;
સહસદલ તે કમલ ઉપરે, ઠવી અબલા તેહ,
દેવ ગયો નિજ થાન કે, ઉપગાર કીધો એહ. ૭

ઢાળ: કનકને કમલે જિમ શ્રીદેવી જી, તે રાણી સોહે તિહાં તેહવી જી;
પુરજન પેખી અચરીજ પાવે જી, અક્ષત ફૂલે લોક વધાવે જી.

ત્રૂટક: લોક સહુ આશિષ જંપે, સીસ નામી પાય,
સંકટ દેખી જીવ સાટે, જીવાડ્યો તુમે રાય;
દેવની સાન્નિધ્યે નૃપનો, દાહ નાઠો દૂર,
ઉત્સવ થાયે અતિ ઘણા, તવ વાગ્યાં મંગલ તૂર. ૮

ઢાળ: એ રાણીનો સાચો પ્રેમ જી, ભૂપતિ ભાખે વળી વળી એમ જી;
મનની રીઝે કહે મહારાજ જી, માગો તે આપું વર આજ જી.

ત્રૂટક: વર વદે વનિતા ત્રિવિધ તુમ વિણ, અવર વરતું નેમ,
વેચાતો તેં મને લીધો, અવનીપતિ કહે એમ;
હસી બોલે ભૂપ ભદ્રે ! કહે ને કારજ કોય,
વચન મનમાં વિચારીને, કર જોડી કહે સોય. ૯

ઢાળ: હમણાં વર રાખો તુમ પાસે જી, થાપણ મેલું છું ઉલ્લાસે જી;
માગી લેઈશ અવસર આવે જી, ભૂપ ભણે લેજો પ્રસ્તાવે જી;

ત્રૂટક: પ્રસ્તાવ આવ્યે માંગી લેજો, મુજ કને વર એહ,
રખે મનશું લાજ રાખો, સુણ પ્રિયે! સસનેહ;
સુખે વિચરે દંપતી હવે, ઉદય થયો ઉલ્લાસ,
ઢાળ કહી બત્રીસમી એ, સુણો શ્રોતા ખાસ. ૧૦

## ઢાળ તેત્રીસમી

### દોહા

રતિસુંદરી મનરંગ શું, સુત હેતે એક દિન્ન;
કુલદેવીને ઈમિ કહે, માત સુણો વચન્ન. ૧

મુજ સુત હોશે તો સહી, તુમને ભોગ પ્રધાન;
જયસુંદરીના પુત્રનું, હું આપીશ બલિદાન. ૨
ગર્ભ ધરે દોય ગોરડી, ભવિતવ્યતાને ભોગ;
સુત આવ્યા બેહુ શોકયને, શુભ મુહુરત શુભ યોગ. ૩
જયદત્ત ને રતિદત્ત એ, અનુક્રમે વાધે બાલ;
રતિસુંદરી ચિત્ત ચિંતવે, તિણે અવસરે તે કાલ. ૪

(હવે શ્રીપાલ કુમાર–એ દેશી)

ગોત્રદેવીને પ્રભાવ, ઉત્તમ પુત્ર એ મેં લહ્યો જી;
શોકયના સુતનો ભોગ, કિમ કરી આપું જે કહ્યો જી. ૧
વારુ એહ ઉપાય, દેવીને બલિ દેવા તણો જી;
વર લેઈ નૃપ પાસ, રાજ્ય કરૂં તેણે આપણો જી. ૨
ઈમ ચિંતી સા બાલ, નૃપને કહે અવસર લહી જી;
વર આપો જી તેહ, થાપણ જે મેલ્યો સહી જી. ૩
અવનીપતિ કહે એમ, જે તુમે માગો મુખે કરી જી;
તન ધન જીવ ને રાજ્ય, કહે તે આપું સુંદરી જી. ૪
“પંચ દિવસ પ્રમાણ, રાજ્ય” કહે રાણી મુદા જી;
ઈમ નિસુણી અવનીશ, રાણીને રાજ્ય દીયે તદા જી. ૫
પામી મહા પસાય, પાય લાગી પ્રેમદા ચવે જી;
કરે ચિંતવ્યાં કામ, હરખે રાજ્ય કરે હવે જી. ૬
જો જો શોકયનો ખાર, અનરથથી નવિ ઓસરી જી;
શોકય સમું નહિ સાલ, શૂળી ને શોકય બરોબરી જી. ૭
જયસુંદરીનો જાત, પાછલી રાતે અણાવિયો જી;
રુદન કરે તસ માત, વૈરે કરી વિછોહો દિયો જી. ૮
મહીપતિ ચિન્તે મન્ન, વર આપીને વરાંસિયો જી;
પડચો બોલને બંધ, પહેલાં મેં ન વિમાસિયો જી. ૯
કપટ ન જાણ્યું એહ, હે હે દૈવ ! કિશ્યું કર્યું જી;
ફોક ન થાયે વેણ, આપ મુખે જે ઊચ્ચર્યું જી. ૧૦

નવરાવી હવે બાલ, અક્ષત ફૂલે અરચીને જી;
પડલીમાં ધર્યો તેહ, ચંદનશું તનુ ચરચીને જી. ૧૧
લેઈ પરિકર સાથ, દાસીને સીસ ચડાવીને જી;
આવ્યા દેવી ઉદ્યાન, વાજિંત્ર બહુ વજડાવીને જી. ૧૨
જોવા મળ્યા બહુ જન્ન, ગીતો ગાયે તિહાં ગોરડી જી;
દેવીને દરબાર, ચતુરા નામે ચકોરડી જી. ૧૩
તિણે અવસર તિહાં જાય, ગગન પંથે વિદ્યાધરુ જી;
કંચનપુરનો નાથ, સૂર નામે રાજેસરુ જી. ૧૪
તેણે દીઠો તે બાલ, દિનયરની પેરે દીપતો જી;
અંબર કરતો ઉદ્યોત, વિદ્યુત જ્યોતને જીપતો જી. ૧૫
સૂરે ગ્રહ્યો સો બાલ, અન્ય શિશુ મૃત તિહાં ધરી જી;
કોએ ન જાણ્યો તે તંત, વિદ્યા તણે બળે કરી જી. ૧૬
તે પહોત્યો તસ ઠામ, સૂતી દેખી નિજ સુંદરી જી;
જંઘ ઉપર ઠવી બાલ, કહે ઉઠ વેગે કૃશોદરી જી. ૧૭
શું હાંસી કરો સ્વામી, દૈવ નથી મુને પાધરો જી;
કહો કેમ પ્રસવે પુત્ર, વાંઝ બિરૂદ જેણે ધર્યો જી. ૧૮
સુણ રમણી કહે રાય, વચન ન માને જો અમતણો જી;
જો ને ઉઘાડી આંખ, પુત્ર રતન સોહામણો જી. ૧૯
નયણે નીરખી દાર, પરમારથ પ્રીછી ભણે જી;
દૈવે ન દીધો જાત, તો સહી એ પુત્ર અમ તણે જી. ૨૦
પ્રેમે પાલે તેહ, અંગજની દેઈ ઉપમા જી;
અનુક્રમે વાધે સોય, બીજ તણો જિમ ચંદ્રમા જી. ૨૧
રતિ રાણીએ મૃત બાલ, ભગવતીને શિર નામીને જી;
માની લેજો એ ભોગ, દેવીને ભાંખે તિહાં કને જી. ૨૨
રંગમંડપને બાર, આફાલ્યો ઊલટ ભરે જી;
બલિ આપી મન રંગ, રાણી ગઈ નિજ મંદિરે જી. ૨૩

જયસુંદરી તિહાં જોર, વિલાપ કરે તિણે સમે જી;
પામી પુત્રવિયોગ, દુઃખે દહાડા નિગમે જી. ૨૪
એહ તેત્રીસમી ઢાળ, **ઉદયરતન** કવિ ઇમિ કહે જી;
જોજો કર્મના ભોગ, સુખ–દુઃખ કર્મે સહુ લહે જી. ૨૫

## ઢાળ ચોત્રીસમી

### દોહા

ગગનચરે મન ગેલશું, તે બાલકનું નામ;
મકરધ્વજ સમ દેખીને, મદનકુમર ધર્યું તામ. ૧
વિદ્યાધરના વંશની, શીખ્યો વિદ્યા સોય;
અનુક્રમે યૌવન આવિયો, જન મોહે મુખ જોય. ૨
સકલ કલાધર સાહસી, જે જાણે ગતિ ગૂઢ;
ગગનાંતર અવગાહતો, થઈ વિમાનારૂઢ. ૩
અંબર પંથે અન્યદા, જાતાં મનને જોખ;
જયસુંદરી નિજ માતને, બેઠી દીઠી ગોખ. ૪
ધિગ ધિગ મોહની કર્મને, મોહે મદનકુમાર;
ચિત્તથી ચૂક્યો તે સમે, દેખી માત દેદાર. ૫

( રાગઃ મલ્હાર. ભમતાં એહ સંસારમાં–એ **દેશી.** )

**કર્મતણી ગતિ સાંભળો**, કડુઆ કર્મ વિપાકો રે;
કામ કલંક દિયે બહુ, માડી મોહની છાકો રે. કર્મ૦ ૧
ગોખે બેઠી ગજગામિની, શોકવતી તે કાલે રે;
સુતને વિરહે ઝૂરતી, આંખે આંસું ઢાલે રે. કર્મ૦ ૨
મુખડું દેખી મોહી રહ્યો, પૂરવ પ્રેમે પ્રેર્યો રે;
કુમર વિચારે ચિત્તમાં, મોહનીયે મન ઘેર્યો રે. કર્મ૦ ૩
મંદિર આવે માહરે, તો સહી હું વડભાગી રે;
ઇમ ચિંતીને અપહરી, સૂરત શું રઢ લાગી રે. કર્મ૦ ૪

કુમર દેખી હરખનાં, આંખે આંસુ ઢાળ્યાં રે;
આનન નિરખે ફરી ફરી, નયણુ ન રહે ઝાલ્યાં રે. કર્મ૦ ૫
નભ જાતાં નૃપ દેખીને, ઊંચ સ્વરે કહે સોય રે;
વનિતા હરી વિદ્યાધરે, રાખો રાખો કોઈ રે. કર્મ૦ ૬
સુભટ લેઈને ભૂધણી, વેગે વહારે ધાયો રે;
પણ પદચારી શું કરે, પંખી ન જાયે સાહ્યો રે. કર્મ૦ ૭
ખેચર અંબરે ઉતપત્યો, તેહશું કહો કુણુ ભડે રે;
તરુ શિખર ફળ દેખીને, પગહીણો કિમ ચડે રે. કર્મ૦ ૮
મહીપતિ મંદિર આવીને, ચિંતે ચિત્તમાં એમો રે;
દુઃખમાંહિ દુઃખ ઉપનું, મરતાં મારે જેમો રે. કર્મ૦ ૯
પહેલે પુત્રમરણુ થયું, ઉપર અબલા વિયોગ રે;
ક્ષતે ખાર લાગ્યો સહી, જોજો કર્મના ભોગ રે. કર્મ૦ ૧૦
સૂડીને ભવે જે સુતા, સા દેવી નિજ અવધે રે;
દેખે ભ્રાતાએ અપહરી, માતા ધરણી બુધ્ધે રે. કર્મ૦ ૧૧
નિજ નગરીને પરિસરે, અંબ તળે સરપાળે રે;
મદનકુમર નિજ માતશું, બેઠો છે તેણે કાળે રે. કર્મ૦ ૧૨
વાનરયુગલ રુપે તદા, સા દેવી તિહાં આવી રે;
અંબની ડાળે બેસીને, વાનરે નિજ સ્ત્રી બોલાવી રે. કર્મ૦ ૧૩
કામિક તીરથ એ સહી, એ જલકુંડે જે ન્હાય રે;
તિર્યંચ મનુષ્યપણું લહે, માનવ દેવના થાય રે. કર્મ૦ ૧૪
ભદ્રે ! દેખ એ દંપતી, દીવ્ય સ્વરુપી દોય રે;
એ બેને મનમાં ધરી, જલમાં પડિયે સોય રે. કર્મ૦ ૧૫
તો થઈએ આપણુ સહી, એ સરીખા અભિરામો રે;
વળતું વાનરી ઈમ કહે, કુણુ લે એહનું નામો રે. કર્મ૦ ૧૬
કામ તણી બુદ્ધે કરી, જનનીને હરી જેણે રે;
ધિગ ધિગ એહના રૂપને, શું મોહ્યા તુમે તેણે રે. કર્મ૦ ૧૭

વાનરી વચને તે તદા, ચિત્તમાં ચિંતે દોય રે;
માતા એ કિમ માહરી, અંગજ એ કિમ હોય રે. કર્મ૦ ૧૮
સ્નેહે હરી પણ એ મુને, જનનીભાવ જણાવે રે;
સા પણ ચિત્તે સુત પરે, જોતાં નેહ જગાવે રે. કર્મ૦ ૧૯
પૂછે સંશય પામીને, કપિની વધૂને કુમારો રે;
ભદ્રે ! શું સાચો સહી, જે તુમે કહ્યો વિચારો રે. કર્મ૦ ૨૦
સા કહે સાચું માનજો, જો આવે સંદેહો રે;
તો એ વનના કુંજમાં, મુનિવર છે ગુણગેહો રે. કર્મ૦ ૨૧
પૂછ તું જઇને તેહને, ઇમ કહીને ગુણ ગેલ રે;
સહસા અલોપ થઈ તદા, વાનર વાનરી બેલિ રે. કર્મ૦ ૨૨
ખેચર સંદેહ ટાળવા, સાધુને જઈ પૂછે રે;
સંશય ધાલ્યો વાનરી, તેહનું કારણ શું છે રે. કર્મ૦ ૨૩
મુનિ કહે સાચું તે સહી, અલિક નહિ અવદાત રે;
હું તો ધ્યાન ધરી રહ્યો, સાંભળ કહું એક વાત રે. કર્મ૦ ૨૪
હેમપુરે છે કેવલી, સુર નર સેવે જેહને રે;
સંશય હરશે તે સહી, પૂછ તું જઇને તેહને રે. કર્મ૦ ૨૫
વંદીને મંદિર વળ્યો, માતને લેઈને સોય રે;
હૈયામાં હરખિત થયાં, માતપિતા મુખ જોઈ રે. કર્મ૦ ૨૬
આપે નીચે ઉતરી, વિમાન ઠવ્યો એકાંત રે;
એ કહી ઢાળ ચોત્રીસમી, ઉદયરતન મન ખંત રે. કર્મ૦ ૨૭

## ઢાળ પાંત્રીસમી

### દોહા

માત પ્રત્યે સમ દેઈને, પૂછે લાગી પાય;
કહોને કુણ માહરો પિતા, વળી કહો કુણ માય. ૧
સા સશંકિત ચિંતવે, ઇમ કિમ પૂછે વાત;
ઇમ ચિંતી કહે પુત્રને, હું માત એ તાત. ૨

અંબે ! સાચું એ સહી, તો પણ જન્મ દાતાર;
પુછું છું હું તુમ પ્રતિ, ભાંખો તે સુવિચાર. ૩
તે પરમારથ પુત્ર તું, પૂછ પિતા પ્રતિ જાય;
કર જોડી કહે તાતને, સાચું કહો સમજાય. ૪
પડલીથી માંડી કહ્યો, જનકે વ્યતિકર તાસ;
આદિ ન જાણું હું સહી, સાંભળ સુત સુવિલાસ. ૫
હું લાવ્યો એ કામિની, સાંભળો તાત સુજાણ;
વાનરિયે કહ્યો મુજ પ્રત્યે, એ જનની તુજ જાણ. ૬
અણગારે પણ ઇમ કહ્યો, હેમપુરે ગુણવંત;
કેવલીને પૂછો જઈ, તે કહેશે વિરતંત. ૭
તે માટે જઈયે તિહાં, જિનવંદન ગુણગેહ;
જુના તંતુની પરે, ત્રુટે જેમ સંદેહ. ૮

( મોરી માતજી, અનુમતિ દ્યો સંજમ આદરું રે–**એ દેશી** )

( રાગઃ ખંભાતી. )

ઇમ કહીને કુમર ચલ્યો રે, માતપિતા લેઈ સાથ રે;
સપરિવારે પરવર્યો રે, શૂર વિદ્યાધર નાથ રે.
**જાઉં ભામણે જિનને, જે પડતાં ઉદ્ધરે રે;**
**બલિહારી, જે મનના સંશય હરે રે. ૧**

વિમાને બેસી આવ્યા વહી રે, હેમપુરી મન હરખે રે;
જયસુંદરી આદિ સહુ રે, નેહે મુનિમુખ નીરખે રે. જા૦ ૨
કેવલીને વંદી તિહાં રે, ત્રણ પ્રદક્ષિણા દેઈ રે;
કર જોડી બેઠાં સહુ રે, નિરવદ્ય જાયગા લેઈ રે. જા૦ ૩
જિનને નમી જયસુંદરી રે, મહિલાના ગણ માંહિ રે;
શુભ ભાવે બેઠી તિહાં રે, ધર્મ સુણે ઉચ્છાંહિ રે. જા૦ ૪
હેમપ્રભ રાજા હવે રે, સપરિવાર પરવરિયો રે;
કેવલીને તે વંદીને રે, ધર્મ સુણે ગુણ દરિયો રે. જા૦ ૫

ઇમ ઉપદેશે કેવલી રે, બંધન બે જગમાંહી રે;
રાગ અને બીજો દ્વેષ છે રે, એહથી કર્મ બંધાય રે. જા૦ ૬
રાગથી મોહની ઉપજે રે, દ્વેષ થકી વૈર થાવે રે;
કોઈકિ ભવે ભમતાં સહી રે, આગળે દુઃખ ઉપાવે રે. જા૦ ૭
વૈર અને વલી મોહની રે, ઉદય આવે એક વાર રે;
વિણ ભોગવ્યે છૂટકો નહિ રે, જાણો તુમે નિરધાર રે. જા૦ ૮
હસતાં કર્મ જે બાંધિયે રે, તન મન વચનને યોગે રે;
કડુઆ કર્મ વિપાકથી રે, પીડા લહે પરલોગે રે. જા૦ ૯
હેમપ્રભ કર જોડીને રે, સાધુ પ્રત્યે શિર નામી રે;
સભા સમક્ષ તે તદા રે, પૂછે પ્રસ્તાવ પામી રે. જા૦ ૧૦
કહો સ્વામી મુજ કામિની રે, જયસુંદરી ઈણે નામે રે;
ગોખ થકી કેણે અપહરી રે, લેઈ ગયો કુણ ઠામે રે. જા૦ ૧૧
સુણ રાજન પુત્રે હરી રે, જયસુંદરી તુજ રાણી રે;
તનુજ કિહાંથી પ્રભુ! તેહને રે, વસુધાપતિ કહે વાણી રે. જા૦ ૧૨
બીજો સુત તેહને નથી રે, જે હુંતો એક પુત્ર રે;
તે પણ દૈવે ન સાંસહ્યો રે, તો વાત પડી કેમ સૂત્ર રે. જા૦ ૧૩
ત્રુટા હાર તણી પરે રે, મનમાંહી મહીપતિ ચિંતે રે;
કેવલી કહે સુણ ભૂધણી રે, ફોગટ કાં પડ્યો ભ્રાંતે રે. જા૦ ૧૪
મૃગ કસ્તુરિકા કારણે રે, શોધે જિમ વનમાંહી રે;
નાભિ સુગંધ લહે નહિ રે, તિમ તું ભૂલે છે આંહી રે. જા૦ ૧૫
કરનાં કંકણ દેખવા રે, આરીસો કુણ માગે રે;
તૃણને ઓથે ડુંગરો રે, તિમ સંશય તુજ લાગે રે. જા૦ ૧૬
નૃપ કહે અલિક હોવે નહિ રે, સહુ જાણે જિનવાણી રે;
શોકયે સુત હણ્યો સહી રે, તે સઘળે વાત વ્હેંચાણી રે. જા૦ ૧૭
કૌતુક જાણી એ વડું રે, હું તો સંશય ભરાણો રે;
માહરી મા અને વાંઝણી રે, ન મળે એ ઊખાણો રે. જા૦ ૧૮

સંશય હરવા કેવલી રે, દેવીપૂજાદિક જેહ રે;
એ તનુજ રાણી તણો રે, સંબંધ ભાખ્યો તેહ રે. જા૦ ૧૯
વૈતાઢયથી વિદ્યાધરા રે, આવ્યા છે વંદન કાજે રે;
વ્યતિકર દાખ્યો તિહાં લગે રે, સાંભળ્યો સઘળી સમાજે રે. જા૦ ૨૦
જુએ નયણ પસારીને રે, નરનારી વૃંદ તેહો રે;
સંપ્રતિ સર્વે દેખીને રે, ભાંગ્યા સહુના સંદેહો રે. જા૦ ૨૧
પુત્ર પિતાને પાયે નમ્યો રે, માંહોમાંહી સહુ મળિયાં રે;
હર્ષનાં આંસું ઉલટયાં રે, વિયોગ તણાં દુઃખ ટળિયાં રે. જા૦ ૨૨
જયસુંદરી પતિને નમી રે, રુદન કરે દુઃખ આણી રે;
સભા સ્વજન સહુ દેખીને રે, આંખે ઝરે તિહાં પાણી રે. જા૦ ૨૩
સાધુને ભવિ વાંદજો રે, જે મનના સંદેહ ટાળે રે;
ઢાળ કહી પાંત્રીસમી રે, **ઉદયરતન** ઉજમાલે રે. જા૦ ૨૪

## ઢાળ છત્રીસમી

### દોહા

જયસુંદરી જિનને કહે, આણી મન અંદોહ;
સોલ વરસ કુણ કર્મથી, પામી પુત્ર વિછોહ. ૧
શોકય તણું ઇંડું હરી, સોલ મુહૂરત લગે જેહ;
દુઃખ દીધું જે શોકયને, તું ફલ પામી તેહ. ૨
તિલ તુસ માત્ર જ અન્યને, સુખ દુઃખ દીજે જેહ;
અનંત ગુણું તેહથી અધિક, પરભવે પામે તેહ. ૩
રતિરાણી જયસુંદરી, માંહોમાંહી એહ;
ખમાવે ખાંતે કરી, જિન સાખે ધરી નેહ. ૪
કહો મુનિ તે કુણ વાનરી, જેણે કીધો ઉપકાર;
જિન કહે એ તાહરી સુતા, કહ્યો તેહનો અધિકાર. ૫

(રાગઃ ધન્યાશ્રી; પ્રભુ તુજ શાસન અતિ ભલું–એ **દેશી**.)

જયસુંદરી રતિરાણીએ, કૃત કર્મના બંધન છેદ્યાં રે;
શ્રી જિનવચન સુણી તિહાં, ભવિ જનનાં મન ભેદ્યાં રે. ૧

**ધન્ય ધન્ય શ્રી મુનિરાજને,** જે મનના સંશય ટાળે રે;
આગમ અરથ પ્રકાશીને, જે જિનશાસન અજુઆળે રે. ધ૦ ૨
હેમપુરનો સ્વામી હવે, કેવલીને કહે શિર નામી રે;
પુત્ર રાણી શું મેં પ્રભુ, કુણ પુણ્યે એ ઋદ્ધિ પામી રે. ધ૦ ૩
મુનિ કહે સુણ શુકને ભવે, જિન આગે અક્ષત ધરિયા રે;
ચાર જીવ તિહાંથી ચવી, સુરલોકે જઈ અવતરિયા રે. ધ૦ ૪
અનુક્રમે તુમે ઈહાં અવતર્યા, સુરલોકે છે સા દેવી રે;
ત્રીજે ભવે તે તાહરી, પુત્રી પણે જાણેવી રે. ધ૦ ૫
અક્ષતપૂજાને પુણ્યે, સુર માનવનાં સુખ દીઠાં રે;
ત્રીજે ભવે હવે તુમે, શિવપુર સુખ લેશો મીઠાં રે. ધ૦ ૬
ઈમ સુણી રતિ રાણીના, અંગજને નિજ રાજ દીધું રે;
જયસુંદરી જયદત્તશું, રાજાએ સંજમ લીધું રે. ધ૦ ૭
નરનારી સહુ વાંદીને, પોહતાં પોતાને ગેહ રે;
કેવલી વિહાર કરે તિહાં, નિજ પરિકરશું સસનેહ રે. ધ૦ ૮
તે ત્રણ જીવ ત્રિવિધે કરી, વ્રતને દૂષણ ન લગાવે રે;
છટ્ઠ અટ્ઠમ આદિ તપ તપે, ક્ષમાએ કર્મ ખપાવે રે. ધ૦ ૯
પંચ સમિતિ ત્રણ ગુપ્તિ ધરે, તે દશવિધ ધર્મ દીપાવે રે;
શ્રી ગુરૂની સેવા કરે, મન શુદ્ધે ભાવના ભાવે રે. ધ૦ ૧૦
ચોખું ચારિત્ર પાલીને, હેમપ્રભ મુનિગુણ દરિયો રે;
કાલ કરી સુરપતિ પણે, સહસ્રારે જઈ અવતરિયો રે. ધ૦ ૧૧
જયસુંદરી ને કુમર તે, ઉત્તમ સંયમ આરાધી રે;
મિત્રપણે તે અવતર્યા, સુર પદવી સુંદર લાધી રે. ધ૦ ૧૨
તે ત્રણે તિહાંથી ચવી, ચોથો દેવીનો જીવ તે ચાર રે;
નર ભવ લહી સંયમ ગ્રહી, મુક્તિ ગયા નિરધાર રે. ધ૦ ૧૩
શ્રી વિજયચંદ્ર કેવલી કહે, તું સાંભલ નૃપ હરિચંદ રે;
અક્ષતપૂજાએ ચાર તે, જીવ પામ્યા પરમાનંદ રે. ધ૦ ૧૪
ઢાળ છત્રીસમી એ કહી, સુણજો ભવિયણ રંગીલા રે;
**ઉદય** કહે પૂજા થકી, લહિયે મનવંછિત લીલા રે. ધ૦ ૧૫

## ઢાળ સાડત્રીસમી

### દોહા

જિનપૂજા હરિચંદ સુણ, કોડિ સમારે કાજ;
ભવ સિંધુ જલ તારવા, ઉત્તમ એહ જહાજ. ૧
જિનગુણ ગાવે જિન નમે, જિનને પૂજે જેહ;
જિનનાં મંદિર જે કરે, પૂજ્ય હોય નર તેહ. ૨
જે જન ષટ ઋતુ ફૂલશું, જિન પૂજે ત્રણ કાલ;
સુર નર શિવ સુખ સંપદા, પામે તે સુરસાળ. ૩
જિમ ઉત્તમ કુસુમે કરી, પૂજ્યા શ્રી વીતરાગ;
વણિકસુતા લીલાવતી, પામી શિવ સૌભાગ. ૪
વિજયચંદ્ર મુનિવર વદે, સુણ રાજન્ ગુણવંત;
ચોથી પૂજા ઉપરે, કહું તેહનો દૃષ્ટાંત. ૫

(સાહિબ સાંભળો વિનતિ, તુમે છો ચતુર સુજાણ, સનેહી–એ **દેશી.**)

દીપે દક્ષિણ ભરતમાં, ઉત્તર મથુરા ઠામ, **રાજનજી**;
તિહાં નિવસે વ્યવહારિયો, વિજય શેઠ ઇણે નામ, **રાજનજી.**
**સાંભળ તું મન રંગશું. ૧**
શ્રીમાલા તસ કામિની, રૂપવતી અભિરામ; **રા૦**
તસ તનયા લીલાવતી, લલિત કલા ગુણ ધામ. **રા૦ સાં૦ ૨**
લઘુ બંધવ છે તેહને, ગુણધર નામે ઉદાર; **રા૦**
ભાઈ બહેન તે બે જણાં, છે ઘરનો શણગાર. **રા૦ સાં૦ ૩**
જિમ ઇંદુ ઉજ્વલ પખે, જિમ ઉત્તમના નેહ; **રા૦**
ચંપક તરુ જિમ બાગમાં, તિમ વાધે તે બેહ. **રા૦ સાં૦ ૪**
એહવે દક્ષિણ દિશે પુરી, દક્ષિણ મથુરા નામ; **રા૦**
વ્યવહારી એક તિહાં વસે, મકરધ્વજ ગુણધામ. **રા૦ સાં૦ ૫**
વારુ વિનયદત્ત તેહને, નંદન છે સુવિવેક; **રા૦**
તે વ્યાપારે આવ્યો તિહાં, લેઈ વસ્તુ અનેક. **રા૦ સાં૦ ૬**

લીલાવતીને દેખીને, મોહ્યો તે વિનયદત્ત; રા૦
પરણાવે તેહને પિતા, દેખી બહુ ગુણ જુત્ત. રા૦ સાં૦ ૭
પરણાવી તસ પુત્રિકા, વિજય શેઠ તેણી વાર; રા૦
આપે કર મૂકામણે, કનક રતન ભંડાર. રા૦ સાં૦ ૮
લીલાવતીને આપી તિહાં, દાસી પલ્લવી નામ; રા૦
દિન કેતાએક તિહાં રહી, શીખ માગી હવે તામ. રા૦ સાં૦ ૯
માત પિતા સહુશું મળી, દાસી સાથે લેઈ; રા૦
પતિ સાથે તે પરવરી, લીલાવતી સસનેહી. રા૦ સાં૦ ૧૦
વિનયદત્ત વનિતા વરી, પહોત્યો નિજ પુરઠાણ; રા૦
પંચ વિષયસુખ ભોગવે, પૂરવ પુણ્ય પ્રમાણ. રા૦ સાં૦ ૧૧
શ્વસુર કુલની માજાયે, લીલાવતી ધરે લાજ; રા૦
વિનય કરે મોટા તણો, કુલ મોટાઈ કાજ. રા૦ સાં૦ ૧૨
અન્યદા તેહની શોકચે તિહાં, જિનને પૂજ્યા ફૂલ; રા૦
હાર ગુંથી કંઠે ઠવ્યો, પરિમલ જાસ અમૂલ. રા૦ સાં૦ ૧૩
જે પૂજા શોકચે કરી, તે દેખી તિણે ઠામ; રા૦
મનમાં મિથ્યાત્વ યોગથી, અમરષ ઉપનો તામ. રા૦ સાં૦ ૧૪
અજ્ઞાને સા આવરી, ન લહે ધર્માધર્મ; રા૦
શોકય તણે દ્વેષે કરી, કડુઆં બાંધશે કર્મ. રા૦ સાં૦ ૧૫
પલ્લવીને લીલાવતી, કોપે ચડી ઈમ ભાખે; રા૦
એ માળા લેઇ ઈહાં થકી, વાડચ માંહે જાઈ નાંખ. રા૦ સાં૦ ૧૬
ઈમ નિસુણી દાસી ગઈ, જિનમુખ આગે જામ; રા૦
માળા ઠામે મણિધર દેખી, દાસી બીહની તામ. રા૦ સાં૦ ૧૭
વાર બે ચાર કહ્યો તેણે, દાસી ન ઘાલે હામ; રા૦
ભુજંગ ઉપરે ભુજ નાખીને, કુણ ગ્રહે મરવા કામ. રા૦ સાં૦ ૧૮
આપે ઉઠી ઉતાવળી, માલ ગ્રહી નિજ હાથે; રા૦
એકાંતે નાખે જેહવે, તવ વળગી કર સાથે. રા૦ સાં૦ ૧૯

દેવપ્રભાવે દામનો, ઉરગ થયો મહા ચંડ; સા૦
હાથથી હેઠો પડે નહિ, વીંટી રહ્યો ભુજદંડ. સા૦ સાં૦ ૨૦
તવ તે બુંબારવ કરે, તે સાંભળી પુરલોક; સા૦
સ્વજન આદિ આવી મળ્યા, નર નારીના થોક. સા૦ સાં૦ ૨૧
સા લાજી મનશું ઘણું, લોક જુએ સહુ ખ્યાલ; સા૦
અનેક ઉપાય કર્યો તિહાં, કર નવિ છોડે બ્યાલ. સા૦ સાં૦ ૨૨
શોકચ તેહની શુદ્ધ શ્રાવિકા, નિશ્ચલ સમકિત જાસ; સા૦
નહિ મદ મત્સર જેહને, નામે જિનમતિ ખાસ. સા૦ સાં૦ ૨૩
ત્રિકાલ પૂજા તે કરે, પડિકમણું દોય વાર; સા૦
મિથ્યાત્વીના મંડલમાં, જિનધર્મી સા નાર. સા૦ સાં૦ ૨૪
તેણે દીઠી લીલાવતી, કરતી વિવિધ વિલાપ; સા૦
નવકાર મંત્ર સંભારીને, અનુકંપા ધરી આપ. સા૦ સાં૦ ૨૫
નિજ હાથે જબ તે ગ્રહે, સાપ ટળી તતકાળ; સા૦
તેહના સત્ત્વ પ્રભાવથી, થઈ સુંદર ફૂલમાળ. સા૦ સાં૦ ૨૬
તે દેખી સહુ જન કહે, ધન્ય ધન્ય તુજ અવતાર; સા૦
નિર્મળ શીલવતી સતી, પ્રશંસે નરનાર. સા૦ સાં૦ ૨૭
જિનમતિનો જસ વિસ્તર્યો, લોક ગયા નિજ ગેહ; સા૦
**ઉદયરતન** કહે સાંભળો, ઢાળ સાડત્રીસમી એહ. સા૦ સાં૦ ૨૮

## ઢાળ આડત્રીસમી

### દોહા

સાધુ દોય કો તિણે સમે, એષણિક લેવા આહાર;
અનુક્રમે આવ્યા વિચરતા, લીલાવતી ઘરદ્વાર. ૧
મન હરખે લીલાવતી, દેખી મુનિવર દોય;
સપરિવારશું સાધુને, વિનયશું વંદે સોય. ૨
ધર્મલાભ દેઈ કહે, વૃદ્ધ મુનિ તિણી વાર;
સાંભલ તું લીલાવતી, ધર્મ તણો અધિકાર. ૩

લીલાવતી વળતું વદે, પદ વંદી સુવિશેષ;
કહો સ્વામી કરુણા કરી, ધર્મ તણો ઉપદેશ. ૪
પાવન જેણે થઈએ પ્રભુ, સફલ થાયે અવતાર;
મયા કરી મુજ ઉપરે, ભાખો તે સુવિચાર. ૫

(રાગ : સારંગ મલ્હાર; શ્રી યુગમંધર વિનવું હો લાલ–**એ દેશી**)

સુણ દેવાનુપ્રિયે હવે હો લાલ, ઈમ કહે અણગાર, **લીલાવતી**;
વારંવાર એ દોહિલો હો લાલ, માનવનો અવતાર, **લીલાવતી.**
**નરભવ લાહો લીજિયે હો લાલ૦ ૧**
રાગ અને દ્વેષે કરી હો લાલ, લાખ ચોરાશી ઠાય; **લી૦**
કાળ અનાદિ અનંતનો હો લાલ, જીવ ભમે જગમાંહિ. **લી૦ નર૦** ૨
કોઈક પુણ્ય કલ્લોલથી હો લાલ, લહી માનુષભવ એહ; **લી૦**
પંચ વિષયની લાલચે હો લાલ, ફોગટ હારે તેહ. **લી૦ નર૦** ૩
પદવી ઇંદ્રને પૂજ્યની હો લાલ, પામે નહિ સંદેહ; **લી૦**
સમકિત ચિંતામણિ સમો હો લાલ, દુઃખે પામે તેહ. **લી૦ નર૦** ૪
સમકિત મૂલ વિના સહી હો લાલ, પાર ન પામે કોય; **લી૦**
સમકિતથી સંસારમાં હો લાલ, સદ્દગતિ સહેજે હોય. **લી૦ નર૦** ૫
ત્રણ તત્ત્વને ઓળખે હો લાલ, દેવ ગુરુ ને ધર્મ; **લી૦**
સદ્દહણા જિનવયણની હો લાલ, સમકિતનો એ મર્મ. **લી૦ નર૦** ૬
દેવ અનેકમાં દીપતો હો લાલ, દોષરહિત ભગવંત; **લી૦**
સમકિતને અજુઆળવા હો લાલ, પૂજિયે શ્રી અરિહંત. **લી૦ નર૦** ૭
કેતકી ચંપક કેવડે હો લાલ, જાઈ જુઈ જાસુલ; **લી૦**
માલતી ને મચકુંદના હો લાલ, લેઇ ફૂલ અમૂલ. **લી૦ નર૦** ૮
જે પૂજે જિનદેવને હો લાલ, વિધિશું ત્રણ કાલ; **લી૦**
સુર નર શિવ સુખસંપદા હો લાલ, પામે તે સુરસાલ. **લી૦ નર૦** ૯
ચઢાવે ભગતે કરી હો લાલ, જે જિનને એક ફૂલ; **લી૦**
સુર નરની તે સાહ્યબી હો લાલ, ઉત્તમ પામે અમૂલ. **લી૦ નર૦** ૧૦

જિનપૂજા અન્યની કરી હો લાલ, દેખીને જે દુષ્ટ; લી૦
અમરષ આણે અવગુણી હો લાલ, તે પામે મહાકષ્ટ. લી૦ નર૦ ૧૧
ભવચક્રે ભૂલો ભમે હો લાલ, દુઃખિયો તે નર દીન; લી૦
ઇહલોકે લહે આપદા હો લાલ, પ્રચુર પર આધીન. લી૦ નર૦ ૧૨
દારિદ્ર દૌર્ભાગ્યે કરી હો લાલ, તપ્ત રહે તે સદૈવ; લી૦
વિઘન કરે જિન પૂજતાં હો લાલ, કુગતિ લહે તે જીવ. લી૦ નર૦ ૧૩
અર્ચા અરિહંત દેવની હો લાલ, પરની કીધી જેહ; લી૦
ઉતારે દ્વેષે કરી હો લાલ, મહા દુઃખ પામે તેહ. લી૦ નર૦ ૧૪
જીભે કરીને જે કહે હો લાલ, જિન પૂજ્યાથી પાપ; લી૦
તે નર મૂરખ બાપડા હો લાલ, કહો કિમ તારે આપ. લી૦ નર૦ ૧૫
લીલાવતી કંપી તદા હો લાલ, વચન સુણી તે કાન; લી૦
જિમ કંપે વાયુવેગથી હો લાલ, તરુવર કેરી ડાલ. લી૦ નર૦ ૧૬
ભવભય પામી વળતું ભણે હો લાલ, બાળા જોડી બે હાથ, સુસાધુજી;
પ્રભુજી સુણો વિનતિ હો લાલ, મયા કરી મુનિનાથ, સુસાધુજી.
અવધારો અણગારજી હો લાલ. ૧૭
મૂલ થકી માંડી કહ્યો હો લાલ, માળા તણો વિરતંત; સુ૦
એ અપરાધ મેં કર્યો હો લાલ, સુણો સ્વામી ગુણવંત. સુ૦ અ૦ ૧૮
કહો સ્વામી કરુણા કરી હો લાલ, એહવો કોઈ ઉપાય; સુ૦
જે ટાળે એ પાપને હો લાલ, મનવાંછિત ફલ થાય. સુ૦ અ૦ ૧૯
મુનિ કહે મન શુદ્ધે સદા હો લાલ, જો પૂજે જિન દેવ; લી૦
એહ કરમના બંધથી હો લાલ, તું છૂટે તતખેવ. લી૦ નર૦ ૨૦
વંદી કહે લીલાવતી હો લાલ, કરવી મેં નિરધાર; સુ૦
જાવ જીવ લગે સદા હો લાલ, જિનપૂજા ત્રણ વાર. સુ૦ અ૦ ૨૧
પુનરપિ સાધુ પાયે નમી હો લાલ, કરતી પશ્ચાત્તાપ; લી૦
આતમ નિંદે આપણો હો લાલ, જેહથી છૂટે પાપ. લી૦ નર૦ ૨૨
મુનિવચને મિથ્યાત્વનો હો લાલ, મેલી મનથી પાસ; લી૦
થઈ સુધી શ્રાવિકા હો લાલ, પામી સમકિત ખાસ. લી૦ નર૦ ૨૩

જિહાં લગે શક્તિ શરીરની હો લાલ, જિહાં લગે પિંડમાં પ્રાણ; સુ૦
ચિત્તમાં જિહાં લગે ચેતના હો લાલ, તિહાં લગે નિયમ પ્રમાણ.સુ૦ અ૦ ૨૪
દેઇ દાન માને કરી હો લાલ, પ્રતિલાભે અણગાર; સુ૦
ધર્મલાભ દેઇ વળ્યા હો લાલ, તિહાંથી મુનિ તેણી વાર. સુ૦ અ૦ ૨૫
વિધિએ પૂજે હેજે કરી હો લાલ, કુસુમે જિનને ત્રિકાલ, સુણો ભવિયણ;
ઉદયરતન કહે સાંભળો હો લાલ, એ આડત્રીસમી ઢાળ. ભ૦ નર૦ ૨૬

## ઢાળ ઓગણચાલીસમી

### દોહા

હવે લીલાવતી અન્યદા, ઉલટ અંગ ધરેય;
પિયર પોહતી પ્રેમભર, પતિની અનુમતિ લેય. ૧
માત પિતા નિજ બંધુને, જઇ મળી મનરંગ;
લીલાવતીને ભેટીને, ઉલસ્યાં સહુનાં અંગ. ૨
ત્રણ કાલ પૂજે તિહાં, જિનપ્રતિમા અભિરામ;
એક દિન દેખી પૂજતી, બંધવ પૂછે તામ. ૩

( અરિહંત પદ ધ્યાતો થકો–એ દેશી )

ગુણધર નામે જેહ છે, લીલાવતીનો ભાઇ રે;
પૂજાતું ફલ પ્રેમશું, પૂછે તે ચિત્ત લાઇ રે. ૧
ઇમ જાણી જિન પૂજિયે, લીલાવતી ઇમ ભાખે રે;
જિન પૂજા એ જીવને, દુરગતિ પડતાં રાખે રે. ઇમ૦ ૨
પાપ સંતાપ દૂરે હરે, આપદ મૂલ ઉથાપે રે;
સીંચી પુણ્ય અંકુર ને, સ્વર્ગ સૌભાગ્યને આપે રે. ઇમ૦ ૩
રોગ સોગ દોહગ હરે, કોડી કલ્યાણની કરતા રે;
વધારે જસ પ્રીતિ ને, વિકટ સંકટ નીહરતા રે. ઇમ૦ ૪
સ્વર્ગ તેહને ઘર આંગણું, કમલા કરે ઘરવાસો રે;
ગુણાવલી ગાત્રે વસે, ત્રિભુવન તેહનો દાસો રે. ઇમ૦ ૫
રોગ ન આવે ઢુંકડો, જિમ કરી કેસરી આગે રે;
પ્રતિકૂલ પ્રમદાની પરે, દુરગતિ દૂરે ભાગે રે. ઇમ૦ ૬

ભવજલ સિંધુ સુખે તરે, ઉપદ્રવ અલગ પળાય રે;
મોક્ષ તેને છે હાથમાં, જે પૂજે જિનરાય રે. **ઇમ૦** ૭
વન ત્રાઠાં હરણાં પરે, અવગુણ અળગા નાસે રે;
મનવાંછિત ફલ તે લહે, જે જિન પૂજે ઉલ્લાસે રે. **ઇમ૦** ૮
સુમતિ સુમિત્ર તણી પરે, સંગ ન છોડે કિહારે રે;
વારિધિ વેલાની પરે, સુખની રાશિ વધારે રે. **ઇમ૦** ૯
જે પૂજે ફૂલે કરી, શ્રી જિન કેરા પાય રે;
સુર લલનાને લોચને, તે નર આપે પૂજાય રે. **ઇમ૦** ૧૦
જે વંદે જિન દેવને, ત્રિજગ તેહને વંદે રે;
જે જિનની સ્તવના કરે, સુર સ્તવે તેહને આનંદે રે. **ઇમ૦** ૧૧
જે ધ્યાયે જિનરાજને, ભાવ ધરી મનમાંહે રે;
સુણ તું સાચું બાંધવા, મુનિજન તેહને ધ્યાયે રે. **ઇમ૦** ૧૨
વિવિધ જાતિને ફૂલડે, જે પૂજે જિનબિંબ રે;
તે પ્રાણી પામે સહી, ઉત્તમ પદ અવલિંબ રે. **ઈમ૦** ૧૩
ઇમ નિસુણી ગુણધર વદે, લીલાવતી પ્રતિ વાણી રે;
જાવ જીવ જિનરાજને, પૂજવા મેં ફલ જાણી રે.
**અવસરે લાહો લીજિએ.** ૧૪
સુશ્રીક સુરભિ ફૂલશું, ભ્રાતા ભગિની દોય રે;
ભાવ અને ભક્તિ કરી, જિનને પૂજે સોય રે. **અવ૦** ૧૫
ઇમ પૂજી અરિહંતને, ત્રિવિધેશું ત્રણ વાર રે;
નિયમ ન ખંડે તે કદા, સુખે વિચરે સંસારે રે. **અવ૦** ૧૬
અનુક્રમે આયુ પૂરું કરી, જિન પૂજી ચિત્ત ચોખે રે;
કાલ કરી બેહુ ઉપનાં, સૌધર્મે સુરલોકે રે. **અવ૦** ૧૭
સુરલોકનાં સુખ ભોગવી, મનવાંછિત મન મોદે રે;
સુર આયુ પૂરું કરે, નાટક ગીત વિનોદે રે. **અવ૦** ૧૮
ઓગણચાલીસમી એ કહી, સંપૂરણ થઈ ઢાળો રે;
**ઉદયરતન** કહે સાંભળો, પૂજાફલ સુરસાળો રે. **અવ૦** ૧૯

## ઢાળ ચાલીસમી

### દોહા

પદ્મપુર નગરે વસે, પદ્મરથ રાજાન;
પદ્મા નામે તેહને, રાણી રૂપનિધાન. ૧
ગુણધર જીવ ચવી થયો, જય નામે સુત તાસ;
અનુક્રમે વાધે બાલ તે, પ્રગટ્યો પુણ્ય પ્રકાશ. ૨
ઇંદ્રકુમર સમ ઓપતો, અથવા જાણે કામ;
અવની ઉપરે અવતર્યો, મનમોહન અભિરામ. ૩
સુરપુર નગરે શોભતો, સુરવિક્રમ નરનાથ;
શ્રીમાલા પટરાગિની, સુખ વિલસે તિણ સાથ. ૪
લીલાવતીનો જીવ તે, ચવી શ્રીમાલાને પેટ;
પુત્રીપણે તે ઉપનો, જાણે પુણ્યે કીધી ભેટ. ૫
રૂપવંત ગુણ દેખીને, વિનયશ્રી ધર્યો નામ;
અનુક્રમે વાધી બાળિકા, સકલ કલા ગુણધામ. ૬

(**રાગ** : સામેરી. સોના રૂપાકે સોગઠે, સાંયાં ખેલત બાજી–**એ દેશી**)

વધતી તારુણ્ય વેશમાં, કુમરી તે આવી;
યૌવનને જોરે કરી, ઇંદ્રાણી હરાવી. ૧
સુરવિક્રમ રાયની સુતા, દામિની શી દીપે;
રૂપ કલા ગુણે કરી, રતિ રાણીને જીપે. ૨
વેણીએ [1]વાસુકી વસ્યો, સોહે શશિ વદની;
દીપ શિખાશી નાસિકા, નાજુક મૃગનયની. ૩
અધર વિદ્રુમ સમ શોભતા, દાડમ કણ દંતી;
કંઠે જીતી કોકિલા, ગજગતિ ચાલંતી. ૪
ઉન્નત પીન પયોધરે, જીત્યો જેણે શંભુ;
કંચુક મિસે કામે તિહાં, તાણ્યા દોય તંબુ. ૫

---
૧ નાગ.

કોમલ અંગ કૃશોદરી, સુંદરી સિંહલંકી;
લોચનની લહેજે કરી, અમરાંગના ઢંકી. ૬
નખ શિખ લગે નિરમળી, શૃંગારે સોહે;
મુખનો મટકો દેખીને, મુનિજન મન મોહે. ૭
મંથરગતિ પગમંડણી, મુખે મીઠું બોલે;
કાયાની કાંતે કરી, દિણયર પણ ડોલે. ૮
ભર યૌવન ને મદભરી, વરને યોગ્ય જાણી;
રાજસભામાં મોકલે, માતા હિત આણી. ૯
આભૂષણ પહેરાવીને, મોકલી નૃપ પાસે;
વિનયશ્રી જઈ તાતને, પ્રણમી ઉલ્લાસે. ૧૦
કર જોડી આગળ રહી, અપછર સમ ઓપે;
ઉદયે કહી ઢાળ એ સહી, ચાલીસમી જોપે. ૧૧

## ઢાળ એકતાલીસમી

### દોહા

બેસારી બહુ નેહશું, અવનીપતિ ઉત્સંગ;
મહીપતિ ચિંતામાં પડયો, અવલોકી તસ અંગ. ૧
એ સરીખો અવનીતલે, વર નવિ દીસે કોય;
તો કેહને પરણાવશું, ચિત્તમાં ચિંતે સોય. ૨
રાજકુલી છત્રીસના, બેઠા કુમર સમાજ;
વત્સે ! તુજને જે રૂચે, વર વરો તે આજ. ૩
અંગજા તાતની અનુમતિ, આંખ ઉઘાડી જોય;
રાજસભા અવલોકતાં, ચિત્ત ન બેઠો કોય. ૪

( રાગઃ ગોડી. )

( તુજ મુજ રીઝની રીત, અટપટ એહ ખરી રી—એ દેશી )
નયણે ન રાચે જેહ, મનને તેહ ન ભાવે;
પૂરવ ભવની પ્રીતિ, પહેલી નયણ જણાવે. ૧

જન્માન્તરનો જેહ, સંબંધ જેહને જેહશું;
આવી મળે તે સંચ, મન પણ માને તેહશું. ૨
અનંગ સ્વરૂપી અનેક, નરપતિ નીરખ્યા તેણે;
ચિત્તમાં ન વસિયો કોય, મન નવિ વિંધ્યું કેણે. ૩
જનકે જાણી વાત, કુમરીના મન કેરી;
દેશ દેશે દૂત, પઠાવે બહુ પ્રેરી. ૪
ભૂપતિ પ્રતિરૂપ, ચિત્રપટે આલેખી;
મંગાવે મહીપાલ, સા નવિ રાચે દેખી. ૫
ઇમ ચિત્રપટ અનેક, મોટા મહીપતિ કેરા;
મંગાવ્યા મહારાજ, એક એકથી અધિકેરા. ૬
પેખીને પટ્ટ રૂપ, મનશું મોહ ન જાગે;
ચિત્ત ન ચહે કોય, રૂપે રઢ ન લાગે. ૭
ન નીપાયો નર તેહ, ધાતાએ ભૂપીઠે;
ઈલાપતિ ચિંતે એમ, પુત્રી મોહે જે દીઠે. ૮
જયકુમરનો તામ, પટ્ટ આવ્યો તે નીરખી;
રોમાંચિત થઈ તેહ, હૈયામાંહી હરખી. ૯
ત્રિવિધે વરિયો તેહ, જયકુમર સહુ સાખે;
જુગતિ મલી એ જોડી, ભૂપ આદિ એમ ભાખે. ૧૦
કન્યાદાન નિમિત્ત, જયકુમરને તેડાવ્યો;
લેઈ જાન સુસાજ, તે પણ તતખિણ આવ્યો. ૧૧
સામહિયો કર્યો તામ, મંગલ તૂર બજાવી;
શુભ લગને શુભ યોગ, નિજ પુત્રી પરણાવી. ૧૨
આપ્યાં દાન અનેક, કર મૂકાવણ કાજે;
ગૌરવ આદિ સુરંગ, ભક્તિ કરી મહારાજે. ૧૩
મહા મહોત્સવ મંડાણ, પરણાવી નિજ બાલ;
ચિંતા ભાગી ચિત્ત, મન હરખ્યો મહીપાલ. ૧૪

દિન કેતાએક ત્યાંહ, જયકુમર મન મોદે;
રહી સુખ વિલસે સોય, નાટક ગીત વિનોદે. ૧૫
એકતાલીસમી ઢાળ, એ કહી ગોડી રાગે;
**ઉદયરતન** કહે એમ, શ્રોતા સુણજો આગે. ૧૬

## ઢાળ બેંતાલીસમી

### દોહા

શિખ માગી સસરા કને, કુમર તે મનને કોડ;
સાથે લઈ નિજ કામિની, ચાલ્યો સુરપુર છોડ. ૧
માત પિતા પરિવારશું, રાજસુતા મલી રંગ;
આંખે આંસુ ઢાળતી, ચાલી પ્રિયને સંગ. ૨
વોળાવીને સહુ વળ્યું, ધાવ નીસાણે દેય;
ઉપવનથી આઘો ચલ્યો, જયકુમર દલ લેય. ૩
ઇમ અવિચ્છિન્ન પ્રયાણશું, નિજપુર જાતાં તામ;
આવ્યો એક ઉદ્યાન તિહાં, સુંદર શોભિત ઠામ. ૪

( રાગઃ સારંગ; દેશી બિંદલીની. )

તે ઉદ્યાને આવ્યા જેહવે, તિહાં ઋષિ દીઠો એક તેહવે હો,
મુનિવર વૈરાગી;
સુરસેવિત ગુણરયણ કરંડ, જે તારણ તરણ તરંડ હો. મુ૦ ૧
ધારે શ્વેતાંબર વારુ, નિર્મળ ચારિત્રનો ધારુ હો; મુ૦
નિર્મળ ઓપે દંતની ઓળી, જાણે ઉભી હીરા ટોળી હો. મુ૦ ૨
નિર્મળ જેહની કાંતિ વિરાજે, નિર્મળ પરિકરશું છાજે હો; મુ૦
નિર્મળ ચઉનાણી નિરધાર, નિર્મળ નામે અણગાર હો. મુ૦ ૩
વિનયશ્રી કહે તવ વાણી, સ્વામી સુણો ગુણખાણી હો, **રાજન સોભાગી;**
એ અણગારની પાસે જાઈ, આપણ નમિયે ઉમાહી હો; રા૦ ૪
ઇમ નિસુણી નિજ પરિકર વૃંદે, મુનિને વંદે આનંદે હો; રા૦
ધર્મલાભ દીધો મુનિરાજે, ભવસાગર તરવા કાજે હો. રા૦ ૫

જયકુમર વિનયશ્રી નામ, નિજ મુખે મુનિવર કહે તામ હો; રા૦
ધર્મની સંપત્તિ લહેજો વારુ, મુનિપતિ જંપે મનોહારુ હો. રા૦ ૬
નામ શું જાણે એ મુનિ આંહિ, વિસ્મિત ચિંતે તે ત્યાંહ હો; રા૦
અહો અહો એ મુનિવરનું જ્ઞાન, સહેજે જાણે અભિધાન હો. રા૦ ૭
તવ ઉપદેશે અણગાર, જિનભાષિત સૂત્ર વિચાર હો; મુ૦
સમકિત મૂલ વ્રત બાર, દાનાદિક ભેદ ઉદાર હો. મુ૦ ૮
વળી વળી દોહિલો જનમારો, પરમાદે કાં તુમે હારો હો, રાજન ગુણરાગી;
ધર્મ કરીને આતમ તારો, પાપે પિંડ ન ભારો હો. રા૦ ૯
ક્રોધાદિ કષાય નિવારો, જિનવચન હૈયામાં ધારો હો; રા૦
વિત્ત છતે ન કહિયે નાકારો, અવગુણ તજી ગુણ સંભારો હો. રા૦ ૧૦
વ્યસન હિયાથી વિસારો, જો ચાહો મુગતિનો આરો હો; રા૦
દાન દેઇને નિજ કર દારો, જિમ પાઓ જયકારો હો. રા૦ ૧૧
ઇમ ઉપદેશ દીધો તિણે ઠામ, મુનિરાજે મુગતિનો કામ હો,
ભવિયા ગુણરાગી;
એ કહી બેંતાલીસમી ઢાળ, ઉદય કહે સુણો ઉજમાલ હો. ભ૦ ૧૨

## ઢાળ તેંતાલીસમી

### દોહા

દેશના સુણી તે દંપતી, પ્રીછ્યા હૃદય મોઝાર;
જીવાદિક નવ તત્ત્વ ને, ધર્માધર્મ વિચાર. ૧
પુનરપિ વંદી સાધુને, જયકુમર કર જોડી;
પૂરવ ભવ પૂછે તદા, મન શુદ્ધે મદ મોડી. ૨
કહો સ્વામી કુણ પુણ્યથી, હું પામ્યો એ રાજ;
રમણી લીલા સંપદા, મનવાંછિત સુખ સાજ. ૩

(માહરે આગે હો ઝીણા મારુજી વાવડી–એ દેશી)

કરુણાપર હો કુમરની વાણી સાંભળી, ઇમ જંપે અણગાર, રૂડા રાજવી;
દેવાનુપ્રિય હો! સુણ પૂરવ ભવ તાહરો, તાહરો કહું અધિકાર.
રૂ૦ દે૦ ૧

તું ગત ભવે હો ઉત્તર મથુરાયે હતો, ગુણધર નામે વણિક; રૂ૦
લીલાવતી હો બ્હેન હુંતી એક તાહરે, .ધર્મવતી રમણિક. રૂ૦ દે૦ ૨
જિનવરની હો પૂજા તે કરતી નિત્યે, ત્રિવિધશું ત્રણ કાલ; રૂ૦
તુજને પણ હો તેહને સંગે કરી, ઊપનો ભાવ ઉદાર. રૂ૦ દે૦ ૩
કુસુમે કરી હો જાવ જીવ લગે તિહાં, તેં પૂજ્યા જિનરાજ; રૂ૦
તેહ પુન્યે હો સુરલોકનાં સુખ ભોગવી, પામ્યો ઉત્તમ રાજ. રૂ૦ દે૦ ૪
આગે વળી હો સુરનરનાં સુખ અનુભવી, કેતાએક ભવમાંહ્ય; રૂ૦
અનુક્રમે હો પૂજાથી નિશ્ચય સહી, પામીશ તું શિવઠાય. રૂ૦ દે૦ ૫
હરખિત ચિત્તે હો મુનિને કુમર કહે ફરી, તુમે છો ગરીબ નિવાજ,
સુધા સાધુજી;
**અવધારો હો અરજ તુમે મયા કરી**, મયા કરી સુણો મહારાજ. **સુ૦ દે૦ ૬**
લીલાવતી હો ભગિની જિનપૂજા થકી, પામી કુણ અવતાર; સુ૦
સંપ્રતિ સહી હો કેહી ગતિમાંહી વસે, કહો તેહનો અધિકાર. સુ૦ દે૦ ૭
મુનિપતિ કહે હો સૌધરમે સુખ ભોગવી, ઊપની એ તુજ નારી; રૂ૦
**દેવાનુપ્રિયે હો ! સુણ પૂરવ ભવ એહનો**, એહનો એ અધિકાર.
રૂ૦ દે૦ ૮
મુનિવચને હો જાતિસ્મરણ પામ્યાં તદા, સાંભર્યો ગત અવદાત; રૂ૦
કર જોડી હો મુનિપતિને કહે દંપતી, સાચી કહી તુમે વાત. સુ૦ અ૦ ૯
વિનયશ્રી હો વાચંયમને વીનવે, સ્વામી એ ધિગ સંસાર; સુ૦
એક ભવને હો અંતરે આવી ઉપનો, ભાઈ મરી ભરતાર. સુ૦ અ૦ ૧૦
ધિગ મુજને હો વલી ધિગ મોહની, ધિગ ધિગ એ અવતાર; સુ૦
એ સગપણે હો લોકમાંહી પણ લાજીયે, ધિગ ધિગ વિષય વિકાર. સુ૦ અ૦ ૧૧
સાધુ કહે હો ભદ્રે કાં તું દુઃખ ધરે, એ છે ઘટતો ન્યાય, **સુણ સુંદરી;**
**દેવાનુપ્રિય હો સુણ સંસારની રીતિ એ**, રીતિ એ જીતી ન જાય.
સુ૦ દે૦ ૧૨
માત મરી હો નારી પણ સહી નીપજે, ભાઈ થાયે ભરથાર; સુ૦
ભરતાર મરી હો, ભાઈપણે પણ ઉપજે, ઇમ સગપણનો નહિ પાર.
સુ૦ દે૦ ૧૩

ભગવન સુણો હો એહ તમે સાચું કહ્યું, પણ જાણી વિષ ન ખવાય; સુ૦
તે માટે હો સંજમ લેવો મેં સહી, દુઃખ હરવા મુનિરાય. સુ૦ અ૦ ૧૪
ઇમ જાણી હો જયકુમર મુનિને કહે, ભવને પડો ધિક્કાર; સુ૦
જિહાં ભમતાં હો ભગિની થઇ ભારજા, ધિગ ધિગ એ વ્યવહાર.
સુ૦ અ૦ ૧૫
સંયમ લેવા હો સ્વામી હુ સમરથ નહિ, અન્ય કહો ઉપાય; સુ૦
જેણે કરી હો નિર્મળ થાયે આતમા, દુષ્કૃત દૂર પલાય. સુ૦ અ૦ ૧૬
મુનિપતિ કહે હો, સમરથ નહિ સંજમ લેવા, તો ઉચ્ચરો વ્રત બાર; સુ૦
**દેવાનુપ્રિય હો સમકિત શુદ્ધ આદરો**, આદરી પાલો ઉદાર.
સુ૦ દે૦ ૧૭
દેશવિરતિએ હો કુમરને થાપી થિર કર્યો, આપ્યું સમકિત દાન; સુ૦
વિનયશ્રીને હો સંજમ આપે તિણે સમે, મુનિવર જ્ઞાનનિધાન. સુ૦ દે૦ ૧૮
ગુરુને નમી હો વિનયશ્રી પ્રત્યે ખામી, કુમર ગયો નિજ ઠાય; સુ૦
**દેવાનુપ્રિય હો સુણ તું હરિશ્ચંદ્ર મનરૂલી**, મનરૂલી કહે મુનિરાય.
સુ૦ દે૦ ૧૯
વિનયશ્રી હો સુવ્રતા સાધ્વીની પાસે, પાલી સંયમભાર; સુ૦
કેવલ લહી હો મુગતિ ગઈ તે મહાસતી, પામી ભવનો પાર. સુ૦ દે૦ ૨૦
વિજયચંદ્ર હો હરિચંદ્રને કહે સાંભળો, એ કુસુમપૂજા અધિકાર; સુ૦
**ઉદય** કહે હો તેંતાલીસમી ઢાળમાં, ભાવ વડો સંસાર, **સુણજો ભવિ;**
**દેવાનુપ્રિય હો ભાવ સદા હૈયે ધરો**, જિમ પામો ભવજલ પાર.
સુ૦ દે૦ ૨૧

## ઢાળ ચૂંવાળીસમી

### દોહા

ભવસાગર ભીષણ ઘણો, ઊંડો જેહ અગાધ;
પૂજા પ્રવહણે બેસિયે, તો તરિયે નિરાબાધ. ૧
જિનપૂજા જગતી તલે, ઉત્તમ એક રતન્ન;
હાથ થકી કિમ હારિયે, કીજે કોડી જતન્ન. ૨

દ્રવ્ય અને ભાવે કરી, જે પૂજે જિનરાય;
અલ્પ ભવે નર અવશ્ય તે, પામે મુગતિપસાય. ૩

દેહરે દીવો જે કરે, ભકિત ધરી મનમાંહ્ય;
તે સુરનાં સુખ ભોગવી, પામે શિવપુર ઠાય. ૪

જિમ જિનમતિ ને ધનસિરી, દીપક પુણ્યે હોય;
અમરગતિ સુખ અનુભવી, શિવપુર પહોતી સોય. ૫

વિજયચંદ્ર કહે કેવલી, સુણ રાજન ગુણવંત;
પંચમી પૂજા ઉપરે, કહું તેહનો દષ્ટાંત. ૬

( દેશી )

દક્ષિણ ભરતે દીપતો હો **રાજન**, નગર નિરુપમ ઠામ, **ગુણના રાગી;**
ઓપે ઇંદ્રપુરી સમો હો **રાજન**, મેઘપુર ઇણે નામ, **ગુણના રાગી.**
**સુણ તું રૂડા રાજા. ૧**

રાજ્ય કરે તિહાં રાજિયો હો, રા૦ મેઘરથ નામે રાજન; ગુ૦
રિપુ ગજ ગર્વને ગંજવા હો, રા૦ કેસરી સિંહ સમાન. ગુ૦ સુ૦ ૨

વરદત્ત શેઠ વસે તિહાં હો, રા૦ સમકિતવંત સુજાણ; ગુ૦
એકવીસ ગુણે ઓપતો હો, રા૦ પાળે જિનની આણ. ગુ૦ સુ૦ ૩

જેહને જિનના ધર્મનો હો, રા૦ પૂરણ લાગ્યો પાસ; ગુ૦
રંગ કરારીની પરે હો, રા૦ નિશ્ચલ સમકિત જાસ. ગુ૦ સુ૦ ૪

નિરમળ જિનની રાગિણી હો, રા૦, નિરમળ ગુણ ભંડાર; ગુ૦
નિરમળ શીલે શોભતી હો, રા૦ શીલવતી તસ નાર. ગુ૦ સુ૦ ૫

તનુજા ત્રિભુવન મોહની હો, રા૦ જિનમતિ નામે તાસ; ગુ૦
સમકિતવંતી શ્રાવિકા હો, રા૦ છે ગુણમણિ આવાસ. ગુ૦ સુ૦ ૬

બાલપણાથી તેહને હો, રા૦ ધર્મશું લાગ્યો રંગ; ગુ૦
જિનધર્મીં જાચી તિકા હો, રા૦ ધર્મે સુશોભિત અંગ. ગુ૦ સુ૦ ૭

ધનશ્રી નામે તેહને સખી હો, રા૦ વલ્લભ જીવ સમાન; ગુ૦
બાલપણાથી એ જણી હો, રા૦ નિર્મળ બુદ્ધિનિધાન. ગુ૦ સુ૦ ૮

સુખે દુઃખે પ્રીતિ કરે હો, રા૦ રૂપ કલા ગુણવાન; ગુ૦
ધર્મે કર્મે એ જણી હો, રા૦ માંહો માંહી સમાન. ગુ૦ સુ૦ ૯

જિનમતિ જિનમંદિરે હો, રા૦ દીવો કરે નિત્યમેવ; ગુ૦
ધનશ્રી પૂછે એકદા હો, રા૦ સખીને ભાવ ધરેવ. ગુ૦ સુ૦ ૧૦
દાખ ફલ દીવા તણું હો, **બહેની**, જિનમંદિર કરે જેહ, સુણ **આલી;**
હું ફલ જાણીને કરૂં હો, **બહેની**, દેહરે દીવો ધરી નેહ. સુ૦
**દુષ્કૃત દૂરે જાય. ૧૧**
જિનમતિ ઈમ ઉચ્ચરે હો, બ૦ સાંભલ તું સસનેહ; સુ૦
દેહરે દીવો જે કરે હો, બ૦ વંછિત પામે તેહ. સુ૦ દુ૦ ૧૨
દીવો દારિદ્રને હરે હો, બ૦ આરતિનો કરે નાશ; સુ૦
પ્રજાળે પાપ પતંગને હો, બ૦ આપે અવિચલ વાસ. સુ૦ દુ૦ ૧૩
જિનમુખ આગે જે ધરે હો, બ૦ વિધિશું દીપ સુરાગ; સુ૦
સુરનરનાં સુખ ભોગવી હો, બ૦ પામે તે શિવ સોભાગ. સુ૦ દુ૦ ૧૪
ઈમ નિસુણીને ધનસિરી હો, બ૦ જાણી લાભ અછેહ; સુ૦
દીપક દિન પ્રત્યે દિયો હો, બ૦ જિનને ભુવને તેહ. સુ૦ દુ૦ ૧૫
શ્રી જિનની થઈ **રાગિણી** હો, રા૦ સમકિત પામી શુદ્ધ; ગુ૦
નિયમે દહાડા નિગમે હો, રા૦ ધરમે વાસી બુદ્ધિ. ગુ૦ સુ૦ ૧૬
જુગતે જિન સદને સદા હો, રા૦ દીપક દિયે દોય; ગુ૦
એક ચિત્તે ભગતિ કરી હો, રા૦ ત્રણ વાર ત્રિવિધે સોય. ગુ૦ સુ૦ ૧૭
**ઉદય** વદે ચૂંવાલીસમી હો, **ભવિયા**, એ કહી ઢાળ બનાય; ગુ૦
ઈમ જાણી જિનરાયના હો, ભ૦ પ્રેમે પૂજજો પાય. ગુ૦ સુ૦ ૧૮

## ઢાળ પીસ્તાલીસમી

### દોહા

અંત સમે જિનમતિ મુખે, અણશણ કરીને આપ;
ધનસિરી શુભ ધ્યાનશું, આલોવે નિજ પાપ. ૧
ખમાવી ષટ કાયને, શરણાં કીધાં ચાર;
યોનિ ચોરાશી લાખને, ખમાવી તેણી વાર. ૨
ઈમ સમાધિ મરણે મરી, શુભ લેશ્યાને જોગ;
દેવીપણે જઈ ઊપની, સૌધરમે સુર લોગ. ૩

ધનશ્રીને વિરહે કરી, પામી દુઃખ અસમાન;
સુવિશેષે જિનરાયની, ભક્તિ કરે શુભ ધ્યાન. ૪
મન શુદ્ધે અણુક્ષણ કરી, કાલે કરી અવસાન;
સૌધર્મે જિહાં ધનસિરી, પામી તેહ વિમાન. ૫
અમરીપણે સહી ઊપની, જેહની જ્યોતિ અમંદ;
જિનમતિ જિનભક્તિથી, પામી પરમ આનંદ. ૬

(નમો નિત્ય નાથજી રે–એ **દેશી.**)

અવધિજ્ઞાન પ્રયુંજતાં રે, જાણ્યું પૂરવ રૂપ;
માંહોમાંહે એને તદા રે, ઉપનો રાગ અનૂપ. ૧
**આપણ બે સખી રે,** ઉત્તમ સુખ અસમાન;
પામી દીવા થકી રે, જોજો દેવવિમાન. આ૦ ૨
મેઘપુરે હતી પૂરવે રે, સહી આપણે સજોડ;
જિનભવને દીવો સદા રે, કરતી મનને કોડ. આ૦ ૩
તેહ તણે પુણ્યે કરી રે, દેવાંગના થઈ દોય;
સુરની એ લહી સંપદા રે, હરખિત ચિંતે સોય. આ૦ ૪
બલિહારી જિનધર્મની રે, બલિહારી જિનબિંબ;
જેહના સુપસાયથી રે, આશ ફળે અવિલંબ. આ૦ ૫
ધન્ય એ માનવલોકને રે, ધન્ય માનવ અવતાર;
સામગ્રી જિહાં ધર્મની રે, પામિયે જેહથી પાર. આ૦ ૬
તીર્થંકર પણ અવતરે રે, નરક્ષેત્રે સુવિચાર;
જન્મ મરણના દુઃખ થકી રે, નર છૂટે નિરધાર. આ૦ ૭
ઈમ દિલમાં દેવાંગના રે, ચિંતે વારંવાર;
પરશંસે ભૂપીઠને રે, જિહાં વિચરે અણગાર. આ૦ ૮
પૂરવના પ્રેમે કરી રે, મનમાં પામી મોદ;
હવે વિચારે બે મળી રે, વારુ એક વિનોદ. આ૦ ૯
જિનમંદિર ભૂમંડલે રે, મેઘપુરે શુભ ઠામ;
કરિયે દેવશક્તે કરી રે, ઈમ ચિંતીને તામ. આ૦ ૧૦

નરલોકે આવી વહી રે, શ્રોતા સુણજો પ્રેમ;
પીસ્તાલીસમી ઢાળમાં રે, **ઉદયરતન** કહે એમ. **આ૦ ૧૧**

## ઢાળ છેંતાળીસમી

### દોહા

મેઘપુરે મન મોદશું, દેવી આવી દોય;
રંગે ઋષભ જિણંદનું, ભવન નીપાવે સોય. ૧
સુંદર ભૂમિ નિહાળીને, સ્ફટિક દલે શુભ રૂપ;
કંચન મણિમય શોભતું, મંદિર કર્યું અનૂપ. ૨

(રાગ: સારંગ. રાતા જાસૂલ ફૂલડાં ને શામળ તોરો રંગ, **એ દેશી**)

નાભિનંદન નેહશું, પદ્માસણે બેઠાય;
મૂરતિ સાથે મનડું મંડી, લળીલળી લાગે પાય.
**નમો નાથજી હો રાજ, દેખી મોહી,**
**તુંહિ આદિ જિણંદ જયો.** ૧
તેજપુંજે ઓપતા તિહાં, ઓલે ઓલે થંભ;
થંભે થંભે પુતલી તે, કરતી નાટારંભ. **નમો૦** ૨
દેવના વિમાન જેવો, ઐન જાણે રૂપ;
રંગમંડપ માંહિ રુડી, કોરણી અનૂપ. **નમો૦** ૩
શાતકુંભ કુંભ ઉપરે, રતનમય પ્રદીપ;
ઈંદ્ર જાણે આપ આયો, શિખરને સમીપ. **નમો૦** ૪
રયણમય જડિત વારુ, દીવ્ય ધ્વજદંડ;
દેવલ શૃંગે ધજા દીપે, લહરતી પ્રચંડ. **નમો૦** ૫
કુસુમ સુરભિ નીર વેગે, વરસાવે તેણી વાર;
પ્રદક્ષિણા દેઈ પ્રેમે, વંદો વારંવાર. **નમો૦** ૬
દમણો મરૂઓ મોગરો ને, માલતી મચકુંદ;
જાઈ જૂઈ ફૂલડાશું, પૂજીને જિણંદ. **નમો૦** ૭
આદિ દેવ આગે વાજે, વિવિધ વિવિધ તૂર;
રંગેશું દેવાંગના તે, નાચે આનંદ પૂર. **નમો૦** ૮

પપ ધની પપ ધની, ધપ મપ ઘોં;
મૃદંગ દેવદુંદુભિ તે, વાજે દોં દોં. નમો૦ ૯
ધિધિ કટ ધિધિ કટ, ધોં ધોં કાર;
ચચ પટ ચચ પટ, તાન વિચાર. નમો૦ ૧૦
થેઈ થેઈ તા થેઈ, થિન ગિન દાં થૌં;
શંખના તિહાં શબ્દ ઉઠે, ઓ ઓઁ ઓ. નમો૦ ૧૧
ઝાંઝરીના રમઝમ, રમઝમ કાર;
પાયે ધમકે ઘુઘરી ને, નેઉરના રણુકાર. નમો૦ ૧૨
વાદે વાજે વીંછુયા ને, ઠમકે ઠવે પાય;
ઉલટશું અમરાંગના, સંગીત રીતે ગાય. નમો૦ ૧૩
નૃત્ય કરી દેવની શક્તે, બત્રીસ તાલે બદ્ધ;
તાન માન ઝમકારે, નાચે સંગીત શુદ્ધ. નમો૦ ૧૪
હલકે હલકે પગલાં માંડે, ઝલકે કાને ઝાલ;
લલકે કંબજયું કુદડી લેતી, ચમકે ચાલે ચાલ. નમો૦ ૧૫
મુખડાનો મટકો કરતાં, લટકે ઝીણો લંક;
ભાવભેદ ભક્તિશું તે, ટાળે પાતક પંક. નમો૦ ૧૬
નાચી ખુંદી પાય વંદી, બોલે બે કર જોડ;
જયો જયો જયો સ્વામી, ભવ દુઃખ છોડ. નમો૦ ૧૭
છેંતાલીસમી એહ ભાખી, ઢાળ મનને રંગ;
ઉદય કહે સુણજો આગે, ભવિયાં મન રંગ. નમો૦ ૧૮

## ઢાળ સુડતાલીસમી

### દોહા

લાહો લેઇ ધર્મનો, વંદી પ્રભુના પાય;
દેવલોક દેવાંગના, પહોતી તે નિજ ઠાય. ૧
નાટક ગીત વિનોદશું, અનુક્રમે પૂરે આય;
ધનશ્રી પહેલી ચવી, મેઘપુરી શુભ ઠાય. ૨

મકરધ્વજ મહારાયની, કનકમાળા ઇણે નામ;
પટરાણી થઇ પુણ્યથી, રૂપવતી અભિરામ. ૩
પહેલી પટરાણી હતી, નૃપને મકરા નામ;
તે મરીને થઈ રાક્ષસી, મેલે મન પરિણામ. ૪
કનકમાળાશું નૃપ હવે, ભીનો રહે નિત્યમેવ;
જાતો ન જાણે કાળને, જિમ દોગુંદુક દેવ. ૫
દયિતા દિણયરની પરે, મંદિર કરે પ્રકાશ;
તનુકાંતિ તમને હણે, રયણી સમે સુવિલાસ. ૬
પૂરવને પુણ્યે કરી, કનકમાળા પ્રિયસંગ;
પંચ વિષયસુખ ભોગવે, ઉલટ આણી અંગ. ૭

(રાગ : બંગાલ. ત્રિશલાનંદન ચંદનશીત, એ દેશી)

રાજા રાણીનો જાણી, કોપાકુલ થઈ રાક્ષસી તેહ, રૂઠી રાક્ષસી;
મધ્યનિશા સમે મહીપતિ પાસ, રોષાતુર આવી રાજ આવાસ. રૂ૦ ૧
સેજ સંયોગે રાણી ને રાય, વિવિધ વિનોદ કરે તિણ ઠાય; રૂ૦
કનકમાલાની કનકશી કાય, તેહને તેજે ઉદ્યોત થાય. રૂ૦ ૨
તે દેખીને જાગ્યું વેર, એ કેમ આવી માહરે ઘેર; રૂ૦
માહરી સેજ એ માહરો કંત, શોકય તણો આજ આણું અંત. રૂ૦ ૩
જોજો શોકયના વૈર વિરોધ, મુયાં ન મેહલે મનનો ક્રોધ; રૂ૦
ખિણ માંહિ કાઢું એહના પ્રાણ, ઇમ ચિંતીને તેણે ઠાણ. રૂ૦ ૪
રૂપ કર્યો તેણે વિકરાલ, કાળા મોટા દંત કરાલ; રૂ૦
કાળું મુખ ને તીખી દાઢ, છૂટાં જટીયાં ને કાલું નિલાડ. રૂ૦ ૫
ગોલીસ્યું માથું ને ભીષણ રુપ, લાંબા હોઠ ને આંખ કુરુપ; રૂ૦
મુખથી છોડે અગનિ ઝાલ, હેડંબાશી કાળ કંકાલ. રૂ૦ ૬
હાથમાં કાતી ને કોટે રૂંડમાળ, રુપ ધર્યો તેણે છળવા બાલ; રૂ૦
પીળાં લોચન પીળા કેશ, જાણે જમદૂતીનો વેશ. રૂ૦ ૭
કનકમાલાને મારણ કાજ, નીપાયો તેણે નાગરાજ; રૂ૦
કનકમાલાનો હરવા જીવ, નાગ નીપાયો શ્યામ અતીવ. રૂ૦ ૮

ક્રોધ ધરી તે છોડ્યો તે કાળ, કનકમાલા પાસે તતકાળ; રૂ૦
કનકમાલાની દેખી કાંતિ, ભુજંગ પામ્યો મનમાં ભ્રાંતિ. રૂ૦ ૯
ખમી ન શક્યો તે તેજ અનંત, આંખ મીંચીને બેઠો એકાંત; રૂ૦
જોજો પૂરવ પુણ્ય પ્રતાપ, રાણી અંગે અડ્યો નહિ સાપ. રૂ૦ ૧૦
જવ પન્નગ પ્રભવે નહિ તાસ, તવ રાક્ષસી મન પામી વેખાસ; રૂ૦
કનકમાલાનો કરવા લોપ, વળી તેહને ચડ્યો મહાકોપ. રૂ૦ ૧૧
કોપ ધરીને ભીષણ સાદ, રૌદ્ર ભયંકર કીધો નાદ; રૂ૦
સહસા શબ્દ સુણીને તેહ, રાજા રાણી ઉઠ્યાં બેહ. રૂ૦ ૧૨
વનિતાએ એક પાસે તે વ્યાલ, દીઠો પણ બીહની નહિ બાલ; રૂ૦
રાક્ષસી રોષ ધરી તિણે કાલ, બિભત્સ રુપ ધર્યું અસરાલ. રૂ૦ ૧૩
હડ હડ કરતી અટ્ટહાસ, દેખી પામે શૂરા ત્રાસ; રૂ૦
રાક્ષસીએ રાણી છલવા કાજ, અનેક ઉપાય કરિયા વીવાજ. રૂ૦ ૧૪
તો પણ ધૈર્ય થકી નિરધાર, કનકમાલા ચલી નહિ લગાર; રૂ૦
સત્ત્વ ગુણે કરી તૂઠી તેહ, પ્રસન્ન થઇને કહે સસનેહ, **તૂઠી રાક્ષસી.** ૧૫
સુણ વચ્છે! તું જે માગે આજ, અલવે આપું કહે તે કરું કાજ; તૂ૦
રાણી કહે સુણ ભગવતી વાત, મુજને જો તૂઠી તું માત. તૂ૦ ૧૬
તો એ પુરમાં પ્રાસાદ ઉત્તંગ, કનક મણિમય કરો મનરંગ; તૂ૦
ઇમ સુણીને રજની માંહિ, પ્રાસાદ એક કર્યો ઉચ્છાંહિ. તૂ૦ ૧૭
જિનમંદિર નિપાઈ તામ, રાક્ષસી તે ગઈ નિજ ઠામ; તૂ૦
થયો પ્રભાત ને ઊગ્યો સૂર, રાજા રાણી આનંદપૂર. તૂ૦ ૧૮
દેખી તે દેઉલ અભિરામ, હરખ પામ્યા સહુ તેણે ઠામ; તૂ૦
નરનારી પુરવાસી જેહ, નિરખી દેવળ પામ્યા નેહ. તૂ૦ ૧૯
તે જિનમંદિર સુંદર દેખ, લોક કહે જુઓ પુણ્ય વિશેષ; તૂ૦
અમરભવન સમ જિનઘર એહ, રાણી કાજે કર્યો દેવી એહ. તૂ૦ ૨૦
રાજભવનને બેસી ગોખ, જિનઘરનો દીવો મનને જોખ; તૂ૦
રાત્રિ દિવસ જોઈ મન ખંત, કનકમાલા મનમાં હરખંત. તૂ૦ ૨૧

સુડતાલીસમી ઢાળે એમ, **ઉદયરતન** કહે ધરી પ્રેમ; **તૂ૦**
શ્રી જિનદેવને પૂજશે જેહ, અવિચલ પદવી લ્હેશે તેહ. **તૂ૦ ૨૨**

## ઢાળ અડતાલીસમી

### દોહા

મધ્ય નિશા સમે અન્યદા, જિનમતિ દેવી જેહ;
સ્વર્ગ થકી આવી કહે, કનકમાલાને તેહ. ૧
કનક રતનને માલીયે, સુણુ સુભગે સુકુમાલ;
જન્માંતર જિનદીપથી, પામી ભોગ રસાલ. ૨
ઇમ દેવી કહે દિન પ્રતે, આવીને મધ્યરાત;
કનકમાલા મન ચિંતવે, કુણુ કહે છે એ વાત. ૩
સુંદરી તે સંશય ભરી, ચિત્તમાં ચિંતે એમ;
મુનિ જ્ઞાની કોઈ જો મિલે, પૂછું તો ધરી પ્રેમ. ૪
તિણુ અવસર તિહાં સમોસર્યા, પુર ઉદ્યાન સનૂર;
બહુ મુનિવર પરિવાર શું, ગિરુઆ ગણધર સુર. ૫

(મનમંદિર આવો રે, **એ દેશી**)

રાજાને રાણી હો, મુનિ આવ્યા જાણી;
ઉલટ મન આણી હો, વંદન ગુણખાણી. ૧
પુરીજન લેઈ સંગે હો, હરખ ધરી અંગે;
ઉદ્યાન સુરંગે હો, આવ્યા ઉમંગે. ૨
વંદે કર જોડી હો, નરનારી જોડી;
બેઠા મદ મોડી હો, આલસને છોડી. ૩
તવ મુનિવર ભાસે હો, દેશના ઉલ્લાસે;
પડ્યો મોહને પાસે હો, જીવડો મન આશે. ૪
ન જુએ વિમાસી હો, વિષયનો આશી;
યોનિ લાખ ચોરાશી હો, વળી વળી અભ્યાસી. ૫
મિથ્યા મત લીનો હો, ભવ માંહિ ભીનો;
ધર્મે કરી હીનો હો, દુઃખ દેખે દીનો. ૬

ચિંહુ ગતિમાં ફરિયો હો, પાપે પરવરિયો;
ધર્મ ન ધરિયો હો, દુરગતિ સંચરિયો. ૭
પુણ્ય ન કરિયો હો, તૃષ્ણાએ વરિયો;
કુમતિનો દરિયો હો, કષાયે ભરિયો. ૮
મદે આવરિયો હો, અધર્મ આદરિયો;
મારગ પરિહરિયો હો, ફરી ફરી અવતરિયો. ૯
જિનવચન વિહુણો હો, સુખનો છે ઉણો;
દેખે દુઃખ દૂણો હો, ન લહે શિવ ખુણો. ૧૦
જિનવચને જે રાતો હો, તે ન હોયે તાતો;
મદે ન હુએ માતો હો, ધરમે હુએ ધાતો. ૧૧
જિનવરની વાણી હો, અમૃત રસ ખાણી;
એહવું તુમે જાણી હો, બૂઝોને પ્રાણી. ૧૨
જેહની મીંજ ભેદાણી હો, સમરસ તે આણી;
પરણ્યા શિવરાણી હો, ભાખે એમ નાણી. ૧૩
ઇત્યાદિક વારુ હો, દેશના ગુણકારુ;
દીધી દેદારૂ હો, મુનિએ મનોહારુ. ૧૪
અવસર તવ પામી હો, મુનિને શિર નામી;
રાણી કહે સ્વામી હો, સાંભળો શિવગામી. ૧૫
રજનીને મધ્યે હો, પ્રેમ તણી બુદ્ધે;
એ કુણ પ્રતિબોધે હો, આવી મન શુદ્ધે. ૧૬
પૂછું છું તુમને હો, કૌતુક છે અમને;
સંદેહ નિવારણ હો, મુનિ કહેશે સુમને. ૧૭
એ અડતાલીસમી હો, ઢાલ કહી રાગે;
ઉદય કહે સુણજો હો, શ્રોતાજન આગે. ૧૮

## ઢાળ ઓગણપચાસમી

### દોહા

સુણ ભદ્રે મુનિવર વદે, મેઘપુરે શુભ ઠામ;
સખી હુંતી એ પૂરવે, જિનમતિ ધનશ્રી નામ. ૧

જિનઘર દીપ પ્રસાદથી, દોય ગઈ દેવલોગ;
ધનશ્રી ચવી પટરાગિની, તું થઈ પુણ્યસંયોગ. ૨
જિનમતિ નામે જે સખી, તે દેવી નિત્ય આય;
પ્રતિબોધે તુજને સદા, સખીપણું ચિત્ત લાય. ૩

( આચારજ ત્રીજે પદે, નમિયે જે ગચ્છધોરી રે–એ **દેશી** )

તે દેવી તિહાં થકી ચવી, ઊપજશે ઈહાં આવી રે;
સખી થાશે તાહરી, એ છે પદારથ ભાવી રે. ૧
**સાધુ કહે સુણ શ્રાવિકા,** અનુક્રમે આયુ એ પૂરી રે;
સર્વારથ સિદ્ધે તુમે, લહેશ્યો ઋદ્ધિ સનૂરી રે. **સા૦ ૨**
તિહાંથી ચવી માનવપણે, અવતરીને એક વારો રે;
કર્મ ખપી તુમે બે જણી, મુગતિ જાશ્યો નિરધારો રે. **સા૦ ૩**
સાંભળી પૂરવની કથા, મુનિવચને પટરાણી રે;
જાતિસ્મરણ પામી તદા, સંબંધ સાચો જાણી રે. **સા૦ ૪**
રાણી કહે સુણો સાધુજી, સત્ય કહ્યો વિરતંત રે;
જાતિસ્મરણ જ્ઞાને કરી, મેં પણ જાણ્યો તંત રે. **સા૦ ૫**
રાજાશું રાણી હવે, દેશવિરતિ મુનિ પાસે રે;
સમકિત મૂલ આદિ લહી, ઉચ્ચરીને ઉલ્લાસે રે. **સા૦ ૬**
મુનિને વંદી નિજ મંદિરે, આવ્યાં રાય ને રાણી રે;
વિહાર કરે વસુધાતળે, મુનિવર તે લાભ જાણી રે. **સા૦ ૭**
**જોજો જિનપૂજા થકી,** સુરનરનાં સુખ દીઠાં રે;
સર્વારથ સુખ ભોગવી, શિવસુખ લહેશે મીઠાં રે. **જો૦ ૮**
વળી સા દેવી નિશા સમે, રાણી પ્રત્યે કહે હેતે રે;
જૈન ધરમ તેં આદર્યો, શુભમતિ મુજ સંકેતે રે. **જો૦ ૯**
હું પણ હવે ચવી ઈહાં, શેઠ સાગરદત્ત પુત્રી રે;
થઈશ તું પ્રતિબોધજે, વાત પડે જેમ સૂત્રી રે. **જો૦ ૧૦**
ઈમ કહી તે દેવી ગઈ, અનુક્રમે આયુ ખપાવી રે;
સાગરદત્તને મંદિરે, સુલસા કૂખે આવી રે. **જો૦ ૧૧**

પુત્રીપણે તે ઊપની, સુદર્શના નામે વારુ રે;
યૌવન પામી અનુક્રમે, દીપે કાંતિ દીદારુ રે. જો૦ ૧૨
એક દિન જિનભવને હવે, રાણીએ દીઠી તેહો રે;
પૂરવ પ્રેમે કરી, નીરખી જાગ્યો નેહો રે. જો૦ ૧૩
કનકમાલા કહે તદા, તે જિનમંદિર એહો રે;
પૂરવે આપણ બે સખી, દીવો કરતાં તેહો રે. જો૦ ૧૪
ઈમ સાંભળીને સુદર્શના, જાતિસમરણ પામી રે;
કંઠાલિંગન દેઈ ને, એમ વદે શિર નામી રે. જો૦ ૧૫
પ્રતિબોધી મુને તમે, એ મોટો ઉપગારો રે;
માંહોમાંહો તે બે મળી, પામી હરખ અપારો રે. જો૦ ૧૬
અનુક્રમે આયુ પૂરી બંને, સમકિત શુદ્ધ આરાધી રે;
સરવારથ સુરવર પણે, ઉત્તમ પદવી લાધી રે. જો૦ ૧૭
તિહાંથી ચવી નરભવ લહી, લેઈ સંયમભારો રે;
કર્મ ખપી બે જીવ તે, મુગતિ ગયા નિરધારો રે. જો૦ ૧૮
વજયચંદ્ર કેવલી કહે, સુણ રાજન ગુણવંતો રે;
મુગતે ગઈ તે બે સખી, દીપપૂજાએ તંતો રે. જો૦ ૧૯
**ઉદયરતન** કવિ કહે, ઓગણપચાસમી ઢાળે રે;
પૂજા પાતિકને હરે, દુરગતિનાં દુઃખ ટાળે રે. જો૦ ૨૦

## ઢાળ પચાસમી

### દોહા

શિવસુખદાયક શિવગતિ, શિવપુરિ જેહનો વાસ;
ત્રિવિધે પૂજો તેહને, સુરપતિ સેવે જાસ. ૧
સમકિત આંબો સીંચવા, જિનપૂજા જલ નીક;
સીંચી પુણ્ય ઉદ્યાનને, આપે ફળ રમણિક. ૨
ભવ દવ દહન નિવારવા, જલદ ઘટા સમ જેહ;
જિનપૂજા જુગતે કરી, ત્રિવિધે કીજે તેહ. ૩

પૂજા કુગતિની અર્ગલા, પુણ્ય સરોવર પાળ;
શિવગતિની સાહેલડી, આપે મંગળમાળ. ૪
શુભ નૈવેદ્ય શુભ ભાવશું, જિન આગે ધરે જેહ;
સુરનર શિવપદ સુખ લહે, હળી પુરુષ પરે તેહ. ૫
છઠ્ઠી પૂજા ઉપરે, સુણ રાજન ગુણવંત;
હળી નરનો હરખે કરી, કહું તુજને દૃષ્ટાંત.

( દેશી : ભટિયાણીની )

ધન્યપુરી એણે નામ, દક્ષિણ ભરતે હો, દેવપુરી શી દીપતી;
રાજ્ય કરે તેણે ઠામ, ઇંદ્ર સમોવડ હો, સિંહધ્વજ મહીપતિ. ૧
તે નગરીને બા'ર, રાજમારગમાં હો, ઉત્તમ ગુણનો આગરુ;
ઉગ્રતપી અભિરામ, ધ્યાનમુદ્રાએ હો, રહે એક મુનિવરુ. ૨
નિરલોભી નિરગ્રંથ, કાઉસ્સગ્ગ કરી હો, આણે છે અંત કર્મનો;
મેરુતણી પરે જેહ, ચળાવ્યો ન ચળે હો, નીરાગી રાગી ધર્મનો. ૩
રાજભવનના લોક, મારગને શિર પેખી હો, મુનિવરની માજા લોપીને;
નિરદયી તે નિઃશંક, લકુટને ઢેખાળે હો, મારે ક્રોધે કોપીને. ૪
તિમ વળી તેણે ઠામ, પામર જન પણ કેઇ હો, મુનિવરને મારે ઉલ્લસી;
મહેર તજી મહાદુષ્ટ, મિથ્યામતિ મનમોદે હો, ધકા ને પાટુશું ધસી. ૫
જિમ જિમ મારે જોરે, તિમ તિમ અહિયાસે હો, અણગાર તે પૂરવ કર્મને;
નિશ્ચલ મન પરિણામ, ચિત્તમાં એમ ચાહે હો, રખે લંછન લાગે ધર્મને. ૬
સહી ઉપસર્ગ ઘોર, સમતાએ સમભાવી હો, સાધુજી શુભ ધ્યાને કરી;
કર્મ હણી તતકાળ, કેવલ પામીને હો, તતક્ષણ તે પહોતા શિવપુરી. ૭

અસમંજસ તે દેખી, અધિષ્ઠાયક પુરનો હો, તવ કોપ્યો પુરજન ઉપરે;
રોષ ધરી મનમાંહી, વિકુરવી મહામારી હો, મહાભીષણ પુરમાં બહુ પરે. ૮

જાણે થયો જમકોપ, નગરીમાં સમકાળે હો, કોલાહલ સબળે ઉચ્છળ્યો;
કે આયો અંતકાળ, શોકાકુલ પુરવાસી હો, મંદે કરી લોક તે ખળભળ્યો. ૯

રાજાએ મનરંગે, બલિપૂજા ઉપચારે હો, આરાધ્યો તૂઠો તે કહે;
અન્ય પ્રદેશે એહ, નગરીને વાસી હો, વસો જિમ પુરજન સુખ લહે. ૧૦

તે નિસુણી નૃપે તામ, નગર ઉચાળી હો, વાસ્યો અન્ય થલે મુદા;
ખેમ થયું તતકાળ, નગરીનું નામ હો, ખેમપુરી ધર્યું તદા. ૧૧

મૂલ પુરીને મધ્ય, પ્રાસાદ ઋષભનો હો, દીપે દેવવિમાનશ્યો;
દેઉલ રક્ષા કાજ, અધિષ્ઠાયક પુરનો હો, દેવ તે આવી તિહાં વસ્યો. ૧૨

સિંહતણું કરી રુપ, દુષ્ટને વારે હો, ઉદ્ધત અતુલ બળી;
શૂન્ય થળે નિત્યમેવ, પ્રભુની સેવામાં હો, અહોનિશ રહે મનરળી. ૧૩

સુણ રાજન હરિચંદ, અનુક્રમે વચમાં હો, કેતો કાળ વહી ગયો;
સિંહધ્વજ નૃપ વંશે, સૂરસેન નામે હો, વસુધાપતિ ખેમપુરે થયો. ૧૪

પુરી પચાસમી એહ, સારંગ મલ્હારે હો, સુંદર ઢાળ સોહામણી;
**ઉદયરતન** કહે એમ, ભવિજન ભાવે હો, પૂજજો મૂરતિ જિન તણી. ૧૫

## ઢાળ એકાવનમી

### દોહા

કોઈક નર દુઃખી ઘણો, દારિદ્રી મહાદીન;
ખેમપુરે વાસો વસે, ખેતી કરે ધનહીન. ૧
તેહને પૂંજી હળ તણી, હળ ખેડે બલવંત;
તે દેખી સહુ લોક તિહાં, હળી તસ નામ ઠવંત. ૨

શૂન્ય થશે તે સર્વદા, સાહસ ગુણ ઉપેત;
જિનઘર આગે એકલો, ખેડે છે તે ખેત. ૩
જિહાં જોતાં જડતો નહિ, તિલ એક પડવા ઠાય;
ખેતર ખેડે હળી તિહાં, વળી ઊગી વનરાય. ૪
કુંકુમ પગલે કામિની, ચાલતી જેણે ઠાય;
વાઘણ વિચરે તે થલે, લોહી ખરડ્યા પાય. ૫
રાજસભામાં જિહાં થતા, માદલના ધોંકાર;
કાળ વિશેષે તે થશે, શિવા કરે ફુતકાર. ૬
છેલ પુરુષ જિહાં બેસતા, ઢળતી મેલી પાઘ;
ઘૂક તિહાં ઘૂ ઘૂ કરે, બેસણ લાગ્યા વાઘ. ૭
ગેલેશું ગજગામિની, રમતી જેણે ગોખ;
જનાવર તિહાં ક્રીડા કરે, જંગલવાસી જોખ. ૮

(તીરથપતિ અરિહા નમું-એ દેશી.)

હળી નામે તે નર વહે, તે જિનમંદિર પાસે જી;
જુના પાદરમાં જાલમી, ખેડે ખેત ઉલ્લાસે જી.
ત્રૂટકઃ ઉલ્લાસ આણી સમય જાણી, ભાત લઈ તસ ભામિની,
ભગતિ ભાવે સદા આવે, કરે સેવા સ્વામીની;
નીરસ ભોજન કરે અનુદિન, કાળ જિમ તિમ જોગવે,
પુણ્ય પાખે દુઃખ પામે, હળી નામે તે નર હવે. ૧
ઢાળઃ તિણે અવસર આવે તિહાં, શ્રી જિનવંદન કામો જી;
અંબર પંથથી ઊતરી, ચારણ મુનિ ગુણધામો જી.
ત્રૂટકઃ ગુણધામ તામ જિણંદ આગે, ચૈત્યવંદન ઉચ્ચરે,
વિવિધ જુગતે પરમ ભકતે, કર જોડી સ્તવના કરે;
તે સુણી વાણી હળી નર તે, યતિ બેઠા છે જિહાં,
મન ભાવ આણી લાભ જાણી, તે અવસરે આવે તિહાં. ૨
ઢાળઃ પ્રેમેશું પાય વંદીને, બોલે એ હળી વાણી જી;
કહો સ્વામી કુણ કર્મથી, પામ્યો છું દુઃખખાણી જી.

ત્રૂટક: દુઃખખાણી પૂરવ કર્મ કેણે, અનુભવું છું આપદા,
ઈમ સુણી મુનિ કહે સાધુને તેં, દાન દીધું નહિ કદા;
જિન આગે નૈવેદ્ય ન ધર્યું, ગતભવે આનંદીને,
તે સાંભળી વળી હળી જંપે, પ્રેમશું પાય વંદીને. ૩

ઢાળ: દારિદ્ર જાયે જેણે કરી, એહવો કહો જી ઉપાયો જી;
સાધુ કહે સુણ તુજને, કહું જેણે પાપ પલાયો જી.

ત્રૂટક: પલાય દૂરે પુણ્ય પૂરે, દુઃખની સહી આવળી.
સમય સારુ સાધુને તું, દાન દેજે મનરળી;
જિન આગે નૈવેદ્ય ધરજે, દિન પ્રત્યે ઉલ્લટ ધરી,
હળીએ તે નીમ લીધું, દારિદ્ર જાયે જેણે કરી. ૪

ઢાળ: નિજ ભોજન માંહેથી સહી, નિશ્ચે શ્રી જિન આગે જી;
નિત્યે નૈવેદ્ય ઢોયવો, મેં સ્વામી મન રાગે જી.

ત્રૂટક: મન રાગે સાધુને દાન દેવો, યોગ તે પામે છતે,
ત્રિવિધે તે મુનિરાજ પાસે, નિયમ લીધું એક ચિત્તે;
મુનિએ તિહાંથી વિહાર કીધો, હળી હવે નિત્ય ગહગહી,
જિન આગે નૈવેદ્ય ઢોયે, નિજ ભોજનમાંથી સહી. ૫

ઢાળ: હવે એક દિન તે હળી, આતુર ભૂખે અત્યંત જી;
ભોજનવેળાએ વિસર્યો, નીમ તણો તે તંત જી.

ત્રૂટક: તંત ભૂલ્યો કવલ લેઈ, મુખમાં મેહલે જિસ્યે,
ચિત્તમાંહી સહસા નિયમ નિત્યનો, સાંભરી આવ્યો તિસ્યે;
તતકાલ કરથી કવલ છંડી, દેવભવને મનરળી,
નૈવેદ્ય કાજે વેગે ચાલ્યો, હવે એક દિન તે હળી. ૬

ઢાળ: પારખું જોવા કારણે, સિંહને રૂપે દેવ જી;
આવીને ઊભો રહ્યો, દેઉલ બારે દેવ જી.

ત્રૂટક: દેવનિર્મિત સિંહ દુર્દ્ધર, વદન ભીષણ તેહ તણો,
વિકરાલ કાલ કંકાલ રૂપી, દીસતો બિહામણો;

હળી નર તે ધસી જે હવે, આવ્યો દેઉલ બારણે;
સિંહ લે તવ સૂંડ ઉલાળી, પારખું જોવા કારણે. ૭

ઢાળ: તે દેખી ચિત્ત ચિંતવે, જિનની ભક્તિ ઉમેદે જી;
નિશ્ચે ભોજન નવિ કરું, અણઢોયે નૈવેદે જી.

ત્રૂટક: નૈવેદ્ય કીધા પાખે ન જિમું, હરિ પણ રોકી રહ્યો,
ઇમ ચિંતવીને સિંહ સામો, ભરે પગલાં ગહગહ્યો;
મહાસત્ત્વ શૂરો ભકિતપૂરો, આઘો આવે જે હવે,
ધન્ય ધન્ય એહવે દેવ તેહવે, તેદેખી ચિત્ત ચિંતવે. ૮

ઢાળ: તવ તે સાહસ આદરી, આવે શ્રી જિન પાસે જી;
ધીરજ દેખીને દેવ તે, ઓસરે ઉલ્લાસે જી.

ત્રૂટક: ઉલ્લાસ આણી સિંહ તિહાંથી, પાછલે પગે ઓસર્યો,
હળી તવ જિનદેવ પાયે, આવી નમે ભકિતભર્યો;
સિંહ સહસા થયો અદર્શિત, તેહને સત્ત્વે કરી,
નૈવેદ્ય ઢોઈ વળ્યો પાછો, તવ તે સાહસ આદરી. ૯

ઢાળ: જિમે તે જઈ જેહવે, પરીક્ષા કાજે વિશેષે જી;
ધર્મલાભ દીધો જઇ, તે સુરે સાધુવેષે જી;

ત્રૂટક: વેષ દેખી સાધુનો તે, ભાતમાંહીથી ભાવશું,
હળી તેહને આહાર આપે, હરખ આણી ચિત્તશું;
આહાર વહોરી વળ્યો પાછો, વળી આવ્યો તે હવે,
થિવિરનું તે રૂપ લેઇ, જિમે તે જઈ જેહવે. ૧૦

ઢાળ: તેહને પણ પ્રેમે કરી, એષણિક આપે આહાર જી;
આપી કરે અનુમોદના, સફળ કરે અવતાર જી.

ત્રૂટક: અવતાર મનશું સફળ ગણતો, વળી તે જેહવે જિમે,
તે દેવ ત્રીજી વાર વેગે, ફરી આવ્યો તિણે સમે;
સુકુમાળ સુંદર દેવશકતે, રૂપ લઘુ મુનિનું ધરી,
તે દેખી ઊઠયો આહાર દેવા, તેહને પણ પ્રેમે કરી. ૧૧

ઢાળ: તેહની ભક્તિયે તૂઠો તદા, પ્રત્યક્ષ થઈ સુરરાજ જી;
હાલિકને કહે હેતશું, કહે તે કરું કાજ જી.
ત્રૂટક: કાજ કહે તે કરું તાહરું, તૂઠો તુજ સત્ત્વે સહી,
દારિદ્ર ટાળી અરથ આપો, હળી કહે અવસર લહી;
સફળ ઇચ્છા થશે તાહરી, લહીશ સુખ ધન સંપદા,
ઇમ કહીને સુર થયો અદૃશ્ય, તેહની ભક્તિ તૂઠો તદા. ૧૨
ઢાળ: મનમાંહી ઉલટ ધરી, દેવ તણો સંકેત જી;
માનિનીને માંડી કહ્યો, હળીએ મન હેત જી.
ત્રૂટક: હેતશું સંબંધ સઘળો, સુણીને શ્યામા ભણે,
હવે દુઃખ નાઠું દેવ તૂઠો, સ્વામી! સત્ત્વે તુમ તણે;
**ઉદયરતન** કહે એકાવનમી, ઢાળ મન હરખે કરી,
ભવિજન્ન રાગે સુણો આગે, મનમાંહી ઉલટ ધરી. ૧૩

## ઢાળ બાવનમી

### દોહા

હાલિકની શુભ ભક્તિનો, ગુણ અનુમોદે નાર;
ઉપાવે અનુમોદના, ઉત્તમ ફળ નિરધાર. ૧
રથકારક બલદેવને, ઉલટે દેતાં આહાર;
મૃગ જિમ ગુણ અનુમોદતાં, પામ્યો સુર અવતાર. ૨
તીર્થંકર સતી સાધુના, ગુણ અનુમોદે જેહ;
ભવપંજરને તે દલી, અવિચલ પદ લહે તેહ. ૩
ખેમપુરીયે ઇણ સમે, વિષ્ણુશ્રી ઇણિ નામ;
નૃપ સુરસેનની તે સુતા, રૂપવતી અભિરામ. ૪
મુખે જીત્યો જેણે ચંદ્રમા, કટિ લંકે મૃગરાજ;
રૂપે રંભા હારીને, ગઈ સુરલોકે લાજ. ૫

(સોળમા શ્રી જિનરાજ, ઓળગ સુણો અમતણી, લાલના—**એ દેશી.**)

સુણ નરપતિ હરિચંદ, કહે ઇમ કેવલી, **મહારાજ,**
સા બાળા સુકુમાળ, સોહે મદ ભાંભલી, **મહારાજ;**

યૌવનનું લહી જોર, અધિક ઓપે વળી, મ૦
વાદળ દળમાં જેમ, ઝબૂકે વીજળી. મ૦ ૧
દેખીને રૂપ અનૂપ, વિચારે મહીપતિ, મ૦
જગતીમાં એહની જોડ, રાજેસર કો નથી; મ૦
કુમરી વરવા યોગ્ય, જોતાં વર નવિ મળે, મ૦
દેશ દેશે દૂત, રાજન તવ મોકલે. મ૦ ૨
સ્વયંવર મંડપ તામ, રચાવે ભૂધણી, મ૦
ઓપે જેહની અનૂપ, મનોહર માંડણી; મ૦
સોવન મણિમય થંભ, સોપાન સોહામણાં, મ૦
ચિહું દિશિ ત્રિવિધ ચિત્રામ, આલેખ્યાં અતિ ઘણાં. મ૦ ૩
નિરુપમ નગર નજીક, સુંદર તે દીપતો, મ૦
રમ્ય મનોહર દેવ, વિમાનને જીપતો; મ૦
થંભે થંભે અચંભ, ઓપે તિહાં પૂતળી, મ૦
કરતી નાટારંભ, નમીને લળી લળી. મ૦ ૪
તિહાં મંચા અતિમંચ, મંડાવે મનહરુ, મ૦
અદ્દભુત તિહાં ઉલોચ, બંધાવે નરેસરુ; મ૦
દેશ અનેકના ભૂપ, મળ્યા તિહાં મનરળી, મ૦
છબીલા છેલ છોગાળ, મોટા જે મહાબળી. મ૦ ૫
ભૂષણે કરી ઓપે ભૂપ તે, જાણે પુરંદરુ, મ૦
નામાંકિત આસન્ન, બેઠા સોહે સુંદરુ; મ૦
ચામર ને છત્રે સોય, સભા મેં શોભતા, મ૦
એક એકથી અધિકે વાન, રૂપે કરી ઓપતા. મ૦ ૬
ખેમપુરી નાથ સુજાણ, આદર દેઈ હવે. મ૦
સ્નાન મજ્જન ભોજન, ભકતે કરી સાચવે; મ૦
નરપતિ નીરખી સનમાન, સહુ હરખિત થયા, મ૦
ચિત્રાલંકી દેદાર, જોવા હવે અલજ્યા. મ૦ ૭

સાર સજી શણગાર, સુતા નૃપની સહી, મ૦
શિબિકાયે બેઠી તામ, કે વરમાળા ગ્રહી; મ૦
પામી નૃપનો આદેશ, લેઈ પ્રતિહારિકા, મ૦
વાજતે મંગલતૂર કે, આવી કુમારિકા. મ૦ ૮
તૂરનો નાદ અખંડ, આકાશે પરવર્યો, મ૦
જાણે શબ્દરૂપી દૂત, સુરલોકે સંચર્યો; મ૦
સ્વયંવર વરવા કાજ, દેવેન્દ્રને તેડવા, મ૦
ઉછળ્યા તૂરના નાદ, આકાશે નવનવા. મ૦ ૯
કામિની બહુ ઝીણે કંઠ, કોયલશી રણઝણે, મ૦
ઢમકયા તિહાં જંગી ઢોલ, ભેરી તિહાં ભણહણે; મ૦
તે તૂર નાદે લોક, મળ્યા બહુલા તદા, મ૦
સ્વયંવર મંડપમાંહી, આવી કુમરી મુદા. મ૦ ૧૦
ઇણ અવસર હળી હળી લેઈ, આવ્યો મંડપ જિહાં, મ૦
નવનવા કૌતક ખ્યાલ, જુએ ઊભો તિહાં; મ૦
બંદીજન ચારણ ભાટ, બોલે બિરુદાવલી, મ૦
તિહાં નવરંગ નાચે પાત્ર, બેઠી નૃપ મંડલી મ૦ ૧૧
હાથમાં લેઇ વરમાલ, મંડપમાંહી કુંઅરી, મ૦
નીરખે નરપતિ રૂપ, દાસી આગે કરી; મ૦
જાણે ઇંદ્ર સભામેં ઓપે, ઇંદ્રાણી પરવરી, મ૦
સાહેલીના ગણમાંહી, સોહે તિમ સુંદરી. મ૦ ૧૨
તિહાં આગળથી પ્રતિહારી, કહે મનની રળી, મ૦
દેશ નગર ઋદ્ધિ માન, રાજાની વંશાવળી; મ૦
મૃગનયણીને મન કોઇ, મહીપતિ નવિ વસ્યો, મ૦
દેખી હાલિક નર સોય, તેહનો તનુ ઉલ્લસ્યો. મ૦ ૧૩
નિજ વાચા પાલણ કાજ, સુરે સાન્નિધ્ય કરી, મ૦
હાલિક કંઠે વરમાળ, ઠવે તવ સુંદરી; મ૦
**ઉદયરતન** કહે એમ, મીઠી સુધા જિસી, મ૦
બોલી બાવનમી ઢાળ, શ્રોતા સુણો ઉલ્લસી. મ૦ ૧૪

## ઢાળ તેપનમી

### દોહા

માતપિતા નિજ ભ્રાત તવ, હળી વર્યો લહી વાત;
સહુ નીચું જોઈ રહ્યા, જાણે થયો વજ્રઘાત. ૧
વસુધાપતિ વિલખા થયા, જિમ સિંહ ચૂક્યો ફાળ;
રૂઠયા સઘળા રાજવી, ક્રોધે થયા વિકરાળ. ૨
મોટા મહીપતિ મૂકીને, હાલિ વર્યો હિત આણ;
માંહોમાંહે ઇમ વદે, રોષાતુર મહારાણ. ૩
કે વિધિ રૂઠયો એહને, કે એ મૂરખ બાલ;
કે એહને ગ્રહ વાંકડા, કે એ લખ્યો કપાલ. ૪
કે ભૂલી એ બાલિકા, કે કોઈ લાગ્યો ભૂત;
અસમંજસ દેખી ઘણું, રાય થયા યમ દૂત. ૫
સુરસેન રાય ઉપરે, કોપી કહે સહુ એમ;
હાલિક જો વાહલો હતો, તો નૃપ તેડાવ્યા કેમ. ૬
હાલિકને પિતુને હણી, લીજે આપણે બાલ;
વરમાળા ફેરી ઠવે, ઇમ ચિંતે ભૂપાલ. ૭

( પ્રભુ પાસનું મુખડું જોવા–**એ દેશી** )

ચંડસિંહ નામે એક રાય, તે બોલ્યો તેણે ઠાય;
મૂરખપણે વર્યો હાલી, એ પોતે વરાંશી બાલી. ૧
જનકનો નથી જોતા દોષ, પ્રીછીને કીજે રોષ;
તે માટે દૂત ઉલ્લાસે, મોકલિયે રાયની પાસે,
જિમ પડે સઘળી સૂઝ, જાણી લઇએ વાતનું ગુજ્ઝ. ૨
ઇમ જાણી દૂત પઠાયો, સૂરસેન પાસે તે આયો;
આવીને કહે ઇમ વાણી, સુણ રાજન તું ગુણખાણી. ૩
વર વરતાં ભૂલી બાલા, હળી કંઠે ઠવી વરમાલા;
નરપતિ સઘળા રિસાણા, મનમાંહિ રોશ ભરાણા. ૪

સાંભળો એક વાત ભલેરી, વર વરે કન્યા જો ફેરી;
તો સુધરે સઘળી વાત, નહિ તો થાશે ઉતપાત. ૫
દેશદેશના મહીપતિ મળિયા, એકએકથી છે મહાબળિયા;
તે આગે હળી કુણ લેખે, વિચારી જુઓ સુવિશેષે. ૬
તે માટે તુમે ઇહાં આવો, સહુને પાય લાગી મનાવો;
ઘણા સાથે વેર ન કીજે, આગમનો અરથ એ લીજે. ૭
ઇમ સુણી કહે તામ નરેશ, નથી વાંક માહરો લવલેશ;
કન્યાએ વર્યો વર જોઇ, પ્રમાણ કર્યો અમે સોઇ. ૮
ઇમ સુણીને દૂત તે વળિયો, ચંડસિંહને જઈ તે મળિયો;
સૂરસેનનાં વચન સંભારી, દૂત ભાખે સભામાં વકારી. ૯
દૂત કહે સુણો સહુ રાજાન, સંદેશે ન વળે વાન;
જો દાખવો કાંઈક જોર, તો થાસ્યે પાધરો દોર. ૧૦
હળી જો કન્યા લેઈ જાશે, તો સહુની લાજ લોપાશે;
વળી દૂત કહે એમ વાણી, ઊતરશે તુમારાં પાણી. ૧૧
ઇમ સાંભળી દૂત વચન્ન, થયા કોપાતુર રાજન્ન;
તે તો ક્રોધે થઇ યમ રૂપ, કહે ભૃકુટી ચડાવી ભૂપ. ૧૨
સિંહના મુખ આગે શિયાળ, ભરે જો લાંબી ફાળ;
તે વાતે સિંહને ખામી, ઉખાણો સુણો એ સ્વામી. ૧૩
હળીને તે ઠામે હણીજે, આપણે એ કન્યા લીજે;
કરે જે ઉપરાણું એહનું, તોડીજે મસ્તક તેહનું. ૧૪
ઇમ ચિંતીને મનમાંહી, હાલિક બોલાવ્યો ત્યાંહિ;
મૂક મૂક અલ્યા વરમાળ, કાં છેદાવે ગલનાળ. ૧૫
સુર સાન્નિધ્યે તે હાલી, બોલ્યો હલ દંડ ઉલાળી;
કરી ક્રોધે લોચન રાતાં, વદે વેણ મુખેથી તાતાં. ૧૬
વરમાળા માગે જે ચંડ, તોડું હું તેહનું તુંડ;
જેણે જીભે એ ભાખ્યું ભંડ, તેહના કરું હું શતખંડ. ૧૭

એહવાં વયણ સુણી અવનીશ, બોલ્યા તે ચઢાવી રીસ;
અલ્યા કાં તું કંપાવે સીસ, દીસે છે રૂઠો જગદીશ. ૧૮
વિણ ખૂટે મરે કાં ગમાર, જોને તાહારો દેદાર;
હાલી તવ બોલ્યો હાકી, હૈયામાંહી હિમ્મત રાખી. ૧૯
એકલો હું સિંહ સમાન, ગજયૂથ તમે રાજાન;
શૂરે ચઢ્યો હળી ઇમ બોલે, તીખાં વયણ તે બાણને તોલે. ૨૦
ચંડસિંહ રાજા તવ ચટકી, તાતો થઈ ભાખે ત્રટકી;
નિજ સેવકને કહે તામ, એહ જટને મારો ઠામ. ૨૧
સંધિથી સંધિ વિછોડો, મૂલમાંહિથી મસ્તક તોડો;
ઊઠ્યા તવ સુભટ આક્રોશે, પ્રહાર કરે જબ રોશે. ૨૨
હાલી તવ હળ લેઇ ધાયો, સુભટોને સાહમે આયો;
હાક મારી બોલ્યો જબ હાલી, તવ નાઠા સુભટ પૂંઠ વાળી. ૨૩
જિમ [1]નાહર આગે છાળી, તિમ ભાગ્યા સુભટ લેઈ તાલી;
ન રહ્યો કોઇ પગદંડી, છત્રપતિ પણ ગયા ભૂ છંડી. ૨૪
વળી સુભટ દશો દિશિ નાસે, આવ્યા નિજ સ્વામી પાસે;
વસુધાપતિ ચિંતે સોઈ, શું એ દેવ સ્વરૂપી કોઈ. ૨૫
એ તો દીસે અકલ અબીહ, સહી સૂતો જગાડ્યો સિંહ;
ઇમ ચિંતી સવિ રાજાન, તેહને ઘેરે તિણે થાન. ૨૬
જાણે હાથિયે સિંહને ઘેર્યો, હાલીયે હળ તવ ફેર્યો;
ક્રોધે થયો કંકાલ, દીસંતો મહા વિકરાલ. ૨૭
બલદેવ તણી પરે તામ, એકાકી કરે સંગ્રામ;
હળને અગ્રે ધરી રીસ, ભેદે ગજરાજનાં સીસ. ૨૮
રૂઠ્યો તે રથ દલ ચૂરે, હણે અશ્વ ઘટાબલ પૂરે;
યમ રૂપી હળીને જાણી, સેના સઘળી મરડાણી. ૨૯
શૂર સુભટ જે મહા ઝૂઝાલ, તે પણ નાઠા તતકાલ;
હાલી તાડે હળ લેઇ, ધરણીએ ઢાળ્યા કેઇ. ૩૦

---

૧ વરૂ આગળ બકરી.

ચંડસિંહ આદિ નરનાથ, તે ચિંતે સહુ મન સાથ;
એ મારે અંતક રૂપી, ભૂંડો એ ભૂત સ્વરૂપી. ૩૧
ઈમ કહે ચંડસિંહ નરિંદ, કોપ્યો એ કોઈ સુરેંદ,
તે માટે જો નમિયે જઈ, તો કોપ શમાવે સહી. ૩૨
જોજો જિનપૂજા ફલ પ્રાણી, નરપતિ નમશે હિત આણી;
ઢાળ તેપનમી સહી એહ, ઉદયરતન કહે સસનેહ. ૩૩

## ઢાળ ચોપનમી

### દોહા

ભૂપ સહુ ભેટે જઈ, અલવે પદ અરવિંદ;
હાલિકને હેઠા નમી, નામે સીસ નરિંદ. ૧
કર જોડી મહીપતિ ભણે, સાહિબ ગરીબનિવાજ;
શરણે આવ્યા તુમ તણે, મહેર કરો મહારાજ. ૨
કરુણાનિધિ કરુણા કરી, શરણાગત આધાર;
બગસો ગુનહો અમતણો, પ્રભુજી પ્રાણાધાર ૩
આજ અમે અણજાણતાં, જે જે કહ્યાં વચન્ન;
તે અપરાધ ખમો તુમે, ભાખે સહુ રાજન્ન. ૪
માત પિતા કુમરી તણાં, વળી પરિજન સુવિશેષ;
પરમ હર્ષ પામ્યાં સહુ, દિલમાંહિ હળી દેખ. ૫
શૂરવીર મહાસાહસી, નીરખી ભાગ્યનિધાન;
પરણાવી નિજ પુત્રિકા, સૂરસેન રાજાન. ૬
સહુ રાજાની સાખશું, સૂરસેને નિજ બાળ;
હળધરને હેતે કરી, પરણાવી સુકુમાળ. ૭
ચૉરી માંહી ચાહી ઘણું, આપ્યાં દાન અનેક;
હળીને હાથ મૂકાવણી, વારુ ધરી વિવેક. ૮
વિવાહ ઉત્સવ બહુ કર્યો, હરખ ધરી મનમાંહ્ય;
દાન અને માને કરી, સનમાન્યા સવિ રાય. ૯

( નમો નિત્ય નાથજી રે–**એ દેશી.** )

અવનીપતિ મન ઉલટે રે, કીધો રાજ્ય અભિષેક;
રાજકુલી છત્રીશમાં રે, મુખ્ય થાપ્યો સુવિશેષ.
**ઠવિયો રાજવી રે, રાજવી હળધર નામ, પૂજા થકી તામ,**
**સુખ અભિરામ, રસિયો ભોગવે રે. ૧**
તિલક કરી મનરંગશું રે, ચંડસિંહાદિ નરિંદ;
સિંહાસન બેસારીને રે, પ્રણમે પદ અરવિંદ. ઠ૦ ૨
છત્ર સોહે શિર ઉપરે રે, ચમર ઢળે બિહું પાસ;
કર જોડી આગળ રહ્યા રે, અવનીપતિ ઉલ્લાસ. ઠ૦ ૩
શિર પરે હળધર રાયની રે, આણ કરી પરમાણ;
શીખ લહી સહુ સંચર્યા રે, નરપતિ નિજ નિજ ઠાણ. ઠ૦ ૪
હળી નૃપને હવે એકદા રે, દેવ વદે તે આમ;
દારિદ્ર તુજ દૂરે કર્યું રે, કહે તે વળી કરું કામ. ઠ૦ ૫
હળી નૃપ કહે હવે દેવને રે, ઉવસ પુર છે જેહ;
કૃપા કરી મુજ ઉપરે રે, વાસી આપો તેહ. ઠ૦ ૬
પડિવજી તે વાતને રે, સુરનગરી સમ ખાસ;
વેગે વાસી તે પુરી રે, કંચનમણિ આવાસ. ઠ૦ ૭
ગઢ મઢ મંદિર માળિયા રે, દેવ માયાએ ઉત્તંગ;
નીપાયાં રળિયામણાં રે, સોવન મણિમય ચંગ. ઠ૦ ૮
રાજ્ય કરે તેણે પુરે રે, હવે હળધર નરનાથ;
પંચ વિષયસુખ ભોગવે રે, બે નારીની સાથ. ઠ૦ ૯
સુરપતિની પેરે જેહની રે, આણ ન લોપી જાય;
તેજ પ્રતાપે દીપતો રે, નિત્ય પૂજે જિન પાય. ઠ૦ ૧૦
નૈવેદ્યને પુણ્યે કરી રે, પામ્યો રાજ્ય પ્રધાન;
અળગી નાઠી આપદા રે, વાધ્યો અધિક સુવાન. ઠ૦ ૧૧
જિન આગે જુગતે કરી રે, નૃપ ને નારી દોય;
નૈવેદ્ય ધરે નિત્ય નેહશું રે, નિર્મલ ભાવે સોય. ઠ૦ ૧૨

જિમ દોગુંદક દેવતા રે, સુખ ભોગવે સુરલોક;
બંને પુરીનો સાહિબો રે, ભોગવે તિમ નિત્ય ભોગ. ઠ૦ ૧૩
અમર ચવી તે ઊપનો રે, વિષ્ણુસિરીને પેટ;
નિશ્ચય નજર નિહાલતાં રે, ભાવી ન મિટે નેટ. ઠ૦ ૧૪
ટાળી ન ટળે મોહની રે, જિહાં ધરે મન રાગ;
તિહાં જઈને જીવ ઊપજે રે, ઈમ વદે વીતરાગ. ઠ૦ ૧૫
પ્રસવ્યો પુત્રપણે સહી રે, કુસુમકુમર ધર્યું નામ;
બીજના ચંદ્ર તણી પેરે રે, વાધે તે અભિરામ. ઠ૦ ૧૬
હળી રાજાને તે હવો રે, વલ્લભ જીવ સમાન;
પૂરવને પ્રેમે કરી રે, યત્ન કરે રાજાન. ઠ૦ ૧૭
નવ નવ નાટારંભશું રે, નિત નિત નવલે નેહ;
પુત્રાદિક પરિવારશું રે, વિચરે છે નૃપ તેહ. ઠ૦ ૧૮
દોઢીયે ઊભા ઓળગે રે, રાયજાદા કર જોડી;
કોઈ ન કરે તિણે સમે રે, હળધર નૃપની હોડી. ઠ૦ ૧૯
જોરાવર તે જગતમાં રે, દિન દિન ચઢતે પૂર;
તરવારના તાપે કરી રે, પાલે રાજ્ય પડૂર. ઠ૦ ૨૦
ભુજબલે ભૂ ભોગવે રે, કરે વળી ધર્મનો કામ;
ભક્તિ કરે ભગવંતની રે, ભાવેશું ગુણધામ. ઠ૦ ૨૧
ઢાળ ચોપનમી એ કહી રે, **ઉદયરતન** મન રંગ;
ઈમ જાણી જિન પૂજજો રે, આણી ઊલટ અંગ. ઠ૦ ૨૨

## ઢાળ પંચાવનમી

### દોહા

કુસુમકુમર હવે અનુક્રમે, યૌવન પામ્યો જામ;
રાજાએ નિજ રાજ્ય તવ, તેહને આપ્યું તામ. ૧
શ્રાવકપણું નૃપ આદરી, પાળીને પરમાય;
સૌધર્મે સુર તે થયો, જિન નૈવેદ્ય પસાય. ૨

જય જય કરી દેવાંગના, આવી પૂછે તામ;
પામ્યા કુણ પુણ્યે કરી, સ્વામી ! તુમે સુરઠામ. ૩
દેખી દેવની સંપદા, અમરીની સુણી વાણ;
પૂરવભવ પ્રેમે કરી, અવલોકે નિજ નાણ. ૪
દીઠો અવધિ પ્રયુંજતાં, હળી ભવનો અધિકાર;
નૈવેદ્ય પૂજા પસાયથી, પામ્યો સુર અવતાર. ૫
ઇમ જાણી ઊલટ ભરે, જિન પૂજે નિત્યમેવ;
મન ઇચ્છિત સુખ ભોગવે, દેવલોકે તે દેવ. ૬

(અજિત જિણંદશું પ્રીતડી–એ દેશી.)

કેવલી કહે હરિચંદ્રને, સુણ પૃથ્વીપતિ તું સસનેહ;
હળી પુરુષ નિવેદથી, ત્રિદશ પદવી પામ્યો તેહ.
પામ્યો જિનપૂજા થકી. ૧
હવે તે હળી દેવતા, પાછલી રાતે પૂરવે પ્રેમ;
પુત્ર પ્રત્યે પ્રતિબોધવા, આવી દિન પ્રતિ ભાખે એમ. પા૦ ૨
સુણ રાજન ! નૈવેદ્યથી, હું પામ્યો સુર સંપદ સાર;
તું પણ તે માટે નિત્યે, કરજે જિનભક્તિ ઉદાર. પા૦ ૩
વિસ્મય પામી મનમાંહી, કુસુમ નરેસર ચિંતે તેહ;
એ કુણ કહે છે મુજ પ્રતિ, અનુદિન આવી વાત સનેહ. પા૦ ૪
અવનીપતિ હવે એકદા, તે સુરને પૂછે ગુણગેહ;
કુણ તુમે કિહાં રહો, ઇમ નિસુણી દાખે તેહ. પા૦ ૫
હળધર નામે જે હતો, એ નગરીએ તાહરો તાત;
તે હું સુરલોકે થયો, નૈવેદ્ય પૂજાયે દેવ વિખ્યાત. પા૦ ૬
નેહનો બાંધ્યો હું નિત્યે, દેઉં છું તુજને ઉપદેશ;
તે માટે જિનધર્મમાં, ઉદ્યમ તું કરજે સુવિશેષ. પા૦ ૭
સગપણ સાચું ધર્મનું, જેહથી જીવ લહે ભવ પાર;
સ્વજન સાચા તે સહી, જેહ પ્રતિબોધ દિયે સાર. પા૦ ૮

ઇમ સુણીને નરપતિ ભણે, ઉત્તમ કીધો ઉપગાર;
તુમ સાન્નિધ્યે તાતજી, સફલ થયો માહરો અવતાર. પા૦ ૯
શ્રી જિન ધર્મમાં આજથી, ઉદ્યમ કરવો નિરધાર;
ઇમ પ્રતિબોધી પુત્રને, દેવ ગયો દેવલોક મોઝાર. પા૦ ૧૦
સુરનરનાં સુખ ભોગવી, જિનપૂજા બળે હળી તેહ;
સિદ્ધિ ગયો ભવ સાતમે, સાંભળ રાજન! ધરી નેહ. પા૦ ૧૧
ઇમ જાણી વિધિશું સદા, ભવિ ભાવ ધરી મનમાંહિ;
શ્રી જિન આગે ઢોળજો, મનશુદ્ધે નિવેદ્ય ઉચ્છાંહિ. પા૦ ૧૨
પૂજા શ્રી જિનરાજની, ભકતે કરજો ભાગ્ય વિશાળ;
**ઉદયરતન** કહે સાંભળો, પંચાવનમી ઢાળ રસાળ. પા૦ ૧૩

## ઢાળ છપ્પનમી

### દોહા-સોરઠી

કેવલી કહે સુણ રાય, હરિચંદ્ર હરખે કરી;
જે પૂજે જિન પાય, શિવસુખ પામે તે સહી. ૧
પૂજે પૂરે હાથ, જે જિનને જોપે કરી;
મુગતિવધૂ મન સાથ, ધ્યાન સદા તેહનું ધરે. ૨
ઊલટ આણી ઉર, જિન પૂજે જુગતે સદા;
પામે તે સુખ પૂર, દુરગતિને દૂરે કરે. ૩
સુંદર ફળ શ્રીકાર, ઉત્તમ વૃક્ષનાં ઊપનાં;
નેહેશું નરનાર, જિનવર આગે જે ધરે. ૪
સફળ ફળે સુખવેલી, ફળપૂજાના ફળ થકી;
ગુણ ગાયે તસ ગેલિ, અમરવધૂ ઊલટ ધરી. ૫
શુકયુગલ શિવવાસ, વળી વનિતા જિમ દુર્ગતા;
વારુ લીલ વિલાસ, પામ્યા ફળપૂજા થકી. ૬
ઊલટ આણુ તું અંગ, વિજયચંદ કેવળી કહે;
સાંભળ મનને રંગ, કથા તેહની તુજને કહું. ૭

( આવ્યા ગજપુર નગરથી, તિહાં વસે વ્યવહારી લો; અહો-**એ દેશી.**)

જંબૂદ્વીપના ભરતમાં, દક્ષિણ દેશ વારુ રે લો,
**અહો, દક્ષિણ દેશ વારુ રે લો,**
**રાજેસર સુણ સોભાગી રે લો;**
સુરપુર સમ કંચનપુરી, દીપે દીદારુ રે લો. અહો દીપે૦ ૧
જયસુંદર નામે તિહાં, રાજેસર ગુણ રાજે રે લો; અહો રાજે૦
તેજ પ્રતાપે દીપતો, દિણયર પરે છાજે રે લો. અહો દિણ૦ ૨
તે નગરી ઉદ્યાનમાં, સુંદર અતિ સોહે રે લો; અહો સું૦
મંદિર શ્રી અરનાથનું, દીઠે મન મોહે રે લો. અહો દી૦ ૩
તે જિનભવન આગે તિહાં, શુકયુગલ સહકારે રે લો; અહો શુ૦
માળો કરી મન મોદશું, રહે છે તિણે ડારે રે લો. અહો ર૦ ૪
એક દિન મહાપૂજા રચી, જિનભવને નરિંદે રે લો; અહો જિ૦
પુરીજન પ્રેમેશું કરી, ફળપૂજા આણંદે રે લો. અહો ફ૦ ૫
દુર્ગતા નામે દુર્બળ તિહાં, નિવસે એક નારી રે લો; અહો નિ૦
અર્થહીન ને એકલી, દુઃખની જે કયારી રે લો. અહો દુઃખ૦ ૬
ફળ ઢોવા સમરથ નહિ, શ્રી જિનવર આગે રે લો; અહો શ્રી૦
લોકને દેખી પૂજતાં, ચિંતે મન રાગે રે લો. અહો ચિં૦ ૭
ધન્ય ધન્ય જે જિનને નિત્યે, પૂજે ફળ લેઇ રે લો; અહો પૂ૦
ઇમ તે ભાવે ભાવના, દોષ કર્મને દેઇ રે લો. અહો દો૦ ૮
જિનમંદિર આગે રહી, ચિંતે ઇમ જેહવે રે લો, અહો ચિં૦
અંબ ડાલે શુકયુગલ તે, તેણે દીઠું તેહવે રે લો. અહો તે૦ ૯
સુંદર ફળ સહકારનાં, આરોગે ઉલ્લાસે રે લો; અહો આ૦
દેખી ફળ એક દુર્ગતા, માગે શુક પાસે રે લો. અહો મા૦ ૧૦
શુક કહે ફલ સહકારનો, કુણ કામે તું માગે રે લો; અહો કુ૦
સા કહે ફળ એ લેઇને, ઢોઇશ જિન આગે રે લો. અહો ઢો૦ ૧૧
શુક કહે ફળપૂજા થકી, પુણ્ય ફળ શું હોવે રે લો; અહો પુ૦
તે કહે સુંદર ફળ લહી, જિન આગે ઢોવે રે લો. અહો જિ૦ ૧૨

તે સુરવરની સંપદા, પામે સુરસાલા રે લો; અહો પા૦
સફળ ફળે જનમાંતરે, મનોરથની માળા રે લો. અહો મ૦ ૧૩
શ્રી ગુરુમુખે સાંભળ્યું, ભગવંતે ભાખ્યું રે લો; અહો ભ૦
ઉત્તમ ફળ એહનું સહી, આગમમાં આખ્યું રે લો. અહો આ૦ ૧૪
તે માટે એક ફળ મને, આપો ફળ જાણી રે લો; અહો આ૦
ઇમ સુણીને નિજ સ્વામીને, સૂડી કહે વાણી રે લો. અહો સુ૦ ૧૫
આપો ફળ એહને, જાણી લાભ અનંતો રે લો; અહો જા૦
આપણ પણ ફળ ઢોઇએ, જિન આગે ખંતે રે લો. અહો જિ૦ ૧૬
વયણ સુણી સૂડી તણાં, એક ફળ ઉલ્લાસે રે લો; અહો એ૦
તેહને તવ આપ્યું શુકે, શુભ ફળની આશે રે લો. અહો શુ૦ ૧૭
ફળ લેઇ તે દુર્ગતા, મનને આણંદે રે લો; અહો મ૦
જિનમુખ આગે ઢોઈને, પ્રેમે પાય વંદે રે લો. અહો પ્રે૦ ૧૮
ચંચુપુટમાંહી ગ્રહી, શુકયુગલ સુભાવે રે લો; અહો શુ૦
સુંદર ફળ સહકારનાં, જિન આગે ઠાવે રે લો. અહો જિ૦ ૧૯
તે શુકયુગલ નમી કહે, જિનને મન પ્રીતે રે લો; અહો જિ૦
તુજ ગુણ મહાતમને અમે, ન લહ્યું શુભ રીતે રે લો. અહો ન૦ ૨૦
તુજ ફલ દાને નીપજે, જે ફળ શિવગામી રે લો; અહો જે૦
તે ફળ હોજો અમ્હને, ઇમ કહે શિર નામી રે લો. અહો ઇમ૦ ૨૧
છપનમી સહી એ કહી, ઢાળ કાફી રાગે રે લો; અહો ઢા૦
**ઉદયરતન** કહે સાંભળો, શ્રોતાજન આગે રે લો. અહો શ્રો૦ ૨૨

## ઢાળ સત્તાવનમી

### દોહા–સોરઠી

નિર્મળ દુર્ગતા નાર, સરલ ગુણે શીલે કરી;
નિશ્ચય શું નિરધાર, અંત કર્યો સ્ત્રીવેદનો. ૧
અનુક્રમે પાળી આય, મરણ સમાધે તે મરી;
સૌધરમે સુર થાય, ફળપૂજાના ફળ થકી. ૨

નગરી ગંધિલા નામ, સુર નરેસર સાહસી;
રાજ્ય કરે અભિરામ, રત્ના રાણી તેહની. ૩
તેહની કૂખે તામ, કાલ કરીને કીર તે;
અંગજપણે અભિરામ, અનુક્રમે જઈને ઊપનો. ૪

(રાગ કેદારો. પુક્ખલવઈ વિજયે જયો રે–એ **દેશી.**)

ભૂપતિને એ ભામિની રે, વલ્લભ જિમ નિજ જીવ;
જિમ [1]સાલરિ ગજરાજને રે, વહાલી લાગે અતીવ.
**રાજાને રત્નાદેવીશું રંગ, તેહને ન ગમે બીજો સંગ.**
રાજાને૦ ૧
તે ગજગામિની ગર્ભનાં રે, કરે જતન અનેક;
પંચ માસ વોલ્યા પછી રે, ઊપન્યો દોહલો એક. રા૦ ૨
દિન દિન થાયે દુબળી રે, દોહલે રાણીની દેહ;
સાલે સાલ તણી પરે રે, ખિણ ખિણ અંતરે તેહ. રા૦ ૩
વ્યગ્રપણે રાણી રહે રે, આઠે પહોર ઉદાસ;
પંચ વિષયને પદારથે રે, ચિત્ત ન લાગે તાસ. રા૦ ૪
આસો માસે જેહવી ધરા રે, જેહવો પાંડુર પાન;
સૂર્યમંડલે જેહવો શશી રે, તેહવો થયો તનુ વાન. રા૦ ૫
ક્ષીણ ઘણું ક્ષામોદરી રે, દેખી પૂછે ભૂપ;
કુણ કારણ તું દુબળી રે, કહેને વસ્તુ સ્વરૂપ. રા૦ ૬
કે તુજને દુહવી કેણે રે, કે કેણે લોપી લાજ;
કે તુજ વયણ લોપ્યું કેણે રે, પૂછે ઈમ મહારાજ. રા૦ ૭
તે સોનું શું કીજિયે રે, કાનને ત્રોડે જેહ;
જેણે તુજને દુહવી ત્રિયા રે, આણું તેહનો છેહ. રા૦ ૮
રાણી કહે સુણો રાયજી રે, તુમ પ્રસાદે કોય;
વચન ન લોપે માહરું રે, જી જી કરે સહુ કોય. રા૦ ૯

[1] સલ્લકી વૃક્ષ

પણ એક મુજને ઊપનો રે, દોહલો સુણો રાજાન;
અકાલે અંબ ફલ તણો રે, તેહનું દુઃખ અસમાન. રા૦ ૧૦
સાસોસાસે તે સાંભરે રે, આઠે પહોર અચૂક;
સમરથ નહિ કોઈ પૂરવા રે, કહો કિમ મટે એ દુઃખ. રા૦ ૧૧
અવનીપતિ એમ સાંભળી રે, વનિતા મુખથી વાણી;
ચિંતા સમુદ્રમાંહી પડ્યો રે, ઊલટી દુઃખની ખાણી. રા૦ ૧૨
જગમાંહે જાણે સહુ રે, [1]રત વિણ ફલ નવિ હોય;
અકાલે ફલ કિમ પામિયે રે, ચિત્ત વિચારે સોય. રા૦ ૧૩
દુષ્કર દોહલો એ સહી રે, કિમ કરી પૂર્યો જાય;
રાણી મરે અણપૂરતાં રે, ફરી ફરી ચિંતે રાય. રા૦ ૧૪
મરણ સમાન રાણી થઈ રે, શોકાતુર થયો ભૂપ;
ઉપાય ન મલે તેહનો રે, પડિયો ચિંતા કૂપ. રા૦ ૧૫
જો જો આગળ પુણ્યથી રે, કિમ દુઃખ ભાગે તાસ;
ઢાળ સત્તાવનમી થઇ રે, ઉદય વદે ઉલ્લાસ. રા૦ ૧૬

## ઢાળ અઠ્ઠાવનમી

### દોહા

જીવ તે દુર્ગતા નારીનો, દેવલોકે જે દેવ;
અવલોકે ભૂલોકમાં, અવધિજ્ઞાને હેવ. ૧
જિણ શુકે આપી ફલ મને, કીધો હતો ઉપકાર;
રત્નાદેવીને ઉદરે, તેણે લીધો અવતાર. ૨
તે માટે હું પણ હવે, કરવા પ્રત્યુપકાર;
ઇચ્છા પૂરું તેહની, આપી ફલ સહકાર. ૩
ઇમ ચિંતીને અમર તે, માનવ લોક મોઝાર;
રૂપે સારથવાહને, આવ્યો તેણી વાર. ૪

---

૧ ઋતુ

( અનુમતિ રે દીધી માયે રોવતાં-**એ દેશી.**)

પ્રવહણ રૂપ કરંડિયો, સહકાર ફળે ભરી તામ;
જાણે શોકસમુદ્રથી તારવા, લેઈ દેવ આવ્યો તે ઠામ.
**ફળ જોજો જી ફળપૂજા તણાં. ૧**

મહીપતિને ચરણે મૂકિયો, સારથપતિ ફળનો કરંડ;
મનમાંહી હરખ્યો ભૂધણી, ફળ અવલોકી અખંડ. ફળ૦ ૨

સારથપતિને આદર કરી, તવ પૂછે સુર મહારાજ;
કહો જી તુમે પામ્યા કિહાંથકી, અકાલે એ ફળ આજ. ફળ૦ ૩

રાજન સુણ રત્નાદેવી કૂખે, જીવ પુત્રપણે છે જેહ;
પામ્યા તસ પુણ્યે ઇમ કહી, અદૃશ્ય થયો સુર તેહ. ફળ૦ ૪

મુદિત મને મહીપતિ તદા, ચિત્તમાંહે વિચારે તેહ;
સંબંધી પૂરવ જન્મનો, સુતનો સુર દીસે એહ. ફળ૦ ૫

સુર અર્પિત ફળે કરી, રાણીનો દોહલો રાય;
પૂરે મન પ્રેમે કરી, મનમાંહી હરખ ન માય. ફળ૦ ૬

રાણી તે ફળ આરોગીને, પામી હવે પરમ સંતોષ;
નિરાબાધ પણે વિચરે સહી, ટાલંતી ગર્ભના દોષ. ફળ૦ ૭

સુત પ્રસવ્યો પૂરણ માસથી, સુંદર સુર કુમર સમાન;
દિણયરની પેરે દીપતો, કોમલ તનુ કુંદન વાન. ફળ૦ ૮

અવનીપતિ ઉચ્છક પણે, ઓચ્છવ માંડ્યો અભિરામ;
જિનભવને મનરંગશું, મહાપૂજા રચાવે તામ. ફળ૦ ૯

સ્વજન કુટુંબ પુરલોકને, જિમાડે તવ રાજાન;
બંત કોઠાર ખોલાવીને, દુઃખિયાંને આપે દાન. ફળ૦ ૧૦

કુમકુમ હાથા દેઈને, ઘર ઘર તોરણ મન રંગ;
બંધાવે મહીપતિ મોદશું, પુરમાં વાધ્યો ઉછરંગ. ફળ૦ ૧૧

ધવલ મંગલ ગાયે ગોરડી, વજડાવે મંગલ તૂર;
ઘર ઘર રંગ વધામણાં, નાટારંભ થાયે સનૂર. ફળ૦ ૧૨

શુભ યોગે શુભ નક્ષત્રે, વળી શુભ લગને શુભ દિન્ન;
ફળસાર નામ તે કુમરનું, સુપરે ધરિયું શુભ મન્ન. ફળ૦ ૧૩
અટ્ઠાવનમી સુંદરુ, એ ઢાળ કહી મનોહાર;
ઉદયરતન કહે સાંભળો, એહનો આઘો અધિકાર. ફળ૦ ૧૪

## ઢાળ ઓગણસાઠમી

### દોહા સોરઠી

રૂપે રાજકુમાર, ઇંદ્રકુમાર સમ ઓપતો;
અનંગ તણો અવતાર, અવનીતલે જાણે અવતર્યો. ૧
યૌવન પામ્યો જામ, સોભાગી ફળસાર તે;
ગિરુઓ તે ગુણધામ, સકલ કલાએ શોભતો. ૨
દિનકર જેમ દીપંત, કોમળ તનુ કાંતે કરી;
યુવતી જન મોહંત, દરિસન દેખી તેહનું. ૩
દુર્ગંતા નારી દેવ, અમર તે આવી ઇણિ સમે;
નિશામાંહી નિત્યમેવ, કહે ફળસાર કુમારને. ૪

( રાજગૃહી નગરીનો વાસી–એ દેશી )

પ્રેમનો બાંધ્યો પાછલી રાતે, અમર તે આવી ઇમ ભાખે હો;
સુણ તું મિત્ર સલૂણા, ફળસાર સોભાગી.
જન્માંતરની વાત જે તાહરી, તે તુજને કહું ઉલ્લાસે હો. સુ૦ ૧
પહેલે ભવ કંચનપુરી ઠામે, શુકપણે સહકારે હો; સુ૦
અરજિન પ્રાસાદને આગે, તું રહેતો અંબની ડાળે હો. સુ૦ ૨
સૂડી સહ શ્રી જિન આગે, આંબાનાં ફલ મન હેતે હો; સુ૦
ભાવ ધરી ઢોયાં શુભ રાગે, તેથી ઇહાં ઋદ્ધિ પામી એતે હો. સુ૦ ૩
પૂરવે જે ફળ મુજ આપ્યું, તે લઇ મેં મન રાગે હો; સુ૦
નરભવનો લ્હાવો લેવા, ઢોયું શ્રી જિનવર આગે હો. સુ૦ ૪
તે પુણ્યે લહી સુરસંપદ, આપદ મૂલ ઉત્થાપી હો; સુ૦
તુજ માતાનો દોહલો મેં પૂર્યો, અકાલે અંબફળ આપી હો. સુ૦ ૫

શુકને ભવે જે તુજ સૂડી, તે શ્રી જિનને ફળ દાને હો; સુ૦
સમરકેતુ નૃપની પુત્રી, થઈ રાજપુરે શુભ થાને હો. સુ૦ ૬
ચંદ્રલેખા નામે સા બાળા, ચંદ્રકલાથી સોહે હો; સુ૦
જેહના મુખનો મટકો જોતાં, સુરનરનાં મન મોહે હો. સુ૦ ૭
વર લાયક જાણી પુત્રી, સંપ્રતિ તેહને કાજે હો; સુ૦
સ્વયંવર મંડપ મનરંગે, માંડ્યો છે મહારાજે હો. સુ૦ ૮
દેશ દેશ દૂત પઠાવી, છત્રપતિ તિહાં છોગાલા હો; સુ૦
મેલ્યા છે રાજા મનમોદે, મહીપતિ બહુ મૂચ્છાલા હો. સુ૦ ૯
શુકયુગલ સ્વરૂપ સુઘાટે ચિત્રપટે આલેખી હો; સુ૦
તિહાં તેહની નજરે ધરજો, સા મોહશ્યે તે દેખી હો. સુ૦ ૧૦
મોહ પામીને ઈહ અપોહે, જાતિસ્મરણ તે લહેશ્યે હો; સુ૦
વરશે તુજને સંબંધ જાણી, પ્રીત પૂરવની વહેશ્યે હો. સુ૦ ૧૧
પૂરભવ પ્રીત તિહાં જાગી, દેવતણે તે વયણે હો; સુ૦
મન મિલવા ઊલસ્યું તેહતું, આવ્યાં આંસુ નયણે હો. સુ૦ ૧૨
પૂરવભવની વાત જણાવી, દેવ ગયો નિજ થાને હો; સુ૦
કુમર તે મનમાં અલજ્યો, રાજપુરે જાવાને હો. સુ૦
**સુણજો ભવિ મનને રાગે, શ્રોતાજન સોભાગી હો.** સુ૦ ૧૩
**ઉદયરતન** કહે મન પ્રેમે, એ ઓગણસાઠમી ઢાળે હો; સુ૦
શ્રી જિનપૂજા કરજો મનરંગે, જે દુરગતિ દુઃખને ટાળે હો. સુ૦ ૧૪

## ઢાળ સાઠમી

### દોહા-સોરઠી

સુંદર દોય સ્વરૂપ, સૂડા અને સૂડી તણું;
આલેખાવ્યાં અનૂપ, ચિત્રપટે ચિત્ત ચોરવા. ૧
ચિત્ર લેઈ તે ચંગ, પરિકર સાથે પરિવર્યો;
રાજપુરે મનરંગ, કુમર ગયો તે કૌતકી. ૨
સ્વયંવર મંડપે સોય, તુરત ગયો ફળસાર તવ;
સિંહાસને સહુ કોય, મહીપતિ જિહાં બેઠા મળી. ૩

અવનીપતિની ઓલિ, બેઠો જઈ તે મહાબળી;
કાયા કુંકુમ રોળી, આભરણે ઓપે વળી. ૪
સોળ સજી શણગાર, રાજસુતા રંગે કરી;
વર વરવા તેણી વાર, મંડપ આવી મનરલી. ૫

( સમકિત દ્વાર ગભારે પેસતાંજી–એ **દેશી.** )

ચિત્રપટ્ટ દેખી શુકના રૂપનો રે, અતિસુખ પામી રાજકુમારી રે,
**તવ તેહને મોહ લાગ્યો મનડામાંહી રે;**
યુગલ એ દીઠું મેં પૂરવે રે, ચિત્તમાંહિ ચિંતે વારોવાર રે. **તવ૦ ૧**
જાતિસ્મરણ તેહને ઊપનું રે, ઊહાપોહ થકી અભિરામ રે;
ગતભવ પેખી કુમરી આપણો રે, હૃદય વિચારે તામ રે. **તવ૦ ૨**
શુકનો જીવ તિહાંથી તે ચવી રે, એ ઇહાં થયો રાજકુમાર રે;
સૂડી મરી તે હું ઇહાં ઊપની રે, એ મુજ પૂરવનો ભરતાર રે. તવ૦ ૩
તૃપતિ ન પામી જોતાં ચિત્રામણે રે, લોચન રહ્યાં તિહાં લોભાય રે;
અનિમેષ ચંદ ચકોરની પરે રે, ફરી ફરી જુએ તેણી વાર રે. **તવ૦ ૪**
જનક પૂછે તેહને તેણે સમે રે, સુણ તું પુત્રી શુભ રીતિ રે;
કીરશું દૃષ્ટિ લાગી રહી તાહરી રે, કહો એ કિહાંની છે પ્રીત રે. **તવ૦ ૫**
સૂડી હુતી હું પહેલાં સુણો તાતજી રે, એહ કુમર હુતો શુક રૂપ રે;
ફૂલપૂજાને પુણ્યે પામ્યા ઇહાં રે, માનવભવ એહ અનૂપ રે. **તવ૦ ૬**
ઇમ કહીને પૂરવના નેહથી રે, વરમાલા તેણે મનરંગ રે;
ફૂળસાર કુમર તણે કંઠે ઠવી રે, સહુને થયો ઉચ્છરંગ રે. **તવ૦ ૭**
મહીપતિ ભાખે સઘળા મોદે કરી રે, સરખી મળી એ બેહુની જોડી રે;
રાજમરાલ સાથે હંસી મળી રે, તિહાં કોઈ ન કાઢે ખોડી રે. **તવ૦ ૮**
નયણે નયણ મેલી જોતાં થકાં રે, મહાસુખ પામ્યાં બે મન્ન રે;
જે સુખ પામ્યાં માંહોમાંહી બે જણાં રે, ન મળે તે સુરને ભવન્ન રે. **તવ૦ ૯**
સહુ નૃપની સાખે તિહાં સહી રે, સમરકેતુ–ભૂપાળ રે;
ઉત્સવ કરી ઊલટે ફૂળસારને રે, પરણાવી નિજ બાળ રે. **તવ૦૧૦**

સરસ સંબંધ એ ઢાળ સાઠમી રે, **ઉદયરતન** કહે ચંગ રે;
નરભવ પામી ભવિયાં દોહિલો રે, શ્રી જિન પૂજો મનરંગ રે. **ત૦૧૧**

## ઢાળ એકસઠમી

### દોહા

વિવિધ અલંકારે કરી, સનમાન્યા સવિ રાય;
શીખ લહીને તે હવે, નિજ નિજ દેશે જાય. ૧
દીધો વરને દાયજો, હીરા નવસર હાર;
મણિ માણેક મોતી ઘણાં, તેજી વળી તુખાર. ૨
શીખ માગી સસરા કને, શ્રી ફળસાર કુમાર;
ચાલ્યો નિજ જનપદ ભણી, સાથે લેઇ નિજ નાર. ૩
વોળાવી સહુ કો વળ્યા, લગ્યા નિસાણે ઘાવ;
અસવારી અળવે કરી, ધરી પેગડે પાવ. ૪
પહોતો અનુક્રમે નિજ પુરે, કુમર તે મનને કોડ;
પંચ વિષયસુખ ભોગવે, પુણ્યે પામી જોડ. ૫

( રાગ : મલ્હાર. દેશી એકવીસાની. જિન જન્મ્યાજી–એ **દેશી** )

ચંદ્રલેખા રે, ચંદ્રકલાશી નિર્મળી,
નિરુપમ રે, રૂપે ઓપે જેમ વીજળી;
કટિલંકે રે, સિંહ હરાવ્યો જેણે વળી,
સુખ વિલસે રે, ચઢતે પ્રેમે મનરળી.
મનરળી પ્રીતમ સંગે નવ નવ, ભોગ રંગે ભોગવે,
ફળસાર ફળપૂજા ફળે હવે, વિવિધ લીલા જોગવે;
મનમાંહી જે જે ચિંતવે તે, મનોરથ વેગે ફળે,
સુખ લહેરમાંહી રહે લીનો, અતુલ પુણ્ય તણે બલે. ૧

ઇણ અવસરે રે, સુરલોકે સુરપતિ મુદા;
ફળસારની રે, પ્રશંસા કરે એકદા,
પરષદમાં રે, ઇંદ્ર પયંપે ફરી ફરી;
પૂરવભવે રે, ફળની પૂજા તેણે કરી.

ફળતણી પૂજા ભાવ આણી, લાભ જાણી જિન તણી,
શુકપણે કીધી તેહ પુણ્યે, ઋદ્ધિ પામ્યો અતિ ઘણી;
નરલોકમાંહી અમરની પરે, ભોગવે સુખ ગહગહી,
મનમાંહી જે જે ધરે ઇચ્છા, સફલ થાયે તે સહી. ૨

કોઈક સુર રે, અમરષ મનમાં આણતો,
મિથ્યાત્વી રે, ઇંદ્ર વચન અણમાનતો;
વિષધરનું રે, રૂપ કરી તિહાંથી ધસ્યો,
આવીને રે, ચંદ્રલેખાને તે ડસ્યો.
ડસ્યો વિષધર દેવ નિર્મિત, ચંદ્રલેખાને સહી,
અચેત અબલા થઈ તતક્ષણ, ઝેર જોરે લહબહી;
વૈદ્ય ગારુડ મંત્ર મહોરો, ઔષધ ઉપચાર એ,
ગદચાર આદિ કર્યાં અતિ ઘણા, કહેતાં નાવે પાર એ. ૩

મૂરછાગત રે, નીલવરણ નારી થઈ,
ઉપાયથી રે, ચેતના તેણે નવિ લહી;
ચિકિત્સક રે, હાથ ખંખેરીને ગયા,
સ્વજનાદિક રે, તેહની આશ તજી રહ્યા.
તજી આશને રહ્યા તેહવે, દેવ દુર્ગત આવે એ,
વૈદ્ય રૂપે અમરતરુની, મંજરીને લાવે એ;
વિષ તણો અપહાર કરવા, વાત વિગતે સુણાવે એ,
ઉપકાર કારણે કુમરને કર, મંજરી જવ ઠાવે એ. ૪

તવ વૈદ્યને રે, દેખી તે સુર ચિંતવે,
કરી રૂપે રે, કુમરને બિહાવું હવે;
ઇમ ચિંતી રે, ગજ રૂપે આવ્યો જિસે,
ફળસારને રે, સિંહ રૂપે દીઠો તિસ્યે.
સિંહ રૂપે કુમરને તિહાં, દેખીને રોષાતુરે,
દેવ પણ તે સિંહ રૂપે, સાહમે પગલે સંચરે;

દેવ દુર્ગત સાન્નિધ્યે તવ, કુંવરને દીઠો તેણે,
શરભ રૂપે બિહામણો, તે દેખી ચિંતે તિહાં કણે. ૫

ધીરજથી રે, ચળાવ્યો ચળ્યો નહિ,
દેવ રૂપી રે, એહ પુરુષ દીસે સહી;
ઇમ ચિંતી રે, તેહ પ્રત્યક્ષ થયો તદા,
મન હરખે રે, કુંવર પ્રત્યે ભાખે મુદા.

કુમરને કહે અમર ઇણી પરે, ઇંદ્ર તુજને પ્રશંસિયો,
તેહ થકી તું અધિક ઓપે, દેખી મુજ હરખ્યો હિયો;
માગ તું મુજ કને કાંઇકિ, તૂઠો હું તુજને સહી,
જેહ કહે તે કરું હેલા, વાચા એ નિષ્ફળ નહિ. ૬

તવ તેહને રે, કુમર કહે મન ઉલ્લસી,
પુણ્યે કરી રે, માહરે ઊણિમ નહિ કિસી;
તો પણ વળી રે, જો તુમે કિરપા કરી,
સુરપુરી સમ રે, કરી આપો માહરી પુરી.

પુરી માહરી કરી આપો, ઇંદ્રપુરી સમ ઓપતી,
ઇમ સુણી તેણે સુરે તતખિણ, પુરી કીધી દીપતી;
કનકમય શુભ ઘટિત ગઢ મઢ, પોળ મંદિર માળિયા,
અતિ દિવ્ય સુંદર ગોખે, જડિત દીપે જાળિયાં. ૭

પુનર્નવ રે, સાલંકારા સોહતી,
અતિ સુંદર રે, સુર નરનાં મન મોહતી;
તેણે દેવે રે, કીધી પ્રેમદા ને પુરી,
દોય દીપે રે, રૂપે ને ઋદ્ધે કરી.

ઋદ્ધે કરીને અધિક રૂપે, ઓપાવી તે સુર ગયો,
પ્રમદા અને તે પુરી પેખી, કુમર મનમાં ગહગહ્યો;
સૂર નરપતિ કુમરને હવે, રાજ્ય આપીને સહી,
શીલંધર મુનિરાજ પાસે, ભાવશું દીક્ષા ગ્રહી. ૮

દલ પૂરે રે, ફળસાર નરપતિ સુંદરુ,
તેણે પુરે રે, રાજ્ય કરે તે ગુણાકરુ;
શચીશું રે, સુરપતિ જિમ સુખ ભોગવે,
શશિલેખા રે, સાથે તિમ દિન જોગવે.
દિન જોગવે સુખ ભોગ યોગે, ઇંદ્ર જાણે અભિનવો,
અનુક્રમે તેહને પુત્ર ઉત્તમ, ચંદ્રસાર નામે હવો;
ચંદ્રલેખા ઉદરે જાણે, માન સરવર હંસલો,
નિજ સ્વજન પંકજ વન વિકાસન, પૂર્ણચંદ્ર સમુજ્જલો. ૯
અનુક્રમે રે, બાલપણો દૂરે ગયો,
ચંદ્રસાર તે રે, રાજ્ય ધુરા લાયક થયો;
તવ તેહને રે, રાજ્ય આપીને ભૂપતિ,
શુદ્ધ ભાવે રે, સંયમ લેઈ દંપતી.
દંપતી શુભ યોગ સાધી, વ્રત આરાધી અનુક્રમે,
કાળ કરી સુરપણું પામ્યાં, સુર લોકે તે સાતમે;
જનમાંતરે જિનરાજની જે, કરી પૂજા ફળ તણી,
તે પુણ્યથી દોય અમર લીલા, અનુભવે સોહામણી. ૧૦
રાય રાણી રે, દુર્ગત દેવ ત્રીજો સહી,
એ ત્રણે રે, સાતમે ભવે સંયમ ગ્રહી;
આરાધી રે, મુગતે જાસ્યે તે વહી,
સુણ રાજન રે, તેહ માંહી સંદેહ નહિ.
સંદેહ નહિ સુણ કેવલી કહે, ફળપૂજા ઉપર તને,
દૃષ્ટાંત ઉત્તમ એહ દાખ્યો, સદ્દહિયે સાચે મને;
ઉદયરતન કહે ઉલ્લાસ આણી, એકસઠમી ઢાળમાં,
જિનભક્તિનો મહાલાભ જાણી, થજો તેહની ચાલમાં. ૧૧

## ઢાળ બાસઠમી

### દોહા-સોરઠી

નિત્યે જે નરનારી, ત્રણ કાલ ત્રિવિધે કરી;
પામે તે ભવ પાર, જે પૂજે જિનરાજને. ૧

ઉત્તમ એહ ઉપાય, મુક્તિવધૂ મળવા તણો;
પૂજો જિનવર પાય, ભવિક મન ભાવે કરી. ૨
જોતાં ન મલે જોડી, સુખદાયક સંસારમાં;
કીજે મનને કોડ, જિનપૂજા જયકારિણી. ૩
આરજ કુલ અવતાર, પામીને પ્રેમે સદા;
ભરવા પુણ્ય ભંડાર, પૂજો જિન પૂરે મને. ૪
દેવ ઘણાએ દીઠ, અરિહંત સમ એકે નહિ;
ભાવેશું ભૂપીઠ, ઓળખીને તુમે અરચજો. ૫
જુગતિશું જળકુંભ, જિન આગે ઢોવે જિકે;
ઉત્તમ તેહ અચંભ, સુખ પામે સહી શાશ્વતાં. ૬
જલપૂજાથી જેમ, સુખ પામી વાડવ સુતા;
સુણ હરિચંદ્ર સુપ્રેમ, ધુરથી કહું દૃષ્ટાંત તે. ૭

( ત્રિભુવનનાયક તું વડો રે લાલ-**એ દેશી.** )

દક્ષિણ ભરતે દીપતો હો લાલ, બ્રહ્મપુર ઇણે નામ, **મનરંગે;**
વિપ્રના સહસ્ર વાસા તિહાં રે લાલ, સુરપુરી સમ અભિરામ, **મનરંગે. ૧**
**સુણ રાજન કહે કેવલી હો લાલ,** જલપૂજા અધિકાર; **મ૦**
કથા કહું હું તેહની હો લાલ, સદ્દહજે સુવિચાર. **મ૦ સુ૦ ૨**
પારગામી જે વેદનો હો લાલ, ચૌદ વિદ્યાગુણ ધામ; **મ૦**
વારુ વાડવ એક તિહાં હો લાલ, વસે સોમિલ નામ. **મ૦ સુ૦ ૩**
સોમા નામે તેહને હો લાલ, રમણી રૂપનિધાન; **મ૦**
યજ્ઞચક્રી સુત તેહને હો લાલ, પંડિત બુદ્ધિપ્રધાન. **મ૦ સુ૦ ૪**
યજ્ઞચક્રીની ભારજા હો લાલ, સોમશ્રી શુભ રૂપ; **મ૦**
ઉત્તમ વંશની ઊપની હો લાલ, જાણે અમરી રૂપ. **મ૦ સુ૦ ૫**
સોમિલ આયુ પૂરું કરી હો લાલ, પહોતો તે પરલોક; **મ૦**
મૃતકારજ તેહનાં કરી હો લાલ, યજ્ઞચક્રી તજે શોક. **મ૦ સુ૦ ૬**
સાસુ કહે વહુ સાંભળો હો લાલ, બારશ દાન નિમિત્ત; **મ૦**
આણો નિરમલ નીરનો હો લાલ, કુંભ ભરી સુપવિત્ત. **મ૦ સુ૦ ૭**

સોમશ્રી ઈમ સાંભળી હો લાલ, કુંભ લેઈ કરમાંહી; મ૦
જળ લેવાને કારણે હો લાલ, ચાલી મન ઉચ્છાંહી. મ૦ સુ૦ ૮
યુવતી જળ ઠામે જઈ હો લાલ, અબોટ લેઈ અંભ; મ૦
વેગેશું પાછી વળી હો લાલ, શિર ઉપર ધરી કુંભ. મ૦ સુ૦ ૯
જિનઘર પાસે આવી તિકે હો લાલ, તિણુ વેળા તિહાં સાર; મ૦
મુનિવર દેવે દેશના હો લાલ, જિનપૂજા અધિકાર. મ૦ સુ૦ ૧૦
જિન આગે જળનો ઘડો હો લાલ, ઢોવે જે નરનાર; મ૦
સુરનરનાં સુખ ભોગવી હો લાલ, પામે તે ભવ પાર. મ૦ સુ૦ ૧૧
મુનિમુખથી એમ સાંભળી હો લાલ, સોમશ્રી સુવિચાર; મ૦
જિનમુખ આગે ઢોવે જઈ હો લાલ, તેહ ઘડો તેણીવાર. મ૦ સુ૦ ૧૨
જુગતે શું જળનો ઘડો હો લાલ, ઢોઈ મનને ઉલ્લાસ; મ૦
ભદ્રકભાવે તે બ્રાહ્મણી હો લાલ, એમ કહે અરદાસ. મ૦ સુ૦ ૧૩
સ્વામી તુજ સ્તવના તણું હો લાલ, નથી મુજમાં નાણુ; મ૦
તુજ ગુણપંથે જાવા ભણી હો લાલ, હું છું અંધ અજાણ. મ૦ સુ૦ ૧૪
અજ્ઞાને હું આવરી હો લાલ, પૂરવ કર્મને લેખ; મ૦
તુમ શાસન સંગત વિના હો લાલ, ન લહું ભક્તિ વિશેષ. મ૦ સુ૦ ૧૫
તુજને જળઘટ દાનથી હો લાલ, ફળપ્રાપ્તિ હોવે જેહ; મ૦
પ્રભુજી તુમ પસાયથી હો લાલ, મુજને હોજો તેહ. મ૦ સુ૦ ૧૬
સાસુને ભાખે જઈ હો લાલ, સાથે હુંતી જે નાર; મ૦
જિનમંદિર મૂક્યો ઘડો હો લાલ, તુમ વહુએ નિરધાર. મ૦ સુ૦ ૧૭
ઈમ સુણી સોમા ઘણું હો લાલ, ક્રોધે થઇ વિકરાલ; મ૦
હુતાશન હવિ યોગથી હો લાલ, જિમ નાખે બહુ ઝાલ. મ૦ સુ૦ ૧૮
રૂઠી જાણે રાક્ષસી હો લાલ, દીસતી કોપે લાલ, અતિ રોષે;
સાચી જાણે શિકોતરી હો લાલ, ત્રટકી બોલે ગાળ. અ૦ સુ૦ ૧૯
જે મંદિર દીધો ઘડો હો લાલ, તે માથે ન ચોંટયો કાંહિ; અ૦
સોમાએ બાંધ્યું હો લાલ, કર્મ નિકાચિત ત્યાંહિ. અ૦ સુ૦ ૨૦

રીંછણુશી રોષે ભરી હો લાલ, બોલે એહવા બોલ; અ૦
મુજ મંદિરમાં પેસવા હો લાલ, કેમ લેશ્યે તેહ નિટોલ. અ૦ સુ૦ ૨૧

લકુટ લેઈ હાથમાં હો લાલ, બેઠી ઘરને બાર; અ૦
દૂરથી દેખી આવતી હો લાલ, વહુને તેણીવાર. અ૦ સુ૦ ૨૨

નિપટ તેહને નિભ્રંછીને હો લાલ, સાસુએ ઘરબાહી; અ૦
પેસવા પણ દીધી નહિ હો લાલ, હડસેલી ગલે સાહી. અ૦ સુ૦ ૨૩

બાસઠમી એ ઢાળમાં હો લાલ, ઉદય કહે ભલી પેર; અ૦
જુઓ જગત વિચિત્રતા હો લાલ, વહુ ઉપરે ધરે વેર. અ૦ સુ૦ ૨૪

## ઢાળ તેસઠમી

### દોહા

બાંગડ બોલી બંભણી, કોપે ચડી અસરાળ;
વળી વળી વહુઅરને દિયે, હાથ ઊલાળી ગાળ. ૧
ધિગ ધિગ તાહરા વંશને, તુજને પણ ધિક્કાર;
ધિગ ધિગ તુજ માવિત્રને, ધિગ તારો અવતાર. ૨
પિતર પણ તરપ્યા નથી, હુતાશને હોમ ન કીધ;
હજુ અતિથિપૂજન નવિ કર્યું, વિપ્રને દાન ન કીધ. ૩
કિમ થાપ્યો જળકુંભ તેં, આગળથી જિનધામ;
સાનવિહુણી શંખણી, એ કિમ કર્યો અકામ. ૪
જા રે જા તું પાપણી, કિમ ઊભી આ ઠાય;
માહરે ઉંબર જો ચડે, તો હું ભાંગુ પાય. ૫

( રાગ : કેદારો. નવો વેશ રચે તેણી વેળા-એ દેશી. )

સાસુની ઇમ સુણીને વાણી, સોમશ્રી મનમાંહી વિલખાણી;
વળી તે અબળા એમ વિમાસે, ધિગ પડો મુજ એ ઘરવાસે. ૧

એક જળકુંભને કાજે સાસુ, આંખે પડાવે મુજને આંસુ;
આજ તો ઘરમાં એહનો ચારો, કિહારેક હોશે માહરો વારો. ૨

ઇમ ચિંતીને રોવે તે બાલા, હૈયામાંહી લાગી દુઃખઝાલા;
નયણે નાખે નીરની ધાર, જાણે તૂટ્યો મોતીનો હાર. ૩
ઘર બારે કરમાં લેઈ લાઠી, કોપાતુર બેઠી એ કાઠી;
વાઘણુશી દીસે વિરૂઈ, હળાહળ વિષથી એ કડુઈ. ૪
ઘટ વિણ ઘરમાં પેસણ ન દિયે, સા ચતુરા ઈમિ ચિંતે હૈયે;
ચીર વડે તે આંસુ લોહતી, કુંભકારને મંદિર પોહતી. ૫
આંખે આંસુધારા ઝરતી, ગદ ગદ સ્વરે રુદન કરતી;
પ્રજાપતિને કહે તે જાઈ, કરનું કંકણ રાખ તું ભાઈ. ૬
એક ઘડો સહી આપ તું મુજને, શિર નામીને કહું છું તુજને;
સાર ગરજ તું મારી ઈણ વાર, માનીશ હું તાહરો ઉપગાર. ૭
પ્રજાપતિ તવ તેહને પૂછે, કહે બહેન તુજને દુઃખ શું છે;
રુદન કરંતી કિમ ઘટ માગે, કહે તાહરું દુઃખ મુજ આગે. ૮
ધુરથી માંડી નિજ વિરતંત, તેણીયે ભાખ્યો તિહાં તંત;
તે નિસુણીને કહે કુંભકાર, ધન્ય બહેન તાહરો અવતાર. ૯
જિનગેહે જે જળઘટ દીધો, નરભવનો તેં લાહો લીધો;
શિવસુખનું એ બીજ તેં વાવ્યું, દુરગતિ દુઃખ દૂર ગમાવ્યું. ૧૦
ઇમ અનુમોદન કરી કુંભારે, શુભફલ કર્મ બાંધ્યું તેણી વારે;
સુકૃતને અનુમોદે જેહ, ભવસાગર તરે હેલાં તેહ. ૧૧
પ્રજાપતિ કહે સુણ તું બહેની, મ કરીશ મનમાં ચિંતા એહની;
ઘટ જોઈએ તે લે તું બાઈ, તુજ સાસુને આપ તું જાઇ. ૧૨
તું મુજ ધર્મની ભગિની થઈ, હું તુજ ધર્મનો બંધવ સહી;
તો શું કંકણ લેઉં તુજ પાસે, ઈમ કુંભકાર પ્રકાશે ઉલ્લાસે. ૧૩
એહવા બોલ સુણી સુરસાળા, ઘટ લેઈ તિહાંથી વળી બાળા;
નિર્મળ નીરે ભરી સસનેહ, સાસુને જઈ આપે તેહ. ૧૪
સોમા શાંત થઈ સુવિશેષી, પશ્ચાત્તાપ કરે ઘટ પેખી;
પશ્ચાત્તાપ કરે જે જાણી, કર્મ શિથિલ કરે તે પ્રાણી. ૧૫

તેસઠમી ઢાળ મેં બોલી, કેદારે કહેજો મન ખોલી;
**ઉદયરતન** કહે ઉલટ આણી, જિનપૂજા આપે શિવરાણી. ૧૬

## ઢાળ ચોસઠમી

### દોહા

આયુ પુરી અનુક્રમે, કાળ કરી કુંભાર;
કુંભપુરે રાજા થયો, શ્રીધર નામે ઉદાર. ૧
શ્રીદેવી પટરાગિની, રૂપે રંભ સમાન;
રાજ્ય લીલા સુખ ભોગવે, તે સાથે રાજાન. ૨
જલપૂજા અનુમોદીને, પામ્યો રાજ્ય અનૂપ;
સેવા સારે જેહની, મોટા મંડળ ભૂપ. ૩

(નાણ નમો પદ સાતમે-**એ દેશી.**)

**જોજો જળપૂજા થકી**, સોમસિરી તે નાર, **મહારાજ**;
આયુ પૂરું ભોગવી, કુંભપુરે અવતાર, **મહારાજ. જો૦** ૧
રાણી શ્રીધર રાયની, શ્રીદેવી છે જેહ; **મ૦**
તેહની કૂખે ઊપની, કાળ કરીને તેહ. **મ૦ જો૦** ૨
અનુક્રમે દોહલો ઊપનો, શ્રીદેવીને એમ; **મ૦**
જળકળશે જિન દેવને, ન્વહણ કરું ધરી પ્રેમ. **મ૦ જો૦** ૩
કુંદન કુંભ નીરે ભરી, શ્રીદેવી ગુણખાણી; **મ૦**
ન્હવણ કરી જિનરાજને, પ્રણમે જોડી પાણિ. **મ૦ જો૦** ૪
પૂરણ માસે પુણ્યથી, પ્રસવી પુત્રી જામ; **મ૦**
અવનીપતિ ઉત્સવ કરી, કુંભશ્રી ધર્યું નામ. **મ૦ જો૦** ૫
જિમ જળે સિંચી જોરશું, વાધે નાગરવેલ; **મ૦**
તિમ વાધે તે કુંઅરી, ગજગતિ ચાલે ગેલ. **મ૦ જો૦** ૬
ઇંદ્રાણી શી ઊપની, મોહનવેલ સમાન; **મ૦**
નરનારી મન મોહતી, નિર્મળ રૂપ નિધાન. **મ૦ જો૦** ૭
બાલપણો દૂરે ગયો, પ્રસર્યું યૌવન પૂર; **મ૦**
રૂપે રતિ રાણી થકી, સોહે અધિક સનૂર. **મ૦ જો૦** ૮

તિણે અવસરે આવ્યા તિહાં, તારણ તરણ તરંડ; મ૦
વિજયસૂરિ નામે મુનિ, જે ગુણ રયણ કરંડ. મ૦ જો૦ ૯
બહુ પરિવારે પરિવર્યા, ચઉનાણી અણગાર; મ૦
સમોસર્યા ઉદ્યાનમાં, તે નગરીની બહાર. મ૦ જો૦ ૧૦
ચોસઠમી ઢાળે સુણો, **ઉદયરતન** કહે એમ; મ૦
શ્રીધર રાજા સાધુને, પાયે નમસ્યે ધરી પ્રેમ. મ૦ જો૦ ૧૧

## ઢાળ પાંસઠમી

### દોહા

વનપાલે જઈ વીનવ્યો, રંગેશું રાજાન;
વિજય નામે સૂરીસરુ, આવ્યા છે ઉદ્યાન. ૧
વધામણી વનપાળને, આપી અવનીનાથ;
વેગે ચાલ્યો વાંદવા, સેન્યા લેઈ સાથ. ૨
સુતા સહિત સપરિકરે, વળી બહુ પુરજન લેય;
આવી વંદે અણગારને, ત્રણ પ્રદક્ષિણા દેય. ૩
સહુ નરનારી સાધુના, પ્રણમી ભાવે પાય;
સુણવા ધર્મની દેશના, બેઠા નિરવદ્ય ઠાય. ૪
દિયે તવ ધર્મની દેશના, મુનિ તિહાં મધુરે સાદ;
સભા સહુકો સાંભળે, પ્રેમે તજી પ્રમાદ. ૫

(માહરો જીવન જગદાધાર રે, અંતરજામી–એ **દેશી.**)

સાધુ પયંપે એમ હો, **સુણો ભવિ પ્રાણી**, નરભવ કેરો હો લાહો લીજિયે;
સમકિતશું ધરી પ્રેમ હો, સુ૦ ભવજલ તરવા હો જિનધર્મ કીજિયે. ૧
પામી શુભ પ્રસ્તાવ હો, સુ૦ વાણી જિનની હો જાણી હૈયે ધરો;
દાન શિયળ તપ ભાવ હો, સુ૦ ત્રિવિધે ત્રિવિધે હો તેહનો ખપ કરો. ૨
ક્રોધાદિક જે ચાર હો, સુ૦ સોળ ભેદે હો કષાય તે મત ભજો;
દેખી દુઃખદાતાર હો, સુ૦ નવ નોકષાય હો મળી પંચવીસે તજો. ૩
પંચ વિષય મદ આઠ હો, સુ૦ અષ્ટ કર્મ હો પ્રમાદ પાંચે વળી;
પાડે ધર્મની વાટ હો, સુ૦ રાગાદિક હો ચોર ટોળે મળી. ૪

આતમ ઉનમત્ત પ્રાય હો, સુ૦ દુરગતિગામી હો વિપત્તિ વેઠે ઘણી;
ફરી ફરીને ભવમાંહી હો, સુ૦ ઘેર્યો મોહે હો ખાયે ઘૂમણી. ૫
મોહ તણે વશ જેહ હો, સુ૦ કુટુંબને કાજે હો કર્મ કરે ઘણાં;
પરભવે લેશ્યે તેહ હો, સુ૦ દુઃખદાયી હો પોતે ફળ તેહ તણાં. ૬
સ્વારથ સુધી પ્રીતિ હો, સુ૦ સ્વારથ યોગે હો સહુ આવી મિલે;
એ સંસારની રીતિ હો, સુ૦ દુઃખની વેળા હો સ્વજન દૂર ટળે. ૭
વિષયનો વાળ્યો જીવ હો, સુ૦ અનઘટ પંથે હો જાતો નવિ ઓસરે;
માઝા મૂકી સદૈવ હો, સુ૦ સ્નેહનો બાંધ્યો હો અકૃત્ય આચરે. ૮
નેહે ન રહે લાજ હો, સુ૦ ધર્માધર્મ હો ન ગણે લાજથી;
નેહે વિણસે નિજ કાજ હો, સુ૦ એહવું જાણી હો વિરમો તેહથી. ૯
ભાખે શ્રી ભગવંત હો, સુ૦ મોટું કર્મ હો છે સહી મોહની;
સીત્તેર કોડાકોડી તંત હો, સુ૦ કહી ઉત્કૃષ્ટી હો સ્થિતિ જગ જેહની. ૧૦
ઉત્પત્તિ સ્થિતિ ને વિનાશ હો, સુ૦ જગમાં હો પદારથ સકલ લહે સહી;
એક ધર્મ અવિનાશ હો, સુ૦ જિનવરે ભાખ્યો હો આરાધો લહી. ૧૧
કુશ અગ્રે જળ જેમ હો, સુ૦ ચંચળ જેહવી હો જગમાં વીજળી;
આયુ અથિર તિમ હો, સુ૦ વાર ન લાગે હો જાતાં જાણો વળી. ૧૨
કાયા એ ક્ષણભંગુર હો, સુ૦ કોડી ઉપાયે હો રાખી રહે નહિ;
યૌવન જિમ નદી પૂર હો, સુ૦ ખિણમાં ખૂટી હો જાયે જોતાં વહી. ૧૩
જિમ મૃગપતિ દેઈ ફાળ હો, સુ૦ મૃગને હરે હો સહુ મૃગ દેખતાં;
તિમ જીવને હરે કાળ હો, સુ૦ સહસા વેગે હો પરિજન પેખતાં. ૧૪
તન મન વચનને યોગે હો, સુ૦ કર્મ કરે હો જે જગ પ્રાણીયો;
ભોગવે તે તિમ ભોગ હો, સુ૦ કર્મનો જોરો હો એહવો વખાણિયો. ૧૫
વિરુઓ મદનવિકાર હો, સુ૦ તેહને અરથે હો નરભવ કાં હારો;
સમકિતમૂલ વ્રત બાર હો, સુ૦ વિધિશું પાળી હો નિજ આતમ તારો. ૧૬
ઈત્યાદિક ઉપદેશ હો, સુ૦ મુનિવર મોદે હો ભવિક પ્રતિ દીધો;
બોધ પામી સુવિશેષ હો, સુ૦ નરપતિ આદિ હો ચિત્તમાંહી લીધો. ૧૭

પાંસઠમી એ ઢાળ હો, સુ૦ ભવિયણ ભાવે હો સૂધી સદ્દહજો;
ઉદય કહે સુરસાલ હો, સુ૦ જિન મારગમાં હો જાણી ભીના રહેજો. ૧૮

## ઢાળ છાસઠમી

### દોહા

દુઃખણી દીન દોભાગણી, એહવે નારી એક;
વિરૂપ દીસે તનુ જેહનું, ધૂલે ધૂસર છેક. ૧
મલિનાંગી શૂકરમુખી, કુત્સિત દીસે કાય;
જીરણ મેલે લૂગડે, તે આવી તિણે ઠાય. ૨
લારે લાગ્યા તેહની, પુરવાસી બહુ બાળ;
શોર કરંતા પૂંઠથી, ઘેલી કહી દે ગાળ. ૩
શિર ઉપરે ઘટ જેવડી, રસોળી અતિ રૌદ્ર;
માંસ પિંડશી ઉલ્લસી, દુઃખદાયી મહા ક્ષુદ્ર. ૪
બિભત્સ મહા બિહામણી, જાણે રાક્ષસી રૂપ;
તેહને દેખી તિણ સમે, મુનિને પૂછે ભૂપ. ૫
કહો સ્વામી એ કુણ છે, નિંદનીક તનુ પ્રાય;
બહુ દુઃખે દુઃખિત ઘણી, ઈમ પૂછે મહારાય. ૬

(કર્મ ન છૂટે રે પ્રાણિયા–એ દેશી.)

સાધુ પયંપે સુણ ભૂપતિ, તુજ નગરીમાં ગુણગેહ;
વેણુદત્ત ગાથાપતિ, તેહની પુત્રી છે એહ.
ઈમ પ્રરૂપે અણગારજી.
સાધુજી સમયના જાણ, નિર્મલ જેહનું નાણ. ઈમ૦ ૧
એહને જનમ યોગે ગયાં, માત પિતા પરલોક;
વિધિ યોગે રહી જીવતી, કોઈ ભાવિને ભોગ. ઈમ૦ ૨
દુઃખણી નામે એ દુર્ગતા, કેવલ દારિદ્ર કોટ;
પૂરવ પાપ પ્રયોગથી, ગણગણે માખીના ગોટ. ઈમ૦ ૩
અવનીનાથ ઈમ સાંભળી, શિર ધૂણી કહે તામ;
અહો જગમાંહી રે જીવને, કડુઆ કર્મ વિરામ. ઈમ૦ ૪

ગદ ગદ કંઠે પાયે નમી, પૂછે દુર્ગંતા તેહ;
કહો સ્વામી! કુણ કર્મથી, હું દુઃખ પામું છું એહ. ઈમ૦ ૫
સાધુ કહે સુણ તાહરો, પૂરવ ભવ અધિકાર;
બ્રહ્મપુરે હતી બ્રાહ્મણી, સોમા નામે નિરધાર. ઈમ૦ ૬
સોમશ્રી તુજ વહુએ સહી, જાણી લાભ અનંત;
જિન આગે જળનો ઘડો, ઢોયો મનની રે ખંત. ઈમ૦ ૭
કોપી તેં કહ્યો તેહને, મનમાં આણી રે રીસ;
તેં ઘટ જે જિન આગે ધર્યો, કાં ન ચોંટચો નિજ શીશ. ઈમ૦ ૮
ઇમિ કહ્યો તેહના દોષથી, આ ભવ પામી છે દુઃખ;
માથે મોટી રસાવળી, થઈ છે તેણે અચૂક. ઈમ૦ ૯
ઇમિ નિસુણીને દુર્ગંતા, પામી પશ્ચાત્તાપ;
સાધુ તણી સાખે કરી, નિંદે તે નિજ આપ. ઈમ૦ ૧૦
કર્મવિપાક તણે ઉદે, શો કીજે રે વેખાસ;
ઇમિ સા ભાખે અણગારને, અનુભવિયે ફળ તાસ. ઈમ૦ ૧૧
સાધુ કહે તેં પૂરવે, પશ્ચાત્તાપ કર્યો જેહ;
તેણે કરી તેહ કર્મનો, આ ભવે આણીશ છેહ. ઈમ૦ ૧૨
સા પૂછે વળી સાધુને, સોમશ્રી કરી કાળ;
કુણ ગતિએ જઈ ઊપની, ભાખો દીનદયાળ. ઈમ૦ ૧૩
મુનિ કહે સાંભળ તું સહી, સોમશ્રી મરી તેહ;
કુમરી કુંભશ્રી નામે થઈ, શ્રીધર રાજાને ગેહ. ઈમ૦ ૧૪
સંપ્રતિ એહ સભામહીં, બેઠી તાતને પાસ;
જિન જલદાન ફળે કરી, પામી પરમ વિલાસ. ઈમ૦ ૧૫
સુરનરને ભવે અનુક્રમે, ભોગવી ઉત્તમ ભોગ;
મુગતે જાશે ભવ પાંચમે, જળપૂજાને રે જોગ. ઈમ૦ ૧૬
કુંભશ્રી ઇમ સાંભળી, વારુ વાત વિનોદ;
ઊઠી વંદે અણગારને, મનમાં અણીને મોદ. ઈમ૦ ૧૭

પ્રણમી પૂછે અણગારને, કહો પ્રભુ તેહ કુંભાર;
કાળ કરી કિહાં ઊપનો, જેણે કીધો ઉપગાર. ઈમ૦ ૧૮
સુણ ભદ્રે! કહે સાધુજી, તેહ પ્રજાપતિ ત્યાંહ;
જલપૂજાની અનુમોદના, કીધી મનને ઉચ્છાહ. ઈમ૦ ૧૯
તેણે પુણ્યે તે ઊપનો, શ્રીધર એ તુજ તાત;
નિરુપમ જેહ નરેસરુ, વસુધામાંહી વિખ્યાત. ઈમ૦ ૨૦
શ્રીધર ભૂપતિ સાંભળી, પૂરવ જનમ સંબંધ;
વંદે સાધુને વળી વળી, આણી અધિક આણંદ. ઈમ૦ ૨૧
છાસઠમી એ પૂરી થઈ, વારુ ઢાળ રસાલ;
**ઉદયરતન** કહે પ્રેમથી, સુણો શ્રોતા ઊજમાલ. ઈમ૦ ૨૨

## ઢાળ સડસઠમી

### દોહા

મુનિવચને પૂરવ કથા, સાંભળીને તે ત્રણ;
કુંભશ્રી નૃપ દુર્ગતા, પામ્યાં જાતિસ્મરણ. ૧
એ ત્રણે મુનિરાજને, વાંદીને કર જોડ;
અરજ કરે આગળ રહી, મનશુદ્ધે મદ મોડ. ૨
ભગવંત જે ભાખ્યો તુમે, અમ સંબંધ વિશેષ;
અમે પણ સાચો સદ્દહ્યો, જાતિસ્મરણે દેખ. ૩
કુંભશ્રીશું જે કર્યો, જનમાંતરે અપરાધ;
તેહ ખમાવે દુર્ગતા, મનશું કરી સમાધ. ૪
ચરણે લાગી ચાહશું, એમ કરે અરદાસ;
ધન્ય તું જગમાં મહાસતી, ઉત્તમ ગુણ આવાસ. ૫
મનમાંહી કરુણા કરી, કર મુજને ઉપગાર;
વ્યાધિ ઘડો મુજ સીસથી, અલવે તું ઉતાર. ૬
કુંભશ્રી ઇમ સાંભળી, નિજ કર ફરસે જામ;
વ્યાધિ ઘડો તસ સીસથી, ભૂમિ પડ્યો તે તામ. ૭

( રાગ : ધનાશ્રી )

( મેવાડો. મેં ગાયો રે સિદ્ધાચલમંડન ધણી રે–એ દેશી. )

રસાઉલી મનરંગ કરશું રે, કરશું રે, કુંભશ્રીએ ટાળી તદા રે;
તે દેખીને લોક, મનશું રે, મનશું રે, કૌતુક પામ્યા સહુ મુદા રે. ૧

ભાંગ્યા મનના સંદેહ, વેગે રે (૨), ભાંગ્યા ભવના આમળા રે;
સાંભળી સાધુની વાણી, મનના રે (૨), પરિણામ થયા ઊજળા રે. ૨

ખામી માંહોમાંહ, હરખે રે (૨), હેત હિયામાંહી ધરે રે;
મળિયા મનને નેહ, પ્રીતે રે (૨), ત્રણે મન કોમલ કરે રે. ૩

કુંભશ્રી લેઈ સાથ, વિધિશું રે (૨), મહીપતિ મુનિને વંદીને રે;
આવ્યો નગર મોઝાર, પુરજન રે (૨) સાથે મનશું આણંદીને રે. ૪

અવનીતલે અણગાર, તિહાંથી રે (૨) અનુક્રમે વિહાર કરે વલી રે;
સાધવી પાસે તામ, દુર્ગંતા રે (૨) સંયમ લેઈ વિચરે રલી રે. ૫

દેશવિરતિ મનશુદ્ધ, શ્રીધર રે (૨) નરપતિ હવે આચરે રે;
સપરિવારે સોય, જિનની રે (૨) જળપૂજા નિત્યે કરે રે. ૬

અનુક્રમે શ્રીધર રાય, સાધવી રે (૨) દુર્ગંતા નામે વળી રે;
પૂરણ પાળી આય, પામ્યા રે (૨) ઉત્તમ ગતિ તે ઊજળી રે. ૭

એ બેહુની નિરધાર, ચરિત્રમાં રે (૨) ગતિ કોઈ નિરધારી નહિ રે;
તો પણ પુણ્ય પ્રમાણે, શુભગતિ રે (૨) પામ્યા હોશે તે સહી રે. ૮

કુંભશ્રી પણ હેવ, નિત્યે રે (૨) કનક કલશ જળશું ભરી રે;
ત્રિવિધેશું ત્રણ વાર, જિનની રે (૨) જાવ જીવ પૂજા કરી રે. ૯

સમકિત પાળી શુદ્ધ, અનુક્રમે રે (૨) આયુ પૂરૂં ભોગવી રે;
ઈશાને સુરલોકે ઊપની રે (૨) કુંભશ્રી તિહાંથી ચવી રે. ૧૦

સુરનરના સુખભોગ, ભોગવી રે (૨) કેવલ લહી અનુક્રમે રે;
મુગતિ જાશે નિરધાર, જળની રે (૨) પૂજાએ ભવ પાંચમે રે. ૧૧

સુણ રાજન હરિચંદ આઠમી રે (૨) જળની પૂજા ઉપરે રે;
કુંભશ્રીનો દૃષ્ટાંત, તુજને રે (૨) ભાખ્યો મેં ભલી પરે રે. ૧૨

સડસઠમી એ ઢાળ ભવિયણ રે (૨) **ઉદયરતન** કહે સાંભળો રે;
પ્રેમે જિનના પાય, પૂજી રે (૨) સમકિત કરજો ઉજળો રે. ૧૩

## ઢાળ અડસઠમી

### દોહા

અર્ચા અષ્ટ પ્રકારની, ભાખી એ ભગવંત;
વિઘનવિદારણ દુઃખહરણ, કારણ સુખ અનંત. ૧
નરક નિગોદ સમુદ્ધરણ, ભરણ સુકૃત ભંડાર;
શ્રેયકરણ અશરણશરણ, ઉતારણ ભવપાર. ૨
શાશ્વત શિવસુખ સાધવા, પૂજા પરમ ઉપાય;
જિનપદ પંકજ પૂજતાં, મનવંછિત ફળ થાય. ૩
ઇણિ પરે જિનપૂજા તણાં, ઉત્તમ અષ્ટ પ્રકાર;
અષ્ટ કહ્યાં તે ઉપરે, એ દૃષ્ટાંત ઉદાર. ૪
કેવલીના મુખથી સુણી, જિનપૂજા ફળ એમ;
હરિચંદ નૃપને હવો, પૂજા ઉપર પ્રેમ. ૫
કેવલીને કર જોડીને, રંગેશું કહે રાય;
અતિ સુખદાયક એ સહી, જિનપૂજા જગમાંય. ૬
તે માટે ત્રિવિધે સહી, આદર કરી અપાર;
જિનપૂજા જુગતે સદા, મેં કરવી નિરધાર. ૭
પંચ વિષયસુખ પરિહરી, સંયમ લેવા કાજ;
સ્વામી હું સમરથ નહિ, કર્મ તણે વશ આજ. ૮

( તે દિન ક્યારે આવશે–એ **દેશી.** )

મુનિવર કહે સુણ મહીપતિ, મહીમંડલ માંય;
ભાવ સમોવડ કો નહિ, ભાખે જિનરાય. ૧

**કેવલી કહે હરિચંદને,** સુણ તું રાજાન;
ધર્મ અનેક જોતાં ધરા, નહિ ભાવ સમાન. કે૦ ૨

વીસે વસા સંયમ વિના, એક ભાવ પ્રમાણ;
ભરત આરિસા ભવનમાં, પામ્યા કેવલનાણ. કે૦ ૩

કરણી તે કારણ નહિ, ભાવ વિણ સુણ ભૂપ;
મરુદેવી ભાવ તણે બળે, પામ્યાં જ્ઞાન અનૂપ. કે૦ ૪

ઇમ અનેક પામ્યા સહી, ભાવે ભવ પાર;
ભાવ ધરમ સહુમાં વડો, સઘળે સંસાર. કે૦ ૫

તે માટે પૂજો તમે, ભાવે ભગવંત;
નિશ્ચલ ચિત્તે નેહશું, મન કરી એકાંત. કે૦ ૬

સંયમથી તુજ શ્રેય છે, જિનપૂજા જાણ;
પૂજાથી પામીશ સહી, શિવફળ સુખખાણ. કે૦ ૭

નિશ્ચલ ચિત્ત સુભાવથી, સુરપ્રિય જિમ સાધ;
પામ્યો સમતાને બળે, શિવસુખ નિરાબાધ. કે૦ ૮

કૌતુક પામી નૃપ કહે, મુનિને તેણી વાર;
કહો સ્વામી કરુણા કરી, તેહનો અધિકાર. કે૦ ૯

નિશ્ચલ ભાવ તણે ગુણે, પામ્યો જેમ સિદ્ધિ;
સુણ રાજન કહે સાધુજી, કહું તેહનો સંબંધ. કે૦ ૧૦

દક્ષિણ ભરતમાંહી વસે, સુસુમાપુર નામે;
ચંદ નરેસર મહાબલી, રાજે તેણે ઠામે. કે૦ ૧૧

તારા નામે તેહને, પટરાણી અનૂપ;
ઓપે આભરણે કરી, રંભા સમ રૂપ. કે૦ ૧૨

ઉન્નત પીનપયોધરી, કરમાં કટિ માય;
શશિવયણી મૃગલોયણી, કંચનશી કાય. કે૦ ૧૩

ભૂપતિ તેહશું ભીનો રહે, ન લહે દિન રાત;
સુખ વિલસે જિમ સુરપતિ, શચીને સંઘાત. કે૦ ૧૪
વ્યવહારી એક તિહાં વસે, સુંદર શેઠ નામે;
મદનશ્રી તસ ભારજા, રૂપે અભિરામે. કે૦ ૧૫
સુરપ્રિય નામે છે તેહને, એક સુત મહાદુષ્ટ;
બાપને લાગે સાપશ્યો, મનમાંહી અનિષ્ટ. કે૦ ૧૬
પૂરવ ભવના વેરથી, સુતને પણ તાત;
વાહલો લાગે વ્યાલશ્યો, ન ગમે વળી વાત. કે૦ ૧૭
એક ઘરે આવે તવ સહી, બીજો બાહિર જાય;
એક ઘડી પણ એકઠા, રહેતાં ન સુહાય. કે૦ ૧૮
માંહોમાંહે ઇમ એ જણા, રાખે નિત્ય રીસ;
કાળજામાંથી કલુષતા, ન મિટે નિશદિશ. કે૦ ૧૯
એક દિવસ અંગજ પ્રત્યે, કહે તાત કથન્ન;
વિધિ યોગે આપણ સહી, થયા છી નિરધન્ન. કે૦ ૨૦
તે માટે ધન કારણે, આપણે અન્ય દેશ;
જઇને નિજ મંદિર ત્યજી, મૂકી મન કલેશ. કે૦ ૨૧
ઉત્તમ વંશનો ઊપનો, નિરધન નર જેહ;
ગુણ વિણ ધનુષ તણી પરે, લઘુતા લહે તેહ. કે૦ ૨૨
ધર્માદિક વર્ગ ચારથી, નિરધન રહે દૂર;
જો ન કરે જિનધર્મને, ઊલટ ધરી ઉર. કે૦ ૨૩
ધૈર્ય ઘણું અવલંબીને, દેશાંતર જેહ;
જાયે સાહસને બળે, પામે ધન તેહ. કે૦ ૨૪
વિનષ્ટ ચિત્તે કપટે ભર્યા, સદભાવે હીન;
નિજ ઘરથી ચાલ્યા હવે, લોભે થઈ લીન. કે૦ ૨૫
અડસઠમી ઢાળે કહે, કવિ **ઉદયરતન**;
લોભ થકી જોજો હવે, કેમ વિણસે મન્ન. કે૦ ૨૬

## ઢાળ અગણોતેરમી

### દોહા-સોરઠી

ઇમ તે આરત ધ્યાન, ધન કારણે ધાયા સહી;
આવ્યા પુર ઉદ્યાન, બાપ બેટો તે બે જણા. ૧
વારુ તિહાં વડ હેઠ, દેખે શ્વેત પુંઆડિયો;
સુરપ્રિય સુંદર શેઠ, દેખી હરખ્યા દોય તે. ૨
ચિત્તશું ચિંતે સોય, શાસ્ત્રમાંહી ભાખ્યું સહી;
મૂળે મહાધન હોય, સહેજે શ્વેત પુંઆડને. ૩
મનમાંહી બે મૂઢ, દામ કાજે દિલ ચિંતવે;
કપટ વિચારે કૂડ, દુર્બુદ્ધિ મહાદુષ્ટ તે. ૪
ઉત્તમ દિન નહિ આજ, લખમી એ લેવા તણો;
શુભ દિવસે શુભ સાજ, કરશું આપણ કાજ એ. ૫
ઇમિ ચિંતી આવાસ, આવ્યા બે ઊલટ ભરે;
ભાખે એહવી ભાસ, શુકન આજ ન થયા સહી. ૬
નાવે તેહને નીંદ, દૈવ જાણે દોષી થયો;
આંખે વસ્યો ઉનીંદ, લક્ષ્મીને લોભે કરી. ૭

(રાગઃ મારુ. અષ્ટ ભવાંતર વાલહી રે-એ **દેશી.**)

લોભે લપટાઈ રહ્યા રે, નીંદ ન પામે સોય, **ધનરા લોભી;**
અર્થાતુર તે અતિ ઘણું રે, નિશિભર સૂતા દોય, **ધનરા લોભી.**
**ધન કાજે દેશાંતર જાયે, ધન કાજે વાહલા વૈરી થાયે,**
**ધન કાજે વિપત્તિ વેઠાયે, જગમાં અરથ એ અનરથ મૂલ.** ૧
સુરપ્રિય સૂતો ચિંતવે રે, જનક ન જાણે જેમ; ધ૦
યામિનીમાં જઈ તિહાં રે, દ્રવ્ય લેઉં હું તેમ. ધ૦ ૨
ઇમિ ચિંતી જુએ જિસ્યે રે, તાતે આગળથી તામ; ધ૦
અર્થ તે તિહાંથી ઉદ્ધરી રે, ધરિયો બીજે ઠામ. ધ૦ ૩

પુત્ર જઈ પૂછે તાતને રે, કહો તે કિહાં નિધાન; ધ૦
ઇહાંથી તુમે ઉદ્ધરી રે, થાપ્યું કેણે થાન. ધ૦ ૪

તાત કહે હવે તેહને રે, સાંભળ પુત્ર નિટોલ; ધ૦
દ્રવ્ય તે મેં દીઠો નહિ રે, બોલ વિચારી બોલ. ધ૦ ૫

વચન વિચારી બોલિયે રે, એહવી ન કીજે વાત; ધ૦
એ વાતે કલહો થશ્યે રે, ત્રટકી બોલે એમ તાત. ધ૦ ૬

તીખા તીર તણી પરે રે, કથન તે લાગ્યું કાન; ધ૦
સાંભળી ઊઠયો ચાટકયો રે, કર્ણ શૂલ સમાન. ધ૦ ૭

ક્રોધાનલ તપ્યો થકો રે, જનકને કહે ધરી રીસ; ધ૦
મોત માંગો કાં મુખે કરી રે, કાં છેદાવો સીસ. ધ૦ ૮

અરથ દેખાડો તે સહી રે, નહિ તો લેઈશ પ્રાણ; ધ૦
અનરથ હોશે એહથી રે, સાંભળો તાતજી વાણ. ધ૦ ૯

જો તું પુત્ર જાણે અછે રે, અરથ એ અનરથ રૂપ; ધ૦
તો કિમ પૂછે ફરી ફરી રે, જિમ પંથી જલકૂપ. ધ૦ ૧૦

જીવિત વળી જનમાંતરે રે, લહિયે વારોવાર; ધ૦
વળી વળી દામ ન પામિયે રે, પુણ્ય વિના નિરધાર. ધ૦ ૧૧

જો તું ક્રોધે સહી રે, આણીશ માહરો અંત; ધ૦
તો પણ હું જાણું નહિ રે, એ ધનનો ઉદંત. ધ૦ ૧૨

તાતની વાણી સાંભળી રે, માજા મેહલી દૂર; ધ૦
ઘૃત સિંચિત વહ્નિ પરે રે, ક્રોધનો પ્રસર્યો પૂર. ધ૦ ૧૩

ગળે ફાંસો દેઈને રે, પુત્રે માર્યો તાત; ધ૦
ધનલોભી ન કરે કિશ્યો રે, અવનીમાં ઉતપાત. ધ૦ ૧૪

એક કનક બીજી કામિની રે, મેલાવે મન ટેક; ધ૦
ડાહ્યા દિલ ડોળ્યા કરે રે, એહને કાજે અનેક. ધ૦ ૧૫

એ એને મોહે વળી રે, જગમાં સઘળા જીવ; ધ૦
ભાવઠ બહુલી ભોગવે રે, આપદ પામે અતીવ. ધ૦ ૧૬
શેઠ મરીને ઊપનો રે, ગોહ પણે તેણે ઠાર; ધ૦
ધન ઉપર મોહે કરી રે, રહે તે નિરધાર. ધ૦ ૧૭
**ઉદયરતન** કહે સાંભળો રે, અગણોતેરમી ઢાળ; ધ૦
લોભ થકી મન વાળીને રે, ધર્મે થજો ઉજમાલ. ધ૦ ૧૮

## ઢાળ સીત્તેરમી

### દોહા-સોરઠી

સુત હવે ચિંતે સોય, પુણ્યહીન મેં પાપીયે;
કામ જે ન કરે કોય, અકારજ મેં આચર્યું. ૧
હા ! મેં હણિયો તાત, ધીઠ થઈ ધન કારણે;
વિણઠી સઘળી વાત, [1]પદમા પણ પામ્યો નહિ. ૨
આરતિ કરે અપાર, વિલખો થઈ તે વળી વળી;
હા ! હા ! સરજણહાર ! એ શી બુદ્ધિ આવી મને. ૩
ફળ ઉપર કપિ ફાળ, દેતાં ભૂલ્યો જિમ દુઃખ ધરે;
તિમ સુરપ્રિય તેણે કાળ, શોચે ચિત્તમાંહી સહી. ૪

( રાગઃ ધનાશ્રી મેવાડો. શ્રી શ્રેયાંસ કૃપા કરો-એ **દેશી**. )

**જોરો જોજો રે લોભનો,** લોભે લક્ષણ જાય;
અનરથ મોટા રે ઊપજે, તેહ થકી જગમાંય. **જોરો૦** ૧
લોભની લીલાયે કરી, સગપણ નાસે રે દૂર;
મુનિવર પણ મન મેલાં કરે, પાપી લોભને પૂર. **જોરો૦** ૨
જગમાં લોભ એ જાલમી, ધર્મમાં ઘાલે રે ધૂળ;
હેતની હાણી કરે વળી, સર્વ વિનાશનું મૂળ. **જોરો૦** ૩

---
૧ લક્ષ્મી

લોભે પિતા હણે પુત્રને, જનકને મારે રે જાત;
લોભિયો લેખે ગણે નહિ, કુણ માતા કુણ ભ્રાત. જોરે૦ ૪

ભરતાર ને વળી ભામિની, લોભ તણે વશ લીન;
લોભે ઉત્તમ નર રહે, અધર્મ તણે આધીન. જોરે૦ ૫

મૃતકારજ કરી તાતનાં, સુરપ્રિય લોભે રે હેવ;
એક દિન તે ધનને સ્થળે, તે આવ્યો તતખેવ. જોરે૦ ૬

તિહાં જઈને જુએ જેહવે, તેહવે દીઠી રે તામ;
ગોહોરગ દંતે ગ્રહી, રત્નમાળા અભિરામ. જોરે૦ ૭

ઝળહળ તેજે રે ઝળકતી, જેહની સુંદર જ્યોત;
તેહના તેજ તણો તિહાં, અવલોકી ઉદ્યોત. જોરે૦ ૮

સહસાતકારે તેણે સમે, સુરપ્રિયને સમકાળ;
ક્રોધ ને લોભ એ ઊપના, ચિત્તમાંહેથી ચંડાળ. જોરે૦ ૯

કોપે કૃતાંત તણી પરે, કરડી નજરે રે તામ;
ફરી ફરી તે સાહમું જુએ, રયણાવળીને કામ. જોરે૦ ૧૦

રૌદ્ર પરિણામી રોષાતુરે, ધનનો લોભી તે ધૃષ્ટ;
ગોહોરગને રે મારવા, ચિત્તમાંહી ચાહે દુષ્ટ. જોરે૦ ૧૧

તે પણ દેખી રે તેહને, ભય પામ્યો મનમાંહ્ય;
મનશું વિચારે મારે રખે, થરથર કંપે રે કાય. જોરે૦ ૧૨

ગોહોરગ ઈમ ચિંતીને, તિહાંથી નાસે રે જામ;
યષ્ટિકાએ રે જોરશું, પુત્રે માર્યો રે તામ. જોરે૦ ૧૩

તતક્ષણ મરણ પામી તિહાં, પૂરવ પાપ પ્રમાણ;
તે ઉદ્યાનમાંહી સહી, સોય થયો રે સિંચાણ. જોરે૦ ૧૪

હવે સુરપ્રિય હરખિત મને, રયણમાળા લિયે નેહ;
કામિની કરયુગની પરે, કંઠે લાગવે રે તેહ. જોરે૦ ૧૫

નિર્મળ રૂપ ગુણે કરી, યુવતી સમ તે જોય;
ત્રણ ભુવનનું રે સાર એ, મનશું માને રે સોય. જોરો૦ ૧૬
ભયભ્રાંત થઈ તે ચિંતવે, જો જાણે રે ભૂનાથ;
તો મુજ પાસેથી લિયે, માળા મસ્તક સાથ. જોરો૦ ૧૭
આજે મુજને રખે કુણે, દીઠો હોય આ થાન;
ઈમ ચિંતીને દશો દિશે, અવલોકે તે ઉદ્યાન. જોરો૦ ૧૮
જોતાં વન ઉદ્યાનમાં, અણગાર તિહાં એક દીઠ;
કાઉસ્સગ્ગ મુદ્રાને ધરી, ઊભા છે તે ભૂપીઠ. જોરો૦ ૧૯
ચિત્તમાં દેખી તે ચિંતવે, દીઠો મુજને રે એણ;
રયણાવળીને લેતાં થકાં, મૌન રહ્યો એ તેણ. જોરો૦ ૨૦
કૂડ કપટનો નિશ્ચયે, દીસે એહ આવાસ;
દુશ્ચરિત મારું દેખી રખે, કહે જઈ નૃપની રે પાસ. જોરો૦ ૨૧
વ્યાધિ અને વયરી તણો, વહેલો કીજે છેહ;
તે માટે એહને સહી, પહોંચાડું યમ ગેહ. જોરો૦ ૨૨
ઈમ ચિંતીને રોષાતુરે, કરમાં ઝાલી દંડ;
સાધુ સાહમો તે ધસ્યો, પાપી ઘણું પ્રચંડ. જોરો૦ ૨૩
તુંકારો દેઈ કહે, ચારિત્રિયાને ચંડ;
છાનો તું છૂપીને ઈહાં, શું જુએ છે મુંડ. જોરો૦ ૨૪
માહરી નજરે પડ્યો થકો, જીવતો જાઈશ કેમ;
નિજ અવગુણને ઢાંકવા, અણગારને કહે એમ. જોરો૦ ૨૫
મુનિવર મન નિશ્ચળ કરી, કર્મ અહિયાસે આપ;
ધ્યાન થકી ચૂકે નહિ, થિરતા ધર્મે રે થાપ. જોરો૦ ૨૬
સીત્તેરમી એ ઢાળમાં, **ઉદયરતન** કહે એમ;
લોભથકી રહો વેગળા, જય જય પામો જેમ. જોરો૦ ૨૭

## ઢાળ ઇકોતેરમી

### દોહા

વળી તે મુનિવરને કહે, મૌનપણે તું આંહીં;
તત્ત્વ વિચારે છે કિસ્યું, ધ્યાન ધરી મનમાંહીં. ૧
જો જાણે જ્ઞાને કરી, મુજ મન કેરી વાત;
તો હું જાણું તું મુનિ, જ્ઞાની ગુણવિખ્યાત. ૨
પૂછ્યાનો ઉત્તર મુને, જો તું નાપે જાણ;
તો હું આ દંડે હણી, લેઉં તાહરા પ્રાણ. ૩
એહ ઇહાં પ્રતિબૂઝશે, જાણી અવધિ પ્રમાણ;
બોલાવે તેહને તદા, મુનિવર મધુરી વાણ. ૪
તાહરું ને તુજ તાતનું, ઇહ ભવ પરભવ જેહ;
ચરિત હવું તે હું કહું, સુણ સુરપ્રિય સસનેહ. ૫
વચન સુણી વિસ્મિત થયો, પ્રણમી પ્રેમે પાય;
બોલે બે કર જોડીને, સુરપ્રિય તેણે ઠાય. ૬
ધન્ય ધન્ય સ્વામી તુમે, જ્ઞાની ગુણભંડાર;
જાણી મુજ મન વાતડી, કહો તેહનો અધિકાર. ૭

### ( હોજી પહેલું પેકું તામ-એ દેશી )

હોજી મેલી મન વિખવાદ, સાધુ કહે સુણ તું હવે હો લાલ;
હોજી વિંધ્યાચલને મૂલ, મહા અટવીમાં પૂરવે હો લાલ. ૧
હોજી મદઝરતો માતંગ, યૂથાધિપ એક જાલમી હો લાલ;
હોજી રહેતો તે વનખંડ, ન શકે તેહને કોઈ આક્રમી હો લાલ. ૨
હોજી તેહજ વનમાં એક, કરિકુલ માન ઉતારણો હો લાલ.
હોજી વાસ વસે મૃગરાજ, વારણ ઓઘ વિદારણો હો લાલ. ૩
હોજી ભમતાં વનમાં તેણે, દીઠો તે ગજ એકદા હો લાલ;
હોજી ક્રોધે થઈ વિકરાલ, દેખીને ધસ્યો તદા હો લાલ. ૪

હોજી કુંભસ્થળે તતખેવ, અલવે પડ્યો તે ઊછલી હો લાલ;
હોજી ગજ શિર ઉપર વેગ, જાણે કે પડી વીજળી હો લાલ. ૫

હોજી ગજને હણીને સિંહ, વનમાંહી વિચરે જિસ્યે હો લાલ;
હોજી કર્મયોગે તિણે ઠામ, અષ્ટાપદ દીઠો તિસ્યે હો લાલ. ૬

હોજી ક્રોધ ધરી મનમાંહી, સિંહે જેમ ગજ મારિયો હો લાલ;
હોજી તે રીતે તતકાલ, શરભે સિંહ વિદારિયો હો લાલ. ૭

હોજી જે જિમ બાંધે કર્મ, તે રીતે તે ભોગવે હો લાલ;
હોજી કર્મ ન છૂટે કોય, ષડ દર્શન એહવું ચવે હો લાલ. ૮

હોજી પાપી પાપ પ્રમાણે, પાપનાં ફલ પામે ઇહાં હો લાલ;
હોજી જિમ ગજ મારક સિંહ, પાપનું ફળ પામ્યો તિહાં હો લાલ. ૯

હોજી કૃષ્ણ લેશ્યાને યોગ, રૌદ્રધ્યાને તિહાંથી મરી હો લાલ;
હોજી પહેલી નરકે સિંહ, પોહતો પોતાને પાપે કરી હો લાલ. ૧૦

હોજી નારકીપણે ત્યાંહ, છેદન ભેદન તાડના હો લાલ;
હોજી ભોગવે તે મહાદુઃખ, વળીય વિશેષે વેદના હો લાલ. ૧૧

હોજી જિહાં સુખ તિલ તુષ માત્ર, ક્ષણ એક લગે નહિ કદા હો લાલ;
હોજી દુઃખમાંહી જિહાં દુઃખ, પરમાધામી કરે સદા હો લાલ. ૧૨

હોજી દુઃખિયા નારકી દીન, ક્ષણ માત્ર પામે નહિ હો લાલ;
હોજી શાતા વેદની સોય, શાસ્ત્રે કહ્યું એહવું સહી હો લાલ. ૧૩

હોજી તિહાંથી સિંહનો જીવ, અનુક્રમે આયુ ભોગવી હો લાલ;
હોજી સુંદર શેઠ તુજ તાત, ઇહાં ઊપનો તે ચવી હો લાલ. ૧૪

હોજી જે વળી ગજનો જીવ, ભવમાં ભમી તે ઊપનો હો લાલ;
હોજી સુંદર શેઠનો પુત્ર, સુરપ્રિય નામે તું નીપનો હો લાલ. ૧૫

હોજી તુજ પ્રતિ મેં એહ, ભાખ્યું પૂરવનું ચરિય હો લાલ;
હોજી આ ભવનો વિરતંત, હવે તું સુણ હરખે કરિય હો લાલ. ૧૬

હોજી જિમ જગ વડનું બીજ, વાવ્યું વાધે બહુ પરે હો લાલ;
હોજી તિમ વાધે વૈર ને પ્રીત, ભવમાં ભમતાં ભવાંતરે હો લાલ. ૧૭

હોજી પૂરવ વેર પ્રમાણ, તાતને તેં માર્યો સહી હો લાલ;
હોજી નાણ્યો નેહ લગાર, દૂષે દોષ ગણ્યો નહિ હો લાલ. ૧૮

હોજી જે વળી એણે દામ, અર્થ તુમે દીઠો હતો હો લાલ;
હોજી તે મેલી અન્ય ઠાય, તાતે તુજ ન કર્યો છતો હો લાલ. ૧૯

હોજી પૂરવે પણ તે દામ, કોઈક કાલે ઈહાં કણે હો લાલ;
હોજી ગાડ્યો ધરણીમાંહ, ધનલોભી પુરુષે કિણે હો લાલ. ૨૦

હોજી તે ધનનો ધરનાર, કાલ કરી આયુ પુરી હો લાલ;
હોજી ઊપનો ઉગ્ર ભુજંગ, ધનલોભે ધન ઉપરી હો લાલ. ૨૧

હોજી સાપ મરીને સોય, લોભ તણે જોરે કરી હો લાલ;
હોજી થયો શ્વેત પુંઆડ, ધન ઉપર મૂર્છા ધરી હો લાલ. ૨૨

હોજી મોહ તણે અધિકાર, તીવ્ર અજ્ઞાન બળે કરી હો લાલ;
હોજી મહાલોભી નર જેહ, એકેંદ્રિય થાયે મરી હો લાલ. ૨૩

હોજી લોભે થયો પુંઆડ, છાંડી પંચેંદ્રિપણું હો લાલ;
હોજી એકેંદ્રિય પણ જીવ, લોભથી લપટાયે ઘણું હો લાલ. ૨૪

હોજી તાત મરીને તુજ, ગોહોરગ ધન લાલચે હો લાલ;
હોજી ઊપનો એણે ઠામ, દિવસ કેતા ગયા બિચે હો લાલ. ૨૫

હોજી તેહને મારી તેં આજ, એ લીધી રયણાવળી હો લાલ;
હોજી અરથ એ અનરથ મૂલ, જેણે થાયે મતિ શામળી હો લાલ. ૨૬

હોજી ધુરથી માંડી સંક્ષેપ, અધિકાર એ ભાખ્યો તને હો લાલ;
હોજી ઇમ જાણીને વેર, રાખીશ મા હવે તું મને હો લાલ. ૨૭

હોજી **ઉદયરતન** કહે એમ, ઇકોતેરમી ઢાળમાં હો લાલ;
હોજી લોભે કરી નરનાર, મ પડો માયાજાલમાં હો લાલ. ૨૮

## ઢાળ બોંતેરમી

### દોહા

ઇમ અણગારના મુખ થકી, સુરપ્રિય સુણી વૃત્તાંત;
જાતિસ્મરણ પામ્યો સહી, ભાંગી સઘળી ભ્રાંત. ૧
સહસા સુરપ્રિય તેણે સમે, પામ્યો મન વૈરાગ્ય;
સાધુ પ્રત્યે શિર નામીને, ખમાવે મહાભાગ. ૨
મહેર કરી મુનિરાજજી, ખમજો મુજ અપરાધ;
દુષ્કૃત્યનો દરિયો સહી, હું છું ઊંડો અગાધ. ૩
પાપીમાંહી હું ધુરે, અવગુણનો ભંડાર;
ધનલોભે એહજ ભવે, તાત હણ્યો બે વાર. ૪
ધન્ય નર તે જાણો ધરા, કીધે અરથ વિનાશ;
માત પિતા બાંધવ પ્રત્યે, જે નવિ થાય ઉદાસ. ૫
ધરણીમાં ધન્ય તેહને, કુલમંડન નર તેહ;
માત પિતા ગુરૂ બંધુની, આશા પૂરે જેહ. ૬

( સત્તરમું પાપનું ઠામ, પરિહરજો ગુણધામ–એ **દેશી.** )

મનમાંથી મચ્છર છોડી, તૃષ્ણાનું બંધન તોડી;
મુનિવર પ્રત્યે મદ મોડી, સુરપ્રિય કહે કર જોડી હો;
**સ્વામી અરજ સુણો એક માહરી,**
**તુમચી જાઉં બલિહારી હો ! સ્વામી૦** ૧
પ્રભુજી હું મોટો પાપી, ધનલોભે તૃષ્ણા વ્યાપી;
તેણે તુમને સંતાપી, મેં સુખની વેલ તે કાપી હો. **સ્વા૦** ૨
તૃષ્ણા તરવાર તે ઓપી, લોભે મરજાદા લોપી;
નિજ તાત હણ્યો મેં કોપી, દુઃખ–ફળની વેલ્લી આરોપી હો. **સ્વા૦** ૩
હવે તે પાતકને હરવા, હત્યાને અલગા [illegible]
ભવની ભાવઠ પરિહરવા, નિજ આતમને ઉદ્ધરવા હો. **સ્વા૦** ૪

પ્રણમી નિશ્ચે તુમ પાયા, પાવકે પરજાલું કાયા;
મનમાંથી છાંડી માયા, છૂટું જિમ દુરિતની છાયા હો. સ્વા૦ ૫
ઈમ સાંભળી મુનિવર બોલે, રૂડાં વયણ અમીરસ તોલે;
તે સુણતાં સુરનર ડોલે, પાપી પણ મનડું ખોલે હો. સ્વા૦ ૬
સાધુ પ્રતિબોધે ઉપદેશે, સુરપ્રિયને સુવિશેષે;
સાંભળ તું સુરપ્રિય વાણી, રુધિરે સાડી રંગાણી;
ધોતાં રુધિરે બળ આણી, ઉજ્વળ થઈ કિહાં જાણી હો. સ્વા૦ ૭
તિમ પાપે પાપ ન જાયે, આતમ હત્યા ઉપાયે;
વળી અધિક કર્મ બંધાયે, ઇમ ભાખ્યું આગમ માંય હો. સ્વા૦ ૮
કિમ પશ્ચિમ ઊગે ભાણ, કિમ મેરુ તજે અહિઠાણ;
કિમ કમલ ફૂલે પાષાણે, તિમ ધર્મ નહિ આતમ હાણે હો. સ્વા૦ ૯
ઈમ જાણીને ભજી શુદ્ધિ, બળવાની તજ તું બુદ્ધિ;
આદર સહી મન અવિરૂદ્ધ, સમકિત પરિણામે શુદ્ધ હો. સ્વા૦ ૧૦
દુલહો માનવ જનમાર, વળી આરજ કુલ અવતાર;
ભવમાંહી ભમતાં અપાર, ન લહે જીવ વારંવાર હો. સ્વા૦ ૧૧
દુલહો જીવિતનો જોગ, દુલહો વલી દેહ નીરોગ;
દુલહો સદ્ગુરુ સંજોગ, જેણે સુખ લહિયે પરલોગ હો. સ્વા૦ ૧૨
દુલહો જિનવરનો ધર્મ, દુલહો વળી જ્ઞાનનો મર્મ;
જેણે જીતિયે આઠે કર્મ, જેહથી લહિયે શિવશર્મ હો. સ્વા૦ ૧૩
એહવો યોગ દુલહો જાણી, સાંભળ તું સગુણા પ્રાણી;
આરાધ હવે જિનવાણી, જગમાં જે સુખની ખાણી હો. સ્વા૦ ૧૪
પ્રમાદ તજી મન ગેલે, સંવેગ કરો નિજ બેલે,
સંવર રસમાં જે ખેલે, દુરગતિ તે દૂરે ઠેલે હો. સ્વા૦ ૧૫
ઈમ સાંભળી મુનિની વાણી, સુરપ્રિયની મીંજ ભેદાણી;
મન જાગી સુમતિ સયાણી, કહે સાધુને ઊલટ આણી હો. સ્વા૦ ૧૬

તુમ વયણ સુણીને સ્વામી, વૈરાગ્યદશા મેં પામી;
હવે કહું છું હું શિર નામી, સંયમ લેઈશ શિવગામી હો. સ્વા૦ ૧૭
ધન ખરચી ધર્મને ઠામ, રતનાવળી તે અભિરામ;
નિજ નૃપને આપી તામ, હવે સંયમ લેવા કામ હો. સ્વા૦ ૧૮
આવી તે સાધુની પાસે, સંયમ લેઈ ઉલ્લાસે;
ભવજલ તરવાની આશે, ત્રિવિધે પાળે વિશ્વાસે હો. સ્વા૦ ૧૯
સાધુ સુવિધે સંયમ પાળે, તે નિજ આતમ અજુવાળે;
ભવ છોડી મોક્ષને ભાળે, ઈમ નિજ કર્મને ટાળે હો. સ્વા૦ ૨૦
વ્રત લેઈ યૌવન વેશે, ગામાગર નગર પ્રદેશે;
વિચરે તે દેશ વિદેશે, ગુરુ સાથે સુવિશેષ હો. સ્વા૦ ૨૧
કુખ્ખીસંબલ જે ધારી, સચિત્ત વસ્તુ પરિહારી;
બેંતાલીસ દોષ નિવારી, એષણિક આહાર લે વિચારી હો. સ્વા૦ ૨૨
નિરતિચારે વ્રત પાળે, દૂષણ જે દૂરે ટાળે;
પંચ સમિતિ વળી સંભાળે, ધર્મે કરી અંગ પખાળે હો. સ્વા૦ ૨૩
ક્રોધાદિક વૈરી જેહ, રાગદ્વેષનાં બંધન એહ;
ત્રિવિધે જીતીને તેહ, વિચરે તે મુનિ ગુણગેહ હો. સ્વા૦ ૨૪
ત્રણ ગુપતિ સદા જે ધારે, છ કાયની હિંસા વારે;
વળી વિષય સદા પરિહારે, તપે કરી આતમ તારે હો. સ્વા૦ ૨૫
ઇણી પેરે સુરપ્રિય મુનિ તેહ, આણે નિજ કર્મનો છેહ;
ઢાળ બોંતેરમી સુણો એહ, કહે **ઉદયરતન** સસનેહ હો. સ્વા૦ ૨૬

## ઢાળ તોંતેરમી

### દોહા–સોરઠી

સંયમ પાળે સમાધિ, વિહાર કરંતાં વેલી;
સુરપ્રિય નામે સાધ, સુસુમાપુરે આવ્યો સહી. ૧
ઊભો પુર ઉદ્યાન, શિલાપટ ઉપર સાધુ તે;
ધરી મન નિશ્ચલ ધ્યાન, કાઉસ્સગ્ગ મુદ્રાએ કરી. ૨

ચંદ નૃપે હવે ચાહ, રંગે તે રયણાવળી;
આપી છે ઉચ્છાંહ, પટરાણીને પ્રેમશું. ૩
ઈણે અવસરે ઉમંગ, કામિની મજ્જન કારણે;
રયણાવળી તે રંગ, નેહેશું નેવે ધરી. ૪
નાહે જબ લેઈ નીર, તેણે અવસર તે શ્યેન તિહાં;
મનમાંહી ધરી ધીર, આમિષ જાણી ઊતર્યો. ૫
રાતો દેખી રંગ, તેજે તે ભૂલ્યો સહી;
ચંચુપુટમાં ચંગ, ગ્રહી રત્નાવળી ગેલશું. ૬
ઊડ્યો તે આકાશ, માળા મુખમાંહી ગ્રહી;
આમિષ લહી ઉલ્લાસ, ઓલાપક આણંદિયો. ૭

( મુખને મરકલડે–એ **દેશી** )

પટરાણી ઊઠી નાહીજી, **શ્રોતા સાંભળો!**
રયણાવલી જુએ ઉમાહી જી, **શ્રોતા સાંભળો!**
જોતાં નવિ દીઠી જ્યારે જી, **શ્રો૦** ચિત્તમાંહી ચમકી ત્યારે જી. **શ્રો૦** ૧
અધ ઉરધ જોયું નિહાળીજી, **શ્રો૦** રત્નાવલી કિહાં નવિ ભાળી જી; **શ્રો૦**
તવ કંપિત થઈ પટરાણી જી, **શ્રો૦** મનમાંહી ઘણું વિલખાણી જી. **શ્રો૦** ૨
ગયું તે સહુને ખટકે જી, **શ્રો૦** મન આવીને તિહાં અટકે જી; **શ્રો૦**
અન્ન ઉદક મુખ નવિ ઘાલે જી, **શ્રો૦** હરિણાક્ષીને હાર તે સાલે જી. **શ્રો૦** ૩
કામિની કહે મનથી કોપી જી, **શ્રો૦** મહીપતિની મર્યાદા લોપી જી; **શ્રો૦**
તુમ પુરુષારથને સાથ જી, **શ્રો૦** ધિક્કાર પડો નરનાથ જી. **શ્રો૦** ૪
નિજ નારીનો શણગાર જી, **શ્રો૦** રાખી ન શક્યા નિરધાર જી; **શ્રો૦**
તો દેશ નગર ને ગામ જી, **શ્રો૦** કિમ રાખી શકશ્યો સ્વામ જી. **શ્રો૦** ૫
રાજમહેલમાં ચોરી થાય જી, **શ્રો૦** તો લાજ તુમારી જાય જી; **શ્રો૦**
જો સિંહગુફાએ ગજ ગાજે જી, **શ્રો૦** તે વાતે મૃગપતિ લાજે જી. **શ્રો૦** ૬
આજ તો ગયો મુજ હાર જી, **શ્રો૦** કાલે લૂંટશે કોઠાર જી; **શ્રો૦**
સ્વામી તુમને શું કહિયે જી, **શ્રો૦** હવે એ મહેલમાં કિમ રહિયે જી. **શ્રો૦** ૭

એક વાત સુણો વળી મોરી જી, શ્રો૦ જુઓ દિવસે થઈએ ચોરી જી; શ્રો૦
અવનીપતિ એહવો જાણી જી, શ્રો૦ નિજ સેવકને કહે વાણી જી. શ્રો૦ ૮
રાણીનો ચોર્યો જેણે હાર જી, શ્રો૦ તે તસ્કરનો સુવિચાર જી; શ્રો૦
ખોળીને તુમે લાવો જી, શ્રો૦ તો અતિ શાબાશી પાવો જી. શ્રો૦ ૯
ઇમ સાંભળી સેવક કર જોડે જી, શ્રો૦ દશો દિશિ જોવાને દોડે જી; શ્રો૦
ગઢ મઢ મંદિર આરામે જી, શ્રો૦ તે જુએ સઘળે ઠામે જી. શ્રો૦ ૧૦
જે રહસ્ય નગરનાં દ્વાર જી, શ્રો૦ તે જોયાં સો સો વાર જી; શ્રો૦
પુરને પરિસરે ચિહું પાસે જી, શ્રો૦ અવલોકે મન ઉલ્લાસે જી. શ્રો૦ ૧૧
રાજપુરૂષ મળીને ટોળે જી, શ્રો૦ વસતિ ને વગડો ખોળે જી; શ્રો૦;
એમ જોતાં વન ઉદ્યાને જી, શ્રો૦ આવ્યા જિહાં મુનિ રહ્યા ધ્યાને જી. શ્રો૦ ૧૨
હવે તે હાર તણો અધિકાર જી, શ્રો૦ સુણજો સહુ નરનાર જી; શ્રો૦
હાર લેઇને સિંચાણો જી, શ્રો૦ આકાશ પંથે ઉજાણો જી. શ્રો૦ ૧૩
રયણાવળી લેઈ ઉલ્લાસે જી, શ્રો૦ આવ્યો સુરપ્રિય મુનિ પાસે જી; શ્રો૦
સાધુ દેખી સિંચાણો ભૂલો જી, શ્રો૦ જાણે દવનો દાધો ખીલો જી. શ્રો૦ ૧૪
જાણી ખીલો વિસવાવીસ જી, શ્રો૦ આવી બેઠો મુનિને સીસ જી; શ્રો૦
જુએ નજર માંડીને જેહવે જી, શ્રો૦ નર આકૃતિ દીઠી તેહવે જી. શ્રો૦ ૧૫
પૂરવ ભવ વેર વિશેષી જી, શ્રો૦ ભય પામ્યો મુનિવર દેખી જી; શ્રો૦
તજી રયણાવળી તિણ કાળે જી, શ્રો૦ ઊડી બેઠો તરૂની ડાળે જી. શ્રો૦ ૧૬
પડી રયણાવળી મુનિ આગે જી, શ્રો૦ દોય ચરણ તણે મધ્ય ભાગે જી; શ્રો૦
તે રાજપુરૂષ તેણે કાળે જી, શ્રો૦ મુનિ પાસે રયણાવલી ભાળે જી. શ્રો૦ ૧૭
રત્નાવળી ચોરી એણે જી, શ્રો૦ મુનિવેશ લીધો એ તેણે જી; શ્રો૦
ઇમ ચિંતી નરપતિ પાસે જી, શ્રો૦ સેવક તે જઈને ભાખે જી. શ્રો૦ ૧૮
ઝાલ્યો ચોર તે સાધુને વેષે જી, શ્રો૦ ઇમ ભાખી વાત વિશેષે જી; શ્રો૦
અણવિચારે નરેશ જી, શ્રો૦ સેવકને દિયે આદેશ જી શ્રો૦ ૧૯
નરપતિ કહે ક્રોધને જોરે જી, શ્રો૦ જે નર પરધન જમ ચોરે જી; શ્રો૦
તેહને ગળે ઘાલી ફાંસો જી, શ્રો૦ તરૂ શાખે બાંધી વિણાસો જી. શ્રો૦ ૨૦

બોલી તોંતેરમી ઢાળ જી, **શ્રો૦** સહુ સુણજો થઈ ઉજમાળ જી; **શ્રો૦**
કહે **ઉદયરતન** ઈમ વાણી જી, **શ્રો૦** ધન્ય સાધુસમતા ગુણખાણી જી. **શ્રો૦૨૧**

## ઢાળ ચૂંવોતેરમી

### દોહા

અવનીપતિ આદેશથી, રાજપુરૂષ ધરી રોષ;
આવી કહે અણગારને, અધિક કરી આક્રોશ. ૧
ચોર સહી તું હારનો, કપટે ધર્યો એ વેષ;
બક ધ્યાની દુષ્ટાતમા, સાંભળ વળી સુવિશેષ. ૨
રાજભવનમાં પેસીને, જિમ તેં ચોર્યો હાર;
તિમ પુરમાં ચોરી વળી, કીધી હશે અપાર. ૩
ચોરી જે જે તેં કરી, પ્રગટ કહે તે આજ;
નહિ તો તુજ હણવા તણો, હુકમ કર્યો મહારાજ. ૪
વસ્તુ હરી તેં લોકની, કીધા જે સંતાપ;
બહુ દિવસનું તે સહી, આજ મિલ્યું તે પાપ. ૫

(અરણિક મુનિવર ચાલ્યા ગોચરી–**એ દેશી.**)

**કર્મ અહિયાસે મુનિવર આપણાં,** પણ નવિ મૂકે ધ્યાનો જી;
ઉપસર્ગે ચળાવ્યા નવિ ચળે, નિશ્ચલ મેરૂ સમાનો જી. ક૦ ૧
રોષ ભરે રાજાના પુરુષ તે, અનેક કરી ઉપાય જી;
બોલાવે પણ મુનિ બોલે નહિ, હા–ના ન કહી કાંય જી. ક૦ ૨
દુર્વચને કરીને દુષ્ટ તે, મુનિપતિને કહે હેવો જી;
અંત સમય જાણી સંભારજે, જે હુએ તુજ ઇષ્ટ દેવો જી. ક૦ ૩
ઈમ કહીને તે અણગારને, ગળે ઘાલી પાશો જી;
તરૂવરની શાખાયે બાંધીને, તાણે જમ તે તાશો જી. ક૦ ૪
જોર કરીને પાશ તે ખેંચતાં, ત્રૂટી ગયો તેણી વારો જી;
તો પણ મુનિવર નિશ્ચલ ધ્યાનથી, ન ખસ્યા આપ લગાર જી. ક૦ ૫
બીજી ત્રીજી વાર તે ફરી ફરી, ગળે પાશો દેવે જી;
વળી વળી પાશો તે ધ્યાન તણે બળે, ત્રૂટી જાયે તતખેવ જી. ક૦ ૬

યમ રૂપી તે દુષ્ટ રોષાતુરે, શૂલીએ આરોહે જી;
પણ પરીષહ પામી સમતા રસે, સાધુજી તે સોહે જી. ક૦ ૭
તે વનની દેવી તેણે સમે, તૂઠી મુનિગુણ ધ્યાને જી;
કનક મણિમય સિંહાસન કરે, શૂલી ઉપર શુભ વાને જી. ક૦ ૮
સાધુને શૂલી ઉપરે ધરી, જિમ જિમ દુષ્ટ તે જોર જી;
ક્રોધ તણે બળે પ્રેર્યા થકા, કરે ઉપસર્ગ તે ઘોર જી. ક૦ ૯
તિમ તિમ મુનિવર શુભ ધ્યાને ચડયો, નિજ આતમને નિંદે જી;
નિશ્ચલ ચિત્તે સમતાને યોગે, પૂરવ કર્મ નિકંદે જી. ક૦ ૧૦
નિર્મળ શુકલ ધ્યાન તણે બળે, આણ્યો કર્મનો અંતો જી;
ક્ષમાયે પામ્યા મુનિવર સહી, કેવલજ્ઞાન મહંતો જી. ક૦ ૧૧
ચુંવોતેરમી ઢાળે ત્રિવિધે કરી, **ઉદયરતન** એમ ભાખે જી;
તેહને માહરી હોજો વંદના, જે મન નિશ્ચલ રાખે જી. ક૦ ૧૨

## ઢાળ પંચોતેરમી

### દોહા

ઓચ્છવ કરવા આવિયા, વાણુવ્યંતર તિહાં દેવ;
કનક કમલ બેસારીને, સુવિધે સારે સેવ. ૧
નૃપ સેવક નિજ સ્વામીને, જઈ તે કહે સંબંધ;
ચોર થયો તે કેવલી, તોડી કર્મના બંધ. ૨
વસુધાપતિ વિસ્મિત થયો, સાંભળી તે વિરતંત;
તસ્કર કેવલી કિમ થયો, વળી વળી એમ કહંત. ૩
તે તસ્કર નિશ્ચે નહિ, મોટો કોઇ મુણિંદ;
ચોર કહ્યો કિમ સાધુને, અજ્ઞાને થઈ અંધ. ૪
તે માટે હું તિહાં જઈ, જે કીધી આબાધ;
મુનિપતિને પાયે નમી, ખમાવું તે અપરાધ. ૫
બહુ પરિવારે પરિવર્યો, ઈમ ચીંતી અવનીશ;
આવી વંદે સાધુને, ભકતે નમાવે શીશ. ૬

ખમજો સ્વામી માહરો, ગુનહો ગરીબ નિવાજ;
મેં તુમને મૂરખ પણે, પરીષહ કીધો આજ. ૭
મહીપતિ મન કોમળ કરી, ખામે નામી ભાલ;
મુનિપતિને વંદે વળી, ભાવેશું ભૂપાલ. ૮
ધર્માશીષ જંપે મુનિ, સપરિવારે રાય;
નિરવદ્ય ભૂમિ નિહાળીને, બેઠો તેણે ઠાય. ૯

(તુજ શાસન રસ અમૃત મીઠું-એ **દેશી**)

કનક કમળ ઉપર બેસીને, સુરનર પરષદ આગે રે, **કહે કેવલ નાણી;**
સુણ રાજેસર ભવજલ તરવા, જિનવાણી મન રાગે રે. ક૦ ૧
અજ્ઞાને કરી જે પ્રાણી તે, ભવ અટવીમાં ભૂલે રે; ક૦
મુક્તિનો પંથ ન પાધરો પામે, મોહની ખોહમાં ઝૂલે રે. ક૦ ૨
અજ્ઞાનને જોરે જગમાંહી, ધર્માધર્મ ન જાણે રે; ક૦
તે વળી શ્યાં શ્યાં દુઃખ ન દેખે, પડ્યો ભવ દુઃખ ખાણે રે. ક૦ ૩
દુષ્કૃત કર્મ થકી પણ અધિકો, અજ્ઞાન તણો જગ જોરો રે; ક૦
હિતાહિત ન જાણે જેણે, વળી દેખે દુઃખ ઘોરો રે. ક૦ ૪
અજ્ઞાને જે નર આવરિયો, તે આતમ કિમ તારે રે; ક૦
મૂઢપણે હિંડે હાહૂતો, આગમ અરથ ન ધારે રે. ક૦ ૫
સુણ રાજન ઇહાં વાંક ન તાહરો, મુજ સખાઈ તું વરુ રે; ક૦
હું થયો કર્મ અરિને ખપાવી, કેવલજ્ઞાનનો ધારુ રે. ક૦ ૬
ફોગટ ખેદ ધરે કાં મનમાં, સુણ તું ભૂપ સુજાણ રે; ક૦
દુષ્કૃત દોષનો અંત તેં આણ્યો, પશ્ચાત્તાપ પ્રમાણ રે. ક૦ ૭
પશ્ચાત્તાપ કરે જે પ્રાણી, તે કૃત કર્મને જીપે રે; ક૦
પ્રતિબોધ પામ્યો પશ્ચાત્તાપે, હું પણ સુગુરૂ સમીપે રે. ક૦ ૮
મહીપતિ પૂછે મનને પ્રેમે, સાધુને સીસ નમાવી રે,
**કહે તે કર જોડી;**
તુમ વૈરાગ્ય તણો અધિકાર, મુજને કહો સમજાવી રે. ક૦ ૯

ગત ભવથી માંડીને જુગતે, નિજ અધિકાર તે દાખ્યો રે; કે૦
ચંદ નરેસર આગળ સઘળો, કેવલીએ તે ભાખ્યો રે. કે૦ ૧૦
મુનિવચને તે ચરિત સુણીને, ઓલાપક તે હેલા રે,
સુણજો ભવિ પ્રાણી;
નિજ વિરતંત સુણીને પામ્યો, જાતિસ્મરણ તે વેળા રે. સુ૦ ૧૧
તરુ શિખરથી તે ઊતરિયો, પશ્ચાત્તાપ કરંતો રે; સુ૦
આવી મુનિને પાયે લાગ્યો, દિલમાં દુઃખ ધરંતો રે. સુ૦ ૧૨
શિર નામીને નિજ ભાષાએ, તે અપરાધ ખમાવે રે; સુ૦
ઉદય કહે પંચોતેરમી ઢાળે, પશ્ચાત્તાપે અઘ જાવે રે. સુ૦ ૧૩

## ઢાળ છોંતેરમી

### દોહા

દેખી તે [1]ઓલાવડો, ચંદ નરેસર તામ;
મુનિપતિને મનમોદશું, પૂછે કરી પ્રણામ. ૧
કહો કરુણાનિધિ કેવળી, મુજ મન છે સંદેહ;
પંખી એ તુમ પાઉલે, ભૂમિ વિલોલે દેહ. ૨
ઊંચ સ્વરે [2]કુરુલાઈને, શું ભાખે છે એહ;
મુજ મન સંશય ટાળવા, કહો વિવરીને તેહ. ૩
કારણ એ પંખી તણું, મનશું આણી પ્રેમ;
સુણ નૃપ સમજાવું તુને, મુનિવર ભાખે એમ ૪

(જુઓ જુઓ, કરમે શું કીધું રે–એ દેશી.)

અવનીપતિને, ભાખે ઇમ અણગાર રે,
સુણ રાજેસર, એહ તણો અધિકાર રે;
સિંહથી માંડીને, પાંચ ભવનો સ્વરૂપ રે,
ભાખ્યો ભાખ્યો, કેવળીએ અનૂપ રે. સુ૦ ૧

૧ સિંચાણો ૨ અવાજ કરીને.

માંસ ભરોસે, તુજ રાણીનો હાર રે,
લીધો એણે, સાંભળ તું સુવિચાર રે;
ઈહાં આણી, નાખ્યો તે નિરધાર રે,
સંબંધ એહનો, વળી કહું વિસ્તાર રે. સુ૦ ૨

તુજ આગે જે, મુજ વૈરાગ્ય સ્વરૂપ રે,
ગજ ભવથી એ, ભાખ્યું પહેલાં ભૂપ રે;
તે સાંભળતાં, પામ્યો એહ સિંચાણુ રે,
ઈહાપોહે, જાતિસમરણ નાણુ રે. સુ૦ ૩

સંપ્રતિ સઘળો, જાણી નિજ વિરતંત રે,
શુભ પરિણામે, મન્ન કરી એકાંત રે;
નિજ ભાષાયે, નં [illegible] આપ રે,
પશ્ચાત્તાપે, શિથિલ થાયે સહી પાપ રે. સુ૦ ૪

પાય નમીને, સરળપણે સસનેહ રે,
આતમ નિંદી, અણુશણુ માગે એહ રે;
એમ સુણીને, નૃપ આદે નરનાર રે,
મુખથી જંપે, ધન્ય એહનો અવતાર રે. સુ૦ ૫

જુઓ જુઓ, પંખી એ તિરિયંચ રે;
મેલી જેણે, જીવિતની ખળખંચ રે;
થયો એકચિત્તે, અણુશણુ લેવા કાજ રે,
ધન્ય ધન્ય એહને, ભાખે સઘળી સમાજ રે. સુ૦ ૬

ઓલાપકનું, જાણી આયુ નજીક રે,
વળી મનનો, ભાવ લહી રમણીક રે;
વિધિશું તેહને, અણુશણુ દિયે મુનિરાય રે,
ત્રિવિધે ત્રિવિધે, ખમાવે ખટ કાય રે. સુ૦ ૭

અરિહંત આદે, શરણુ કરાવે ચાર રે,
વિગતે વળી, સંભળાવ્યો નવકાર રે;
તન મન વચને, અણુશણુ સીધ્યું તાસ રે,
અનુક્રમે તે, પૂરી સાસોસાસ રે. સુ૦ ૮
કાળ કરીને, સીંચાણો તેણી વાર રે,
સૌધર્મે તે, પામ્યો સુર અવતાર રે;
જોજો જગમાં, જૈન ધરમ પરમાણુ રે,
પરગટ પામ્યો, સુર પદવી સીંચાણુ રે. સુ૦ ૯
સીંચાણાનો, લહી સઘળો સંબંધ રે,
નિજ નંદનને, રાજ્ય દેઈ નૃપ ચંદ રે;
કેવળી પાસે, લેઈ સંયમ ભાર રે,
નિરમળ ભાવે, પાળે નિરતિચાર રે. સુ૦ ૧૦
ચંદ મુનીસર અનુક્રમે પૂરી આય રે,
તિહાંથી ચવી, તપ સંયમ સુપસાય રે;
પંચમ કલ્પે, તેહ થયા સુરરાય રે,
કોણે જેહની, આણુ ન લોપી જાય રે. સુ૦ ૧૧
ઇણિ પેરે ભાખે, વિજયચંદ્ર મુણિંદ રે,
થિરતા રાખી, સુણુ રાજન હરિચંદ રે;
ઇમ તે સુરપ્રિય, નિશ્ચળ ભાવ પ્રમાણે રે,
કેવળ પામી, પહોંત્યા પંચમ ઠાણે રે. સુ૦ ૧૨
તે માટે તું, ત્રિવિધશું જિનદેવ રે,
નિશ્ચળ ચિત્તે, પૂજજે નિત્યમેવ રે;
તેહથી તુજને, હોશે લાભ અનંત રે,
થોડા ભવમાં, પામીશ ભવનો અંત રે. સુ૦ ૧૩
છહોંતેરમી, ઢાળે **ઉદયરતન** રે,
ઉલટ આણી, ભાખે એમ વચન્ન રે;
ભૂમંડળમાં, ધન્ય ધન્ય તે નરનારી રે,
ગુરુ ઉપદેશે, સમજે જે સુવિચારી રે. સુ૦ ૧૪

## ઢાળ સિત્યોતેરમી

### દોહા

મયણસુંદરી ને કમલશ્રી, રાણી દોય મનરંગ;
વિજયચંદ મુનિરાજને, તિણે અવસર કહે ચંગ. ૧
તારો ભવસાગર થકી, મહેર કરી મુનિરાજ;
કર્મ અરિને જીતવા, આપો સંજમ આજ. ૨
હરિચંદ સુતનો હવે, લહી આદેશ ને તેહ;
દોય રાણી દીક્ષા લિયે, મુનિ હાથે સસનેહ. ૩
સાધવીને સોંપી સહી, વ્રત આપી તેણી વાર;
પાળે તે પ્રેમે કરી, ચારિત્ર નિરતિચાર. ૪
કેવલીને કર જોડીને, હરિચંદ કહે હેવ;
અર્ચા અષ્ટ પ્રકારની, મેં કરવી નિત્યમેવ. ૫
જિનપૂજા કીધા વિના, ભોજન કરવા નેમ;
ઇમ કીધી તેણે અર્ગલા, પૂરણ રાખી પ્રેમ. ૬
મુનિ વંદી મંદિર વળ્યો, હરિચંદ્ર નૃપ તેહ;
ખપ કરે પૂજા તણો, નિજ મન આણી નેહ. ૭
પ્રતિબોધી હરિચંદ્રને, કેવલી પણ તેણી વાર;
સાધુ તણા સમુદાયશું, તિહાંથી કીધ વિહાર. ૮

(ધન ધન તે જગ પ્રાણિયા, મનમોહન મેરે-એ **દેશી**)

શ્રી વિજયચંદ્ર મુણિંદની, **બલિહારી** રે,
જે વિચરે દેશવિદેશ, જાઉં **બલિહારી** રે;
નરનારીને બૂઝાવે, **બ૦** દેઈ ધર્મ ઉપદેશ. **જા૦** ૧
કેવલજ્ઞાન દિવાકરુ, **બ૦** નિર્મળ જેહની જ્યોત; **જા૦**
સંશય ટાળે લોકના, **બ૦** કરતા જગ ઉદ્યોત. **જા૦** ૨
બોધિબીજ વધારવા, **બ૦** અભિનવ જે જલધાર; **જા૦**
પગલે જગ પાવન કરે, **બ૦** ભવજલ તારણહાર. **જા૦** ૩

જન્મમરણ દુઃખ ટાળીને, **બ૦** ત્રોડી ભવનો પાસ; **જા૦**
તુંગિયાગિરિ શિખરે સહી, **બ૦** પામ્યા શિવપુર વાસ. **જા૦** ૪
મદનાસુંદરી કમલશ્રી, **બ૦** અજ્જા ગુણ આવાસ; **જા૦**
અજ્જવ મદ્દવ ગુણયુતા, **બ૦** સંયમ પાળે ઉલ્લાસ. **જા૦** ૫
અનુક્રમે આયુ પૂરું કરી, **બ૦** શુક્ર નામે સુરલોય; **જા૦**
કાળ કરીને ઊપના, **બ૦** દેવપણે તે દોય. **જા૦** ૬
હવે હરિચંદ્ર નરેસર, **બ૦** કુસુમપુરે શુભ ઠાય; **જા૦**
રાજ્ય કરે ભલી રીતશું, **બ૦** પૂજે જિનવર પાય. **જા૦** ૭
નાહી નિરમલ નીરશું, **બ૦** પહેરી ધોતી પવિત્ર; **જા૦**
પૂજા અષ્ટ પ્રકારની, **બ૦** કરે જિનની સુવિચિત્ર. **જા૦** ૮
દાન શિયલ તપ ભાવના, **બ૦** શકતે આરાધી તેહ; **જા૦**
જીવદયા પણ જાળવે, **બ૦** અન્યાય વરજે જેહ. **જા૦** ૯
આયુ પૂરી અનુક્રમે, **બ૦** હવે તે હરિચંદ્ર રાય; **જા૦**
ઉત્તમ ગતિ જઈ ઊપનો, **બ૦** જિનપૂજા સુપસાય. **જા૦** ૧૦
સિત્યોતેરમી ઢાળમાં, **બ૦** **ઉદયરતન** કહે એમ; **જા૦**
સમકિત શુદ્ધ પાળો સદા, **બ૦** પૂજાશું ધરી પ્રેમ. **જા૦** ૧૧

## ઢાળ અઠયોતેરમી

### દોહા

અષ્ટપ્રકારી ચરિત્રમાં, મેં જોયું અવગાહી;
રાજા શ્રી હરિશ્ચંદ્રની, ગતિ નિરધારી નાંહી. ૧
અનુમાને ઇમ જાણિયે, સમકિતવંત સુજાણ;
સદ્‌ગતિ સહી પામ્યો હશે, પૂજા તણે પ્રમાણ. ૨
એકેકી પણ જિન તણી, પૂજા કીધી જેણ;
સુરનરનાં સુખ ભોગવી, મુગતિ વધૂ લહી તેણ. ૩
સમકિત સહિત પૂરી વિધે, અષ્ટ પ્રકારી આપ;
જિનપૂજા હરિચંદ નૃપે, કીધી થિર ચિત્ત થાપ. ૪

તો તેહને સદ્‌ગતિ તણો, શ્યો ગણિયે સંદેહ;
પણ હું અલ્પશ્રુત થકો, કિમ નિરધારું તેહ. ૫
ગતિ વિચિત્ર છે કર્મની, અનેકાંત જિનધર્મ;
એ માટે એ વાતનો, જ્ઞાની જાણે મર્મ. ૬

( **રાગ** : ધનાશ્રી. દીઠો દીઠો રે વામાકોનંદન દીઠો–**એ દેશી.** )

ગાયા ગાયા રે, **એમ જિનપૂજા ગુણ ગાયા;**
વિવિધ કથા ગુણ કુસુમે કરી મેં, શ્રી જિનરાજ વધાયા રે. **એમ૦ ૧**
અષ્ટપ્રકારી ચરિત્રમાં નિર્મલ, વિજયચંદ્ર મુનિરાયા;
હરિચંદ્ર નૃપના હિતને કાજે, એહ સંબંધ બતાયા રે. **એમ૦ ૨**
ગાથા બંધ ચરિત્રથી જોઈ, ભેદ સવે દિલ લાયા;
જિનપૂજા ફળ દઢવા હેતે, દૃષ્ટાંત એહ દેખાયા રે. **એમ૦ ૩**
મૂળ ચરિત્રની રચના નીરખી, વિધવિધ ભાવે મેં લાયા;
પ્રેમે જિનપૂજા ગુણ ગાતાં, દુષ્કૃત દૂરે ગમાયા રે. **એમ૦ ૪**
સકલ મનોરથ સફળ ફળ્યા અબ, પુણ્યભંડાર ભરાયા;
કુશલલતા શત શાખા પ્રસરી, મંગલ કોડી ઉપાયા રે. **એમ૦ ૫**
આદિ ચરિતથી ન્યૂન અધિક જે, સંબંધ એહ રચાયા;
મિચ્છામિ દુક્કડં હોજો મુજને, સંઘની સાખે સુણાયા રે. **એમ૦ ૬**
જિનગુણ ગાવાની બુદ્ધિ જાગી, તેણે મેં મન દોડાયા;
મંદમતિ હું કાંઈ ન જાણું, શોધી લેજો કવિરાયા રે. **એમ૦ ૭**
સંવત સત્તર પંચાવન વરસે, પોષ માસ મન ભાયા;
રવિવાસર વદી દશમી દિવસે; પૂરણ કલશ ચઢાયા રે. **એમ૦ ૮**
**શ્રીતપગચ્છ** ગયણાંગણ ભૂષણ, દિન દિન તેજ સવાયા;
સકલ સૂરિજન ગ્રહગણ દિનકર, **શ્રી રાજવિજયસૂરિ** રાયા રે. **એમ૦ ૯**
તસ પાટે શ્રી **રત્નવિજયસૂરિ**, નરપતિ જેણે નમાયા;
**શ્રીહીરરત્નસૂરિ** તસ પાટે, મનવાંછિત સુખદાયા રે. **એમ૦ ૧૦**

**શ્રીજયરત્નસૂરિ** તસ પાટે, તપગચ્છ જેણે દીપાયા;
સંપ્રતિ **ભાવરત્નસૂરિ** વંદો, ભવિજન ભાવ સખાયા રે. **એમ૦ ૧૧**

શ્રી **હીરરત્ન** સૂરીશ્વર કેરા, શિષ્ય પ્રથમ સોહાયા;
પંડિત **લબ્ધિરત્ન** મહામુનિવર, સુધા શિરતાજ કહાયા રે. **એમ૦ ૧૨**

તસ અન્વય અવતંસ અનોપમ, **શ્રી સિદ્ધિરત્ન** ઉવજઝાયા;
તસ શિષ્ય **મેઘરત્ન** ગણિ ગિરુઆ, જીત્યા જેણે કષાયા રે. **એમ૦ ૧૩**

તાસ વિનેય ગુણાકર ગણિવર, **અમરરત્ન** અભિધાયા;
ગણિ **શિવરત્ન** તસ શિષ્ય પ્રસિદ્ધા, પંડિત જેણે હરાયા રે. **એમ૦ ૧૪**

પૂરણ રાસ રચ્યો પ્રમાણ, તે મુજ ગુરુ સુપસાયા;
બોધિબીજ મેં નિર્મલ કીધું, જીત નિસાણ બજાયા રે. **એમ૦ ૧૫**

**અણહીલપુર** પાટણમાં એ મેં, સરસ સંબંધ બનાયા;
પંચાસર પ્રભુ પાસ સાન્નિધ્યે, અગણિત સુખ ઘર આયા રે. **એમ૦ ૧૬**

**ઉદયરતન** કહે અઠ્યોતેરમી ઢાળે, ધન્યાશ્રી રાગ ગવાયા;
સંઘ ચતુર્વિધ ચઢત દીવાજા, સુખસંપત્તિ બહુ પાયા રે. **એમ૦ ૧૭**

**ઇતિ શ્રી અષ્ટપ્રકારી પૂજાનો રાસ.**

**સંપૂર્ણ,**

**શ્રી જિનેન્દ્ર સ્તવનાદિ કાવ્યસંદોહ**

**ભાગ બીજો.**